ગણધર ભગવંતો રચિત

# પાક્ષિક સૂત્ર

ખામણાં સહિત, સટીક, ગુજરાતી અનુવાદ સહિત





ટીકાકાર : પૂ.આ. શ્રી યશોદેવસૂરિજી મ.સા.

અનુવાદક : પૂ. મુ. શ્રી હૃદયસુંદરવિજયજી મ.સા.

# પાક્ષિક સૂત્રની



# હસ્તલિખિત પ્રતો...



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્રસૂરિ-દેવસુંદરવિજય-રત્નસુંદરસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

# પાક્ષિક સૂત્ર

## ખામણાં સહિત

### સટીક
### ગુજરાતી અનુવાદ સહિત

**સૂત્રકાર** : ગણધર ભગવંતો

**ટીકાકાર** : પૂ. આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજા

**અનુવાદક** : સરસ્વતીલબ્ધપ્રસાદ પૂજ્યપાદ આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
પૂ. મુ. શ્રી હૃદયસુંદર વિજયજી

**પ્રકાશક** : રત્નત્રયી ટ્રસ્ટ
૧૪, ઈલોરા પાર્ક સોસાયટી, જૈન દેરાસરની સામે,
નારણપુરા ક્રોસ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
Phone No. 079 27680746 • Email : rttamd@yahoo.com
+91 94995 53283 • Palak Shah +91 98254 33715

ગ્રંથ : પાક્ષિકસૂત્ર- ખામણાં સહિત
મૂળ, ટીકા તથા ગુર્જરાનુવાદ...

ગ્રંથકાર : ગણધર ભગવંતો...

ટીકાકાર : આચાર્ય વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા.

પ્રેરણા-આશીર્વાદ : રાજપ્રતિબોધક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.

અનુવાદક : સરસ્વતીલબ્ધપ્રસાદ પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા. ના
શિષ્ય મુનિ શ્રી હૃદયસુંદરવિજયજી મ.સા.

સંશોધક : પૂ.પં. શ્રી રાજરત્નવિજયજી મ.સા.ના શિષ્યરત્ન
પૂ.મુ. શ્રી ન્યાયરત્નવિજયજી મ.સા. તથા

પદ્મભૂષણ પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
પૂ. પંન્યાસ શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.

ભાષા : પ્રાકૃત / સંસ્કૃત / ગુજરાતી

વિષય : સાધ્વાચાર

વાંચનના અધિકારી : મુખ્યત્વે સાધુ-સાધ્વી ભગવંતો

પ્રકાશક વર્ષ : પ્રથમ આવૃત્તિ - સં. ૨૦૭૩, નકલ - ૫૦૦
દ્વિતીય આવૃત્તિ - સં. ૨૦૭૭, નકલ - ૭૦૦

પ્રાપ્તિસ્થાન : રત્નત્રયી ટ્રસ્ટ
૧૪, ઈલોરા પાર્ક સોસાયટી, જૈન દેરાસરની સામે,
નારણપુરા ક્રોસ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
Phone No. 079-27680746 • Email : rttamd@yahoo.com

રત્નત્રયી ટ્રસ્ટ
પ્રવીણકુમાર દોશી, ૨૫૮, ગાંધી ગલી, સ્વદેશી માર્કેટ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦૦૦૨.
Phone No. 022-22060826

ટાઈપ સેટીંગ : મૃગેન્દ્રભાઈ શાહ, અમદાવાદ

મુદ્રક : નેહજ એન્ટરપ્રાઈઝ
૩૪, જવાહરનગર રોડ નં.૪, ગોરેગાંવ (વે), મુંબઈ-૬૨.
ફોન : ૦૨૨-૨૮૭૩૬૭૪૫ ● મો. ૯૩૨૨૨૨૭૯૩૯
© શ્રમણપ્રધાન શ્વે. મૂ.પૂ. તપા. જૈન સંઘ...

મંગલ
# આશિર્વાદ...

પૂજ્યપાદ પંન્યાસ શ્રી
ચરણવિજયજી મહારાજે સંયમજીવનના
મારા પર્યાયના ત્રીજા વરસે
મને એકવાર કહ્યું હતું કે
'રત્નસુંદર મહારાજ!
પક્ખી સૂત્રનો સ્વાધ્યાય દરરોજ
કરનાર સંયમીને નિરતિચાર સંયમપાલનનો
લાભ મળે છે'
એ દિવસોમાં માનસિક પરિપક્વતાની
કચાશના કારણે આ વાત જોઈએ તેવી
સમજાઈ નહોતી
પણ જેમ જેમ પર્યાય વધતો ગયો,
શાસ્ત્ર વાંચન થતું ગયું,
બુદ્ધિમાં સ્થિરતા આવતી ગઈ તેમ તેમ
એ વાતની સત્યતાની
પ્રતીતિ થતી ગઈ. દર
પક્ખી પ્રતિક્રમણમાં આ સૂત્ર
અચૂક બોલાતું હોવા છતાં એનાં પદ પદ પર
એ વખતે ગંભીરતાથી વિચારવાનું
શક્ય બનતું નહોતું પણ જ્યારે
સ્વતંત્ર એની ટીકા વાંચી, મુનિઓને
નાસિકના ચાતુર્માસ દરમ્યાન એના પર
જ્યારે વાચનાઓ આપી
ત્યારે આ સૂત્રની મહાનતાનો ખ્યાલ આવ્યો.

*

વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજીએ
કોં'ક મંગળ પળે મુનિરાજ શ્રી ઉદયસુંદરવિજય
જીને આ સૂત્રની ટીકાના અનુવાદ માટે પ્રેરણા
કરી અને એ પ્રેરણાને ઝીલી લઈને
મુનિવરશ્રીએ આ ટીકાના શરૂ કરેલા
અનુવાદને મંઝિલે પહોંચાડી દીધો.

## મંગલ આશિર્વાદ...

આજે એ અનુવાદ
પ્રતાકારે શ્રી સંઘ સમક્ષ
મૂકાઈ રહ્યો છે
અનુવાદક મુનિવરશ્રી
અંતર્મુખ છે, સંયમના અર્થી છે,
પદાર્થબોધ એમનો સારો છે,
અધ્યાપનમાં પણ એમની હથોટી છે
અને આ અનુવાદ માટે
એમણે જે જહેમત
ઉઠાવી છે એ સાચે જ કાબિલેદાદ છે.
એમના
આ અનુવાદને
વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી
ભવ્યસુંદરવિજયજી એ અનેક કાર્યોની
વ્યસ્તતા વચ્ચે પણ
સમય કાઢીને ભારે ચીવટપૂર્વક
તપાસી આપીને
મુનિજીવનનો 'સહાયકપણા'નો
ધર્મ સુચારુરૂપે નિભાવ્યો છે.
મારા આ બંને શિષ્યોને
આ મંગળકારી કાર્ય બદલ
અંતરના અભિનંદન અને
આવા અન્ય પણ ગ્રંથોના
અનુવાદો એમના તરફથી
શ્રી સંઘને મળતા રહે
એવા અંતરના આશીર્વાદ..

લિ.

આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ નમો નમઃ શ્રી ગુરુરત્નસુંદરસૂરયે ॥

# મારી હૃદયોર્મિ

પ્રાયઃ ત્રેવીશ વર્ષ પૂર્વે મારા જીવનના શિલ્પી, ભવોદધિતારક **પૂજ્યપાદ ગુરુદેવ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા** એ આ જગતમાં દુર્લભતમ અને સર્વોત્તમ એવા ઉત્કૃષ્ટ સંયમજીવનની મને પ્રાપ્તિ કરાવી. વ્યક્તિગત હિતશિક્ષા, સામૂહિક હિતશિક્ષા, વાચના, પાઠ, પ્રવચન, પુસ્તક વગેરે દ્વારા મારા સંયમજીવનનું ઘડતર કર્યું. સંયમની શુદ્ધિ અને સ્વાધ્યાયની વૃદ્ધિ થાય તેવી પ્રેરણાથી મને પણ કંઈક કરવાનો ભાવોલ્લાસ પ્રગટ્યો. આ દરમ્યાન પૂજ્યપાદ ગુરુદેવશ્રીના જમણા હાથ સમા અને મારા સહવર્તી 'છોટે' **મુનિરાજ શ્રી વાત્સલ્યસુંદર વિજયજી** એક ગ્રંથનું ભાષાંતર કરી રહ્યા હતા. તેમને જોઈને મને કોઈ ગ્રંથનું ભાષાંતર કરવાની પ્રેરણા મળી. વિદ્વદ્વર્ય ગુરુભ્રાતા **પં. ભવ્યસુંદર વિજયજી**ને મારી ભાવના જણાવી. એમણે મને પાક્ષિકસૂત્ર ટીકાનું ભાષાંતર કરવાની પ્રેરણા કરી અને તે માટે નીચેની સામગ્રી મોકલી –

* પૂ.આ.ભ. ભક્તિસૂરિ ગ્રંથમાળા અંતર્ગત **પૂ.પં. ચંદ્રસાગરજી ગણિવર** સંપાદિત કરેલી મુદ્રિતપ્રત...
* વૈરાગ્યદેશનાદક્ષ **પૂ.આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.**ની પ્રેરણાથી શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા બે હસ્તલિખિત પ્રતો...

A) પાટણ સ્થિત શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાન ભંડાર ડાબડા નં. ૧૯૩, ગ્રં. ૭૫૦૦

B) પાટણ સ્થિત શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાન ભંડાર ડાબડા નં. ૪૪, ગ્રં. ૮૨૯

❋ ભાષાંતર કરવા માટેનું માર્ગદર્શન તથા સૂચનો

પૂજ્યપાદ ગુરુદેવશ્રીના શ્રીમુખે વાચનામાં એક વાત મેં ઘણીવાર સાંભળી હતી કે જે સંયમી સંયમજીવનનો સ્વીકાર કર્યા પછી રોજનો એકવાર શ્રી પાક્ષિકસૂત્રનો સ્વાધ્યાય કરે છે, તેને નિરતિચાર સંયમના પાલનનો લાભ મળે છે. આ વાતને લક્ષમાં લાવીને પૂજ્યપાદ ગુરુદેવશ્રીના અંતરના આશિર્વાદ પૂર્વક ભાષાંતર લખવાનો પ્રથમ પ્રયાસ મેં શરૂ કર્યો.

ભાષાંતર દરમિયાન પૂજ્યપાદ ગુરુદેવશ્રીના પ્રેરણા-આશિર્વાદ સતત મળતા રહ્યા છે. ભાષાંતર દરમિયાન ઉપસ્થિત થયેલા પ્રશ્નો પંન્યાસ શ્રી ભવ્યસુંદરવિજયજીને પૂછાવતાં તેમણે યોગ્ય સમાધાનો આપ્યા. પૂર્વમુદ્રિત પ્રતમાં કેટલીક અશુદ્ધિઓ હતી. તે અમે દૂર કરી. લગભગ ત્રણ વર્ષ પહેલા પહેલી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી. તેની જૂજ નકલો બાકી રહેતા સુધારા-વધારા સાથેની આ બીજી આવૃત્તિ પ્રકાશિત થાય છે. આ આવૃત્તિમાં કેટલીક ટિપ્પણીઓ, દૃષ્ટાંતોની અનુક્રમણિકા વગેરે ઉમેર્યું છે.

આ ભાષાંતરના આધારે પાક્ષિકસૂત્રનો અર્થ સમજી ભાવપૂર્વક પ્રતિક્રમણ કરી, કર્મ ખપાવી દરેક પૂજ્ય સંયમીઓ શીઘ્રાતિશીઘ્ર મોક્ષપદને પામે એ જ અભિલાષા... !

- મુ. હૃદયસુંદરવિજય

સં. ૨૦૭૬, દ્વિતીય આસો સુદ ૧૧,
ગીતાંજલિ જૈન સંઘ, બોરીવલી, મુંબઈ

સાંતાક્રુઝ મંડન

**શ્રી કુંથુનાથસ્વામી ભગવાન**

ऐं नमः

# શ્રુતદેવી માં સરસ્વતી દેવી

સિદ્ધાંતમહોદધિ
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**પ્રેમસૂરીશ્વરજી મ.સા.**

વર્ધમાનતપોનિધિ, ન્યાયવિશારદ
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.**

સિદ્ધાંતદિવાકર, ગીતાર્થમૂર્ધન્ય
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**જયઘોષસૂરીશ્વરજી મ.સા.**



# ઉજ્જવલ ગુરુ પરંપરા

પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

સંયમૈકલક્ષી
પૂજ્ય મુનિરાજશ્રી
**દેવસુંદરવિજયજી મ.સા.**

રાજપ્રતિબોધક, પદ્મભૂષણ
પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**

# સુકૃત અનુમોદના

## 'પાક્ષિકસૂત્ર-ખામણાં સહિત'

## ગ્રંથના પ્રકાશનમાં સહયોગ આપી લાભ લેનાર

: શુભપ્રેરણા :

પદ્મભૂષણ, રાજપ્રતિબોધક,

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય

**રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા**

## શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ

જૈન દેરાસર માર્ગ, પોદાર સ્કૂલની બાજુમાં,

સાંતાક્રુઝ (વે.), મુંબઈ-૪૦૦૦૫૪.

ફોન : ૨૬૦૦૦૫૧૬

આપની શ્રુતભક્તિની

અમો ભૂરિ ભૂરિ અનુમોદના

કરીએ છીએ.

# ...ઋણ સ્વીકાર...

* આસન્ન ઉપકારી ચરમ તીર્થાધિપતિ **શ્રમણ ભગવાન મહાવીર**, જેમના તીર્થમાં આપણે સૌ મોક્ષમાર્ગની આરાધના કરી રહ્યા છીએ.

* મૂળ પક્ખીસૂત્રના કર્તા **ગણધર ભગવંતો** અને ટીકાકાર **શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજા.**

* ભવોદધિતારક, શાસનપ્રભાવક, સસ્વતીલબ્ધપ્રસાદ, રાષ્ટ્રહિતચિંતક, સાધર્મિક હિતચિંતક, શિષ્યહિતચિંતક, પદ્મભૂષણ પૂજ્યપાદ ગુરુદેવ **શ્રીમદ્વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા**, જેમની કૃપાથી અલ્પશ્રુત એવો પણ હું આ કાર્ય પૂરું કરી શક્યો છું.

* ધર્મસંગ્રહ ગ્રંથના ભાષાંતરકર્તા પૂજ્યપાદ **આચાર્યદેવ શ્રીમદ્વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજા**, જેમના ભાષાંતરનો આધાર કેટલીક જગ્યાએ લીધો છે.

* વિદ્વદ્વર્ય, શાસ્ત્રસંશોધક, શ્રુતભક્ત પૂજ્યપાદ **આચાર્યદેવ શ્રીમદ્વિજય મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા** જેમણે ટીકાકારશ્રીનો પરિચય મોકલી ઉપકાર કર્યો છે.

* વિદ્વદ્વર્ય પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્વિજય મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજા,** જેમનું માર્ગદર્શન આ ભાષાંતરમાં પ્રાપ્ત થયું છે.

* ઉપકારી વડીલ ગુરુભ્રાતા પૂજ્યપાદ **આચાર્યદેવ શ્રીમદ્વિજય યુગસુંદરસૂરીશ્વરજી મહારાજા** તથા સહવર્તી મુનિરાજ **શ્રી પરાર્થસુંદરવિજયજી** અને **ધ્યાનસુંદરવિજયજી** જેમણે આ બીજી આવૃત્તિના પ્રકાશનમાં સહાય કરી છે.

* સ્વાધ્યાય-જાપરસિક, જીવદયાપ્રેમી, સ્વર્ગસ્થ પૂજ્યપાદ મુનિરાજ **શ્રી તત્ત્વસુંદરવિજયજી**, જેમના સાંનિધ્યમાં પ્રાયઃ સંપૂર્ણ ભાષાંતરનું લેખન કર્યું.

* વિદ્વદ્વર્ય પંન્યાસપ્રવર **શ્રી પ્રેમસુંદરવિજયજી ગણિવર્ય** તથા મુનિરાજ **શ્રી કરૂણાદૃષ્ટિવિજયજી** મહારાજ સાહેબ, જેમનું માર્ગદર્શન આ ભાષાંતરમાં પ્રાપ્ત થયું છે.

* વિદ્વદ્વર્ય મુનિરાજ **શ્રી ન્યાયરત્નવિજયજી**, જેમણે સંપૂર્ણ ભાષાંતરનું પ્રથમ સંશોધન કર્યું.

* વિદ્વદ્વર્ય, કલ્યાણમિત્ર ગુરુભ્રાતા પંન્યાસપ્રવર **શ્રી ભવ્યસુંદરવિજયજી**, જેમણે આ ગ્રંથના ભાષાંતર માટે પ્રેરણા કરી, ભાષાંતર માટેની સામગ્રી મોકલી, ભાષાંતરમાં જ્યાં અટક્યું ત્યાં પૂરું કરી આપ્યું અને સંપૂર્ણ ભાષાંતરનું સંશોધન કર્યું.

* વિદ્વદ્વર્ય પૂજ્યપાદ પંન્યાસપ્રવર **શ્રી આર્યરક્ષિતવિજયજી** ગણિવર્ય, જેમણે કરેલા આવશ્યક નિર્યુક્તિ ભાષાંતરનો ઉપયોગ આ ભાષાંતરમાં કર્યો છે.

* જે-જે ગ્રંથો-ભાષાંતરોનો આ ભાષાંતરમાં આધાર લીધો છે તે-તે દરેક ગ્રંથો અને ભાષાંતરોના કર્તા.

* મુનિરાજ **શ્રી વાત્સલ્યસુંદરવિજયજી**, જેમના થકી મને આ ભાષાંતર કરવાની પ્રેરણા મળી.

* દરેક સહવર્તી વડીલો તેમજ મુનિ ભગવંતો, જેમણે આ ગ્રંથના ભાષાંતરમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય કરી.

* આ બધાની કૃપા-પ્રેરણા-સહાયતાના ફળ સ્વરૂપે આ કાર્ય સંભવિત બન્યું છે. માટે આ સહુનો હું અત્યંત ઋણી છું.

**– મુ. હૃદયસુંદર વિ.**

# સમર્પણ

...પ્રથમ આવૃત્તિની વેળા...

ભવોદધિતારક, પાપમય સંસારમાંથી મુક્ત કરી
નિષ્પાપ સંયમજીવનના પ્રદાયક, ગ્રહણ-આસેવનશિક્ષાપ્રદાયક,
સરસ્વતીલબ્ધપ્રસાદ રાષ્ટ્રહિતચિંત, પ્રભાવક પ્રવચનકાર,
ભારત સરકાર દ્વારા 'પદ્મભૂષણ' થી સન્માનિત
શીલ-સદાચાર-સંસ્કૃતિરક્ષક ગુરુદેવ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**
ના સંયમજીવનના સુવર્ણ વર્ષે (ચૈત્ર વદ ૨, ૨૦૭૩)

...દ્વિતીય આવૃત્તિની વેળા...

સાધુસેવાતત્પર, સ્વાધ્યાયરસિક, દાદાગુરુદેવ પૂજ્ય મુનિરાજ
**શ્રી દેવસુંદરવિજયજી મહારાજ સાહેબ**
ના સ્વર્ગવાસ રજતવર્ષે (આસો વદ ૬, ૨૦૭૬) તથા
**પરમોપકારી ગુરુદેવશ્રીના આચાર્યપદના રજતવર્ષે** (કારતક વદ ૯, ૨૦૭૭)
તેઓશ્રીની જ કૃપાથી થયેલું આ ભાષાંતર
તેઓશ્રીના પાવન ચરણકમલમાં
ફૂલની પાંખડીના પણ એક નાનકડા ટુકડા તરીકે
સાદર સમર્પણ...

**- મુ. હૃદયસુંદરવિજય**

# ટીકાકારશ્રીનો પરિચય

પાક્ષિકસૂત્ર (મૂળ)ના રચયિતા ગણધર ભગવંતો છે. તેની ઉપર પૂજ્યપાદ શ્રી યશોદેવસૂરિજીએ વિ.સં. ૧૧૮૦ માં પાટણ નગરમાં સિદ્ધરાજ જયસિંહ રાજાના રાજ્યકાળમાં સોની નેમિચંદ્રની પૌષધશાળામાં રહીને પ્રસ્તુત ૨૭૦૦ શ્લોક પ્રમાણ વિશદ અને વિદ્વત્તાપૂર્ણ 'સુખાવબોધિકા' નામની ટીકાની રચના કરી છે. ટીકાકારશ્રીનો પરિચય આ પ્રમાણે છે -

શ્વેતાંબરીય ચંદ્રગચ્છના વસતિવિહારી સરવાલગચ્છના વાચનાચાર્ય પૂજ્યપાદ શ્રી સમુદ્રઘોષસૂરિજી હતા. તેમના ચાર શિષ્યો પ્રસિદ્ધ હતા. જે દેવોને પણ વંદનીય મનાતા હતા – ૧) વાચનાચાર્ય શ્રી મહેન્દ્રસૂરિજી ૨) ઉપાધ્યાય શ્રી દેવચંદ્રગણિજી ૩) શ્રી દેવચંદ્રગણિજી ૪) વાચનાચાર્ય શ્રી વીરગણિજી. તેમાં ચંદ્રકુલરૂપ આકાશમાં ચંદ્ર સમાન પૂજ્ય શ્રી વીરગણિજીએ 'પિંડનિર્યુક્તિ' ગ્રંથ પર ૭૬૭૧ શ્લોક પ્રમાણ 'શિષ્યહિતા' નામની વૃત્તિની રચના કરી છે. તેઓશ્રીના શિષ્યરત્ન પૂજ્યપાદ શ્રી ચંદ્રસૂરિજી થયા. તેઓશ્રીના શિષ્યરત્ન પૂજ્યપાદ શ્રી યશોદેવસૂરિજી થયા, જેમણે આ ટીકા રચી છે.

***ટીકાકારશ્રીએ રચેલું અન્ય સાહિત્ય :***

"જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ" (પારા ૩૩૮, પૃ.૧૬૭)માં મોહનલાલ દ.દેસાઈ ટીકાકારશ્રીએ રચેલ સાહિત્ય જણાવે છે -

૧) સં. ૧૧૭૨ માં પૂ. હરિભદ્રસૂરિજીના પ્રથમ પંચાશક પર ચૂર્ણિ (શ્રીકાંતિવિજયજી જ્ઞાનભંડાર, છાણી)

૨) સં. ૧૧૭૪ માં ઈર્યાયથિકી પર, ચૈત્યવંદન પર અને વંદનક પર ચૂર્ણિઓ.

૩) સં. ૧૧૭૬ માં શ્રી જિનવલ્લભસૂરિજીના 'પિંડવિશુદ્ધિ' ગ્રંથ પર ૨૮૦૦ શ્લોક પ્રમાણ લઘુવૃત્તિ, કે જે વડગચ્છના શ્રુતિનિકષપટ્ટ પૂ. મુનિચંદ્રસૂરિજીએ શોધી - શુદ્ધ કરી. જૈન પરંપરાનો ઈતિહાસ (ભા.ર. પૃ. ૪૩૭)માં અન્ય સાહિત્ય પણ જણાવ્યું છે-

૪) સં. ૧૧૮૦ માં પ્રસ્તુત વૃત્તિ અને ખામણાં-અવસૂરિ (ગ્રં. ૩૧૦૦)

૫) સં. ૧૧૮૨ માં પચ્ચક્ખાણસરૂવં.

***પાક્ષિકસૂત્ર સંબંધી અન્ય સાહિત્ય :***

૧) પૂ. શ્રીવાદિદેવસૂરિજીના શિષ્ય પૂ. મહેશ્વરસૂરિજીએ પાક્ષિકસપ્તતિ પર સુખપ્રબોધિની નામની વૃત્તિ રચી કે જેમાં શ્રી વજ્રસેનગણિજીએ સહાય કરી હતી. ( શ્રી કાંતિવિજયજી જ્ઞાનભંડાર, વડોદરા, નં. ૧૦)

૨) પૂ.આ. શ્રી સોમસુંદરસૂરિ એ પ્રાકૃતમાં પાક્ષિકસત્તરિની રચના કરી છે.

૩) રાજગચ્છના પૂ.આ. શ્રી માણિક્યચંદ્રસૂરિજીએ પાક્ષિકસૂત્ર-પાક્ષિકક્ષામણાવચૂરિ રચી છે. (જેસરમેર પ્ર. ૨૦, ૩૬)

૪) પાક્ષિકસૂત્ર-ચૂર્ણિ.

INDEX

# અનુક્રમણિકા...


| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧ | ટીકાકાર કૃત મંગળ. | ૧ |
| ૨ | પાક્ષિકપ્રતિક્રમણ શા માટે ? | ૨ |
| ૩ | તૃતીય ઔષધ દૃષ્ટાંત. | ૪ |
| ૪ | પાક્ષિક પ્રતિક્રમણ વિધિ. | ૫ |
| ૫ | **સૂત્રકાર કૃત મંગળ** | ૯ |
| ૬ | પંદર પ્રકારના સિદ્ધ. | ૧૨ |
| ૭ | અઠ્યાવીસ લબ્ધિ. | ૧૭ |
| ૮ | પાંચ જ્ઞાન. | ૨૧ |
| ૯ | અયોગ્યને સૂત્રપ્રદાનમાં દોષ. | ૨૯ |
| ૧૦ | છ વ્રતનું સામાન્ય વર્ણન. | ૩૨ |
| ૧૧ | **પ્રથમ મહાવ્રત** | ૩૪ |
| ૧૨ | ઉપસ્થાપના યોગ્યતા. | ૩૮ |
| ૧૩ | દ્રવ્ય-ભાવ પ્રતિક્રમણ. | ૪૧ |
| ૧૪ | નિંદા-ગર્હા. | ૪૩ |
| ૧૫ | વ્યુત્સર્ગ-પ્રસન્નચંદ્ર રાજર્ષિ. | ૪૫ |
| ૧૬ | પ્રત્યાખ્યાનના ૧૪૭ ભેદો. | ૪૮ |
| ૧૭ | પ્રાણાતિપાતના ચાર પ્રકાર. | ૫૩ |
| ૧૮ | દ્રવ્ય-ભાવ પ્રાણાતિપાત. | ૫૪ |
| ૧૯ | સર્વવિરતિના બાવીશ વિશેષણો. | ૫૬ |
| ૨૦ | પ્રાણાતિપાતાદિના કારણો - અજ્ઞાનતાદિ. | ૬૦ |
| ૨૧ | પ્રત્યાખ્યાનના સાક્ષીઓ. | ૬૪ |
| ૨૨ | પ્રત્યાખ્યાન કરનાર સાધુ કેવો થાય ? | ૬૬ |
| ૨૩ | પ્રત્યાખ્યાન કેવું છે ? | ૬૮ |
| ૨૪ | **બીજું મહાવ્રત** | ૭૩ |
| ૨૫ | મૃષાવાદના પ્રકાર. | ૭૪ |
| ૨૬ | **ત્રીજું મહાવ્રત** | ૮૦ |
| ૨૭ | અદત્તાદાનના પ્રકાર. | ૮૨ |
| ૨૮ | **ચોથું મહાવ્રત** | ૮૫ |
| ૨૯ | મૈથુનના પ્રકાર. | ૮૬ |
| ૩૦ | ઉર્ધ્વ-અધો-તિર્યગ્ લોક. | ૮૭ |
| ૩૧ | **પાંચમું મહાવ્રત** | ૯૫ |
| ૩૨ | પરિગ્રહના પ્રકાર. | ૯૬ |
| ૩૩ | **છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત** | ૯૯ |
| ૩૪ | રાત્રિભોજનના પ્રકાર. | ૧૦૧ |
| ૩૫ | મહાવ્રતના અતિચારો. | ૧૦૫ |
| ૩૬ | **મહાવ્રત પરિપાલન અને રક્ષણ** | ૧૧૧ |
| ૩૭ | આર્ત-રૌદ્રધ્યાન. | ૧૨૧ |
| ૩૮ | ધર્મ-શુક્લધ્યાન. | ૧૨૪ |
| ૩૯ | છ લેશ્યા. | ૧૩૧ |
| ૪૦ | ચાર દુઃખશય્યા. | ૧૩૫ |
| ૪૧ | ચાર સંજ્ઞા. | ૧૩૯ |
| ૪૨ | ચાર કષાય. | ૧૪૦ |
| ૪૩ | ચાર સુખશય્યા | ૧૪૩ |
| ૪૪ | ચાર પ્રકારનો સંવર. | ૧૪૬ |
| ૪૫ | પુસ્તકપંચક. | ૧૪૭ |
| ૪૬ | વસ્ત્રપંચક. | ૧૪૮ |
| ૪૭ | તૃણપંચક. | ૧૪૯ |
| ૪૮ | ચર્મપંચક. | ૧૪૯ |
| ૪૯ | પાંચ કામગુણો. | ૧૫૧ |
| ૫૦ | પાંચ આશ્રવો. | ૧૫૧ |
| ૫૧ | પાંચ ઇન્દ્રિયસંવર. | ૧૫૩ |
| ૫૨ | પાંચ પ્રકારનો સ્વાધ્યાય. | ૧૫૩ |
| ૫૩ | છ અપ્રશસ્ત ભાષા. | ૧૫૫ |
| ૫૪ | છ અભ્યંતર તપ. | ૧૫૭ |
| ૫૫ | છ બાહ્ય તપ. | ૧૬૨ |
| ૫૬ | સાત ભયસ્થાન. | ૧૬૯ |
| ૫૭ | સાત પ્રકારનું વિભંગજ્ઞાન. | ૧૬૯ |
| ૫૮ | સાત પિંડૈષણા. | ૧૭૨ |
| ૫૯ | સાત પાનૈષણા. | ૧૭૨ |
| ૬૦ | સાત અવગ્રહપ્રતિમા. | ૧૭૨ |
| ૬૧ | સાત સત્તક્કિયા. | ૧૭૩ |
| ૬૨ | આઠ મદસ્થાન. | ૧૭૬ |
| ૬૩ | આઠ કર્મ. | ૧૭૬ |
| ૬૪ | આઠ પ્રવચનમાતા. | ૧૭૭ |
| ૬૫ | નવ નિયાણાં. | ૧૮૮ |
| ૬૬ | નવ પ્રકારના જીવો. | ૧૯૧ |

# INDEX
## અનુક્રમણિકા...


| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૬૭ | નવ પ્રકારે દર્શનાવરણ કર્મ. | ૧૯૧ |
| ૬૮ | નવ બ્રહ્મચર્યની ગુપ્તિ. | ૧૯૪ |
| ૬૯ | દશ પ્રકારનો ઉપઘાત. | ૨૦૧ |
| ૭૦ | દશ અસંવર. | ૨૦૧ |
| ૭૧ | દશ સંક્લેશ. | ૨૦૧ |
| ૭૨ | દશ સત્ય. | ૨૦૪ |
| ૭૩ | દશ સમાધિસ્થાનો. | ૨૦૫ |
| ૭૪ | દશ દશા. | ૨૦૮ |
| ૭૫ | દશ શ્રમણધર્મ. | ૨૦૯ |
| ૭૬ | તેત્રીશ આશાતના. | ૨૧૧ |
| ૭૭ | ત્રણ દંડથી વિરતિ. | ૨૨૯ |
| ૭૮ | ત્રણ કરણ. | ૨૩૦ |
| ૭૯ | ત્રણ શલ્ય. | ૨૩૦ |
| ૮૦ | મહાવ્રત ઉચ્ચારણ કેવું છે ? | ૨૩૩ |
| ૮૧ | પ્રભુ વીરની સ્તુતિ. | ૨૩૭ |
| ૮૨ | શ્રુતકીર્તન. | ૨૪૧ |
| ૮૩ | છ આવશ્યક. | ૨૪૩ |
| ૮૪ | વાચનાદિના ગુણો. | ૨૪૬ |
| ૮૫ | અવાચનાદિનું પ્રાયશ્ચિત્ત. | ૨૪૮ |
| ૮૬ | ઉત્કાલિક શ્રુત. | ૨૫૦ |
| ૮૭ | દશવૈકાલિક સૂત્રોત્પત્તિ. | ૨૫૧ |
| ૮૮ | પ્રમાદ સ્વરૂપ. | ૨૫૬ |
| ૮૯ | મરણના પ્રકારો. | ૨૫૯ |
| ૯૦ | કાલિક શ્રુત. | ૨૬૭ |
| ૯૧ | દ્વાદશાંગી. | ૨૭૯ |
| ૯૨ | શ્રુતદાયકાદિને નમસ્કાર. | ૨૮૩ |
| ૯૩ | શ્રુતદેવતા સ્તુતિ. | ૨૮૫ |
| ૯૪ | અબ્ભુટ્ઠિઓ. | ૨૮૮ |
| ૯૫ | ખામણાં. | ૨૯૨ |
| ૯૬ | ચોમાસી - સંવત્સરી પ્રતિક્રમણ વિધિ. | ૩૦૫ |
| ૯૭ | રાઈ પ્રતિક્રમણ વિધિ. | ૩૦૭ |
| ૯૮ | પ્રશસ્તિ. | ૩૦૯ |


### દૃષ્ટાંતોની અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧ | ત્રીજા વૈદ્યની ઔષધક્રિયામાં જિતશત્રુ રાજા. | ૪ |
| ૨ | દ્રવ્યપ્રતિક્રમણે કુંભાર. | ૪૨ |
| ૩ | ભાવપ્રતિક્રમણે મૃગાવતીજી. | ૪૨ |
| ૪ | દ્રવ્યનિંદામાં ચિત્રકારપુત્રી. | ૪૩ |
| ૫ | ભાવનિંદામાં સાધુ | ૪૩ |
| ૬ | દ્રવ્યગર્હામાં બ્રાહ્મણ. | ૪૩ |
| ૭ | ભાવગર્હામાં સાધુ. | ૪૩ |
| ૮ | દ્રવ્ય-ભાવ વ્યુત્સર્ગે પ્રસન્નચંદ્ર રાજર્ષિ. | ૪૬ |
| ૯ | માયાથી મૈથુનમાં સાધુ | ૯૧ |
| ૧૦ | લોભથી મૈથુનમાં અરણિકમુનિ | ૯૧ |
| ૧૧ | ક્રોધથી મૈથુનમાં સાધુ-પરિવ્રાજિકા | ૯૩ |
| ૧૨ | માનથી મૈથુનમાં સાધુ-તરુણસ્ત્રી | ૯૩ |
| ૧૩ | છ લેશ્યામાં જાંબૂ ખાનાર પુરુષો. | ૧૩૨ |
| ૧૪ | છ લેશ્યામાં છ ચોરો. | ૧૩૩ |
| ૧૫ | ઈર્યાસમિતિમાં સાધુ. | ૧૮૦ |
| ૧૬ | ભાષાસમિતિમાં સાધુ. | ૧૮૦ |
| ૧૭ | એષણાસમિતિમાં નંદિષેણમુનિ. | ૧૮૧ |
| ૧૮ | આદાન...સમિતિમાં સાધુ. | ૧૮૫ |
| ૧૯ | ઉચ્ચાર...સમિતિમાં બાળમુનિ. | ૧૮૫ |
| ૨૦ | મનોગુપ્તિમાં જિનદાસશ્રાવક. | ૧૮૬ |
| ૨૧ | વચનગુપ્તિમાં જ્ઞાતિજનોને પ્રતિબોધવા ગયેલ સાધુ. | ૧૮૬ |
| ૨૨ | કાયગુપ્તિમાં સાધુ. | ૧૮૭ |
| ૨૩ | મનોદંડે કોંકણસાધુ. | ૨૩૧ |
| ૨૪ | વચનદંડે સાધુ | ૨૩૧ |
| ૨૫ | કાયદંડે ચંડરુદ્રાચાર્ય. | ૨૩૧ |
| ૨૬ | દશવૈકાલિકે શય્યંભવસૂરિ - મનક. | ૨૫૩ |
| ૨૭ | ઋષિભાષિતે નારદ. | ૨૭૧ |

|| સકલસમીહિતપૂરક-શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ||
|| આસન્નઉપકારી-ચરમતીર્થાધિપતિ-શ્રીમહાવીરસ્વામિને નમઃ||
|| શ્રી મહાવીરજૈનવિદ્યાલય-અંધેરી-મંડન-શ્રીવાસુપૂજ્યસ્વામિને નમઃ||
||ભવોદધિતારક-પૂજ્યપાદ-ગુરુદેવ-શ્રીમદ્વિજયરત્નસુંદરીસૂરીશ્વરેભ્યો નમઃ||
|| ॐ नमः जैनागमाय ||

**श्रीयशोदेवसूरिकृतवृत्तिसमेतं गुर्जरानुवादयुतं**

# पाक्षिकसूत्रम्

**( टीकाकारकृतमङ्गलम् )**

ટીકા :-

**शिवशर्मैकनिमित्तं विघ्नौघविघातिनं जिनं नत्वा ।**
**वक्ष्यामि सुखविबोधां पाक्षिकसूत्रस्य वृत्तिमहम् ।।१।।**
**एतच्चूर्ण्यनुसाराद् ग्रन्थान्तरविवरणानुसाराच्च ।**
**प्रायो विवरणमेतद्विधीयते मन्दमतिनाऽपि ।।२।।**

ટીકાર્થ :-

મોક્ષસુખનું એકમાત્ર કારણ અને વિઘ્નોના સમૂહનો નાશ કરનાર એવા જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને શ્રીપાક્ષિકસૂત્રની સુખેથી સમજી શકાય તેવી વૃત્તિને હું કહીશ. ||૧||

મંદબુદ્ધિવાળો એવો પણ હું, મોટેભાગે આ ગ્રંથની ચૂર્ણિને અનુસારે અને અન્ય ગ્રંથોના વિવરણને અનુસારે આ વિવરણ રચું છું. ||૨||

ટીકા :-

**तत्र चार्हत्प्रवचनानुसारिसाधवः सकलपापमलमूलसावद्ययोगनिवृत्ता अपि सुविशुद्ध-मनोवाक्कायवृत्तयोऽपि अनाभोगप्रमादादेः सकाशात् प्रतिषिद्धकरणकृत्याकरणादिना समु-त्पन्नस्य मूलोत्तरगुणगोचरस्य बादरेतरातिचारजातस्य विशोधनार्थं सदा दिवसनिशाऽवसानेषु प्रतिक्रमणं विदधाना अपि पक्षचतुर्मासंवत्सरान्तेषु विशेषप्रतिक्रमणं कुर्व्वन्ति, उत्तर-करणविधानार्थम् । तथाहि – यथा कश्चित्पुरुषः तैलामलकजलादिभिः कृतशरीरसंस्कारोऽपि धूपनविलेपनभूषणवस्त्रादिभिरुत्तरकरणं विधत्ते, एवं साधवोऽपि प्रतिदिनप्रतिक्रमणेन विशुद्ध-**

चरणा अपि पाक्षिकादिषु विशेषप्रतिक्रमणेनोत्तरकरणं कुर्वन्ति-शुद्धिविशेषं कुर्वन्तीत्यर्थः । किञ्च -

"जह गेहं पइदिवसं, पि सोहियं तहवि पक्खसंधीसु ।
सोहिज्जइ सविसेसं, एवं इहयं पि नायव्वं ॥१॥" [ पाक्षिकसप्ततिका गाथा ४१ ]

तथा नित्यप्रतिक्रमणे सूक्ष्मो बादरो वाऽतिचारोऽनाभोगादिना विस्मृतो भवेत्, स्मृतो वा भयगौरवादिना गुरुसमक्षं न प्रतिक्रान्तः स्यात्, प्रतिक्रान्तोऽपि परिणाममान्द्यादसम्यक्प्रतिक्रान्तः स्याद् । अतः पाक्षिकादिषु तं स्मृत्वा सञ्जातसंवेगाः प्रतिक्रामन्ति । अथवा- पाक्षिकादिषु विशेषप्रतिक्रमणेन प्रतिक्रामन्तो विस्मृतमप्यतिचारं स्मरन्ति प्रायशः । अथवा- प्रथमचरमतीर्थकराणां कालविशेषनियतोऽयं विधिः यदुत - पाक्षिकादिषु विशेषेण प्रतिक्रमितव्यं यथा — सूत्रार्थपौरुषीप्रत्युपेक्षणादीनि प्रतिनियतकालकर्त्तव्यान्यनुष्ठानानीति ।

ટીકાર્થ :-

સાધુ ભગવંતો, જેઓ -

- અરિહંત પરમાત્માના શાસનને અનુસરનારા છે,
- બધા જ પાપરૂપી મેલના મૂળ કારણ એવા સાવદ્ય યોગોથી નિવૃત્ત થયેલા છે અને
- સુવિશુદ્ધ મન-વચન-કાયાની પ્રવૃત્તિવાળા છે,

તેઓ પણ અજ્ઞાન/અનુપયોગ, પ્રમાદ વિગેરેથી થયેલા

- પ્રતિષિદ્ધના કરણ અને
- કર્તવ્યના અકરણ વિગેરે [અશ્રદ્ધા, વિપરીતપ્રરૂપણા] વડે લાગેલા મૂળગુણ અને ઉત્તરગુણ સંબંધી સૂક્ષ્મ અને બાદર અતિચારોની વિશુદ્ધિ માટે હંમેશા દિવસ અને રાત્રિના અંતે પ્રતિક્રમણ કરે છે; છતાં ઉત્તરકરણ (=વિશેષ પ્રકારની શુદ્ધિ) કરવા માટે પંદર દિવસ, ચાર મહિના અને વર્ષના અંતે વિશેષ પ્રતિક્રમણ કરે છે. જેવી રીતે કોઈક પુરુષ તેલ, આમળા, પાણી વગેરે વડે શરીરને સ્વચ્છ કર્યું હોવા છતાં ધૂપન-વિલેપન-ભૂષણ-વસ્ત્ર વગેરે વડે ઉત્તરકરણ (શોભા) કરે છે, એ રીતે સાધુઓ પણ રોજ પ્રતિક્રમણ કરવાના કારણે વિશુદ્ધ ચારિત્રવાળા હોવા છતાં પાક્ષિક વિગેરે પર્વદિવસે વિશેષ પ્રતિક્રમણ કરવા દ્વારા ઉત્તરકરણ એટલે કે વિશેષ પ્રકારની શુદ્ધિને કરે છે.

વળી, "જેમ ઘર રોજ સાફ કરાતું હોવા છતાં પંદર દિવસે વિશેષ પ્રકારે સાફ કરાય છે, એમ અહીં પણ જાણવું. ॥૧॥" [પાક્ષિકસપ્તતિકા ગા. ૪૧]

તથા રોજના પ્રતિક્રમણમાં સૂક્ષ્મ કે બાદર અતિચાર અનુપયોગ વિગેરે કારણે ભૂલાઈ ગયો હોય, અથવા યાદ આવ્યો હોય તો પણ ભય, ગૌરવ વિગેરે કારણે ગુરુ સમક્ષ એનું પ્રતિક્રમણ ન કર્યું હોય ['ગુરુ પાસે અતિચારની આલોચના કરીશ તો ગુરુ પ્રાયશ્ચિત્ત આપશે' વગેરે ભય, 'અતિચારની આલોચના કરીશ તો મારી લઘુતા થશે' વગેરે ગૌરવ], અથવા પ્રતિક્રમણ કર્યું હોય તો

પણ પરિણામની મંદતાના કારણે સારી રીતે પ્રતિક્રમણ ન કર્યું હોય, માટે પાક્ષિક વિગેરે પ્રતિક્રમણમાં તે અતિચારને યાદ કરી સંવેગવાળા થઈને તે અતિચારનું પ્રતિક્રમણ કરે. અથવા પાક્ષિક વિગેરે પર્વમાં વિશેષ પ્રતિક્રમણ વડે પાપથી પાછા ફરતા સાધુઓને ભૂલાઈ ગયેલા અતિચાર પણ લગભગ યાદ આવી જાય. [દેવસિ વિગેરેમાં સામાન્યથી પ્રતિક્રમણ કરતાં યાદ ન આવે, પણ પાક્ષિક વિગેરે પર્વમાં વિશેષથી પ્રતિક્રમણ કરતાં યાદ આવે.] અથવા પ્રથમ અને ચરમ તીર્થંકરના સાધુઓને કાલવિશેષમાં નિયત એવી આ વિધિ છે કે જે રીતે સૂત્રપોરિસી-અર્થપોરિસી-પડિલેહણ વિગેરે અનુષ્ઠાનો નિયત સમયે કરવાના છે, તે રીતે દર પાક્ષિક વિગેરે પર્વમાં વિશેષથી (પાક્ષિક વિગેરે) પ્રતિક્રમણ કરવાનું છે.

ટીકા -

**अथवाऽतिचाराभावेऽपि युक्तं पाक्षिकादिषु विशेषप्रतिक्रमणं तृतीयवैद्यौषधक्रिया-तुल्यत्वात् । यथा -**

**किल धनधान्यसमृद्धबहुजनसमाकुले विविधसौधराजीरमणीये प्रचुरचारुसुरमन्दिर-शिखरविराजिते क्षितिप्रतिष्ठिते नगरे शौर्यादिगुणरत्नसारस्य सदाऽलङ्घितनीतिवेलावलयस्या-साधारणगाम्भीर्यशालिनोऽपूर्वलावण्यभाजः पाथोनिधेरिव जितशत्रो राज्ञो मनोरथशताप्तो बहुविधोपयाचितविधिलब्धः सकलान्तःपुरकमलवनराजहंसिकाया इव धारिणीदेव्या आत्मजः स्वजीवितव्यादप्यतिप्रियः कुमारः समस्ति स्म । तेन च राज्ञा मा मम पुत्रस्य कश्चनापि रोगो भविष्यति, ततः अनागतमेव केनापि भिषजा क्रियां कारयामीति विचिन्त्य वैद्याः शब्दिता भणिताश्च - 'मम पुत्रस्य तथा क्रियां कुरुत यथा न कदाचनापि रोगसम्भवो भवति'। तैरप्युक्तं - 'कुर्मः'। ततो राज्ञाऽभिहितं - 'कथयत तर्हि कस्य कीदृशी क्रिया ?' इति । तत्रैकेनाभिहितं 'मदीयौषधानि यद्यग्रे रोगो भवति ततस्तमाशु शमयन्ति, अथ नास्ति ततस्तं प्राणिनमकाण्ड एव मारयन्ति ।' ततो राज्ञोक्तम् - 'अलमेतैरौषधैः स्वहस्तोदरप्रमर्दनशूलव्यथोत्थापनन्याय-तुल्यैः ।' द्वितीयेनोक्तं - 'यद्यस्ति रोगः, ततस्तमुपशमयन्ति, अथ नास्ति ततः प्रयुक्तानि प्राणिनो न दोषं नापि कञ्चन गुणं कुर्व्वन्तीति ।' राज्ञा चोक्तम् - 'एतैरपि भस्माहुतिकल्पैः पर्याप्तम् ।' तृतीयेन च गदितं - 'मदीयौषधानि यदि रोगे सति प्रयुज्यन्ते तदा तं रोगं निर्मूलकाषं कषन्ति, अथ न विद्यते रोगः, तथाऽपि तस्य देहिनस्तानि प्रयुक्तानि बलवर्णरूपयौवनलावण्यतया परिणमन्ति अनागतव्याधिप्रतिबन्धाय च जायन्ते'। एवं चोपश्रुत्य राज्ञा तृतीयभिषजा स्वपुत्रस्य क्रिया कारिता । जातश्च व्यङ्गवलीपलितखलित्यादिदोषवर्जितो निरामयकमनीयमूर्त्तिः प्रकृष्ट-बुद्धिबलशाली नवनीरदोदारस्वरश्चेति ।**

**एवमिदमपि प्रतिक्रमणं यद्यतिचारदोषाः सन्ति ततस्तान् शोधयति, यदि न सन्ति ततश्चारित्रं शुद्धतरं करोतीति । ततः स्थितमिदमतिचारो भवतु वा मा वा तथाऽपि प्रथम-चरमतीर्थकरतीर्थेषु पक्षान्तादिषु प्रतिक्रणं कर्त्तव्यमेवेति ।**

**ટીકાર્થ :-**

અથવા અતિચાર ન લાગ્યા હોય તો પણ પાક્ષિક વિગેરે પર્વમાં વિશેષ પ્રતિક્રમણ ત્રીજા વૈદ્યની ઔષધક્રિયા જેવું હોવાથી યોગ્ય જ છે. તે આ પ્રમાણે -

ધન-ધાન્યથી સમૃદ્ધ એવા ઘણા લોકોથી યુક્ત, ઘણા પ્રકારના મહેલોની હારમાળાથી રમણીય અને ઘણા સુંદર દેવમંદિરોના શિખરોથી શોભતું ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. તે નગરમાં સમુદ્ર જેવા ગુણોવાળો જિતશત્રુ નામનો રાજા હતો, જે -

- [સમુદ્ર જેમ રત્નોની ખાણ હોય તેમ] શૌર્ય વગેરે ગુણોરૂપી રત્નોની ખાણ,
- [સમુદ્ર જેમ કિનારાને ન ઓળંગે તેમ] ન્યાયરૂપી કિનારાની મર્યાદાને કદી ન ઓળંગનાર,
- [સમુદ્ર જેમ ગંભીર હોય તેમ] અસાધારણ ગંભીરતાથી શોભતો અને
- [સમુદ્ર જેમ સુંદર હોય તેમ] અપૂર્વ સુંદરતાથી યુક્ત હતો.

તેમને

- સેંકડો મનોરથોથી પ્રાપ્ત થયેલો,
- ઘણા પ્રકારની માનતાઓથી મેળવેલો,
- સકલ અંતઃપુરરૂપી સરોવરમાં રાજહંસી જેવી ધારિણી નામની રાણીથી જન્મેલો અને
- પોતાના જીવનથી પણ વધારે પ્રિય એવો કુમાર હતો.

તે રાજાએ 'મારા પુત્રને કોઈપણ રોગ ન થાય એ માટે અગાઉથી જ કોઈક વૈદ્ય વડે ઉપચાર કરાવું' એમ વિચારીને વૈદ્યોને બોલાવ્યા અને કહ્યું - 'મારા પુત્રનો એ રીતે ઉપચાર કરો કે જેથી એને ક્યારેય પણ રોગ ઉત્પન્ન ન થાય.' તેઓએ પણ કહ્યું - 'કરીશું.' પછી રાજાએ કહ્યું - 'તો પછી કોની પાસે કેવો ઉપચાર છે ? તે કહો.'

એકે કહ્યું - 'મારા ઔષધો જો પહેલેથી રોગ થયેલો હોય તો તેને તરત શાંત કરે છે, અને જો રોગ ન હોય તો તે જીવને અકાળે જ મારી નાખે છે.' રાજાએ કહ્યું - 'પોતાના હાથે પેટ ચોળીને શૂળની વ્યથા ઊભી કરવા જેવા આ ઔષધોથી સર્યું.'

બીજાએ કહ્યું - 'મારા ઔષધો જો રોગ હોય તો તેને ઉપશાંત કરે છે, અને જો ન હોય તો તે ઔષધો આપવા છતાં જીવને કંઈપણ દોષ કે ગુણ કરતા નથી.' રાજાએ કહ્યું - 'ભસ્મની આહુતિ સમાન આ ઔષધોથી પણ સર્યું.' [ભસ્મની આહુતિ અગ્નિ પર કોઈ ઉપકાર ન કરે, તેમ કોઈ ઉપકાર ન કરનાર આ ઔષધ પણ નકામું છે.]

ત્રીજાએ કહ્યું - 'મારા ઔષધો જો રોગ હોય તો તેને મૂળમાંથી ઉખેડી નાંખે છે, અને જો રોગ ન હોય તો પણ જીવને આપેલા તે ઔષધો બળ-વર્ણ-રૂપ-યૌવન-લાવણ્યરૂપે પરિણામ પામે છે. (અર્થાત્ તેની વૃદ્ધિ માટે થાય છે.) અને ભવિષ્યના રોગને અટકાવનાર થાય છે.'

આમ સાંભળી રાજાએ ત્રીજા વૈદ્ય વડે પોતાના પુત્રનો ઉપચાર કરાવ્યો અને તે ડાઘ-કરચલી-ધોળા વાળ-ટાલ વગેરે દોષોથી રહિત, રોગરહિત સુંદર શરીરવાળો, પ્રકૃષ્ટ બુદ્ધિબળથી શોભતો અને

નવા વાદળ જેવા ઉદાર સ્વરવાળો થયો.

એ રીતે આ (પાક્ષિક વગેરે) પ્રતિક્રમણ પણ જો અતિચારરૂપી દોષો હોય તો તેઓને શુદ્ધ કરે છે, અને ન હોય તો ચારિત્રને વધુ નિર્મળ કરે છે. માટે આ નક્કી થયું કે અતિચાર હોય કે ન હોય, તો પણ પ્રથમ અને ચરમ તીર્થંકરોના તીર્થમાં પંદર દિવસ વિગેરેના અંતે અવશ્ય (પાક્ષિક વગેરે) પ્રતિક્રમણ કરવું જ જોઈએ.

ટીકા :-

**केन पुनर्विधिनेति चेत् ? उच्यते–''इह किल साहुणो कयसयलवेयालियकरणिज्जा सूरत्थमणवेलाए सामाइयाइसुत्तं पकड्डित्ता दिवसाइयारचिंतणत्थं काउस्सगं करंति, तत्थ य गोसमुहणंतगाइयं[1] अहिगयचेट्ठाकाउस्सग्ग[2]पज्जवसाणं दिवसाइयारं चिंतंति, तओ नमोक्कारेण पारेत्ता चउवीसत्थयं पढंति, तओ सण्डासगे पडिलेहित्ता उक्कडुयनिविट्ठा ससीसोवरियं कायं पमज्जंति, तओ परेण विणएण तिगरणविसुद्धं किइकम्मं करंति, एवं वंदित्ता उत्थाय उभयकरगहियरओहरणा अद्धावणयकाया पुव्वपरिचिंतिए दोसे जहारायणियाए संजयभासाए जहा गुरू सुणंति तहा पवड्ढमाणसंवेगा मायामयविप्पमुक्का अप्पणो विसुद्धिनिमित्तमालोएंति, जइ नत्थि अइयारो ताहे सीसेण संदिसह त्ति भणिए गुरूहिं पडिक्कमह त्ति भणियव्वं, अह अइयारो तो पायच्छित्तं पुरिमुड्ढाई दिंति, तओ गुरुदिन्नपडिवन्नपायच्छित्ता विहिणा निसिइत्ता समभावट्ठिया सम्ममुवउत्ता अणवत्थपसंगभीया पए पए संवेगमावज्जमाणा दंसमसगाइ देहे अणगणेमाणा पयंपएण सामाइयमाइयं पडिक्कमणसुत्तं कड्ढंति जाव तस्स धम्मस्स त्ति पदं, तओ उद्धट्ठिया अब्भुट्ठिओमि आराहणाए इच्चाइयं जाव वंदामि जिणे चउवीसं ति भणित्ता गुरू णिविसंति, तओ साहू वंदित्ता भणंति 'इच्छामि खमासमणो उवट्ठिओमि अब्भिंतरपक्खियं**

❖ थोभवंदणं दाउं इच्छाकारेण संदिसह भयवं पक्खियमुहपोत्तियं पडिलेहेमो त्ति भणित्ता मुहपोत्तियं पडिलेहिय कयकिइकम्मा भणंति इच्छामि खमासमणो ! उवट्ठिओमि[3] अब्भिंतरपक्खियं खामेउं, गुरू भणइ – अहमवि खामेमि तुब्भे त्ति, ताहे साहू भणंति – पण्णरसण्हं दिवसाणं पण्णरसण्हं राईणं जं किंचि अपत्तियं परपत्तियं इत्यादि, तओ पंचपभिअओ भवंति जइ[4] तया उ तिण्णि जणे खामेंति । जइ दो[5] तिण्णि चउरो वा तो न खामिंति । अत्र गाथा –

''वंदित्ता तिण्णि जणे तत्तो जहजिट्ठमित्थ खामिंति ।
जइ पणगाई होंति दो तिअ चउरो ण खामिंति ॥१॥''

तहा चाउम्मासिए जइ सत्तपभिअओ तो पंच खामेंति । अह छ पंच वा तओ तिण्णि चेव खामिंति । संवच्छरिए पुण जइ नवपभिअओ तो सत्त खामेंति । अह सत्तट्ठ वा तो पंच खामिंति । अत्रापि गाथा –

१. प्रभाते मुखवस्त्रिकाप्रतिलेखनादिकं । २. कायोत्सर्गो द्विविधः - चेष्टाकायोत्सर्गोऽभिभवष्टाकायोत्सर्गश्च, उक्तञ्च - सो उस्सग्गो दुविहो, चिट्ठाए अभिभवे य नायव्वो । भिक्खाररियाइ पढमो, उवसग्गभिजुंजणे बिइओ ॥ (आवश्यकनिर्युक्तिः - गा. १४५४) अयं कायोत्सर्गश्चेष्टाकायोत्सर्गः । ३. अब्भुट्ठिओमि प्र० । ४. तो जहाजेट्ठ जइ. प्र० । ५. दोण्णि प्र० ।

खामेउं,' गुरू भणइ - 'अहमवि खामेमि तुब्भे त्ति'। ताहे साहू भणंति - 'पन्नरसण्हं दिवसाणं पन्नरसण्हं राईणं जं किंचि अपत्तियं परपत्तियं इत्यादि।' एवं जहन्नेणं तिन्नि वा पंच वा, चाउम्मासिए संवच्छरिए य सत्त, उक्कोसेणं तिसुवि ठाणेसु सव्वे खामिज्जंति, एयं संबुद्धाखामणं राइणियस्स भणियं, इत्थ कणिट्ठेण जेट्ठो खामेयव्वो त्ति वुत्तं भवइ। तओ कयकिइकम्मा उद्धट्ठिया पत्तेयखामणं करेंति। तत्थ य इमो विही — गुरू अन्नो वा जो गच्छमज्झे जेट्ठो सो पढममुट्ठेऊण उद्धट्ठिओ चेव कणिट्ठं भणइ — 'अमुग-नामधेय! अब्भितरपक्खियं खामेमो पन्नरसण्हं दिवसाणं पन्नरसण्हं राईणं' इत्यादि। इमो वि भूमि-निहियजाणुसिरो कयंजली भणइ 'भयवं! अहमवि खामेमि तुब्भे पन्नरसण्हमित्यादि।' सीसो पुच्छइ - किं[1] गुरू उट्ठित्ता खामेइ? उच्यते — सव्वजइजाणावणत्थं 'जहा एस महप्पा मोत्तुमहंकारं जहा दव्वओ अब्भुट्ठिओ खामेइ एवं भावओवि समुट्ठिओ खामेइ त्ति'। किं च, जे गुरूसमीवाओ जच्चाइएहिं[2] उत्तमतरा मा ते चिंतिज्जा 'एस नीयतरो अम्हे उत्तम त्ति काउं पणयसिरो खामेइ त्ति'। एवं सेसा वि अहारायणियाए खामेंति, जाव दुचरिमो चरिमं ति। ताहे सव्वे कयकिइकम्मा भणंति 'देवसियं आलोएउं पडिक्कंता पक्खियं पडिक्कमामो?' गुरू भणइ 'सम्मं पडिक्कमह' इति पाक्षिकचूर्ण्यभिप्रायः। आवश्यकाभिप्रायस्तु गुरू उट्ठेऊण जहारायणियाए उद्धट्ठिओ चेव खामेइ, इयरेवि जहारायणियाए सव्वेवि अवणय-उत्तमंगा भणंति 'देवसियं पडिक्कंतं पक्खियं खामेमो पन्नरसण्हं दिवसाणमित्यादि', एवं सेसा वि जहारायणियाए खामंति पच्छा वंदित्ता भणंति 'देवसियं पडिक्कंतं पक्खियं पडिक्कमावेह त्ति,' तओ गुरू गुरुसंदिट्ठो वा पक्खियं पडिक्कमणं कड्ढइ, सेसगा जहासत्तिं काउसग्गाइ-सण्ठिया धम्मज्झाणोवगया सुणंति।

टीકાર્થ :-

કઈ વિધિથી ? તે કહે છે -

સાધુઓ બધા જ વૈકાલિક (સાંજના સમયના) કર્તવ્યોને કરીને સૂર્યાસ્તના સમયે સામાયિકાદિ (કરેમિ ભંતે વિગેરે) કહીને દૈવસિક અતિચાર વિચારવા માટે કાઉસગ્ગ કરે છે. તેમાં સવારે પડિલેહણ સમયે મુહપત્તિના પડિલેહણથી માંડીને અધિકૃત (=હમણાં કરાઈ રહેલા) ચેષ્ટા કાઉસગ્ગ સુધીના દિવસના અતિચારોને વિચારે છે.

[કાયોત્સર્ગ (કાઉસગ્ગ) બે પ્રકારે છે -

---

"चाउम्मासे पंच उ संवच्छरिए उ सत्त खामिंति।
जइ दुण्णि उव्वहंते अण्णह तिअ पंच जहसंखं ॥१॥"

उक्कोसेणं तिसुवि ठाणेसु सव्वे खामिज्जंति। एयं इति प्रत्यन्तरेऽधिकमत्र।

---

१. किमर्थं इत्यर्थः। २. जात्यादिभिः।

**૧. ચેષ્ટા કાયોત્સર્ગ :-** ગમનાગમન વિગેરેમાં ઈરિયાવહિયા વિગેરે પડિક્કમતા જે કરાય તે.

**૨. અભિભવ કાયોત્સર્ગ :-** દેવતા વિગેરેએ કરેલા ઉપસર્ગો જીતવા માટે જે કાઉસગ્ગ કરાય તે. અતિચારો વિચારવા માટે કરાતો કાઉસગ્ગ એ ચેષ્ટા કાઉસગ્ગ છે.]

ત્યારપછી નમસ્કાર વડે પારીને ચતુર્વિંશતિસ્તવ (લોગસ્સ) કહે. પછી સંદંશકો (સંડાસા=ઘૂંટણ વિગેરેના સાંધા)ને પડિલેહીને, ઉભડક બેસીને મસ્તક સહિત ઉપરની કાયા પ્રમાર્જે છે. (=મુહપત્તિ અને શરીરનું પડિલેહણ કરે છે.) પછી ઉત્કૃષ્ટ વિનય વડે ત્રિકરણ(મન, વચન અને કાયા)થી વિશુદ્ધ કૃતિકર્મ (વાંદણા) કરે છે. એ રીતે વંદન કરીને ઊભા થઈને બંને હાથમાં રજોહરણ પકડીને અડધી કાયા નમાવીને પૂર્વે વિચારેલા દોષો

- રત્નાધિકના ક્રમે (પહેલા વડીલ આલોવે, પછી નાનો સાધુ, પછી તેનાથી નાનો...એ ક્રમે)
- સંયતભાષામાં (ગૃહસ્થની ભાષામાં નહીં)
- જે રીતે ગુરુ સાંભળી શકે તે રીતે (=બહુ મોટા કે બહુ ધીમા અવાજે નહીં),
- વધતાં સંવેગપૂર્વક,
- માયા-મદથી રહિત થઈને અને
- પોતાની વિશુદ્ધિ માટે ("હું શુદ્ધ આલોચના કરું છું" એવા અભિમાન માટે નહીં ) આલોવે છે. (ગુરુને કહે છે)

જો અતિચાર ન હોય તો શિષ્યે संदिसह भगवन् ! (હે ભગવંત ! આદેશ આપો) એ પ્રમાણે કહ્યે છતે ગુરુએ पडिक्कमह (પ્રતિક્રમણ કરો) કહેવું. જો અતિચાર હોય તો પુરિમુડ્ઢ વિગેરે પ્રાયશ્ચિત્ત આપે. પછી ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તને સ્વીકારી, વિધિપૂર્વક બેસી, સમભાવમાં રહી, સમ્યક્ ઉપયોગપૂર્વક, અનવસ્થા (જો સમ્યક્ પ્રાયશ્ચિત્ત ન કરે તો બીજાઓ પણ અતિચાર સેવે એવી અનવસ્થા અથવા અન્ય પણ કોઈ અનવસ્થા)ના પ્રસંગથી ડરેલા, પદે પદે સંવેગને પામતા, શરીર પરના ડાંસ-મચ્છરાદિના ડંખને નહીં ગણતા, પદે પદે કરીને સામાયિકાદિ પ્રતિક્રમણસૂત્ર (નવકાર, કરેમિ ભંતે...વિગેરે) 'तस्स धम्मस्स....' પદ આવે ત્યાં સુધી બોલે. પછી ઊભા થઈને 'अब्भुट्ठिओमि आराहणाए.....'થી માંડીને 'वंदामि जिणे चउवीसं' સુધી બોલે.

પછી ગુરુ બેસે. પછી સાધુઓ વંદન કરી ખમાસમણું આપી 'इच्छाकारेण संदिसह भयवं पक्खियमुहपोत्तियं पडिलेहेमो ?'

(હે ભદન્ત ! આપની ઈચ્છાથી આદેશ આપો - પાક્ષિક મુહપત્તિનું પડિલેહણ કરીએ ?)

એ પ્રમાણે બોલી મુહપત્તિ પડિલેહી વાંદણા આપે. પછી બોલે 'इच्छामि खमासमणो ! उवट्ठिओमि अब्भिन्तरपक्खियं खामेउं' (હે ક્ષમાશ્રમણ ! હું પક્ષ (પંદર દિવસ) દરમિયાન લાગેલા અતિચારોને ખમાવવા ઈચ્છું છું અને ઉપસ્થિત થયો છું.)

ગુરુ કહે - 'अहमवि खामेमि तुब्भे' (હું પણ તમને બધાને ખમાવું છું)

પછી સાધુઓ બોલે - 'पन्नरसण्हं दिवसाणं पन्नरसण्हं राईणं जं किंचि अपत्तियं परपत्तियं...'

(**અર્થ** - પંદર દિવસ અને પંદર રાત્રિમાં જે કાંઈ આપને અપ્રીતિકર, અત્યંત અપ્રીતિકર (અથવા મારા નિમિત્તે, બીજાના નિમિત્તે) આહારમાં, પાણીમાં, વિનયમાં , વૈયાવચ્ચમાં, એકવાર વાત કરવામાં, અનેકવાર વાત કરવામાં, (આપનાથી) ઊંચા આસને, સમાન આસને (બેસવામાં), (આપની ચાલતી વાતમાં) વચ્ચે બોલવામાં, અધિક બોલવામાં, જે કોઈ મારો વિનયરહિત સૂક્ષ્મ કે બાદર (અપરાધ) થયો હોય, જેને આપ જાણો છો, હું નથી જાણતો, તત્સંબંધી મારું દુષ્કૃત મિથ્યા થાઓ.)

(અહીં અન્ય પ્રતમાં આટલું અધિક છે : (દેવસિ અને પાક્ષિક પ્રતિક્રમણમાં) જો પાંચ કે વધુ સાધુઓ હોય તો ત્રણ જણ ખમાવે. જો બે, ત્રણ કે ચાર સાધુઓ હોય તો ન ખમાવે.

અહીં ગાથા છે - "વંદન કરીને પછી જો પાંચ કે વધુ સાધુઓ હોય તો ત્રણ સાધુઓ જ્યેષ્ઠના ક્રમ પ્રમાણે ખમાવે. જો બે, ત્રણ કે ચાર હોય તો ન ખમાવે." ॥૧॥

ચાતુર્માસિક પ્રતિક્રમણમાં જો સાત કે વધુ સાધુઓ હોય તો પાંચ જણ ખમાવે. છ કે પાંચ હોય તો ત્રણ જ ખમાવે. સાંવત્સરિક પ્રતિક્રમણમાં જો નવ કે વધુ સાધુઓ હોય તો સાત જણ ખમાવે. સાત કે આઠ સાધુઓ હોય તો પાંચ જણ ખમાવે.

અહીં ગાથા છે - "જો બે (સાધુ અબ્ભુટ્ઠિઓ ખમાવ્યા વિના) બાકી રહેતા હોય તો ચાતુ-ર્માસિકમાં પાંચ અને સાંવત્સરિકમાં સાત ખમાવે,) નહીંતર (ચાતુર્માસિકમાં) ત્રણ, સાંવત્સરિકમાં પાંચ ખમાવે." ॥૧॥

ઉત્કૃષ્ટથી ત્રણે (પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક) પ્રતિક્રમણમાં બધાને ખમાવે.)

આ રીતે રત્નાધિકને કરવાના સંબુદ્ધાખામણા કહ્યા. અહીં (=પ્રતિક્રમણમાં આ જગ્યાએ) નાનાએ મોટાને ખમાવવા એમ કહેવાનો ભાવાર્થ છે. પછી કૃતિકર્મ (વંદન) કરીને ઊભા થઈને પ્રત્યેક ખામણા કરે, તેની આ વિધિ છે.

ગુરુ કે અન્ય સાધુ, જે ગચ્છમાં મોટા હોય તે પ્રથમ ઊઠીને ઊભા રહીને જ નાનાને કહે - 'अमुगनामधेय ! अब्भिन्तरपक्खियं खामेमो पन्नरसण्हं दिवसाणं पन्नरसण्हं राईण... इत्यादि'

(અમુકનામવાળા હે સાધુ ! હું પક્ષની અંદરના અતિચારોને ખમાવું છું. પંદર દિવસ અને પંદર રાત્રિમાં... વગેરે)

અને તે નાનો સાધુ પણ જાનુ(ઘૂંટણ) અને મસ્તક જમીન પર સ્થાપીને અંજલિ કરીને કહે - 'भयवं ! अहमवि खामेमि तुब्भे पन्नरसण्हं... इत्यादि'

(હે ભદન્ત ! હું પણ આપને ખમાવું છું. પંદર દિવસ... વગેરે.)

શિષ્ય પૂછે છે - ગુરુ ઊઠીને (ઊભા થઈને) કેમ ખમાવે ?

આચાર્ય જવાબ આપે છે - બધા જ સાધુઓને જણાવવા માટે કે "આ મહાત્મા (ગુરુ) પણ અહંકારને મૂકીને જે રીતે દ્રવ્યથી અભ્યુત્થિત થઈને ખમાવે છે એ રીતે ભાવથી પણ અભ્યુત્થિત થઈને ખમાવે છે." વળી જે સાધુઓ ગુરુની જાતિ વગેરેથી ઊંચી જાતિ વગેરેવાળા હોય તેઓ એવું ન વિચારે કે "આ (ગુરુ) નીચા છે અને અમે ઊંચા છીએ એટલા માટે ગુરુ મસ્તક નમાવીને (જમીન

પર મસ્તક લગાડીને) ખમાવે છે." [એટલે ઊભા ઊભા ખમાવે. અર્થ એ છે કે જો ગુરુ જમીન પર મસ્તક લગાડીને ખમાવે, તો બીજા આવું વિચારે. તેવું ન થાય તે માટે ઊભા ઊભા જ મસ્તક નમાવીને ખમાવે.]

એ રીતે બાકીના સાધુઓ પણ રત્નાધિકના ક્રમે ખમાવે. (એટલે કે બીજા નંબરનો સાધુ ત્રીજા નંબરના સાધુને ખમાવે, ત્રીજા નંબરનો ચોથા નંબરના સાધુને... એ રીતે) દ્વિચરમ (છેલ્લેથી બીજો) સાધુ ચરમ એટલે કે સૌથી નાના સાધુને ખમાવે. પછી બધા સાધુઓ કૃતિકર્મ (વાંદણા) કરીને કહે - 'देवसियं आलोएउं पडिक्कंता पक्खियं पडिक्कमामो ?'

(અમે દૈવસિક અતિચાર આલોવીને પ્રતિક્રમણ કર્યું છે. હવે અમે પાક્ષિક પ્રતિક્રમણ કરીએ ?)

ગુરુ કહે - 'सम्मं पडिक्कमह' (સારી રીતે પ્રતિક્રમણ કરો.) આ પાક્ષિકચૂર્ણિનો અભિપ્રાય છે.

આવશ્યક(ચૂર્ણિ ?)ના અભિપ્રાયે - ગુરુ ઊઠીને રત્નાધિકના ક્રમે ઊભા રહીને જ ખમાવે. બાકીના બધા જ સાધુઓ પણ રત્નાધિકના ક્રમે મસ્તક નમાવીને કહે - 'देवसियं पडिक्कंतं पक्खियं खामेमो - पन्नरसण्ह दिवसाणं' 'અમે દૈવસિક પ્રતિક્રમણ કર્યું છે, પાક્ષિક ખમાવીએ છીએ - પંદર દિવસ...' વગેરે. એ રીતે બાકીના સાધુઓ પણ રત્નાધિકના ક્રમે ખમાવે. પછી વંદન કરીને કહે - 'देवसियं पडिक्कंतं पक्खियं पडिक्कमावेह' અમે દૈવસિક પ્રતિક્રમણ કર્યું છે, પાક્ષિક પ્રતિક્રમણ કરાવો. પછી ગુરુ અથવા ગુરુએ જેને આજ્ઞા આપી છે તેવો સાધુ પાક્ષિક પ્રતિક્રમણ (પખ્ખી સૂત્ર) કહે, બાકીના સાધુઓ શક્તિ પ્રમાણે કાયોત્સર્ગાદિમાં રહીને ધર્મધ્યાનયુક્ત થઈને સાંભળે.

**तच्चेदं सूत्रं** —

અને તે સૂત્ર આ છે -

ગાથા :-

**तित्थंकरे य तित्थे, अतित्थसिद्धे य तित्थसिद्धे य ।**
**सिद्धे जिणे रिसी महरिसी य नाणं च वंदामि ॥१॥**

ગાથાર્થ :-

**તીર્થંકરોને, તીર્થને, અતીર્થસિદ્ધોને, તીર્થસિદ્ધોને, સિદ્ધોને, જિનોને, ઋષિઓને, મહર્ષિઓને અને જ્ઞાનને હું વંદન કરું છું. ॥૧॥**

ટીકા :-

**अस्य व्याख्या** – तित्थंकरे **त्ति अत्रानुस्वारः प्राकृतलक्षणप्रभवो यदाह** —
**"[१]नीया लोयमभूया य आणिया दीहबिंदुदुब्भावा ।**
**अत्थं वहंति तं चिय, जो एसिं पुव्वनिद्दिट्ठो ॥१॥"**

१. नीता लोपमभूताश्च आनीता दीर्घबिन्दुद्विर्भावाः अर्थं वहन्ति तमेव, य एतेषां पूर्वनिर्दिष्टः ।

द्वितीयाबहुवचनान्तं चेदम् । यदुक्तम् —

"ए[१] होइ अयारंते पयंमि बीयाए बहुसु पुल्लिंगे ।
तइआइसु छट्ठीसत्तमीसु एगम्मि महिलत्थे ॥१॥"

ततश्च तीर्थं वक्ष्यमाणलक्षणं, तत् कुर्वन्त्यानुलोम्येन हेतुत्वेन तच्छीलतया वेति तीर्थकराः शास्तारः ॥ आह च —

"अणुलोमहेउतस्सीलयाए जे भावतित्थमेयं तु ।
कुव्वंति पगासंति उ ते तित्थकरा हियत्थकर त्ति ॥१॥"

तान् वन्द इति सर्वत्र योगः, चशब्दोऽतीतानागतादितीर्थकृद्भेदसंग्रहार्थः । तथा तित्थे त्ति विभक्तिव्यत्ययात्पाठान्तरतो वा तित्थं ति । तीर्यतेऽनेनेति तीर्थं द्रव्यतो नद्यादीनां समोऽनपायश्च भूभागो भौतादिप्रवचनं वा । द्रव्यतीर्थता त्वस्याप्रधानत्वाद्, अप्रधानत्वं च भावतस्तरणीयस्य संसारसागरस्य तेन तरीतुमशक्यत्वात्, सावद्यत्वादस्येति । भावतीर्थं तु जिनप्रवचनं तदाधारत्वाच्चतुर्वर्णश्रमणसङ्घश्च, यतो ज्ञानादिभावेन तद्विपक्षादज्ञानादितो भवाच्च भाव[२]भूतात्तारयतीति । तत्तीर्थं कर्मताऽऽपन्नं वन्द इति ॥ तथा अतित्थबुद्धे य त्ति पाठान्तरतो वा अतित्थसिद्धे य त्ति अतीर्थे तीर्थाभावे, बुद्धा जातिस्मरणादिना लब्धापवर्गमार्गाः, सिद्धा वा जातिस्मरणादिनैव निर्दग्धकर्माणोऽतीर्थबुद्धा अतीर्थसिद्धा वा, अतस्तान् । चः समुच्चये । श्रूयते च सुविधिप्रभृतीनां तीर्थकृतां सप्तस्वन्तरेषु धर्मव्यवच्छेदः, यदाह - "जिणंतरे[३] साहुवोच्छेओ"त्ति । तत्रापि केचिज्जातिस्मरणादिना प्राप्तापवर्गमार्ग्गाः केवलिनो भूत्वा सिध्यन्तीति । मरुदेवीप्रभृतयो वाऽतीर्थबुद्धा अतीर्थसिद्धा वा, तदानीं तीर्थस्यानुत्पन्नत्वादिति । तथा तित्थसिद्धे य त्ति तित्थबुद्धे य त्ति वा । तत्र तीर्थे उक्तलक्षणे सति सिद्धा निर्वृता बुद्धा वा ज्ञातवन्तः परमार्थं जम्बूस्वाम्यादिवदिति तीर्थसिद्धास्तीर्थबुद्धा वा, अतस्तान् । चशब्दः समुच्चय एव ।

टीकार्थ :-

આ ગાથાની વ્યાખ્યા - तित्थंकरे=તીર્થંકરોને. અહીંયાં અનુસ્વાર પ્રાકૃતલક્ષણથી આવેલો છે. કહ્યું છે -

"લોપને પમાડાયેલા (नीता लोपम्), ન હોવા છતાં લવાયેલા (अभूता च आनीता), દીર્ઘ-બિંદુ (અનુસ્વાર) અને દ્વિરુક્તિવાળા પદો એમનો જે પૂર્વનિર્દિષ્ટ અર્થ છે, તે જ અર્થને જણાવે છે." (ભાવાર્થ એ છે કે પ્રાકૃતમાં દીર્ઘ સ્વર કે અનુસ્વારના લોપ થાય કે આગમ થાય કે દ્વિરુક્તિ થાય તો પણ અર્થ બદલાતો નથી. એટલે અહીં ગાથામાં 'तित्थंकरे' હોવા છતાં 'तित्थकरे' એમ જ લેવાનું છે.) ॥૧॥

આ દ્વિતીય બહુવચનાન્ત પદ છે. કહ્યું છે કે -

१. ए भवति अकारान्ते पदे द्वितीयायां बहुषु पुंलिङ्गे, तृतीयादिषु षष्ठीसप्तमीषु एकस्मिन् स्त्र्यार्थे ॥ २. रागादिरूपात् । ३. अस्सावगपडिसेहो, छट्ठे छट्ठे य मासि अणुओगो । कालेण य मिच्छत्तं, जिणंतरे साहुवोच्छेओ ॥ (आवश्यकनिर्युक्ति ३६५)

પ્રાકૃતભાષામાં 'અ' કારાન્ત પુલ્લિંગ દ્વિતીયા વિભક્તિ બહુવચન પદને અંતે અને સ્ત્રીલિંગ ત્રીજીથી માંડી સાતમી વિભક્તિ એકવચન પદને અંતે 'ए' થાય છે[1]. ॥૧॥

(એટલે કે પ્રાકૃત 'तित्थंकरे'નું સંસ્કૃતમાં 'तीर्थकरान्' - 'તીર્થંકરોને' એ પ્રમાણે થશે.)

જેનું લક્ષણ આગળ કહેવાશે તે તીર્થ, તેને અનુકૂળપણાથી, હેતુપણાથી કે તેવા સ્વભાવથી કરે તે તીર્થંકર એટલે કે શાસન કરનાર. કહ્યું છે -

અનુલોમતાથી, હેતુતાથી કે તત્શીલતાથી જેઓ આ ભાવતીર્થને કરે છે અથવા પ્રકાશિત કરે છે તે તીર્થંકરો=હિતાર્થકરો છે. ॥૧॥

(**ભાવાર્થ** - 'તીર્થને કરે તે તીર્થંકર' એમ વ્યુત્પત્તિ છે. તેમાં

તીર્થને કરનારા કઈ રીતે છે ? તે જણાવે છે -

आनुलोम्येन=તીર્થસ્થાપનાને અનુકૂળ પ્રવૃત્તિ કરનારા હોવાથી.

हेतुत्वेन=તીર્થની સ્થાપનામાં હેતુ હોવાથી.

तच्छीलतया=તીર્થંકરોનો તેવો=શાસનસ્થાપનાનો સ્વભાવ હોવાથી.)

તેઓને હું વંદુ છું - એ પ્રમાણે સર્વત્ર (તીર્થંકરોને, તીર્થને વિગેરે બધે) જોડવું. च શબ્દ તીર્થંકરોના અતીત-અનાગત વિગેરે ભેદોના સંગ્રહ માટે છે.

તથા तित्थे - અહીંયાં વિભક્તિનો વ્યત્યય થયો હોવાથી 'तित्थं' એમ લેવું અથવા 'तित्थं' એવો પાઠાંતર જ સમજવો. 'तित्थं'=તીર્થને. જેના વડે તરાય તે તીર્થ (તે તીર્થ બે પ્રકારે - દ્રવ્યથી અને ભાવથી) દ્રવ્યથી નદી વગેરેનો સપાટ અને પડવાના ભય વગરનો ભૂભાગ (કિનારો) અથવા ભૌત, બૌદ્ધ વગેરે દર્શનો તે તીર્થ. તેમને દ્રવ્યતીર્થ કહ્યા, કારણ કે તે સાવદ્ય (પાપયુક્ત) હોવાથી તેમનાથી ભાવથી તરવા યોગ્ય એવો સંસારસાગર તરી શકાતો નથી, તેથી તેઓ અપ્રધાન છે. (ભાવની યોગ્યતારૂપ દ્રવ્યપણું નથી, પણ અપ્રધાનતારૂપ દ્રવ્યપણું છે.)

જિનપ્રવચન અને તેના આધારરૂપ ચતુર્વિધ શ્રમણસંઘ એ ભાવતીર્થ છે, કારણ કે તે જિનપ્રવચન જ્ઞાન વિગેરે ભાવવાળું હોવાથી તેના વિપક્ષ અજ્ઞાન વિગેરેથી તારે છે અને રાગ-દ્વેષાદિભાવરૂપ એવા ભવ=સંસારથી તારે છે. (कर्मतापन्नं) કર્મ બનેલા એવા તે તીર્થને હું વંદુ છું. (तीर्थ શબ્દ નપુંસકલિંગ છે. પ્રથમા-દ્વિતીયા બંને વિભક્તિમાં तीर्थम् રૂપ થાય છે. અહીં દ્વિતીયા છે, એ જણાવવા कर्मतापन्नं લખ્યું છે.)

તથા अतित्थबुद्धे=અતીર્થબુદ્ધોને અથવા अतित्थसिद्धे=અતીર્થસિદ્ધોને એવો પાઠાંતર જાણવો. અતીર્થમાં એટલે કે તીર્થ પ્રવર્તતું ન હોતું ત્યારે, બુદ્ધ એટલે કે જાતિસ્મરણાદિ વડે મોક્ષનો માર્ગ જેઓને પ્રાપ્ત થયો છે તે અતીર્થબુદ્ધ અથવા અતીર્થમાં (તીર્થ પ્રવર્તતું નહોતું ત્યારે) જાતિસ્મરણાદિ વડે જ સિદ્ધ=સંપૂર્ણ બળી ગયા છે કર્મો જેઓના તેવા થયેલા તે અતીર્થસિદ્ધ. તેઓને હું વંદુ છું. ગાથામાં य

૧. મલધારગચ્છીય શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ હારિભદ્રીયાવશ્યકવૃત્તિટિપ્પણમાં નિર્યુક્તિગાથા ૩૬ની ટીકા અંતર્ગત આવેલા આ શ્લોકની ટિપ્પણમાં જણાવ્યું છે કે "સ્ત્રીલિંગ એકવચન ત્રીજી-ચોથી-છટ્ઠી-સપ્તમી વિભક્તિમાં જ 'ए' થાય છે. પાંચમી વિભક્તિમાં 'ओ'કાર દેખાય છે."
પણ હકીકત એ છે કે પાંચમી વિભક્તિમાં 'ओ' થાય છે તેમ 'ए' પણ થાય છે.

(च) સમુચ્ચય (='અને') અર્થમાં છે. (તીર્થંકરોને, તીર્થને અને અતીર્થસિદ્ધોને.) સુવિધિનાથ વિગેરે તીર્થંકરોના સાત આંતરામાં ધર્મવ્યવચ્છેદ (ધર્મનો નાશ) શાસ્ત્રોમાં સંભળાય છે. કહ્યું છે - 'जिणंतरे साहुवोच्छेओत्ति' (જિનોના આંતરામાં સાધુઓનો વિચ્છેદ થયો) (આવશ્યક નિર્યુક્તિ ગાથા ૩૬૫.) ત્યાં (તે આંતરામાં) પણ કેટલાક જાતિસ્મરણ વગેરે વડે મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી કેવલી થઈને સિદ્ધ થાય છે. અથવા મરૂદેવી માતા વગેરે જ્યારે સિદ્ધ થયા ત્યારે તીર્થોત્પત્તિ નહીં થઈ હોવાથી અતીર્થબુદ્ધ અથવા અતીર્થસિદ્ધ કહેવાય (તેઓને હું વંદુ છું).

તથા तित्थसिद्धे =તીર્થસિદ્ધોને અથવા 'तित्थबुद्धे' =તીર્થબુદ્ધોને. ઉપર કહેલા લક્ષણવાળું તીર્થ વિદ્યમાન હતું ત્યારે જેઓ સિદ્ધ થયા તે તીર્થસિદ્ધ અથવા જેઓ બુદ્ધ થયા=જંબૂસ્વામી વગેરેની જેમ પરમાર્થને જાણ્યો તે તીર્થબુદ્ધ. તેઓને હું વંદુ છું. ગાથામાં य (च) શબ્દ સમુચ્ચય અર્થમાં છે. (અતીર્થસિદ્ધોને અને તીર્થસિદ્ધોને).

ટીકા :-

**तथा** सिद्धे **त्ति सिध्यन्ति स्म कृतकृत्या अभवन्, सेधन्ति वा स्म अगच्छन्नपुनरावृत्त्या लोकाग्रमिति** सिद्धाः, **सितं वा बद्धं कर्म ध्मातं दग्धं यैस्ते निरुक्तवशात्सिद्धाः कर्मप्रपञ्च-निर्मुक्ताः, तान् । इह च तीर्थातीर्थसिद्धभेदद्वये सर्वसिद्धभेदानामन्तर्भावेऽप्यज्ञातज्ञापनाय शेषसिद्धभेदसङ्ग्रहार्थं सिद्धग्रहणं । ते चामी शेषसिद्धभेदाः-तीर्थकराः सन्तो ये सिद्धाः ऋषभादिवत्ते** तीर्थकरसिद्धाः **१ तथा** अतीर्थकरसिद्धाः **सामान्यकेवलिनः सन्तो ये सिद्धा गौतमादिवत् २ तथा स्वयमात्मना बुद्धास्तत्त्वं ज्ञातवन्तः स्वयम्बुद्धास्ते सन्तो ये सिद्धास्ते** स्वयम्बुद्धसिद्धाः **३ तथा प्रतीत्यैकं किञ्चिद्वृषभादिकं अनित्यतादिभावनाकारणं वस्तु बुद्धा बुद्धवन्तः परमार्थमिति प्रत्येकबुद्धास्ते सन्तो ये सिद्धास्ते** प्रत्येकबुद्धसिद्धाः **४ स्वयम्बुद्धप्रत्येक-बुद्धानां च बोध्युपधिश्रुतलिङ्गकृतो विशेषः । तथाहि - स्वयम्बुद्धानां बाह्यनिमित्तमन्तरेणैव बोधिः, प्रत्येकबुद्धानां तु तदपेक्षया, श्रूयते च -**

**"वसभे य इंदकेऊ वलए अंबे य पुप्फिए बोही ।**
**करकण्डुदुम्मुहस्सा नमिस्स गंधाररन्नो य ॥१॥" [ उत्तराध्ययननिर्युक्तिः गाथा २६५ ]**

**इति सूत्रे बाह्यवृषभादिप्रत्ययसापेक्षा करकण्ड्वादीनां प्रत्येकबुद्धानां बोधिरिति । उपधिः स्वयम्बुद्धानां पात्रादिर्द्वादशविधस्तद्यथा —**

**"पत्तं १ पत्ताबन्धो २ पायट्ठवणं ३ पायकेसरिया ४ ।**
**पडलाइ ५ रयत्ताणं ६ गोच्छओ ७ पायणिज्जोगो ॥१॥**
**तिन्नेव य पच्छागा १० रयहरणं चेव ११ होइ मुहपोत्ति त्ति १२ ।" [ प्रवचनसारोद्धारः गाथा ४९१, ४९२ पूर्वार्धः ]**

૧. એટલે કે સુવિધિનાથ-શીતલનાથ ભગવાનના આંતરામાં, શીતલનાથ-શ્રેયાંસનાથ ભગવાનના આંતરામાં.. એમ લાગટ સાત આંતરામાં સાધુઓનો વિચ્છેદ થયો.

एस सयंबुद्धाणं उवही भणिओ जिणवरेहिं । प्रत्येकबुद्धानां तु जघन्येन रजोहरणमुखपोतिकारूपो द्विविध उपधिः, उत्कृष्टतः [1]पुनश्चोलपट्टमात्रककल्पत्रिकवर्जो नवविध इति । स्वयम्बुद्धानां पूर्वाधीतश्रुतं संभवति वा न वा, प्रत्येकबुद्धानां पुनस्तन्नियमाद्भवति जघन्येनैकादशाङ्गानि उत्कृष्टतो भिन्नदशपूर्वाणीति । लिङ्गप्रतिपत्तिः स्वयंबुद्धानां यदि पूर्वाधीतश्रुतं नास्ति ततो नियमाद्गुरुसमीपे भवति गच्छे च विहरन्ति, अथ श्रुतं भवति ततो देवता लिङ्गं प्रयच्छति गुरुसमीपे वा तत् प्रतिपद्यन्ते । यदि च एकाकिविहारयोग्यता इच्छा चास्ति तत एकाकिन एव विहरन्ति अन्यथा गच्छ एवासत इति । प्रत्येकबुद्धानां पुनर्लिङ्गं देवतैव ददाति लिङ्गवर्जिता वा भवन्ति । भणितं च 'रूप्पं [2]पत्तेयबुद्ध' त्ति । बुद्धबोधिता आचार्यादिबोधिताः सन्तो ये सिद्धास्ते बुद्धबोधितसिद्धाः ५ त एव प्रत्येकबुद्धवर्जिताः केचित् स्त्रीलिङ्गसिद्धाः, ६ केचित् पुरुषलिङ्गसिद्धाः ७ केचित्तु तीर्थंकरप्रत्येकबुद्धवर्जिताः नपुंसकलिङ्गसिद्धाः ८ तथा स्वलिङ्गसिद्धाः द्रव्यलिङ्गं प्रतीत्य ये रजोहरणगोच्छकादिधारिणः सिद्धाः ९ अन्यलिङ्गसिद्धाश्चरकपरिव्राजकादिलिङ्गसिद्धाः, यदा अन्यलिङ्गिनामपि भावतः सम्यक्त्वादिप्रतिपन्नानां केवलज्ञानमुत्पद्यते तत्समयं च कालं कुर्वन्ति तदैवं द्रष्टव्यं, अन्यथा यदि दीर्घमायुष्कमात्मनः पश्यन्ति ततः साधुलिङ्गमेव प्रतिपद्यन्त इति १० एवं गृहलिङ्गसिद्धा अपि मरुदेवीप्रभृतयो वाच्याः ११ तथा एकैकसमये एकैकजीवसिद्धिगमनादेकसिद्धाः १२ एकसमये द्व्यादीनामष्टशतान्तानां सेधनादनेकसिद्धाः १३ ॥ तत्रानेकसमयसिद्धानां प्ररूपणागाथा –

"बत्तीसा अडयाला सट्ठि बावत्तरी य बोधव्वा ।
चुलसीइ छन्नउई [3]दुरहियमट्ठुत्तरसयं च ॥१॥ [ प्रवचनसारोद्धार गाथा ४७८ ]

एतद्विवरणं - यदा एकसमयेन एकादय उत्कर्षेण द्वात्रिंशत्सिध्यन्ति तदा द्वितीयेऽपि समये द्वात्रिंशद्, एवं नैरन्तर्येण अष्टौ समयान् यावद् द्वात्रिंशत्सिध्यन्ति, तत ऊर्द्ध्वमवश्यमेवान्तरं भवतीति । यदा पुनस्त्रयस्त्रिंशत आरभ्य अष्टचत्वारिंशदन्ताः एकसमयेन सिध्यन्ति तदा निरन्तरं सप्त समयान् यावत्सिध्यन्ति ततोऽवश्यमेवान्तरं भवति । एवं यदा एकोनपञ्चाशतमादिकृत्वा यावत्षष्टिरेकसमयेन सिद्ध्यन्ति तदा निरन्तरं षट्समयान् सिध्यन्ति तदुपरि अन्तरं समयादि भवति । एवमन्यत्रापि योज्यं, यावदष्टशतमेकसमयेन यदा सिद्ध्यन्ति तदाऽवश्यमेव समयाद्यन्तरं भवतीति ॥ अन्ये तु व्याचक्षते-अष्टौ समयान् यदा नैरन्तर्येण सिद्धिस्तदा प्रथमसमये जघन्येनैकः सिद्ध्यति उत्कृष्टतो द्वात्रिंशदिति, द्वितीयसमये जघन्येनैक उत्कृष्टतोऽष्टचत्वारिंशत्, तदेवं सर्वत्र जघन्यैकः समये उत्कृष्टतो गाथार्थोऽयं भावनीयः बत्तीसेत्यादि" ।

---

१. स्थविरकल्पिकानां चतुर्दशविधोपधिमध्यात् । २. रूप्पं पत्तेयबुद्धा टंकं जे लिंगधारिणो समणा । दव्वस्स य भावस्स य, छेओ समणो समाओगे ॥१॥ ( आव. नि. ११३५ ) अत्र भावचारित्रं रूप्यकसमं, लिङ्गं च टण्कसमं, प्रत्येकबुद्धानां लिङ्गाभावेऽपि भावचारित्रसद्भावः, ते रूप्यकसमानाः । ३. द्व्यधिकमित्यर्थः ।

**ટીકાર્થ :-**

તથા सिद्धे=સિદ્ધોને. જેઓ સિદ્ધ થયા=કૃતકૃત્ય થયા તે સિદ્ધ, અથવા ફરી પાછું આવવું ન પડે એ રીતે જેઓ લોકના અગ્રભાગે ગયા તે સિદ્ધ અથવા સિત=બાંધેલું કર્મ જેઓએ ધ્માત=બાળી નાખ્યું તે સિદ્ધ. એટલે કે કર્મના પ્રપંચથી નિર્મુક્તિ થયેલા. તેઓને હું વંદુ છું.

અહીં તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ એ બે ભેદોમાં સિદ્ધોના બધા જ ભેદોનો સમાવેશ થઈ જતો હોવા છતાં પણ નહીં જાણેલું જણાવવા અને સિદ્ધોના શેષ ભેદોના સંગ્રહ માટે સિદ્ધને જુદા જણાવ્યા છે. તે સિદ્ધોના શેષ ભેદો આ પ્રમાણે છે :

૧. તીર્થંકરસિદ્ધ - ઋષભદેવ વગેરેની જેમ તીર્થંકર થઈને જેઓ સિદ્ધ થયા તે.

૨. અતીર્થંકરસિદ્ધ - ગૌતમસ્વામી વગેરેની જેમ સામાન્ય કેવલી થઈને જેઓ સિદ્ધ થયા તે.

૩. સ્વયંબુદ્ધસિદ્ધ - પોતાની જાતે જેઓ બુદ્ધ થયા=તત્ત્વને જાણ્યું તે સ્વયંબદ્ધ, તેવા થઈને જેઓ સિદ્ધ થયા તે.

૪. પ્રત્યેકબુદ્ધસિદ્ધ - અનિત્ય વગેરે ભાવનાનું કારણ એવી બળદ વિગેરે કોઈપણ એક વસ્તુને આશ્રયીને જેઓએ પરમાર્થ(તત્ત્વ)ને જાણ્યો તે પ્રત્યેકબુદ્ધ. તેવા થઈને જેઓ સિદ્ધ થયા તે પ્રત્યેકબુદ્ધસિદ્ધ.

પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધની વચ્ચે બોધિ, ઉપધિ, શ્રુત અને લિંગનો ફરક છે. તે આ પ્રમાણે -

**૧. બોધિ** - સ્વયંબુદ્ધોને બાહ્ય નિમિત્ત વિના જ બોધિ થાય છે, જ્યારે પ્રત્યેકબુદ્ધોને બાહ્ય નિમિત્તથી થાય છે. કહ્યું છે -

वसभे य इंदकेऊ वलए अंबे य पुप्फिए बोही ।

करकंडुदुम्मुहस्सा, नमिस्स गंधाररन्नो य ॥ (ઉત્તરાધ્યયનનિર્યુક્તિ ગા.૨૬૫)

**અર્થ** - "કરકંડુને વૃષભ(બળદ)થી, દ્વિમુખરાજાને ઈન્દ્રધ્વજથી, નમિરાજાને વલય(બંગડી)ના અવાજથી અને ગંધારના નગ્ગતિરાજાને પૂર્વે ફૂલોવાળા અને પછી ઠૂંઠું થઈ ગયેલા આંબાથી બોધિ થઈ." આ સૂત્રમાં બાહ્ય વૃષભાદિ નિમિત્તને સાપેક્ષ કરકંડુ વિગેરે પ્રત્યેકબુદ્ધોને બોધિ પ્રાપ્ત થઈ તેમ કહ્યું છે.

**૨. ઉપધિ** - સ્વયંબુદ્ધોને પાત્ર વિગેરે બાર પ્રકારે ઉપધિ હોય છે. તે આ પ્રમાણે -

૧. પાત્ર, ૨. પાત્રબંધ(=ઝોળી), ૩. પાત્રસ્થાપન (=પાત્રા રાખવા માટેનો ગરમ કાપડનો ટુકડો=પાત્રાસન), ૪. પાત્રકેસરિકા (=પાત્ર પડિલેહવા માટેની મુહપત્તિ કે ચરવળી), ૫. પલ્લા, ૬. રજસ્ત્રાણ, ૭. ગુચ્છા - આ સાત પાત્રનિર્યોગ=પાત્રની ઉપધિ, ૮ થી ૧૦ ત્રણ કપડાં (એક કામળી અને બે કપડાં), ૧૧. રજોહરણ, ૧૨. મુહુપત્તિ. (પ્રવચન સારોદ્ધાર ગાથા ૪૯૧-૪૯૨)

પ્રત્યેકબુદ્ધોને જઘન્યથી રજોહરણ-મુહપત્તિરૂપ બે પ્રકારે ઉપધિ હોય. ઉત્કૃષ્ટથી ચોલપટ્ટો, માત્રક અને ત્રણ કપડાં સિવાય (એટલે કે મુહપત્તિ, રજોહરણ અને સાત પાત્રનિર્યોગ એ) નવ પ્રકારે હોય.

**૩. શ્રુત** - સ્વયંબુદ્ધોને પૂર્વે (પૂર્વભવમાં) ભણેલું શ્રુત હોય કે ન પણ હોય. પ્રત્યેકબુદ્ધોને તો તે નિયમા હોય છે અને તે જઘન્યથી ૧૧ અંગ અને ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન દશ પૂર્વોનું હોય છે.

**૪. લિંગ (વેશ)** - સ્વયંબુદ્ધોને જો પૂર્વે ભણેલું શ્રુત ન હોય તો નિયમા ગુરુ પાસે જ વેશ સ્વીકારે અને ગચ્છમાં વિહરે. હવે જો પૂર્વજન્મનું શ્રુત હોય તો દેવતા લિંગ આપે અથવા ગુરુ પાસે સ્વીકારે. જો એકલા વિહરવાની યોગ્યતા અને ઇચ્છા હોય તો એકલા વિહરે. અન્યથા (=યોગ્યતા કે ઇચ્છા ન હોય તો) ગચ્છમાં રહે. પ્રત્યેકબુદ્ધોને લિંગ દેવતા જ આપે અથવા લિંગરહિત પણ હોય. કહ્યું છે -

'रुप्पं पत्तेयबुद्धा, टंकं जे लिंगधारिणो समणा ।

दव्वस्स य भावस्स य, छेओ समणो समाओगे ॥' (આવશ્યકનિર્યુક્તિ ગા.૧૧૩૯)

[આવશ્યકનિર્યુક્તિ - વંદન અધ્યયન અંતર્ગત "પાર્શ્વસ્થ વગેરે પાંચને વંદન ન કરવા" એની ચર્ચામાં 'દ્રવ્યલિંગ (વેશ) યુક્ત ભાવલિંગ (સાધુપણાનો માનસિક પરિણામ) જ નમસ્કાર કરવા યોગ્ય છે' એ જણાવવા આ ગાથા કહી છે. રૂપું (સિક્કાની ધાતુ) શુદ્ધ હોય અને ટંક (સિક્કાની છાપ) સમાહત અક્ષરવાળી (બરાબર) હોય તો જ તે સિક્કો (રૂપિયો) વ્યવહારમાં ચાલે છે. એ રીતે સાધુ પણ ભાવલિંગ (=વિશુદ્ધ રૂપું) અને દ્રવ્યલિંગ (સમાહત અક્ષરવાળી છાપ) બંને હોય તો જ નમસ્કરણીય બને છે. અહીં ચતુર્ભંગી છે - ૧ રૂપું અશુદ્ધ, ટંક વિષમાહતઅક્ષરવાળો, ૨. રૂપું અશુદ્ધ, ટંક સમાહત અક્ષરવાળો, ૩. રૂપું શુદ્ધ, ટંક વિષમાહત અક્ષરવાળો, ૪. રૂપું શુદ્ધ, ટંક સમાહત અક્ષરવાળો. આ ચારે ભાગામાંથી જેમ છેલ્લા ભાંગાવાળો રૂપિયો જ વ્યવહારમાં ચાલે છે, તેમ છેલ્લા ભાંગાવાળા (વિશુદ્ધ દ્રવ્યલિંગ અને ભાવલિંગથી યુક્ત) સાધુઓ જ નમસ્કરણીય છે.

હવે ગાથાનો અર્થ : "અથવા લિંગરહિત પ્રત્યેકબુદ્ધ રૂપું છે. (ત્રીજા ભાંગો) લિંગધારી શ્રમણો એ ટંક છે (બીજા ભાંગો). દ્રવ્યલિંગ અને ભાવલિંગના સંયોગે છેક=શોભન=સુંદર સાધુ થાય છે."

આ ગાથામાં પ્રત્યેકબુદ્ધો લિંગરહિત પણ હોય એ જણાવ્યું છે.]

૫. બુદ્ધબોધિતસિદ્ધ - બુદ્ધ=આચાર્ય વગેરે વડે બોધિત થયેલા જેઓ સિદ્ધ થયા તે.

ઉપર કહેલા ૧ થી ૫ નંબરના પ્રકારોમાંથી જ નીચેના ૬ થી ૮ નંબરના પ્રકારો જાણવા -

૬. સ્ત્રીલિંગસિદ્ધ - પ્રત્યેકબુદ્ધ સિવાયના સ્ત્રીલિંગે સિદ્ધ થયેલા કેટલાક સિદ્ધો. [સ્ત્રી પ્રત્યેકબુદ્ધ ન થાય.]

૭. પુરુષલિંગસિદ્ધ - પુરુષલિંગે સિદ્ધ થયેલા કેટલાક.

૮. નપુંસકલિંગસિદ્ધ - તીર્થંકર અને પ્રત્યેકબુદ્ધ સિવાયના નપુંસકલિંગે સિદ્ધ થયેલા કેટલાક.

૯. સ્વલિંગસિદ્ધ - દ્રવ્યલિંગને આશ્રયી રજોહરણ-ગુચ્છા વિગેરે ધારણ કરનારા જેઓ સિદ્ધ થયા તે સ્વલિંગસિદ્ધ.

૧૦. અન્યલિંગસિદ્ધ - ચરક-પરિવ્રાજક વગેરે લિંગમાં સિદ્ધ થાય તે અન્યલિંગસિદ્ધ. જ્યારે ભાવથી સમ્યક્ત્વને પામેલા અન્યલિંગીઓને પણ કેવળજ્ઞાન થાય અને તે જ સમયે કાળ કરે ત્યારે જ તે અન્યલિંગસિદ્ધ જાણવા. અન્યથા જો પોતાનું લાંબું આયુષ્ય જ્ઞાનથી જાણે તો અવશ્ય સાધુવેષ સ્વીકારે.

૧૧. ગૃહલિંગસિદ્ધ - મરૂદેવી માતા વગેરે.

૧૨. એક સિદ્ધ - એક સમયે એક જ જીવ સિદ્ધિમાં ગયો હોય એવા સિદ્ધો તે એકસિદ્ધ.

૧૩. અનેકસિદ્ધ - એક સમયે ૨ થી માંડીને ૧૦૮ સુધીના સિદ્ધ થયા હોય તે અનેકસિદ્ધ.

અનેકસમયસિદ્ધોની પ્રરૂપણાગાથા આ મુજબ છે :

बत्तीसा अडयाला सट्ठि बावत्तरी य बोधव्वा ।

चुलसीइ छन्नउई दुरहियमट्ठुत्तरसयं च ॥१॥ [પ્રવચનસારોદ્ધાર ગા. ૪૭૮]

**વ્યાખ્યા** - જ્યારે એક સમયે એકી સાથે એકથી માંડીને ઉત્કૃષ્ટથી ૩૨ સિદ્ધ થાય ત્યારે બીજા સમયે પણ ૧ થી ૩૨ (સિદ્ધ થઈ શકે, ત્રીજા સમયે પણ એટલા...) એમ નિરંતર આઠ સમય સુધી ૧ થી ૩૨ સિદ્ધ થઈ શકે, પછી અવશ્ય અંતર પડે. જ્યારે એક સમયે ૩૩ થી માંડી ૪૮ સુધીના સિદ્ધ થાય ત્યારે નિરંતર વધુમાં વધુ સાત સમય સુધી એટલા સિદ્ધ થઈ શકે, પછી અવશ્ય અંતર પડે. એ રીતે જ્યારે ૪૯થી માંડી ૬૦ સુધીના એક સમયે સિદ્ધ થાય ત્યારે નિરંતર વધુમાં વધુ છ સમય સુધી એટલા સિદ્ધ થઈ શકે, પછી એક સમય વિગેરેનું અવશ્ય અંતર પડે. આ રીતે અન્યત્ર પણ જોડવું. આ રીતે ત્યાં સુધી જાણવું કે જ્યારે એક સમયે ૧૦૩ થી માંડી ૧૦૮ સિદ્ધ થાય ત્યારે બીજા સમયે અવશ્ય એક સમય વિગેરેનું અંતર પડે. (એટલે કે જ્યારે એક સમયે ૬૧ થી માંડી ૭૨ સુધીના સિદ્ધ થાય ત્યારે નિરંતર વધુમાં વધુ પાંચ સમય સુધી એટલા સિદ્ધ થઈ શકે, પછી અવશ્ય અંતર પડે. એ રીતે ૭૩ થી માંડી ૮૪ સુધીના વધુમાં વધુ ચાર સમય, ૮૫ થી માંડી ૯૬ સુધીના વધુમાં વધુ ત્રણ સમય અને ૯૭ થી માંડી ૧૦૨ સુધીના વધુમાં વધુ બે સમય સુધી સિદ્ધ થઈ શકે, પછી અવશ્ય અંતર પડે.)

બીજાઓ આ ગાથાની આ રીતે વ્યાખ્યા કરે છે - જ્યારે આઠ સમય સુધી નિરંતર સિદ્ધિ થાય ત્યારે પ્રથમ સમયે ઓછામાં ઓછા ૧ થી માંડી વધુમાં વધુ ૩૨ સિદ્ધ થાય, બીજા સમયે ૧ થી માંડી ૪૮ સિદ્ધ થાય, એ રીતે ત્રીજાથી આઠમા સમય સુધી જઘન્યથી એક, ઉત્કૃષ્ટથી અનુક્રમે ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૧૦૨ અને ૧૦૮ સિદ્ધ થાય [એટલે કે નિરંતર આઠ સમયમાં વધુમાં વધુ ૬૦૨ આત્માઓ સિદ્ધ થાય.]

**ટીકા :-**

**तथा** जिणे **त्ति रागद्वेषादिशत्रुजेतारो** जिना **भवस्थकेवलिनस्तान् । तथा** रिसि **त्ति गच्छगतगच्छनिर्गतादिभेदाः साधवः** ऋषयः, **तान् । तथा** महरिसि **त्ति ऋषय एवान्यतरलब्ध्युपेता** महर्षयः, **तान् । लब्धयश्चैताः — [ प्रवचनसारोद्धारगाथा १४९२-१५०८, विशेषावश्यकभाष्यगाथा ७८७-७९१ ]**

**आमोसहि १ विप्पोसहि २ खेलोसहि ३ जल्लओसही चेव ४ ।**

**सव्वोसहि ५ संभिन्ने ६ ओही ७ रिउ ८ विउलमइलद्धी ९ ॥१४९२॥**

चारण १० आसीविस ११ केवली य १२ गणधारिणो य १३ पुव्वधरा १४ ।
अरहंत १५ चक्कवट्टी १६ बलदेवा १७ वासुदेवा य १८ ॥१४९३॥
खीरमहुसप्पिरासव १९ कोट्ठगबुद्धी २० पयाणुसारी य २१ ।
तह बीयबुद्धी २२ तेयग २३ आहारग २४ सीयलेसा य २५ ॥१४९४॥
वेउव्विदेहलद्धी २६ अक्खीणमहाणसी २७ पुलागा य २८ ।
परिणामतववसेणं एमाई हुंति लद्धीओ ॥१४९५॥
आसां च व्याख्यानगाथाः-संफरिसणमामोसो, मुत्तपुरीसाण विप्फुसो विप्पो ।
अन्ने विडि त्ति विट्ठा भासंति य प त्ति पासवणं ॥१४९६॥
एए अन्ने य बहू जेसिं सव्वे य सुरभओवयवा ।
रोगोवसमसमत्था ते होंति तओसहिप्पत्ता ॥१४९७॥

एए त्ति एतौ विण्मूत्रावयवौ, अन्ने य त्ति अन्ये च खेलजल्लकेशनखादयः, तओसहिप्पत्त त्ति विण्मूत्रखेलजल्लकेशनखाद्यौषधयः सर्वौषधयश्च साधवो भवन्तीत्यर्थः ।

जो सुणइ[1] सव्वओ मुणइ[2] सव्वविसए व सव्वसोएहिं ।
सुणइ बहुए व सद्दे भिन्ने संभिन्नसोओ सो ॥१४९८॥
रिउ सामन्नं तम्मत्तगाहिणी रिउमई मणोनाणं ।
पायं विसेसविमुहं घडमेत्तं चिंतियं मुणइ ॥१४९९॥
विउलं वत्थुविसेसणमाणं[3] तग्गाहिणी मई विऊला ।
चिंतियमणुसरइ घडं पसंगओ पज्जवसएहिं[4] ॥१५००॥
अइसयचरणसमत्था जंघाविज्जाहि चारणा मुणओ ।
जंघाहिं जाइ पढमो नीसंकाओ रविकरे वि ॥७८७॥ [ विशेषावश्यकभाष्य ]
एग्गुप्पाएण गओ रुयगवरमिओ तओ पडिनियत्तो ।
बीएणं नंदिस्सरमिहं तओ एइ तइएण ॥७८८॥
पढमेण पंडगवणं बीउप्पाएण नंदणं एइ ।
तइउप्पाएण तओ इह जंघाचारणो एइ ॥७८९॥
पढमेण माणुसोत्तरनगंमि नंदिस्सरं तु बिइएणं ।
एइ तओ तइएणं कयचेइयवंदणो इहइं ॥७९०॥

१. सर्वतः सर्वैरपि शरीरप्रदेशैः शृणोति । २. सर्वेन्द्रियैः सर्वविषयान् जानाति । ३. वस्तुनो घटादेर्विशेषणानां देशक्षेत्रकालादीनां मानं सङ्ख्यास्वरूपं वस्तुविशेषणमानं । ४. पर्यायशतैः ।

पढमेण नंदणवणे बीउप्पाएण पंडगवणम्मि ।
एइ इहं तइएणं जो विज्जाचारणो होइ ॥७९१॥
आसी दाढा तग्गयमहाविसासीविसा दुविहभेया ।
ते [1]कम्मज्जाइभेएण णेगहा चउविहविगप्पा ॥१५०१॥ [ प्रवचनसारोद्धार ]
[2]खीरमहुसप्पिसाओवमाणवयणा तयासवा होंति ।
कुट्ठयधन्नसुनिग्गलसुत्तत्था कोट्ठबुद्धीया ॥१५०२॥
जो सुत्तपएण बहुं सुयमणुधावइ पयाणुसारी सो ।
जो अत्थपएणत्थं अणुसरइ स बीयबुद्धीओ ॥१५०३॥
अक्खीणमहाणसिया भिक्खं जेणाणियं पुणो तेण ।
परिभुत्ते च्चिय खिज्जइ बहुएहि वि न उण अन्नेहिं ॥१५०४॥
शेषास्तु प्रसिद्धाः ।
भवसिद्धीयपुरिसाणं एयाओ हवंति भणियलद्धीओ ।
भवसिद्धियमहिलाण वि जत्तिया जा तयं वोच्छं ॥१५०५॥
अरहंतचक्किकेसवबलसंभिन्ने य [3]चारणे पुव्वा ।
गणहरपुलायआहारगं च न हु भवियमहिलाणं ॥१५०६॥
अभवियपुरिसाणं पुण दस पुव्विल्लाओ केवलित्तं च ।
उज्जुमई विउलमई तेरस एयाओ न हु होंति ॥१५०७॥
अभवियमहिलाणं पि हु एयाओ न होंति भणियलद्धीओ ।
महुखीरासवलद्धी वि नेय सेसाओ अविरुद्धा ॥१५०८॥

इत्यलं प्रसङ्गेन, प्रकृतमुच्यते । महरिसि य त्ति चशब्दात्परमर्षयो गृह्यन्ते, ते च गणधराश्चतुर्दशपूर्विणश्च नानाविधलब्धिनिधयो द्रष्टव्या इति ।

टीકાર્થ :-

તથા जिणे=જિનોને. જિનો=રાગદ્વેષ વગેરે શત્રુઓને જીતનાર ભવસ્થ કેવલીઓ. તેમને વંદન કરીને.

તથા रिसि=ઋષિઓને. ઋષિઓ=ગચ્છમાં રહેલા (સાપેક્ષ યતિધર્મવાળા), ગચ્છમાંથી નીકળી ગયેલા (=નિરપેક્ષ યતિધર્મવાળા) વગેરે ભેદવાળા સાધુઓ. તેમને વંદન કરીને.

---

१. ते आशीविषाः कर्मभेदेन तिर्यगाद्यनेकविधाः जातिभेदेन तु वृश्चिकमण्डूकसर्प्पमनुष्यभेदेन चतुर्विकल्पाः ।

२. क्षीरं चक्रवर्तिधेनुदुग्धं, मधु शर्करादिमधुरद्रव्यं, सर्पिरतिशायिगन्धादि घृतं, एतत्स्वादोपमानवचना वैरस्वाम्यादिवत्तदाश्रवाः क्षीरमधुसर्प्पिराश्रवा भवन्ति श्रोतृजनाप्यायकवचनत्वादिति भावः ।

३. जङ्घाचारणाः विद्याचारणाश्च ।

તથા महरिसि=મહર્ષિઓને. મહર્ષિઓ=કોઈક લબ્ધિથી યુક્ત એવા ઋષિઓ. તેમને વંદન કરીને.

લબ્ધિઓ આ પ્રમાણે છે - [ પ્રવચનસારોદ્ધાર ગા. ૧૪૯૨-૧૫૦૮, વિશેષાવશ્યકભાષ્ય ગા. ૭૮૭-૭૯૧]

૧. આમર્ષોષધિ, ૨. વિપ્રુડૌષધિ, ૩. શ્લેષ્મૌષધિ, ૪. જલ્લૌષધિ, ૫. સર્વૌષધિ, ૬. સંભિન્ન-શ્રોતાલબ્ધિ, ૭. અવધિલબ્ધિ, ૮. ઋજુમતિ લબ્ધિ, ૯. વિપુલમતિ લબ્ધિ. ॥૧૪૯૨॥

૧૦. ચારણલબ્ધિ, ૧૧. આશીવિષલબ્ધિ, ૧૨. કેવલીલબ્ધિ, ૧૩. ગણધરલબ્ધિ, ૧૪. પૂર્વધરલબ્ધિ, ૧૫. અર્હત્‌લબ્ધિ, ૧૬. ચક્રવર્તીલબ્ધિ, ૧૭. બલદેવલબ્ધિ, ૧૮. વાસુદેવલબ્ધિ. ॥૧૪૯૩॥

૧૯. ક્ષીરમધુસર્પિરાશ્રવલબ્ધિ, ૨૦. કોષ્ઠકબુદ્ધિલબ્ધિ, ૨૧. પદાનુસારીલબ્ધિ, ૨૨. બીજબુદ્ધિલબ્ધિ, ૨૩. તેજોલેશ્યાલબ્ધિ, ૨૪. આહારકલબ્ધિ, ૨૫. શીતલેશ્યાલબ્ધિ. ॥૧૪૯૪॥

૨૬. વૈક્રિયશરીરલબ્ધિ, ૨૭. અક્ષીણમહાનસલબ્ધિ, ૨૮. પુલાકલબ્ધિ.

તથાવિધ આત્મપરિણામ અને તપના કારણે આ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. ॥૧૪૯૫॥

આ લબ્ધિઓની વ્યાખ્યા -

૧. આમર્ષોષધિ - આમર્ષ એટલે સ્પર્શ. જેનો સ્પર્શ ઔષધિરૂપ છે એ વ્યક્તિને આમર્ષોષધિ કહેવાય. લબ્ધિમાન અને લબ્ધિના અભેદોપચારથી લબ્ધિને પણ આમર્ષોષધિ કહેવાય.

૨. વિપ્રુડૌષધિ - મૂત્ર-મળના વિપ્રુડ્=અવયવો. બીજાઓ વિડ્ એટલે વિષ્ઠા અને પ્ર એટલે પ્રશ્રવણ=મૂત્ર કહે છે. તે જેમના ઔષધિરૂપ છે તે વિપ્રુડૌષધિ. ॥૧૪૯૬॥

૩. શ્લેષ્મૌષધિ - શ્લેષ્મ=નાકનો મેલ જેનો ઔષધિરૂપ છે તે શ્લેષ્મૌષધિ.

૪. જલ્લૌષધિ - જલ્લ=શરીરનો મેલ જેનો ઔષધિરૂપ છે તે જલ્લૌષધિ.

૫. સર્વૌષધિ - જેના મળ-મૂત્ર-કફ-મેલ તથા વાળ-નખ વિગેરે શરીરના બધા જ અવયવો ઔષધિરૂપ છે તે સર્વૌષધિ. આ બધી લબ્ધિવાળાઓના તે-તે અવયવો સુગંધી અને રોગ શાંત કરવા સમર્થ હોય. ॥૧૪૯૭॥

૬. સંભિન્નશ્રોતાલબ્ધિ - જે શરીરના બધા જ પ્રદેશો વડે સાંભળી શકે અથવા બધા જ વિષયો બધી જ ઇન્દ્રિયો વડે જાણી શકે અથવા ઘણા શબ્દોને ભિન્ન ભિન્ન સાંભળી શકે તે સંભિન્નશ્રોતા. ॥૧૪૯૮॥

૮. ઋજુમતિલબ્ધિ - ઋજુ=સામાન્ય. માત્ર સામાન્ય ગ્રહણ કરનાર મતિ તે ઋજુમતિમનોજ્ઞાન (મનઃપર્યવજ્ઞાન). પ્રાયઃ કરીને વિશેષથી વિમુખ, માત્ર (અમુક વ્યક્તિએ) ઘટ વિચાર્યો છે એટલું જ જાણે. (એટલે કે વિચારેલા ઘટના વિશેષ ધર્મો ન જાણે.) ॥૧૪૯૯॥

૯. વિપુલમતિલબ્ધિ - વિચારેલી ઘટ વિગેરે વસ્તુના દેશ-ક્ષેત્ર-કાળ વિગેરે વિશેષણોને અને

સંખ્યાસ્વરૂપ માનને ગ્રહણ કરે તે વિપુલમતિ. (બીજાએ) વિચારેલા ઘટને, પ્રસંગાનુસારે સેંકડો પર્યાયોથી યુક્તપણે જાણે. ॥૧૫૦૦॥

૧૦. ચારણલબ્ધિ - જંઘા અને વિદ્યા વડે અતિશયપૂર્વક ચરણ એટલે કે વિશિષ્ટ ગમનાગમનમાં સમર્થ મુનિઓ તે ચારણ જાણવા. (ચારિત્ર અને વિશિષ્ટ તપના પ્રભાવથી ઉત્પન્ન થયેલી વિશિષ્ટ ગમનાગમનની શક્તિરૂપ લબ્ધિવાળા તે જંઘાચારણ. વિદ્યાના બળથી ઉત્પન્ન થયેલી વિશિષ્ટ ગમનાગમનની શક્તિરૂપ લબ્ધિવાળા તે વિદ્યાચારણ.)

જંઘાચારણો જંઘા વડે સૂર્યના કિરણોનો પણ આશ્રય લઈને જઈ શકે છે. ॥૭૮૭॥

જંઘાચારણ મુનિઓ અહીંથી (તિર્યક્) એક જ કૂદકે રુચકવરદ્વીપ પહોંચી જાય છે. ત્યાંથી પાછા ફરતા એક કૂદકે નંદીશ્વરદ્વીપ આવે છે અને બીજા કૂદકે પોતાના સ્થાને આવે છે. ॥૭૮૮॥

જંઘાચારણમુનિ (ઉર્ધ્વ દિશામાં) પ્રથમ એક જ કૂદકે પાંડકવન પહોંચે છે. ત્યાંથી પાછા ફરતા એક કૂદકે નંદનવન આવે છે. અને બીજા કૂદકે પોતાના સ્થાને આવે છે. ॥૭૮૯॥

[જંઘાચારણલબ્ધિ ચારિત્રના અતિશયથી પ્રાપ્ત થાય છે. લબ્ધિનો ઉપયોગ એ પ્રમાદ હોવાથી ચારિત્રના અતિશયરૂપ લબ્ધિનો પ્રભાવ ઓછો થાય છે. માટે પાછા ફરતા બે પગલે પોતાના સ્થાને આવે છે.]

વિદ્યાચારણ મુનિ (તિર્યક્) પહેલા કૂદકે માનુષોત્તર પર્વત પર જાય છે અને બીજા કૂદકે નંદીશ્વર દ્વીપ પહોંચે છે. ત્યાં ચૈત્યવંદન કરી પાછા ફરતા એક જ કૂદકે પોતાના સ્થાને આવે છે. ॥૭૯૦॥

(ઉર્ધ્વ દિશામાં) પહેલા કૂદકે નંદનવન અને બીજા કૂદકે પાંડકવન પહોંચે છે. પાછા ફરતાં એક જ કૂદકે પોતાના સ્થાને આવે છે. ॥૭૯૧॥ [વિશેષાવશ્યકભાષ્ય ગા. ૭૮૭-૭૯૧, પ્રવચન સારોદ્ધાર ગાથા ૫૯૭-૬૦૧]

[વિદ્યાચારણ વિદ્યાના કારણે થાય છે. વિદ્યાનું પરિશીલન (અભ્યાસ) કરવાથી તે સ્પષ્ટ-સ્પષ્ટતર થાય છે. તેથી તેઓને પાછા ફરતાં શક્તિનો અતિશય થવાથી એક જ પગલે પોતાના સ્થાને આવે છે.]

૧૧. આશીવિષલબ્ધિ - આશી=દાઢા, તેમાં જેમને મહાવિષ રહેલું હોય તે આશીવિષ. તેઓ બે પ્રકારે છે : (૧) કર્મઆશીવિષ અને (૨) જાતિઆશીવિષ.

કર્મઆશીવિષ તિર્યંચ આદિ અનેક પ્રકારના છે.

જાતિઆશીવિષ વીંછી-દેડકો-સર્પ-મનુષ્ય એ ચાર પ્રકારના છે. ॥૧૫૦૧॥

૧૯. ક્ષીરમધુસર્પિરાશ્રવ લબ્ધિ - ક્ષીર=ચક્રવર્તીની ગાયનું દૂધ, મધુ=શર્કરા (ખાંડ) વગેરે મધુર દ્રવ્ય, સર્પિસ્=અતિશાયિ ગંધ (અત્યંત સુગંધ) વગેરેવાળું ઘી, આ બધાના સ્વાદ સમાન મધુર વચનવાળા (વ્રજસ્વામીની જેમ) તે ક્ષીર-મધુ-સર્પિરાશ્રવ. અહીં વચનમાં સ્વાદ હોતો નથી, છતાં તેની ઉપમા આપી તેનું કારણ - જે રીતે દૂધ વિગેરેની મીઠાશ ખાનારને આહ્લાદક લાગે છે, તેમ આ લબ્ધિવાળા જીવોનું વચન શ્રોતાને આહ્લાદક લાગે છે.

૧. આ બંનેનું વિશેષ વર્ણન પાના નં. ૨૭૭ પર આશીવિષભાવનામાં જુઓ.

૨૦. કોષ્ઠકબુદ્ધિલબ્ધિ - કોઠારમાં રહેલા ધાન્યની જેમ જેમના સૂત્ર અને અર્થ એવા જ રહે - ભૂલાય નહીં તે કોષ્ઠકબુદ્ધિ. ।।૧૫૦૨।।

૨૧. પદાનુસારીલબ્ધિ - જે સૂત્રના એક પદથી ઘણું શ્રુત જાણી શકે (એક પદથી આખું સૂત્ર જાણી શકે) તે પદાનુસારી.

૨૨. બીજબુદ્ધિલબ્ધિ - એક જ અર્થપદ વડે સંપૂર્ણ સૂત્રના અર્થને જે જાણી શકે તે બીજબુદ્ધિ. ।।૧૫૦૩।।

૨૭. અક્ષીણમહાનસલબ્ધિ - જેણે લાવેલી ભિક્ષા તે પોતે વાપરે તો જ પૂરી થાય, બીજા ઘણા વાપરે તો પણ પૂરી ન થાય તે અક્ષીણમહાનસિક. ।।૧૫૦૪।।

લબ્ધિઓના (ઉપર કહ્યા સિવાયના) બાકીના ભેદો પ્રસિદ્ધ છે.

(નોંધ - અહીં તે-તે લબ્ધિના વર્ણનમાં તે-તે લબ્ધિવાળાનું વર્ણન છે. તેથી તે-તે લબ્ધિવાળાની જે લબ્ધિ તે તે-તે નામની લબ્ધિ જાણવી.)

ભવ્યપુરુષને આ કહેલી બધી જ લબ્ધિઓ હોઈ શકે છે. ભવ્યસ્ત્રીને અર્હન્, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, સંભિન્નશ્રોતા, ચારણ, પૂર્વધર, ગણધર, પુલાક અને આહારક એ ૧૦ સિવાયની ૧૮ લબ્ધિઓ હોઈ શકે છે. ।।૧૫૦૫-૧૫૦૬।।

અભવ્યપુરુષને ઉપરની ૧૦ ઉપરાંત કેવલી, ઋજુમતિ અને વિપુલમતિ એ ૧૩ સિવાયની ૧૫ લબ્ધિઓ હોઈ શકે છે. ।।૧૫૦૭।।

અભવ્યસ્ત્રીને ઉપર કહેલી ૧૩ ઉપરાંત ક્ષીરમધુસર્પિરાશ્રવ એ ૧૪ સિવાયની બાકીની ૧૪ લબ્ધિઓ હોઈ શકે છે. ।।૧૫૦૮।।

વિસ્તારથી સર્યું. પ્રકૃત કહીએ છીએ.

'महरिसि य'માં (મહર્ષિ પદથી એકાદ લબ્ધિયુક્ત મુનિઓ લીધા અને) य=च='અને' શબ્દથી પરમર્ષિઓ ગ્રહણ કરાય છે. અને તેઓ અનેક પ્રકારની લબ્ધિઓના ભંડાર એવા ગણધરો અને ચૌદપૂર્વીઓ જાણવા.

ટીકા :-

**तथा** नाणं च **त्ति ज्ञायते परिच्छिद्यते वस्त्वनेनेति** ज्ञानं **आभिनिबोधिकादिरूपं । तत्रार्थाभिमुखोऽविपर्ययत्वात् नियतोऽसंशयस्वभावत्वाद् बोधो वेदनं अभिनिबोधः, स एवाभिनिबोधिकं, तच्च तत् ज्ञानं चेत्याभिनिबोधिकज्ञानं इन्द्रियानिन्द्रियनिमित्तं ओघतः सर्वद्रव्यासर्वपर्यायविषयमिति । तथा श्रूयते तदिति श्रुतं-शब्द एव; तदेव भावश्रुतकारणत्वात् ज्ञानं श्रुतज्ञानं, श्रुतग्रन्थानुसारि ओघतः सर्वद्रव्यासर्वपर्यायविषयमक्षरश्रुतादिभेदमिति । तथा अवधीयतेऽनेनास्मादस्मिन् वेत्यवधिः, अवधीयत इत्यधोऽधो विस्तृतं परिच्छिद्यते मर्यादया वेति अवधि-**

**ज्ञानावरणक्षयोपशम एव तदुपयोगहेतुत्वादिति, अवधानं वा अवधिर्विषयपरिच्छेदनमिति, अवधिश्चासौ ज्ञानं चेत्यवधिज्ञानं, इन्द्रियमनोनिरपेक्षमात्मनो रूपिद्रव्यसाक्षात्करणमिति । तथा मनसि मनसो वा पर्यवः परिच्छेदः स एव ज्ञानं मनःपर्यवज्ञानं, अथवा मनसः पर्याया विशेषावस्थाः, तेषु तेषां वा ज्ञानं मनःपर्यायज्ञानं, समयक्षेत्रगतसञ्ज्ञिमन्यमानमनोद्रव्य-साक्षात्कारीति । तथा केवलं असहायं मत्यादिनिरपेक्षत्वात्, अकलङ्कं वा आवरणमलाभावात्, सकलं वा तत्प्रथमतयैवाशेषतदावरणाभावतः संपूर्णोत्पत्तेः, असाधारणं वा अनन्यसदृशत्वात्, अनन्तं वा ज्ञेयानन्तत्वात्, तच्च तत् ज्ञानं चेति केवलज्ञानमिति । चशब्द उक्तसमुच्चये अनुक्तदर्शनचारित्रसमुच्चये वा द्रष्टव्यः ।** वन्दे **प्रणौमि स्तौमि चेति । अनेन च तीर्थकरादि-वन्दनेन शास्त्रादौ भावमङ्गलं कृतं, तेन च तत्कर्त्रध्येतृश्रोतॄणां निर्विघ्नाऽभीष्टसिद्धिरुपजायत इति ॥१॥ तथा —**

**ટીકાર્થ :-**

તથા नाणं च=અને જ્ઞાનને (वंदामि=હું વંદન કરું છું.). વસ્તુ જેના વડે જણાય તે જ્ઞાન-આભિનિબોધિક વગેરે (પાંચ પ્રકારનું), તેમાં -

**૧. આભિનિબોધિકજ્ઞાન** - વિપર્યય (વિપરીતપણું) ન હોવાથી અર્થને અભિમુખ (અર્થાત્ અર્થનો સાચો બોધ કરાવનાર) અને સંશય વગરનો હોવાથી નિયત (નિશ્ચિત) એવો જે બોધ=વેદન તે અભિનિબોધ. તે જ આભિનિબોધિક (સ્વાર્થમાં इकण् પ્રત્યય લાગ્યો હોવાથી). આભિનિબોધિક એવું જ્ઞાન તે આભિનિબોધિકજ્ઞાન. તે ઇન્દ્રિય અને અનિન્દ્રિય(મન)ના નિમિત્તથી થાય છે અને ઓઘથી (સામાન્યથી) સર્વ દ્રવ્ય અને અસર્વ (=બધા નહીં પણ કેટલાક) પર્યાય વિષયક હોય છે.

**૨. શ્રુતજ્ઞાન** - જે સંભળાય તે શ્રુત એટલે કે શબ્દ જ. અને તે શ્રુત=શબ્દ જ ભાવશ્રુતનું કારણ હોવાથી જ્ઞાન તે શ્રુતજ્ઞાન. (શબ્દ પુદ્‌ગલ છે, જ્ઞાન તો આત્માનો ગુણ છે; છતાં શબ્દ, ભાવશ્રુતનું કારણ હોવાથી ઉપચારથી જ્ઞાનરૂપ છે.) તે શ્રુતજ્ઞાન શ્રુતગ્રંથને અનુસરનાર, સર્વ દ્રવ્ય અને અસર્વ પર્યાયના વિષયવાળું અને અક્ષરશ્રુત વગેરે ભેદવાળું હોય છે.

**૩. અવધિજ્ઞાન** - જેના વડે, જેનાથી કે જે હોતે છતે નીચે[1]-નીચે વિસ્તૃત જણાય તે અવધિ અથવા જેના વડે (દ્રવ્ય-ક્ષેત્રાદિની) મર્યાદાથી જણાય તે અવધિ=અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ, કારણ કે તે (ક્ષયોપશમ) જ તેના (અવધિજ્ઞાનના) ઉપયોગનો હેતુ છે. અથવા અવધિ એટલે અવધાન=વિષયની જાણકારી. અવધિ એવું જ્ઞાન તે અવધિજ્ઞાન એટલે કે ઇન્દ્રિય અને મનથી નિરપેક્ષ રીતે આત્માને થતો રૂપી દ્રવ્યોનો સાક્ષાત્કાર.

**૪. મનઃપર્યવજ્ઞાન** - મનમાં અથવા મનનો પર્યવ=પરિચ્છેદ=જાણકારી તે મનઃપર્યવ. મનઃપર્યવ

૧. જેમ ચાલુ બેટરી(ટૉર્ચ) અધોમુખ રાખી હોય તો ઉપર પ્રકાશ ઓછો હોય અને નીચે-નીચે વિસ્તૃત થતો જાય એ રીતે અવધિજ્ઞાન પણ હોય. ઉપર-ઉપરના દેવો નીચે-નીચે વધારે નરકપૃથ્વીઓ સુધી જોઈ શકે છે અને નીચે-નીચેની પૃથ્વીઓ ક્રમશઃ વિસ્તૃત થતી જાય છે.

એ જ જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન. અથવા મનના પર્યાયો=વિશેષ અવસ્થાઓ તે મનઃપર્યાયો. તેના વિષયનું અથવા તેઓનું જ્ઞાન તે મનઃપર્યાયજ્ઞાન. આ જ્ઞાન સમયક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવો વડે વિચારાતા મનોદ્રવ્યનો સાક્ષાત્કાર કરાવે છે.

**૫. કેવલજ્ઞાન** - કેવલ એવું જ્ઞાન તે કેવલજ્ઞાન. આ જ્ઞાન

- મતિ આદિ જ્ઞાનોથી નિરપેક્ષ હોવાથી કેવલ=અસહાય=એકલું છે,

- આવરણરૂપી મળનો અભાવ હોવાથી અકલંક છે,

- તેના આવરણનો સંપૂર્ણ ક્ષય થતો હોવાથી પહેલેથી જ સંપૂર્ણ ઉત્પન્ન થતું હોવાથી સકલ છે, (મતિ વિગેરે જ્ઞાનો આંશિક ઉત્પન્ન થાય અને પછી વધે, જ્યારે કેવલજ્ઞાન પહેલેથી સંપૂર્ણ હોય.)

- તેના જેવું બીજું કોઈ જ્ઞાન ન હોવાથી અસાધારણ છે અને

- તેના વડે જાણવા યોગ્ય પદાર્થો અનંત હોવાથી અનંત છે.

'नाणं च'માં જે 'च' (=અને) શબ્દ છે તે કહેલી વસ્તુઓના સમુચ્ચય માટે અથવા નહીં કહેલા દર્શન અને ચારિત્રના સમુદાય માટે જાણવો.

वन्दे=આ બધા(તીર્થંકરથી માંડીને જ્ઞાન સુધીના)ને હું વંદન કરું છું એટલે કે પ્રણામ કરું છું=સ્તુતિ કરું છું. આ શ્લોક વડે તીર્થંકર વિગેરેને વંદન કરવા વડે શાસ્ત્રની શરૂઆતમાં ભાવમંગલ કર્યું અને આ ભાવમંગલ વડે શાસ્ત્રના કર્તા, અધ્યેતા=ભણનારા અને શ્રોતાને વિઘ્ન વગર ઇચ્છિતની સિદ્ધિ થાય છે. ॥૧॥

તથા -

ગાથા -

**जे य इमं गुणरयणसायरं अविराहिऊण तिन्नसंसारा ।**
**ते मंगलं करित्ता अहमवि आराहणाभिमुहो ॥२॥**

ગાથાર્થ :-

**અને જેઓ આ ગુણરૂપી રત્નોના સાગરને વિરાધ્યા વગર સંસારને તરી ગયા છે, તેઓને મંગલ કરીને હું પણ આરાધનાને અભિમુખ થયો છું. ॥૨॥**

ટીકા :-

ये **महामुनयः** चशब्दो **मङ्गलान्तरसमुच्चयार्थः**, इमं **जिनशासनप्रसिद्धं**, गुणरयणसायरं ति **गुणा महाव्रतादयः, त एव रत्नानि विशिष्टफलहेतुत्वात्सर्ववस्तुसारत्वाच्च गुणरत्नानि, तान्येव बहुत्वात् सागर इव सागरः समुद्रो गुणरत्नसागरः, तं, किमित्याह** — अविराध्य **अखण्डमनुपाल्य**, तीर्णसंसारा **लङ्घितभवोदधयो जाताः**, तान् **परमात्मानो**, मङ्गलं कृत्वा **शुभमनोवाक्कायगोचरं समानीयेत्यर्थः**, अहमपि **न केवलमुक्तन्यायेनाराधकत्वात्ते तीर्णभवार्णवाः किन्त्वह-**

**मपि संसारार्णवलङ्घनार्थमेव** आराधनाया: **संपूर्णमोक्षमार्गानुपालनाया** अभिमुख: **सन्मुख: कृतोद्यम इत्यर्थ, आराधनाऽभिमुख: सञ्जात इति ॥२॥ तथा -**

**ટીકાર્થ :-**

ये=જેઓ એટલે કે જે મહામુનિઓ. च શબ્દ પહેલી ગાથામાં કરેલા મંગલ સાથે આ ગાથામાં કરેલા મંગલના સમુચ્ચય માટે છે.

इमं=આ જિનશાસનમાં પ્રસિદ્ધ એવા.

गुणरत्नसागरं=ગુણોરૂપી રત્નોના સાગરને. મહાવ્રત વિગેરે ગુણો, વિશિષ્ટ ફળનું કારણ હોવાથી અને સર્વ વસ્તુનો સાર હોવાથી રત્નો સમાન છે. તે ગુણરત્નો ઘણા હોવાથી જેને સાગરની ઉપમા આપી છે તે ગુણરત્નસાગર.

अविराध्य=તેને વિરાધ્યા વગર એટલે કે અખંડ રીતે પાલન કરીને,

तीर्णसंसारा=સંસારરૂપી એટલે કે ભવરૂપી સમુદ્રને તરી ગયા છે,

तान्=તે પરમાત્માઓને,

मङ्गलं कृत्वा=મંગલ કરીને એટલે કે શુભ મન, વચન અને કાયાના વિષયમાં લાવીને (અર્થાત્ મનથી તેમને યાદ કરીને, વચનથી તેમના નામનું ઉચ્ચારણ કરીને અને કાયાથી તેમને નમસ્કાર કરીને),

अहमपि आराधनाभिमुख:=ઉપર કહેલી રીતે આરાધક હોવાથી માત્ર તેઓ જ ભવસાગરને તરી ગયા છે એમ નહીં, પણ હું પણ ભવસાગરને તરવા માટે જ આરાધના એટલે કે સંપૂર્ણ મોક્ષમાર્ગના પાલનને અભિમુખ=સન્મુખ=ઉદ્યમવાળો થયો છું. ॥૨॥

તથા -

**ગાથા :-**

**मम मंगलमरिहंता सिद्धा साहू सुयं च धम्मो य ।**
**खंती गुत्ती मुत्ती, अज्जवया मद्दवं चेव ॥३॥**

**ગાથાર્થ :-**

**અરિહંતો, સિદ્ધો, સાધુઓ, શ્રુત, ધર્મ, ક્ષમા, ગુપ્તિ, મુક્તિ, આર્જવતા અને માર્દવ એ મારા માટે મંગલ છે. ॥૩॥**

**ટીકા :-**

मम **मे**, मङ्गलं **श्रेय: कल्याणमिति यावत् । के एते ? इत्याह**–अरिहंत **त्ति अशोकाद्यष्ट-महाप्रातिहार्यादिरूपां पूजामर्हन्ती**त्यर्हन्त: **तीर्थनायका: । तथा** सिद्ध **त्ति सितं बद्धं कर्म ध्मातं**

**येषां ते** सिद्धाः, **शुक्लध्यानानलनिर्दग्धकर्मेन्धना मुक्तिपदभाजो जीवाः । तथा** साहु **त्ति निर्वाण-साधकान् योगान् साधयन्तीति** साधवो **मुनयः**[1] **। तद्ग्रहणाच्चाचार्योपाध्याया अपि गृहीता एव द्रष्टव्या यतो न हि ते न साधवः । तथा** सुयं च **त्ति श्रूयत इति** श्रुतं **सामायिकाद्यागमः**, चशब्द-**स्तद्गतभेदप्रदर्शनार्थः । तथा** धम्मो य **त्ति धारयति दुर्गतौ पतन्तमात्मानमिति** धर्म**श्चारित्रलक्षणः, चशब्दः स्वभेदप्रदर्शकः । तथा** क्षान्तिः **क्रोधपरित्यागो**, गुप्तिः **संलीनता**, मुक्ति**र्निर्लोभता, क्वापि** अहिंसाखंतीमुत्ति **इति पाठः, स च सुगम एव**, आर्जवता **मायावर्ज्जनं**, मार्दवं **मानत्यागः**, चः **समुच्चये**, एवशब्दः **पूरणे । अनेनापि गाथाद्वयेन मङ्गलमुक्तं, तत्प्रयोजनं च प्राग्वत् । न चात्र स्तोतव्यपदानां पौनरुक्त्यचिन्ता कार्या, स्तुतिवचनेषु पुनरुक्तदोषानभ्युपगमात् । आह च –**

**"[2]सज्झायज्झाणतवोसहेसु उवएसथुइपणामेसु ।**
**संतगुणकित्तणासु य न होंति पुणरुत्तदोसा उ ॥१॥ [ आव. नि. १५०४ ] ॥३॥**

**ટીકાર્થ :-**

मम मङ्गलं=મારા માટે મંગલ=શ્રેય=કલ્યાણકર છે. કોણ છે ? તે કહે છે -

अर्हन्तः=અરિહંતો. અશોકવૃક્ષ વિગેરે આઠ મહાપ્રાતિહાર્યો વિગેરે રૂપ પૂજાને જે યોગ્ય છે તે અરિહંતો=તીર્થનાયકો.

તથા सिद्धाः=સિદ્ધો. સિત=બાંધેલા કર્મરૂપી ઈંધનને જેઓએ શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે ધ્માત=સંપૂર્ણપણે બાળી નાખ્યું છે તે સિદ્ધો=મુક્તિપદને પામેલા જીવો.

તથા साधवः=સાધુઓ. નિર્વાણને સાધનારા યોગોને જેઓ સાધે છે તે સાધુઓ=મુનિઓ. 'સાધુઓ' કહેવાથી આચાર્યો અને ઉપાધ્યાયો પણ કહેવાયેલા જ જાણવા, કેમકે તેઓ પણ સાધુઓ જ છે.

તથા श्रुतं=શ્રુત. જે સંભળાય તે શ્રુત=સામયિક (કરોમિ ભંતે ! ...) વિગેરે આગમ. ગાથામાં 'सुयं च'માં જે च શબ્દ છે તે શ્રુતના ભેદોને બતાવવા માટે છે.

તથા धर्मः=ધર્મ. દુર્ગતિમાં પડતા આત્માને જે ધારી રાખે તે ધર્મ=ચારિત્ર. च શબ્દ ચારિત્રના ભેદોને બતાવવા માટે છે.

તથા क्षान्तिः=ક્ષમા=ક્રોધનો પરિત્યાગ, गुप्तिः=સંલીનતા (= અંગોપાંગ સંકોચી રાખવા - બિનજરૂરી હલનચલન ન કરવું), मुक्तिः=નિર્લોભતા. ક્યાંક (કોઈક પ્રતમાં) अहिंसाखंतीमुत्ती એ પ્રમાણે પાઠ છે, તે સુગમ જ છે. (અહિંસા, ક્ષાન્તિ અને મુક્તિ).

आर्जवता=માયાનો ત્યાગ, मार्दवं=માનનો ત્યાગ. ગાથામાં चेव માં च શબ્દ સમુચ્ચય માટે છે, एव શબ્દ પૂરણ માટે છે.

---

१. (२००) । २. स्वाध्यायध्यानतपःऔषधेषु उपदेशस्तुतिप्रणामेषु । सद्गुणकीर्तनासु च न भवन्ति पुनरुक्तदोषास्तु ॥१॥

આ બે ગાથા (નંબર ૨ અને ૩) વડે પણ મંગલ કહ્યું છે અને તેનું (મંગલનું) પ્રયોજન પૂર્વની જેમ (ગાથા નંબર ૧ ટીકામાં કહ્યા પ્રમાણે) જાણવું.

[**શંકા** :- પૂર્વે ગાથા નંબર ૧માં તીર્થંકરોને, સિદ્ધોને અને જ્ઞાનને વંદન કરેલું. અહીં ફરી અરિહંત સિદ્ધ, શ્રુત વિગેરેની વાત આવી. આમ અહીં પુનરુકિતદોષ છે.

**સમાધાન** :-] અહીં સ્તુતિ કરવા યોગ્ય પદોની પુનરુકિત છે એવી ચિંતા ન કરવી, કેમ કે સ્તુતિવચનોમાં પુનરુક્તદોષ મનાયો.નથી. કહ્યું છે -

"સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધ, ઉપદેશ, સ્તુતિ (એટલે કે સામેવાળાની પ્રસંશા), પ્રણામ અને વિદ્યમાન ગુણોના કીર્તનમાં પુનરુક્તદોષ થતો નથી." ॥૧॥ [આવશ્યકનિર્યુક્તિ ગા. ૧૫૦૪] ॥૩॥

**अथाराधनाऽङ्गभूतामेव महाव्रतोच्चारणां कर्तुकाम इदमाह —**

હવે આરાધનાની જ અંગભૂત એવી મહાવ્રતોની ઉચ્ચારણાને કરવાની ઇચ્છાથી કહે છે -

ગાથા :-

**लोयम्मि संजया जं करिंति परमरिसिदेसियमुयारं ।**
**अहमवि उवट्ठिओ तं महव्वयउच्चारणं काउं ॥४॥**

ગાથાર્થ :-

**લોકમાં સાધુઓ જે પરમ ઋષિઓએ કહેલી અને ઉદાર એવી મહાવ્રતોની ઉચ્ચારણાને કરે છે તેને કરવા હું પણ ઉપસ્થિત થયો છું. ॥૪॥**

ટીકા :-

लोके **तिर्यग्लोकलक्षणे, सम्यग्यताः** संयताः **साधवः**, यां **महाव्रतोच्चारणां प्रत्यहमुभय-कालं विशेषतस्तु पक्षान्तादिषु**, कुर्वन्ति **विदधति, किंविशिष्टां महाव्रतोच्चारणाम् ? अत आह-** परमर्षिभिः **तीर्थकरगणधरै**र्देशिता **कथिता परमर्षिदेशिता तां, पुनः कथंभूतां ?** उदारां **विशिष्ट-कर्मक्षयकारणत्वात्प्रधानां, अत एव चादावियमेव प्रतिज्ञाता, अन्यथा श्रुतकीर्त्तनादेरप्यत्र करिष्यमाणत्वात्**, अहमपि **न केवलमन्ये साधव इत्यपिशब्दार्थः**, उपस्थितः **प्रह्वीभूतोऽभ्यु-द्यत इतियावत्**, तां **पूर्वोक्तविशेषणविशिष्टां**, महान्ति **बृहन्ति च तानि** व्रतानि **च नियमा** महा-व्रतानि, **महत्त्वं चैतेषां सर्वजीवादिविषयत्वेन महाविषयत्वात् । उक्तं च —**

**"पढमंमि सव्वजीवा, बीए चरिमे य सव्वदव्वाइं ।**
**सेसा महव्वया खलु, तदेक्कदेसेण दव्वाणं ॥१॥ ति ।" [ विशे.भा. गा. २६३७ ]**

तदेक्कदेसेणं **ति तेषां द्रव्याणामेकदेशेनेत्यर्थः; तथा यावज्जीवं त्रिविधं त्रिविधेनेति-**

**प्रत्याख्यानरूपत्वाच्च तेषामिति[१], देशविरतापेक्षया महतो वा गुणिनो व्रतानि** महद्व्रतानीति । **तेषामुच्चारणा समुत्कीर्त्तना** महाव्रतोच्चारणा महद्व्रतोच्चारणा **वा, तां कर्तुं विधातुमिति ॥४॥**

**ટીકાર્થ :-**

लोके=લોકમાં એટલે કે તિર્ચ્છાલોકમાં. (કારણ કે અધોગ્રામ અને મેરુપર્વતાદિના અપવાદ સિવાય અધો-ઉર્ધ્વલોકમાં સાધુઓ હોતા નથી.)

संयताः=સંયતો=સમ્યક્ યત્નવાળાઓ એટલે કે સાધુઓ.

यां=જે મહાવ્રતઉચ્ચારણાને રોજ સવાર-સાંજ અને વિશેષથી પખવાડિયાના અંત વિગેરેમાં.

कुर्वन्ति=કરે છે. કેવી મહાવ્રતઉચ્ચારણા કરે છે ? તે કહે છે -

परमर्षिदेशितां=પરમ ઋષિઓ એટલે કે તીર્થંકરો અને ગણધરો વડે કહેવાયેલી અને

उदारां=ઉદાર એટલે કે વિશિષ્ટ કર્મક્ષયનું કારણ હોવાથી પ્રધાન. માટે જ શરૂઆતમાં આ મહાવ્રતઉચ્ચારણા કરવાની જ પ્રતિજ્ઞા કરી છે, અન્યથા શ્રુતકીર્તન વગેરે પણ અહીં કરવામાં આવનાર છે. (આશય એ છે કે પક્ખીસૂત્રમાં માત્ર મહાવ્રત ઉચ્ચારણા જ નથી, नमो तेसिं खमासमणाणं... વગેરે સૂત્રથી શ્રુતકીર્તન પણ છે, છતાં પ્રારંભમાં મહાવ્રત ઉચ્ચારણા કહીશ એવી જ પ્રતિજ્ઞા કરી, શ્રુતકીર્તનની નહીં, કારણ કે મહાવ્રતઉચ્ચારણા પ્રધાન છે)

अहमपि=હું પણ. અહીં "માત્ર અન્ય સાધુઓ જ નહીં, હું પણ"એ "પણ" શબ્દનો અર્થ છે.

उपस्थितः=તૈયાર=ઉદ્યત થયો છું. શું કરવા ?

तां महाव्रतोच्चारणां कर्तुम्=તે પૂર્વે કહેલા વિશેષણોથી વિશિષ્ટ એવી મહાવ્રતોની ઉચ્ચારણા= સમુત્કીર્તન કરવા.

("મહાવ્રતો" નો અર્થ કહે છે -)

મહાન=મોટા એવા વ્રતો=નિયમો તે મહાવ્રતો. આ વ્રતો સર્વ જીવો વિગેરે વિષયવાળા હોવાથી મહાન વિષયવાળા છે માટે મહાવ્રતો છે. કહ્યું છે -

"પ્રથમ મહાવ્રતનો વિષય સર્વ જીવો છે. બીજા અને છેલ્લા (પાંચમા) મહાવ્રતનો વિષય સર્વ દ્રવ્યો છે. બાકીના મહાવ્રતોનો વિષય તે દ્રવ્યોનો એક દેશ છે. ॥૧॥" [વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૨૬૩૭]

તથા "યાવજ્જીવં ત્રિવિધં ત્રિવિધેન" (=જીવું ત્યાં સુધી, મનથી, વચનથી અને કાયાથી, કરું નહીં, કરાવું નહીં અને અનુમોદું નહીં) એ પ્રકારના પ્રત્યાખ્યાન સ્વરૂપ હોવાથી પણ આ વ્રતો મહાવ્રતો (મોટા) છે. અથવા દેશવિરતની અપેક્ષાએ महान्=મોટા એવા ગુણી(=સર્વવિરત)ના વ્રતો તે મહદ્વ્રતો. ['મહાન એવા વ્રતો' એમ કર્મધારય સમાસ કરીએ તો 'મહાવ્રતો' થશે - 'મહત્'નું 'મહા' થતું હોવાથી. 'મહાન એવા ગુણીના વ્રતો' એમ ષષ્ઠી તત્પુરુષ સમાસ કરીએ તો મહદ્વ્રતો થશે.]

१. तानि महान्ति इत्यर्थः ।

तत्रेदमादिसूत्रं –

ત્યાં આ પ્રથમ સૂત્ર છે. -

સૂત્ર :-

**से किं तं महव्वयउच्चारणा ? महव्वयउच्चारणा पंचविहा पन्नत्ता, राईभोयणवेरमणछट्ठा ॥**

સૂત્રાર્થ :-

હવે તે મહાવ્રતઉચ્ચારણા શું છે ? મહાવ્રતઉચ્ચારણા પાંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજન-વિમરણવ્રત સ્વરૂપ કહેવાયેલી છે.

ટીકા :-

अथास्य सूत्रस्य कः प्रस्ताव ? उच्यते – प्रश्नसूत्रमिदं, एतत्त्वादावुपन्यस्यन्निदं[1] ज्ञापयति – पृच्छतो मध्यस्थस्य बुद्धिमतोऽर्थिनो विनेयस्य भगवदर्हदुपदिष्टतत्त्वप्ररूपणा कार्या, नान्यस्य । तथा चोक्तं – "मध्यस्थो बुद्धिमानर्थी श्रोता पात्रमिति स्मृत" इति । पात्रं योग्योऽर्होऽधिकारी चोच्यते तस्मायिदमप्यध्ययनं देयमिति । आह-शुभाध्ययनप्रदानाधिकारे समभावव्यवस्थितानां सर्वसत्त्वहिताय चोद्यतानां महापुरुषाणां किं योग्यायोग्यविभागनिरीक्षणेन ? न हि परहितार्थमिह महादानोद्यता महीयांसोऽर्थिगुणमपेक्ष्य दानक्रियायां प्रवर्त्तन्ते दयालव इति । अत्रोच्यते — ननु यत एव शुभाध्ययनप्रदानाधिकारः, समभावव्यवस्थिताः सर्वसत्त्वहितोद्यता महापुरुषाश्च गुरवः, अत एव योग्यायोग्यविभागनिरीक्षणं न्याय्यं, मा भूदयोग्यप्रदाने तत्सम्यग्नियोगाक्षमार्थिजनानर्थ इति । न खलु तत्त्वतोऽनुचितप्रदानेन दुःखहेतुनाऽविवेकिनमर्थिजनमनुयोजयन्तोऽप्यनवगतपरार्थसंपादनोपायाः पुरुषा भवन्ति दयालव, इत्यवधूय मिथ्याऽभिमानमालोच्यतामेतदिति । आह — क इवायोग्यप्रदाने दोषः ? इति । उच्यते — स ह्यचिन्त्यचिन्तामणिकल्पमनेकभवशतसहस्त्रोपात्तानिष्टदुष्टाष्टकर्मराशिजनितदौर्गत्यविच्छेदकमपीदमयोग्यत्वादवाप्य न विधिवदासेवते, लाघवं चास्यासावापादयति, ततो विधिसमासेवक इव कल्याणं अविधिसमासेवको महदकल्याणमासादयतीति । उक्तं च —

"आमे घडे निहत्तं, जहा जलं तं घडं विणासेइ ।
इय सिद्धंतरहस्सं, अप्पाहारं विणासेइ ॥१॥" [ पञ्चवस्तुक गा. ९८२ ]

ततोऽयोग्यश्रुतप्रदाने दातृकृतमेव वस्तुतस्तस्य तदकल्याणमित्यलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः । तत्र सेशब्दो मागधदेशीप्रसिद्धो निपातोऽथशब्दार्थे द्रष्टव्यः, स च वाक्योपन्यासार्थः,

१. एतच्चा.. ।

किमिति **परप्रश्ने, ततश्चायं वाक्यार्थः** — अथ किं तद्वस्तु महाव्रतोच्चारणा ? **प्राकृतशैल्याऽभिधेय-वल्लिङ्गवचनानि भवन्तीति न्यायादेवं द्रष्टव्यं** — अथ का सा महाव्रतोच्चारणा ? **इति । एवं सामान्येन केनचित्प्रश्ने कृते सति भगवान् गुरुः शिष्यवचनानुरोधेनादरार्थं किञ्चिच्छिष्योक्तं प्रत्युच्चार्याह** — महाव्रतोच्चारणाऽ**भिहितस्वरूपा** पञ्चविधा **पञ्चप्रकारैव** प्रज्ञप्ता **प्ररूपिता, न चतुर्विधा प्रथमपश्चिमतीर्थकरतीर्थयोः पञ्चानामेव महाव्रतानां भावात् । यदाह- "पंच जमा पढमं-तिमजिणाण सेसाण चत्तारि त्ति" । अनेन चागृहीतशिष्याभिधानेन निर्वचनसूत्रेणैतदाह — न सर्वमेव सूत्रं गणधरप्रश्नतीर्थकरनिर्वचनरूपं, किं तर्हि ? किञ्चिदेव, बाहुल्येन तु तद्दृब्ध-मेव । तथा चोक्तं —**

**"अत्थं भासई अरहा सुत्तं गंथंति गणहरा णिउणं" ( आव. नि. ९२ ) ति । ततश्च यदा तीर्थकरगणधरा एव 'प्रज्ञप्ता' इत्येवमाहुस्तदाऽयमर्थोऽवसेयो अन्यैरपि तीर्थकरगणधरैः प्ररूपितेति, यदा पुनरन्यः कश्चिदाचार्यस्तन्मतानुसारी 'प्रज्ञप्ता' इति प्राह तदा तीर्थकरगणधरैरेव देशितेत्ययमर्थो दृष्टव्यः । किंविशिष्टा सेत्याह - रात्रिभोजनविरमणं-निशिजेमनवर्जनं षष्ठं यस्यां सा** रात्रिभोजनविरमणषष्ठा ।

टीકार्थ :-

**પ્રશ્ન** - આ સૂત્રનો શો પ્રસ્તાવ છે ? (અર્થાત્ અહીં આ સૂત્રની શું જરૂર છે ?)

**ઉત્તર** - આ પ્રશ્નસૂત્ર છે. આ સૂત્રને શરૂઆતમાં મૂકીને સૂત્રકારશ્રી જણાવે છે કે પૂછી રહેલા, મધ્યસ્થ, બુદ્ધિમાન અને અર્થી (=પ્રરૂપણા કરાનાર તત્ત્વને જાણવાની ઇચ્છાવાળા) એવા શિષ્યને જ અરિહંત પરમાત્માએ ઉપદેશ કરેલા તત્ત્વની પ્રરૂપણા કરવી, અન્યને નહીં. કહ્યું છે - "મધ્યસ્થ, બુદ્ધિમાન, અર્થી શ્રોતા પાત્ર કહેવાયેલો છે." યોગ્ય અને અધિકારી હોય એને પાત્ર કહેવાય છે. તેને આ અધ્યયન પણ આપવું.

**શંકા** - શુભ અધ્યયન જ્યારે કોઈને આપવાનું છે ત્યારે સમભાવમાં રહેલા અને સર્વજીવોના હિત માટે ઉદ્યત એવા મહાપુરુષોએ 'સામેવાળો યોગ્ય છે કે અયોગ્ય' એવા વિચાર કરવાની શું જરૂર છે ? બીજાઓના હિત માટે મોટું દાન કરવા તૈયાર થયેલા દયાળુ મહાપુરુષો માંગનારના ગુણોની અપેક્ષાએ દાન કરતાં નથી. (અર્થાત્ ગુણીને જ આપું, બીજાને નહીં, તેવું કરતા નથી. અધ્યયન જેને આપવાનું છે તે યોગ્ય છે કે અયોગ્ય એ જોવાની જરૂર નથી એમ શંકાકારનું કહેવું છે.)

**સમાધાન** - એક તો શુભ અધ્યયનના પ્રદાનનો અધિકાર છે. (શુભ અધ્યયન કોઈકને આપવાનું છે) અને વળી ગુરુ સમભાવમાં રહેલા, સર્વજીવોના હિત માટે ઉદ્યત અને મહાપુરુષ છે, માટે જ તેમને યોગ્ય કે અયોગ્ય એમ વિભાગ કરવો તે યોગ્ય છે, જેથી અધ્યયન અયોગ્યને અપાઈ જવાથી તેનો સમ્યક્ ઉપયોગ કરવામાં અસમર્થ એવા તે અયોગ્ય વ્યક્તિને અનર્થ ન થાય. અવિવેકી એવા અર્થી (ઇચ્છુક) વ્યક્તિને તેના માટે અનુચિત એવી વસ્તુનું પ્રદાન કરવા વડે દુઃખના કારણ સાથે

જોડતા પુરુષો ખરેખર પરાર્થ કરવાનો ઉપાય જાણતા નથી, તેઓને તાત્વિક રીતે દયાળુ કહી શકાય નહીં. માટે મિથ્યાભિમાનને દૂર કરી આ વાત વિચારો.

**પ્રશ્ન** - અયોગ્યને આપવામાં શો દોષ છે ?

**ઉત્તર** - આ અધ્યયન અચિંત્ય ચિન્તામણિ જેવું અને લાખો ભવોમાં બાંધેલા અનિષ્ટ અને દુષ્ટ એવા આઠે પ્રકારના કર્મોના સમૂહથી જનિત દુઃખોનો વિચ્છેદ કરનાર છે. પણ અયોગ્ય જીવ આવા અધ્યયનને પામીને પણ અયોગ્યતાના કારણે વિધિપૂર્વક તેનું આસેવન કરતો નથી અને તેની લઘુતા કરે છે. વિધિપૂર્વક આસેવન કરનાર જેમ કલ્યાણને પામે છે તેમ અવિધિપૂર્વક આસેવન કરનાર મોટા અકલ્યાણને પામે છે. કહ્યું છે -

"કાચા ઘડામાં નાખેલું પાણી જેમ તે ઘડાનો વિનાશ કરે છે, તેમ સિદ્ધાંતનું રહસ્ય પણ અલ્પ આધાર(અયોગ્ય અપાત્ર વ્યક્તિ, જેને તે અપાયું હોય તે)નો વિનાશ કરે છે." ॥૧॥ (પંચવસ્તુક ગા. ૯૮૨)

માટે અયોગ્યને શ્રુત આપવાથી જે અકલ્યાણ થાય તેનું કારણ તે શ્રુત આપનાર જ છે. વધુ વિસ્તારથી સર્યું, પ્રકૃતને કહીએ છીએ.

ત્યાં 'से' શબ્દ મગધદેશપ્રસિદ્ધ અવ્યય "હવે"અર્થ માટે જાણવો અને તે વાક્યના ઉપન્યાસ (શરૂઆત) માટે છે. 'किं' શબ્દ પ્રશ્ન માટે છે. માટે વાક્યનો અર્થ આ થયો - "હવે તે મહાવ્રતોનું ઉચ્ચારણ શી વસ્તુ છે ?" પ્રાકૃત ભાષાના નિયમને અનુસાર અભિધેય(અર્થ)ને અનુસાર લિંગ અને વચન થાય છે.

[એટલે સંસ્કૃતમાં 'का सा महाव्रतोच्चारणा'(સ્ત્રીલિંગ)નું પ્રાકૃતમાં 'किं तं महव्वयउच्चारणा' (સ્ત્રીલિંગને બદલે નપુંસકલિંગ) થયું. એટલે કે મહાવ્રતઉચ્ચારણા એ શું (વસ્તુ) છે ? આમ અભિધેય(વસ્તુ)ના વશથી નપુંસકલિંગ થયું. માટે આની સંસ્કૃતમાં છાયા આ પ્રમાણે થશે - 'अथ का सा महाव्रतोच्चारणा ?']

એટલે આનો અર્થ આ પ્રમાણે થશે - "હવે તે મહાવ્રતોની ઉચ્ચારણા કેવી છે ?"

આ રીતે સામાન્યથી કોઈ શિષ્યએ પ્રશ્ન કર્યે છતે ગુરુ ભગવંત શિષ્યવચનના અનુરોધથી (=શિષ્યની વિનંતીથી) આદર માટે શિષ્યે કહેલું કંઈક ફરીથી ઉચ્ચારીને કહે છે -

જેનું સ્વરૂપ પહેલાં કહી દીધું છે એ મહાવ્રતઉચ્ચારણા પાંચ પ્રકારની જ કહી છે, ચાર પ્રકારની નહીં. કેમકે પ્રથમ અને ચરમ તીર્થંકરોના તીર્થમાં પાંચ જ મહાવ્રતો હોય છે. કહ્યું છે - "પ્રથમ અને અંતિમ જિનના પાંચ યામ અને શેષ જિનોના ચાર."

કોઈપણ શિષ્યનું નામ ગ્રહણ કર્યા વગર જ આ જવાબસૂત્ર જણાવ્યું છે. તેનાથી તેવું જણાવવા માંગે છે કે બધા જ સૂત્રો ગણધરના પ્રશ્નના તીર્થંકરે આપેલા જવાબરૂપ નથી હોતા, પણ કોઈક જ હોય છે, મોટેભાગે તો તે સૂત્ર [ગણધરો વડે] ગૂંથાયેલું જ હોય છે. [જો તીર્થંકરે જ આ સૂત્ર બનાવ્યું હોત તો 'હે ગૌતમ !' એવું શિષ્યનું નામ લઈને જવાબ આપ્યો હોત.] કહ્યું છે - "અરિહંત પરમાત્મા

અર્થ કહે છે, ગણધરો નિપુણ એવા (અથવા નિપુણ રીતે) સૂત્રને ગૂંથે છે." માટે જ્યારે તીર્થંકર-ગણધરો [આ મહાવ્રતઉચ્ચારણા] "કહી છે" એમ કહે ત્યારે "અન્ય તીર્થંકર-ગણધરોએ પણ કહી છે." એ પ્રમાણે અર્થ જાણવો અને જ્યારે અન્ય કોઈ તેમના મતને અનુસરનારા આચાર્ય [આ મહાવ્રત-ઉચ્ચારણા] "કહી છે" એમ કહે ત્યારે "તીર્થંકર-ગણધરોએ કહી છે" એ પ્રમાણે અર્થ જાણવો.

[**ભાવાર્થ** - સૂત્રમાં 'पन्नत्ता=કહી છે' શબ્દ છે. હવે જો સૂત્રકાર તીર્થંકર-ગણધર હોય, તો કોણે કહી છે તેમ કહી રહ્યા છે ? - તો તેમની પૂર્વેના તીર્થંકર-ગણધરોએ કહી છે તેમ. અને જો સૂત્રકાર આચાર્ય હોય તો કોણે કહી છે તેમ કહી રહ્યા છે ? - તો તીર્થંકર-ગણધરોએ કહી છે તેમ.]

મહાવ્રતઉચ્ચારણા કેવી છે ? તે કહે છે - રાત્રિભોજનવિરમણવ્રત જેમાં છઠ્ઠું છે એવી છે.

**अथ रात्रिभोजनविरमणषष्ठं पञ्चविधत्वमुपदर्शयन्नाह —**

હવે રાત્રિભોજનવિરમણવ્રત જેમાં છઠ્ઠું છે એવું પંચવિધપણું બતાવે છે -

**સૂત્ર :-**

**तं जहा—सव्वाओ पाणाइवायाओ वेरमणं १, सव्वाओ मुसावायाओ वेरमणं २, सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ३, सव्वाओ मेहुणाओ वेरमणं ४, सव्वाओ परिग्गहाओ वेरमणं ५, सव्वाओ राईभोयणाओ वेरमणं ६ ॥**

**સૂત્રાર્થ :-**

તે આ પ્રમાણે - સર્વ પ્રાણાતિપાતથી વિરમણ, સર્વ મૃષાવાદથી વિરમણ, સર્વ અદત્તાદાનથી વિરમણ, સર્વ મૈથુનથી વિરમણ, સર્વ પરિગ્રહથી વિરમણ, સર્વ રાત્રિભોજનથી વિરમણ. ॥૬॥

**ટીકા :-**

तद्यथा **इत्युपदर्शनार्थः**, सर्वस्मात् **निरवशेषात् त्रसस्थावरसूक्ष्मबादरभेदभिन्नात् कृत-कारितानुमतिभेदाच्चेत्यर्थः, अथवा-द्रव्यतः षड्जीवनिकायविषयात्, क्षेत्रतस्त्रिलोकसम्भवात्, कालतोऽतीतादे रात्र्यादिप्रभवाद्वा, भावतो रागद्वेषसमुत्थात्**, प्राणानां **इन्द्रियोच्छ्वासायुरादीनां** अतिपात**: प्राणिनः सकाशाद्विभ्रंशः** प्राणातिपात**: प्राणिप्राणवियोजनमित्यर्थः, तस्माद्** विरमणं **सम्यग्ज्ञानश्रद्धानपूर्वकं निवर्तनमिति ॥१॥ तथा** सर्वस्मात्**सद्भावप्रतिषेधा १ ऽसद्भावोद्भावना २ ऽर्थान्तरोक्ति ३ गर्हा ४ भेदात् कृतादिभेदाच्च, अथवा द्रव्यतः सर्वधर्मास्तिकायादि-द्रव्यविषयात्, क्षेत्रतः सर्वलोकालोकगोचरात्, कालतोऽतीतादे रात्र्यादिवर्तिनो वा, भावतः कषायनोकषायादिप्रभवात्**, मृषा**ऽलीकं** वदनं **वादो** मृषावादः, **तस्माद्** विरमणं **विरतिरिति ॥२॥ तथा** सर्वस्मात्**कृतादिभेदादथवा द्रव्यतः सचेतनाचेतनद्रव्यविषयात्, क्षेत्रतो ग्रामनगरारण्यादि-**

**सम्भवात्, कालतोऽतीतादे रात्र्यादिप्रभवाद्वा, भावतो रागद्वेषमोहसमुत्थात्,** अदत्तं **स्वामिना-ऽवितीर्णं तस्या**दानं **ग्रहण**मदत्तादानं, **तस्माद्** विरमण**मिति ॥३॥ तथा** सर्वस्मा**त्कृतकारितानुमति-भेदात्, अथवा द्रव्यतो दिव्यमानुषतैरश्चभेदात् रूप-रूपसहगतभेदाद्वा, क्षेत्रतस्त्रैलोक्य-सम्भवात्, कालतोऽतीतादे रात्र्यादिसमुत्थाद्वा, भावतो रागद्वेषप्रभवात्,** मिथुनं - **स्त्रीपुंसद्वन्द्वं तस्य कर्म** मैथुनं, **तस्माद्** विरमण**मिति ॥४॥ तथा** सर्वस्मा**त्कृतादेरथवा द्रव्यतः सर्वद्रव्यविषयात्, क्षेत्रतो लोकसंभवात्, कालतोऽतीतादे रात्र्यादिप्रभवाद्वा, भावतो रागद्वेषविषयात्, परिगृह्यते आदीयते परिग्रहणं वा** परिग्रहः, **तस्माद्** विरमण**मिति ॥५॥ तथा** सर्वस्मा**त्कृतादिरूपाद् दिवा गृहीतं दिवा**[1] **भुक्तम् १, दिवा गृहीतं रात्रौ भुक्तम् २, रात्रौ गृहीतं दिवा भुक्तम् ३, रात्रौ गृहीतं रात्रौ भुक्तमिति ४, चतुर्भङ्गरूपाच्चेत्यर्थः; अथवा द्रव्यतश्चतुर्विधाहारविषयात्, क्षेत्रतः समय-क्षेत्रगोचरात्, कालतो रात्र्यादिसंभवात्, भावतो रागद्वेषप्रभवात्,** रात्रिभोजनात् **रजनीजेमनाद्** विरमणं **इति ॥६॥**

ટીકાર્થ :-

तद्यथा=તે આ પ્રમાણે. આ શબ્દ ઉપદર્શન માટે છે.

सर्वस्मात्=સર્વ=નિરવશેષ=ત્રસ-સ્થાવર-સૂક્ષ્મ-બાદર ભેદવાળા અને કરવું-કરાવવું-અનુમોદવું એ ત્રણે ભેદવાળા એવા.

प्राणातिपाताद्विरमणं=પ્રાણાતિપાતથી અટકવું.

અથવા "સર્વ" શબ્દનો અર્થ આ સમજવો - **દ્રવ્યથી** છ જીવનિકાયના વિષયવાળા, **ક્ષેત્રથી** ત્રણે લોકમાં થતા, **કાળથી** અતીત વગેરે [=અનાગત અને વર્તમાન એ] ત્રણે કાળ અથવા રાત્રે અને દિવસે થતા અને **ભાવથી** રાગ કે દ્વેષથી થતા પ્રાણાતિપાતથી વિરમણ.

"પ્રાણાતિપાત" નો અર્થ કરે છે. - [પાંચ] ઇન્દ્રિયો, ઉચ્છ્વાસ, આયુષ્ય [અને મનોબળ, વચનકાળ, કાયબળ એ ત્રણ બળ એ પ્રમાણે ૧૦ પ્રકારના] પ્રાણોનો અતિપાત કરવો એટલે કે પ્રાણી પાસેથી એનો ભ્રંશ કરવો તે પ્રાણાતિપાત=પ્રાણીના પ્રાણનું વિયોજન. તેનાથી વિરમણ=સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક અટકવું તે પ્રાણાતિપાતવિરમણ. ॥૧॥

તથા सर्वस्मान्मृषावादाद्विरमणं - સર્વ પ્રકારના મૃષાવાદથી વિરમણ. તે મૃષાવાદ ચાર પ્રકારે છે -

૧. સદ્ભાવપ્રતિષેધ [=જે હોય તે નથી એમ કહેવું.]

૨. અસદ્ભાવઉદ્ભાવના [=જે નથી તે છે એમ કહેવું.]

૩. અર્થાન્તરોક્તિ [=જે હોય એના બદલે બીજું કહેવું.]

૪. ગર્હા [=નિંદા કરવી.]

---

१. अन्यस्मिन् दिने ।

આ ચારે પ્રકારના મૃષાવાદથી અને કરવું-કરાવવું-અનુમોદવું એ ત્રણે પ્રકારના મૃષાવાદથી વિરમણ. અથવા **દ્રવ્યથી** ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્યોના વિષયવાળા, **ક્ષેત્રથી** સર્વલોક અને અલોકના વિષયવાળા, **કાળથી** અતીત વગેરે ત્રણે કાળે અથવા રાત્રે અને દિવસે થતા અને **ભાવથી** કષાય, નોકષાય વગેરેથી થતા મૃષાવાદથી વિરમણ. મૃષા=જૂઠું=ખોટું બોલવું તે મૃષાવાદ. તેનાથી અટકવું તે મૃષાવાદવિરમણ. ॥૨॥

તથા सर्वस्माददत्तादानाद्विरमणं - સર્વ પ્રકારના એટલે કે કરવું વગેરે ત્રણે પ્રકારના અથવા **દ્રવ્યથી** સચિત્ત કે અચિત્ત દ્રવ્યના વિષયવાળા, **ક્ષેત્રથી** ગામ-નગર-અરણ્ય આદિમાં થતા, **કાળથી** અતીત વગેરે અથવા રાત્રિ વગેરે કાળમાં થતા અને **ભાવથી** રાગ, દ્વેષ કે મોહથી થતા અદત્તાદાનથી વિરમણ. સ્વામીએ નહીં આપેલું તે અદત્ત અને તેનું આદાન=ગ્રહણ તે અદત્તાદાન. ॥૩॥

તથા सर्वस्मान्मैथुनाद्विरमणं - સર્વ પ્રકારના એટલે કે કરવું વગેરે ત્રણે પ્રકારના અથવા દ્રવ્યથી વગેરે ચારે પ્રકારના મૈથુનથી વિરમણ. તેમાં **દ્રવ્યથી** દેવ સંબંધી, મનુષ્ય સંબંધી અને તિર્યંચ સંબંધી અથવા રૂપ=નિર્જીવ પૂતળી વગેરે સંબંધી અને રૂપસહગત=સજીવ પુરુષ-સ્ત્રી શરીર સંબંધી એમ બંને પ્રકારે, **ક્ષેત્રથી** ત્રણે લોકમાં થતા, **કાળથી** અતીત વગેરે ત્રણે કાળ અથવા રાત્રિ વગેરે કાળમાં થતા અને **ભાવથી** રાગ કે દ્વેષથી થતા મૈથુનથી વિરમણ. મિથુન=સ્ત્રી અને પુરુષનું યુગલ, તેનું કર્મ=ક્રિયા તે મૈથુન. ॥૪॥

તથા सर्वस्मात्परिग्रहाद्विरमणं - સર્વ પ્રકારના એટલે કે કરવું વગેરે ત્રણે પ્રકારના અથવા **દ્રવ્યથી** વગેરે ચારે પ્રકારના પરિગ્રહથી વિરમણ. તેમાં **દ્રવ્યથી** સર્વ દ્રવ્યના વિષયવાળા, **ક્ષેત્રથી** લોકમાં થતા, **કાળથી** અતીત વગેરે ત્રણે કાળ અથવા રાત્રિ વગેરે કાળમાં થતા અને **ભાવથી** રાગ કે દ્વેષના વિષયવાળા પરિગ્રહથી વિરમણ. (परिगृह्यते=) જે ગ્રહણ કરાય તે અથવા (परिग्रहणं=) ગ્રહણ કરવું તે પરિગ્રહ. ॥૫॥

તથા सर्वस्माद्रात्रिभोजनाद्विरमणं - સર્વ પ્રકારના એટલે કે કરવું વગેરે ત્રણે પ્રકારના અને આગળ કહેવાતા ચારે પ્રકારના અથવા દ્રવ્યથી વગેરે ચારે પ્રકારના રાત્રિભોજનથી વિરમણ. તેમાં ચાર પ્રકાર આ પ્રમાણે - ૧. દિવસે ગ્રહણ કરેલું બીજા દિવસે વાપરવું. ૨. દિવસે ગ્રહણ કરેલું રાત્રે વાપરવું. ૩. રાત્રે ગ્રહણ કરેલું દિવસે વાપરવું અને ૪. રાત્રે ગ્રહણ કરેલું રાત્રે વાપરવું. દ્રવ્યથી વગેરે ચાર પ્રકાર આ પ્રમાણે - **દ્રવ્યથી** અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એ ચારે પ્રકારના આહારના વિષયવાળું, **ક્ષેત્રથી** સમયક્ષેત્ર(અઢી દ્વીપ)ના વિષયવાળું, **કાળથી** રાત્રિ વગેરેમાં થતું અને **ભાવથી** રાગ કે દ્વેષથી થતું એવું રાત્રિભોજન. ॥૬॥

**एवं सामान्येन व्रतषट्कमभिहितमथ विशेषतस्तत्स्वरूपनिरूपणार्थमाह —**

આ રીતે સામાન્યથી છ વ્રત કહ્યા. હવે વિશેષથી તેના સ્વરૂપનું નિરૂપણ કરવા સૂત્રકારશ્રી કહે છે -

સૂત્ર :-

**तत्थ खलु पढमे भंते ! महव्वए पाणाइवायाओ वेरमणं, सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि, से सुहुमं वा बायरं वा तसं वा थावरं वा, नेव सयं पाणे अइवाएज्जा, नेवन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे अइवायंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं, न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

સૂત્રાર્થ :-

તેમાં હે ભદન્ત ! પ્રથમ મહાવ્રતમાં પ્રાણાતિપાતથી વિરમણ (ભગવાને કહ્યું છે.) હે ભદન્ત ! સર્વ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું. તે આ પ્રમાણે - સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર જીવને હું સ્વયં નહીં મારું, બીજા પાસે નહીં મરાવું અને જીવોને મારી રહેલા બીજાની અનુમોદના નહીં કરું. હું જીવું ત્યાં સુધી (કૃત, કારિત અને અનુમોદિત એ) ત્રિવિધ પ્રાણાતિપાત ત્રિવિધે=મન,વચન અને કાયા એ ત્રણ વડે કરીશ નહીં, કરાવીશ નહીં અને કરી રહેલા અન્યને અનુમોદીશ નહીં. હે ભદન્ત ! તે (પ્રાણાતિપાતના અતીત સંબંધી અવયવ)નું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, (અતીત પ્રાણાતિપાતક્રિયા કરનારા મારા) આત્માની ગર્હા કરું છું. (અતીત પ્રાણાતિપાતનો) વિશેષથી ત્યાગ કરું છું.

ટીકા :-

तत्र-**तेषु षट्सु व्रतेषु मध्ये**, खलुशब्दादन्येषु **च मध्यमतीर्थकरप्रणीतेषु चतुर्यामेषु, वाक्यालङ्कारार्थो वा खलुशब्दः**, प्रथमे-**सूत्रक्रमप्रामाण्यादाद्ये**, भंते त्ति-**गुरोरामन्त्रणं । अस्य च साधारणश्रुतित्वाद्भदन्त भवान्त भयान्त इति वा संस्कारो विधेयः, तत्र भदन्तः-कल्याणः सुखश्चोच्यते तद्रूपत्वात्तद्धेतुत्वाद्वेति, तथा भवस्य संसारस्यान्तो विनाशः तेनाचार्येण समाश्रित-सत्त्वानां क्रियत इति भवान्तकरत्वात् भवान्तः, तथा भयमिहपरलोकादानाकस्मादश्लोका-जीविकामरणभेदात्सप्तधा वक्ष्यमाणलक्षणं**[१]**, एतस्य सप्तविधभयस्य यमाचार्यं प्राप्यान्तो भवति स भयान्त इति । एतच्च गुर्वामन्त्रणं गुरुसाक्षिकैव व्रतप्रतिपत्तिः साध्वीति ज्ञापनार्थं सर्वशुभा-नुष्ठानगुरुतन्त्रताप्रतिपादनार्थं चेति । महच्च तद्व्रतं च महाव्रतं तस्मिन्** महाव्रते, **महत्त्वं चास्य श्रावकसम्बन्ध्यणुव्रतापेक्षयेति । अत्रान्तरे सप्तचत्वारिंशदधिकप्रत्याख्यानभङ्गशताधिकारः, तच्चोपरिष्टाद्वक्ष्यामः ।** प्राणा **इन्द्रियादयः**, तेषामतिपातो-**विनाशः** प्राणातिपातो **जीवस्य महा-**

१. तत्रेहलोकाद्भयमिहलोकभयं । तथा परलोकात्परभवाद्भयं परलोकभयं । तथाऽऽदानं द्रव्यजातं तस्य नाशहरणादिभ्यो भयमादानभयं । तथा बाह्यनिमित्तमन्तरेणाहेतुकं भयमकस्माद्भयं । तथाऽश्लोको-ऽश्लाघा तस्माद्भयं अश्लोकभयं । तथाऽऽजीविका दुर्जीविका, तदुत्थं भयमाजीविकाभयं । तथा मरणं प्राणत्यागस्ततो भयं मरणभयम् ॥

दुःखोत्पादनं न तु जीवातिपात एव, तस्माद् विरमणं-सम्यग्ज्ञानश्रद्धानपूर्वकं सर्वथा निवर्तनम्। भगवतोक्तमिति शेषः। यतश्चैवमतो उपादेयमेतदिति विनिश्चित्य सर्वं-निरवशेषं न तु परि-स्थूरमेव, भदन्तेति गुर्वामन्त्रणं, प्रतिपदमनुवृत्तिज्ञापनार्थं च पुनरस्योपन्यासः, प्राणातिपातं-जीवितविनाशं प्रत्याख्यामि-परिवर्ज्जयामीत्यर्थः, अथवा प्रत्याचक्षे संवृतात्मा साम्प्रतमनागत-प्रतिषेधस्यादरेणाभिधानं करोमीत्यर्थः। अनेन व्रतार्थपरिज्ञानादिगुणयुक्तो व्रतार्ह इत्यावेद-यति। उक्तं च —

"पढिए य कहिय अहिगय, परिहर उवट्ठावणाए कप्पोत्ति।
छक्कं तिहिं विसुद्धं, परिहर नवएण भेएण ॥१॥
पडपासाउरमाई, दिट्ठंता हुंति वयसमारूहणे।
जह मलिणाइसु दोसा, सुद्धाइसु नेयमिहइं पि ॥२॥

एयासिं लेसओ विवरणं — पढियाए सत्थ[1]( ३०० )परिन्नाए छज्जीवणियाए[2] वा, तीए चेव कहियाए गुरूणा वक्खायाए, अहिगयाए अत्थओ परिन्नायाए, सम्मं परिहरंतो उवट्ठावणाए[3] कप्पो-जोग्गो। परिहारमेव वक्खाणेइ — छक्कंति-छज्जीवनिकाए, तिहिं-मणवयकाएहिं, विसुद्धं परिहरइ नवएण भेएण पत्तेयं मणाइकयकारियाणुमइसरूवेण। सम्मं च परिक्खिऊण उवट्ठाविज्जइ नण्णहा। इमे य एत्थ दिट्ठंता — मइलो पडो न रंगिज्जइ सोधिओ[4] चेव रंगि-ज्जइ। असोहिए मूलपाए पासाओ न कीरइ, सोहिए चेव कीरइ। वमणाईहिं असोहिए आउरे ओसहं न दिज्जइ, सोहिए चेव दिज्जइ। आइसद्दाओ असंठविए[5] रयणे पडिबंधो न कज्जइ संठविए चेव कज्जइ। एवं पढियकहियाईहिं असोहिए सीसे न वयावरोवणं कज्जइ, सोहिए चेव कज्जई। असोहिए य करणे गुरुणो दोसो, सोहिए यापालणे सीसस्स दोसो त्ति॥"

कृतं प्रसङ्गेन, प्रकृतमुच्यते।

तत्र यदुक्तं — "सर्व्वं भदन्त ! प्राणातिपातं प्रत्याख्यामि" तदेतद्विशेषतोऽभिधित्सु-राह - से सुहुमं वेत्यादि। सेशब्दो मागधदेशीप्रसिद्धः अथशब्दार्थः, स चोपन्यासे तद्यथा — सूक्ष्मं वा बादरं वा त्रसं वा स्थावरं वा। अत्र सूक्ष्मोऽल्पः परिगृह्यते न तु सूक्ष्मनामकर्मोदयात् सूक्ष्मः, तस्य कायेन व्यापादनासम्भवात्, बादरोऽपि स्थूलो, वाशब्दौ परस्परापेक्षया समुच्चये, स चैकैको द्विधा — त्रसः स्थावरश्च, तत्र सूक्ष्मस्त्रसः कुन्थ्वादिः, स्थावरो वनस्पत्यादिः, बादरस्तु त्रसो गवादिः, स्थावरः पृथिव्यादिः। अत्रापि वाशब्दौ समुच्चये। एतान् पूर्वोक्तान् नैव स्वयं आत्मना प्राणिनो जीवान् अइवाएज्ज त्ति विभक्तिव्यत्ययादतिपातयामि विनाशयामि मारयामीति-यावत्, नैवान्यैः आत्मव्यतिरिक्तजनैः प्राणिनोऽतिपातयामि, प्राणिनोऽतिपातयतोऽप्यन्यान् परान्

१. आचाराङ्गप्रथमश्रुतस्कन्धप्रथमाध्ययनं। २. दशवैकालिकचतुर्थाध्ययनं। ३. उपस्थापनायाः-महाव्रतारोपणायाः। ४. सोहिओ प्र०। ५. असंस्थापिते।

न समनुजानाम्यनु**मोदयामि, कथम् ? इत्याह** — जावज्जीवाए **इत्यादि** । जावज्जीवाए **त्ति प्राकृतत्वाज्जीवनं जीवः प्राणधारणं, यावज्जीवो यावज्जीवं, यावदियत्त्वे** [1] **( सि ३-१-३१ ) इत्यनेनाव्ययीभावसमासः, ततश्च** यावज्जीवं **प्राणधारणं यावत् । अथवा अलाक्षणिकवर्ण-लोपाद् यावज्जीवं भावो यावज्जीवता, तया** यावज्जीवतया **आ प्राणोपरमादित्यर्थः । परतस्तु-न विधिर्नापि प्रतिषेधो विधावाशंसादोषप्रसङ्गात् प्रतिषेधे तु सुरादिषु अविरतेषूत्पन्नस्य भङ्गप्रसङ्गात् ।**

**ટીકાર્થ :-**

तत्र=ત્યાં એટલે કે તે છ વ્રતમાં. ગાથામાં રહેલા खलु શબ્દથી મધ્યમ બાવીસ તીર્થકરોએ કહેલા ચાર વ્રતમાં. અથવા खलु શબ્દ વાક્યના અલંકાર માટે જાણવો.

प्रथमे=પ્રથમ એટલે કે સૂત્રમાં બતાવેલા ક્રમ પ્રમાણે પ્રથમ એવા મહાવ્રતમાં.

भंते - આ શબ્દ ગુરુને આમંત્રણ=સંબોધન અર્થમાં છે. ભદન્ત, ભવાન્ત અને ભયાન્ત એ ત્રણે શબ્દોનું પ્રાકૃતમાં भंते એમ એકજ રૂપ થાય છે. માટે આ भंते શબ્દનો ભદન્ત, ભવાન્ત કે ભયાન્ત એ પ્રમાણે સંસ્કાર (ફેરફાર) કરવો.

તેમાં ભદન્ત=કલ્યાણ અને સુખ. ગુરુ કલ્યાણ અને સુખ રૂપ હોવાથી અથવા તેના કારણ હોવાથી ગુરુ પણ ભદન્ત કહેવાય. તથા આચાર્ય (=ગુરુ) પોતાના આશ્રિત જીવોના ભવ એટલે કે સંસારનો અંત કરે છે, માટે ભવાન્ત કરનાર હોવાથી આચાર્ય ભવાન્ત પણ કહેવાય છે. તથા આચાર્યને પામીને સાતે પ્રકારના ભયનો અંત થાય છે, માટે આચાર્ય ભયાન્ત કહેવાય છે. સાત પ્રકારના ભય આ પ્રમાણે છે. - ઇહલોકભાય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, અશ્લોકભય, આજીવિકાભય અને મરણભય. આ સાતે ભયનું લક્ષણ આગળ કહેવાશે.

આ ભંતે શબ્દ દ્વારા ગુરુને આમંત્રણ કર્યું તે - ૧. 'ગુરુની સાક્ષીએ જ વ્રતનો સ્વીકાર કરવો યોગ્ય છે' એ જણાવવા માટે તથા ૨. 'બધા જ શુભ અનુષ્ઠાનો ગુરુને આધીન છે' એ જણાવવા માટે છે.

महाव्रते - મોટું એવું વ્રત તે મહાવ્રત. શ્રાવક સંબંધી અણુવ્રતની અપેક્ષાએ આ વ્રત મોટું છે. માટે મહાવ્રત કહેવાય છે. અહીં પ્રત્યાખ્યાનના ૧૪૭ ભાંગાનો અધિકાર છે. તે ભાંગાઓ વૃત્તિકારશ્રી આગળ કહેશે. [જુઓ પાના નં. ૪૮-૫૦]

प्राणातिपाताद्विरमणं - [હવે પ્રાણાતિપાત અને વિરમણની વ્યાખ્યા કરે છે] પ્રાણો ઇન્દ્રિય વગેરે દશ પ્રકારે. તેઓને અતિપાત=વિનાશ તે પ્રાણાતિપાત. જીવને મોટું દુઃખ પહોંચાડવું એ પણ પ્રાણાતિપાત છે, માત્ર જીવને મારી નાખવો એ જ પ્રાણાતિપાત નથી. તેનાથી વિરમણ એટલે કે સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધા પૂર્વક સર્વથા અટકવું તે પ્રાણાતિપાતવિરમણ. "ભગવાને કહ્યું છે" - આટલું અધ્યાહાર જાણવું.

જે કારણથી આમ છે તે કારણથી (=ભગવાને કહ્યું હોવાથી) ઉપાદેય છે, એ પ્રમાણે નિશ્ચિત કરીને -

---

१. 'यावज्जीवता'शब्दात् 'ता'वर्णस्य लोपात् ।

सर्वं भदन्त ! प्राणातिपातं प्रत्याख्यामि=હે ભદન્ત ! હું સર્વ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું. સર્વ=નિરવશેષ=બધા જ પ્રાણાતિપાતનું, માત્ર સ્થૂલ પ્રાણાતિપાતનું નહીં. 'ભદન્ત !' એ ગુરુને આમંત્રણ છે. દરેકે દરેક પદમાં આની અનુવૃત્તિ જણાવવા માટે [= આ દરેક પદો ગુરુને સંબોધીને બોલાઈ રહ્યા છે એ જણાવવા માટે] આ આમંત્રણવચન ફરીથી કહ્યું છે. પ્રત્યાખ્યાન કરું છું એટલે કે પરિવર્જન=ત્યાગ કરું છું. અથવા વર્તમાનમાં સંવૃત્ત (=પ્રાણાતિપાતથી અટકેલો) છે જેનો આત્મા એવો હું ભવિષ્યમાં આ નહીં કરું એ પ્રમાણે આદરથી કહું છું.

આ જણાવવા વડે વ્રતના અર્થનું પરિજ્ઞાન વગેરે ગુણોથી યુક્ત જીવ જ વ્રત માટે યોગ્ય છે તે કહે છે. કહ્યું છે -

'જે ભણી ગયો હોય, જેને [ગુરુએ] અર્થ કહ્યો હોય, જેને તે અર્થ સમજાઈ ગયો હોય અને જે જાણ્યા પછી પાપસ્થાનનો ત્યાગ કરતો હોય તે શિષ્ય ઉપસ્થાપના માટે યોગ્ય થાય છે. છ વસ્તુને, ત્રણ વડે વિશુદ્ધ રીતે, નવ ભેદ વડે પરિહરે. ||૧||

વ્રતસમારોહણમાં વસ્ત્ર, પ્રાસાદ, રોગી વગેરે દૃષ્ટાંતો છે. જેમ મલિનમાં દોષો છે અને શુદ્ધમાં નથી તેમ અહીં પણ જાણવું. ||૨||'

આ ગાથાઓનું વિવરણ - આચારાંગસૂત્રનું શસ્ત્રપરિજ્ઞાઅધ્યયન અથવા દશવૈકાલિકસૂત્રનું છજીવનિકા અધ્યયન ભણ્યે છતે, ગુરુએ તેનું વ્યાખ્યાન=અર્થ કહ્યે છતે અને શિષ્યે તે અધ્યયનને અર્થથી જાણી લીધે છતે સમ્યક્ રીતે પરિહાર કરતો શિષ્ય ઉપસ્થાપના [=મહાવ્રતોનું આરોપણ= વડીદીક્ષા] માટે યોગ્ય થાય. શેનો પરિહાર કરતો ? તે કહે છે - છ જીવનિકાયને

૧. મન, વચન અને કાયા એ ત્રણે વડે વિશુદ્ધ રીતે અને

૨. મન, વચન અને કાયા વડે કરવું, કરાવવું અને અનુમોદવું એ નવ ભેદો વડે પરિહરે. [એટલે કે તેઓની હિંસા ન કરે.]

સમ્યક્ પરીક્ષા કરીને જ ઉપસ્થાપના કરાય, એ સિવાય નહીં. અહીં આ દૃષ્ટાંતો છે -

૧. વસ્ત્ર - મેલા વસ્ત્રને રંગવામાં આવતું નથી, શુદ્ધને જ રંગવામાં આવે છે.

૨. પ્રાસાદ - પાયો=મૂળ શુદ્ધ કર્યા વિના પ્રાસાદ=મહેલ બનાવાતો નથી. શુદ્ધ કર્યા પછી જ બનાવાય છે.

૩. રોગી - રોગીને વમન, વિરેચન વગેરે વડે શુદ્ધ કર્યા વિના ઔષધ અપાતું નથી, શુદ્ધ કર્યા પછી જ અપાય છે.

ગાથામાંના 'આદિ' શબ્દથી રત્નને પાસા પાડ્યા વિના આભૂષણમાં નથી જડાતું, પાસા પાડીને જ જડાય છે.]

આ રીતે ભણવું - કહેવું વગેરે વડે શિષ્યને શુદ્ધ=તૈયાર કર્યા વિના વ્રતોનું આરોપણ કરવામાં આવતું નથી. તૈયાર કર્યા પછી જ કરવામાં આવે છે. શિષ્યને તૈયાર કર્યા વિના વ્રતોનું આરોપણ

કરવામાં આવે તો ગુરુનો દોષ છે. તૈયાર કરેલો શિષ્ય વ્રતોનું પાલન ન કરે તો શિષ્યનો દોષ છે. વધુ વિસ્તારથી સર્યું. પ્રકૃત [=અત્યારે જેની વાત ચાલે છે તે] કહીએ છીએ.

પહેલાં જે કહ્યું - 'હે ભદન્ત ! સર્વ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું.' તેને જ વિશેષથી કહેવાની ઇચ્છાથી કહે છે - से सुहुमं वा વગેરે. से શબ્દ મગધદેશપ્રસિદ્ધ अथ='હવે' અર્થમાં છે. તે વાક્યની શરૂઆત માટે છે. [માટે સંસ્કૃત છાયા આ પ્રમાણે થશે -] तद्यथा - सूक्ष्मं वा बादरं वा त्रसं वा स्थावरं वा=તે આ પ્રમાણે - સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર. અહીં સૂક્ષ્મ=અલ્પ=નાનો જીવ લેવો, સૂક્ષ્મનામકર્મના ઉદયથી સૂક્ષ્મ ન લેવો, કેમકે તેની કાયાથી હિંસા થઈ શકતી નથી. તેજ રીતે બાદર=સ્થૂલ=મોટો જીવ લેવો. "वा" શબ્દો એકબીજાની અપેક્ષાએ સમુચ્ચય માટે છે. સૂક્ષ્મ અને બાદર બંને બે-બે પ્રકારે-ત્રસ અને સ્થાવર. તેમાં સૂક્ષ્મ ત્રસ કુંથુવા આદિ, સૂક્ષ્મ સ્થાવર વનસ્પતિ આદિ, બાદર ત્રસ ગાય આદિ અને બાદર સ્થાવર પૃથ્વી આદિ. અહીં પણ "वा" શબ્દો સમુચ્ચય માટે છે.

नैव स्वयं प्राणिनोऽतिपातयामि, नैवान्यैः प्राणिनोऽतिपातयामि, प्राणिनोऽतिपातयतोऽप्यन्यान्न समनुजानामि - અહીં સૂત્રમાં अइवाएज्जा - વિધ્યર્થ ત્રીજો પુરુષ એકવચન છે, પણ તે વિભક્તિ બદલીને अतिपातयामि એમ વર્તમાનકાળ પ્રથમ પુરુષ એકવચન કરવું. આ પૂર્વોક્ત પ્રાણીઓ=જીવોનો હું અતિપાત=વિનાશ નહીં કરું એટલે કે મારીશ નહીં, મારા સિવાયના બીજાઓ વડે જીવો મરાવીશ નહીં અને જીવોને મારી રહેલા બીજાઓને અનુમોદીશ નહીં. કેવી રીતે ? તે કહે છે -

जावज्जीवाए - જ્યાં સુધી જીવન છે=પ્રાણ ધારણ કરું છું ત્યાં સુધી. અહીં સંસ્કૃત 'यावज्जीवं'નું પ્રાકૃત હોવાથી जावज्जीवाए થયું છે. જીવન=જીવ=પ્રાણધારણ. यावद् અવ્યય इयत्त्व - इयत्ता (માપ) અર્થમાં છે. यावद्=જ્યાં સુધી. यावद् जीवः यावज्जीवं એ પ્રમાણે અવ્યયીભાવ સમાસ થયો છે.

અથવા यावज्जीवं भावो=જ્યાં સુધી જીવ રહે ત્યાં સુધી રહેવાપણું તે यावज्जीवता, તેના વડે (તૃતીયા વિભક્તિ) यावज्जीवतया આમાં અલાક્ષણિકવર્ણ त નો લોપ કરીને પ્રાકૃતમાં [जावज्जीवयाएના બદલે] जावज्जीवाए કર્યું એટલે કે પ્રાણ સમાપ્ત થાય ત્યાં સુધી=મરણ સુધી.

ત્યારપછી વિધિ [=પ્રાણાતિપાત કરીશ] પણ નથી અને નિષેધ [=પ્રાણાતિપાત નહીં કરું] પણ નથી, કેમકે વિધિમાં આશંસાદોષનો પ્રસંગ આવે છે, [એટલે કે મરણ પછી પ્રાણાતિપાત કરવાની આશંસા=ઇચ્છા છે એવો અર્થ થશે, જે દોષરૂપ છે.] અને પ્રતિષેધમાં મરણ પછી દેવ વગેરે ગતિમાં અવિરતપણે ઉત્પન્ન થતા વ્રતનો ભંગ થશે. [એટલે કે મરણ પછી પણ પ્રાણાતિપાતનો પ્રતિષેધ છે એમ માનીશું તો મરણ પછી તો કોઈપણ ગતિમાં અવિરતપણે જ ઉત્પત્તિ છે એટલે ત્યાં વ્રતનું પાલન નથી માટે વ્રતનો ભંગ થશે.]

**ટીકા :-**

**किम् ? इत्याह — तिस्रो विधा यस्य प्राणातिपातस्येति गम्यते असौ** त्रिविधः **तं,** त्रिविधेन **करणेन, एतदेव दर्शयति** — मनसा **अन्तःकरणेन,** वाचा **वचनेन,** कायेन **शरीरेण । अस्य च**

**करणस्य कर्म उक्तलक्षणः प्राणातिपातः, तमपि वस्तुतो निराकार्यतया सूत्रेणैव दर्शयन्नाह** — न करोमि **स्वयं**, न कारयामि **अन्यैः**, कुर्वन्तमप्यन्यं न समनुजानामि **नानुमन्येऽहमिति । अत्राह — किं पुनः कारणमुद्देशक्रममतिलङ्घ्य व्यत्ययेन निर्देशः कृत इति ? अत्रोच्यते — करणायत्ता कृतादिरूपा क्रिया प्रवर्तत इति दर्शनार्थं । तथाहि — कृतादिरूपा क्रिया मनःप्रभृतिकरण-वशा एव, करणानां भावे क्रियाया अपि भावात्, अभावे चाभावात्, करणानामेव तथा-क्रियारूपेण परिणतेरिति भावः । अपरस्त्वाह — 'न करोमि न कारयामि कुर्वन्तं न समनु-जानामी'त्येतावता ग्रन्थेन गतेऽपि "अप्यन्यम्" इत्यतिरिच्यते, तथा चातिरिक्तेन सूत्रेण नार्थ इति । अत्रोच्यते — साभिप्रायकमिदमनुक्तस्याप्यर्थस्य संग्रहार्थं, यस्मात्सम्भावनाऽर्थोऽयम-पिशब्द उभयपदमध्यस्थ एतदावेदयति — यथा कुर्वन्तं नानुजानामि एवं कारयन्तमप्यन्यं अनुज्ञापयन्तमप्यन्यं न समनुजानामीति । तथा यथा वर्तमानकाले कुर्वन्तमन्यं न समनुजानामि एवमपिशब्दादतीतकाले कुर्वन्तमपि कारितवन्तमपि अनुज्ञापितवन्तमपि, एवमनागतकाले-ऽपीति । तथा न क्रियाक्रियावतोर्भेद एवातो न केवला क्रिया सम्भवतीति ख्यापनार्थमन्य-ग्रहणमिति । तथा** तस्य **त्रिकालभाविनोऽधिकृतप्राणातिपातस्य संबन्धिनमतीतमवयवं न तु वर्तमानमनागतं वा, अतीतस्यैव प्रतिक्रमणत्वात् ।** भदन्तेति **गुर्वामन्त्रणं प्राग्वत् ।**

ટીકાર્થ :-

જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી શું કરીશ ? તે કહે છે -

त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन न करोमि, न कारयामि, कुर्वन्तमप्यन्यं न समनुजानामि=ત્રણ પ્રકારના પ્રાણાતિપાતને મન=અંતઃકરણ, વચન અને કાયા=શરીર એ ત્રણ કરણ (=સાધન) વડે હું પોતે નહીં કરું, બીજાઓ વડે નહીં કરાવું અને કરી રહેલા બીજાની અનુમોદના નહીં કરું. અહીં મન વગેરે ત્રણે કરણોનું કર્મ જેનું લક્ષણ અગાઉ કહ્યું છે તે પ્રાણાતિપાત છે અને તે પણ ખરેખર (निराकार्य=) ત્યાગ કરવા યોગ્ય છે તે "હું પોતે નહીં કરું......" વગેરે સૂત્રથી દર્શાવ્યું છે.

**શંકા** - કયા કારણથી ઉદ્દેશક્રમને ઓળંગીને ઊલટો નિર્દેશ કર્યો છે ?

[અહીં આશય એ છે કે ઉદ્દેશ तिविहं तिविहेणं એ ક્રમે કર્યો છે એટલે કે ત્રણ પ્રકારના પ્રાણાતિપાતને ત્રણ કરણો વડે નહીં કરું. તો ત્રણ પ્રકારનો પ્રાણાતિપાત (એટલે કે હું સ્વયં નહીં કરું..... વગેરે) પહેલા કહેવો જોઈએ અને ત્રણ કરણો (મન વગેરે) પછી કહેવા જોઈએ. એના બદલે પહેલા મન વગેરે કરણો અને પછી હું સ્વયં નહીં કરું.... વગેરે કહ્યું એમ ઊલટું કેમ કહ્યું ?]

**સમાધાન** - કરવું વગેરે ક્રિયા કરણોને આધીન પ્રવર્તે છે એ બતાવવા ઊલટો નિર્દેશ કર્યો છે. ક્રિયા કરણોને આધીન છે તે આ પ્રમાણે - કરવું વગેરે ક્રિયા મન વગેરે કરણોને વશ જ છે, કેમકે કરણો હોતે છતે જ ક્રિયા હોઈ શકે છે, કરણોના અભાવમાં ક્રિયાનો પણ અભાવ હોય છે અને આનું પણ કારણ એ છે કે કરણો જ તે-તે ક્રિયારૂપે પરિણમે છે.

**શંકા** - 'न करोमि न कारयामि कुर्वन्तं न समनुजानामि' આટલું કહેવાથી જ સમજાઈ જાય છે. તો 'कुर्वन्तं अपि अन्यं न...' એમ કહ્યું હોવાથી अपि અને अन्यं એ બે શબ્દો વધારાના છે. એટલે આ શબ્દો નિરર્થક છે.

**સમાધાન** - આ બંને શબ્દો નહીં કહેલા અર્થના સંગ્રહ માટે અભિપ્રાયપૂર્વક કહ્યા છે. બંને પદની મધ્યમાં રહેલો अपि શબ્દ સંભાવનાના અર્થમાં છે અને જણાવે છે કે જે રીતે [પ્રાણાતિપાત] કરી રહેલા બીજાની અનુમોદના નહીં કરું એ રીતે કરાવી રહેલા બીજાની અને અનુમોદી રહેલા બીજાની પણ અનુમોદના નહીં કરું. તથા જે રીતે વર્તમાનકાળે કરી રહેલા બીજાની અનુમોદના નહીં કરું એ રીતે अपि શબ્દથી ભૂતકાળમાં બીજાએ કર્યું હોય, કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય તેની પણ અનુમોદના નહીં કરું અને એ રીતે ભવિષ્યકાળમાં બીજો કરશે, કરાવશે કે અનુમોદશે એની પણ અનુમોદના નહીં કરું તથા ક્રિયા અને ક્રિયાવાન્ (ક્રિયા કરનાર=કર્તા)નો માત્ર ભેદ જ નથી, [કથંચિત્ અભેદ પણ છે] માટે [કર્તા વિના] માત્ર ક્રિયા સંભવતી નથી - આ બતાવવા માટે સૂત્રમાં अन्यं શબ્દનું ગ્રહણ કર્યું છે. [જે કર્તા બતાવે છે.]

તથા तस्य=ત્રણે કાળમાં થતા અધિકૃત પ્રાણાતિપાતના સંબંધી માત્ર ભૂતકાળના અવયવનું જ [प्रतिक्रमामि=પ્રતિક્રમણ કરું છું... વગેરે સંબંધ જોડવો.] વર્તમાન કે ભવિષ્યકાળ સંબંધી અવયવનું નહીં, કેમકે ભૂતકાળનું જ પ્રતિક્રમણ થાય છે.

ભદન્ત શબ્દ પૂર્વવત્ ગુરુને આમંત્રણના અર્થમાં છે.

ટીકા :-

प्रतिक्रामामि **मिथ्यादुष्कृतं तत्र प्रयच्छामीत्युक्तं भवति । तच्च द्रव्यतो भावतश्च सम्भवति । तत्राद्ये कुलालोदाहरणम् —**

**''किर एगया एगस्स कुंभगारस्स कुडीए साहुणो ठिया । तत्थेगो चेल्लगो चवलत्तणेण तस्स कुंभगारस्स कोलालाणि[१] अंगुलिधणुहएणं पाहाणेहिं विंधेइ । कुंभकारेण पडिजग्गिओ[२] दिट्ठो भणिओ – 'खुड्डगा ! कीस मे कोलालाणि काणेसि ?' खुड्डओ भणइ – 'मिच्छामि दुक्कडं न पुणो विंधिस्सं मणागं पमायं गओमि त्ति ।' एवं सो पुणोवि केलिकीलत्तणेण विंधिऊण चोइओ मिच्छामि दुक्कडं देइ । पच्छा कुंभकारेण सढोत्ति नाऊण तस्स खुड्डगस्स कन्नामोडओ दिन्नो । सो भणइ — 'दुक्खविओऽहं ।' कुंभकारो भणइ — 'मिच्छामि दुक्कडं ।' एवं सो पुणो पुणो कन्नामोडयं दाऊण मिच्छामि दुक्कडं करेइ । पच्छा चेल्लओ भणइ — 'अहो सुन्दरं मिच्छामि दुक्कडं ति ।' कुंभकारो भणइ — 'तुब्भेवि एरिसं चेव मिच्छामि दुक्कडं ति ।' पच्छा ठिओ विंधेयव्वस्स । किञ्च —**

१. भाण्डानि । २. गवेषितः ।

'जं दुक्कडं ति मिच्छा तं चेव निसेवई पुणो पावं ।
पच्चक्खमुसावाई मायानियडीपसंगो य ॥१॥' [ आव. नि. ६८५ ]

इदं द्रव्यप्रतिक्रमणम् । भावप्रतिक्रमणे तु मृगावत्युदाहरणं —

''भगवं वद्धमाणसामी कोसंबीए समोसरिओ । तत्थ चंदसूरा भगवंतं वंदगा सविमाणा ओइन्ना । तत्थ मिगावई अज्जा उदयणमाया दिवसो त्ति काउं चिरं ठिया । सेसाओ साहुणीओ तित्थगरं वंदिऊण पडिगयाओ, चंदसूरावि सट्ठाणं पत्ता । ताहे सिग्घमेव वियाली[१]हूयं । मिगावई वि संभंता गया सोवस्सयं । साहुणीओ वि कयावस्सयाओ अच्छंति । तओ मिगावई आलोएउं पवत्ता । अज्जचंदणाए भन्नइ — 'कीस अज्जे ! चिरं ठियाऽसि ? जुत्तं नाम तुज्झ उत्तमकुलप्पसूयाए एगागिणीए एच्चिरं अच्छिउं ?' ति । सा सब्भावेण मिच्छामि दुक्कडं भणमाणी अज्जचंदणाए पाएसु निवडिया । अज्जचंदणाए वि ताए वेलाए संथारगगयाए निद्दा आगया, मिगावईए वि तिव्वसंवेगमावन्नाए पायवडियाए चेव केवलणाणं समुप्पन्नं । सप्पो य तेणं मग्गेणं समागओ, अज्जचंदणाए य संथारगाओ हत्थो लंबइ । मिगावईए मा खज्जिहि त्ति सो हत्थो संथारगं चडाविओ । सा विबुद्धा भणइ — 'किमेयं ति अज्जवि तुमं अच्छसि त्ति ? मिच्छामि दुक्कडं निद्दापमाएणं न उट्ठविया सि ।' मिगावई भणइ — 'एस सप्पो मा भे खाहिइ त्ति अओ हत्थो चडाविओ ।' सा भणइ — कहिं सो ?, सा दाएइ[२], अज्जचंदणा अपेच्छमाणी भणइ — 'अज्जे ! किं ते अइसयो ?' सा भणइ — 'आमं ।' 'तो किं छाउमत्थिओ केवलिओ त्ति ?' सा भणइ — 'केवलिओ त्ति ।' पच्छा अज्ज-चंदणा मियावईए पाएसु पडिउं भणइ — 'मिच्छामि दुक्कडं, केवली आसाइओ' त्ति'' । इदं भावप्रतिक्रमणम् ।

किञ्च —

'जइ य पडिक्कमियव्वं, अवस्स काऊण पावयं कम्मं ।
तं चेव न कायव्वं, तो होइ पए पडिक्कंतो ॥१॥' [ आव. नि. गा. ६८३ ]

ટીકાર્થ :-

प्रतिक्रमामि=પ્રતિક્રમણ કરું છું એટલે કે તેનું મિચ્છા મિ દુક્કડં આપું છું. તે મિચ્છા મિ દુક્કડં દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે અપાય છે. તેમાં દ્રવ્યથી મિચ્છા મિ દુક્કડંમાં કુંભારનું ઉદાહરણ આ પ્રમાણે -

એકવાર એક કુંભારની ઝૂંપડીમાં સાધુઓ રહ્યા. તેમાં એક બાલમુનિ ચપળ હોવાથી આંગળીઓનું ધનુષ્ય બનાવી પત્થરોથી તે કુંભારના માટીના ઘડાઓમાં કાણાં પાડે છે. કુંભારે તપાસ

१. अन्धकारः जातः ।　　२. दर्शयति ।

કરતા તેને જોયો અને કહ્યું - 'હે ક્ષુલ્લક (બાળમુનિ) ! શા માટે મારા વાસણોમાં કાણાં પાડો છો ?' ક્ષુલ્લકે કહ્યું - 'મિચ્છા મિ દુક્કડં, હવે કાણાં નહીં પાડું. થોડો પ્રમાદ થઈ ગયો.' એ રીતે તે રમતિયાળ હોવાથી ફરી પાછો કાણાં પાડીને કુંભારે ઠપકો આપતા મિચ્છા મિ દુક્કડં આપે છે. પછી કુંભારે શઠ (લુચ્ચો) છે એમ જાણી એ ક્ષુલ્લકનો કાન મરડ્યો. તે બોલે છે - 'મને દુઃખાડ્યું (દુઃખ પમાડ્યું).' કુંભાર કહે છે - 'મિચ્છા મિ દુક્કડં.' એ રીતે તે ફરી ફરી કાન મરડી મિચ્છા મિ દુક્કડં આપે છે. પછી ક્ષુલ્લક [કટાક્ષમાં] કહે છે - 'વાહ ! તમારું મિચ્છા મિ દુક્કડં સુંદર છે.' કુંભાર કહે છે - 'તમારું મિચ્છા મિ દુક્કડં પણ એવું જ છે.' પછી તે ક્ષુલ્લકે ઘડા ફોડવાનું બંધ કર્યું.

કહ્યું છે કે - "જે દુષ્કૃતનું મિચ્છા મિ દુક્કડં આપે છે તે જ પાપનું જે ફરીથી સેવન કરે છે, તે પ્રત્યક્ષ મૃષાવાદી=સાક્ષાત્ જૂઠું બોલનારો છે. એમાં એને માયા - નિકૃતિ=આંતરિક અને બાહ્ય દંભની આપત્તિ આવે છે." ॥૧॥ [આવ. નિ. ગા. ૬૮૫]

આ દ્રવ્યપ્રતિક્રમણ કહ્યું. ભાવપ્રતિક્રમણમાં મૃગાવતીજી સાધ્વીનું ઉદાહરણ છે -

ભગવાન વર્ધમાનસ્વામી કૌશાંબીનગરીમાં સમવસર્યા. ત્યાં ચંદ્ર અને સૂર્ય ભગવાનને વંદન કરવા પોતાના મૂળ વિમાન સાથે આવ્યા. તેઓના પ્રકાશને કારણે ઉદયનની માતા મૃગાવતી સાધ્વી દિવસ છે એમ માનીને લાંબો સમય સમવસરણમાં રહ્યા. બાકીના સાધ્વીજીઓ તીર્થંકરને વંદન કરીને પાછા ગયા. ચંદ્ર અને સૂર્ય પણ સ્વસ્થાને ગયા. ત્યારે એકદમ અંધારું થઈ ગયું. મૃગાવતીજી સાધ્વી પણ સંભ્રાંત થયા. (રાત્રિ થઈ ગઈ છે એ ખબર પડતાં ચોંકી ગયા.)

પોતાના ઉપાશ્રયમાં ગયા. સાધ્વીજીઓએ પ્રતિક્રમણ કરી લીધું હતું. ત્યારે મૃગાવતીજી સાધ્વી આલોચના આપવા [દિવસ દરમિયાન થયેલ અતિચારો જણાવવા] લાગ્યા. આર્યચંદનાએ કહ્યું - સાધ્વી ! કેમ લાંબો કાળ રહ્યા ? શું ઉત્તમ કુળમાં જન્મેલા એવા તમને આટલો કાળ એકલા રહેવું યોગ્ય છે ? મૃગાવતીજી સાધ્વી સાચા ભાવપૂર્વક મિચ્છા મિ દુક્કડં બોલતાં આર્યચંદનાના પગે પડ્યાં. સંથારામાં રહેલા આર્યચંદનાને પણ તે જ સમયે ઊંઘ આવી ગઈ. આર્ય ચંદનાને પગે પડેલા મૃગાવતીજી સાધ્વી પણ તીવ્ર સંવેગને પામ્યા અને તેમને કેવળજ્ઞાન થયું. ત્યારે એક સર્પ તે માર્ગેથી આવ્યો. આર્યચંદનાનો હાથ સંથારાની બહાર નીકળેલો હતો. મૃગાવતીજી સાધ્વીએ સર્પ ડંખ ન મારે માટે તેમનો હાથ સંથારામાં મૂક્યો. આર્યચંદના જાગી ગયા અને કહ્યું - 'શું થયું ? શું હજુ તમે બેઠા છો ? મિચ્છા મિ દુક્કડં. નિદ્રાપ્રમાદથી (મને ઊંઘ આવી જવાથી) મેં તમને ઊભા ન કર્યા. (જવાની રજા ન આપી.)' મૃગાવતીજી કહે છે - 'આ સર્પ આપને ડંખ ન મારે એ માટે મેં આપનો હાથ સંથારામાં મૂક્યો.' આર્યચંદના કહે છે - 'તે (સર્પ) ક્યાં છે ?' મૃગાવતીજી બતાવે છે. આર્યચંદના સર્પને ન જોતાં કહે છે - 'હે આર્યા ! શું તમને અતિશય છે ?' મૃગાવતીજી કહે છે - 'હા.' આર્યચંદના પૂછે છે - 'છાદ્મસ્થિક (છદ્મસ્થ સંબંધી) કે કૈવલિક (=કેવલી સંબંધી) ?' મૃગાવતીજી કહે છે - 'કૈવલિક'. પછી આર્યચંદના મૃગાવતીજીને પગે પડીને કહે છે - 'મિચ્છા મિ દુક્કડં. કેવલીની આશાતના કરી.' [પછી તેમને પણ કેવળજ્ઞાન થાય છે.] આ ભાવપ્રતિક્રમણ છે.

કહ્યું છે કે - "જો પાપ કર્મ કરીને પછી અવશ્ય પ્રતિક્રમણ કરવાનું હોય તો તે પાપકર્મ જ ન કરવું. તે રીતે / તો જ તેનાથી (તે પદથી) સાચું પ્રતિક્રમણ થાય." ॥૧॥ [આવ. નિ. ગા. ૬૮૩]

ટીકા :-

**तथा** 'निन्दामि गरिहामी'**ति । अत्रात्मसाक्षिकी निन्दा, परसाक्षिकी गर्हा, जुगुप्सोच्यते । निन्दाऽपि द्रव्यतो भावतश्च संभवति । तत्र द्रव्यनिन्दा चित्रकरदारिकाया इव -**

**"सा किर चित्तगरदारिया ओवरियं[१] पविसिऊण कवाडाणि पिहिऊण चिराणए मणियए चीराणि य पुरओ काउं अप्पाणं निंदियाइया जहा — 'तुमं चित्तगरदारिया, एयाणि ते पिइसन्तियाणि चेलाणि आभरणगाणि य, इमा पुण पट्टंसुयरयणमाइया रायसिरी, अन्नाओ य उन्नयकुलपसूयाओ रायवरधूयाओ मोत्तुं राया तुमं अणुयत्तइ, ता मा गव्वं करेसित्ति ॥' एसा दव्वनिंदा । भावनिंदा साहुणा अप्पा निंदियव्वो 'जीव ! तए हिंडंतेणं नारयतिरियगईसु कहवि माणुसत्ते सम्मत्तनाणचरित्ताणि लद्धाणि जेसिं पसाएण सव्वलोए माणणिज्जो पूयणिज्जो य, ता मा गव्वं काहिसि जहा हं बहुस्सुओ उत्तमचरित्तो व' त्ति । तथा —**

**'हा दुट्ठु कयं हा दुट्ठु कारियं अणुमयंपि हा दुट्ठु ।**
**अंतो अंतो डज्झइ, झुसिरो व्व दुमो वणदवेणं ति' ॥१॥" [ विचारसार गा. ८६१ ]**

**गर्हाऽपि द्रव्यतो भावतश्च भवति । तत्र द्रव्यगर्हायां मरुकोदाहरणं — "आणंदपुरे नयरे एगो मरुओ, सो सुह्णाए[२] समं संवासं काऊण उवज्झायस्स कहेइ, जहा — सुविणए सुह्णाए समं संवासं गओमि त्ति ।"भावगर्हायां तु साधुरुदाहरणम् —**

**गंतूण गुरुसगासे काउण य अंजलिं विणयमूलं ।**
**जह अप्पणो वि तह परे जाणवणा एस गरिह त्ति ॥१॥" [ ओघनिर्युक्ति गा. ७९१ ]**

**किं जुगुप्से ? इत्याह —** आत्मानं **अतीतप्राणातिपातक्रियाकारिणमश्लाघ्यम् ।**

**ટીકાર્થ :-** તથા निन्दामि=હું નિંદા કરું છું. गरिहामि=गर्हे=હું ગર્હા કરું છું. અહીં આત્મસાક્ષીએ કરાય તે નિંદા અને બીજાની સાક્ષીએ કરાય તે ગર્હા=જુગુપ્સા કહેવાય છે. નિંદા પણ દ્રવ્યથી અને ભાવથી સંભવે છે. તેમાં દ્રવ્યનિંદા ચિત્રકારની પુત્રીની જેમ.દૃષ્ટાંત આ પ્રમાણે છે -

(નોંધ - આ દૃષ્ટાંત અહીં થોડુંક જ આપ્યું છે. આવશ્યકનિર્યુક્તિ વગેરે ગ્રંથમાં આ દૃષ્ટાંત આ વિસ્તારથી છે. તેનો સાર આ પ્રમાણે - એક રાજાએ ચિત્રસભા બનાવવા ચિત્રકારો રાખ્યા. તેમાં એક ચિત્રકારની પુત્રીની બુદ્ધિથી આકર્ષાયેલા રાજાએ તેણીની સાથે લગ્ન કર્યા.તેણીએ દાસીને શીખવ્યું - રાજા જયારે સૂવાની તૈયારીમાં હોય ત્યારે તારે મને કહેવું કે "એક વાર્તા સંભળાવો ને ?" દાસીએ પણ રાજા જયારે સૂવાની તૈયારીમાં હતો ત્યારે તેણીને વાર્તા કહેવા કહ્યું. તેણીએ વાર્તા શરૂ કરી

१. अपवरकं । २. धूयाए प्र० ।

અને જ્યાં આગળ જાણવાની ઉત્કંઠા થાય ત્યાં અધૂરી છોડી કહ્યું - હવે મને ઊંઘ આવે છે. કાલે કહીશ. વાર્તા સાંભળવાની ઉત્કંઠાથી રાજા બીજી રાતે પણ તેને ત્યાં જ ગયો. આમ રોજ કરે છે. માટે રોજ રાજા તેણીની પાસે જ જાય છે. આમ રાજા વડે સન્માન પામવા છતાં તેણી પોતાના ભૂતકાળને ભૂલી નથી.)

તે ચિત્રકારપુત્રી કમરામાં પ્રવેશી દરવાજા બંધ કરી જૂના (પિયરથી લાવેલા તુચ્છ ધાતુના) આભૂષણો અને વસ્ત્રો સામે રાખી પોતાની નિંદા કરે છે કે - 'તું ચિત્રકારપુત્રી છે. આ તારા પિતાએ આપેલા વસ્ત્રો અને આભૂષણો છે. જ્યારે આ પટ્ટાંશુક(ભારે મૂલ્યવાન વસ્ત્ર) - રત્નો વગેરે રાજ્યલક્ષ્મી છે. અન્ય ઉચ્ચ કુળમાં જન્મેલી શ્રેષ્ઠ રાજપુત્રીઓ (=અન્ય રાણીઓ)ને છોડીને રાજા તને અનુસરે છે. (=તને માન-સન્માન આપે છે) માટે તું ગર્વ ન કર' - આ દ્રવ્યનિંદા છે.

ભાવનિંદા આ પ્રમાણે - સાધુએ પોતાના આત્માની નિંદા કરવી કે "હે જીવ ! તેં નરક - તિર્યંચ ગતિમાં ભમતાં કોઈપણ રીતે મનુષ્યપણામાં સમ્યગ્દર્શન - જ્ઞાન-ચારિત્ર મેળવ્યા છે, જેના પ્રભાવે તું સર્વલોકમાં માનનીય અને પૂજનીય થયો છે. માટે ગર્વ ન કર કે હું બહુશ્રુત છું કે ઉત્તમ ચારિત્રવાળો છું."

તથા "અરે ! મેં ખોટું કર્યું, ખોટું કરાવ્યું અને ખોટા કાર્યની અનુમોદના કરી - એ રીતે અંદરમાં બળે, જે રીતે શુષિર=પોલું વૃક્ષ વનના દાવાનળ વડે બળે. [જે વૃક્ષ પોલું હોય તે બળી જાય છે. જે ઘન હોય તે જલદી બળતું નથી. માટે પોલું વૃક્ષ કહ્યું.] ॥૧॥" [વિચારસાર ગા. ૮૬૧]

ગર્હા પણ દ્રવ્યથી અને ભાવથી (એમ બે પ્રકારે) થાય છે. તેમાં દ્રવ્યગર્હામાં બ્રાહ્મણનું ઉદાહરણ આ પ્રમાણે - આનંદપુર નગરમાં એક બ્રાહ્મણ હતો. તે પૂત્રવધૂ સાથે સંવાસ કરીને (=પુત્રવધૂને ભોગવીને) ઉપાધ્યાયને કહે છે કે સ્વપ્નમાં મેં પૂત્રવધૂ સાથે સંવાસ કર્યો. [અહીં હકીકતમાં દોષ સેવ્યો હોવા છતાં સ્વપ્નમાં સેવ્યો એમ કહે છે, માટે આ દ્રવ્યગર્હા છે.]

ભાવગર્હામાં સાધુનું ઉદાહરણ આ પ્રમાણે - ગુરુ પાસે જઈને અંજલિ કરીને વિનયપૂર્વક જેવી રીતે પોતે જાણે છે તેવી રીતે બીજાને (ગુરુને) જણાવે તે ગર્હા. [અર્થાત્ કશું છુપાવ્યા વિના જણાવે.] ॥૧॥ [ઓઘનિર્યુક્તિ ગા. ૭૯૯]

શેની જુગુપ્સા કરું છું ? તે કહે છે - आत्मानम्=ભૂતકાલીન પ્રાણાતિપાતની ક્રિયા કરનાર અપ્રશસ્ત એવા મારા આત્માની.

**ટીકા :-**

**તથા** व्युत्सृजामि **इति विविधं विशेषेण वा भृशं त्यजामि-व्युत्सृजामि अतीतप्राणातिपातमिति गम्यते । आह — यद्येवमतीतप्राणातिपातप्रतिक्रमणमात्रमस्य सूत्रस्यैदम्पर्यं, न प्रत्युत्पन्नसंवरणमनागतप्रत्यख्यानं चेति, नैतदेवं, "सव्वं भंते ! पाणाइवायं पच्चक्खामि" इत्यादिना तदुभयसिद्धेरिति । अपरस्त्वाह — ननु "सर्वं भदन्त ! प्राणातिपातं प्रत्याख्यामी"त्युक्ते**

प्राणातिपातनिवृत्तिरभिधीयते, तदनन्तरं च व्युत्सृजामीतिशब्दप्रयोगे वैपरीत्यमापद्यते । तन्न, यस्मान्मांसादिविरमणक्रियाऽनन्तरं 'व्युत्सुजामीति' प्रयुक्ते तद्विपक्षत्यागो मांसभक्षणनिवृत्तिरभिधीयते, एवं प्राणातिपातविरत्यनन्तरमपि प्रयुक्ते व्युत्सृजामिशब्दे तद्विपक्षत्यागोऽवगम्यत इति न कश्चिद्दोष इति । व्युत्सर्गोऽपि द्रव्यभावभेदात् द्विधा । तत्रोदाहरणं प्रसन्नचन्द्रो यथा —

''खितिपइट्ठिए नयरे पसन्नचंदो राया । तत्थ य भगवं महावीरो समोसढो । तओ राया धम्मं सोउण संजायसंवेगो पव्वइओ, गीयत्थो जाओ । अन्नया जिणकप्पं पडिवज्जिउकामो सत्तभावणाए[1] अप्पाणं भावेइ । तेणं कालेणं तेणं समएणं रायगिहे मसाणे पडिमं पडिवन्नो । तत्थ भगवं महावीरो समोसढो, विरइयं देवेहिं समोसरणं, लोगो य वंदगो नीइ । दुवे य वाणियगा सुमुहदुम्मुहनामाणो खिइपइट्ठियनगराओ तत्थेव आगया, पसन्नचंदं पडिमट्ठियं पासिउण सुमुहेण भणियं — 'एसो सो अम्हाणं सामी जो तहाविहं रायलच्छिं परिच्चइय तवसिरिं पडिवन्नो, अहो ! से धन्नया अहो ! से कयपुन्नयत्ति' । दुम्मुहेणं भणियं — 'कुतो एयस्स धन्नया, जो असंजायबलं पुत्तं रज्जे ठविऊण पव्वइओ, सो तवस्सी दाइएहिं परिभविज्जइ, नगरं च उत्तमक्खयं[2] पडिवन्नं, ता एवमणेण बहुलोगो दुक्खे ठविओ, ता सव्वहा अदट्ठव्वो एसोति ।' ताहे तस्स रायरिसिणो तं सोऊण कोवो जाओ, चिंतियं चाणेण — को मम पुत्तस्स अवकरेइत्ति ? नूणममुगो, ता किं तेण ? एयावत्थं गओवि णं वावाएमि । माणससंगामेण रोद्दज्झाणं पवन्नो । हत्थिणा हत्थिं आसेण आसं वावाएइत्ति विभासा । इत्थंतरे सेणिओ भगवओ वंदिउं निग्गच्छइ, तेण दिट्ठो वंदिओ य तेण ईसिंपि न निज्झाइओ[3] । तओ सेणिएण चिंतियं — 'सुक्कज्झाणोवगओ भगवं ता ईदिसंमि झाणे कालगयस्स का गई भवइत्ति भगवंतं पुच्छिस्सामि ।' तओ गओ, वंदिउण पुच्छिओ अणेण भगवं — 'जम्मि झाणे ठिओ मए वंदिओ पसन्नचंदो, तम्मि मयस्स कहिं उववाओ भवइ ?' भगवया भणियं — 'अहे सत्तमपुढवीए ।' तओ सेणिएण चिंतियं — 'हा किमेयं ?' ति । पुणोवि पुच्छिस्सं । एत्थंतरम्मि पसन्नचंदस्स माणसे संगामे पहाणनायगेणं[4] सहावडियस्स असिसत्तिचक्ककप्पणीपमुहाइं खयं गयाइं पहरणाइं । तओ णेण सिरत्ताणेण वावाएमित्ति परामुसियमुत्तमंगं जाव लोयं कयं पासति । तओ संवेगमावन्नो अच्चंतविसुज्झमाणपरिणामेण अत्ताणं निंदिउं पयट्टो, समाहियमणेण पुणरवि सुक्कज्झाणं । एत्थंतरंमि सेणिएण भगवं पुणोवि पुच्छिओ — 'जारिसे ज्झाणे संपइ पसन्नचंदो वट्टइ, तारिसे मयस्स कहिं उववाओ ?' भगवया भणियं — 'अणुत्तरसुरेसुं ।' तओ सेणिएण भणियं — 'पुव्वं किमन्नहा परूवियं उयाहु मया अन्नहाऽवहारियं ?' ति । भगवया भणियं — 'नन्नहा परूवियं नावि तए अन्नहाऽवगयं ।' तओ सेणिएण भणियं — 'कहमेयं ?' ति । तओ भगवया सव्वो वुत्तंतो साहिओ । एत्थंतरंमि य पसन्नचंदमहरिसिणो

१. सत्त्वभावनया । २. अतीवक्षयं । ३. अवलोकितः । ४. प्रधाननायकेन सममापतितस्य ।

**समीवे दिव्वो देवदुंदुहिसणाहो महंतकलयलो उद्धाइओ । तओ सेणिएण भणियं — 'भयवं किमेयं ?' ति । भगवया भणियं — 'तस्सेव विसुज्झमाणपरिणामस्स केवलनाणं समुप्पणं, तओ देवो से महिमं करेति त्ति ।'" एवं प्रसन्नचन्द्रो द्रव्यव्युत्सर्गभावव्युत्सर्गयोरुदाहरणं विज्ञेय इति ॥**

**ટીકાર્થ :-**

તથા व्युत्सृजामि=અતીત પ્રાણાતિપાતનો વિવિધ રીતે અથવા વિશેષથી અત્યંત ત્યાગ કરું છું.

**શંકા** - જો એમ છે, તો અતીત પ્રાણાતિપાતનું પ્રતિક્રમણ - આટલું જ આ સૂત્રનું ઐદમ્પર્ય (=ભાવાર્થ) થયું. વર્તમાનનું સંવરણ અને ભવિષ્યનું પ્રત્યાખ્યાન નહીં.

**સમાધાન** - એમ નથી. सव्वं भंते पाणाइवायं पच्चक्खामि વગેરે સૂત્ર વડે આ બંનેની સિદ્ધિ થઈ ગઈ છે.

**શંકા** - 'सर्व भदन्त ! प्राणातिपातं प्रत्याख्यामि' એમ કહેવાથી પ્રાણાતિપાતની નિવૃત્તિ કહેવાય છે અને તેની પછી 'व्युत्सृजामि' એ શબ્દપ્રયોગથી તેનાથી વિપરીત કહેવાય છે. [એટલે કે પ્રાણાતિપાતની નિવૃત્તિનો ત્યાગ કરું છું.=પ્રાણાતિપાત કરીશ એવો અર્થ થાય છે.]

**સમાધાન** - એમ નથી. જે રીતે માંસ વિગેરેની વિરતિના પ્રત્યાખ્યાન પછી व्युत्सृजामि શબ્દ બોલાય છે. તેનાથી તેના (=માંસભક્ષણની વિરતિના) વિપક્ષનો (એટલે કે માંસભક્ષણનો) ત્યાગ કહેવાય છે. તે રીતે પ્રાણાતિપાતની વિરતિના પ્રત્યાખ્યાન પછી બોલાતા व्युत्सृजामि શબ્દથી તેના (=પ્રાણાતિપાતની વિરતિના) વિપક્ષનો (એટલે કે પ્રાણાતિપાતનો) ત્યાગ જણાય છે. માટે કોઈ દોષ નથી.

વ્યુત્સર્ગ પણ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે છે. તે બંનેમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ઉદાહરણ છે. તે આ પ્રમાણે છે -

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં પ્રસન્નચંદ્ર રાજા હતા. ત્યાં ભગવાન મહાવીરસ્વામી સમવસર્યા. રાજાને ધર્મ સાંભળી સંવેગ (વૈરાગ્ય) થયો. તેમણે દીક્ષા લીધી અને ગીતાર્થ થયા. એકવાર જિનકલ્પને સ્વીકારવાની ઇચ્છાવાળા તે રાજર્ષિ સત્ત્વભાવના વડે આત્માને ભાવિત કરે છે. [જિનકલ્પ વગેરે સ્વીકારતા પહેલા તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બળ એ પાંચ ભાવનાઓ વડે આત્માને ભાવિત કરવાનો હોય છે. એમાં સત્ત્વભાવના પાંચ પ્રતિમા=કાયોત્સર્ગ વડે થાય. પહેલા ઉપાશ્રયમાં કાયોત્સર્ગ કરે. બીજો ઉપાશ્રયની બહાર, ત્રીજો ચોકમાં, ચોથો શૂન્યઘરમાં અને પાંચમો સ્મશાનમાં કાયોત્સર્ગ કરે. આ બધી પ્રતિમાઓમાં તે નિદ્રા અને ભયને જીતે.]

તે કાળે અને તે સમયે તેઓ રાજગૃહનગરના સ્મશાનમાં પ્રતિમા સ્વીકારીને (કાયોત્સર્ગમાં) રહ્યા. ત્યાં ભગવાન મહાવીર સમવસર્યા. દેવોએ સમવસરણ રચ્યું. લોકો વંદન માટે આવે છે. સુમુખ અને દુર્મુખ નામના બે વેપારીઓ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી ત્યાં જ આવ્યા. પ્રસન્નચંદ્ર રાજર્ષિને પ્રતિમામાં રહેલા જોઈને સુમુખે કહ્યું - 'આ તે આપણા સ્વામી છે કે જેમણે તેવા પ્રકારની

(વિશિષ્ટ) રાજ્યલક્ષ્મીને ત્યાગીને તપલક્ષ્મી સ્વીકારી છે. અહો ! આમની ધન્યતા. અહો ! આમની કૃતપુણ્યતા.'

દુર્મુખે કહ્યું - 'ક્યાંથી આની ધન્યતા ? (=આને ધન્ય કેમ કહેવાય ?) કે જેણે નબળા=અસમર્થ પુત્રને રાજ્યે સ્થાપી દીક્ષા લીધી. તે બિચારો પુત્ર (दाइएहिं=) મંત્રી-સેનાપતિ-સામંતાદિ જેમને સોંપ્યો છે, તેમના વડે પરાભવ પામશે. નગર ઉત્તમક્ષય=સંપૂર્ણ નાશ પામ્યું છે. માટે આ રીતે આણે ઘણા લોકોને દુઃખમાં નાખ્યા છે. માટે આ સર્વથા જોવા યોગ્ય નથી.'

આ સાંભળીને તે રાજર્ષિને ક્રોધ થયો. તેમણે વિચાર્યું - 'કોણ મારા પુત્ર પર અપકાર કરે છે ? ખરેખર પેલો જ લાગે છે. તો તેનાથી શું થશે ? હું આવી અવસ્થામાં રહેલો પણ એને મારી નાખીશ.' આમ વિચારી માનસિક યુદ્ધ કરવા દ્વારા રૌદ્રધ્યાનને પામ્યા. મનથી જ હાથીઓ વડે હાથીઓને, ઘોડાઓ વડે ઘોડાઓને મારે છે. (इति विभासा=) આ બધી વાત (કેવી કેવી રીતે યુદ્ધ કરે છે, તે) સમજી લેવી - વિચારી લેવી.

આ દરમિયાન શ્રેણિક મહારાજા ભગવાનને વંદન કરવા નીકળ્યા. તેમણે રાજર્ષિને જોયા અને વંદન કર્યા. તે રાજર્ષિએ જરા પણ સામું ન જોયું. ત્યારે શ્રેણિક મહારાજાએ વિચાર્યું કે 'આ મહાત્મા શુક્લધ્યાનયુક્ત છે. માટે આવા ધ્યાનમાં કાળ કરે તો કઈ ગતિ થાય એ ભગવાનને પૂછીશ.' પછી ભગવાન પાસે જઈ વંદન કરી ભગવાનને પૂછ્યું - 'જે ધ્યાનમાં રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિને મેં વંદન કર્યા એ જ ધ્યાનમાં મરે તો ક્યાં ઉત્પન્ન થાય ?' ભગવાને કહ્યું - 'સાતમી નરકમાં.' આ સાંભળી શ્રેણિક મહારાજાએ વિચાર્યું - 'અરે ! આ શું ? ફરી પૂછીશ.'

આ દરમિયાન પ્રસન્નચંદ્ર રાજર્ષિના પ્રધાન-નાયક સાથે માનસિક યુદ્ધ કરતા કરતા તલવાર-ભાલો-ચક્ર-કટાર વગેરે બધા જ હથિયારો ખતમ થઈ ગયા. ત્યારે તેમણે 'માથાના બખ્તર વડે મારું' એમ વિચારી મસ્તક પર હાથ કર્યો ત્યાં ખબર પડી કે મસ્તક તો લોચ કરેલું છે. [પોતે સાધુ છે એ યાદ આવ્યું] પછી સંવેગને પામીને અત્યંત વિશુદ્ધ પરિણામ વડે પોતાની નિંદા કરવા લાગ્યા. સમાધિયુક્ત મનથી ફરી શુક્લધ્યાનને પામ્યા.

આ દરમિયાન શ્રેણિક મહારાજાએ ભગવાનને ફરીથી પૂછ્યું કે 'અત્યારે પ્રસન્નચંદ્ર રાજર્ષિ જેવા ધ્યાનમાં છે એવા ધ્યાનમાં મરે તો ક્યાં ઉત્પન્ન થાય ?' ભગવાને કહ્યું - 'અનુત્તર દેવલોકમાં.' ત્યારે શ્રેણિક મહારાજાએ પૂછ્યું - 'પહેલા શું આપે અન્યથા કહ્યું હતું કે મેં અન્યથા સાંભળ્યું હતું ?' ભગવાને કહ્યું - 'મેં અન્યથા કહ્યું પણ ન હતું અને તમે અન્યથા સાંભળ્યું પણ ન હતું.' ત્યારે શ્રેણિક મહારાજાએ પૂછ્યું - 'આમ કેવી રીતે ?' ત્યારે ભગવાને બધો વૃતાંત કહ્યો. [પહેલીવાર પૂછ્યું ત્યારે રાજર્ષિ રૌદ્રધ્યાનમાં હતા, અત્યારે શુક્લધ્યાનમાં છે... વગેરે બધું કહ્યું.]

આ દરમિયાન પ્રસન્નચંદ્ર મહર્ષિની પાસે દિવ્ય દેવદુંદુભિના નાદ સહિત મોટો કોલાહલ સંભળાયો. તેથી શ્રેણિક મહારાજાએ પૂછ્યું - 'ભગવાન ! આ શું છે ?' ભગવાને કહ્યું - 'વિશુદ્ધ થઈ રહેલા પરિણામવાળા તેમને કેવળજ્ઞાન થયું, માટે દેવો તેમનો મહિમા (ઉત્સવ) કરે છે.'

આ રીતે દ્રવ્યવ્યુત્સર્ગ અને ભાવવ્યુત્સર્ગ બંનેમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ઉદાહરણ જાણવું. [પહેલાં એમનો દ્રવ્યવ્યુત્સર્ગ હતો, પછી ભાવવ્યુત્સર્ગ.]

ટીકા :-

**साम्प्रतं प्रागुपन्यस्तप्रत्याख्यानभेदाः प्रदर्श्यन्ते, तत्र गाथा —**

**"सीयालं भंगसयं, पच्चक्खाणंमि जस्स उवलद्धं ।**
**सो खलु पच्चक्खाणे, कुसलो सेसा अकुसला उ ॥१॥" [ विशे. भा. गा. ३५४१ ]**

**एतच्च प्रत्याख्यानभेदपरिमाणं साधून् श्रावकांश्चाश्रित्यामुनोपायेन भावनीयं —**

**"तिन्नि तिया तिन्नि दुया, तिन्निक्केक्काय हौंति जोगेसुं ।**
**ति दु एक्कं, ति दु एक्कं, ति दु एक्कं चेव करणाइं ॥१॥ [ श्रावकप्रज्ञप्तिः ३३० ]**
**पढमे लब्भइ एगो, सेसेसु पएसु तिय तिय तियं च ।**
**दो नव तिय दो नवगा तिगुणिय सीयालभंगसयं ॥२॥**

**स्थापना चेयं —**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ३ | ३ | ३ | २ | २ | २ | १ | १ | १ | योगाः |
| ३ | २ | १ | ३ | २ | १ | ३ | २ | १ | करणानि |
| १ | ३ | ३ | ३ | ९ | ९ | ३ | ९ | ९ | लब्धम् |

**भावना त्वियं । "न करेइ न कारवेइ करेंतमन्नं न समणुजाणइ मणेणं वायाए काएणं एस एक्को" । अत्राह —**

**'न करेइच्चाइ तिगं, गिहिणो कह होइ देसविरयस्स ।**
**भन्नइ विसयस्स बहिं[१], पडिसेहो अणुमईए वि ॥१॥**
**केइ भणंति गिहिणो, तिविहं तिविहेण नत्थि[२] संवरणं ।**
**तं न जओ निद्दिट्ठं पन्नत्तीए[३] विसेसेउं ॥२॥ [ वि.आ.भा.गा. ३५४२ ]**

१. स्वयम्भूरमणादौ । २. अत्र विशेषावश्यकभाष्यस्य मुद्रितप्रतौ "त्ति संवरणं" इति पाठः, किन्तु सोऽशुद्धः प्रतिभाति ।
३. तथा च व्याख्याप्रज्ञप्तौ – 'समणोवासगस्स णं भंते ! पुव्वामेव थूलए पाणाइवाए अपच्चक्खाए भवइ, से णं भंते ! पच्छा पच्चक्खाइमाणे किं करेति ? गोयमा ! तीयं पडिक्कमइ, पडुप्पन्नं संवरेइ, अणागयं पच्चक्खाति । तीयं पडिक्कममाणे किं तिविहं तिविहेणं पडिक्कमति ? तिविहं दुविहेणं ... जाव एगविहं एगविहेणं पडिक्कमति ? गोयमा ! तिविहं तिविहेण पडिक्कमति, तिविहं दुविहेण वा .. जाव एगविहं एगविहेणं पडिक्कमति । ' [शतकं ८, उद्देशकः ५, सूत्रं ४०२ । एवं प्रत्युत्पन्नस्य संवरणेऽनागतस्य च प्रत्याख्यानेऽपि आलापकौ स्तः ।]

तो कह णिज्जुत्तीए[1], अणुमइनिसेहोत्ति ? सो सविसयम्मि[2] ।
सामण्णे[3] वा नत्थि[4] उ, तिविहं तिविहेण को दोसो ?॥३॥ [ वि.आ.भा.गा. ३५४३ )
पुत्ताइसंतइनिमित्तमित्तमेगादसिं[5] पवन्नस्स ।
जंपंति केइ गिहिणो, दिक्खाभिमुहस्स तिविहं पि ॥४॥ [ वि.आ.भा.गा. ३५४४ ]

आह -

कहं पुण मणसा, करणं कारवणं अणुमई य ।
जह वइतणुजोगेहिं, करणाई तह भवे मणसा ॥५॥ [ श्रावकप्रज्ञप्तिः ३३६ ]
तदहीणत्ता[6] वइतणुकरणाईणं, अहव मणकरणं ।
सावज्जजोगमणणं पन्नत्तं वीयरागेहिं ॥६॥ [ श्रावकप्रज्ञप्तिः ३३७ ]
कारावणं पुण मणसा चिंतेइ करेउ एस सावज्जं ।
चिंतेइ य कएउण सुट्ठु कयं अणुमई होइ ॥७॥ [ श्रावकप्रज्ञप्तिः ३३८ ]

इयाणिं बीओ भेओ — न करेई न कारवेइ करंतंपि अन्नं न समणुजाणइ मणेणं वायाए एस एक्को, तहा मणेणं काएण बीओ, तहा वायाए काएण तईओ ॥३॥ एस बीओ मूलभेओ गओ ।

एवमनया दिशा शेषा अपि भावनीयाः । सुगमत्वाद्विस्तरभयाच्च न दर्शिताः । नवरं —

'लद्धफलमाणमेयं, भंगा उ हवन्ति अउणपन्नासं ।
तीयाणागयसंपइगुणियं कालेण होइ इमं ॥१॥
सीयालं भंगसयं कह, कालतिएण होइ गुणणाओ ।
तीयस्स पडिक्कमणं, पच्चुप्पन्नस्स संवरणं ॥२॥
पच्चक्खाणं च तहा, होइ य एस्सस्स एव गुणणा य ।
कालतिएणं भणिया, जिणगणहरवायएहिं च ॥३॥

अत्र चाद्यभेदत्रयं साधुश्रावकोपयोगि, शेषभङ्गास्तु गृहस्थोपयोगिनः । आह — साधुप्रत्याख्याननिरूपणायां कः श्रावकप्रत्याख्यानभेदकथनस्यावसरः ? उच्यते — प्रत्याख्यानसामान्यात् तदभिधानेऽपि न दोषः । कृतं प्रसङ्गेन, प्रकृतमुच्यते — इह च सूक्ष्मं वा

१. अत्र विशेषावश्यकभाष्यस्य मुद्रितप्रतौ "निप्फत्तीए" इति पाठः, किन्तु सोऽशुद्धः प्रतिभाति । २. "स्वविषये यतोऽनुमतिरस्ति" इति "ब" प्रतौ टिप्पणम् । ३. अत्र विशेषावश्यकभाष्यस्य मुद्रितप्रतौ "सामण्णेणन्नत्थओ" इति पाठः, सोऽपि समीचीन एव । ४. तत्थ प्र० । ५. एकादर्शी प्रतिमां । ६. मनोऽधीनत्वाद्वचनतनुकरणादीनामिति ।

**बादरं वेत्यादिना द्रव्यप्राणातिपातोऽभिहित:, अनेन चैकग्रहणे तज्जातीयग्रहणमिति न्याया-च्चतुर्विध: प्राणातिपात उपलक्षित इत्यतस्तदभिधानायाह —**

**ટીકાર્થ :-**

હવે પૂર્વે કહેલા પ્રત્યાખ્યાનના ભેદો કહેવાય છે. તેમાં આ ગાથા છે -

"પ્રત્યાખ્યાનના ૧૪૭ ભાંગા જેને ઉપલબ્ધ છે (=યાદ છે) તે જ પ્રત્યાખ્યાનમાં કુશળ છે. બાકીના અકુશળ છે. ॥૧॥" [વિશેષાવશ્યક ભાષ્યગા. ૩૫૪૧]

આ પ્રત્યાખ્યાનના ભેદોનું પરિમાણ(માપ) સાધુઓ અને શ્રાવકોને આશ્રયીને આ ઉપાય વડે વિચારવું -

યોગના ખાનામાં ત્રણ ત્રગડા, ત્રણ બગડા અને ત્રણ એકડા મુકવા.

કરણના ખાનામાં ૩-૨-૧-૩-૨-૧-૩-૨-૧ મૂકવા. ॥૧॥ [શ્રાવકપ્રજ્ઞપ્તિ ગા. ૩૩]

આ રીતે ભાંગા અનુક્રમે ૧-૩-૩-૩-૯-૯-૩-૯-૯ મળશે.

: સ્થાપના :

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| યોગ | ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ |
| કરણ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ |
| ભાંગા | ૧ | ૩ | ૩ | ૩ | ૯ | ૯ | ૩ | ૯ | ૯ |

[અહીં ભાવાર્થ આ પ્રમાણે છે - નહીં કરું, નહીં કરાવું અને નહીં અનુમોદું - મનથી, વચનથી, કાયાથી આ રીતે त्रिविधं त्रिविधेन પ્રત્યાખ્યાન કરે તો તેનો એક જ ભાંગો થાય, કારણ કે વિકલ્પ નથી. त्रिविधं द्विविधेन પ્રત્યાખ્યાન કરે તો મનથી વગેરે ૩ કરણમાંથી કોઈપણ બે વડે પ્રત્યાખ્યાન કરી શકે માટે તેના ત્રણ વિકલ્પ થાય. યોગમાં વિકલ્પ નથી માટે કુલ ભાંગા ૩ થાય.

એ રીતે त्रिविधं एकविधेन પ્રત્યાખ્યાન કરે તો ૩ કરણમાંથી કોઈપણ એક વડે પ્રત્યાખ્યાન કરી શકે માટે તેના ત્રણ વિકલ્પ થાય. યોગમાં વિકલ્પ નથી માટે કુલ ૩ ભાંગા થાય.

द्विविधं त्रिविधेन પ્રત્યાખ્યાન કરે તો ૩ યોગમાંથી કોઈપણ બે યોગનું પ્રત્યાખ્યાન કરી શકે માટે તેના ત્રણ વિકલ્પ થાય. કરણમાં વિકલ્પ નથી માટે કુલ ભાંગા ૩ થાય.

द्विविधं द्विविधेन પ્રત્યાખ્યાન કરે તો ઉપર મુજબ યોગના ૩ વિકલ્પ થાય અને ત્રણ કરણમાંથી કોઈપણ બે વડે પ્રત્યાખ્યાન કરી શકે માટે તેના ૩ વિકલ્પ થાય માટે કુલ ભાંગા ૩x૩=૯ થાય.

द्विविधं एकविधेन પ્રત્યાખ્યાન કરે તો ઉપર મુજબ યોગના ૩ વિકલ્પ થાય અને ત્રણ કરણમાંથી કોઈપણ એક વડે પ્રત્યાખ્યાન કરી શકે માટે તેના ૩ વિકલ્પ થાય. માટે કુલ ભાંગા ૩x૩=૯ થાય.

एकविधं त्रिविधेन પ્રત્યાખ્યાન કરે તો ૩ યોગમાંથી કોઈપણ એકનું પ્રત્યાખ્યાન કરી શકે માટે તેના ત્રણ વિકલ્પ થાય. કરણમાં વિકલ્પ નથી માટે કુલ ભાંગા ૩ થાય.

एकविधं द्विविधेन પ્રત્યાખ્યાન કરે તો યોગના ઉપર મુજબ ૩ વિકલ્પ થાય અને ત્રણ કરણમાંથી કોઈપણ બે વડે પ્રત્યાખ્યાન કરી શકે માટે તેના ૩ વિકલ્પ થાય. માટે કુલ ભાંગા ૩x૩=૯ થાય.

एकविधं एकविधेन પ્રત્યાખ્યાન કરે તો યોગના ઉપર મુજબ ૩ વિકલ્પ થાય અને ૩ કરણમાંથી કોઈપણ એક વડે પ્રત્યાખ્યાન કરી શકે માટે તેના ૩ વિકલ્પ થાય. માટે કુલ ભાંગા ૩x૩=૯ થાય.]

નવ પ્રકારે પ્રત્યાખ્યાન કુલ ભાંગા ૪૯ થાય. એને ૩ કાળ વડે ગુણતા ૧૪૭ ભાંગા થાય. ॥૨॥

અહીં ભાવના આ પ્રમાણે છે - "ન કરે, ન કરાવે, કરી રહેલા બીજાની અનુમોદના ન કરે - મનથી-વચનથી અને કાયાથી - આ પહેલો ભાંગો."

**શંકા** - દેશવિરત ગૃહસ્થોને ન કરે, ન કરાવે - એ બે જ પ્રત્યાખ્યાન હોય. ત્રણે (અર્થાત્ અનુમતિનું પચ્ચક્ખાણ) કેવી રીતે હોય ?

**સમાધાન** - પોતના વિષય=દેશ=રહેવાના - ગમનાગમનના વિસ્તારની બહાર [સ્વયંભૂરમણ-સમુદ્ર વગેરેમાં] અનુમતિનો પણ પ્રતિષેધ (પ્રત્યાખ્યાન) હોઈ શકે છે. [એટલે ગૃહસ્થને પણ ત્રિવિધં ત્રિવિધેન પ્રત્યાખ્યાન હોઈ શકે છે.] ॥૧॥

કોઈ કહે છે - "ગૃહસ્થોને ત્રિવિધં ત્રિવિધેન પ્રત્યાખ્યાન નથી.[1] " પણ આ વાત બરાબર નથી, કારણ કે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ=ભગવતીસૂત્રમાં ગૃહસ્થને (ત્રિવિધં ત્રિવિધેન પ્રત્યાખ્યાન) વિશેષથી કહ્યું છે.[2] (ભગવતી સૂત્ર શતક ૮, ઉદ્દેશક ૫, સૂત્ર ૪૦૨) ॥૨॥ [વિશેષાવશ્યકભાષ્ય ગા.૩૫૪૨]

**પ્રશ્ન** - તો પછી નિર્યુક્તિમાં કેમ અનુમતિ[ના પ્રત્યાખ્યાન]નો નિષેધ કહ્યો છે ?

[આવશ્યક નિર્યુક્તિ ગા.૮૦૦ તથા વિશેષાવશ્યક ભાષ્ય ગા. ૨૬૮૩-૮૫માં ગૃહસ્થને ત્રિવિધં ત્રિવિધેન પ્રત્યાખ્યાનનો અને સર્વ સાવદ્ય યોગના પ્રત્યાખ્યાનનો નિષેધ કહ્યો છે.]

**ઉત્તર** - નિર્યુક્તિમાં જણાવેલો તે અનુમતિના પ્રત્યાખ્યાનનો નિષેધ સ્વવિષયમાં (=પોતાના

---

૧. વિશેષાવશ્યક ભાષ્યની છાપેલી પ્રતમાં "...त्ति संवरणं।" પાઠ છે, જેનો અર્થ છે - કોઈ કહે છે - "ગૃહસ્થોને ત્રિવિધં ત્રિવિધેન પ્રત્યાખ્યાન છે." ... પણ આ પાઠ અશુદ્ધ લાગે છે.

૨. ગૃહસ્થને ત્રિવિધં ત્રિવિધેન પ્રત્યાખ્યાન જણાવતા ભગવતીસૂત્રના પાઠનું ભાષાંતર આ પ્રમાણે - "ભગવંત ! શ્રમણોપાસકે પૂર્વે (અગાઉ એટલે કે સમ્યક્ત્વના સ્વીકાર પછી તરત જ) સ્થૂલ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન ન કર્યું હોય અને તે પાછળથી (પ્રાણાતિપાતનું) પ્રત્યાખ્યાન કરે તો શું કરે ?"

હે ગૌતમ ! અતીતનું પ્રતિક્રમણ કરે (નિંદા દ્વારા તેનાથી પાછો ફરે), વર્તમાનનું સંવરણ કરે (પ્રાણાતિપાત ન કરે) અને ભવિષ્યનું પ્રત્યાખ્યાન કરે (નહીં કરું વગેરે પ્રતિજ્ઞા કરે).

અતીતનું પ્રતિક્રમણ કરતો તે શું ત્રિવિધં ત્રિવિધેન પ્રતિક્રમણ કરે, ત્રિવિધં દ્વિવિધેન પ્રતિક્રમણ કરે, ત્રિવિધં એકવિધેન પ્રતિક્રમણ કરે....યાવત્ એકવિધં એકવિધેન પ્રતિક્રમણ કરે ?

હે ગૌતમ ! ત્રિવિધં ત્રિવિધેન પ્રતિક્રમણ કરે અથવા... યાવત્ એકવિધં એકવિધેન પ્રતિક્રમણ કરે. (આ રીતે વર્તમાનના સંવરણ અને ભવિષ્યના પ્રત્યાખ્યાન માટે પણ આલાવા છે.)

રહેવાના - ગમનાગમનના વિસ્તારમાં) છે. [આ એક જવાબ આપ્યો. હવે 'વા' કરીને બીજો જવાબ આપે છે -] અથવા ગૃહસ્થોને સામાન્યથી ત્રિવિધં ત્રિવિધેન પ્રત્યાખ્યાન હોતું નથી જ. [વિશેષથી હોઈ શકે] માટે કોઈ દોષ નથી. ॥૩॥ [વિશેષાવશ્યક ભાષ્ય ગાથા ૩૫૪૩]

પુત્રાદિ સંતતિના નિમિત્તમાત્રથી જ [સંસારમાં રહેલા, શ્રાવકની] અગિયારમી પ્રતિમા અંગીકાર કરનારા અને ચારિત્રાભિમુખ થયેલા ગૃહસ્થને ત્રિવિધં ત્રિવિધેન પ્રત્યાખ્યાન હોય, એમ કેટલાક કહે છે. ॥૪॥ [વિશેષાવશ્યક ભાષ્ય ગા.૩૫૪૪]

**પ્રશ્ન** - મનથી કરણ, કરાવણ અને અનુમોદન કેવી રીતે થાય ?

**ઉત્તર** - જેમ વચનયોગ અને કાયયોગ વડે કરણ વગેરે ત્રણે થાય એ રીતે મનોયોગથી પણ થાય, કારણ કે વચન અને કાયા વડે કરણ વગેરે ત્રણે મનને આધીન છે.

અથવા સાવદ્ય યોગનો વિચાર એ મન વડે કરણ એમ વીતરાગ પરમાત્માએ કહ્યું છે. ॥૫-૬॥ [શ્રાવકપ્રજ્ઞપ્તિ ગા. ૩૩૬-૩૩૭]

મનથી વિચારે કે 'આ માણસ સાવદ્ય કરે' તો એ મન વડે કરાવણ થયું. બીજા કોઈએ સાવદ્ય કર્યું હોય ત્યારે વિચારે કે 'આણે સારું કર્યું' તો એ મન વડે અનુમતિ થઈ. ॥૭॥ [શ્રાવકપ્રજ્ઞપ્તિ ગા. ૩૩૮]

હવે બીજો ભેદ (ભાંગો) - "ન કરે, ન કરાવે, કરી રહેલા બીજાની અનુમોદના ન કરે -

- મનથી અને વચનથી - આ એક,

- મનથી અને કાયાથી - આ બીજો અને

- વચનથી અને કાયાથી - આ ત્રીજો (પેટાભેદ થયો)."

આ બીજો મૂળભેદ (ભાંગો) થયો.

આ રીતે શેષ ભેદો પણ જાણવા. સુગમ હોવાથી અને વિસ્તાર થવાના ભયથી અહીં દર્શાવ્યા નથી. [ભાષાંતરમાં અગાઉ ભાવાર્થમાં કહી દીધા છે.]

ઉપર કહ્યા પ્રમાણે નવ પ્રકારે પ્રત્યાખ્યાનના કુલ ભાંગા ૪૯ થાય છે. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ એમ ત્રણ કાળ વડે ગુણતા ૧૪૭ ભાંગા થાય છે.

**પ્રશ્ન** - ત્રણ કાળથી ગુણી શી રીતે શકાય ?

---

૧. અહીં વિશેષાવશ્યક ભાષ્યની છપાયેલી પ્રતમાં "तो कह निप्फत्तीएऽणुमइनिसेहो त्ति सो सविसयंमि । सामण्णेणन्नत्थ ओ तिविहं तिविहेण को दोसो ?॥१॥" પાઠ છે. આમાં निप्फत्तीए પાઠ અશુદ્ધ લાગે છે, એની જગ્યાએ निज्जुत्तीए હોવું જોઈએ. અર્થ આ પ્રમાણે -

**પ્રશ્ન :** તો નિર્યુક્તિમાં અનુમતિ(ના પ્રત્યાખ્યાન)નો નિષેધ કેમ કહ્યો ? **ઉત્તર :** તે નિષેધ સામાન્યથી એટલે કે સ્વવિષયમાં કે સ્વવિષયની બહાર એવો ભેદ પાડ્યા વિના પ્રત્યાખ્યાન કરવામાં કહ્યો છે. અન્યત્ર=વિશેષથી વિષય બહારના પ્રદેશ વિષયક પ્રત્યાખ્યાન ત્રિવિધં ત્રિવિધેન કરી શકે છે, માટે દોષ નથી.

**ઉત્તર** - તીર્થંકર-ગણધર-પૂર્વાચાર્ય ભગવંતોએ અતીતનું પ્રતિક્રમણ, વર્તમાનનું સંવરણ અને ભવિષ્યનું પચ્ચક્ખાણ એમ ત્રણ કાળથી ગુણવાનું જણાવ્યું છે.

**પ્રશ્ન** - અહીં સાધુના પ્રત્યાખ્યાનની નિરૂપણા ચાલે છે, તો તેમાં શ્રાવકના પ્રત્યાખ્યાનના ભેદો કેમ કહ્યા ?

**ઉત્તર** - બંનેમાં પ્રત્યાખ્યાનપણું સરખું છે માટે શ્રાવકના પ્રત્યાખ્યાનના ભેદો કહેવામાં દોષ નથી. વિસ્તારથી સર્યું. પ્રકૃત કહીએ છીએ.

અહીં सूक्ष्मं वा बादरं વગેરે સૂત્ર વડે દ્રવ્યપ્રાણાતિપાત કહ્યો. આના વડે "એકનું ગ્રહણ કરતા તેની સમાન જાતિવાળા બીજાઓનું પણ ગ્રહણ થઈ જાય" એ ન્યાયથી [દ્રવ્યાદિ] ચારે પ્રકારનો પ્રાણાતિપાત ઉપલક્ષિત થાય છે. માટે તે કહેવા માટે કહે છે -

**सूत्र :-**

**से पाणाइवाए चउव्विहे पन्नत्ते, तं जहा-दव्वओ खित्तओ कालओ भावओ, दव्वओ णं पाणाइवाए छसु जीवनिकाएसु, खेत्तओ णं पाणाइवाए सव्वलोए, कालओ णं पाणाइवाए दिया वा राओ वा, भावओ णं पाणाइवाए रागेण वा दोसेण वा ॥**

**सूत्रार्थ :-**

તે પ્રાણાતિપાત ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. દ્રવ્યથી પ્રાણાતિપાત છ જીવનિકાયોના વિષયમાં, ક્ષેત્રથી પ્રાણાતિપાત સર્વલોકમાં, કાળથી પ્રાણાતિપાત દિવસે કે રાત્રે, ભાવથી પ્રાણાતિપાત રાગથી કે દ્વેષથી [સંભવે છે.] ॥

**ટીકા :-**

से **त्ति स पूर्वोक्तः** प्राणातिपातः **प्राणिप्राणवियोगः**, चतुर्विध**श्चतुःप्रकारः** प्रज्ञप्तो **जिनैरभिहितः** । तद्यथा — द्रव्यतो **द्रव्यप्रधानतामाश्रित्य**, क्षेत्रतः **क्षेत्रमङ्गीकृत्य**, कालतः **कालं प्रतीत्य**, भावतः **भावमुररीकृत्य । एतानेव भेदान् व्याचष्टे** — द्रव्यत **इति व्याख्येयपदपरामर्शः**, णमि**ति वाक्यालङ्कारे**, प्राणातिपातः षट्सु **षट्सङ्ख्येषु** जीवनिकायेषु **सूक्ष्मादिभेदभिन्नेषु प्राणिगणेषु, संभवतीति शेषः** । क्षेत्रतो **णमित्यलङ्कारे**, प्राणातिपातः सर्वलोके **तिर्यग्लोकादिभेदभिन्ने भुवने भवतीति** । कालतो **णमिति प्राग्वत्**, प्राणातिपातो दिवा **वासरे**, वा **समुच्चये**, रात्रौ **रजन्यां**, वा **समुच्चय एव, स्यादिति** । भावतो **णमिति प्राग्वदेव**, प्राणातिपातो रागेण **मांसादिभक्षणाद्यभिप्रायलक्षणेन**, द्वेषेण **शत्रुहननादिपरिणामस्वरूपेण**, **वाशब्दौ समुच्चये, स्यादिति । द्रव्यभाव–**

**पदसमुत्था चतुर्भङ्गिका चात्र, तद्यथा- द्रव्यतो हिंसा भावतश्च १ तथा द्रव्यतो न भावतः २ तथा भावतो न द्रव्यतः ३ तथा न द्रव्यतो न भावत इति ४ । तत्रायं भङ्गकभावार्थः — द्रव्यतो भावतश्चेति जहा — 'केइ पुरिसे मियवहाए परिणते मियं पासित्ता आयन्नायड्ढियकोदंडजीवे[1] सरं निसिरेज्जा, से य मिगे तेण सरेण विद्धे मए सिया, एसा दव्वओ हिंसा भावओ वि' । या पुनर्द्रव्यतो न भावतः सा खल्वीर्यादिसमितस्य साधोः कारणे गच्छत इति । उक्तं च —**

**''उच्चालियम्मि पाए इरियासमियस्स संकमट्ठाए ।**
**वावज्जेज्ज कुलिंगी मरेज्ज तं जोगमासज्ज ॥१॥**
**न उ तस्स तन्निमित्तो बंधो सुहुमो वि देसिओ समये ।**
**अणवज्जो उवओगेण सव्वभावेण सो जम्हा ॥२॥'' [ ओघनिर्युक्ति गा. ७४९-७५० ]**

**इत्यादि ।**

**या पुनर्भावतो न द्रव्यतः सेयं जहा — 'केइ पुरिसे मंदमंदप्पगासे पएसे संठियं ईसिं वलियकायं रज्जु पासित्ता एस अहि[2] त्ति तव्वहपरिणामपरिणए निकड्ढियासिपत्ते[3] दुयं दुयं छिंदिज्जा एसा भावओ हिंसा न दव्वओ ।' चरमभङ्गस्तु शून्य इति ।**

**ટીકાર્થ :-**

सः=તે પૂર્વે કહેલો, प्राणातिपातः=જીવોના પ્રાણનો વિયોગ, चतुर्विधः=ચાર પ્રકારનો, प्रज्ञप्तः=જિનોએ કહ્યો છે.

तद्यथा - द्रव्यतः, क्षेत्रतः, कालतो, भावतः=તે આ પ્રમાણે - દ્રવ્યની પ્રધાનતાને આશ્રયીને, ક્ષેત્રને આશ્રયીને, કાળને આશ્રયીને અને ભાવને આશ્રયીને.

આ ભેદોની જ વ્યાખ્યા કરે છે. - द्रव्यतः प्राणातिपातः षट्सु जीवनिकायेषु=દ્રવ્યથી પ્રાણાતિપાત છ જીવનિકાયો (=સૂક્ષ્મ વગેરે ભેદો વડે ભિન્ન જીવો)ના વિષયમાં. "સંભવે છે" આટલું અધ્યાહારથી જાણવું. અહીં અને આગળ પણ સૂત્રમાં णं શબ્દ વાક્યના અલંકાર માટે જાણવો.

क्षेत्रतः प्राणातिपातः सर्वलोके=ક્ષેત્રથી પ્રાણાતિપાત સર્વલોકમાં (=તિર્છાલોક વગેરે ભેદોથી ભિન્ન ભુવનમાં) થાય છે.

कालतः प्राणातिपातः दिवा वा रात्रौ वा=કાળથી પ્રાણાતિપાત દિવસે કે રાત્રે થાય.

भावतः प्राणातिपातः रागेण वा द्वेषेण वा=ભાવથી પ્રાણાતિપાત માંસ વગેરેના ભક્ષણ વગેરેની ઇચ્છારૂપ રાગથી કે શત્રુને મારવો વગેરે પરિણામરૂપ દ્વેષથી થાય. वा શબ્દો સમુચ્ચય માટે છે.

અહીં દ્રવ્ય અને ભાવ એ બે પદથી થતી ચતુર્ભંગિકા જાણવી. તે આ પ્રમાણે -

૧. દ્રવ્યથી અને ભાવથી હિંસા.

---

१. आकर्णं आकृष्टा धनुषो=चापस्य जीवा=प्रत्यञ्चा येन सः । २. सर्प्पः । ३. निष्कृष्टः असिपत्रः येन सः ।

૨. દ્રવ્યથી હિંસા, ભાવથી નહીં.

૩. ભાવથી હિંસા, દ્રવ્યથી નહીં.

૪. દ્રવ્યથી પણ નહીં અને ભાવથી પણ નહીં.

આ ભાંગાઓનો ભાવાર્થ આ પ્રમાણે છે -

**૧. દ્રવ્યથી અને ભાવથી હિંસા** - જેમકે મૃગના વધ માટે પરિણત થયેલો (=મૃગને મારવાની ઈચ્છાવાળો) કોઈ પુરુષ મૃગને જોઈને કાન સુધી ધનુષ્યની દોરી ખેંચીને બાણ છોડે, અને તે મૃગ બાણથી વીંધાઈને મરે. આ હિંસા દ્રવ્યથી અને ભાવથી પણ છે.

**૨. દ્રવ્યથી હિંસા, ભાવથી નહીં** - કારણસર જઈ રહેલા ઈર્યાસમિતિ વગેરેમાં ઉપયોગવાળા સાધુને સંભવે છે. કહ્યું છે - "ઈર્યાસમિતિમાં ઉપયોગવાળો સાધુ ચાલવા માટે પગ ઉપાડે અને તેના આ યોગને પામીને કોઈ વિકલેન્દ્રિય જીવ મરે તો તેને તે કારણે સૂક્ષ્મ પણ કર્મનો બંધ સિદ્ધાંતમાં કહ્યો નથી, કારણ કે ઉપયોગવાળો હોવાથી તે સર્વ રીતે અનવદ્ય=પાપરહિત છે." ॥૧-૨॥ [ઓઘનિર્યુક્તિ ગાથા ૭૪૯-૫૦]

**૩. ભાવથી હિંસા, દ્રવ્યથી નહીં** - જેમ કે કોઈ પુરુષ મંદ-મંદ પ્રકાશવાળા પ્રદેશમાં રહેલા કંઈક વળેલા દોરડાને જોઈને 'આ સાપ છે' એમ માનીને તેને મારવાના પરિણામ વડે પરિણત થઈ તલવાર કાઢીને જલ્દી-જલ્દી તેને છેદે (કાપે). આ ભાવથી હિંસા છે. દ્રવ્યથી નહીં.

**૪. દ્રવ્યથી પણ નહીં અને ભાવથી પણ નહીં** - આ ભાંગો શૂન્ય છે. (અર્થાત્ અહીં કોઈ પ્રકારની હિંસા જ નથી તેથી ઉદાહરણ નથી.)

**एवं प्राणातिपातं भेदतोऽभिधायाथ तस्यैवातीतकालविहितस्य सविशेषनिन्दाप्रतिपादकं सूत्रमाह —**

આ રીતે પ્રાણાતિપાતને ભેદથી કહીને હવે ભૂતકાળમાં કરેલા તેની (પ્રાણાતિપાતની) જ વિશેષથી નિંદાનું પ્રતિપાદન કરતું સૂત્ર કહે છે.

**सूत्र :-**

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठियस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरन्नसोवन्नियस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तियस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालियस्स चत्तदोसस्स गुणग्गाहियस्स निव्वियारस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइयस्स संसारपारगामियस्स निव्वाणगमणपज्जवसाणफलस्स, पुव्विं अन्नाणयाए अस-**

**वणयाए अबोहिए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरूययाए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासोक्खमणुपालयंतेणं, इहं वा भवे अन्नेसु वा भवग्गहणेसु, पाणाइवाओ कओ वा काराविओ वा कीरंतो वा परेहिं समणुन्नाओ, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं ।**

સૂત્રાર્થ :-

ટીકાર્થ પ્રમાણે જણાવો.

ટીકા :-

**अत्र च यो मयाऽस्य धर्मस्य केवलिप्रज्ञप्तादिद्वाविंशतिविशेषणविशेषितस्य पूर्वमज्ञानतादिभिश्चतुर्भिः प्रमादादिभिश्चैकादशभिः कारणैः प्राणातिपातः कृतस्तं निन्दामीत्यादिसम्बन्धो द्रष्टव्यः ।** जमिति **विभक्तिव्यत्ययाद्यः[1] प्राणातिपात इति योगः, भाषामात्रे वा यदितिपदं व्याख्येयं ।** मयेति **प्रतिक्रामकसाधुरात्मानं निर्दिशति ।** अस्य **स्वहृदयप्रत्यक्षस्य,** धर्मस्य **प्रक्रमात्सर्वचारित्रात्मकस्य, अत्र च 'जंपि य मए इमस्स धम्मस्स' तथा 'जंपि य इमं अम्हेहिं इमस्स धम्मस्से'त्यादिपाठान्तराण्युक्तानुसारतः स्वयं व्याख्येयानीति । किंविशिष्टस्य ?** केवलिप्रज्ञप्तस्य **सर्वज्ञोपदिष्टस्य १ तथा अहिंसा प्राणिसंरक्षणं लक्षणं चिह्नं यस्यासौ** अहिंसालक्षणः **सत्त्वानुकम्पाऽनुमेयसंभव इत्यर्थः,** तस्य **२ तथा सत्येनावितथभाषणेनाधिष्ठितः समाश्रितः** सत्याधिष्ठितः **सत्यवचनव्याप्त इत्यर्थः,** तस्य **३ तथा विनयो विनीतता मूलं कारणं यस्यासौ** विनयमूलो **विनयप्रभव इत्यर्थः,** तस्य **४ तथा क्षान्तिः क्षमा प्रधाना सारभूता यस्यासौ** क्षान्तिप्रधानः, तस्य **५ तथा** हिरण्यं **रजतं** सौवर्णिकं **सुवर्णमयं कनककलशादि[2], न विद्यते हिरण्यसौवर्णिके यत्रासौ** अहिरण्यसौवर्णिक **उपलक्षणत्वात् सर्वपरिग्रहरहित इत्यर्थः,** तस्य ६ तथोपशम **इन्द्रियनोइन्द्रियजयः, तस्मात्** प्रभवो **जन्म उत्पत्तिर्यस्यासौ** उपशमप्रभव **इन्द्रियमनोनिग्रहलभ्य इत्यर्थः,** तस्य **७ तथा** नव ब्रह्मचर्याणि **गुप्तिशब्दलोपात् वसतिकथाद्या नवब्रह्मचर्यगुप्तयस्ताभिर्गुप्तः संरक्षितो** नवब्रह्मचर्यगुप्तिगुप्तः, तस्य **८ तथा न विद्यन्ते पचमानाः पाचका यत्राऽसौ** अपचमानः **पाकक्रियाविनिवृत्तसत्त्वासेवित इत्यर्थः । अथवा पचते पचमानो न पचमानोऽ**पचमानो **धर्मो धर्मधर्म्मिणोरभेदोपचारादेवमन्यत्रापि द्रष्टव्यम् ९ अत एव भिक्षावृत्तेर्भिक्षया भक्तादेः परतो याचनेन वृत्तिर्वर्तनं धर्मसाधककायपालनं यत्रासौ** भिक्षावृत्तिः, तस्य

१. द्वितीयास्थाने प्रथमायाः ग्राह्यत्वात् । २. कटककलशादि-इति पाठः शुद्धः प्रतिभाति ।

**१० तथा** कुक्षावेव **बहिःसंचयाभावाज्जठर एव** शम्बलं **पाथेयं यत्रासौ** कुक्षिशम्बलः, तस्य **११ तथा** निर्गतमग्नेः **पावकाच्छरणं शीतादिपरित्राणं यत्र, अथवा निर्गते स्वीकाराभावादग्निशरणे वह्निभवने यत्रासौ** निरग्निशरणः, तस्य । **अथवा निर्गतमग्नेः स्मरणं यत्रासौ** निरग्निस्मरणः, तस्य **१२ तथा संप्रक्षालयति कर्ममलं शोधयतीत्येवंशीलः** सम्प्रक्षाली, तस्य **कप्रत्ययोपादानाद्वा** सम्प्रक्षालिकस्य सम्प्रक्षालितस्य **वा सर्वदोषमलरहितस्य १३ तथा** त्यक्ता **हानिं नीता अभाव-मापादिता इति यावद्**, दोषा **मिथ्यात्वाज्ञानादिदूषणानि येनासौ** त्यक्तदोषः **अथवा** त्यक्तो द्वेषो**ऽप्रीतिलक्षणो यस्मिन्नसौ** त्यक्तद्वेषः, तस्य **१४ अत एव** गुणग्राहिणो **गुणग्रहणशीलस्य, कप्रत्ययविधानाद्** गुणग्राहिकस्य **वा पाठान्तरं, तथाहि — प्रकृतधर्मचारिणो गुणवद्गुणोपबृंहण-परा एव भवन्ति, अन्यथा धर्मस्यैवाभावप्रसङ्गात्** । **यदाह —**

**"नो खलु अप्परिवडिए निच्छयओऽमईलिए व सम्मत्ते ।**
**होई तओ परिणामो जुत्तोणुवं[१]वूहणाईया ॥१॥" [ श्रावकप्रज्ञप्तिः ९५ ] १५**

**तथा** निर्गतो विकारः **कामोन्मादलक्षणो यस्मादसौ** निर्विकारः, तस्य **१६ तथा** निवृत्ति-लक्षणस्य **सर्वसावद्ययोगोपरमस्वभावस्य १७ तथा** पञ्चमहाव्रतयुक्तस्येति **प्रतीतं, नवरं अहिंसा-लक्षणस्येत्याद्यभिधानेऽप्यस्याभिधानं महाव्रतानां प्राधन्यख्यापनार्थमनुक्तमहाव्रतसङ्ग्रहार्थं च । तथाहि — नात्रादत्तादानं कण्ठतः केनापि विशेषणेनाभिहितमतो युज्यतेऽस्य विशेषण-स्योपन्यास इति १८ तथा** न विद्यते संनिधि**र्मोदकोदकखर्ज्जूरहरीतक्यादेः पर्युषितस्य** सञ्चयो **धारणं यत्रासा**वसंनिधिसञ्चयः, तस्य **१९ तथा** अविसंवादिनो **दृष्टेष्टाविरोधिनः, पाठान्तरे वा** अवि-संवादितस्य **सद्भूतप्रमाणाबाधितस्येत्यर्थः २० तथा** संसारपारं **भवार्णवतीरं** गमयति **तदारूढ-प्राणिनः पोतवत् प्रापयतीति** संसारपारगामी तस्य, **कप्रत्ययोपादानात्** संसारपारगामिकस्य वा **२१ तथा** निर्वाणगमनं **मुक्तिप्राप्तिः**, पर्यवसाने **आनुषङ्गिकसुरमनुजसुखानुभवपर्यन्ते**, फलं **कार्यं, यस्यासौ** निर्वाणगमनपर्यवसानफलः, तस्य **२२** ।

टीકાર્થ :-

અહીં 'મેં કેવલિપ્રજ્ઞપ્ત વગેરે ૨૨ વિશેષણોથી વિશિષ્ટ એવા આ ધર્મની પ્રાપ્તિની પૂર્વે અજ્ઞાનતા વગેરે ૪ અને પ્રમાદ વગેરે ૧૧ કારણોથી જે પ્રાણાતિપાત=હિંસા કરી, (કરાવી અને અનુમોદી) તેની નિંદા કરું છું, વગેરે...' એ રીતે વાક્યનો સંબંધ કરવો.

जं=વિભક્તિના વ્યત્યયથી (દ્વિતીયની પ્રથમા કરવાથી) यः=જે, 'પ્રાણાતિપાત' એ પ્રમાણે સંબંધ જોડવો. અથવા जं - यद् પદ ભાષા માત્ર છે=એનો કશો જ અર્થ કરવાનો નથી.

मया=મારા વડે. આ પદથી પ્રતિક્રમણ કરી રહેલો સાધુ પોતાનો નિર્દેશ કરે છે.

अस्य=આ=પોતાના હૃદયને પ્રત્યક્ષ એવા धर्मस्य=ધર્મની, પ્રસ્તુતમાં સર્વવિરતિરૂપ ધર્મની.

१. श्लाघाऽकरणादयः ।

અહીં 'जंपि य मए इमस्स धम्मस्स' (=જે કાંઈપણ મારા વડે આ ધર્મની...) અને 'जंपि य इमं अम्हेहिं इम्मस्स धम्मस्स' (=જે કાંઈપણ આ અમારા વડે આ ધર્મની...) વગેરે પાઠાંતરો છે. તેની ઉપર કહ્યા પ્રમાણે સ્વયં વ્યાખ્યા કરવી.

કેવા ધર્મની ? [તે ધર્મના ૨૨ વિશેષણો વડે કહે છે. અહીં બધા પદો 'धर्मस्य' પદના વિશેષણો હોવાથી ષષ્ઠી વિભક્તિ એકવચનમાં છે, પણ સુગમતા માટે ગુજરાતીમાં પ્રથમા વિભક્તિમાં અર્થ કર્યો છે.]

केवलिप्रज्ञप्तस्य - સર્વજ્ઞ વડે ઉપદિષ્ટ (કહેવાયેલ) ॥૧॥

अहिंसालक्षणस्य - અહિંસા=પ્રાણિસંરક્ષણ એ જેનું લક્ષણ=ચિહ્ન છે એવો અર્થાત્ જીવદયારૂપ ચિહ્ન વડે જેનું અનુમાન થાય છે, તેવો ॥૨॥

सत्याधिष्ठितस्य - સત્ય=અવિતથ ભાષણ, તેના વડે અધિષ્ઠિત=સમાશ્રિત એ સત્યાધિષ્ઠિત એટલે કે સત્ય વચન વડે વ્યાપ્ત. (અર્થાત્ અસત્યમાં ન રહેલો) ॥૩॥

विनयमूलस्य - વિનય=વિનીતતા એ જેનું મૂળ=કારણ છે એવો એટલે કે વિનયમાંથી ઉત્પન્ન થયેલો. ॥૪॥

क्षान्तिप्रधान्स्य - ક્ષાન્તિ=ક્ષમા જેમાં પ્રધાન=સારભૂત છે એવો. ॥૫॥

अहिरण्यसौवर्णिकस्य - હિરણ્ય=રજત (ચાંદી) અને સૌવર્ણિક=કનક[અથવા કટક=કડું]કલશાદિ કે જે સોનાના છે. હિરણ્ય અને સૌવર્ણિક જેમાં નથી એવો. ઉપલક્ષણથી સર્વ પરિગ્રહથી રહિત. ॥૬॥

उपशमप्रभवस्य - ઉપશમ=ઇન્દ્રિયો અને મનનો જય. તેમાંથી પ્રભવ=જન્મ=ઉત્પત્તિ જેની છે તે ઉપશમપ્રભવ એટલે કે ઇન્દ્રિયો અને મનના નિગ્રહથી પ્રાપ્ત થાય તેવો. ॥૭॥

नवबह्मचर्यगुप्तस्य - અહીં 'ગુપ્તિ' શબ્દનો લોપ થયો હોવાથી 'નવબ્રહ્મચર્યગુપ્તિગુપ્ત' એ પ્રમાણે જાણવું. વસતિ, કથા વગેરે નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ વડે ગુપ્ત=સંરક્ષિત તે નવબ્રહ્મચર્ય-ગુપ્તિગુપ્ત. ॥૮॥

अपचमानस्य - પચમાનો=પાચકો=રસોઈ કરનારાઓ જેમાં નથી તે અપચમાન, એટલે કે પાકક્રિયાથી વિનિવૃત્ત જીવો(=સાધુઓ) વડે આસેવિત. અથવા જે રસોઈ કરે છે તે પચમાન, જે પચમાન નથી તે અપચમાન એવો ધર્મ. અહીં ધર્મ અને ધર્મીના અભેદ ઉપચારથી આમ કહ્યું છે. [એટલે કે અહીં ધર્મીઓ અપચમાન છે, છતાં ધર્મી અને ધર્મને એક ગણીને ધર્મને અપચમાન કહ્યો છે.]

આ રીતે ધર્મ અને ધર્મીનો અભેદોપચાર અન્યત્ર પણ જાણવો. ॥૯॥

भिक्षावृत्तिकस्य - અપચમાન હોવાથી જ ભિક્ષાવૃત્તિથી એટલે કે ભિક્ષા વડે=બીજા પાસે ભોજન વગેરેની યાચના વડે વૃત્તિ=વર્તન=ધર્મને સાધનાર શરીરનું પાલન જેમાં છે તે ભિક્ષાવૃત્તિ. ॥૧૦॥

कुक्षिसम्बलस्य - બહાર ભેગું ન કરતાં હોવાથી કુક્ષિ=જઠરમાં જ શમ્બલ=પાથેય=ભાથું જેમાં છે તે કુક્ષિશમ્બલ (અર્થાત્ આ ધર્મનું પાલન કરનારાઓ કોઈ ભાથું રાખતા નથી.) ॥૧૧॥

निरग्निशरणस्य - ઠંડી વગેરેથી રક્ષણ માટે અગ્નિનું શરણ જેઓ કરતા નથી તે નિરગ્નિશરણ. અથવા અગ્નિ અને શરણ=ભવન(=મકાન)ના સ્વીકારનો અભાવ હોવાથી (= સાધુઓ આ બંને ચીજ માલિક તરીકે સ્વીકારતા ન હોવાથી) નીકળી ગયા છે અગ્નિ અને શરણ જેમાંથી તે નિરગ્નિશરણ. અથવા निरग्निस्मरणस्य - અગ્નિનું સ્મરણ જેમાંથી નીકળી ગયું છે તે નિરગ્નિસ્મરણ. ॥૧૨॥

सम्प्रक्षालिनः / सम्प्रक्षालिकस्य - કર્મરૂપી મળને સંપ્રક્ષાલિત=શુદ્ધ કરવાના સ્વભાવવાળો તે સમ્પ્રક્ષાલી, અથવા તેને સ્વાર્થિક 'ક' પ્રત્યય લગાડતા સમ્પ્રક્ષાલિક. અથવા सम्प्रक्षालितस्य એટલે કે સર્વ દોષરૂપ મળથી રહિત. ॥૧૩॥

त्यक्तदोषस्य - જેણે મિથ્યાત્વ-અજ્ઞાન વગેરે દોષોને ત્યાગ્યા છે=હાનિ પમાડ્યા છે=નાશ કર્યો છે તે ત્યક્ત દોષ.

અથવા त्यक्तद्वेषस्य - અપ્રીતિ સ્વરૂપ દ્વેષને જેણે ત્યાગ્યો છે તે. ॥૧૪॥

गुणग्राहिणः / गुणग्राहिकस्य - ગુણોનું ગ્રહણ કરવાના સ્વભાવવાળો. પ્રકૃત (=જેનાં વિશેષણો બતાવાઈ રહ્યા છે તે) ધર્મને આચરનારાઓ ગુણવાળાઓના ગુણોની ઉપબૃંહણા=પ્રશંસા કરવામાં જ પરાયણ હોય છે. અન્યથા (= ગુણોની પ્રશંસા ન કરે તો) ધર્મના જ અભાવનો પ્રસંગ આવશે. કહ્યું છે - "અપતિત કે નિશ્ચયથી અમલિન સમ્યક્ત્વ હોતે છતે અનુપબૃંહણાદિ (ઉપબૃંહણા=પ્રશંસા ન કરવાનો) પરિણામ યોગ્ય થતો નથી. (અર્થાત્ સમ્યક્ત્વ હોય તો અનુપબૃંહણાનો પરિણામ ન જ થાય.)" ॥૧॥ [શ્રાવકપ્રજ્ઞપ્તિ ગા. ૯૫] ॥૧૫॥

निर्विकारस्य - કામના ઉન્માદ સ્વરૂપ વિકાર જેમાંથી નીકળી ગયો તે નિર્વિકાર. ॥૧૬॥

निवृत्तिलक्षणस्य - સર્વ સાવદ્ય યોગોથી અટકવાના સ્વભાવવાળો. ॥૧૭॥

पञ्चमहाव्रतयुक्तस्य - પાંચ મહાવ્રતો વડે યુક્ત. પહેલા 'અહિંસાલક્ષણ' વગેરે કહ્યું હોવા છતાં અહીં 'પંચમહાવ્રતયુક્ત' કહ્યું તે મહાવ્રતોની પ્રધાનતા બતાવવા માટે અને નહીં કહેલા મહાવ્રત [=અદત્તાદાન વિરમણ મહાવ્રત]ના સંગ્રહ માટે જાણવું. અહીં અદત્તાદાનવિરમણમહાવ્રત કંઠથી (=સ્પષ્ટ રીતે) કોઈપણ વિશેષણ વડે કહ્યું નથી. માટે આ વિશેષણનો ઉપન્યાસ યોગ્ય છે. [બાકીના મહાવ્રતો જુદા જુદા વિશેષણો વડે કહ્યા છે. જેમકે 'અહિંસાલક્ષણ' વડે પ્રથમ મહાવ્રત, 'સત્યાધિષ્ઠિત' વડે બીજું મહાવ્રત, 'નવબ્રહ્મચર્યગુપ્ત' વડે ચોથું મહાવ્રત અને 'અહિરણ્યસૌવર્ણિક', 'કુક્ષિશમ્બલ' અને 'અસંનિધિસંચય' વડે પાંચમું મહાવ્રત.] ॥૧૮॥

असंनिधिसञ्चयस्य - લાડુ, પાણી, ખજૂર, હરડે વગેરે સૂકી-પાકી / વાસી વસ્તુઓનો સંનિધિ=સંચય=રાખવું તે જેમાં નથી તે અસંનિધિસંચય. ॥૧૯॥

अविसंवादिनः - દૃષ્ટ વિરોધ (=પ્રત્યક્ષ વિરોધ) અને ઈષ્ટ વિરોધ (=પોતાને માન્ય એવા અન્ય સિદ્ધાંતો સાથે વિરોધ) જેમાં નથી તેવો.

અથવા પાઠાંતરથી अविसंवादितस्य - સદ્ભૂત પ્રમાણ વડે અબાધિત. ॥૨૦॥

संसारपारगामिनः / संसारपारगामिकस्य - પોતાના પર આરૂઢ થયેલા જીવોને જે વહાણની જેમ સંસારરૂપી સમુદ્રનો પાર પમાડે=કિનારે પહોંચાડે તે સંસારપારગામી. ॥૨૧॥

निर्वाणगमनपर्यवसानफलस्य - આનુષંગિક (=વચગાળાના) દેવ-મનુષ્ય સુખના અનુભવને પર્યંત=છેડે નિર્વાણગમન=મુક્તિપ્રાપ્તિ એ જેનું ફળ છે એ નિર્વાણગમનપર્યવસાનફળ. ॥૨૨॥

ટીકા :-

**एवंविधस्य धर्मस्य**, पूर्वं **धर्मप्रतिपत्तिकालात्प्राक्** ।

अज्ञानतया **सामान्यतोऽवगमाभावेन १ तथा**ऽश्रवणतया **प्रज्ञापकमुखादनाकर्णनभावेन २ अथवा श्रवणेऽपि** अबोहिए **त्ति** अबोध्या **अबोधेन यथावद्धर्मस्वरूपापरिज्ञानेन ३ अथवा व्यवहारतः श्रवणावगमसद्भावेऽपि** अणभिगमेणंति अनभिगमेन **सम्यगप्रतिपत्त्येत्यर्थः ४ अथवा** अभिगमेण व **त्ति विभक्तिव्यत्यया**[१]दभिगमे **वा सम्यग्धर्मप्रतिपत्तौ वा** प्रमादेन **मद्यविषयादिलक्षणेन १ तथा** रागद्वेषप्रतिबद्धतया **रागद्वेषाकुलतयेत्यर्थः २ तथा** बालतया **शिशुतया अपण्डिततया वा ३ तथा** मोहतया **विचित्ततया**[२] **मोहनीयकर्म्मायत्ततया वा ४ तथा** मन्दतया **कायजडतया अलसतयेत्यर्थः ५ तथा** किड्डयाए त्ति क्रीडतया **केलीकिलतया द्युतादिक्रीडनपरतयेत्यर्थः ६ तथा** त्रिगौरवगुरुकतया **ऋद्धिरससातलक्षणगौरवत्रिकभारिकतया ७ तथा** चतुःकषायोपगतेन **क्रोधाद्युदयवशगमनेनेत्यर्थः ८ तथा** पञ्चेन्द्रियाणां **स्पर्शनादिहृषीकाणां** उप **सामीप्येन** वश **आयत्त तावर्णलोपात्**[३] **पञ्चेन्द्रियोपवशः तेन यदार्त्तध्यानं विह्वलतेत्यर्थः** पञ्चेन्द्रियोपवशार्त्त, तेन **९ तथा** पडुप्पन्नभारियाए त्ति **इह** प्रत्युत्पन्नं **वर्तमानमुत्पन्नं वोच्यते ततश्च प्रत्युत्पन्नश्चासौ** भारश्च **कर्मणामिति गम्यते** प्रत्युपन्नभारः **स विद्यते यस्यासौ** प्रत्युत्पन्नभारी **तस्य भावः** प्रत्युत्पन्नभारिता, **तया कर्मगुरुतयेत्युक्तं भवति । पाठान्तरस्तु** प्रतिपूर्णभारितया **भावार्थः पूर्ववत् १० तथा** सातात् **सातवेदनीयकर्मणः सकाशात्**सुखं **शर्म** सातसुखं, **अथवा** सातं **च** तत्सुखं **च** सातसुख**मतिशयसुखं तद**नुपालयता**ऽनुभवता सुखासक्तमनसेत्यर्थः । पाठान्तरे तु** सदा **सर्वकालं** सुखमनुपालयतेति **व्यक्तम् ११** इहं व **त्ति बिन्दुलोपात्** इह वा**ऽस्मिन्ननुभूयमाने** भवे **मनुष्यजन्मनि**, अन्येषु वा **अस्माज्जन्मनोऽपरेषु** भवग्रहणेषु **जन्मोपादानेषु**, प्राणातिपातः कृतो वा **स्वयं निर्वर्तितः** कारितो वा**ऽन्यैर्विधापितः** क्रियमाणो **वा विधीयमानः** परैरन्यैः समनुज्ञातो**ऽनुमोदितः**, तं **प्राणातिपातं** । निन्दामि **स्वप्रत्यक्षमेव जुगुप्से, तथा** गर्हामि **गुरुसमक्षं जुगुप्से**, त्रिविधं **कृतकारितानुमतिभेदात् त्रिप्रकारं** त्रिविधेन **त्रिप्रकारेण करणेन । तदेवाह** — मनसा वाचा कायेनेति **प्रतीतमेव ॥**

**साम्प्रतं त्रैकालिकप्राणातिपातविरतिं प्रतिपादयन्नाह** —

---

१. तृतीयास्थाने सप्तम्याः ग्राह्यत्वात् । २. शून्यतया । ३. 'पञ्चेन्द्रियोपवशता' शब्दार्थे 'पञ्चेन्द्रियोपवश'शब्दप्रयोगात् इत्यर्थः ।

ટીકાર્થ :-

આવા પ્રકારના ધર્મની

पूर्वं=પહેલા એટલે કે ધર્મના સ્વીકારકાળની પૂર્વે -

अज्ञानतया=ધર્મના સામાન્ય જ્ઞાનના અભાવથી. ।।૧।।

अश्रवणतया=પ્રજ્ઞાપક(=ધર્મનો ઉપદેશ આપનાર)ના મુખથી નહીં સાંભળવાથી. ।।૨।।

अबोध्या / अबोधेन=સાંભળવા છતાં યથાવત્ ધર્મના સ્વરૂપના અજ્ઞાનથી. ।।૩।।

अनभिगमेन=વ્યવહારથી શ્રવણ અને જ્ઞાન હોવા છતાં સમ્યક્ સ્વીકાર ન હોવાથી. ।।૪।।

अभिगमेण वा - અહીં વિભક્તિનો વ્યત્યય (ફેરફાર) થયો હોવાથી अभिगमेन તૃતીયા વિભક્તિને બદલે अभिगमे - સપ્તમી વિભક્તિ સમજવી. अभिगमे वा =અથવા સમ્યક્ રીતે ધર્મનો સ્વીકાર કર્યો હોવા છતાં [નીચે જણાવાઈ રહેલા પ્રમાદ વગેરે ૧૧ કારણે આ ભવે કે અન્ય ભવોમાં જે પ્રાણાતિપાત કર્યો... વગેરે સંબંધ જોડવો.]

प्रमादेन - મદ્ય (દારૂ) - વિષય - કષાય - નિદ્રા - વિકથા એ પાંચ પ્રકારના પ્રમાદથી. ।।૧।।

रागद्वेषप्रतिबद्धतया - રાગ અને દ્વેષ વડે આકુળપણાથી. ।।૨।।

बालतया - બાલપણાથી કે મૂર્ખપણાથી. ।।૩।।

मोहतया - ચિત્તશૂન્યપણે કે મોહનીય કર્મને આધીન હોવાથી. ।।૪।।

मन्दतया - કાયાથી જડ હોવાથી એટલે કે આળસથી. ।।૫।।

क्रीडतया - રમતપ્રિય હોવાથી એટલે કે જુગાર વગેરે ક્રીડાઓમાં પરાયણ હોવાથી. ।।૬।।

त्रिगौरवगुरुकतया - ઋદ્ધિગૌરવ, રસગૌરવ અને શાતાગૌરવ એ ત્રણે વડે ભારે હોવાથી. ।।૭।।

चतुः कषायोपगतेन - ક્રોધાદિ કષાયોના ઉદયને વશ થવાથી. ।।૮।।

पञ्चेन्द्रियोपवशार्तेन - સ્પર્શન વગેરે પાંચે ઈન્દ્રિયોને उप=સમીપપણાથી वश=આધીન તે પંચેન્દ્રિયોપવશ, તેવાપણું તે પંચેન્દ્રિયોપવશતા, પણ તેમાંથી "તા" ના લોપ થવાથી પંચેન્દ્રિયોપવશ, તેના વડે જે આર્ત=આર્તધ્યાન=વિહ્વળતા તે પંચેન્દ્રિયોપવશાર્ત, તેના વડે. ।।૯।।

प्रत्युत्पन्नभारितया - પ્રત્યુત્પન્ન=વર્તમાન અથવા ઉત્પન્ન થયેલો. પ્રત્યુત્પન્ન એવો કર્મોનો ભાર તે પ્રત્યુત્પન્નભાર. તે જેની પાસે છે તે પ્રત્યુત્પન્નભારી. તેનો ભાવ તે પ્રત્યુત્પન્નભારિતા, તેના વડે એટલે કે કર્મના ભારેપણાથી.

અથવા પાઠાંતરથી प्रतिपूर्णभारितया=કર્મથી અત્યંત ભારે થવાથી. ભાવાર્થ પૂર્વવત્. ।।૧૦।।

सातसुखं अनुपालयता=શાતાવેદનીય કર્મથી મળેલું સુખ તે સાતસુખ અથવા અતિશય સુખ તે સાતસુખ. તેને અનુભવતા એટલે કે તેમાં આસક્ત મનવાળા એવા મારા વડે.

અથવા પાઠાંતરથી सदा सुखं अनुपालयता=સર્વકાળ સુખને અનુભવતા એવા મારા વડે ।।૧૧।।

इहं वा भवे - અહીં અનુસ્વારનો લોપ કરી इह वा भवे કરવું. એટલે કે આ અનુભવાતા (વર્તમાન) મનુષ્ય જન્મમાં.

अन्येषु वा भवग्रहणेषु=આ જન્મ સિવાયના અન્ય ભવગ્રહણો=જન્મોમાં.

प्राणातिपातः कृतो वा=સ્વયં હિંસા કરી.

कारितो वा=બીજાઓ વડે હિંસા કરાવી.

क्रियामाणो वा परैः समनुज्ञातः=બીજાઓ વડે કરાતી હિંસાની અનુમોદના કરી.

तं निन्दामि गर्हे=તે હિંસાની સ્વપ્રત્યક્ષ નિંદા કરું છું અને ગુરુ સમક્ષ જુગુપ્સા કરું છું.

त्रिविधं त्रिविधेन मनसा वाचा कायेन=કૃત ; કારિત અને અનુમત એ ત્રણે પ્રકારની હિંસાની મન, વચન અને કાયા એ ત્રણે કરણો વડે (નિંદા કરું છું... વગેરે સંબંધ જોડવો.) ॥

હવે ત્રણે કાળ સંબંધી પ્રાણાતિપાતની વિરતિનું પ્રતિપાદન કરતા કહે છે -

**સૂત્ર :-**

**अईयं निंदामि पडुप्पन्नं संवरेमि अणागयं पच्चक्खामि सव्वं पाणाइवायं ।**

**સૂત્રાર્થ :-**

સમસ્ત પ્રાણાતિપાતની અતીતની નિંદા કરું છું, વર્તમાનનો સંવર કરું છું, ભવિષ્યનું પ્રત્યાખ્યાન કરું છું.

**ટીકા :-**

अतीतं **अतीतकालकृतं** निन्दामि । **तथा** प्रत्युत्पन्नं **वर्तमानसमयसम्भविनं** संवृणोमि **भवन्तं वारयामीत्यर्थः** । **तथा**ऽनागतं **भविष्यत्कालविषयं** प्रत्याख्यामीति **पूर्ववत्** । **किं तद् ? इत्याह** – सर्वं **समस्तं न पुनः परिस्थूरमेव** प्राणातिपातं **जीवितविनाशं** ।

**इदमेवानागतप्रत्याख्यानं विशेषयन्नाह** –

**ટીકાર્થ :-**

अतीतं निन्दामि=અતીતકાળ (ભૂતકાળ)માં કરેલા પ્રાણાતિપાતની નિંદા કરું છું.

प्रत्युत्पन्नं संवृणोमि=વર્તમાનસમયે સંભવિત પ્રાણાતિપાતને થતા અટકાવું છું.

अनागतं प्रत्याख्यामि=ભવિષ્યકાળમાં થનાર પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું.

કોની નિંદા, સંવર અને પ્રત્યાખ્યાન કરું છું ? તે કહે છે -

सर्वं प्राणातिपातं=માત્ર સ્થૂલ નહીં પણ સમસ્ત પ્રાણાતિપાતની=જીવ-વિનાશની.

આ જ અનાગત પ્રત્યાખ્યાનને વિશેષથી કહે છે -

सूत्र :-

**जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं पाणे अइवाएज्जा नेवन्नेहिं पाणे अइवायावेज्जा पाणे अइवायंते वि अन्ने न समणुजाणामि ।**

सूत्रार्थ :-

જીવું ત્યાં સુધી અનિશ્રિત એવો હું સ્વયં જીવોને મારીશ નહીં, બીજાઓ વડે જીવો મરાવીશ નહીં અને જીવોને મારી રહેલા બીજાઓની અનુમોદના નહીં કરું.

ટીકા :-

यावज्जीवं **प्राणधारणं यावत्** अनिश्रितोऽहं **इहपरलोकाशंसाविप्रमुक्तोऽहं ममेतो व्रतानुपालनात् किञ्चिदमरसुखं मनुजसुखं वा भूयादित्याकांक्षारहित इत्यर्थः**; नैव स्वयं प्राणान् **असून्** अइवाएज्ज **त्ति उक्तहेतोर**तिपातयामि **विनाशयामि,** नैवान्यैः प्राणान् अइवायावेज्ज त्ति अतिपातयामि, प्राणानतिपातयतोऽप्यन्यान्न समनुजानामि । **क्वापि नेव सयमित्यादिपदानि न दृश्यते ।**

ટીકાર્થ :-

यावज्जीवं=પ્રાણ ધારણ કરું ત્યાં સુધી.

अनिश्रितोऽहं=આલોક અને પરલોકની આશંસા રહિત એવો હું એટલે કે મને આ વ્રતોના પાલનથી કંઈક દેવોનું સુખ કે મનુષ્યોનું સુખ મળે એવી આકાંક્ષા વગરનો હું.

नैव स्वयं प्राणान् अतिपातयामि=ઉપર કહેલા (અજ્ઞાનતા, અશ્રવણ વગેરે) કારણોથી હું સ્વયં જીવોને મારીશ નહીં.

नैवान्यैः प्राणान् अतिपातयामि=બીજાઓ વડે જીવો મરાવીશ નહીં.

प्राणान् अतिपातयतोऽप्यन्यान्न समनुजानामि=જીવોને મારી રહેલા બીજાઓની અનુમોદના નહીં કરું.

કોઈક પ્રતમાં 'नेव सयं' વગેરે પદો દેખાતાં નથી.

**कतिसाक्षिकं पुनरिदं प्रत्याख्यानमिति चेत् ? उच्यते — अर्हदादिपञ्चकसाक्षिकं, एतदेव दर्शयति —**

પ્રશ્ન - કેટલી સાક્ષીએ આ પ્રત્યાખ્યાન છે ?

ઉત્તર - અરિહંત વગેરે પાંચની સાક્ષીએ. તે જ દર્શાવે છે -

सूत्र :-

**तं जहा — अरहंतसक्खियं सिद्धसक्खियं साहुसक्खियं देवसक्खियं अप्पसक्खियं ।**

સૂત્રાર્થ :-

તે આ પ્રમાણે - અરિહંતોની સાક્ષીએ, સિદ્ધોની સાક્ષીએ, સાધુઓની સાક્ષીએ, દેવોની સાક્ષીએ અને આત્મા=સ્વજીવની સાક્ષીએ.

ટીકા :-

तद्यथेत्युपदर्शनार्थः, अर्हन्तः **तीर्थकराः ते** साक्षिणः **समक्षभाववर्तिनो यत्र तत्, शेषाद्वा [ ७-३-१७५ ] इति कप्रत्ययविधानाद्** अर्हत्साक्षिकं, **प्रत्याख्यानक्रियाविशेषणं चैतद्, एवमन्यत्रापि द्रष्टव्यम् । तथाहि — इहक्षेत्रवर्तिनोऽन्यक्षेत्रवर्तिनो वा तीर्थकराः केवलज्ञानप्रधानचक्षुषा ममेदं प्रत्याख्यानं पश्यन्तीत्यतस्तत्साक्षिकमुच्यते । एवं** सिद्धा **मुक्तिपदप्राप्ताः** साक्षिणो **दिव्यज्ञानभावेन समक्षभाववर्तिनो यत्र** तत्सिद्धसाक्षिकं **। आह — उभयप्रत्यक्षभावे लोके साक्षिकव्यवहारो रूढः, न चात्र प्रत्याख्यानकर्तुः सिद्धाः प्रत्यक्षा अतीन्द्रियज्ञानगोचरत्वात्तेषां, तत्कथं ते तस्य साक्षिणः ? उच्यते — श्रुतवासितमतेस्तत्स्वरूपज्ञस्य तस्य ते भावकल्पनया प्रत्यक्षा इवेति कथं न साक्षिण ? इति । तथा** साधवो **मुनयः ते सातिशयज्ञानवन्त इतरे वा विरतिप्रतिपत्तिसमयसमीपवर्तिनः**[1] साक्षिणो **यत्र तत्**साधुसाक्षिकं **। तथा** देवा **भवनपत्यादयः ते जिनभवनाद्यधिष्ठायिनः तिर्यग्लोकसञ्चरिष्णवो वा विरतिप्रतिपत्तिक्रमभाविनश्चैत्यवन्दनाद्युपचारात् समीपमुपगताः स्वस्थानस्था वा कथञ्चित् द्वीपसमुद्रान् प्रति प्रयुक्तावधयः** साक्षिणो **यत्र त**द्देवसाक्षिकं **। यदाह चूर्णिकारः — 'विरईपडिवत्तिकाले चिइवंदणाइणोवयारेण अवस्समहासंनिहिया देवया सन्नि-हाणम्मि भवइ अतो देवसक्खियं भणियं । अहवा भवणवणजोइवेमाणिया देवा सट्ठाणत्था चेव अहापवत्तोवहिणा दीवं दीवपज्जवेहिं समुद्दं समुद्दपज्जवेहिं बहवे नारयतिरियमणुयदेवे य विविहभावसंपउत्ते पेच्छमाणा साहुं पि पाणाइवायविरइं पडिवज्जमाणं पेच्छंति, विसेसओ तिरियजम्भगा दियराओ दिसिविदिसासु चरंति त्ति ।' तथाऽऽ**त्मा **स्वजीवः स स्वसंवित्प्रत्यक्षविरतिपरिणामपरिणतः** साक्षी **यत्र** तदात्मसाक्षिकं **। इह ससाक्ष्यं कृतमनुष्ठानमत्यन्तदृढं जायत इति साक्षिणः प्रतिपादिताः । पृथग्जनेऽपि प्रतीतमेवैतद्-यदुत ससाक्षिको व्यवहारो निश्चलो भवतीति ।**

ટીકાર્થ :-

तद्यथा=તે આ પ્રમાણે. આ શબ્દો ઉપદર્શન માટે છે.

अर्हत्साक्षिकं - અરિહંતો=તીર્થંકરો સાક્ષી=નજર સમક્ષ રહેલા જ્યાં છે તેવું તે અર્હત્સાક્ષિ. शेषाद्वा (૭-૩-૧૭૫) એ વ્યાકરણના નિયમથી 'ક' પ્રત્યય લાગતા 'અર્હત્સાક્ષિક' શબ્દ બન્યો. આ શબ્દ પ્રત્યાખ્યાનની ક્રિયાનું વિશેષણ છે. આ રીતે અન્યત્ર પણ જાણવું.

---

१. विरतिस्वीकारकाले समीपदेशवर्त्तित्वात् प्रत्यक्षाः ।

અરિહંતો સાક્ષી આ રીતે - આ ક્ષેત્રમાં રહેલા કે અન્ય ક્ષેત્રોમાં રહેલા તીર્થંકરો કેવળજ્ઞાનરૂપી શ્રેષ્ઠ ચક્ષુથી મારું આ પ્રત્યાખ્યાન જુએ છે માટે તેઓની સાક્ષીએ કહેવાય છે.

सिद्धसाक्षिकं - સિદ્ધો=મુક્તિપદને પામેલા જીવો સાક્ષી=દિવ્યજ્ઞાન વડે સામે રહેલા જ્યાં છે તેવું.

**શંકા** - [પ્રતિજ્ઞા કરનાર અને સાક્ષી] બંને એકબીજાને પ્રત્યક્ષ હોય ત્યારે લોકમાં સાક્ષીનો વ્યવહાર થાય છે. અહીં પ્રત્યાખ્યાનકર્તાને સિદ્ધો પ્રત્યક્ષ નથી, કેમકે તેઓ અતીન્દ્રિય જ્ઞાનનો વિષય છે. તો પછી તેઓ પ્રત્યાખ્યાનકર્તાને સાક્ષી કેવી રીતે કહેવાય ?

**સમાધાન** - શ્રુત વડે વાસિત મતિવાળા અને સિદ્ધોના સ્વરૂપને જાણનાર એવા તે પ્રત્યાખ્યાન-કર્તાને તે સિદ્ધો ભાવકલ્પના વડે પ્રત્યક્ષ જ છે. માટે તેઓ કેમ સાક્ષી ન થઈ શકે ?

साधुसाक्षिकं - સાધુઓ=મુનિઓ. તેઓ અતિશયસહિતના જ્ઞાનવાળા (અવધિજ્ઞાની) અથવા વિરતિના (પ્રત્યાખ્યાનના) સ્વીકારના સમયે પાસે રહેલા લેવા. આ સાધુઓ જ્યાં સાક્ષી છે તે સાધુસાક્ષિક.

देवसाक्षिकं - દેવો ભવનપતિ વગેરે ચાર પ્રકારના જાણવા.

૧. જિનભવન વગેરેના અધિષ્ઠાયકો અથવા

૨. તિર્ચ્છાલોકમાં સંચરતા અને વિરતિના સ્વીકારના ક્રમ(=વિધિ)માં આવતા (૮ થોયના) ચૈત્યવંદન વગેરે ઉપચારથી પાસે આવેલા અથવા

૩. પોતાના સ્થાને જ રહેલા અને કોઈક રીતે દ્વીપ-સમુદ્રો પ્રતિ જેઓએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો છે એવા

- આવા દેવો જ્યાં સાક્ષી છે તે દેવસાક્ષિક.

ચૂર્ણિકારે કહ્યું છે - "વિરતિના સ્વીકારના સમયે ચૈત્યવંદન વગેરે ઉપચારથી અવશ્ય યથાસંનિહિત (=આસપાસમાં રહેલા) દેવતાનું સંનિધાન (=સાન્નિધ્ય) થાય છે, માટે દેવસાક્ષિક કહ્યું છે. અથવા પોતાના સ્થાનમાં રહેલા જ ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ-વૈમાનિકદેવો સ્વાભાવિક અવધિજ્ઞાનના ઉપયોગ વડે

- દ્વીપના પર્યાયો વડે દ્વીપને,

- સમુદ્રના પર્યાયો વડે સમુદ્રને અને

- વિવિધ ભાવો વડે યુક્ત એવા ઘણા નારક-તિર્યંચ-મનુષ્ય-દેવોને, જોતા જોતા પ્રાણાતિપાતની વિરતિને સ્વીકારી રહેલા સાધુને પણ જુએ છે અને વિશેષથી દિવસ-રાત દિશા-વિદિશાઓમાં ફરતા હોવાથી તિર્યગ્જૃંભક દેવો જુએ છે.

आत्मसाक्षिकं - પોતાની સંવેદનાને પ્રત્યક્ષ એવા વિરતિના પરિણામ વડે પરિણત એવો પોતાનો આત્મા=જીવ જ્યાં સાક્ષી છે તે આત્મસાક્ષિક.

અહીં સાક્ષી સહિત કરેલું અનુષ્ઠાન અત્યંત દૃઢ થાય છે. માટે સાક્ષીઓ કહ્યા છે. સામાન્ય લોકોમાં પણ આ પ્રતીત જ છે કે સાક્ષી સહિત કરેલો વ્યવહાર નિશ્ચલ થાય છે.

**एवं च कृते यत्सम्पद्यते तदाह —**

આ રીતે કરવાથી જે થાય છે તે કહે છે -

સૂત્ર :-

**एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खाय-पावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा ।**

સૂત્રાર્થ :-

આ રીતે સાધુ કે સાધ્વી દિવસે કે રાત્રે, એકલા કે પર્ષદામાં રહેલા, સૂતા કે જાગતા, સંયત-વિરત-પ્રતિહતપ્રત્યાખ્યાનપાપકર્મા થાય છે.

ટીકા :-

एव**मिति प्रागुक्तप्रत्याख्याने संपन्ने सति किम् ? इत्याह** — भवति **जायते, क ? इत्याह**-भिक्षुर्वेति **आरम्भत्यागाद्धर्मकायपरिपालनाय भिक्षणशीलो भिक्षुः, एवं** भिक्षुक्यपि । **पुरुषोत्तमो धर्म इति कृत्वा भिक्षुर्विशिष्यते, तद्विशेषणानि च भिक्षुक्या अपि द्रष्टव्यानीत्याह** — संयत-विरतप्रतिहतप्रत्याख्यातपापकर्मा । **तत्र सामस्त्येन यतः** संयतः **सप्तदशप्रकारसंयमोपेतः तथा** विविध**मनेकधा द्वादशविधे तपसि** रतो विरतः **ततश्च संयतश्चासौ विरतश्च** संयतविरतः । **तथा** प्रतिहतं **स्थितिह्रासतो ग्रन्थिभेदेन विनाशितं,** प्रत्याख्यातं **च हेत्वभावतः पुनर्वृद्ध्यभावेन निराकृतं** पापं **अशुभं** कर्म **ज्ञानावरणीयादि येन स तथाविधः । ततः पुनः पूर्वपदेन सह कर्मधारयः ।** दिवा वा **दिवसे वा** रात्रौ **वा रजन्यां वा** एकको वा **कारणिकावस्थायामसहायो वा,** पर्षद्गतो वा **साधुसंहतिमध्यवर्त्ती वा,** सुप्तो वा **रात्रिमध्ययामद्वये निद्रागतो वा,** जाग्रद्वा **निद्रावियुक्तो वेति ।**

ટીકાર્થ :-

एवं=આ રીતે=પૂર્વે કહેલા પ્રત્યાખ્યાન સંપન્ન થયે છતે

भवति भिक्षुर्वा भिक्षुकी वा - ભિક્ષુ (સાધુ)=આરંભનો ત્યાગ હોવાથી ધર્મકાયના પરિપાલન માટે ભિક્ષાના (માંગીને લેવાના) સ્વભાવવાળો. એ રીતે ભિક્ષુકી (સાધ્વી) પણ જાણવી. આ બંને આગળ કહેવાતા વિશેષણવાળા થાય છે. ધર્મ પુરુષોત્તમ (પુરુષ જેમાં ઉત્તમ=પ્રધાન છે એવો એટલે કે પુરુષપ્રધાન) હોવાથી ભિક્ષુના વિશેષણો કહે છે. તે વિશેષણો ભિક્ષુકી=સાધ્વીના પણ જાણી લેવા.

संयत-विरत-प्रतिहतप्रत्याख्यातपापकर्मा - સમસ્ત રીતે યત (=યતનાવાળો) તે સંયત એટલે કે ૧૭ પ્રકારના સંયમથી યુક્ત. ૧૨ પ્રકારના તપમાં વિવિધ પ્રકારે રત તે વિરત. આ બંને પદોનો કર્મધારયસમાસ કરતાં સંયત એવો વિરત તે સંયતવિરત. તથા

- પ્રતિહત=ગ્રંથિભેદ દ્વારા સ્થિતિનો હ્રાસ થવાથી વિનાશ કર્યો છે, અને

- પ્રત્યાખ્યાત=[કર્મની સ્થિતિ વધવાના] હેતુઓના અભાવે પુનઃ વૃદ્ધિ ન થવા રૂપ પરાભવ કર્યો છે

જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોનો જેણે, તે પ્રતિહતપ્રત્યાખ્યાતપાપકર્મા. [આશય એ છે કે પ્રત્યાખ્યાત એટલે સંપૂર્ણ અભાવ. તે તો અહીં નથી; છતાં સ્થિતિવૃદ્ધિનો અભાવ છે તેને ઉપચારથી પ્રત્યાખ્યાત કહ્યું.]

પુનઃ પૂર્વપદ સાથે કર્મધારય સમાસ કરતાં સંયતવિરત એવો પ્રતિહતપ્રત્યાખ્યાતપાપકર્મા તે સંયત-વિરત-પ્રતિહતપ્રત્યાખ્યાતપાપકર્મા [એવો સાધુ થાય છે] [અર્થાત્ સાધુ સત્તર પ્રકારે સંયમ વડે યુક્ત વિવિધ તપમાં રત અને અલ્પ સ્થિતિવાળા તથા પુનઃ દીર્ઘ સ્થિતિ ન બંધાય તેવા કર્મોવાળો થાય છે. અહીં પ્રથમ બે પદોનો કર્મધારય સમાસ અને છેલ્લા ત્રણ પદોનો બહુવ્રીહિ સમાસ કરવાપૂર્વક પુનઃ કર્મધારય સમાસ કરવો.

હવે તે કેવી કેવી અવસ્થામાં ક્યારે ક્યારે તેવો થાય છે, તે કહે છે]

दिवा वा रात्रौ वा - દિવસે કે રાત્રે (અર્થાત્ સર્વકાળે)

एकको वा पर्षद्‌गतो वा=કોઈ કારણે એકલો હોય ત્યારે અથવા સાધુઓના સમૂહની મધ્યમાં હોય ત્યારે પણ (અર્થાત્ એકાકી કે અન્ય સાધુઓની સાથે એમ કોઈપણ પ્રસંગે)

सुप्तो वा जाग्रद्वा=રાત્રિના વચલા બે પ્રહરમાં સૂતો હોય ત્યારે અથવા જાગતો હાય ત્યારે.

[અર્થાત્ કોઈપણ અવસ્થામાં તે સાધુ કે સાધ્વી સંયત-વિરત-પ્રતિહતપ્રત્યાખ્યાતપાપકર્મા બને છે]

**साम्प्रतं प्राणातिपातविरतिमेव स्तुवन्नाह —**

હવે આ પ્રાણાતિપાતવિરતિની જ સ્તવના કરતાં કહે છે -

**सूत्र :-**

**एस खलु पाणाइवायस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए (पारगामिए)[१] सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए असोयणयाए अजूरणयाए अतिप्पणयाए अपीडणयाए अपरियावणयाए अणुद्दवणयाए महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खाए बोहिलाभाए संसारुत्तारणाए त्तिकट्टु उवसंपज्जित्ताणं विहरामि ॥**

---

१. एतत्पाठः हस्तादर्शे न दृष्टः, वर्तमानकालीनसाधुभिः भण्यते ।

सूत्रार्थ :-

ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકા :-

एस **त्ति लिङ्गव्यत्ययाद्** इदं **अधिकृतं** खलु **निश्चयेन** प्राणातिपातस्येति **विभक्तिव्यत्ययात् प्राणातिपाताज्जीवहिंसायाः** वेरमणे **त्ति** विरमणं **निवृत्तिर्वर्तते, किमित्याह** — हिए **त्ति** हितं **कल्याणं तत्कारित्वाद्** हितं **पथ्यभोजनवत् । तथा** सुखं **शर्म तद्धेतुत्वात्** सुखं **पिपासितशीतल-जलपानवत् । तथा** क्षमं **युक्तं सङ्गतमुचितरूपमिति यावत् । तथा** निस्सेसिए **त्ति प्राकृतत्वेन यकारलोपात्** निःश्रेयसो **मोक्षः तत्कारणत्वान्निश्रेयसं तदेव** निःश्रेयसिकं । **तथा** आनुगामिकं **अनुगमनशीलं भवपरम्पराऽनुबन्धिसुखजनकमित्यर्थः । कथमिदमेवंविधं ? इत्याह** — सर्वेषां **निःशेषाणां** प्राणा **इन्द्रियपञ्चकमनःप्रभृतित्रिविधबलोच्छ्वासनिःश्वासायुर्लक्षणा असवो विद्यन्ते येषां तेऽतिशायनार्थमत्वर्थीयात्प्रत्ययविधानात् समग्रप्राणधारिणः** प्राणाः **पञ्चेन्द्रियप्राणिन इत्यर्थः,** तेषां । **तथा** सर्वेषां **समस्तानां अभूवन् भवन्ति भविष्यन्ति चेति** भूतानि **पृथिवीजलज्वलनपवनवनस्पतयः कालत्रयव्यापिसत्तासमन्विताः,** तेषां । **तथा निरुपक्रमजीवितेन जीवन्तीति** जीवाः **देवनारकोत्तमपुरुषासंख्येयवर्षायुस्तिर्यङ्नरचरमशरीरिलक्षणा यथोपनिबद्धजीवनधर्माणः,** तेषां । **तथा** सर्वेषां **लोकोपकारमात्रहेतुसत्त्वोपेतत्वात्**सत्त्वाः **सोपक्रमायुषस्तिर्यङ्मनुष्याः असम्पूर्णप्राणभाजो द्वित्रिचतुरिन्द्रियाश्च** तेषां, **क्वाप्यमीषां परस्परमेवं विशेषो दृश्यते यथा — "प्राणा द्वित्रिचतुः प्रोक्ताः, भूतास्तु तरवः स्मृताः, जीवाः पञ्चेन्द्रिया ज्ञेयाः, शेषाः सत्त्वा इतीरिताः ॥१॥" एकार्थिकानि वैतान्यत्यादररक्षणीयताख्यापनाय नानादेशजविनेयानुग्रहाय प्रयुक्तानीति । एतेषां च** अदुक्खणयाए **त्ति** अदुःखनतया **अदुःखोत्पादनेन मानसिकासाता–नुदीरणेनेत्यर्थः । तथा** अशोचनयता **शोकानुत्पादनेन । तथा** अजूरणतया **शरीरजीर्णत्वाविधानेन, दृश्यन्ते चारम्भिणो जना भारवाहनाहारनिरोधकशलताङ्कुशारानिपातादिभिः वृषभमहिषाश्वकरिकरभरासभादीनां शरीराणि जूरयन्तः अतः तदकरणेनेति । तथा** अतेपनतया **स्वेदलाला–ऽश्रुजलक्षरणकारणपरिवर्ज्जनेन । तथा** अपीडनतया **पादाद्यनवगाहनेन । तथा** अपरितापतनतया **समन्ताच्छरीरसन्तापपरिहारतः । तथा** अनवद्रावणतया **उत्त्रासनकरणाभावेन मारणपरिहरणेन वा । किञ्चेदं प्राणातिपातविरमणपदं** महाऽर्थं **महान् प्रभूतोऽर्थः फलस्वरूपाद्यभिधेयं यस्य तन्महाऽर्थं महागोचरं । तथा महांश्चासौ गुणश्च** महागुणः **सकलगुणाधारत्वान्महाव्रतानामिति**[१] **। तथा** महान् **अतिशायी** अनुभावः **स्वर्गापवर्गप्रदानादिलक्षणं माहात्म्यं यस्य** तन्महानुभावं । **तथा** महापुरुषै**स्तीर्थकर-**

१. सकलव्रतज्येष्ठत्वादाद्यव्रतस्य । आह च — एक्कं चिय एत्थ वयं, निद्दिट्ठं जिणवरेहिं सव्वेहिं । पाणाइवायविरमणमवसेसा तस्स रक्खणट्ठा ॥१॥ तथा पठितं श्रुतं च शास्त्रं गुरुपरिचरणं च गुरुतपश्चरणं घनगर्जितमिव विजलं सर्वं विफलं दयाविकलं प्र० ॥

**गणधरादिभिरुत्तमनरैः** अनुचीर्णं **एकदाऽऽसेवनात्पश्चादप्यासेवितं** महापुरुषानुचीर्णं । **तथा** परमर्षिभिः **तीर्थकरादिभिरेव** देशितं **भव्योपकाराय कथितं** परमर्षिदेशितं । **तथा** प्रशस्तं **अत्यन्तशुभं सकलकल्याणकलापकारणत्वात् । यतश्चैवमतस्तत्प्राणातिपातविरमणं** दुःखक्षयाय **शारीरमानसानेकक्लेशविलयाय,** कर्मक्षयाय **ज्ञानावरणाद्यदृष्टवियोगाय,** मोक्षाय **पाठान्तरतो** मोक्षतायै **परमनिःश्रेयसायेत्यर्थः,** बोधिलाभाय **जन्मान्तरे सम्यक्त्वादिसद्धर्मप्राप्तये,** संसारोत्तारणाय **महाभीमभवभ्रमणपारगमनाय, मे भविष्यतीति गम्यते,** इतिकृत्वा **इतिहेतोः,** उपसंपद्य **तदेव सामस्त्येनाङ्गीकृत्य,** विहरामि **मासकल्पादिना सुसाधुविहारेण** [1]**वर्त्ते, अन्यथा व्रतप्रतिपत्तेर्वैयर्थ्यप्रसङ्गादिति ।**

**ટીકાર્થ :-**

एष - લિંગ બદલીને (નપુંસકલિંગ કરીને) इदं=આ અધિકૃત [=જેની વાત ચાલુ છે]

खलु=નિશ્ચયથી.

प्राणातिपातस्य - વિભક્તિ બદલીને (ષષ્ઠીની પંચમી કરીને) प्राणातिपाताद् विरमणं=જીવહિંસાથી નિવૃત્તિ. તે કેવી છે ? તે કહે છે -

हितं - હિત=કલ્યાણ, તેને કરનાર હોવાથી હિતકારી - પથ્ય ભોજનની જેમ.

सुखं - સુખનું કારણ હોવાથી સુખ કરનાર - તરસ્યાને ઠંડા પાણીના પાનની જેમ.

क्षमं - યુક્ત=સંગત=ઉચિત રૂપવાળી.

निःश्रेयसिकं - નિઃશ્રેયસ એટલે મોક્ષ, તેના કારણભૂત છે.

आनुगामिकं - અનુગમન કરવાના સ્વભાવવાળી [એટલે કે વિરતિના સંસ્કારનો અનુબંધ (પરંપરા) ચાલવાથી અન્ય ભવોમાં પણ વિરતિને પ્રાપ્ત કરાવનાર] અને ભવોની પરંપરામાં સાથે આવનાર સુખની જનની છે.

[આ પદ પછી ધર્મસંગ્રહ ગ્રંથમાં पारगामिए=पारगामिकं એ એક પદ વધારે છે. અને વર્તમાનકાલીન સાધુઓ બોલે છે. पारगामिकं=સંસારથી પાર ઉતારનાર છે.]

હવે એ 'હિતકર' વગેરે કયા કારણે છે તે કહે છે -

सर्वेषां प्राणानाम् - પાંચ ઇન્દ્રિય, મનોબળ, વચનબળ, કાયાબળ, ઉચ્છ્વાસ-નિઃશ્વાસ અને આયુષ્ય એ ૧૦ પ્રાણો છે. અહીં प्राण શબ્દને 'અતિશાયન' અર્થવાળો मत्वर्थीय 'अ' प्रत्यय લાગ્યો હોવાથી ઉપર કહેલા દસેય પ્રાણો જેમને છે તે પ્રાણો એટલે કે પંચેન્દ્રિય જીવો. તે બધાં જ પંચેન્દ્રિય જીવોને (દુઃખ નહીં પમાડવા વડે... વગેરે સંબંધ જોડવો.)

सर्वेषां भूतानाम् - થયા હતા, છે અને થશે એમ ત્રણે કાળમાં વ્યાપેલી સત્તા=વિદ્યમાનતાથી યુક્ત એવા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ ભૂતો છે. તે બધા જ ભૂતોને...

सर्वेषां जीवानाम् - નિરુપક્રમ આયુષ્યથી જીવનારા એટલે કે બાંધેલા આયુષ્ય પ્રમાણે અવશ્ય જીવવાના સ્વભાવવાળા તે જીવો. તેઓ -

---

१. ग्राम-नगरादिषु पर्यटामि अधिकं प्र० ।

- દેવો

- નારકો,

- શલાકાપુરુષો [૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવ અને ૯ પ્રતિવાસુદેવ એ ૬૩ શકાલાપુરુષો છે.]

- અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા (=યુગલિક) એવા તિર્યંચો અને મનુષ્યો અને

- ચરમશરીરી મનુષ્યો છે. તે બધા જ જીવોને...

सर्वेषां सत्त्वानाम् - લોકના ઉપકાર માટે જ જેમનું સત્ત્વ (અસ્તિત્વ) છે તે સત્ત્વો. તેઓ સોપક્રમ આયુષ્યવાળા તિર્યંચો-મનુષ્યો અને અસંપૂર્ણ (=દશથી ઓછા) પ્રાણવાળા વિકલેન્દ્રિયો છે. તે બધા જ સત્ત્વોને...

ક્યાંક આ પ્રાણો વગેરે ચારેયનો પરસ્પર તફાવત આ રીતે દર્શાવ્યો છે -

"બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિયોને પ્રાણ કહ્યા છે,વનસ્પતિને ભૂત કહ્યા છે,પંચેન્દ્રિયોને જીવ જાણવા.બાકી રહેલાને સત્ત્વ કહ્યા છે. ॥"

અથવા આ ચારેય એકાર્થિક શબ્દો જ છે, છતાં

- તેઓનું અત્યંત આદરપૂર્વક રક્ષણીયપણું બતાવવા માટે અને

- જુદા જુદા દેશોમાં જન્મેલા શિષ્યો પર ઉપકાર કરવા માટે [કોઈક દેશમાં પ્રાણ કહેવાય, કોઈક દેશમાં ભૂત કહેવાય... વગેરે હોવાથી બધા દેશોમાં જન્મેલા શિષ્યો સમજી શકે એ માટે] પ્રયોજેલા છે.

[આ સર્વ પ્રાણો વગેરે ચારેયને अदुःखनतया - દુઃખ નહીં પમાડવા વડે... વગેરે હવે કહેવાઈ રહેલા સાત કારણોથી આ પ્રાણાતિપાતવિરમણ મહાવ્રત 'હિતકર' વગેરે છે.]

अदुःखंनतया - દુઃખ ઉત્પન્ન નહીં કરવા વડે, એટલે કે માનસિક અશાતા નહીં કરવા વડે.

अशोचनतया - શોક ઉત્પન્ન નહીં કરવા વડે.

अजूरणतया - શરીર જીર્ણ (અશક્ત) નહીં કરવા વડે. ષટ્કાયનો આરંભ કરતા લોકો બળદ-પાડા-ઘોડા-હાથી-ઊંટ-ગધેડા વગેરેના શરીરોને ભાર વહન કરાવવાથી, આહાર નહીં આપવાથી અને ચાબૂક-સોટી-અંકુશ-આરો વગેરેના પ્રહારથી અશક્ત-અધમૂઆ કરતા દેખાય છે. માટે તે ન કરવા વડે.

अतेपनतया - પસીનો, લાળ, આંસુ વગેરે પડે તેવો પરિશ્રમ નહીં આપવાથી.

૧. દુઃખ અને શોક આમ તો સરખા જેવા લાગે છે, છતાં કારણને આશ્રયીને બંને વચ્ચેનો ભેદ મારા પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ આ પ્રમાણે કહ્યો છે -
આપણા નિમિત્તે સામા જીવને દુઃખ-માનસિક અશાતા મુખ્યત્વે ત્રણ કારણે થાય : (૧) કઠોરવચનપ્રયોગ, (૨) વ્યંગવચનપ્રયોગ, (૩) અસત્યવચનપ્રયોગ.
આપણા નિમિત્તે સામા જીવને શોક મુખ્યત્વે ત્રણ કારણે થાય : (૧) એની અપેક્ષાનો ભંગ કરવાથી=અપેક્ષા પૂરી ન કરવાથી, (૨) એના અહંકાર ઉપર ઘા કરવાથી, (૩) એના સ્વાર્થનો ભંગ કરવાથી.

अपीडॅनतया[1] - પગ વગેરેથી અવગાહન (?) કરવા રૂપ પીડા નહીં કરવાથી.

अपरितापनतया - સર્વ પ્રકારના શારીરિક દુઃખોરૂપ સંતાપ ન કરવાથી.

अनवद्रावणतया - અત્યંત ત્રાસ નહીં કરવાથી અથવા મારી નહીં નાખવાથી.

[આ સાત કારણસર સર્વ પ્રાણ-ભૂત વગેરેને પીડા-દુઃખ નહીં કરતું હોવાના કારણે પ્રથમ મહાવ્રત હિતકર-સુખકર વગેરે ગુણો કરનાર છે.]

વળી આ પ્રાણાતિપાત વિરમણ પદ (=વ્રત) કેવું છે ? તે કહે છે -

महार्थं - જેનો અર્થ (એટલે કે ફળ-સ્વરૂપ વગેરે કહેવા યોગ્ય વસ્તુઓ) મહાન્=ઘણો છે, તે મહાર્થ=મહાગોચર (મોટા વિષયવાળું).

महागुणं - આ મહાવ્રતો સકલ ગુણોનો આધાર હોવાથી મહાગુણ છે. મહાન્ એવો ગુણ તે મહાગુણ.

(અહીં અન્ય પ્રતમાં આ પ્રમાણે પાઠ છે -

મહાન એવો ગુણ તે મહાગુણ, કેમ કે પ્રથમ વ્રત બધાં જ વ્રતોમાં જયેષ્ઠ છે. કહ્યું છે - "અહીં એક જ વ્રત બધા જ જિનેશ્વર પરમાત્માઓએ કહ્યું છે - પ્રાણાતિપાત વિરમણ. અને બાકીના વ્રતો તેના રક્ષણ માટે છે." ।।૧।।

તથા "શાસ્ત્રો ભણ્યા અને સાંભળ્યા, ગુરુની સેવા કરી કે મોટી તપશ્ચર્યા કરી - આ બધું દયા વગરનું હોય તો પાણી વગરના વાદળાની ગર્જનાની જેમ નિષ્ફળ છે.")

महानुभावं - જેનો અનુભાવ=સ્વર્ગ અને મોક્ષના પ્રદાન વગેરે રૂપ માહાત્મ્ય મહાન એટલે કે અતિશયવાળો છે તે મહાનુભાવ.

महापुरुषानुचीर्णं - મહાપુરુષો એટલે કે તીર્થંકર-ગણધર વગેરે ઉત્તમ પુરુષો. તેઓ વડે અનુચીર્ણ એટલે કે એકવાર આસેવિત કર્યા પછી ફરીવાર પણ આસેવિત કરાયેલું તે મહાપુરુષાનુચીર્ણ.

परमर्षिदेशितं - પરમર્ષિઓ એટલે કે તીર્થંકરાદિ વડે જ દેશિત કરાયેલું એટલે કે ભવ્ય જીવોના ઉપકાર માટે કહેવાયેલું તે પરમર્ષિદેશિત.

प्रशस्तं - બધા જ કલ્યાણના સમૂહનું કારણ હોવાથી અત્યંત શુભ.

જે કારણથી આ પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત આવું (=મહાર્થ વગેરે) છે તે કારણથી -

तद्=તે પ્રાણાતિપાત વિરમણ મહાવ્રતને

[નીચેના કારણોસર અંગીકાર કરીને વિચરું છું. તે કારણો કહે છે -]

दुःखक्षयाय - શરીર અને મન સંબંધી અનેક ક્લેશોના નાશ માટે.

कर्मक्षयाय - જ્ઞાનાવરણીય વગેરે આઠે (अदृष्ट=) કર્મોના નાશ માટે.

मोक्षाय - પાઠાંતરથી मोक्षतायै - મોક્ષ એટલે કે પરમ કલ્યાણ માટે.

बोधिलाभाय - અન્ય જન્મોમાં સમ્યક્ત્વ વગેરે સદ્ધર્મની પ્રાપ્તિ માટે.

૧. પગ વગેરે વડે કોઈની ઉપર ચડવું, પગ વડે મારવું, એના પગને પીડા કરવી વગેરે સમજી શકાય.

संसारोत्तारणाय - અત્યંત ભયંકર ભવભ્રમણથી પાર પામવા માટે.

આ પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત મને ઉપર કહેલા પાંચે કારણો માટે - "થશે" એ પ્રમાણે સૂત્રમાં નથી કહ્યું છતાં જાણવું. અને -

इतिकृत्वा - એટલા માટે

उपसम्पद्य विहरामि - તેને સમસ્તપણે અંગીકાર કરીને વિહરું છું એટલે કે સુસાધુઓના માસકલ્પ વગેરે આચારો વડે વર્તુ છું. (ગામ-નગરાદિમાં વિહરું છું - આટલું અન્ય પ્રતમાં અધિક છે) અન્યથા વ્રતનો સ્વીકાર નિષ્ફળ જવાની આપત્તિ આવશે.

**अथ व्रतप्रतिपत्तिं निगमयन्नाह —**

હવે વ્રતના સ્વીકારનું નિગમન=ઉપસંહાર કરતા કહે છે -

**સૂત્ર :-**

## पढमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ पाणाइवायाओ वेरमणं ॥

**સૂત્રાર્થ :-**

હે ભદન્ત ! હું પહેલા મહાવ્રતમાં સમીપપણાથી રહેલો છું. (અને એટલા માટે મને હવેથી માંડીને) બધી જ જીવહિંસાથી નિવૃત્તિ છે.

**ટીકા :-**

प्रथमे भदन्त ! महाव्रते **किम् ? इत्याह** –उप **सामीप्येन तत्परिणामापत्त्येत्यर्थः** स्थितो **व्यवस्थितोऽस्मि अहं, ततश्च इत आरभ्य मम** सर्व्वस्मात् **निःशेषात्** प्राणातिपातात् **जीवहिंसाया** विर-मणं **निवृत्तिरिति । अत्र च भदन्त इत्यनेन गुर्वामन्त्रणवचसाऽऽदिमध्यावसानेषूपन्यस्तेन गुरु-मनापृच्छ्य न किञ्चित्कर्तव्यं, कृतं च तस्मै निवेदनीयमेवं तदाराधितं भवतीत्येतदाह । दोषा-श्चेह प्राणातिपातकर्तृणां नरकगमनाल्पायुर्बहुरोगित्वकुरूपादयो वाच्याः । इत्युक्तं प्रथमं महा-व्रतम् ॥**

**ટીકાર્થ :-**

प्रथमे भदन्त ! महाव्रते=હે ભદન્ત ! હું પ્રથમ મહાવ્રતમાં.

उपस्थितोऽस्मि=उप=સમીપપણાથી એટલે કે તેના પરિણામની પ્રાપ્તિપૂર્વક રહેલો છું. અને એટલા માટે મને હવેથી માંડીને

सर्वस्मात्प्राणातिपाताद्विरमणं=બધી જ જીવહિંસાથી નિવૃત્તિ છે.

અહીં भदन्त એ ગુરુને આમંત્રણનું વચન શરૂઆતમાં, મધ્યમાં અને છેલ્લે એમ ત્રણ જગ્યાએ ઉપન્યસ્ત કર્યું છે અને આના વડે "ગુરુને પૂછ્યા વિના કંઈ ન કરવું અને કરેલું તેમને જણાવવું - આ રીતે જ તે (ગુરૂવચન) આરાધિત થાય છે." - આ વાત જણાવી છે.

અહીં પ્રાણાતિપાત કરનારને નરકગમન-અલ્પઆયુષ્ય-બહુરોગીપણું-કુરૂપ વગેરે દોષો સમજી લેવા. આ રીતે પ્રથમ મહાવ્રત કહેવાઈ ગયું. ॥

**इदानीं द्वितीयमाह —**

હવે બીજું મહાવ્રત કહે છે -

સૂત્ર :-

**अहावरे दोच्चे भंते ! महव्वए मुसावायाओ वेरमणं । सव्वं भंते ! मुसावायं पच्चक्खामि । से कोहा वा लोहा वा भया वा हासा वा, नेव सयं मुसं वएज्जा नेवन्नेहिं मुसं वायावेज्जा मुसं वयंतेवि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

સૂત્રાર્થ :-

હે ભદન્ત ! હવે એ પછીના બીજા મહાવ્રતમાં મૃષાવાદથી વિરમણ (ભગવાને કહ્યું છે). હે ભદન્ત ! સર્વ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરું છું. તે આ પ્રમાણે - ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી હું સ્વયં મૃષા નહીં બોલું, બીજા વડે મૃષા નહીં બોલાવું અને મૃષા બોલતા બીજાઓની અનુમોદના નહીં કરું. હું જીવું ત્યાં સુધી (કૃત, કરિત અને અનુમોદિત એ) ત્રણે પ્રકારના મૃષાવાદને મન, વચન અને કાયા એ ત્રણે કરણો વડે કરીશ નહીં, કરાવીશ નહીં અને કરી રહેલા બીજાની અનુમોદના નહીં કરું. હે ભદન્ત ! તે (મૃષાવાદના અતીત સંબંધી અવયવનું) પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું. (ભૂતકાળમાં મૃષા બોલનાર) આત્માની ગર્હા કરું છું, (અતીત મૃષાવાદનો) વિશેષથી ત્યાગ કરું છું. ॥

ટીકા :-

अथेति **प्रथममहाव्रतानन्तरे** अपरस्मिन् **अन्यस्मिन्** द्वितीये **सूत्रक्रमप्रामाण्यात् द्विसंख्ये द्वितीयस्थानवर्त्तिनीत्यर्थः** । भदन्त ! महाव्रते **किम् ? इत्याह** — मृषावादाद् **अलीकभाषणाद्** विरमणं **सम्यग्ज्ञानपूर्वकं सर्वथा निवर्तनं, भगवतोक्तमिति वाक्यशेषः । स च मृषावादश्चतुर्विधः । तद्यथा — सद्भावप्रतिषेधः १, असद्भावोद्भावनं २, अर्थान्तराभिधानं ३, गर्हावचनं च ४ । तत्र सद्भावप्रतिषेधो यथा — "नास्त्यात्मा, नास्ति पुण्यं पापं वा" इत्यादि । मृषात्वं चास्यात्माद्यभावे दानध्यानाध्ययनादिसर्वक्रियावैयर्थ्यप्रसङ्गात् जगद्वैचित्र्याभावप्रसङ्गाच्च । असद्भावोद्भावनं यथा — "श्यामाकतन्दुलमात्र आत्मा, ललाटस्थो, हृदयदेशस्थः, सर्वगतो वेत्यादि" । अलीकता चास्य वचसः — "श्यामाकतन्दुलमात्रे, ललाटस्थे, हृदयदेशस्थे वाऽऽत्मनि सर्व-**

**शरीरे सुखदुःखानुभवानुपपत्तेः, निरात्मनि वस्तुनि वेदनाया अभावात् । सर्वजगद्व्यापित्वे सर्वत्र शरीरोपलम्भः सुखदुःखानुभवश्चाविशेषेण स्यात्, न चैवं दृश्यते । तस्मादलीकतेति । अर्थान्तराभिधानं — गामश्वं ब्रुवाणस्येत्यादि । गर्हावचनं तु — काणं काणमेव वदति, अकाणमपि वा काणमाह, एवमन्धकुब्जदासादिष्वपि भावनीयं । अथवा परलोकमङ्गीकृत्य गर्हाऽर्हं वचनं गर्हावचनं तच्च — ''दम्यन्तां बलीवर्दादयः, प्रदीयतां कन्या वराय'' इत्यादि । यतश्चैवमत उपादेयम[1]तदिति विनिश्चित्य** सर्वं **समस्तं** भदन्त ! मृषावादं **अनृतवचनं** प्रत्याख्यामि । से त्ति **तद्यथा** क्रोधाद्वा **कोपात्**, लोभाद्वा **अभिष्वङ्गात् । आद्यन्तग्रहणाच्च मानमायापरिग्रहो वेदितव्यः ।** भयाद्वा **भीतेः**, हास्याद्वा **हसनात्सकाशात्, अनेन तु प्रेमद्वेषकलहाभ्याख्यानादिपरिग्रहः । वाशब्दाः समुच्चये । अस्मात् किम् ? इत्याह** — नेव सयं मुसं वएज्ज त्ति नैव **स्वयं आत्मना**, मृ[2]षा **मिथ्या**, वदामि **वच्मि**, नैवान्यैः **परैः** मृषा **वितथं**, वायावेज्ज त्ति वादयामि **भाषयामि**, मृषा वदतोऽपि **भाषमाणानपि** अन्यान् **परान्** न **नैव** समनुजानामि **अनुमोदयामि । कथम् ? इत्याह** — यावज्जीवं **यावत्प्राणधारणं**, त्रिविधं **कृतकारितानुमतिभेदात् त्रिप्रकारं**, त्रिविधेन **मनःप्रभृतिना त्रिप्रकारेण करणेन । तदे-वाह** — मनसा वाचा कायेनेति **। अस्य च करणस्य कर्म उक्तलक्षणो मृषावादः तमपि वस्तुतो निराकार्यतया सूत्रेणैव दर्शयन्नाह** — न करोमि **स्वयं**, न कारयामि **अन्यैः**, कुर्वन्तमप्यन्यं न समनुजानामि **। तथा** तस्य **त्रिकालभाविनोऽधिकृतमृषावादस्य सम्बन्धिनमतीतमवयवं** भदन्त ! प्रतिक्रामामि **भूतान्मृषावादान्निवर्तेऽहमित्युक्तं भवति । तस्माच्च निवृत्तिर्यत्तदनुमतेर्विरमणमिति । तथा** निन्दामि गर्हामीति **अत्रात्मसाक्षिकी निन्दा, परसाक्षिकी गर्हा, आह च - ''मणसा मिच्छादुक्कडकरणं भावेण इह पडिक्कमणं । सचरित्तपच्छयावो निंदा, गरिहा गुरुसमक्खं ।'' सचरित्रस्य सत्त्वस्य स्वप्रत्यक्षमेव पश्चात्तापो निन्देति । किं जुगुप्से ? इत्याह** — आत्मानं **अतीतमृषावादभाषिणं स्वं । तथा** व्युत्सृजामि **भूतमृषावादं परित्यजामि ।**

टीकार्थ :-

अथ=હવે=પ્રથમ મહાવ્રત પછી.

अपरस्मिन् द्वितीये भदन्त ! महाव्रते - હે ભદન્ત ! અન્ય બીજા એટલે કે સૂત્રક્રમના પ્રમાણથી બીજા મહાવ્રતમાં.

मृषावादाद्विरमणं=જૂઠું બોલવાથી વિરમણ એટલે કે સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક સર્વથા અટકવું. ''ભગવાને કહ્યું છે'' આટલું અધ્યાહારથી સમજવું.

તે મૃષાવાદ ચાર પ્રકારે છે. - ૧. સદ્ભાવપ્રતિષેધ, ૨. અસદ્ભાવ - ઉદ્ભાવન, ૩. અર્થાન્તર - અભિધાન અને ૪. ગર્હાવચન.

**૧. સદ્ભાવપ્રતિષેધ** (=જે હોય તેનો નિષેધ કરવો) આ પ્રમાણે - ''આત્મા નથી, પુણ્ય નથી,

१. द्वितीयव्रतम् । २. मृषाशब्दस्य अव्ययत्वात् द्वितीयालोपः ।

પાપ નથી... વગેરે." આત્મા ન હોય તો દાન-ધ્યાન-અધ્યયન વગેરે બધી જ ક્રિયાઓ નિષ્ફળ જવાનો પ્રસંગ આવશે. પુણ્ય-પાપ ન હોય તો જગતની વિચિત્રતાના અભાવનો પ્રસંગ આવશે. (કેમ કે જગતની વિચિત્રતા પુણ્ય-પાપના કારણે છે.) માટે આ વાક્ય ખોટું છે=સદ્ભાવ-પ્રતિષેધક છે.

૨. **અસદ્ભાવ-ઉદ્ભાવન** (જે ન હોય તે કહેવું) આ પ્રમાણે - "આત્મા શ્યામાક ચોખા (=વિશેષ પ્રકારના ચોખા) પ્રમાણ છે, અથવા લલાટ (કપાળ)માં રહેલો છે, અથવા હૃદયના એક દેશમાં રહેલો છે અથવા સર્વત્ર રહેલો છે.... વગેરે"

જો આત્મા શ્યામાક ચોખા પ્રમાણ જ હોય અથવા લલાટમાં અથવા હૃદયના એક દેશમાં રહેલો હોય, તો આખા શરીરે જે સુખદુઃખનો અનુભવ થાય છે તે નહીં ઘટે, કેમ કે આત્મા વગરની વસ્તુમાં વેદના થતી નથી. વળી જો આત્મા સર્વ જગતમાં વ્યાપેલો હોય તો સર્વત્ર શરીર દેખાવું જોઈએ અને સર્વત્ર સુખદુઃખનો અનુભવ સમાન રીતે થવો જોઈએ; પણ એવું દેખાતું નથી. માટે આ વાક્ય ખોટું છે=અસદ્ભાવ-ઉદ્ભાવક છે.

૩. **અર્થાન્તર-અભિધાન** (=જે હોય એના બદલે બીજું કહેવું) - ગાયને ઘોડો કહેવો વગેરે.

૪. **ગર્હાવચન** - કાણાને કાણો કહેવો, કાણો ન હોય એને પણ કાણો કહેવો વગેરે. એ પ્રમાણે આંધળો-કૂબડો-દાસ (નોકર) વગેરેમાં પણ જાણવું.

અથવા પરલોકની અપેક્ષાએ ગર્હાને યોગ્ય વચન તે ગર્હાવચન (એટલે કે જેનાથી પરલોક બગડે એવું વચન) જેમકે "બળદ વગેરેનું દમન કરો" "કન્યા વરને આપો" વગેરે.

આ કારણે [ભગવાને બીજા મહાવ્રતમાં મૃષાવાદ વિરમણ કહ્યું છે, તેથી] આ મૃષાવાદ વિરમણ ઉપાદેય છે એ પ્રમાણે નિશ્ચય કરીને-

सर्वं भदन्त ! मृषावादं प्रत्याख्यामि - હે ભદન્ત ! હું સમસ્ત મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરું છું.

से=તે આ પ્રમાણે -

क्रोधाद्वा=ક્રોધથી, लोभाद्वा=અથવા લોભ=અભિષ્વંગ=રાગથી.

અહીં પહેલા અને છેલ્લા કષાયના ગ્રહણથી વચ્ચેના માન અને માયાનું પણ ગ્રહણ જાણવું. (એટલે કે માનથી અને માયાથી થતા મૃષાવાદનું પણ પ્રત્યાખ્યાન જાણવું)

भयाद्वा=ભયથી, हास्याद्वा=હાસ્યથી. આના વડે પ્રેમ-દ્વેષ-કલહ-અભ્યાખ્યાન વગેરેથી થતા મૃષાવાદનું પણ ગ્રહણ જાણવું. वा શબ્દો સમુચ્ચય માટે છે.

આ ક્રોધ વગેરેથી શું નહીં કરું ? વગેરે કહે છે -

नैव स्वयं मृषा वदामि=હું પોતે મૃષા નહીં બોલું.

नैवान्यैः मृषा वादयामि=બીજાઓ વડે મૃષા નહીં બોલાવું.

मृषा वदतोऽपि अन्यान्न समनुजानामि=મૃષા બોલતા બીજાઓની અનુમોદના નહીં કરું

કેવી રીતે પ્રત્યાખ્યાન કરું છું ? તે કહે છે -

यावज्जीवं=પ્રાણ ધારણ કરું છું ત્યાં સુધી

त्रिविधं=કૃત, કારિત અને અનુમત એ ત્રણે પ્રકારના (મૃષાવાદને)

त्रिविधेन=મન વગેરે ત્રણે પ્રકારના કરણો વડે. તે કરણોને જ કહે છે -

मनसा वाचा कायेन=મન વડે, વચન વડે, કાયા વડે

આ મન વગેરે ત્રણે કરણોનું કર્મ ઉપર કહેલા લક્ષણવાળો મૃષાવાદ છે. અને તે પણ ખરેખર ત્યાગ કરવા યોગ્ય હોવાથી તેને પણ સૂત્ર વડે જ દર્શાવતાં કહે છે -

न करोमि=હું સ્વયં નહીં કરું.

न कारयामि=બીજાઓ વડે નહીં કરાવું.

कुर्वन्तमप्यन्यं न समनुजानामि=કરી રહેલા બીજાની અનુમોદના નહીં કરું.

तस्य=તે ત્રિકાલભાવી અધિકૃત મૃષાવાદ સંબંધી અતીત અવયવનું.

भदन्त !=હે ભદન્ત !

प्रतिक्रमामि=પ્રતિક્રમણ કરું છું એટલે કે થયેલા મૃષાવાદથી પાછો ફરું છું.

[**પ્રશ્ન** - ભૂતકાળમાં મૃષાવાદ થઈ ગયો, તેનાથી શી રીતે પાછા ફરાય ?

**ઉત્તર** -] તેની અનુમોદનાનો ત્યાગ એ જ તેનાથી નિવૃત્તિ છે.

निन्दामि गर्हामि=નિંદા કરું છું, ગર્હા કરું છું. અહીં આત્માની સાક્ષીએ થાય એ નિંદા અને બીજાની સાક્ષીએ થાય એ ગર્હા છે. કહ્યું છે -

"મન વડે ભાવપૂર્વક મિચ્છા મિ દુક્કડં કરવું એ અહીં પ્રતિક્રમણ છે. ચારિત્ર (આચરણ - અપુનઃકરણ) સાથેના જીવનો પોતાને પ્રત્યક્ષ જ જે પશ્ચાત્તાપ તે નિંદા અને ગુરુસમક્ષ પશ્ચાત્તાપ તે ગર્હા છે."

કોની નિંદા કરું છું ? તે કહે છે -

आत्मानं=ભૂતકાળમાં મૃષાવાદ બોલનાર પોતાની તથા

व्युत्सृजामि=ભૂતકાળમાં થયેલ મૃષાવાદનો ત્યાગ કરું છું.

**इह च क्रोधाद्वा भयाद्वेत्यादिना भावतो मृषावादोऽभिहितोऽनेन चैकग्रहणे तज्जातीयग्रहणमिति न्यायाच्चतुर्विधो मृषावाद उपलक्षित इत्यतस्तदभिधानायाह —**

અહીં क्रोधाद्वा भयाद्वा વગેરે સૂત્ર વડે ભાવથી મૃષાવાદ કહ્યો અને તેના વડે 'એકનું ગ્રહણ કરતા સજાતીય બીજાઓનું પણ ગ્રહણ થઈ જાય' એ ન્યાયથી (દ્રવ્યાદિ) ચારે પ્રકારનો મૃષાવાદ ઉપલક્ષિત થાય છે. માટે તે કહેવાને માટે કહે છે -

**સૂત્ર :-**

**से मुसावाए चउव्विहे पन्नत्ते, तं जहा — दव्वओ खित्तओ कालओ**

**भावओ । दव्वओ णं मुसावाए सव्वदव्वेसु । खेत्तओ णं मुसावाए लोए वा अलोए वा । कालओ णं मुसावाए दिया वा राओ वा । भावओ णं मुसावाए रागेण वा दोसेण वा ।**

સૂત્રાર્થ :-

તે મૃષાવાદ ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. દ્રવ્યથી મૃષાવાદ સર્વ દ્રવ્યોના વિષયમાં, ક્ષેત્રથી મૃષાવાદ લોકના વિષયમાં કે અલોકના વિષયમાં, કાળથી મૃષાવાદ દિવસે કે રાત્રે, ભાવથી મૃષાવાદ રાગથી કે દ્વેષથી (સંભવે છે.)

ટીકા :-

से **त्ति स पूर्वाभिहितो**, मृषावादश्चतुर्विधः प्रज्ञप्तः, तद्यथा — द्रव्यतो **द्रव्यप्राधान्यमाश्रित्य** १, क्षेत्रतः **क्षेत्रमङ्गीकृत्य** २, कालतः **कालं प्रतीत्य** ३, भावतो **भावमधिकृत्य** ४ । द्रव्यतो ण**मित्यलङ्कारे** मृषावादः सर्वद्रव्येषु **अन्यथाप्ररूपणतो धर्माधर्मादिसमस्तपदार्थेषु** १ क्षेत्रतो ण**मिति सर्वत्रालङ्कारमात्रे** मृषावादो लोके वा **लोकविषये** अलोके वा **अलोकविषये** २ कालतो मृषावादो दिवा वा **दिवसेऽधिकरणभूते विषयभूते वा**, रात्रौ वा **रजन्यामाधारभूतायां विषयभूतायां वा** ३ भावतो मृषावादो रागेण वा **मायालोभलक्षणेन, तत्र मायया अग्लानोऽपि ग्लानोऽहं ममानेन कार्यमिति वक्ति, भिक्षाटनपरिजिहीर्षया वा पादपीडा ममेति भाषते इत्यादि, लोभेन तु शोभनतरान्नलाभे सति प्रान्तस्यैषणीयत्वेऽप्यनेषणीयमिदमिति ब्रूते इत्यादि** । द्वेषेण वा **क्रोधमानस्वरूपेण, तत्र क्रोधेन वदति त्वं दास इत्यादि, मानेन तु अबहुश्रुत एव बहुश्रुतोऽहमित्यादि । उपलक्षणत्वाद्भयहास्यादयोऽपीह द्रष्टव्याः । तत्र भयात्किञ्चिद्वितथं कृत्वा प्रायश्चित्तभयान्न कृतमित्यादि भाषते । एवं हास्यादिष्वपि वाच्यमिति ४ ।**

**द्रव्यभावपदप्रभवा चतुर्भङ्गिका चात्र द्रष्टव्या । सा पुनरियं — "दव्वओ नामेगे मुसावाए नो भावओ, भावओ नामेगे मुसावाए नो दव्वओ, एगे दव्वओ वि भावओ वि, एगे नो दव्वओ नो भावओ । तत्थ कोइ कंचि हिंसुज्जओ भणइ — 'इओ तए पसुमिगाइणो वोलिं[1]न्तगा दिट्ठ ति ?' सो पुण दयाए दिट्ठेहिंवि भणइ 'न दिट्ठ' त्ति - एस दव्वओ मुसावाओ न भावओ । अवरो मुसं भणीहामित्ति परिणओ सहसा सच्चं भणइ - एसो भावओ न दव्वओ । अवरो मुसं भणीहामित्ति परिणओ मुसं चेव भणइ - एस दव्वओ वि भावओ वि । चरिमभंगो पुण सुन्नो त्ति ॥"**

ટીકાર્થ :-

સઃ=તે પૂર્વે કહેલો.

---

१. अटन्तः ।

मृषावादः चतुर्विधः प्रज्ञप्तः=મૃષાવાદ ચાર પ્રકારનો કહ્યો છે.

तद्यथा-द्रव्यतः, क्षेत्रतः, कालतो, भावतः=તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી.

द्रव्यतो णं मृषावादः सर्वद्रव्येषु=દ્રવ્યથી મૃષાવાદ અન્યથા પ્રરૂપણા કરવા વડે ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય વગેરે બધા જ દ્રવ્યો-પદાર્થોના વિષયમાં સંભવે છે. णं વાક્યની શોભા માટે છે. આ રીતે આગળ પણ જાણવું. ॥૧॥

क्षेत्रतो णं मृषावादो लोके वा अलोके वा=ક્ષેત્રથી મૃષાવાદ લોકના વિષયમાં કે અલોકના વિષયમાં સંભવે છે. ॥૨॥

कालतो णं मृषावादो दिवा वा रात्रौ वा=કાળથી મૃષાવાદ

૧. અધિકરણભૂત દિવસે [એટલે કે દિવસના સમયે જે જૂઠું બોલવામાં આવે તે] અથવા વિષયભૂત દિવસને વિષે [એટલે કે દિવસના વિષયમાં જે જૂઠું બોલવામાં આવે - જેમકે દિવસે અંધારું હોય છે, દિવસ ૩૦ કલાકનો હોય છે...વગેરે] અથવા

૨. આધારભૂત રાત્રિના સમયે [એટલે કે રાત્રિના સમયે જે જૂઠું બોલવામાં આવે તે] અથવા વિષયભૂત રાત્રિને વિષે [એટલે કે રાત્રિના વિષયમાં જે જૂઠું બોલવામાં આવે જેમ કે રાત્રે અજવાળું હોય છે. રાત્રિ ૩૦ કલાકની હોય છે... વગેરે] સંભવે છે. ॥૩॥

भावतो णं मृषावादो रागेण वा द्वेषेण वा=ભાવથી મૃષાવાદ -

૧. માયા અને લોભ સ્વરૂપ રાગથી (સંભવે છે)

તેમાં માયાથી [મૃષાવાદ આ પ્રમાણે -] માંદો ન હોય તો પણ 'હું માંદો છું મારે આની જરૂર છે' એમ બોલે અથવા ભિક્ષા=ગોચરી માટે ફરવું ન પડે માટે 'મને પગ દુઃખે છે' એમ બોલે... વગેરે

લોભથી - બીજી વધારે સારી ગોચરી મળતી હોય તો મળી રહેલી પ્રાન્ત (=હલકી-તુચ્છ) ગોચરી એષણીય (નિર્દોષ) હોવા છતાં અનેષણીય (દોષિત) છે એમ કહે... વગેરે.

અથવા

૨. ક્રોધ અને માન સ્વરૂપ દ્વેષથી (સંભવે છે)

તેમાં ક્રોધથી બોલે કે 'તું દાસ છે...' વગેરે. માનથી પોતે બહુશ્રુત ન હોય તો પણ 'હું બહુશ્રુત છું.' એમ બોલે... વગેરે.

ઉપલક્ષણથી ભય-હાસ્ય વગેરે પણ અહીં જાણવા. તેમાં ભયથી [મૃષાવાદ આ પ્રમાણે -] કંઈક ખોટું કરીને પ્રાયશ્ચિત્તના ભયથી નથી કર્યું એમ કહે... એ રીતે હાસ્ય વગેરેમાં પણ જાણવું. ॥૪॥

અહીં દ્રવ્ય અને ભાવ એ બે પદથી થતી ચતુર્ભંગી જાણવી. તે આ પ્રમાણે -

**૧. દ્રવ્યથી મૃષાવાદ, ભાવથી નહીં** - જેમકે હિંસા કરવામાં ઉદ્યત એવો કોઈ વ્યક્તિ બીજા

કોઈ વ્યક્તિને પૂછે - 'તમે અહીંથી કોઈ પશુ-મૃગ વગેરેને જતાં જોયા છે ?' અને તે જોયા હોય તો પણ 'નથી જોયા' એમ દયાથી કહે.

૨. **ભાવથી મૃષાવાદ, દ્રવ્યથી નહીં** - જેમકે કોઈ વ્યક્તિ 'ખોટું બોલીશ' એ પ્રમાણે પરિણત થયો હોય પણ અચાનક સાચું બોલી જાય.

૩. **દ્રવ્યથી મૃષાવાદ અને ભાવથી પણ મૃષાવાદ** - જેમકે કોઈ વ્યક્તિ ખોટું બોલવા માટે પરિણત થયો હોય અને ખોટું જ બોલે.

૪. **દ્રવ્યથી પણ નહીં અને ભાવથી પણ નહીં** - આ ભાંગો શૂન્ય છે. [અહીં કોઈ મૃષાવાદ જ નથી, માટે ઉદાહરણ નથી.]

सूत्र :-

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठियस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्नियस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तियस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालियस्स चत्तदोसस्स गुणग्गाहियस्स निव्वियारस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइयस्स संसारपारगामियस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहिए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरुययाए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासोक्खमणुपालयंतेणं इहं वा भवे अन्नेसु वा भवग्गहणेसु मुसावाओ भासिओ वा भासाविओ वा भासिज्जंतो वा परेहिं समणुन्नाओ तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं अईयं निंदामि पडुप्पन्नं संवरेमि अणागयं पच्चक्खामि सव्वं मुसावायं जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं मुसं वएज्जा नेवन्नेहिं मुसं वायावेज्जा मुसं वयंतेवि अन्ने न समणुजाणामि तं जहा — अरहंतसक्खियं सिद्धसक्खियं साहुसक्खियं देवसक्खियं अप्पसक्खियं एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा एस खलु मुसावायस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए**

**( पारगामिए ) सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए, असोयणयाए, अजूरणयाए, अतिप्पणयाए, अपीडणयाए, अपरियावणयाए, अणुद्दवणयाए, महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिन्ने परमरिसिदेसिए पसत्थे तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खाए बोहिलाभाए संसारुत्तारणाए त्तिकट्टु उवसंपज्जित्ताणं विहरामि । दोच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मुसावायाओ वेरमणं ॥**

ટીકા :-

**एतत् सकलमपि सूत्रं मृषावादाभिलापेन प्राग्वत्समवसेयमिति । नवरमिह दोषा मृषाभाषिणां जिह्वाच्छेदाविश्वासमूकत्वादयो वाच्याः । इत्युक्तं द्वितीयं महाव्रतम् ॥२॥**

સૂત્રાર્થ તથા ટીકાર્થ :-

આ આખા સૂત્રનો અર્થ પ્રાણાતિપાતની જગ્યાએ મૃષાવાદ કહીને પહેલાની જેમ જ જાણવો. સિવાય કે અહીં મૃષા બોલનારને દોષો જીભ કપાઈ જવી, બીજાઓને પોતાના પર અવિશ્વાસ થવો, મૂંગાપણું વગેરે જાણવા. બીજું મહાવ્રત કહેવાઈ ગયું. ॥૨॥

**साम्प्रतं तृतीयमाह-**

હવે ત્રીજું મહાવ્રત કહે છે -

સૂત્ર :-

**अहावरे तच्चे भंते ! महव्वए अदिन्नादाणाओ वेरमणं, सव्वं भंते ! अदिन्नादाणं पच्चक्खामि, से गामे वा नगरे वा अरन्ने वा, अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमन्तं वा अचित्तमन्तं वा, नेव सयं अदिन्नं गिण्हिज्जा नेवन्नेहिं अदिन्नं गिण्हावेज्जा अदिन्नं गिण्हंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

સૂત્રાર્થ :-

હે ભદન્ત ! હવે એ પછીના ત્રીજા મહાવ્રતમાં અદત્તાદાનથી વિરમણ (શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે. માટે) હે ભદન્ત ! સર્વ અદત્તાદાનનું પ્રત્યાખ્યાન કરું છું. તે આ પ્રમાણે - ગામમાં કે નગરમાં

કે અરણ્યમાં, થોડું કે ઘણું, નાનું કે મોટું, સચિત્ત કે અચિત્ત (આમાનું કાંઈપણ) હું સ્વયં અદત્ત ગ્રહણ નહીં કરું, બીજા વડે અદત્ત ગ્રહણ નહીં કરાવું અને અદત્ત ગ્રહણ કરતાં બીજાઓની અનુમોદના નહીં કરું. હું જીવું ત્યાં સુધી (કૃત, કારિત અને અનુમોદિત એ) ત્રણે પ્રકારના અદત્તાદાનને મન, વચન અને કાયા એ ત્રણે કરણો વડે કરીશ નહીં, કરાવીશ નહીં અને કરી રહેલા અન્યની અનુમોદના નહીં કરું. હે ભદન્ત ! (અદત્તાદાનના અતીત સંબંધી અવયવ)નું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, (અતીત અદત્તાદાન ક્રિયાકારી) આત્માની ગર્હા કરું છું. (અતીત અદત્તાદાનનો) વિશેષથી ત્યાગ કરું છું.

**ટીકા :-**

अथापरस्मिँस्तृतीये भदन्त ! महाव्रते अदत्तादानाद्विरमणं, सर्वं भदन्त ! अदत्तादानं प्रत्याख्यामीति **पूर्ववत् ।** से **त्ति तद्यथा** — ग्रामे वा नगरे वा अरण्ये वा **इत्यनेन क्षेत्रपरिग्रहः, तत्र ग्रसति बुद्ध्यादीन् गुणानिति** ग्रामस्तस्मिन्, **न विद्यते करोऽस्मिन्निति** नकरं तस्मिन्, अरण्यं **काननादि** तस्मिन् **। तथा** अल्पं वा, बहु वा, अणु वा, स्थूलं वा, चित्तवद्वा, अचित्तवद्वा **इत्यनेन तु द्रव्यपरिग्रहः । तत्र** अल्पं **मूल्यत एरण्डकाष्ठादि,** बहु **मूल्यत एव वज्रादि,** अणु **प्रमाणतो वज्रादि,** स्थूलं **प्रमाणत एव एरण्डकाष्ठादि, एतच्च** चित्तवद्वा **सचेतनं,** अचित्तवद्वा**ऽचेतनं, किम् ? इत्याह** — नैव स्वयमदत्तं गृह्णामि, नैवान्यैरदत्तं ग्राहयामि, अदत्तं गृह्णतोऽप्यन्यान्न समनुजानामी**त्यादि यावद्** व्युत्सृजामी**ति पूर्ववद्द्रष्टव्यं । अत्र च ग्रामे वा नगरे वा वेत्यादिना क्षेत्रतः, अल्पं वा बहु वेत्यादिना तु द्रव्यतो अदत्तादानमुक्तं, अनेन च चतुर्विधमदत्तादानमुपलक्षितमित्यतस्तदभिधातुमाह** —

**ટીકાર્થ :-**

अथ अपरस्मिन् तृतीये भदन्त ! महाव्रते अदत्तादानाद्विरमणं, सर्वं भदन्त ! अदत्तादानं प्रत्याख्यामि=હે ભદન્ત ! હવે એ પછીના ત્રીજા મહાવ્રતમાં અદત્તાદાનથી વિરમણ શ્રી જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે માટે હે ભદન્ત ! સર્વ અદત્તાદાનનું પ્રત્યાખ્યાન કરું છું.

(से) तद्यथा-ग्रामे वा नगरे वा अरण्ये वा=તે આ પ્રમાણે - ગામમાં કે નગરમાં કે અરણ્યમાં. આના વડે ક્ષેત્ર કહ્યું. તેમાં બુદ્ધિ વગેરે ગુણોને જે ગ્રસી જાય=ખાઈ જાય=નાશ કરે તે ગ્રામ. [ગામમાં બુદ્ધિનો વિકાસ થતો નથી.] જેમાં કર (=ટેક્સ) વિદ્યમાન નથી તે નકર=નગર. અરણ્ય=જંગલ વગેરે.

तथा - अल्पं वा बहु वा, अणु वा स्थूलं वा, चित्तवद्वा अचित्तवद्वा - અલ્પ કે ઘણું, અણુ (=નાનું) કે સ્થૂલ (=મોટું), સચિત્ત કે અચિત્ત. આના વડે દ્રવ્ય કહ્યું. તેમાં -

- અલ્પ મૂલ્યવાળું (=સસ્તુ) હોય તે અલ્પ - એરંડકાષ્ઠ વગેરે.
- ઘણા મૂલ્યવાળું (=મોંઘું) હોય તે બહુ - વજ્ર વગેરે.
- પ્રમાણથી (કદમાં) નાનું હોય તે અણુ - વજ્ર વગેરે.
- પ્રમાણથી (કદમાં) મોટું હોય તે સ્થૂલ - એરંડકાષ્ઠ વગેરે. [તે જાડું હોય છે, માટે સ્થૂલ કહેવાય.]

આ બધું સચેતન હોય કે અચેતન હોય.

આ બધાનું શું કરીશ ? તે કહે છે -

नैव स्वयमदत्तं गृह्णामि, नैवान्यैरदत्तं ग्राहयामि, अदत्तं गृह्णतोऽप्यन्यान्न समनुजानामि.... થી માંડી व्युत्सृजामि સુધીનું સૂત્ર પૂર્વની જેમ જાણવું.

અહીં ग्रामे वा नगरे वा વગેરે સૂત્ર વડે ક્ષેત્રથી અને अल्पं वा बहु वा વગેરે સૂત્ર વડે દ્રવ્યથી અદત્તાદાન કહ્યું છે. આનાથી (દ્રવ્યાદિ) ચારે પ્રકારનું અદત્તાદાન ઉપલક્ષિત થાય છે, માટે તે કહે છે -

સૂત્ર :-

**से अदिन्नादाणे चउव्विहे पन्नत्ते, तं जहा — दव्वओ खेत्तओ कालओ भावओ । दव्वओ णं अदिन्नादाणे गहणधारणिज्जेसु दव्वेसु, खेत्तओ णं अदिन्नादाणे गामे वा नगरे वा अरन्ने वा, कालओ णं अदिन्नादाणे दिया वा राओ वा, भावओ णं अदिन्नादाणे रागेण वा दोसेण वा ॥**

સૂત્રાર્થ :-

તે અદત્તાદાન ચાર પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી.

દ્રવ્યથી અદત્તાદાન ગ્રહણધારણીય દ્રવ્યોને વિષે, ક્ષેત્રથી અદત્તાદાન ગામ, નગર કે અરણ્યમાં, કાળથી અદત્તાદાન દિવસે કે રાત્રે, ભાવથી અદત્તાદાન રાગથી કે દ્વેષથી (સંભવે છે.) ॥

ટીકા :-

तत्**प्रागुक्तं** अदत्तादानं **स्तेयं** चतुर्विधं प्रज्ञप्तं, तद्यथा — द्रव्यतः क्षेत्रतः कालतो भावतः । **तत्र** द्रव्यतोऽदत्तादानं **स्यात्, केषु ? इत्याह** — ग्रहणधारणीयेषु द्रव्येषु **तत्र गृह्यन्त इति** ग्रहणान्युपादानार्हाणि **धार्यन्त इति** धारणीयानि **ततश्च ग्रहणानि च तानि धारणीयानि च ग्रहणधारणीयानि** तेषु द्रव्येषु; **अनेन च धर्माधर्मास्तिकायादिष्वदत्तादानप्रतिषेधमाह, ग्रहणधारणानर्हत्वात्तेषाम् । अत एवासर्व्वद्रव्यविषयमिदमधिकृतव्रतं, आह च —**

**"पढमम्मि सव्वजीवा, बीए चरिमे य सव्वदव्वाइं ।**
**सेसा महव्वया खलु, तदेक्कदेसेण दव्वाणं ॥१॥" [ आव. नि. गा. ७९१ ]**

क्षेत्रतोऽदत्तादानं ग्रामे वा नगरे वाऽरण्ये वा **अधिकरणभूते भवति** । कालतोऽदत्तादानं दिवा वा रात्रौ वा **संभवति** । भावतोऽदत्तादानं रागेण वा **मायालोभलक्षणेन** द्वेषेण वा **क्रोधमानस्वरूपेण । तत्र मायया धूर्तानां, लोभेन वाणिजकचौरादीनां, कोपेन नृपादीनां, मानेन साभिमानपुरुषाणां अदत्तादानसंभवो भावनीयः । तथा लोभमन्तरेणादत्तादानासंभवात् मायादिष्वपि**

**लोभसद्भावो वेदितव्य इति । द्रव्यादिचतुर्भङ्गी पुनरियं – ''दव्वओ नामेगे अदिन्नादाणे नो भावओ, भावओ नामेगे नो दव्वओ, एगे दव्वओ वि भावओ वि, एगे नो दव्वओ नो भावओ । तत्थ अरत्तदुट्ठस्स साहुणो कहिंचि अणणुन्नावेऊण तणाइ गिण्हओ दव्वओ अदिन्नादाणं नो भावओ । हरामि त्ति अब्भुज्जयस्स तदसंपत्तीए भावओ नो दव्वओ । एवं चेव संपत्तीए दव्वओ वि भावओ वि । चरमभंगो पुण सुन्नो त्ति ॥**

ટીકાર્થ :-

से=तद्=તે પૂર્વે કહેલું, अदत्तादानं=ચોરી

चतुर्विधं प्रज्ञप्तं तद्यथा – द्रव्यतः, क्षेत्रतः, कालतो, भावतः=ચાર પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી.

द्रव्यतोऽदत्तादानं ग्रहणधारणीयेषु द्रव्येषु=દ્રવ્યથી અદત્તાદાન ગ્રહણધારણીય દ્રવ્યોના વિષયમાં થાય. તેમાં ગ્રહણ કરાય તે ગ્રહણો એટલે કે ગ્રહણ માટે યોગ્ય. ધારણ કરાય તે ધારણીયો. ગ્રહણ એવા ધારણીય તે ગ્રહણધારણીય - આવા દ્રવ્યોના વિષયમાં અદત્તાદાન થાય. આના વડે ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોના વિષયમાં અદત્તાદાનનો નિષેધ કહ્યો. [એટલે કે આ દ્રવ્યોનું અદત્તાદાન થતું નથી.] કારણ કે આ દ્રવ્યો ગ્રહણ અને ધારણ માટે અયોગ્ય છે. માટે જ આ અધિકૃત વ્રત (અદત્તાદાન વિરમણ વ્રત)નો વિષય બધા જ દ્રવ્યો નથી. કહ્યું છે - "પ્રથમ મહાવ્રતનો વિષય સર્વ જીવો છે, બીજા અને છેલ્લા મહાવ્રતનો વિષય સર્વ દ્રવ્યો છે, બાકીના મહાવ્રતોનો વિષય દ્રવ્યોનો એક દેશ છે." (વિ.આ.ભાષ્ય ગા.૨૬૩૭, આવશ્યક નિર્યુક્તિ ગા.૭૯૧)

क्षेत्रतोऽदत्तादानं ग्रामे वा नगरे वा अरण्ये वा=ક્ષેત્રથી અદત્તાદાન અધિકરણભૂત એવા ગામમાં, નગરમાં કે અરણ્યમાં થાય છે.

कालतोऽदत्तादानं दिवा वा रात्रौ वा=કાળથી અદત્તાદાન દિવસે કે રાત્રે સંભવે છે.

भावतोऽदत्तादानं रागेण वा द्वेषेण वा=ભાવથી અદત્તાદાન માયા-લોભ સ્વરૂપ રાગથી કે ક્રોધ-માન સ્વરૂપ દ્વેષથી સંભવે છે. તેમાં માયાથી ધૂર્તો=ધૂતારાઓ=ઠગોને, લોભથી વેપારીઓ-ચોરો વગેરેને, ક્રોધથી રાજા વગેરેને અને માનથી અભિમાનવાળા પુરુષોને અદત્તાદાનનો સંભવ જાણવો. તથા લોભ વગર અદત્તાદાનનો સંભવ ન હોવાથી માયા વગેરેમાં પણ લોભનો સદ્ભાવ જાણવો.

દ્રવ્યાદિ ચતુર્ભંગી આ પ્રમાણે -

**૧. દ્રવ્યથી અદત્તાદાન, ભાવથી નહીં** - જેમ કે રાગ અને દ્વેષ વગરનો કોઈ સાધુ કોઈક રીતે અનુજ્ઞા લીધા વગર ઘાસ વગેરે ગ્રહણ કરે.

**૨. ભાવથી અદત્તાદાન, દ્રવ્યથી નહીં** - જેમ કે કોઈ વ્યક્તિ કંઈક ચોરવા પ્રવૃત્ત થાય, પણ તે ન મળે.

**૩. ભાવથી અદત્તાદાન, દ્રવ્યથી પણ** - જેમ કે કોઈ વ્યક્તિ કંઈક ચોરવા પ્રવૃત્ત થાય અને તે મળી પણ જાય.

૪. દ્રવ્યથી પણ નહીં અને ભાવથી પણ નહીં - આ ભાંગો શૂન્ય છે. (આમાં અદત્તાદાન જ ન હોવાથી ઉદાહરણ નથી.)

સૂત્ર :-

जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठियस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरन्नसोवन्नियस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तियस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालियस्स चत्तदोसस्स गुणग्गाहियस्स निव्वियारस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइयस्स संसारपारगामियस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहिए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरुययाए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासोक्खमणुपालयंतेणं इहं वा भवे अन्नेसु वा भवग्गहणेसु अदिन्नादाणं गहियं वा गाहावियं वा घिप्पंतं वा परेहिं समणुन्नायं, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं अईयं निंदामि पडुप्पन्नं संवरेमि अणागयं पच्चक्खामि सव्वं अदिन्नादाणं जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं अदिन्नं गिण्हेजा नेवन्नेहिं अदिन्नं गिण्हाविज्जा अदिन्नं गिण्हंतेवि अन्ने न समणुजाणामि, तं जहा-अरहंतसक्खियं सिद्धसक्खियं साहुसक्खियं देवसक्खियं अप्पसक्खियं, एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे, दिया वा राओ वा, एगओ वा परिसागओ वा, सुत्ते वा जागरमाणे वा, एस खलु अदिन्नादाणस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए ( पारगामिए ) सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं अदुक्खणयाए, असोयणयाए, अजूरणयाए, अतिप्पणयाए, अपीडणयाए, अपरियावणयाए, अणुद्दवणयाए, महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिण्णे परमरिसिदेसिए पसत्थे तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खाए बोहिलाभाए संसारुत्तार-

**णाए त्तिकुट्टु उवसंपज्जित्ताणं विहरामि । तच्चे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ॥**

ટીકા :-

**एतच्च सर्वं सूत्रमदत्तादानाभिलापेन प्राग्वदवसेयं, नवरमदत्तहारिणां वधबन्धन-दारिद्र्यन्यासहरणादयो दोषा भणनीया । इत्युक्तं तृतीयं महाव्रतम् ॥३॥**

**સૂત્રાર્થ અને ટીકાર્થ :-**

આ આખું સૂત્ર પ્રાણાતિપાતને બદલે અદત્તાદાન કહી પહેલાંની જેમ જાણવું, સિવાય કે અદત્તનું હરણ કરનારાઓને વધ-બંધન-દરિદ્રતા-તેઓએ મૂકેલી થાપણનું હરણ થાય વગેરે દોષો સમજી લેવા. આ રીતે ત્રીજું મહાવ્રત કહેવાઈ ગયું.

**अधुना चतुर्थमाह —**

હવે ચોથું મહાવ્રત કહે છે -

સૂત્ર :-

**अहावरे चउत्थे भंते ! महव्वए मेहुणाओ वेरमणं, सव्वं भंते ! मेहुणं पच्चक्खामि, से दिव्वं वा माणुसं वा तिरिक्खजोणियं वा, नेव सयं मेहुणं सेविज्जा नेवन्नेहिं मेहुणं सेवावेज्जा मेहुणं सेवंतेवि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

સૂત્રાર્થ :-

હે ભદન્ત ! હવે એ પછીના ચોથા મહાવ્રતમાં મૈથુનથી વિરમણ (જિનેશ્વર ભગવંતે કહ્યું છે, માટે) હે ભદન્ત ! સર્વ મૈથુનનું પ્રત્યાખ્યાન કરું છું. તે આ પ્રમાણે - દેવ સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી હું સ્વયં મૈથુન નહીં સેવું, બીજાઓ વડે મૈથુન સેવન નહીં કરાવું અને મૈથુન સેવતા બીજાઓની અનુમોદના નહીં કરું. હું જીવું ત્યાં સુધી (કૃત, કારિત અને અનુમોદિત એ) ત્રણે પ્રકારના મૈથુનસેવનને મન,વચન અને કાયાથી એ ત્રણે કરણો વડે કરીશ નહીં, કરાવીશ નહીં અને કરી રહેલા બીજાની અનુમોદના નહીં કરું. હે ભદન્ત ! તે (મૈથુનસેવનના અતીત સંબંધી અવયવ)નું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, (અતીત મૈથુનસેવન ક્રિયાકારી) આત્માની ગર્હા કરું છું, (અતીત મૈથુનસેવનનો) વિશેષથી ત્યાગ કરું છું.

ટીકા :-

अथापरस्मिन् चतुर्थे **चतु:सङ्ख्ये** भदन्त ! महाव्रते मैथुनाद्विरमणं **जिनेनोक्तमत:** सर्वं भदन्त ! मैथुनं **मिथुनकर्म** प्रत्याख्यामि । से **त्ति तद्यथा** — दैवं वा मानुषं वा तैर्यग्योनं वे**त्यनेन द्रव्यपरिग्रहः । तत्र देवानामिदं** दैवं **अप्सरोऽमरसंबन्धीति भावः । मनुष्याणामिदं** मानुषं **स्त्रीपुरुषसत्कमित्यर्थः । तिर्यग्योनौ भवं** तैर्यग्योनं **वडवाऽश्वादिप्रभवमित्यर्थः** । नेव सयमि**त्यादि गतार्थं । अत्र च दैवं वेत्यादिना द्रव्यतो मैथुनमुक्तं, अनेन च चतुर्विधं मैथुनमुपलक्षितमित्यतस्तद्वक्तुकाम आह** —

ટીકાર્થ :-

अथापरस्मिन् चतुर्थे भदन्त ! महाव्रते मैथुनाद्विरमणं=હે ભદન્ત ! હવે એ પછીના ચોથા મહાવ્રતમાં મૈથુનથી વિરમણ. 'જિનેશ્વર ભગવંતે કહ્યું છે' આટલું અધ્યાહારથી જાણવું. માટે -

सर्वं भदन्त ! मैथुनं प्रत्याख्यामि - હે ભદન્ત ! સર્વ મૈથુન એટલે કે મિથુનકર્મનું પ્રત્યાખ્યાન કરું છું.

(से) तद्यथा - दैवं वा मानुषं वा तैर्यग्योनं वा=તે આ પ્રમાણે - દેવ સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી. આનાથી દ્રવ્યથી મૈથુન કહ્યું તેમાં -

- દેવોનું આ તે દૈવ એટલે કે દેવ-દેવીના વૈક્રિય શરીર સંબંધી.

- મનુષ્યોનું આ તે માનુષ એટલે કે સ્ત્રી કે પુરુષના શરીર સંબંધી.

- તિર્યગ્યોનિમાં થાય તે તૈર્યગ્યોન એટલે કે ઘોડી-ઘોડો વગેરે(તિર્યંચો)ના શરીર સંબંધી.

नैव स्वयं मैथुनं सेवे.... વગેરે સૂત્રનો અર્થ પહેલાની જેમ જાણવો.

અહીં दैवं वा... વગેરે વડે દ્રવ્યથી મૈથુન કહ્યું. આના વડે (દ્રવ્યાદિ) ચાર પ્રકારનું મૈથુન ઉપલક્ષિત થાય છે. માટે તે કહેવાને માટે કહે છે -

સૂત્ર :-

**से मेहुणे चउव्विहे पन्नत्ते, तं जहा-दव्वओ खित्तओ कालओ भावओ । दव्वओ णं मेहुणं रूवेसु वा रूवसहगएसु वा । खित्तओ णं मेहुणे उड्ढलोए वा अहोलोए वा तिरियलोए वा । कालओ णं मेहुणे दिया वा राओ वा । भावओ णं मेहुणे रागेण वा दोसेण वा ॥**

સૂત્રાર્થ :-

તે મૈથુન ચાર પ્રકારનું કહ્યું છે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. તેમાં દ્રવ્યથી મૈથુન રૂપો કે રૂપસહગત દ્રવ્યોના વિષયમાં, ક્ષેત્રથી મૈથુન ઉર્ધ્વલોક, અધોલોક કે તિર્ચ્છાલોકમાં, કાળથી મૈથુન દિવસે કે રાત્રે અને ભાવથી મૈથુન રાગ કે દ્વેષ વડે (સંભવે છે.)

ટીકા :-

तन्मैथुनं चतुर्विधं प्रज्ञप्तं, तद्यथा — द्रव्यतः १, क्षेत्रतः २, कालतो ३, भावतः ४ । **तत्र** द्रव्यतो मैथुनं रूपेषु वा रूपसहगतेषु वा **द्रव्येषु भवति; तत्र रूपाणि निर्जीवानि प्रतिमारूपाण्युच्यन्ते, रूपसहगतानि तु सजीवानि पुरुषाङ्गनाशरीराणि । भूषणविकलानि वा रूपाणि, भूषणसहितानि तु रूपसहगतानि ।** क्षेत्रतो मैथुनं ऊर्ध्वलोके **वा मेरुवनखण्डसौधर्मेशानादिषु संभवति,** अधोलोके वा **अधोग्रामभवनपतिभवनादिषु,** तिर्यग्लोके वा **द्वीपसमुद्राचलादिषु, अथ ऊर्द्ध्वाधस्तिर्यग्लोकपरिज्ञानार्थमिदमुच्यते — 'इहोर्ध्वाधश्चतुर्दशरज्जुप्रमाणस्य सर्वतो वृत्तस्य तिर्यक्स्थाने विचित्रमानस्य वैशाखस्थानस्थितकटिस्थकरयुग्मपुरुषाद्याकृतेर्लोकस्य बहुमध्यदेशभागे उर्द्ध्वाधोऽष्टादशयोजनशतमानस्तिर्यग्लोक उच्यते, तस्य च बहुमध्ये अङ्गुलासङ्ख्येयभागमात्रलोकाकाशप्रतरा अलोकेन संवर्त्तिताः सर्वक्षुल्लकप्रतराः सर्वतो रज्जुप्रमाणाः सन्ति, तेषां बहुमध्यवर्त्तिनो द्वयोः क्षुल्लकप्रतरयोर्बहुमध्ये रत्नप्रभापृथिव्या बहुसमभूभागे मन्दरस्य[1] बहुमध्ये अष्टप्रदेशो रुचकः समस्ति, यतोऽयं दिग्विभागः प्रवृत्त इति, एतत्तिर्यग्लोकमध्यं, एतस्मात्तिर्यग्लोकमध्याद्रज्जुप्रमाणक्षुल्लकप्रतरेभ्य उपरि तिर्यगसङ्ख्येयाङ्गुलभागवृद्धिरुपरिमुखं चाङ्गुलासङ्ख्येयभागारोह एवास्ति, एवं तिर्यगुपरि चाङ्गुलासङ्ख्येयभागवृद्ध्या तावल्लोकवृद्धिर्ज्ञातव्या यावदूर्द्ध्वलोकमध्यं, ततः पुनस्तेनैव क्रमेण संवर्त्तः कर्त्तव्यो यावदुपरि लोकान्तो रज्जुप्रमाण इति । तिर्यग्लोकमध्यरज्जुप्रमाणक्षुल्लकप्रतरेभ्योऽप्यधस्तात् तिर्यगङ्गुलासङ्ख्येयभागवृद्धिरधोऽवगाहनाप्यङ्गुलासङ्ख्येयभागवृद्धिरेव कर्त्तव्या, एवमधोलोकस्तावद्वर्द्धयितव्यो यावदधोलोकान्तो द्विधाऽपि सप्तरज्जुप्रमाणो जायते इति । इह च वृद्धा वदन्ति-'उपरिमुखादधोमुखाच्चाङ्गुलासङ्ख्येयभागाल्लघुतरस्तिर्यगङ्गुलासङ्ख्येयभागो द्रष्टव्योऽन्यथा लोकबहुत्वप्राप्तेरिति ।' ये च तिर्यगुपर्यधश्च तुल्यमेवाङ्गुलासङ्ख्येयभागं वृद्धौ वर्णयन्ति, ये च तिर्यगुपर्यधश्च प्रतिप्रतरं प्रदेशवृद्ध्या लोकं वर्द्धयन्ति तदभिप्रायं न विद्मो न चायमागमेऽप्यस्माभिर्दृष्टः, सम्यग्विचिन्त्यं चैतदिति । एवं च स्थिते रुचकादधो यावन्नव योजनशतानि तावत् तिर्यग्लोकः परतस्त्वधोलोक इति, तथा रुचकादुपरि यावन्नव योजनशतानि यावत् ज्योतिश्चक्रस्योपरितलमित्यर्थः तावत्तिर्यग्लोकः, ततः परत ऊर्द्ध्वलोक इति । कृतं प्रसङ्गेन, प्रकृतमुच्यते ।** कालतो मैथुनं दिवा वा रात्रौ वा **स्यात् ।** भावतो मैथुनं रागेण वा **मायालोभलक्षणेन,** द्वेषेण वा **कोपमानलक्षणेन, तत्र मायया मैथुनसंभवो यथा —**

**''एगो साहू एगाए अगारीए संजायसंबंधो बाहुल्लयाए य गच्छस्स परियारणाविरह[2]मलहंतो नियडीए[3] गुरुं विन्नवेइ जहा — 'भयवं दुक्खइ मे गाढमुदरं, ता अणुजाणेह जेण**

१. मेरुपर्वतस्य । २. अनाचारकृते एकान्तः । ३. मायया ।

पच्चासन्नगिहे गन्तूण अहापवत्तग्गिणा[1] पयावेमि ।' गुरुणा वि अविन्नायपरमत्थेण विसज्जिओ, गन्तूण अगारिं पडिसेवित्ता समागओ भणइ — 'उवसंता मे वेयणत्ति' ।''

लोभेन तु मैथुनसम्भवो अमुनोदाहरणेन भावनीयः —

''तगराए नयरीए अरिहमित्तो नाम आयरिओ विहरइ, तस्स य समीवे दत्तो नाम वाणियओ भद्दाए भारियाए पुत्तेण य अरहन्नएण सद्धिं पव्वइओ, सो तं खुड्डगं न कयावि भिक्खाए हिंडावेइ, पढमालियाईहिं किमिच्छिएहिं[2] पोसइ। एवं च सो सुकुमालो जाओ, साहूण य अप्पत्तियं जं सो भिक्खाइसु न हिण्डइ, परं खंतोवरोहेण न तरंति किंचि भणिउं । अन्नया सो खंतो कालगओ, तओ साहुहिं तस्स दो तिन्नि दिवसे भत्तं दाउं भिक्खाए ओयारिओ । सो सुकुमालसरीरो गिम्हे उवरिं हेट्ठा य डज्झंतो पस्सेयजलकिलिन्नगत्तो अतीव तण्हाभिभूओ छायाए वीसमंतो एगाए पउत्थवइयाए[3] वणियमहिलाए नियभवणट्ठियाए दिट्ठो, ओरालसुकुमालसरीरोत्ति काउं तीसे तहिं अणुराओ जाओ । तओ चेडीए सद्दावित्ता पुच्छिओ — 'किं मग्गसि ? त्ति ।' तेणुत्तं - 'भिक्खंति ।' तओ अणाए दवाविया से य मोयगा । तओ पुणो पुच्छिओ — 'किंनिमित्तं तुमं धम्ममिमं करेसि ?' सो भणइ — 'सुहनिमित्तं ।' तओ तीए जंपियं — 'जइ एवं तो मए चेव समाणं भोगे भुंजाहि, मा हत्थगयं सुहं परिच्चइ-ऊण अणागयसंदिद्धसुहासाए अप्पाणं किलेसेहेत्ति ।' सोवि उण्हेण तज्जिओ उवसग्गिज्जंतो य पडिभग्गो पच्छन्ने ठिओ भोगे भुंजइ । साहूहिं य मग्गिओ, न दिट्ठो । पच्छा से माया उम्मत्तिया जाया, पुत्तसोगेण नयरं भमंती अरहन्नयं विलवंती जं जहिं पासइ तं तहिं सव्वं भणइ 'अरहन्नओ दिट्ठोत्ति ?', एवं विलवमाणी भमइ, जावऽन्नया तेणोलोयणगएण[4] दिट्ठा, पच्चभिन्नाया । तओ ताहे चेव उयरित्ता पाएसु पडिओ, सा वि तं पेच्छिऊण ताहे चेव सत्थचित्ता जाया । ताए भन्नइ — 'पुत्तय ! पव्वयाहि, मा तित्थयराणमाणं विराहिय दोग्गइं जाहिसि ।' सो भणइ — 'अम्मो ! न तरामि दीहकालं संजमं परिवालिउं जइ परं गहियसंजमो खिप्पमणसणविहिणा कालं करेमि ।' मायाए भणियं — 'एवं करेहि, मा पुत्तय ! असंजओ भविय संसारसागरे निम्मज्जाहि । यतः —

'वरं पविट्ठुं जलियं हुयासणं, न यावि भग्गं चिरसंचियं वयं ।
वरं हि मच्चू सुविसुद्धकम्मुणो, न यावि सीलक्खलियस्स जीवियं ॥१॥' ति ।

पच्छा सो गुरुसगासे आलोइयपडिक्कंतो समारोवियपंचमहव्वयभरो कयाणसणो भविय ताहे चेव तत्तसिलायले पाओवगमणं करेइ, मुहुत्तेण सुकुमालसरीरोत्ति नवणीयपिंडो व्व उण्हेण विलीणो ।'' त्ति ।

१. यथाप्रवृत्ताग्निना । २. 'किम् इच्छसि' इति पृष्ट्वा दातारः किमिच्छकाः, तेभ्यः । ३. प्रोषितभर्तृकया ।
४. अवलोकनस्थितेन अर्हन्नकेन ।

**कोपेन पुनर्यथा — "एगो साहु गामंतराओ गुरुसमीवमागच्छंतो अंतरा परिव्वाइयं संमुहमिंतिं पेच्छिय एयाए पवयणपच्चयाए वयं भंजामित्ति पदुट्ठचित्तो तत्थेव तं पडिसेवित्ता गुरुसगासमागओ कहेइ, जहा — 'मए दुट्ठपरिव्वाइयाए वयं भग्गं ।' ति ।"**

**मानेन पुनर्यथा — "एगंमि गच्छे एगो तरुणसमणो मणोहरागिई, तं दट्ठुमेगा तरुण-महिला अज्झोववन्ना चिंतेइ — 'अहो ! ण्हाणुव्वट्टणाइविभूसावियारविरयस्सवि इमस्स साहुस्स लावन्नसिरित्ति', तओ सा तं बहुसो ओभासेइ, न य सो तमभिलसइ, तओ अन्नया तीए भणियं जहा — 'फुडं तुमं नपुंसगोसि जो दढाणुरत्तचित्तं मणहरजोव्वणंपि मं न माणेसि', तओ साहुणा वि संजायाहंकारेण सा दढं पडिसेविय त्ति ।"**

**इह च वेदोदयप्रभवत्वान्मैथुनप्रवृत्तेः वेदोदयसत्ता सर्वत्र समवसेयेति । द्रव्यादि-चतुर्भङ्गी पुनरियं — दव्वओ नामेगे मेहुणे नो भावओ । भावओ नामेगे नो दव्वओ । एगो दव्वओ वि भावओ वि । एगे नो दव्वओ नो भावओ । तत्थ अरत्तदुट्ठाए इत्थियाए बला परिभुज्जमाणीए दव्वओ मेहुणे नो भावओ । मेहुणसन्नापरिणयस्स तदसंपत्तीए भावओ नो दव्वओ । एवं चेव संपत्तीए दव्वओ वि भावओ वि । चउत्थो पुण सुन्नो त्ति ।**

ટીકાર્થ :-

तन्मैथुनं चतुर्विधं प्रज्ञप्तं, तद्यथा-द्रव्यतः क्षेत्रतः, कालतो, भावतः=તે મૈથુન ચાર પ્રકારનું કહ્યું છે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. તેમાં -

द्रव्यतो मैथुनं रूपेषु वा रूपसहगतेषु वा=દ્રવ્યથી મૈથુન રૂપો કે રૂપસહગત દ્રવ્યોના વિષયમાં થાય. તેમાં રૂપો એટલે નિર્જીવ પ્રતિમાઓ અને રૂપસહગત એટલે સજીવ પુરુષ-સ્ત્રીના શરીરો. અથવા રૂપો એટલે જેને આભૂષણાદિ શણગાર ન હોય તેવા શરીરો અને રૂપસહગત એટલે આભૂષણાદિ શણગારવાળા શરીરો.

क्षेत्रतो मैथुनं ऊर्ध्वलोके वा अधोलोके वा तिर्यग्लोके वा -

ક્ષેત્રથી મેથુન -

- મેરુપર્વતના વનખંડ, સૌધર્મ-ઈશાન દેવલોક વગેરે ઉર્ધ્વલોકમાં,
- અધોગ્રામ, ભવનપતિદેવોના ભવનો વગેરે અધોલોકમાં કે
- દ્વીપો, સમુદ્રો, પર્વતો વગેરે તિર્ચ્છાલોકમાં સંભવે છે. ·

હવે ઉર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકને જાણવા માટે ટીકાકારશ્રી કહે છે -

આ લોક -

ઉપરથી નીચે સુધી ૧૪ રજ્જુ=રાજ પ્રમાણનો છે.

- ચારે બાજુથી ગોળ છે.
- તેનું તિર્ચ્છું માપ જુદું જુદું છે. [જેમ કે તિર્ચ્છાલોકે ૧ રાજ, બ્રહ્મલોકે=પાંચમા દેવલોકે ૫

રાજ, સૌથી ઉપર ૧ રાજ, સૌથી નીચે ૭ રાજ વગેરે.]

- વૈશાખસ્થાનમાં [એટલે કે બંને પગ પહોળા કરી] ઊભેલા, બંને હાથ કેડ પર રાખેલા પુરુષની જેવી આકૃતિ થાય એવી આકૃતિવાળો છે.

આ લોકના લગભગ મધ્યદેશભાગે ઉપર-નીચે (એટલે કે ઊંચાઈમાં) ૧૮૦૦ યોજન પ્રમાણવાળો ભાગ તિર્ચ્છાલોક કહેવાય છે. તેની બરાબર મધ્યમાં

- અંગુલના અસંખ્યાતમા ભાગ.પ્રમાણ સૂચિશ્રેણિમાં જેટલા આકાશપ્રદેશો આવે એટલી સંખ્યામાં પ્રતરો છે.

- આ પ્રતરો અલોક વડે વીંટળાયેલા છે.

- આ પ્રતરો સૌથી નાના છે. [૧૪ રાજલોકમાંના બાકીના પ્રતરોની અપેક્ષાએ]

- આ પ્રતરો બધી બાજુથી ૧ રાજ પ્રમાણ [લાંબા અને પહોળા] છે.

આ પ્રતરોમાં બરાબર મધ્યમાં રહેલા બે પ્રતરોની બરાબર મધ્યમાં આઠ પ્રદેશવાળો રુચક છે. [ઉપરના પ્રતરના ચાર આકાશપ્રદેશ અને નીચેના પ્રતરના ચાર આકાશપ્રદેશ મળીને આઠ પ્રદેશવાળો] આ રુચક જંબુદ્વીપમાં, રત્નપ્રભા પૃથ્વીના બંહુસમભૂભાગે અને મેરૂપર્વતની બરાબર મધ્યમાં છે. આ રુચકથી દિશાઓનો વિભાગ થાય છે. આ તિર્ચ્છાલોકનો મધ્યભાગ છે. આ તિર્ચ્છાલોકના મધ્યભાગે રહેલા એક રાજ પહોળા નાના પ્રતરોની ઉપર અંગુલનો અસંખ્યાતનો ભાગ પ્રમાણ જઈએ એટલે પ્રતરોમાં તિર્ચ્છી અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વૃદ્ધિ થાય છે. [એટલે કે પ્રતરોની પહોળાઈ ૧ રાજ + અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ થાય છે.] આ રીતે તિર્ચ્છી અને ઉપર અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વૃદ્ધિ વડે ત્યાં સુધી લોકની [પહોળાઈની] વૃદ્ધિ જાણવી કે જ્યાં સુધી ઉર્ધ્વલોકનો મધ્યભાગ આવે. એ પછી એ જ ક્રમે ત્યાં સુધી લોકની [પહોળાઈની] હાનિ જાણવી કે જ્યાં સુધી ઉપર એક રાજ પહોળો લોકાંત આવે.

તિર્ચ્છાલોકના મધ્યભાગે રહેલા એક રાજ પહોળા નાના પ્રતરોની નીચે અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જઈએ પછી પ્રતરોમાં તિર્ચ્છી અંગુલનો અસંખ્યાતનો ભાગ પ્રમાણ વૃદ્ધિ થાય છે. આ રીતે અધોલોક ત્યાં સુધી વધારવો કે જ્યાં સુધી લોકનો અંત બંને રીતે [=પહોળાઈ અને તિર્ચ્છાલોકના મધ્યભાગથી નીચે તરફનું અંતર એ બંને] ૭ રાજ પ્રમાણ થાય.

અહીં વૃદ્ધો (પૂર્વાચાર્યો) કહે છે - "ઉપરિમુખ અને અધોમુખ અંગુલના અસંખ્યાતમા ભાગથી તિર્ચ્છો અંગુલનો અસંખ્યાતમો ભાગ નાનો જાણવો. અન્યથા લોકનું પ્રમાણ મોટું થઈ જશે.[૨]"

---

૧. રત્નપ્રભાપૃથ્વી ૧,૮૦,૦૦૦ યોજન જાડી (ઊંચી) અને લગભગ ૧ રાજ લાંબી-પહોળી છે. એના ઉપરના ૯૦૦ યોજન તિર્ચ્છાલોકમાં છે અને બાકીનો નીચેનો ભાગ અધોલોકમાં છે. આ પૃથ્વીની ઉપરની સપાટી કે જે તિર્ચ્છાલોકની બરાબર મધ્યમાં છે તે બહુસમભૂભાગ કહેવાય.

૨. અહીં ઉપરિમુખ એટલે અધોલોકના નીચેના છેડેથી તિર્ચ્છાલોક તરફ જતા,
અધોમુખ એટલે તિર્ચ્છાલોકથી અધોલોક તરફ જતા - એમ સમજવું.
તિર્ચ્છાલોકથી ઉપર ઊર્ધ્વલોક તરફ જઈએ તો તિર્ચ્છો અંગુલનો અસંખ્યાતમો ભાગ મોટો હોય છે.

[અહીં કહેવાનો અભિપ્રાય આ પ્રમાણે છે - તિર્ચ્છાલોકની મધ્યમાં રહેલા પ્રતરોની પહોળાઈ ૧ રાજ છે. હવે જો નીચે અંગુલનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ જતા એટલા જ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પ્રતરમાં વૃદ્ધિ થતી હોય તો ૭ રાજ પ્રમાણ નીચે જતા લોકાંત આવે ત્યાં સુધીમાં પ્રતરમાં પણ ૭ રાજ પ્રમાણ વૃદ્ધિ થતા પ્રતરની કુલ પહોળાઈ (૧ રાજ હતી અને ૭ રાજ વૃદ્ધિ થઈ એટલે) ૮ રાજ પ્રમાણ થઈ જાય. પણ તે તો ૭ રાજ પ્રમાણ જ છે. માટે ઉપરિમુખ અને અધોમુખ અંગુલના અસંખ્યાતમા ભાગથી તિર્ચ્છો (પ્રતરની પહોળાઈની વૃદ્ધિનો) અંગુલનો અસંખ્યાતમો ભાગ નાનો લેવો, જેથી ૭ રાજ નીચે જતા સુધીમાં પ્રતરની પહોળાઈમાં ૬ રાજની જ વૃદ્ધિ થાય.]

૧. જેઓ તિર્ચ્છી અને ઉપર-નીચે સરખા જ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વૃદ્ધિ કહે છે અને

૨. જેઓ તિર્ચ્છી અને ઉપર-નીચે પ્રતરે પ્રતરે પ્રદેશવૃદ્ધિ વડે લોકની વૃદ્ધિ કહે છે.

- તેઓનો અભિપ્રાય અમે જાણતા નથી અને આગમમાં પણ અમે આ પ્રમાણે ક્યાંય જોયું નથી. માટે આ મતો સમ્યગ્ રીતે વિચારવા યોગ્ય છે.

આ રીતે હોતે છતે રુચકથી નીચે ૯૦૦ યોજન સુધી તિર્ચ્છાલોક છે અને એની નીચે અધોલોક છે અને રુચકથી ઉપર ૯૦૦ યોજન સુધી એટલે કે જ્યોતિષચક્રના ઉપરના તળ સુધી તિર્ચ્છાલોક છે અને એની ઉપર ઉર્ધ્વલોક છે. વધુ વિસ્તારથી સર્યું. પ્રકૃત કહીએ છીએ -

कालतो मैथुनं दिवा वा रात्रौ वा=કાળથી મૈથુન દિવસે કે રાત્રે થાય.

भावतो मैथुनं रागेण वा द्वेषेण वा=ભાવથી મૈથુન માયા-લોભ સ્વરૂપ રાગ વડે કે ક્રોધ-માન સ્વરૂપ દ્વેષ વડે થાય.

તેમાં માયા વડે મૈથુનની સંભાવના આ પ્રમાણે - એક સાધુ એક સ્ત્રી પર આસક્ત થયો. ગચ્છ મોટો હોવાથી અનાચારસેવન માટે એકાંત ન મળતા માયાથી ગુરુને વિનંતી કરે છે કે 'હે ભગવન્ ! મારું પેટ ખૂબ દુઃખે છે, તો મને અનુજ્ઞા આપો કે જેથી નજીકના ઘરે જઈને યથાપ્રવૃત્ત [=ગૃહસ્થોએ પોતાના માટે પ્રગટાવેલા] અગ્નિ વડે આતાપના લઉં.' ગુરુએ પણ પરમાર્થ [=સાધુની આ વિનંતી પાછળનું કારણ] જાણ્યા વિના તેને રજા આપી. તે સાધુ જઈને સ્ત્રીને ભોગવીને પાછો આવ્યો અને કહે છે - 'મારી વેદના શાંત થઈ ગઈ.'

લોભ વડે મૈથુનની સંભાવના આ ઉદાહરણ વડે જાણવી -

તગરા નગરીમાં અર્હન્મિત્ર નામના આચાર્ય વિચરે છે. તેમની પાસે દત્ત નામના વેપારીએ ભદ્રા નામની પત્ની અને અર્હન્નક નામના પુત્ર સાથે દીક્ષા લીધી. તે (દત્ત સાધુ) પોતાના ક્ષુલ્લક=નાના પુત્રમુનિને ક્યારેય પણ ભિક્ષા માટે મોકલતા નથી. અને કિમિચ્છકો [ભિક્ષાચરોને 'તમારે શું જોઈએ છે?' એમ પૂછી એ પ્રમાણે ભિક્ષા આપનારાઓ] પાસેથી પ્રથમાલિકા [=બાળ-વૃદ્ધો વગેરે અસહિષ્ણુ સાધુઓને અગાઉથી આપી દેવામાં આવતી ભિક્ષા=નવકારશી] લાવી આપી તેના વડે પોષે છે. આ રીતે તે સુકુમાલ (=કોમળ શરીરવાળો) થયો. સાધુઓને અપ્રીતિ થઈ, કારણ કે તે (અર્હન્નક=

અરણિકમુનિ) ભિક્ષા વગેરેમાં જતા નથી. પણ તેના પિતાના ઉપરોધ=આગ્રહના કારણે કંઈ બોલી શકતા નથી.

કેટલાક કાળ પછી તેના પિતા કાળ કરી ગયા. સાધુઓએ બે-ત્રણ દિવસ તેને ભિક્ષા લાવી આપી. પછી તેને ભિક્ષા માટે મોકલ્યા. સુકુમાલ શરીરવાળા, ગ્રીષ્મઋતુમાં ઉપર [સૂર્યના તડકાથી] અને નીચે [ગરમ રસ્તાથી] દાઝતા, પસીનાથી ભીના થયેલા શરીરવાળા અને અત્યંત તરસ્યા થયેલા એવા તે એક જગ્યાએ છાયામાં વિસામો લેવા ઉભા રહ્યા. ત્યાં જેનો પતિ બહારગામ ગયો છે એવી પોતાના ભવનમાં રહેલી એક વેપારીની સ્ત્રીએ તેમને જોયા. ઉદાર અને સુકુમાલ શરીરવાળા હોવાથી તેણીને તેના પર અનુરાગ થયો. તેણીએ દાસીને મોકલી તેને બોલાવી પૂછ્યું - 'શું માંગે છે ?' તેણે કહ્યું - 'ભિક્ષા'. પછી તેણીએ તેને લાડુ અપાવ્યા. પછી ફરી પૂછ્યું - 'તું શા માટે આ ધર્મ કરે છે ?' તેણે કહ્યું 'સુખ માટે.'પછી તેણીએ કહ્યું - 'જો એમ છે તો મારી સાથે જ ભોગો ભોગવ. હાથમાં આવેલા સુખને છોડીને ભવિષ્યના સંદિગ્ધ [=આવશે કે નહીં એવી શંકાવાળા] સુખની આશાએ જાતને દુ:ખી ન કર.'

તે અર્હન્નક મુનિ પણ ગરમી વડે ત્રાસી ગયોલા હોવાથી તે સ્ત્રી વડે [અનુકૂળ] ઉપસર્ગ થતા પ્રતિભગ્ન (સંયમથી ભ્રષ્ટ) થયા. ગુપ્ત સ્થાને રહી તેણી સાથે ભોગો ભોગવે છે. સાધુઓએ તેને શોધ્યા પણ ન દેખાયા.

પછી તેના માતા (સાધ્વી) પુત્રના શોકથી ઉન્મત્ત (ગાંડી-પાગલ) થઈ ગઈ. નગરમાં ભમતી 'અર્હન્નક... અર્હન્નક...' એમ વિલાપ કરતી જેને જ્યાં જુએ છે તે બધાને ત્યાં પૂછે છે - 'અર્હન્નકને જોયો છે ?' આમ વિલાપ કરતી ભમે છે. ત્યાં સુધી કે જ્યાં સુધી ગોખે બેઠેલા અર્હન્નકે તેને જોઈ અને ઓળખી. પછી તે ત્યારે જ ઊતરીને માતાને પગે પડ્યો. માતા પણ તેને જોઈને ત્યારે જ સ્વસ્થ ચિત્તવાળી થઈ. તેણીએ કહ્યું - "હે પુત્ર ! દીક્ષા લે. તીર્થંકર પરમાત્માઓની આજ્ઞાની વિરાધના કરીને દુર્ગતિમાં ન જા."

તેણે કહ્યું - "હે માતા ! લાંબો કાળ સંયમ પાળવા હું શક્તિમાન નથી, સિવાય કે જો સંયમ ગ્રહણ કરીને તરત અનશનવિધિથી કાળ કરું."

માતાએ કહ્યું - "હે પુત્ર ! એમ કર. પણ અસંયત થઈને સંસારસાગરમાં ન ડૂબ, કારણ કે કહ્યું છે - બળતા અગ્નિમાં પ્રવેશવું સારું, પણ લાંબા કાળથી લીધેલા વ્રતને ભાંગવું સારું નથી. સુવિશુદ્ધ કર્મવાળાનું મૃત્યુ સારું છે, પણ સ્ખલિત શીલવાળાનું જીવવું સારું નથી." ॥૧॥

પછી તેણે ગુરુ પાસે આલોચના અને પ્રતિક્રમણ કર્યું. ગુરુએ તેના પર પાંચ મહાવ્રતોના ભારનું આરોપણ કર્યું. તેણે અણસણ કરીને ત્યારે જ અત્યંત ગરમ શિલા પર પાદપોપગમન કર્યું. સુકુમાલ શરીરવાળા હોવાથી મુહૂર્તમાં જ ગરમી વડે માખણના પિંડની જેમ ઓગળી ગયા.

ક્રોધ વડે મૈથુનની સંભાવના આ પ્રમાણે -

બીજા ગામેથી ગુરુ પાસે આવી રહેલા એક સાધુએ વચ્ચે પરિવ્રાજિકા[જૈનેતર સંન્યાસિની]ને

સામે આવી રહેલી જોઈને "આ પ્રવચનપ્રત્યનીકા(=જૈન શાસનની શત્રુ)નું વ્રત ભાંગું" આ પ્રમાણે પ્રદ્વિષ્ટ ચિત્તવાળાએ ત્યાં જ તેણીને ભોગવી. પછી ગુરુ પાસે આવીને કહે છે કે "મેં દુષ્ટ પરિવ્રાજિકાનું વ્રત ભાંગ્યું."

માન વડે મૈથુનની સંભાવના આ પ્રમાણે -

એક ગચ્છમાં એક તરૂણ સાધુ સુંદર આકૃતિવાળો છે. તેને જોઈને એક તરૂણ સ્ત્રી અનુરાગી થઈ. તેણીએ વિચાર્યું - "અહો ! સ્નાન-વિલેપન-વિભૂષા વગેરે વિકારથી રહિત એવા પણ આ સાધુની સુંદરતારૂપી લક્ષ્મી !" પછી તેણી તે સાધુને ઘણીવાર પોતાને સ્વીકારવા વિનંતી કરે છે, પણ તે સાધુ તેણીને ઇચ્છતો નથી. પછી એકવાર તેણીએ તે સાધુને કહ્યું - "તું સ્પષ્ટ રીતે નપુંસક છે કે જે તુ અત્યંત અનુરક્ત ચિત્તવાળી અને સુંદર યૌવનવાળી એવી પણ મને ઇચ્છતો નથી." આ સાંભળીને સાધુને અહંકાર થયો અને તેણે તેણીને ભોગવી.

અહીં મૈથુનપ્રવૃત્તિ વેદના ઉદયથી થતી હોવાથી વેદોદયની સત્તા તો બધા જ ઉદાહરણોમાં જાણવી.

દ્રવ્ય વગેરે ચતુર્ભંગી આ પ્રમાણે -

**દ્રવ્યથી મૈથુન, ભાવથી નહીં** - રાગ-દ્વેષ વગરની બળાત્કારે ભોગવવામાં આવતી સ્ત્રીને.

**ભાવથી મૈથુન, દ્રવ્યથી નહીં** - મૈથુનસંજ્ઞા વડે પરિણત જીવને તે પ્રાપ્ત ન થાય ત્યારે.

**દ્રવ્યથી મૈથુન, ભાવથી પણ** - મૈથુનસંજ્ઞા વડે પરિણત જીવને તે પ્રાપ્ત થાય ત્યારે.

**દ્રવ્યથી પણ નહીં અને ભાવથી પણ નહીં** - આ ભાંગો શૂન્ય છે.

સૂત્ર :-

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठियस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्नियस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तियस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालियस्स चत्तदोसस्स गुणग्गाहियस्स निव्वियारस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइयस्स संसारपारगामियस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहिए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरुययाए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासोक्खमणुपालयंतेणं इहं वा भवे अन्नेसु वा भवग्गहणेसु मेहुणं सेवियं वा सेवावियं वा**

सेविज्जंतं वा परेहिं समणुन्नायं, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं अईयं निंदामि पडुप्पन्नं संवरेमि अणागयं पच्चक्खामि, सव्वं मेहुणं जावज्जीवाए अणिस्सिओऽहं, नेव सयं मेहुणं सेविज्जा नेवन्नेहिं मेहुणं सेवाविज्जा मेहुणं सेवंतेवि अन्ने न समणुजाणामि, तं जहा — अरहंतसक्खियं सिद्धसक्खियं साहुसक्खियं देवसक्खियं अप्पसक्खियं, एवं भवइ भिक्खू वा भिक्खुणी वां संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा एस खलु मेहुणस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए ( पारगामिए ) सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं सव्वेसिं सत्ताणं, अदुक्खणयाए, असोयणयाए, अजूरणयाए, अतिप्पणयाए, अपीडणयाए, अपरियावणयाए, अणुद्दवणयाए, महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिण्णे परमरिसिदेसिए पसत्थे तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खाए बोहिलाभाए संसारुत्तारणाए त्तिकट्टु उवसंपज्जित्ताणं विहरामि । चउत्थे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ मेहुणाओ वेरमणं ॥

ટીકા :-

एतत्सकलमपि सूत्रं गतार्थम् । दोषाश्चेहाब्रह्मसेविनां वधबन्धनायशःकीर्तिपण्डकत्व-वन्ध्यत्ववैधव्यादयो वाच्याः ॥४॥

સૂત્રાર્થ અને ટીકાર્થ :-

આ આખા સૂત્રનો અર્થ પહેલાંની જેમ જાણવો. અબ્રહ્મનું સેવન કરનારને વધ-બંધન-અપયશ-નપુંસકપણું-વાંઝિયાપણું-વિધવાપણું વગેરે દોષો જાણવા.

इत्युक्तं चतुर्थं महाव्रतम् । अधुना पञ्चममाह —

ચોથું મહાવ્રત કહેવાઈ ગયું. હવે પાંચમું મહાવ્રત કહે છે. -

સૂત્ર :-

अहावरे पंचमे भंते ! महव्वए, परिग्गहाओ वेरमणं । सव्वं भंते ! परिग्गहं पच्चक्खामि, से अप्पं वा बहुं वा अणुं वा थूलं वा चित्तमंतं वा अचित्तमंतं वा, नेव सयं परिग्गहं परिगिण्हिज्जा नेवन्नेहिं परिग्गहं परि-

**गिण्हाविज्जा परिग्गहं परिगिण्हंते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं, मणेणं वायाए कायेणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

**સૂત્રાર્થ :-**

હે ભદન્ત ! હવે એ પછીના પાંચમા મહાવ્રતમાં પરિગ્રહથી વિરમણ (ભગવાને કહ્યું છે. માટે) હે ભદન્ત ! બધા જ પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરું છું, તે આ પ્રમાણે - થોડું કે ઘણું, નાનું કે મોટું, સચિત્ત કે અચિત્ત - [કોઈપણ દ્રવ્યના વિષયમાં] - હું સ્વયં પરિગ્રહનું ગ્રહણ નહીં કરું, બીજાઓ વડે પરિગ્રહનું ગ્રહણ નહીં કરાવું, પરિગ્રહનું ગ્રહણ કરી રહેલા બીજાઓની અનુમોદના નહીં કરું, હું જીવું ત્યાં સુધી (કૃત, કારિત અને અનુમોદિત એ) ત્રણે પ્રકારના પરિગ્રહને મન, વચન અને કાયા એ ત્રણે કરણો વડે કરીશ નહીં, કરાવીશ નહીં અને કરી રહેલા બીજાઓનીઅનુમોદના નહીં કરું. હે ભદન્ત ! તે (પરિગ્રહના અતીત સંબંધી અવયવ)નું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, (અતીત પરિગ્રહક્રિયાકારી) આત્માની ગર્હા કરું છું, (અતીત પરિગ્રહનો) વિશેષથી ત્યાગ કરું છું.

**ટીકા :-**

अथापरस्मिन् पञ्चमे भदन्त ! महाव्रते **किम् ? इत्याह — परिगृह्यते स्वीक्रियत इति** परि-ग्रहो **धनधान्यहिरण्यादिः, तस्माद्** विरमणं **भगवतोक्तं, अतः** सर्वं भदन्त ! परिग्रहं प्रत्याख्यामि । से **त्ति तद्यथा** - अल्पं वा बहु वा अणु वा स्थूलं वा चित्तवद्वा अचित्तवद्वा **इत्यनेन द्रव्यपरिग्रहः, व्याख्या तु पूर्ववत्,** नेव सयं **इत्याद्यपि पूर्ववदेव । अत्र चाल्पं वेत्यादिना द्रव्यपरिग्रह उक्तः, अनेन चतुर्विधपरिग्रह उपलक्षित इत्यतस्तदभिधानायाह** —

**ટીકાર્થ :-**

अथापरस्मिन् पञ्चमे भदन्त ! महाव्रते परिग्रहाद्विरमणं=હે ભદન્ત ! હવે એ પછીના પાંચમા મહાવ્રતમાં પરિગ્રહથી વિરમણ ભગવાને કહ્યું છે. (જેનો પરિગ્રહ એટલે કે સ્વીકાર કરાય તે પરિગ્રહ, ધન-ધાન્ય-હિરણ્યાદિ) ભગવાને કહ્યું હોવાથી -

सर्वं भदन्त ! परिग्रहं प्रत्याख्यामि=હે ભદન્ત ! બધા જ પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરું છું.

तद्यथा - अल्पं वा बहु वा अणु वा स्थूलं वा चित्तवद्वा अचित्तवद्वा=તે આ પ્રમાણે - અલ્પ કે બહુ, અણુ કે સ્થૂલ, સચિત્ત કે અચિત્ત. આના વડે દ્રવ્યથી પરિગ્રહ કહ્યો. વ્યાખ્યા પહેલાની જેમ જાણવી.

नैव स्वयं... વગેરે સૂત્ર પણ પહેલાની જેમ જાણવું.

અહીં અલ્પં वा વગેરે વડે દ્રવ્યથી પરિગ્રહ કહ્યો. આના વડે (દ્રવ્યાદિ) ચારે પ્રકારનો પરિગ્રહ ઉપલક્ષિત થાય છે. માટે તે કહેવા માટે કહે છે -

સૂત્ર :-

**से परिग्गहे चउव्विहे पन्नत्ते तंजहा — दव्वओ खित्तओ कालओ भावओ । दव्वओ णं परिग्गहे सच्चित्ताचित्तमीसेसु दव्वेसु, खित्तओ णं परिग्गहे ( सव्वलोए ) लोए वा अलोए वा, कालओ णं परिग्गहे दिया वा राओ वा, भावओ णं परिग्गहे अप्पग्घे वा महग्घे वा रागेण वा दोसेण वा ।**

સૂત્રાર્થ :-

તે પરિગ્રહ ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. દ્રવ્યથી પરિગ્રહ સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોનો, ક્ષેત્રથી પરિગ્રહ લોકનો કે અલોકનો, કાળથી પરિગ્રહ દિવસનો કે રાત્રિનો (અથવા દિવસે કે રાત્રે), ભાવથી પરિગ્રહ અલ્પમૂલ્યવાળા કે બહુમૂલ્યવાળા દ્રવ્યમાં રાગથી કે દ્વેષથી (સંભવે છે).

ટીકા :-

स परिग्रहश्चतुर्विधः प्रज्ञप्तः, तद्यथा — द्रव्यतः ४, **तत्र** द्रव्यतः (परिग्रहः) सर्वद्रव्येषु **आकाशादिसर्वपदार्थेषु, यदाह चूर्णिकारः — "गामघरंगणाइपएसेसु ममीकारकरणाओ आगासपरिग्गहो, चंकमणपएसममीकारकरणाओ धम्मदव्वपरिग्गहो, ठाणनिसीयणतुयट्टणपएसममीकारकरणाओ अधम्मपरिग्गहो, मायापिइमाइएसु जीवेसु ममत्तकरणाओ जीवदव्वपरिग्गहो, हिरण्णसुवन्नाइएसु दव्वेसु ममत्तकरणाओ पोग्गलदव्वपरिग्गहो, सीउण्हवरिसकालेसु रिउछक्के वा अन्नयरमुच्छियस्स कालपरिग्गहो त्ति ।"** क्षेत्रतः परिग्रहो लोके वाऽलोके वा **लोकालोकाकाशममत्वकरणादिति भावः ।** सव्वलोए **त्ति क्वचित्पाठः सङ्गतश्चायं ग्रन्थान्तरैः सह संवादात् ।** कालतः परिग्रहो दिवा वा रात्रौ वा **दिनरात्र्यभिलाषादित्यर्थः, पठ्यते च —**

**"रयणिमभिसारियाओ, चोरा परदारिया य इच्छंति ।**
**तालायरा सुभिक्खं, बहुधन्ना केइ दुभिक्खं॥१॥"**

**दिनरात्र्यधिकरणविवक्षया वा कालपरिग्रहो भावनीयः ।** भावतः परिग्रहोऽल्पार्घे वा**ऽल्पमूल्ये** महाऽर्घे वा **बहुमूल्ये द्रव्ये** रागेण वा**ऽभिष्वङ्गलक्षणेन** द्वेषेण वा **अप्रीतिलक्षणेन अन्यद्वेषेणेत्यर्थः । द्रव्यादिचतुर्भङ्गी पुनरियं — दव्वओ नामेगे परिग्गहे नो भावओ । भावओ नामेगे नो दव्वओ । एगे दव्वओ वि भावओ वि । एगे नो दव्वओ नो भावओ । तत्थ अरत्त-**

**दुट्ठस्स धम्मोवगरणं दव्वओ परिग्गहो नो भावओ । मुच्छियस्स तदसंपत्तीए भावओ नो दव्वओ । एवं चेव संपत्तीए दव्वओ वि भावओ वि । चरमभंगो पुण सुन्नो ।**

**ટીકાર્થ :-**

स परिग्रहश्चतुर्विधः प्रज्ञप्तस्तद्यथा – द्रव्यतः ४=તે પરિગ્રહ ચાર પ્રકારનો કહ્યો છે. તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી. તેમાં -

द्रव्यतः (परिग्रहः) सर्वद्रव्येषु=દ્રવ્યથી પરિગ્રહ સર્વ દ્રવ્યોને વિષે એટલે કે આકાશ વગેરે સર્વ પદાર્થોને વિષે થાય. કારણ કે ચૂર્ણિકારશ્રી કહે છે -

- ગામ-ઘરનું આંગણું વગેરે પ્રદેશોમાં મમત્વ કરવાથી આકાશદ્રવ્યોનો પરિગ્રહ થાય,

- ચાલવાના પ્રદેશ પર મમત્વ કરવાથી ધર્માસ્તિકાયદ્રવ્યનો પરિગ્રહ થાય,

- ઊભા રહેવાના-બેસવાના-સૂવાના પ્રદેશ પર મમત્વ કરવાથી અધર્માસ્તિકાયદ્રવ્યનો પરિગ્રહ થાય.

- માતા-પિતા વગેરે જીવો પર મમત્વ કરવાથી જીવદ્રવ્યનો પરિગ્રહ થાય,

- હિરણ્ય-સુવર્ણ વગેરે દ્રવ્યો પર મમત્વ કરવાથી પુદ્‌ગલદ્રવ્યનો પરિગ્રહ થાય અને

- શીત-ઉષ્ણ-વર્ષાકાળમાંથી કે છ ઋતુમાંથી કોઈપણમાં મૂર્છિત થયેલાને કાળદ્રવ્યનો પરિગ્રહ થાય.

[અહીં સૂત્રમાં दव्वओ णं परिग्गहे सच्चित्ताचित्तमीसेसु दव्वेसु એ પ્રમાણે પાઠ છે, જ્યારે ટીકામાં दव्वओ णं परिग्गहे सव्वदव्वेसु એ પ્રમાણે પાઠની વ્યાખ્યા કરી છે. દ્રવ્યો સચિત્ત-અચિત્ત-મિશ્ર એમ ત્રણ જ પ્રકારના હોવાથી સચિત્ત-અચિત્ત-મિશ્ર કહેવાથી સર્વદ્રવ્યોનું ગ્રહણ થઈ જાય છે.]

क्षेत्रतः परिग्रहो लोके वा अलोके वा=ક્ષેત્રથી પરિગ્રહ લોકવિષયક કે અલોકવિષયક એટલે કે લોકાકાશ કે અલોકાકાશ પર મમત્વ કરવાથી સંભવે છે. ક્યાંક सव्वलोए (સર્વલોક વિષયક) એ પ્રમાણે પાઠ છે. અને આ પાઠ અન્ય ગ્રંથો સાથે સંવાદવાળો હોવાથી સંગત છે. [આ પાઠ મુજબ લોકવિષયક જ પરિગ્રહ જાણવો. અલોક વિષયક પરિગ્રહનો અભાવ જાણવો.]

कालतः परिग्रहो दिवा वा रात्रौ वा=કાળથી પરિગ્રહ દિવસનો કે રાત્રિનો - દિવસ કે રાત્રિની ઈચ્છા કરવાથી. કહ્યું છે - "અભિસારિકાઓ [પરપુરુષ પાસે જવાની ઈચ્છાવાળી સ્ત્રીઓ], ચોરો અને પારદારિકો (પરસ્ત્રીગમન કરનારાઓ) રાત્રિને ઈચ્છે છે, તાલાચરો (ભીખારીઓ-માંગીને ખાનારાઓ) સુભિક્ષને ઈચ્છે છે અને ઘણા ધાન્યના સંગ્રહવાળા કેટલાકો દુર્ભિક્ષને ઈચ્છે છે." ॥૧॥

અથવા દિવસ અને રાત્રિ રૂપી અધિકરણની વિવક્ષાથી કાળપરિગ્રહ જાણવો. [એટલે કે દિવસના સમયે કરેલો પરિગ્રહ તે દિવસપરિગ્રહ અને રાત્રિના સમયે કરેલો પરિગ્રહ તે રાત્રિપરિગ્રહ.]

भावतः परिग्रहोऽल्पार्घे वा महाऽर्घे वा रागेण वा द्वेषेण वा=ભાવથી પરિગ્રહ અલ્પમૂલ્યવાળા કે બહુમૂલ્યવાળા દ્રવ્ય પર અભિષ્વંગ સ્વરૂપ રાગ વડે કે અપ્રીતિ સ્વરૂપ દ્વેષ વડે એટલે કે અન્ય પર દ્વેષ વડે સંભવે છે.

દ્રવ્ય વગેરે ચતુર્ભંગી આ પ્રમાણે -

**દ્રવ્યથી પરિગ્રહ, ભાવથી નહીં** - રાગ-દ્વેષ વગરનો સાધુ ધર્મના ઉપકરણ રાખે તે.

**ભાવથી પરિગ્રહ, દ્રવ્યથી નહીં** - કોઈ દ્રવ્ય પર મૂર્ચ્છિત થયેલાને તે ન મળે તો.

**દ્રવ્યથી પરિગ્રહ, ભાવથી પણ** - કોઈ દ્રવ્ય પર મૂર્ચ્છિત થયેલાને તે મળે તો.

**દ્રવ્યથી પણ નહીં અને ભાવથી પણ નહીં** - આ ભાંગો શૂન્ય છે. (અહીં કોઈ પરિગ્રહ નથી, માટે ઉદાહરણ નથી.)

सूत्र :-

**जं मए इमस्स धमस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठियस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्नियस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तियस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालियस्स चत्तदोसस्स गुणग्गाहियस्स निव्वियारस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइयस्स संसारपारगामियस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहिए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरुययाए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासोक्खमणुपालयंतेणं इहं वा भवे अन्नेसु वा भवग्गहणेसु परिग्गहो गहिओ वा गाहाविओ वा घिप्पंतो वा परेहिं समणुन्नाओ, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं, अईयं निंदामि पडुप्पन्नं संवरेमि अणागयं पच्चक्खामि, सव्वं परिग्गहं जावज्जीवाए अणिस्सिओऽहं नेव सयं परिग्गहं परिगिण्हिज्जा नेवन्नेहिं परिग्गहं परिगिण्हावेज्जा परिग्गहं परिगिण्हंते वि अन्ने न समणुजाणामि, तंजहा — अरहंतसक्खियं सिद्धसक्खियं साहुसक्खियं देवसक्खियं अप्पसक्खियं, एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा, एस खलु परिग्गहस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए ( पारगामिए ) सव्वेसिं पाणाणं सव्वेसिं भूयाणं सव्वेसिं जीवाणं**

**सव्वेसिं सत्ताणं, अदुक्खणयाए, असोयणयाए, अजूरणयाए, अतिप्पणयाए, अपीडणयाए, अपरियावणयाए, अणुद्दवणयाए, महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिण्णे परमरिसिदेसिए पसत्थे तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खाए बोहिलाभाए संसारुत्तारणाए त्तिकट्टु उवसंपज्जित्ताणं विहरामि । पंचमे भंते ! महव्वए उवट्ठिओमि सव्वाओ परिग्गहाओ वेरमणं ॥**

ટીકા :-

एतदपि सूत्रं पूर्ववद्व्याख्येयं, दोषाश्चेह परिग्रहिणां वधबन्धनमारणदुःखितत्व-नरकगमनादयो वाच्याः ॥५॥

इत्युक्तं पञ्चमं महाव्रतम् ।

સૂત્રાર્થ અને ટીકાર્થ :-

આ સૂત્રની વ્યાખ્યા પણ પહેલાંની જેમ જાણવી. અહીં પરિગ્રહ કરનારાઓને વધ-બંધન-મારણ (કોઈ મારે)-દુઃખીપણું (દુઃખ)-નરકગમન વગેરે દોષો જાણવા. આ રીતે પાંચમું મહાવ્રત કહેવાઈ ગયું.

**साम्प्रतं षष्ठं व्रतमाह —**

હવે છઠ્ઠું વ્રત કહે છે -

સૂત્ર :-

**अहावरे छट्ठे भंते ! वए राईभोयणाओ वेरमणं, सव्वं भंते ! राई-भोयणं पच्चक्खामि, से असणं वा पाणं वा खाइमं वा साइमं वा, नेव सयं राईं भुंजेज्जा नेवन्नेहिं राईं भुंजावेज्जा राईं भुंजंते वि अण्णे न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए कायेणं, न करेमि न कार-वेमि करंतं पि अन्नं न समणुजाणामि, तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

સૂત્રાર્થ :-

હે ભદન્ત ! હવે એ પછીના છઠ્ઠા વ્રતમાં રાત્રિભોજનથી વિરમણ (ભગવાને કહ્યું છે. માટે) હે ભદન્ત ! સર્વ રાત્રિભોજનનું પ્રત્યાખ્યાન કરું છું. તે આ પ્રમાણે - અશન, પાન, ખાદ્ય કે સ્વાદ્ય-હું પોતે રાત્રે વાપરીશ નહીં, બીજાઓને રાત્રે વપરાવીશ નહીં અને રાત્રે વાપરતા બીજાઓની અનુમોદના

નહીં કરું. હું જીવું ત્યાં સુધી (કૃત, કારિત અને અનુમોદિત એ) ત્રણે પ્રકારના રાત્રિભોજનને મન,વચન અને કાયા એ ત્રણે કરણો વડે કરીશ નહીં, કરાવીશ નહીં અને કરી રહેલા બીજાની અનુમોદના કરીશ નહીં. હે ભદન્ત ! તેનું (રાત્રિભોજન સંબંધી ભૂતકાળના અવયવનું) પ્રતિક્રમણ કરું છું. નિંદા કરું છું. (ભૂતકાલીન રાત્રિભોજનની ક્રિયા કરનાર) આત્માની ગર્હા કરું છું, (અતીત રાત્રિભોજનનો) વિશેષથી ત્યાગ કરું છું.

**ટીકા :-**

अथापरस्मिन् षष्ठे भदन्त ! व्रते **किम् ? इत्याह** – रात्रिभोजनात् **रात्रौ गृह्णाति रात्रौ भुङ्क्ते १ रात्रौ गृह्णाति दिवा भुङ्क्ते २ दिवा गृह्णाति रात्रौ भुङ्क्ते ३ दिवा गृह्णाति दिवा भुङ्क्ते संनिधिपरिभोगे ४ – इत्येवंविधभङ्गचतुष्कस्वरूपान्निशाऽभ्यवहाराद्** विरमणं **भगवतोक्तम्, अतः** सर्वं भदन्त ! रात्रिभोजनं प्रत्याख्यामि । तद्यथा — अशनं वा पानं वा खाद्यं वा स्वाद्यं वा **इत्यनेन द्रव्यपरिग्रहः । तत्राश्यत इति** अशनं **ओदनादि, पीयते इति** पानं **मृद्विकापानादि, खाद्यत इति** खाद्यं **खर्जूरादि, स्वाद्यत इति** स्वाद्यं **ताम्बूलादि । एतच्च** नैव स्वयं रात्रौ भुञ्जे, नैवान्ये रात्रौ भोजयामि, रात्रौ भुञ्जानानप्यन्यान्न समनुजानामी**त्येतत्** यावज्जीव**मित्यादि च भावार्थमधिकृत्य पूर्व-वत् । अत्राशनं वेत्यादिना द्रव्यतो रात्रिभोजनमुक्तं, अनेन च चतुर्विधं रात्रिभोजनमुपलक्षितम् इत्यतस्तदभिधातुमाह —**

**ટીકાર્થ :-**

अथापरस्मिन् षष्ठे भदन्त ! व्रते रात्रिभोजनाद्विरमणं=હે ભદન્ત ! હવે એ પછીના છઠ્ઠા વ્રતમાં રાત્રિભોજનથી વિરમણ ભગવાને કહ્યું છે. રાત્રિભોજનના ચાર ભાંગા આ પ્રમાણે -

૧. રાત્રે ગ્રહણ કરે અને રાત્રે વાપરે.

૨. રાત્રે ગ્રહણ કરે અને દિવસે વાપરે.

૩. દિવસે ગ્રહણ કરે અને રાત્રે વાપરે.

૪. દિવસે ગ્રહણ કરે અને બીજા દિવસે વાપરે - સંનિધિનો પરિભોગ કરે ત્યારે.

ભગવાને આ કહ્યું છે માટે -

सर्वं भदन्त ! रात्रिभोजनं प्रत्याख्यामि=હે ભદન્ત ! બધા જ રાત્રિભોજનનું પ્રત્યાખ્યાન કરું છું.

तद्यथा-अशनं वा पानं वा खाद्यं वा स्वाद्यं वा=તે આ પ્રમાણે - અશન કે પાન કે ખાદ્ય કે સ્વાદ્ય. આના વડે દ્રવ્યથી રાત્રિભોજન કહ્યું. તેમાં

- જેનો આહાર કરાય તે અશન-જેમ કે ભાત વગેરે. [જે તૃપ્તિ માટે ખવાય, વિશિષ્ટ સ્વાદ ન હોય.]

- જે પીવાય તે પાન-જેમકે દ્રાક્ષનું પાણી વગેરે.

- જે ખવાય તે ખાદ્ય-જેમ કે ખજૂર [જે સ્વાદ માટે ખવાય અને તૃપ્તિ પણ આપે.]

- જેનો સ્વાદ લેવાય તે સ્વાદ્ય - જેમકે મુખવાસ વગેરે [જે સ્વાદ માટે જ ખવાય, તૃપ્તિ ન આપે.]

આ ચારે પ્રકારના આહારને -

नैव स्वयं रात्रौ भुञ्जे=હું પોતે રાત્રે નહીં વાપરું.

नैवान्यै रात्रौ भोजयामि=બીજાઓને રાત્રે નહીં વપરાવું.

रात्रौ भुञ्जानानन्यान्न समनुजानामि=રાત્રે વાપરતા બીજાઓની અનુમોદના નહીં કરું.

यावज्जीवं... વગેરે બાકીનું સૂત્ર પહેલાની જેમ જાણવું.

અહીં अशनं वा વગેરે વડે દ્રવ્યથી રાત્રિભોજન કહ્યું. આના વડે ચારે પ્રકારનું રાત્રિભોજન ઉપલક્ષિત થાય છે. માટે તે કહેવા માટે કહે છે -

સૂત્ર :-

**से राईभोयणे चउव्विहे पन्नत्ते, तं जहा — दव्वओ, खित्तओ, कालओ, भावओ । दव्वओ णं राईभोयणे असणे वा, पाणे वा, खाइमे वा, साइमे वा, खित्तओ णं राईभोयणे समयखित्ते, कालओ णं राईभोयणे दिया वा राओ वा, भावओ णं राईभोयणे तित्ते वा कडुए वा कसाए वा अंबिले वा महुरे वा लवणे वा रागेण वा दोसेण वा ।**

સૂત્રાર્થ :-

તે રાત્રિભોજન ચાર પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે-દ્રવ્યથી,ક્ષેત્રથી,કાળથી,ભાવથી. દ્રવ્યથી રાત્રિભોજન અશન, પાન, ખાદ્ય કે સ્વાદ્યને વિષે સંભવે છે. ક્ષેત્રથી રાત્રિભોજન સમયક્ષેત્રમાં સંભવે છે. કાળથી રાત્રિભોજન દિવસે કે રાત્રે સંભવે છે. ભાવથી રાત્રિભોજન કડવું, તીખું, તૂરું, ખાટું, મીઠું કે ખારું-આવા કોઈપણ દ્રવ્ય ઉપર રાગ કે દ્વેષ કરવા વડે સંભવે છે.

ટીકા :-

तद्रात्रिभोजनं चतुर्विधं प्रज्ञप्तं तद्यथा — द्रव्यतः ४, **तत्र** द्रव्यतो रात्रिभोजनं अशने वा पाने वा खाद्ये वा स्वाद्ये वा, क्षेत्रतो रात्रिभोजनं **समयेन कालविशेषेणोपलक्षितं क्षेत्रं** समयक्षेत्र**मर्द्ध-तृतीयद्वीपसमुद्रलक्षणं** तस्मिन् **संभवति, न परतः, मनुष्यलोकप्रसिद्धदिनरजन्यभावात्,** कालतो रात्रिभोजनं दिवा वा **सन्निधिपरिभोग इत्यर्थः** रात्रौ वा **रजन्यां वा,** भावतो रात्रिभोजनं **भवति, क्व ? इत्याह** — तिक्ते वा **चिर्भिटिकादौ,** कटुके वा **आर्द्रकतीमनादौ,** कषाये वा **वल्लादौ,** अम्ले वा **तक्रारनालादौ,** मधुरे वा **क्षीरदध्यादौ,** लवणे वा **प्रकृतिक्षारे तथाविधजलशाकादौ,**

**लवणोत्कटे वा अन्यस्मिन् द्रव्ये**, रागेण वाऽ**भिष्वङ्गलक्षणेन**, द्वेषेण वा **अनभिष्वङ्गलक्षणेनेति, क्वापीदं पदद्वयं न दृश्यत एव । द्रव्यादिचतुर्भङ्गी पुनरियं — दव्वओ नामेगे राई भुंजइ नो भावओ । भावओ नामेगे नो दव्वओ । एगे दव्वओ वि भावओ वि । एगे नो दव्वओ नो भावओ । तत्थ अणुग्गए सूरिए उग्गओ त्ति अत्थमिए वा अणत्थमिओ त्ति अरत्तदुट्ठस्स, कारणाओ रयणीए वा भुंजमाणस्स दव्वओ राईभोयणं नो भावओ । राईए भुंजामि त्ति मुच्छियस्स तदसंपत्तीए भावओ नो दव्वओ । एवं चेव संपत्तीए दव्वओ वि भावओ वि । चउत्थभंगो सुन्नो ।**

**ટીકાર્થ :-**

तद्रात्रिभोजनं चतुर्विधं प्रज्ञप्तं, तद्यथा - द्रव्यतः क्षेत्रतः, कालतो, भावतः=તે રાત્રિભોજન ચાર પ્રકારનું કહ્યું છે. તે આ પ્રમાણે - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી. તેમાં

द्रव्यतो रात्रिभोजनं अशने वा पाने वा खाद्ये वा स्वाद्ये वा=દ્રવ્યથી રાત્રિભોજન અશન, પાન, ખાદ્ય કે સ્વાદ્ય દ્રવ્યને વિષે સંભવે છે.

क्षेत्रतो रात्रिभोजनं समयक्षेत्रे=ક્ષેત્રથી રાત્રિભોજન સમયક્ષેત્રમાં સંભવે છે. "સમય" કાળવિશેષ વડે ઉપલક્ષિત એટલે કે ઓળખાયેલું ક્ષેત્ર તે સમયક્ષેત્ર એટલે કે અઢી દ્વીપ-સમુદ્ર. એ પછીના દ્વીપસમુદ્રોમાં મનુષ્યલોકપ્રસિદ્ધ દિવસ-રાત્રિનો અભાવ હોવાથી ત્યાં રાત્રિભોજન સંભવતું નથી.

कालतो रात्रिभोजनं दिवा वा रात्रो वा=કાળથી રાત્રિભોજન દિવસે કે રાત્રે સંભવે છે. સંનિધિનો પરિભોગ કરવામાં આવે [એટલે કે ગઈકાલે ગ્રહણ કરેલું આજે વાપરવામાં આવે] ત્યારે દિવસે રાત્રિભોજન થાય.

भावतो रात्रिभोजनं तिक्ते वा कटुके वा कषाये वा अम्ले वा मधुरे वा लवणे वा रागेण वा द्वेषेण वा=ભાવથી રાત્રિભોજન ચીભડાં વગેરે કડવા દ્રવ્યો [સામાન્ય કાચું હોય તો કડવું લાગે], આદુ-કઢી વગેરે તીખા દ્રવ્યો, વાલ વગેરે તૂરા દ્રવ્યો, છાસ-કાંજી વગેરે ખાટા દ્રવ્યો, દૂધ-દહીં વગેરે મીઠા દ્રવ્યો કે ખારા દ્રવ્યો - પ્રકૃતિથી ખારા એવા તેવા પ્રકારના પાણી-શાક વગેરે કે ઘણા મીઠાવાળા અન્ય દ્રવ્યો ને વિષે અભિષ્વંગ સ્વરૂપ રાગ કે અનભિષ્વંગ સ્વરૂપ દ્વેષ કરવા વડે સંભવે છે. કોઈક પ્રતમાં रागेण वा द्वेषेण वा આ બે પદો દેખાતા નથી.

દ્રવ્ય વગેરે ચતુર્ભંગી આ પ્રમાણે -

**દ્રવ્યથી રાત્રિભોજન, ભાવથી નહીં** - રાગ-દ્વેષ વગરનો સાધુ સૂર્યોદય થયા પહેલા સૂર્યોદય થયો એમ માનીને અથવા સૂર્યાસ્ત થઈ ગયો હોવા છતાં સૂર્યાસ્ત નથી થયો એમ માનીને વાપરે, અથવા કારણસર રાત્રે વાપરે ત્યારે.

**ભાવથી રાત્રિભોજન, દ્રવ્યથી નહીં** - રાત્રે વાપરીશ એવા વિચારથી આસક્ત થયેલાને રાત્રે વાપરવાનું ન મળે ત્યારે.

**ભાવથી રાત્રિભોજન, દ્રવ્યથી પણ** - ઉપર કહેલાને રાત્રે વાપરવાનું મળે ત્યારે.

**ભાવથી પણ નહીં અને દ્રવ્યથી પણ નહીં** - આ ભાંગો શૂન્ય છે. (આમાં રાત્રિભોજન જ ન હોવાથી ઉદાહરણ નથી)

સૂત્ર :-

**जं मए इमस्स धम्मस्स केवलिपन्नत्तस्स अहिंसालक्खणस्स सच्चाहिट्ठियस्स विणयमूलस्स खंतिप्पहाणस्स अहिरण्णसोवन्नियस्स उवसमपभवस्स नवबंभचेरगुत्तस्स अपयमाणस्स भिक्खावित्तियस्स कुक्खीसंबलस्स निरग्गिसरणस्स संपक्खालियस्स चत्तदोसस्स गुणग्गाहियस्स निव्वियारस्स निव्वित्तिलक्खणस्स पंचमहव्वयजुत्तस्स असंनिहिसंचयस्स अविसंवाइयस्स संसारपारगामियस्स निव्वाणगमणपज्जवसाणफलस्स पुव्विं अन्नाणयाए असवणयाए अबोहिए अणभिगमेणं अभिगमेण वा पमाएणं रागदोसपडिबद्धयाए बालयाए मोहयाए मंदयाए किड्डयाए तिगारवगरुययाए चउक्कसाओवगएणं पंचिंदिओवसट्टेणं पडुप्पन्नभारियाए सायासोक्खमणुपालयंतेणं इहं वा भवे अन्नेसु वा भवग्गहणेसु राईभोयणं भुंजियं वा भुंजावियं वा भुंजंतं वा परेहिं समणुन्नायं, तं निंदामि गरिहामि तिविहं तिविहेणं मणेणं वायाए काएणं अईयं निंदामि पडुप्पन्नं संवरेमि अणागयं पच्चक्खामि, सव्वं राईभोयणं जावज्जीवाए अणिस्सिओऽहं नेवं सयं राईं भुंजेज्जा नेवन्नेहिं राईं भुंज्जावेज्जा राईं भुंजंते वि अन्ने न समणुजाणामि, तं जहा — अरहंतसक्खियं सिद्धसक्खियं साहुसक्खियं देवसक्खियं अप्पसक्खियं, एवं भवइ भिक्खू वा भिक्खुणी वा संजयविरयपडिहयपच्चक्खायपावकम्मे, दिया वा राओ वा एगओ वा परिसागओ वा सुत्ते वा जागरमाणे वा, एस खलु राईभोयणस्स वेरमणे हिए सुहे खमे निस्सेसिए आणुगामिए ( पारगामिए ) सव्वेसिं पाणाणं, सव्वेसिं भूयाणं, सव्वेसिं जीवाणं, सव्वेसिं सत्ताणं, अदुक्खणयाए, असोयणयाए, अजूरणयाए, अतिप्पणयाए, अपीडणयाए, अपरियावणयाए, अणुद्दवणयाए, महत्थे महागुणे महाणुभावे महापुरिसाणुचिण्णे परमरिसिदेसिए पसत्थे तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खाए बोहिलाभाए संसारुत्तारणाए त्तिकट्टु**

**उवसंपज्जित्ताणं विहरामि । छट्ठे भंते वए उवट्ठिओमि सव्वाओ राईभोयणाओ वेरमणं ।**

**ટીકા :-**

**एतत्सूत्रं सकलमपि प्राग्वत् । एतच्च रात्रिभोजनव्रतं प्रथमचरमतीर्थकरतीर्थयोः ऋजु-जडवक्रजडपुरुषापेक्षया मूलगुणत्वख्यापनार्थं महाव्रतोपरि पठितं, मध्यमतीर्थकरतीर्थे पुनः ऋजुप्राज्ञपुरुषापेक्षयोत्तरगुणवर्ग इति । दोषाश्चेह रात्रिभोजिनां पिपीलिकाशलभादिसत्त्व-विनाशादयो वाच्याः ॥६॥**

**સૂત્રાર્થ અને ટીકાર્થ :-**

આ આખું સૂત્ર પહેલાંની જેમ જાણવું. આ રાત્રિભોજનવ્રત પહેલા તીર્થંકરના તીર્થમાં ઋજુ-જડ અને છેલ્લા તીર્થંકરના તીર્થમાં વક્ર-જડ પુરુષોની અપેક્ષાએ મૂળ ગુણ છે એ બતાવવા મહાવ્રતો પછી તરત કહ્યું છે, જ્યારે મધ્યમ (બાવીસ) તીર્થંકરોના તીર્થમાં ઋજુ-પ્રાજ્ઞ પુરુષોની અપેક્ષાએ ઉત્તરગુણોના સમૂહમાં કહેવાયેલું છે. અહીં રાત્રિભોજન કરનારાઓએ કીડી-પતંગિયા વગેરે જીવોની વિરાધના વગેરે દોષો જાણવા. આ રીતે છઠ્ઠું વ્રત કહેવાઈ ગયું.

**इत्युक्तं षष्ठं व्रतम् । अथ समस्तव्रताभ्युपगमख्यापनायाह —**

હવે બધા જ વ્રતોનો સ્વીકાર બતાવવા કહે છે -

**સૂત્ર :-**

**इच्चेयाइं पंचमहव्वयाइं राईभोयणवेरमणछट्ठाइं अत्तहियट्ठयाए उव-संपज्जित्ताणं विहरामि ।**

**સૂત્રાર્થ :-**

આ પ્રમાણે રાત્રિભોજન વિરમણ વ્રત જેમાં છઠ્ઠું છે એવા આ પાંચ મહાવ્રતોને આત્માના હિત માટે અંગીકાર કરીને વિહરું છું.

**ટીકા :-**

इत्येतानि **अनन्तरोदितानि** पञ्च महाव्रतानि रात्रिभोजनविरमणषष्ठानि **किम् ? इत्याह** — अत्तहियट्ठयाए **त्ति** आत्मने **जीवाय** हित **आत्महितो मोक्षस्तदर्थं** आत्महितार्थाय, **अनेनान्यार्थं तत्त्वतो व्रताभावमाह, तदभिलाषानुमत्या हिंसादावनुमत्यादिभावात्** । उप **सामीप्येन** सम्पद्य **अङ्गीकृत्य** उपसम्पद्य विहरामि **सुसाधुविहारेण वर्तेऽहं, तदभावेऽङ्गीकृतानामपि व्रतानामभावप्रसङ्गादिति ।**

**कृता महाव्रतोच्चारणा ।**

**ટીકાર્થ :-**

इति एतानि=આ પ્રમાણે આ હમણાં જ કહ્યા એ.

पञ्च महाव्रतानि रात्रिभोजनविरमणषष्ठानि=રાત્રિભોજન વિરમણ વ્રત જેમાં છઠ્ઠું છે એવા પાંચ મહાવ્રતોને.

आत्महितार्थाय - આત્મા એટલે જીવ, તેને હિતકારી તે આત્મહિત એટલે કે મોક્ષ, તેને માટે. આ પદ વડે મોક્ષ સિવાયના બીજા પ્રયોજન માટે વ્રત ગ્રહણ કરે તેને ખરેખર વ્રતનો અભાવ જ છે એમ કહે છે, કારણ કે તે બીજા પ્રયોજનની ઈચ્છાની અનુમતિથી હિંસા વગેરેમાં પણ અનુમતિ વગેરેનો સદ્‌ભાવ થાય છે. [દા.ત. રાજયની ઈચ્છા હોય તો રાજા દ્વારા થતી હિંસાની અનુમતિ થવાથી પ્રથમ વ્રતનો અભાવ થાય.]

उपसम्पद्य विहरामि – उप ઉપસર્ગ સામીપ્ય એટલે કે નજીકપણાના અર્થમાં છે. નજીકપણાથી અંગીકાર કરીને વિહરું છું એટલે કે સુસાધુના આચારપૂર્વક વર્તું છું, કારણ કે આચારના અભાવે અંગીકાર કરેલા વ્રતોના પણ અભાવનો પ્રસંગ આવે છે.

મહાવ્રતોની ઉચ્ચારણા કરી.

**साम्प्रतं महाव्रतानामेव यथाक्रममतिचारानुपदर्शयितुमाह —**

હવે મહાવ્રતોના જ અતિચારો ક્રમશઃ બતાવવા માટે કહે છે -

**ગાથા :-**

**अप्पसत्था य जे जोगा, परिमाणा य दारुणा ।**
**पाणाइवायस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥१॥ रूपकम्[१] ॥**

**ગાથાર્થ :-**

અપ્રશસ્ત એવા જે યોગો અને રૌદ્ર પરિણામો તે પ્રાણાતિપાતના વિરમણમાં ભગવાને અતિચાર કહ્યો છે. ॥૧॥ 'રૂપક' એ છંદનું નામ છે.

**ટીકા :-**

अप्रशस्ता **हिंसाहेतुत्वादसुन्दराः चशब्दो वक्ष्यमाणपदापेक्षया समुच्चयार्थः**, ये **केचन** योगा **अयतचङ्क्रमणभाषणादयो व्यापाराः**, परिणामाश्च **भूतघाताद्यध्यवसायाः, चः पूर्वपदापेक्षया समुच्चये**, दारुणा **रौद्रा**, प्राणातिपातस्य **प्राणिप्राणप्रहाणस्य**, विरमणे **निवृत्तौ** एषोऽयं उक्तो **भगवद्भिः प्रतिपादितोऽ**तिक्रमोऽ**तिचार इति मत्वा तान् परिहरेदिति भावः । एवमुत्तरत्रापि भावना कार्या ॥१॥**

१. छन्दः ।

**ટીકાર્થ :-**

अप्रशस्ताः=હિંસાના કારણ હોવાથી અસુંદર.

च શબ્દ આગળ કહેવાતા પદની અપેક્ષાએ સમુચ્ચય માટે છે. અપ્રશસ્ત એવા -

ये योगाः=જે કોઈ અયતનાથી ચાલવું-બોલવું વગેરે વ્યાપારો અને

दारुणाः परिणामाः=રૌદ્ર એવા પરિણામો એટલે કે જીવોનો ઘાત વગેરે અધ્યવસાયો.

च શબ્દ પૂર્વે કહેલા પદની અપેક્ષાએ સમુચ્ચય માટે છે.

प्राणातिपातस्य विरमणे एष उक्तोऽतिक्रमः=પ્રાણાતિપાતની નિવૃત્તિમાં તીર્થંકર પરમાત્માઓએ આ[1]અતિક્રમ એટલે કે અતિચાર કહ્યો છે. માટે એવા યોગો અને પરિણામોનો ત્યાગ કરવો-આ કહેવાનો ભાવ છે. આ રીતે આગળ પણ તે-તે મહાવ્રતોના કહેલા તે-તે અતિચારોનો ત્યાગ કરવો-આ પ્રમાણે ભાવના કરવી. ॥૧॥

**द्वितीयव्रतमधिकृत्याह —**

બીજા વ્રતને અધિકૃત કરીને કહે છે -

**ગાથા :-**

**तिव्वरागा य जा भासा, तिव्वदोसा तहेव य ।**
**मुसावायस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥२॥**

**ગાથાર્થ :-**

તીવ્ર રાગવાળી તેમજ તીવ્ર દ્વેષવાળી જે ભાષા તે મૃષાવાદના વિરમણમાં ભગવાને અતિચાર કહ્યો છે. ॥૨॥

**ટીકા :-**

तीव्ररागा **उत्कटविषयानुबन्धा** या **काचिद् भाष्यत इति** भाषा **भारती**, तीव्रद्वेषा **उग्रमत्सरा**, तथैव च **इति समुच्चयपूरणार्थान्यव्ययानि**, मृषावादस्य **वितथभाषणस्य**, विरमणे **विरतौ** एषो**ऽयं उक्तो जिनैर्गदितो**ऽतिक्रमो **देशभङ्गः सर्वभङ्गो वेति भावः ॥२॥**

**ટીકાર્થ :-**

तीव्ररागा=વિષયના ઉત્કટ અનુબંધવાળી [શબ્દાદિ વિષયો પર ઉત્કટ રાગવાળી] એવી

या भाषा=જે કોઈ ભાષા. જે બોલાય તે ભાષા. च=અને વળી -

तीव्रद्वेषा तथैव च=ઉગ્ર દ્વેષ એટલે કે મત્સરવાળી (એવી જે કોઈ ભાષા)

तथा, एव અને च સમુચ્ચય અને પાદપૂરણ માટે અવ્યયો છે.

[એટલે કે ઉત્કટ રાગ કે દ્વેષપૂર્વક બોલાતું વચન]

मृषावादस्य विरमणे एष उक्तोऽतिक्रमः=ખોટું બોલવાની વિરતિમાં જિનેશ્વર પરમાત્માઓએ આ

---

૧. 'અતિક્રમ' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ 'ઓળંગવું' થાય છે. એ અર્થમાં અહીં આ શબ્દ પ્રયોજાયેલો છે. માટે એમાં દેશભંગ અને સર્વભંગ - બંનેનો સમાવેશ થાય છે. 'અતિચાર' શબ્દનો પણ અહીં આ જ અર્થ જાણવો.

અતિક્રમ એટલે કે દેશભંગ કે સર્વભંગ કહ્યો છે. ॥૨॥

**तृतीयव्रतमाश्रित्याह –**

ત્રીજા વ્રતને આશ્રયીને કહે છે -

ગાથા :-

**उग्गहं च[1] अजाइत्ता, अविदिण्णे य उग्गहे ।**
**अदिण्णादाणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥३॥**

ગાથાર્થ :-

અવગ્રહ માંગ્યા વિના અને (માલિકે) નહીં આપેલા અવગ્રહમાં (જે રહેવું-ચેષ્ટા કરવી તે) અદત્તાદાનના વિરમણમાં પ્રભુએ અતિક્રમ કહ્યો છે. ॥૩॥

ટીકા :-

**अवगृह्यत इति** अवग्रह **आश्रयः, तं** अयाचित्वा **स्वामिनः स्वामिसन्दिष्टाद्वा सकाशाद-ननुज्ञाप्य तत्रैव यदवस्थानमिति गम्यते, तथा** अविदत्ते वाऽ**वग्रहस्वामिनाऽवितीर्णे**ऽवग्रहे **प्रति-नियतावग्रहमर्यादाया बहिरित्यर्थः, यच्चेष्टनमिति वाक्यशेषः;** अदत्तादानस्य विरमणे एष उक्तोऽतिक्रमो **विराधनेत्यर्थः ॥३॥**

ટીકાર્થ :-

अवग्रहं च अयाचित्वा - જેનું ગ્રહણ કરાય તે અવગ્રહ. માલિક પાસેથી કે (સ્વામિસન્દિષ્ટ=) તેના વડે નિયુક્ત કરાયેલ પાસેથી અવગ્રહની (=ઉપાશ્રયની-આશ્રયની) યાચના કર્યા વિના [=અનુમતિ મેળવ્યા વિના]. 'તેમાં રહેવું' આટલા શબ્દો અધ્યાહાર સમજવા તથા

अविदत्ते वाऽवग्रहे=અવગ્રહના માલિકે નહીં આપેલા અવગ્રહમાં એટલે કે અવગ્રહના માલિક સાથે નક્કી કરેલા અવગ્રહની મર્યાદાની બહાર[=જે જગ્યા તેના માલિકે વાપરવાની સંમતિ આપી ન હોય ત્યાં]. 'ચેષ્ટા કરવી' [= રહેવું-ગોચરી વાપરવી... વગેરે] આટલા શબ્દો અધ્યાહાર સમજવા.

अदत्तादानस्य विरमणे एष उक्तोऽतिक्रमः=અદત્તાદાનના વિરમણમાં આ અતિક્રમ એટલે કે વિરાધના કહી છે. ॥૩॥

**चतुर्थव्रतमङ्गीकृत्याह –**

ચોથા વ્રતને અંગીકાર કરીને કહે છે -

ગાથા :-

**सद्दा-रूवा-रसा-गन्धा-फासाणं पवियारणा ।**
**मेहुणस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ॥४॥**

---

१. अधुना तु 'उग्गहंसि अजाइत्ता' – इति पठ्यते ।

ગાથાર્થ :-

શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શની રાગપૂર્વક સેવા કરવી (=ભોગવવા) તે મૈથુનના વિરમણમાં ભગવાને અતિક્રમ કહ્યો છે.

ટીકા :-

**आकारस्येहागमिकत्वात्** शब्दाश्च **प्रकमाद्वेणुवीणाकामिनीसमुत्थकलध्वनयः, एवं** रूपाणि **च ललनादिमनोहराकृतयः**, रसाश्च **मधुरादिविशिष्टास्वादाः**, गन्धाश्च **स्त्रक्चन्दनादिदिव्यपरिमलाः**, स्पर्शाश्च **मृदुतूलीयोषिदङ्गादिस्पर्शाः, ते तथा**, तेषां प्रविचारणा **रागात्प्रतिसेवना**, मैथुनस्य **अब्रह्मासेवनस्य**, विरमणे एष उक्तोऽतिक्रमो**ऽतिचारः, तस्मादेतान्न कुर्यादिति हृदयमिति** ।।४।।

ટીકાર્થ :-

शब्द-रूप-रस-गंध-स्पर्शानाम् - અહીં सद्दा વગેરે શબ્દોમાં आ કારનો આગમ થયેલો છે. [માટે सद्द નું सद्दा વગેરે થયું છે.] અહીં શબ્દો વગેરે પ્રસંગાનુસાર શુભ (શ્રેષ્ઠ) સમજવાના છે. માટે

શબ્દો=વાંસળી-વીણા-સ્ત્રી વગેરેના મધુર ધ્વનિઓ. એ રીતે

રૂપો=સ્ત્રી વગેરેની સુંદર આકૃતિઓ.

રસો=મધુર વગેરે વિશિષ્ટ સ્વાદો.

ગંધો=પુષ્પમાળા-ચંદન વગેરેની દિવ્ય સુગંધો.

સ્પર્શો=કોમળ ગાદલું-સ્ત્રીનું શરીર વગેરેના સ્પર્શો. આ શબ્દાદિ પાંચેની -

प्रविचारणा=રાગપૂર્વક સેવા (=ભોગવટો)

मैथुनस्य विरमणे एष उक्तोऽतिक्रमः=અબ્રહ્મના સેવનના વિરમણમાં ભગવાને આ અતિચાર કહ્યો છે. માટે આ બધું ન કરવું - આ પ્રમાણે તાત્પર્ય છે. ।।૪।।

**परिग्रहव्रतमुररीकृत्याह —**

પરિગ્રહવ્રતને આશ્રયીને કહે છે -

ગાથા :-

**इच्छा मुच्छा य गेही य, कंखालोभे य दारुणे ।**
**परिग्गहस्स वेरमणे, एस वुत्ते अइक्कमे ।।५।।**

ગાથાર્થ :-

ઇચ્છા, મૂર્ચ્છા, ગૃદ્ધિ અને દારુણ એવો કાંક્ષાલોભ તે પરિગ્રહના વિરમણમાં ભગવાને અતિક્રમ કહ્યો છે. ।।૫।।

ટીકા :-

इच्छा मूर्च्छा च गृद्धिश्च काङ्क्षालोभश्च दारुण **इत्येकार्थानि अबुधबोधनायोपन्यस्तानि । अथवा** - इच्छा **अनागतान्यतरार्थप्रार्थना**, मूर्च्छा च **हृतातीतनष्टपदार्थशोचना**, गृद्धिश्च **विद्यमान-परिग्रहप्रतिबन्धः, अप्राप्तविविधार्थप्रार्थना** काङ्क्षा **तद्रूपो** लोभः काङ्क्षालोभश्च, **चशब्दाः समुच्चये, किंविशिष्टो ?** दारुणस्तीव्रः, परिग्रहस्य विरमणे एष उक्तोऽतिक्रम **इति पूर्ववत् ॥५॥**

ટીકાર્થ :-

इच्छा मूर्च्छा च गृद्धिश्च काङ्क्षालोभश्च दारुणः - ઇચ્છા, મૂર્ચ્છા, ગૃદ્ધિ અને દારુણ એવો કાંક્ષાલોભ- આ બધા એક જ અર્થવાળા શબ્દો છે. અજ્ઞાની લોકોને સમજાવવા કહ્યા છે. અથવા -

ઇચ્છા=ભવિષ્યમાં કોઈ અમુક પદાર્થ મેળવવાની પ્રાર્થના.

મૂર્ચ્છા=હરણ થઈ ગયેલા (ચોરાઈ ગયેલા) કે પૂર્વકાળે નાશ પામેલા પદાર્થનો શોક.

ગૃદ્ધિ=વિદ્યમાન પરિગ્રહ(પદાર્થ)માં પ્રતિબંધ=મૂર્ચ્છા=મમત્વ.

કાંક્ષાલોભ=વર્તમાનમાં નહીં મળેલા વિવિધ પદાર્થોની પ્રાર્થના (ઇચ્છા) તે કાંક્ષા. તે સ્વરૂપ જે લોભ તે કાંક્ષાલોભ. તે કેવો ? દારુણ=તીવ્ર.

ગાથામાંના च શબ્દો સમુચ્ચય માટે છે.

परिग्रहस्य विरमणे एष उक्तोऽतिक्रमः=પરિગ્રહના વિરમણમાં આ અતિક્રમ કહ્યો છે. ॥૫॥

**षष्ठव्रतमुररीकृत्याह -**

છઠ્ઠા રાત્રિભોજન વિરમણવ્રતને આશ્રયીને કહે છે -

ગાથા :-

**अइमत्ते य आहारे सूरखित्ते य[१] संकिए ।**
**राईभोयणस्स वेरमणे एस वुत्ते अइक्कमे ॥६॥**

ગાથાર્થ :-

અતિમાત્રાએ આહાર કરવો અને સૂર્યનો ઉદય કે અસ્ત થયો કે નહીં એ શંકા હોવા છતાં આહાર કરવો એ રાત્રિભોજનના વિરમણમાં ભગવાને અતિચાર કહ્યો છે. ॥૬॥

ટીકા :-

**साधूनां हि कवलापेक्षया भोजनमानमिदं यदुत —**

**"बत्तीसं किर कवला, आहारो कुच्छिपूरओ भणिओ ।**
**पुरिसस्स महिलियाए, अट्ठावीसं भवे कवला ॥१॥"** [ पिण्डनिर्युक्ति : गा. ६८४ ]

१. अधुना 'सूरखित्तंमि' - इति पठ्यते ।

षड्भागकल्पितजठरापेक्षया त्विदं —

"अ[1]द्धं असणस्स सवंजणस्स कुज्जा द[2]वस्स दो भागे ।

वा[3]उपवियारणट्ठा, छब्भागं ऊणगं कुज्जा ॥१॥" [ पिण्डनिर्युक्ति : गा. ६९२ ]

ततश्चास्माच्छास्त्रीयभोजनप्रमाणादधिकोऽतिमात्रः, चः पूर्ववद्, आहारो भोजनं, भुक्त इति गम्यते, दिवाऽपि हि समधिकभोजने कृते रात्रौ भुक्तान्नगन्धोद्गाराः प्रजायन्ते, वमनं वा कदाचित्, तत्र च रात्रिभोजनदोषः, स[4]मुद्गिलितगिलने च प्रभूततरा दोषा इति, सूरस्यादित्यस्य क्षेत्रम् उदयास्तलक्षणं नभःखण्डं सूरक्षेत्रं तस्मिंश्च शङ्किते उदयक्षेत्रमागतो वा न वा, अस्तदेशं प्राप्तो वा न वा दिनकर इत्यारेकिते, आहारो भुक्त इति वर्त्तते । रात्रिभोजनस्य विरमणे एष उक्तोऽतिक्रम इति व्याख्यातमेव । दर्शिता महाव्रतेष्वतिचाराः ॥६॥

टीकार्थ :-

अतिमात्रश्च आहारः - સાધુઓને કોળિયાની અપેક્ષાએ ભોજનનું પ્રમાણ આ પ્રમાણે કહ્યું છે -

"પુરુષને બત્રીશ કોળિયા આહાર કુક્ષિપૂરક (=પેટને ભરનાર) કહ્યો છે અને સ્ત્રીને અઠ્ઠાવીશ કોળિયા." ॥૧॥ [પિંડનિર્યુક્તિ ગાથા ૬૮૪]

છ ભાગમાં કલ્પેલા જઠર(પેટ)ની અપેક્ષાએ આ પ્રમાણે કહ્યું છે -

"વ્યંજન (=છાસ, શાક વગેરે) સહિત ભોજનનો અડધો ભાગ કરવો. [એટલે કે પેટના કલ્પેલા છ ભાગમાંથી ત્રણ ભાગ આહારના રાખવા] પ્રવાહીના બે ભાગ રાખવા. એક ભાગ વાયુના પ્રવિચારણ (સંચરણ) માટે ખાલી રાખવો." ॥૧॥ [પિંડનિર્યુક્ત ગાથા ૬૯૨]

આ શાસ્ત્રીય ભોજનપ્રમાણથી અધિક તે અતિમાત્ર. અતિમાત્ર એવો આહાર=ભોજન, "વાપર્યો" એટલું અધ્યાહારથી જાણવું. દિવસે પણ અધિક ભોજન કરવાથી રાત્રિના સમયે [દિવસે] વાપરેલા અન્નની ગંધવાળા ઓડકાર આવે છે. અથવા ક્યારેક ઊલટી થાય છે. અને તેના કારણે રાત્રિભોજનનો દોષ લાગે છે. એટલું જ નહીં, ઉપર આવેલું પાછું ગળી જવામાં તો ઘણા દોષો છે. [વધારે વાપરવાના કારણે ઓડકાર વિગેરે આવે. ક્યારેક થોડું પિત્ત વિગેરે આવી જાય. તેને પાછું ગળી જાઓ તો વ્રત સંબંધી અને શરીર સંબંધી ઘણા દોષો થાય છે. इति भावः.]

सूरक्षेत्रे च शङ्किते - સૂર=સૂર્યનું ઉદય-અસ્ત થવા રૂપ ક્ષેત્ર એટલે કે આકાશનો વિસ્તાર તે સૂરક્ષેત્ર. તે શંકિત હોતે છતે એટલે કે સૂર્ય ઉદયક્ષેત્રમાં આવ્યો કે નહીં ? અસ્તક્ષેત્રમાં પહોંચ્યો કે નહીં ? એવી શંકા હોવા છતાં આહાર કરવો [એટલે કે સૂર્યનો ઉદય કે અસ્ત થયો કે નહીં એવી શંકા હોવા છતાં આહાર કરવો.]

१. सव्यञ्जनस्य अशनस्य त्रयो भागाः । २. पानीयस्य द्वौ भागौ । ३. वायुप्रविचारणार्थं षष्ठभागं ऊनं कुर्यात् ।
४. मुखमध्यागतः ।

रात्रिभोजनस्य विरमणे एष उक्तोऽतिक्रमः - આની વ્યાખ્યા પૂર્વની જેમ જાણવી. [રાત્રિભોજનના વિરમણમાં આ અતિક્રમ કહ્યો છે.]

**साम्प्रतं यथा तान्येवातिचाररहितानि परिपालितानि भवन्ति तथा दर्शयितुमाह-**

મહાવ્રતોમાં અતિચારો કહ્યા. હવે તે વ્રતોનું અતિચારરહિત પરિપાલન કેવી રીતે થાય, તે દર્શાવે છે -

ગાથા :-

**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**पढमं वयमणुरक्खे, विरया मो पाणाइवायाओ ॥१॥**
**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**बीयं वयमणुरक्खे, विरया मो मुसावायाओ ॥२॥**
**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**तइयं वयमणुरक्खे, विरया मो अदिन्नादाणाओ ॥३॥**
**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**चउत्थं वयमणुरक्खे, विरया मो मेहुणाओ ॥४॥**
**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**पंचमं वयमणुरक्खे, विरया मो परिग्गहाओ ॥५॥**
**दंसणनाणचरित्ते, अविराहित्ता ठिओ समणधम्मे ।**
**छट्ठं वयमणुरक्खे, विरया मो राईभोयणाओ ॥६॥**

ગાથાર્થ :-

દર્શન, જ્ઞાન અને ચારિત્રની વિરાધના કર્યા વગર, સાધુધર્મમાં સ્થિર (નિશ્ચલ) થયેલો (અને) પ્રાણાતિપાતથી અટકેલો હું પહેલા વ્રતનું કોઈ અતિચાર ન લાગે તે રીતે રક્ષણ (પાલન) કરું છું. ॥૧॥

આ રીતે બાકીની પાંચ ગાથાઓનો અર્થ પણ સમજી લેવો. માત્ર બીજી ગાથામાં 'મૃષાવાદથી અટકેલો હું', ત્રીજી ગાથામાં 'અદત્તાદાનથી અટકેલો હું' અને એ રીતે ચોથી-પાંચમી-છઠ્ઠી ગાથામાં અનુક્રમે 'મૈથુનથી, પરિગ્રહથી અને રાત્રિભોજનથી અટકેલો હું' એ પ્રમાણે સમજી લેવું. ॥૨-૬॥

ટીકા :-

दर्शनं **च सम्यग्दर्शनं** ज्ञानं **चाभिनिबोधिकादि** चारित्रं **च सामायिकादि** दर्शनज्ञानचारित्राणि **कर्मताऽऽपन्नानि**, अविराध्य **अखण्डितानि परिपाल्य । विराधना च ज्ञानदर्शनयोः प्रत्यनीकताऽऽदिलक्षणा पञ्चविधा यदाह —**

**"नाणपडिणीयनिण्हवअच्चासायणतदंतरायं च ।**

**कुणमाणस्सइयारो, नाणविसंवायजोगं च ॥१॥" [ आलोचनाग्रहणप्रकरणं गा. २५ ]**

**तत्र ज्ञानप्रत्यनीकता पञ्चविधज्ञाननिन्दया, तद्यथा — 'आभिनिबोधिकज्ञानमशोभनं यतस्तदवगतं ज्ञानं कदाचिदन्यथेति, श्रुतज्ञानमपि शीलविकलस्याकिञ्चित्करत्वादशोभनमेव, अवधिज्ञानमप्यरूपिद्रव्यागोचरत्वादसाधु, मनःपर्यायज्ञानमपि मनुष्यलोकावधिपरिच्छिन्नगोचरत्वादशोभनं, केवलज्ञानमपि समयभेदेन दर्शनज्ञानप्रवृत्तेरेकसमये अकेवलत्वादशोभनमिति ।' दर्शनप्रत्यनीकता तु क्षायिकदर्शनिनोऽपि श्रेणिकादयो नरकमुपगता इत्यतः किं दर्शनेन ? इति निन्दया । निह्नवो व्यपलापः, स च ज्ञानस्यान्यसकाशेऽधीतमन्यं व्यपदिशतो जायते, दर्शनस्यापि सम्मत्यादिदर्शनप्रभावकशास्त्राण्यधिकृत्यैवमेव द्रष्टव्यम् । अत्याशातना तु ज्ञानस्य -**

**"काया वया य ते च्चिय, ते चेव पमाय अप्पमाया य ।**

**मोक्खाहिगारियाणं, जोइसजोणीहिं किं कज्जं ? ॥१॥" [ पञ्चवस्तुक गा. १६३७ ]**

**दर्शनस्य तु 'किमेभिः सम्मत्यादिभिः कलहशास्त्रैः ?' इति । अन्तरायं द्वयोरपि कलहास्वाध्यायिकादिभिः करोति । ज्ञानविसंवादयोगोऽकालस्वाध्यायादिना, दर्शनविसंवादयोगस्तु शङ्काकाङ्क्षादिनेति । चारित्रविराधना पुनः सावद्ययोगानुमत्यादिलक्षणा विचित्रेति ।**

**एतान्यविराध्य किमित्याह** — स्थितः **समारूढः सन्, क्व ? इत्याह** — श्रमणधर्मे श्रमणानां **साधूनां** धर्मः **क्षान्त्यादिलक्षणः समाचारः**, तस्मिन्, **किं करोमि ? इत्याह** — प्रथमं **आद्यं** व्रतं **यमम्**, **अणुरक्खेत्ति** अनुरक्षामि **सर्व्वातिचारविरहितं पालयामि, किंविशिष्ट ? इत्याह** — विरया मो **त्ति वचनस्य[१] व्यत्यया**द्विरतोऽस्मि **निवृत्तोऽहं, कस्मात् ?** प्राणातिपातात् **जीववधादिति । एवमन्यदपि द्वितीयादिव्रताभिलापिसूत्रपञ्चकमेतदनुसारेण समवसेयमिति ॥१-६॥**

ટીકાર્થ :-

दर्शन-ज्ञान-चारित्राणि - દર્શન એટલે સમ્યગ્દર્શન. જ્ઞાન એટલે મતિજ્ઞાન વગેરે પાંચ જ્ઞાન અને ચારિત્ર એટલે સામાયિક વગેરે પાંચ ચારિત્ર. આ જ્ઞાન, દર્શન અને ચારિત્ર અહીં કર્મપણાને પામેલા છે. [એટલે કે આગળ 'વિરાધ્યા વગર' એમ કહેશે. એ નહીં વિરાધવાની ક્રિયાનું કર્મ જ્ઞાન-દર્શન-ચારિત્ર છે. શેને નહીં વિરાધીને ? તો કે જ્ઞાન-દર્શન-ચારિત્રને.]

१. बहुवचनस्थाने एकवचनस्य ग्राह्यत्वात् ।

अविराध्य - વિરાધ્યા વગર એટલે કે અખંડપણે પરિપાલન કરીને.

જ્ઞાન અને દર્શનની વિરાધના પ્રત્યનીકતા વગેરે પાંચ પ્રકારની છે, કારણ કે કહ્યું છે -

"જ્ઞાનપ્રત્યનીકતા - નિહ્નવ - અત્યાશાતના - તેનો અંતરાય અને જ્ઞાનવિસંવાદનયોગ એ જ્ઞાનના અતિચાર છે." ॥૧॥ [આલોચનાગ્રહણપ્રકરણ ગા. ૨૫] તેમાં -

**૧. જ્ઞાનપ્રત્યનીકતા** - (એટલે કે જ્ઞાનનું શત્રુપણું કે વિરોધીપણું) પાંચ પ્રકારના જ્ઞાનની નિંદા વડે થાય. તે આ પ્રમાણે -

૧. મતિજ્ઞાન સુંદર નથી, કેમકે તેના વડે જાણેલું ક્યારેક અન્યથા પણ હોય છે. [આંખથી દેખાય કંઈક અને હોય કંઈક. એ રીતે બાકીની ઈન્દ્રિયો માટે પણ જાણવું.]

૨. શ્રુતજ્ઞાન પણ ચારિત્રરહિતને કોઈપણ ગુણ ન કરતું હોવાથી અસુંદર જ છે.

૩. અવધિજ્ઞાનનો વિષય માત્ર રૂપી દ્રવ્યો છે, અરૂપી દ્રવ્યો નથી. માટે અવધિજ્ઞાન પણ અસુંદર છે.

૪. મનઃપર્યવજ્ઞાનનો વિષય માત્ર મનુષ્યલોકમાં રહેલા સંજ્ઞી જીવોનું મન છે. માટે મનઃપર્યવજ્ઞાન પણ સુંદર નથી.

૫. કેવલજ્ઞાન અને કેવલદર્શનનો ઉપયોગ પરાવર્તમાન છે. એટલે કે એક સમયે જ્ઞાનનો ઉપયોગ, બીજા સમયે દર્શનનો ઉપયોગ. આમ એક સમયે જ્ઞાન અને દર્શન બંનેનો ઉપયોગ એક સાથે ન હોવાથી કેવલજ્ઞાન સંપૂર્ણ નથી. તેથી તે પણ સુંદર નથી.

દર્શનપ્રત્યનીકતા "ક્ષાયિકસમકિતી એવા પણ શ્રેણિક મહારાજા વગેરે નરકમાં ગયા. માટે દર્શનનું શું કામ ?" એવી નિંદા વડે થાય.

**૨. નિહ્નવ** એટલે વ્યપલાપ [એટલે કે જે હોય તે ન બોલતાં અન્ય બોલવું]. જ્ઞાનનો નિહ્નવ જ્ઞાન જેની પાસે ભણ્યું હોય તે ન કહેતા અન્ય પાસે ભણ્યું છે એમ કહેવાથી થાય.

દર્શનનો નિહ્નવ પણ સમ્મતિતર્ક વગેરે દર્શનપ્રભાવક શાસ્ત્રોને અધિકૃત કરીને એ જ રીતે જાણવો. [એટલે કે દર્શનપ્રભાવક શાસ્ત્રો જેની પાસે ભણ્યા એ ન કહેતા અન્ય પાસે ભણ્યા છે એમ કહેવું.]

**૩. અત્યાશાતના** - અતિ આશાતના. જ્ઞાનની અત્યાશાતના "તેના તે જ છ જીવનિકાયો, વ્રતો, પ્રમાદો અને અપ્રમાદો શાસ્ત્રોમાં ઠેકઠેકાણે કહ્યા છે. વળી મોક્ષના અધિકારીઓને જ્યોતિષ-શાસ્ત્ર, યોનિપ્રાભૃત વગેરે શાસ્ત્રોનું શું કામ છે ?" ॥૧॥ [પંચવસ્તુક ગા. ૧૬૩૭] વગેરે વિચારવાથી થાય.

દર્શનની અત્યાશાતના "આ સમ્મતિતર્ક વગેરે ચર્ચાવિષયક શાસ્ત્રોનું શું કામ ?" વગેરે વિચારવાથી થાય.

**૪. અંતરાય** - જ્ઞાન અને દર્શન બંનેમાં અંતરાય કરવો. જ્ઞાન અને દર્શન બંનેના આરાધકો સાથે કલહ (ઝઘડો) કરવાથી, અસ્વાધ્યાયિક (=અસજ્ઝાય - જે હોય ત્યારે સ્વાધ્યાય ન થઈ શકે) ઊભું કરવાથી વગેરે કારણે જ્ઞાન અને દર્શનમાં અંતરાય થાય.

**૫. જ્ઞાનવિસંવાદયોગ** - અકાલે સ્વાધ્યાય કરવો વગેરે વડે થાય.

દર્શનવિસંવાદયોગ શંકા-કાંક્ષા વગેરે [સમ્યગદર્શનના પ્રસિદ્ધ અતિચારો] વડે થાય.

ચારિત્રની વિરાધના સાવદ્ય યોગની અનુમતિ વગેરે રૂપ વિચિત્ર પ્રકારની છે.

આ જ્ઞાન-દર્શન-ચારિત્રને વિરાધ્યા વગર શું ? તે કહે છે -

स्थितः श्रमणधर्मे - શ્રમણો એટલે કે સાધુઓનો જે ધર્મ એટલે કે ક્ષાન્તિ (ક્ષમા) વગેરે રૂપ આચાર, તેમાં રહેલો એટલે કે સમારૂઢ થયેલો=તેનું પાલન કરનાર (એવો હું). શું કરું છું ? તે કહે છે -

प्रथमं व्रतमनुरक्षामि, विरतोऽस्मि प्राणातिपातात् - પહેલા વ્રત=યમનું રક્ષણ કરું છું. એટલે કે બધા જ અતિચાર રહિત પાલન કરું છું. કેવો હું, તે કહે છે - विरया मो - અહીં વચનનો વ્યત્યય હોવાથી [એટલે કે એકવચનના અર્થમાં આ સૂત્રમાં બહુવચનનો પ્રયોગ થયો હોવાથી] विरतोऽस्मि= પ્રાણાતિપાતથી એટલે કે જીવવધથી વિરત એટલે કે નિવૃત્ત થયેલો હું. ॥૧॥

આ રીતે બાકીના બીજા વગેરે વ્રતો જણાવતા પાંચ સૂત્રો પણ આના અનુસારે જાણવા. ॥૨-૬॥

**अथ प्रकारान्तरेणापि महाव्रतरक्षणमभिधातुमाह —**

હવે અન્ય પ્રકારે પણ મહાવ્રતોના રક્ષણનો ઉપાય કહે છે -

**ગાથા :-**

**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**पढमं वयमणुरक्खे, विरया मो पाणाइवायाओ ॥१॥**
**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**बीयं वयमणुरक्खे, विरया मो अलियवयणा( मुसावाया )ओ ॥२॥**
**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**तइयं वयमणुरक्खे, विरया मो अदिन्नादाणाओ ॥३॥**
**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**चउत्थं वयमणुरक्खे, विरया मो मेहुणाओ ॥४॥**

**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**पंचमं वयमणुरक्खे, विरया मो परिग्गहाओ ॥५॥**
**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**छट्ठं वयमणुरक्खे, विरया मो राईभोयणाओ ॥६॥**
**आलयविहारसमिओ, जुत्तो गुत्तो ठिओ समणधम्मे ।**
**तिविहेण अप्पमत्तो, रक्खामि महव्वए पंच ॥७॥ ॥सूत्रसप्तकम्॥**

ગાથાર્થ :-

આલયમાં રહેલો, યથોક્ત વિહાર કરતો, પાંચ સમિતિઓ વડે સમિત, સાધુગુણો વડે યુક્ત, ત્રણ ગુપ્તિઓ વડે ગુપ્ત, શ્રમણધર્મમાં રહેલો અને પ્રાણાતિપાતથી નિવૃત્ત થયેલો એવો હું પ્રથમ વ્રતનું રક્ષણ કરું છું. ॥૧॥

આ રીતે ૨ થી ૬ ગાથાઓનો અર્થ પણ અનુક્રમે મૃષાવાદથી, અદત્તાદાનથી, મૈથુનથી, પરિગ્રહથી અને રાત્રિભોજનથી નિવૃત્ત થયેલો એવો હું અનુક્રમે બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને છઠ્ઠા વ્રતનું રક્ષણ કરું છું વગેરે જાણવો. ॥૨-૬॥

સાતમી ગાથાના પૂર્વાર્ધનો અર્થ પહેલાની જેમ જાણવો. ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે -

મન વગેરે ત્રણે કરણો વડે અપ્રમત્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૭॥

ટીકા :-

आलयत्ति **सूचकत्वादालयवर्ती, सकलकलङ्कविकलनिलयनिषेवीत्यर्थः । एवं** विहारत्ति **यथोक्तविहारेण विहरन् । तथा ईर्यादिसमितिपञ्चकेन** समितः । **तथा** युक्तो **नाग्न्यास्नानभूशयनादन्तपवनशिरस्तुण्डमुण्डनभिक्षाभ्रमणक्षुत्पिपासाशीतातपादिसहनगुरुकुलवसनादिलक्षणैः श्रमणगुणैः समन्वितः । तथा गुप्तित्रयेण** गुप्तः, स्थितो **व्यवस्थितः** श्रमणधर्मे **क्षान्त्यादिके यत्यनुष्ठाने,** प्रथमं **आद्यं** व्रतं **यमम्** अनुरक्षामि **सदाऽतिचारविरहितं पालयामि,** विरया मो त्ति **वचनव्यत्ययाद्** विरतोऽस्मि **निवृत्तोऽस्मि** प्राणातिपातात् । **इत्येवं शेषसूत्राण्यपि द्वितीयादिव्रताभिलापेन नेतव्यानि, नवरं सप्तमसूत्रस्योत्तरार्द्धे विशेषो यथा** त्रिविधेन **मनोवाक्कायलक्षणेन करणेन** अप्रमत्तः **सुप्रणिहितः,** रक्षामि **स्वजीवितमिवादरेण पालयामि** महाव्रतानि **उक्तलक्षणानि** पञ्च **इति पञ्चसंख्यानीति ॥१-७॥ ॥सूत्रसप्तकम्॥**

ટીકાર્થ :-

आलयः - અહીં 'આલય' શબ્દ સૂચક હોવાથી 'આલયવર્તી' અર્થ કરવો. એટલે કે સ્ત્રી, પશુ, નપુંસક વિગેરે જયાં નથી એવા સકલ દોષ વિનાના સ્થાનમાં રહેલો હું.

१. अदन्तधावन० इति पाठः शुद्धः प्रतिभाति ।

विहारः - દ્રવ્યાદિથી અપ્રતિબદ્ધ વિહારથી વિચરતો હું.

समितः - ઈર્યાસમિતિ વગેરે પાંચે સમિતિઓનું પાલન કરવાથી સમિત એવો હું.

युक्तः - નગ્નપણું [જીર્ણ-અલ્પમૂલ્યવાળા વસ્ત્રો ધારણ કરવાપણું] - અસ્નાન [સ્નાન નહીં કરવાપણું] - ભૂશયન (ભૂમિ પર સૂવાપણું) - અદન્તધાવન [દાતણ વગેરેથી દાંત સાફ નહીં કરવા-પણું] - મસ્તક અને મુખ (દાઢી-મૂછ)નો લોચ-ભિક્ષા માટે ફરવું - ભૂખ, તરસ, ઠંડી, ગરમી વગેરે પરિષહો સહન કરવા - ગુરુકુલવાસ સેવવો વગેરે સાધુઓના ગુણોથી યુક્ત એવો હું

गुप्तः - ત્રણ ગુપ્તિઓ વડે ગુપ્ત.

स्थितः श्रमणधर्मे=ક્ષમા, મૃદુતા વગેરે દશ પ્રકારના શ્રમણધર્મમાં સ્થિર-નિશ્ચલ એવો હું

प्रथमं व्रतमनुरक्षामि=પહેલા વ્રત=યમનું રક્ષણ કરું છું એટલે કે હંમેશા અતિચારરહિત પાલન કરું છું. (કેવો હું, તે કહે છે -)

विरतोऽस्मि प्राणातिपातात् - અહીં વચનવ્યત્યય થયો હોવાથી ગાથામાં એકવચનને બદલે विरया मो (विरताः स्मः) એ પ્રમાણે બહુવચન થયું છે. પ્રાણાતિપાતથી વિરત (નિવૃત્ત) થયેલો એવો હું.

આ રીતે બાકીના સૂત્રો પણ 'બીજા વ્રતનું રક્ષણ કરું છું' વગેરે કહેવા વડે જાણવા. સિવાય કે સાતમા સૂત્રના ઉત્તરાર્ધમાં આ વિશેષ છે કે -

त्रिविधेन=મન,વચન અને કાયા એ ત્રણે કરણો વડે

अप्रमत्तः=સારી રીતે એકાગ્ર બનેલો હું

रक्षामि महाव्रतानि पञ्च=મારા જીવિત=પ્રાણોની જેમ અતિશય પ્રયત્નપૂર્વક પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૭॥

**इदानीमेकाद्येकोत्तरवृद्धिकानां दशान्तानां शुभाशुभस्थानानां परिवर्जनाङ्गीकार-करणद्वारेण महाव्रतपरिरक्षणाभिधानायाह-**

હવે એકથી દસ સુધીના અશુભ એટલે કે હેય ભાવોનો ત્યાગ અને શુભ એટલે કે ઉપાદેય ભાવોનો સ્વીકાર કરવા દ્વારા મહાવ્રતોનું રક્ષણ કહે છે -

ગાથા :-

**सावज्जजोगमेगं, मिच्छत्तं एगमेव अन्नाणं ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥१॥**

ગાથાર્થ :-

એક જ ભેદવાળા સાવદ્ય યોગ, મિથ્યાત્વ અને અજ્ઞાનનો ત્યાગ કરતો અને મન-વચન-કાયા વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૧॥

ટીકા :-

अवद्यं **पापं, सहावद्येन यो वर्तते स** सावद्यः, **स चासौ** योगश्च **व्यापारः** सावद्ययोगः, **तं** एकं **एकभेदं सकलनिन्द्यकर्म्माणां सावद्ययोगत्वाव्यभिचारादिति । तथा मिथ्या इत्येतस्य भावो** मिथ्यात्वं **मिथ्यात्वमोहनीयकर्मोदयजन्यो विपर्यस्ताध्यवसायरूपो जीवपरिणामस्तन्निमित्त-लौकिकदेवतादिवन्दनादिक्रिया च, तद्** एकम् **आभिग्रहिकानाभिग्रहिकाभिनिवेशिकाना-भोगिकसांशयिकभेदात्पञ्चविधमपि उपाधिभेदतो बहुतरभेदमपि वा विपर्ययसाम्यादेकप्रकारम् । तथा** एव **त्ति अनुस्वारलोपादेवं मिथ्यात्ववदेकविधमित्यर्थः ।** अन्नाणं **ति नञः कुत्साऽर्थत्वात् कुत्सितं ज्ञानं** अज्ञानं **संशयविपर्ययानध्यवसायात्मको ज्ञानावरणदर्शनावरणकर्मोदयप्रभवो जीवस्यावबोधपरिणामस्तत्प्रभवग्रन्थविशेषाश्च, तदप्युक्तक्रमेणानेकविधमप्यवबोधसामान्या-देकविधमिति । किम् ? इत्याह** — परिवर्ज्जयन् **परिहरन्** गुप्तो **मनोवचनशरीरैः संवृत्तः सन्,** रक्षामि **सुविशुद्धानि परिपालयामि** महाव्रतानि **उक्तलक्षणानि** पञ्च **इति पञ्चसंख्यानीति ।।१।।**

**तथा** —

ટીકાર્થ :-

सावद्ययोगमेकं - અવદ્ય એટલે પાપ. અવદ્ય સાથે જે હોય તે સાવદ્ય. સાવદ્ય એવો યોગ=વ્યાપાર તે સાવદ્યયોગ એટલે કે પાપયુક્ત વ્યાપાર. તે એક જ પ્રકારનો, કેમકે બધા જ નિંદનીય કર્મો સાવદ્યયોગપણાને અવ્યભિચારી છે. [એટલે કે બધા જ નિંદનીય કર્મોનો સાવદ્ય યોગમાં સમાવેશ થાય છે.]

मिथ्यात्वं एकं - મિથ્યા એટલે ખોટું, તેનો ભાવ તે મિથ્યાભાવ, એટલે કે -

- મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો વિપરીત અધ્યવસાયરૂપ જીવપરિણામ, અને

- એ પરિણામના કારણે લૌકિક દેવ-દેવી વગેરેને વંદન વગેરે ક્રિયા.

આ મિથ્યાત્વ -

- આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, અનાભોગિક અને સાંશયિક એમ પાંચ પ્રકારનું હોવા છતાં પણ અને

- ઉપાધિના ભેદથી ઘણા ભેદવાળું હોવા છતાં પણ,

બધા જ મિથ્યાત્વમાં વિપર્યય એટલે કે વિપરીતપણું સરખું હોવાથી તે એક જ પ્રકારનું છે.

एवं - અહીં ગાથામાં एव પાઠ છે, પણ તેમાં અનુસ્વારનો લોપ થયો હોવાથી एवं પાઠ જાણવો. एवं=એ રીતે, એટલે કે મિથ્યાત્વની જેમ એક જ પ્રકારનું.

अज्ञानं - અહીં नञ्=अ કુત્સા=નિંદાના અર્થમાં હોવાથી કુત્સિત=નિંદનીય જ્ઞાન તે અજ્ઞાન. આ અજ્ઞાન -

૧. a. સંશય, વિપર્યય અને અનધ્યવસાય[1] સ્વરૂપ, અને

b. - જ્ઞાનાવરણ અને દર્શનાવરણ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો એવો.

જીવનો અવબોધ પરિણામ=જાણકારી=માહિતી અને

૨. તે અવબોધપરિણામ વડે રચાયેલા ગ્રંથવિશેષો સ્વરૂપ છે.

આ અજ્ઞાન પણ ઉપર કહેલી રીતે અનેક પ્રકારનું હોવા છતાં એ બધામાં અવબોધપણું સરખું હોવાથી તે એક જ પ્રકારનું છે.

આ સાવદ્યયોગ, મિથ્યાત્વ અને અજ્ઞાનનું હું શું કરું, તે કહે છે -

परिवर्जयन्=પરિહાર એટલે કે ત્યાગ કરતો.

गुप्तः=મન,વચન અને કાયા વડે સંવૃત્ત એવો હું.

रक्षामि महाव्रतानि पञ्च=જેનું લક્ષણ અગાઉ કહી દીધું છે એવા પાંચ મહાવ્રતોનું સુવિશુદ્ધ રીતે પરિપાલન કરું છું. ॥૧॥

તથા -

ગાથા :-

**अणवज्जजोगमेगं, सम्मत्तं एगमेव नाणं तु ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥२॥**

ગાથાર્થ :-

એક જ પ્રકારના અનવદ્ય યોગ, સમ્યક્ત્વ અને જ્ઞાનને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું.

ટીકા :-

अनवद्ययोगं **कुशलानुष्ठानम्** एकं **सकलकुशलानुष्ठानानामनवद्ययोगत्वाव्यभिचारादेकप्रकारं । तथा** सम्यक्त्वं **इति सम्यक्शब्दः प्रशंसाऽर्थः, सम्यगित्येतस्य भावः सम्यक्त्वं दर्शनमोहनीयक्षयक्षयोपशमोपशमाविर्भूतो जिनोक्ततत्त्वश्रद्धानरूप आत्मपरिणामः, तच्चोपाधिभेदादनेकप्रकारमपि श्रद्धानसामान्याद्** एकमेव **एकप्रकारमेव एकजीवस्य चैकदैकस्यैव भावादिति । तथा** नाणं तु **त्ति तुशब्दस्याप्यर्थत्वात्** ज्ञानमपि **एकविधमेव, तत्र ज्ञायन्ते परिच्छिद्यन्ते अर्था अनेनेति ज्ञानम्, आवरणक्षयक्षयोपशमादिसमुत्पन्नो मतिश्रुतादिविकल्पात्मको जीवस्यावबोधपरिणामः, तच्चानेकमप्यवबोधसामान्यादेकम्, उपयोगापेक्षया वा, तथाहि — लब्धितो**

---

૧. સંશય, વિપર્યય અને અનધ્યવસાયનું દૃષ્ટાંત -

રાત્રે દોરડું જોઈ શંકા થાય - 'આ દોરડું હશે કે સર્પ ?' એ સંશય. 'આ સર્પ છે' એવો ખોટો નિશ્ચય થાય તે વિપર્યય. ઉપયોગ ન હોવાથી દેખાય જ નહીં તે અનધ્યવસાય.

**बहूनां बोधविशेषाणामेकदा संभवेऽप्युपयोगत एक एव सम्भवत्येकोपयोगत्वाज्जीवानामिति । नन्ववबोधसामान्यात्सम्यक्त्वज्ञानयोः कः प्रतिविशेषः ? उच्यते — रुचिः सम्यक्त्वं, रुचि-कारणं तु ज्ञानं, यथोक्तं —**

**"नाणमवायधिईओ, दंसणमिट्ठं जहोग्गहेहाओ ।**

**तह तत्तरुई सम्मं, रोइज्जई जेण तं नाणं ॥१॥" [ उपधानप्रतिष्ठापञ्चाशकं गा. २२ ]**

**एतत्किम् ? इत्याह** — उपसम्पन्नः-**प्रतिपन्नो**, युक्तः **श्रमणगुणैः**, रक्षामि **पालयामि** महाव्रतानि **भणितस्वरूपाणि** पञ्च **इति पञ्चसंख्यापरिच्छिन्नानीति ॥२॥**

**तथा —**

**ટીકાર્થ :-**

अनवद्ययोगं=કુશલ અનુષ્ઠાન. તે -

एकं=એક પ્રકારનું, કેમકે બધાજ કુશલ અનુષ્ઠાનોનો અનવદ્ય યોગમાં સમાવેશ થાય છે.

सम्यक्त्वं - 'સમ્યક્' શબ્દ પ્રશંસાના અર્થમાં છે. સમ્યક્નો ભાવ તે સમ્યક્ત્વ, એટલે કે -

- દર્શનમોહનીય કર્મના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી પ્રગટ થયેલો અને

- જિનેશ્વર પરમાત્માએ કહેલા તત્ત્વો ઉપર શ્રદ્ધા સ્વરૂપ એવો આત્મપરિણામ.

અને તે સમ્યક્ત્વ -

एकमेव – ઉપાધિના ભેદથી અનેક પ્રકારનું હોવા છતાં તત્ત્વાર્થ પરની શ્રદ્ધા બધામાં સરખી હોવાથી એક જ પ્રકારનું જાણવું. વળી એક જીવને એક સમયે એક જ પ્રકારનું સમ્યક્ત્વ હોવાથી પણ એક જ પ્રકારનું જાણવું.

ज्ञानं तु – અહીં तु શબ્દ अपि='પણ' અર્થમાં હોવાથી જ્ઞાન પણ એક જ પ્રકારનું છે. જેના વડે પદાર્થો જણાય તે જ્ઞાન, એટલે કે -

- જ્ઞાનાવરણીય કર્મના ક્ષય, ક્ષયોપશમ વગેરેથી ઉત્પન્ન થયેલો અને

- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન વગેરે વિકલ્પસ્વરૂપ એવો જીવનો અવબોધપરિણામ.

અને તે (જ્ઞાન) અનેક પ્રકારનું હોવા છતાં પણ અવબોધ બધામાં સરખો હોવાથી અથવા ઉપયોગની અપેક્ષાએ એક જ છે. તે આ પ્રમાણે - લબ્ધિથી એક સાથે ઘણા બોધવિશેષો(=જ્ઞાનો)નો સંભવ હોવા છતાં ઉપયોગથી એક જ જ્ઞાન સંભવે છે, કેમકે જીવોને એક સમયે એક જ ઉપયોગ હોય છે.

**શંકા** - સમ્યક્ત્વ અને જ્ઞાન બંને અવબોધરૂપ જ છે, તો પછી એ બંનેમાં ફરક / તફાવત શું ?

**સમાધાન** - રુચિ એ સમ્યક્ત્વ છે અને રુચિનું કારણ એ જ્ઞાન છે. જેમકે કહ્યું છે -

"જે રીતે અપાય અને ધારણા એ જ્ઞાન તથા અવગ્રહ અને ઈહા એ દર્શન મનાય છે એ રીતે તત્ત્વરુચિ એ સમ્યક્ત્વ અને જેના વડે રુચિ ઉત્પન્ન થાય એ જ્ઞાન છે." ॥૧॥ (ઉપધાનપ્રતિષ્ઠાપંચાશક ગા. ૨૨)

[અહીં આશય એ છે કે અવગ્રહ-ઈહા-અપાય-ધારણા એ ચારે બોધરૂપ છે, છતાં અવગ્રહ-ઈહા દર્શન કહેવાય છે. અને અપાય-ધારણા જ્ઞાન કહેવાય છે. એ જ રીતે સમ્યક્ત્વ-જ્ઞાન બંને બોધરૂપ હોવા છતાં તત્ત્વરુચિ રૂપ બોધ તે સમ્યક્ત્વ અને તેના કારણભૂત બોધ તે જ્ઞાન કહેવાય છે.]

આ અનવદ્ય યોગ, સમ્યક્ત્વ અને જ્ઞાનનું શું કરું છું ? તે કહે છે -

उपसम्पन्नः=પ્રતિપન્ન એટલે કે આ ત્રણેયને સ્વીકારેલો, અને

युक्तः=શ્રમણગુણો વડે યુક્ત એવો હું

रक्षामि महाव्रतानि पञ्च=જેનું સ્વરૂપ આગળ કહેવાઈ ગયું છે એવા પાંચ મહાવ્રતોનું પાલન કરું છું. ॥૨॥

તથા -

ગાથા :-

**दो चेव रागदोसे, दुन्नि य झाणाइं अट्टरोद्दाइं ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥३॥**

ગાથાર્થ :-

રાગ અને દ્વેષ એ બંનેનો તેમજ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બંનેનો ત્યાગ કરતો અને ત્રણ ગુપ્તિઓ વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૩॥

ટીકા :-

द्वावेव **द्विसंख्यावेव, कौ ? इत्याह — रागश्च द्वेषश्च** रागद्वेषौ, **तत्र अनभिव्यक्तमाया-लोभलक्षणभेदस्वभावमभिष्वङ्गमात्रं रागः, अनभिव्यक्तक्रोधमानलक्षणभेदस्वभावमप्रीतिमात्रं तु द्वेषः, तौ परिवर्ज्जयन्निति योगः ।** तथा द्वे च **द्विसंख्ये च ध्यायते-चिन्त्यते वस्त्वाभ्यामिति** ध्याने, **ध्याती वा** ध्याने, **अन्तर्मुहूर्त्तमात्रकालमेकाग्रचित्ताध्यवसाने । यदाह —**

**"अंतोमुहुत्तमित्तं चित्तवत्थाणमेगवत्थुंमि ।**
**छउमत्थाणं ज्झाणं जोगनिरोहो जिणाणं तु ॥१॥"** [ ध्यानशतकं गा. ३ ]

**ते एव नामग्राहमाह — आर्तं च रौद्रं च** आर्त्तरौद्रे **। तत्र ऋतं दुःखं तस्य निमित्तं, तत्र वा भवं, ऋते वा पीडिते प्राणिनि भवं** आर्त्तं, **तच्चामनोज्ञानां शब्दरूपरसगन्धस्पर्शलक्षणानां विषयाणां तदाश्रयभूतवायसादिवस्तूनां वा समुपनतानां विप्रयोगप्रणिधानं, भाविनां वा-**

**ऽसम्प्रयोगचिन्तनम् १। एवं शूलशिरोरोगादिवेदनाया अपि विप्रयोगासंप्रयोगप्रार्थनम् २। इष्ट-शब्दादिविषयाणां सातवेदनायाश्चावियोगसंप्रयोगप्रार्थनम् ३। देवेन्द्रचक्रवर्त्यादिसमृद्धिप्रार्थनं च ४। शोकाक्रन्दनस्वदेहताडनविलपनादिलक्षणलक्ष्यं तिर्यग्गतिगमनकारणं विज्ञेयम् १॥ तथा रोदयतीति रुद्र आत्मैव, तस्य कर्म रौद्रं, तदपि सत्त्वेषु वधवेधबन्धनदहनाङ्कनमारणादि-प्रणिधानम् १। पैशून्यासभ्यासद्भूतभूतघातादिवचनचिन्तनम् २। तीव्रकोपलोभाकुलं भूतोप-घातपरायणं परलोकापायनिरपेक्षं परद्रव्यहरणप्रणिधानम् ३। सर्वाभिशङ्कनपरं परोपघात-परायणं शब्दादिविषयसाधकद्रव्यसंरक्षणप्रणिधानम् ४। उत्सन्नवधादिलिङ्गगम्यं नरकगति-गमनकारणं समवसेयम् २॥ एते च किमित्याह**-परिवर्ज्जयन् गुप्तः **सन्** रक्षामि महाव्रतानि पञ्च **इति ॥३॥**

**तथा** —

ટીકાર્થ :-

द्वावेव रागदेषौ - રાગ અને દ્વેષ એ બે જ. તેમાં

- માયા અને લોભરૂપી (રાગના જ) ભેદ=જુદા જુદા સ્વભાવ જેમાં પ્રગટ નથી થયા, માત્ર અભિષ્વંગ (=આસક્તિ-પ્રેમ-સ્નેહ) છે તે રાગ, અને

- ક્રોધ અને માનરૂપી (દ્વેષના જ) ભેદ=જુદા જુદા સ્વભાવ જેમાં પ્રગટ નથી થયા, માત્ર અપ્રીતિ (અણગમો) છે તે દ્વેષ.

[આવું જણાવવાનું કારણ એ છે કે રાગ માયા-લોભરૂપ અને દ્વેષ ક્રોધ-માનરૂપ કહેલો છે. જો માયા વગેરે અભિવ્યક્ત (પ્રગટ) થઈ ગયા હોય તો તેનો સમાવેશ આગળ કહેવામાં આવનાર 'चउरो कसाया' (ગાથા-૮)માં થશે, રાગ-દ્વેષમાં નહીં.]

'એ બંનેનો ત્યાગ કરતો' એ રીતે વાક્યનો સંબંધ જોડવો.

द्वे च ध्याने आर्तरौद्रे - અને બે ધ્યાનો-આર્તધ્યાન અને રૌદ્રધ્યાન. આ બંને વડે વસ્તુનું ધ્યાન=ચિંતન=વિચાર કરાય છે, માટે આ બંનેને ધ્યાન કહેવાય છે. અથવા વિચાર કરવો તે ધ્યાન. [ध्याती वा ध्याने - ध्यै ધાતુ 'ધ્યાન કરવું, ચિંતન કરવું' અર્થમાં છે. તેને 'ભાવ' અર્થમાં ति (क्ति) સ્ત્રીલિંગ અથવા अन (अनट्) નપુંસકલિંગ પ્રત્યય લાગતા અને ધાતુના અન્ત્ય સંધ્યક્ષરનો आ થતા ध्याति અથવા ध्यान થયું. પ્રથમા દ્વિવચન ध्याती અથવા ध्याने થયું.]

એટલે કે અંતમુહૂર્ત પ્રમાણ કાળ સુધી એક વિષયમાં એકાગ્રતાવાળું (સ્થિર) મન તે ધ્યાન છે. કહ્યું છે - "એક વસ્તુમાં અંતર્મુહૂર્ત કાળ સુધી ચિત્તનું રહેવું તે છદ્મસ્થોનું ધ્યાન છે. અને યોગનિરોધ એ જિનોનું=કેવલીઓનું ધ્યાન છે. (ધ્યાનશતક ગાથા-૩)"

તે જ ધ્યાનોને નામથી કહે છે - આર્તધ્યાન અને રૌદ્રધ્યાન.

તેમાં **આર્તધ્યાન** કહે છે -

- ઋત=દુઃખ, તેનું નિમિત્ત એટલે કે કારણ [આર્તધ્યાન કરવાથી અશુભ કર્મ બંધાય અને તેથી ભવિષ્યમાં દુઃખ આવે માટે દુઃખનું નિમિત્ત], અથવા

- દુઃખ હોય ત્યારે જે થાય તે (ક્લિષ્ટ અધ્યવસાય), અથવા

- ઋત=પીડિત જીવને જે થાય તે આર્તધ્યાન.

આ આર્તધ્યાન ચાર પ્રકારનું હોય છે -

**૧. અનિષ્ટવિયોગ** - અણગમતા એવા શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ રૂપ વિષયો અથવા એવા વિષયોની આશ્રયભૂત કાગડો વગેરે વસ્તુઓનો સંયોગ થયો હોય તો તેનો વિયોગ થાય અને ભવિષ્યમાં સંયોગ ન થાય એ માટે એકાગ્રતાપૂર્વક મનનો વિચાર=પ્રણિધાન=ચિંતન એ અનિષ્ટવિયોગ આર્તધ્યાન. (ધ્યાનશતક ગાથા-૬)

**૨. વેદના** - એ રીતે શૂળ-મસ્તકનો રોગ વગેરે વેદનાઓનો પણ વિયોગ થાય અને ભવિષ્યમાં સંયોગ ન થાય એ માટે એકાગ્રતાપૂર્વક મનનું પ્રણિધાન (દૃઢ અધ્યવસાય) એ વેદના આર્તધ્યાન. (ધ્યાનશતક ગાથા-૭)

**૩. ઈષ્ટસંયોગ** - ઈષ્ટ શબ્દાદિ વિષયો અને શાતાવેદનાનો ભવિષ્યમાં વિયોગ ન થાય અને સંયોગ થાય એ માટેનો દૃઢ અધ્યવસાય એ ઈષ્ટસંયોગ આર્તધ્યાન. (ધ્યાનશતક ગાથા -૮)

**૪. નિદાન** - દેવેન્દ્ર ચક્રવર્તી વગેરે સંબંધી સમૃદ્ધિની પ્રાર્થના એ નિદાન આર્તધ્યાન. (ધ્યાનશતક-૯)

આ આર્તધ્યાન શોક-આક્રંદન(રડવું)-પોતાના દેહનું તાડન(છાતી કૂટવી વગેરે)-વિલપન(વિલાપ કરવો) વગેરે લક્ષણો વડે જણાય છે અને (તે) તિર્યંચગતિમાં જવાનું કારણ જાણવું.

હવે **રૌદ્રધ્યાન** કહે છે - જે આત્મા બીજાને રોવડાવે તે રુદ્ર. તે રુદ્ર આત્માનું કર્મ તે રૌદ્ર. રૌદ્રધ્યાનના ચાર પ્રકાર છે -

**૧. હિંસાનુબંધી** - જીવોને વિષે વધ (=હાથ, ચાબૂક વગેરે વડે મારવું), વેધ (=ખીલા વગેરે વડે નાક વગેરે વીંધવા) બંધન (=દોરી-સાંકળ વગેરે વડે બાંધવું), દહન (બળતા અંગારા વગેરે વડે બાળવું), અંકન (કૂતરા-શિયાળાદિના પગોથી નહોરિયા ભરાવવા અથવા હાથમાં તેવા પંજા=નહોર પહેરીને શરીર પર ચિહ્ન કરવા), મારણ (તલવાર-ભાલો વગેરે વડે સામેવાળાનો પ્રાણોથી વિયોગ કરવો=મારી નાખવો) અને "આદિ" શબ્દથી ગાઢ એવી પરિતાપના, ચીરવું વગેરે સમજવા. આ વધ વિગેરેને વિષે જે પ્રણિધાન એટલે કે વધાદિ કરવાનો દૃઢ અધ્યવસાય તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન છે. (ધ્યાનશતક ગાથા-૧૯)

**૨. મૃષાનુબંધી** - પિશુન, અસભ્ય, અસદ્ભૂત, જીવોને ઉપઘાત કરનાર વગેરે વચનોનો જે દૃઢ અધ્યવસાય તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન છે.

[પિશુન=અનિષ્ટસૂચક વચન.

અસભ્ય - સભામાં જે યોગ્ય હોય તે સભ્ય અને સભ્ય ન હોય તે અસભ્ય.

અસદ્ભૂત=ખોટું વચન. તે વ્યવહારનયના મતે ઉપાધિભેદથી ત્રણ પ્રકારનું છે.

૧. અસત્નું ઉદ્ભાવન કરનારું વચન, ૨. સત્ને છુપાવનારું વચન અને ૩. અર્થાંતરને કહેનારું વચન.

જીવોને ઉપઘાત કરનારું વચન - જેમકે છેદી નાખ - ભેદી નાખ - મારી નાખ વગેરે.

આવા પિશુન વગેરે વચનો ન બોલનારનો પણ તે બોલવા માટેનો જે દૃઢ અધ્યવસાય તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન છે.] (ધ્યાનશતક ગાથા - ૨૦)

**૩. સ્તેયાનુબંધી** - તીવ્ર ક્રોધ, લોભ વગેરેથી આકુળ થઈને, જીવોનો ઉપઘાત કરવો પડે તો તે કરવા પણ તત્પર થઈને અને પરલોકના અપાયથી નિરપેક્ષ રીતે [=પરલોકમાં આનું શું ફળ આવશે એ વિચાર્યા વગર] બીજાના દ્રવ્યનું હરણ કરવા માટેનું પ્રણિધાન=દૃઢ અધ્યવસાય તે સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન છે. (ધ્યાનશતક ગાથા - ૨૧)

**૪. વિષયસંરક્ષણાનુબંધી** - પાંચે ઇન્દ્રિયોના શબ્દ વગેરે વિષયોના સાધક દ્રવ્યોના રક્ષણનું એવું ચિંતન કે જેમાં 'રખે કોઈ લઈ ન લે' એવી બધા પ્રત્યે શંકા થાય અને બીજાઓને મારી નાખવા સુધીના વિચારો આવે. (ધ્યાનશતક ગાથા - ૨૨)

આ રૌદ્રધ્યાન ઉત્સન્નવધ વગેરે લક્ષણોથી જણાય છે અને નરકગતિમાં જવાનું કારણ છે.

[રૌદ્રધ્યાનના ચાર લક્ષણો=લિંગો આ પ્રમાણે છે -

૧. ઉત્સન્નદોષ - રૌદ્રધ્યાનના ઉપર કહેલા હિંસાનુબંધી વગેરે ચાર પ્રકારોમાંથી કોઈ એકાદ પ્રકારમાં 'ઉત્સન્ન' એટલે સતત વારંવાર પ્રવૃત્તિ કરે તે.

૨. બહુલદોષ - ઉપરોક્ત ચારેય પ્રકારોમાં વારંવાર પ્રવૃત્તિ કરવારૂપ ઉત્સન્નદોષ સેવે તે.

૩. નાનાવિધ દોષ - બીજાની ચામડી ઉતારવી, નેત્રો ઉખેડવાં વગેરે હિંસાના ભિન્ન ભિન્ન ઉપાયો વારંવાર કરે તે.

૪. આમરણ દોષ - પોતે જાતે કોઈ મોટી આપત્તિને પામેલો હોય કે બીજા કોઈ (પોતાનાથી) મોટી આપત્તિને પામેલા હોય છતાં કાલસૌકરિક કસાઈની જેમ મરણ સુધી પોતાના અકાર્યોનો પશ્ચાત્તાપ ન થાય, ઊલટું તે હિંસા વિગેરેમાં જ દૃઢ અધ્યવસાય હોય તે આમરણદોષ જાણવો.

ટૂંકમાં પોતાનું કે બીજાનું મરણ સામે દેખાવા છતાં હિસા વગેરે અકાર્યોથી અટકે નહીં તેને આમરણદોષ કહેવાય.

કાલસૌકરિક રોજના પાંચસો પાડા મારતો હતો. આ હિંસાથી અટકાવવા શ્રેણિક મહરાજાએ તેને કૂવામાં ઊંધો લટકાવ્યો, છતાં તેણે કૂવાની દિવાલ ઉપર પાડાને ચિતરીને મારવાનું ચાલુ રાખ્યું. અહીં કૂવામાં પડવા દ્વારા મરણ થવાની સંભાવના હોવા છતાં તે અટકતો નથી. તેનો આ આમરણદોષ કહેવાય.] (ધ્યાનશતક ગાથા - ૨૬)

આ રાગ-દ્વેષ એ બે અને બે ધ્યાનનું શું કરું છું, તે કહે છે -

परिवर्जयन् गुप्तः, रक्षामि महाव्रतानि पञ्च=ત્યાગ કરતો અને ત્રણ ગુપ્તિઓ વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ||૩||

તથા -

ગાથા :-

**दुविहं चरित्तधम्मं, दुन्नि य ज्झाणाइं धम्मसुक्काइं ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥४॥**

ગાથાર્થ :-

બે પ્રકારના ચારિત્રધર્મને અને ધર્મ-શુક્લ એ બે ધ્યાનને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ||૪||

ટીકા :-

द्विविधं **देशसर्वचारित्रभेदाद् द्विप्रकारं, चर्यते मुमुक्षुभिरासेव्यते तदिति, चर्यते वा गम्यतेऽनेन निर्वृताविति** चरित्रं, **अथवा चयस्य कर्मणां रिक्तीकरणात्** चरित्रं **निरुक्तन्यायादिति चारित्रमोहनीयक्षयाद्याविर्भूत आत्मानो विरतिरूपः परिणामः, तल्लक्षणो** धर्मः **श्रेयः** चारित्र-धर्मः **तं,** द्वे च **द्विसंख्ये च** ध्याने **प्रणिधाने धर्म्यं च शुक्लं च** धर्म्यशुक्ले **। तत्र श्रुतचरणधर्मादनपेतं धर्म्यं । तच्च सर्वज्ञाज्ञाऽनुचिन्तनम् १। रागद्वेषकषायेन्द्रियवशजन्त्वपायविचिन्तनम् २। ज्ञाना-वरणादिशुभाशुभकर्मविपाकसंस्मरणम् ३। क्षितिवलयद्वीपसमुद्रप्रभृतिवस्तुसंस्थानादिधर्मा-लोचनात्मकम् ४। जिनप्रणीतभावश्रद्धानादिचिह्नगम्यं देवगत्यादिफलसाधकं ज्ञातव्यम् ३॥ तथा — शोधयत्यष्टप्रकारं कर्ममलं शुचं वा शोकं क्लमयत्यपनयतीति निरुक्तविधिना शुक्लम्, एतदपि पूर्वगतश्रुतानुसारिनानानयमतैकद्रव्यगतोत्पत्तिस्थितिभङ्गादिपर्यायानुस्मरणादिस्वरू-पम् अवधासंमोहादिलिङ्गगम्यं मोक्षादिफलप्रसाधकं विज्ञेयम् ४॥ शेषं प्राग्वत् ज्ञेयमिति ॥४॥**

**तथा —**

ટીકાર્થ :-

द्विविधं चारित्रधर्मं - દેશચારિત્ર અને સર્વચારિત્ર એ બે પ્રકારના ચારિત્રધર્મને.

- જે આચરાય એટલે કે મુમુક્ષુઓ વડે આસેવન કરાય તે ચારિત્ર, અથવા

- જેના વડે મોક્ષમાં (चर्यते - गम्यते -) જવાય તે ચારિત્ર, અથવા

- ચારિત્ર શબ્દની નિરુક્તિ એટલે કે વ્યુત્પત્તિ પ્રમાણે चयस्य कर्मणां रिक्तीकरणाच्चारित्रम्=કર્મના સમૂહને જે ખાલી કરે તે ચારિત્ર.

અને તે ચારિત્રમોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી પ્રગટ થયેલા આત્માના વિરતિરૂપ પરિણામ સ્વરૂપ છે. ચારિત્ર સ્વરૂપ ધર્મ=શ્રેય (કલ્યાણ) તે ચારિત્રધર્મ.

द्वे च ध्याने धर्मशुक्ले=અને ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બે ધ્યાનોને.

**ધર્મધ્યાન** - શ્રુતધર્મ અને ચરણધર્મથી જે રહિત ન હોય (=સહિત હોય) તે ધર્મધ્યાન. તેના ચાર પ્રકાર છે. -

**૧. આજ્ઞાવિચય** - સર્વજ્ઞની આજ્ઞાનું અનુચિંતન.

[જિનેશ્વરોની આજ્ઞાનું ધ્યાન કરે=ચિંતવે=વિચારે. તે કેવી છે ?-

- સુનિપુણ=સૂક્ષ્મ દ્રવ્યાદિની ઉપદર્શક હોવાથી અને મતિજ્ઞાન વગેરે જ્ઞાનોની પ્રતિપાદક હોવાથી અત્યંત કુશળ.

- અનાદિનિધન એટલે કે અનુત્પન્ન (ઉત્પન્ન નહીં થયેલી) અને શાશ્વત (હંમેશ માટે રહેનારી).

- ભૂતહિત=જીવોને હિતકારી=પથ્ય.

- ભૂતભાવના. ભૂત=સત્ય જેના વડે ભવાય=વિચારાય તે ભૂતભાવના. અથવા ભૂત(સદ્‌ભૂત એવી વસ્તુ)ની ભાવના અથવા ભૂતો=જીવોની ભાવના.

- અનર્ઘ્યા=સર્વોત્તમ હોવાથી અમૂલ્ય અથવા ઋણઘ્ના=ઋણ એટલે કે કર્મને હણનાર.

- અમિત=અપરિમિત - એક સૂત્રનો પણ અનંત અર્થ હોવાથી, અથવા અમૃત=મીઠી અથવા પથ્ય અથવા અમૃત=મરેલી નહીં=સજીવ=સાર્થક.

- અજિત=શેષ પ્રવચનો(=અન્ય દર્શનો=અન્ય ધર્મો)ની આજ્ઞાઓ વડે અપરાજિત.

- મહાર્થ=મહાન - પ્રધાન અર્થ જેનો છે તેવી અથવા

- મહત્સ્થ - મહાનો=સમ્યગ્દૃષ્ટિઓ. તેમાં રહેલી અથવા

- મહાસ્થા - મહા=પૂજા, તેમાં રહેલી.

- મહાનુભાવ - મહાન=પ્રધાન અથવા ઘણો સામર્થ્ય વગેરે રૂપ અનુભાવ=પ્રભાવ જેનો છે તેવી.

- મહાવિષય - સકલ દ્રવ્ય વગેરે વિષયક હોવાથી.

- નિરવદ્ય - અવદ્ય=પાપ જેમાંથી નીકળી ગયું છે તેવી - અનૃત (જૂઠ) વગેરે બત્રીસદોષથી રહિત હોવાથી. (ધ્યાનશતક ગાથા ૪૫-૪૬)]

**૨. અપાયવિચય** - રાગ, દ્વેષ, કષાય, ઇન્દ્રિય વગેરેને વશ થયેલા જીવો તેના ફળ તરીકે આ લોક અને પરલોકમાં જે-જે અપાયો=દુઃખો પામે છે, તેનું ચિંતન.

**૩. વિપાકવિચય** - જ્ઞાનાવરણીય વગેરે શુભ અને અશુભ કર્મોના વિપાકનું સંસ્મરણ.

**૪. સંસ્થાનવિચય** - (રત્નપ્રભા વગેરે સાત અને સિદ્ધશિલા એ આઠ) પૃથ્વીઓ, (ઘનોદધિ, ઘનવાત અને તનુવાત) વલયો, (જંબૂદ્વીપ, ધાતકીખંડ વગેરે) દ્વીપો, (લવણસમુદ્ર, કાલોદધિસમુદ્ર વગેરે) સમુદ્રો વગેરે વસ્તુઓના સંસ્થાન (આકાર) વગેરે ધર્મોનો વિચાર.

જિનેશ્વર પરમાત્માએ કહેલા ભાવો=પદાર્થો સત્ય જ છે, એવા પ્રકારની જિનકથિત તત્ત્વોની શ્રદ્ધાથી જણાય છે કે આ જીવમાં ધર્મધ્યાન છે. આ ધર્મધ્યાન દેવગતિ વગેરે ફળનું સાધક જાણવું.

**શુક્લધ્યાન** - આઠ પ્રકારના કર્મોરૂપી મળને શુદ્ધ કરે તે શુક્લ અથવા શોકને દૂર કરે તે શુક્લ. શુક્લધ્યાન ચાર પ્રકારનું છે -

**૧. પૃથક્ત્વવિતર્ક સવિચાર** - પૂર્વગત શ્રુતને અનુસારે જુદાજુદા નયોના મતે એક જ દ્રવ્યમાં રહેલા ઉત્પત્તિ-સ્થિતિ-ભંગ(નાશ) વગેરે પર્યાયોનું અનુસ્મરણ=ચિંતન. [એક જ દ્રવ્યમાં=અણુ-આત્મા વગેરેમાં. જુદાજુદા નયો=દ્રવ્યાસ્તિક વગેરે. આ ધ્યાન પૂર્વધરોને પૂર્વગત શ્રુતને અનુસારે અને પૂર્વધર સિવાયના મરૂદેવી વગેરેને અન્ય રીતે[1] હોય.] (ધ્યાનશતક ગાથા-૭૭)

રાગના પરિણામ વગરના જીવનું અર્થ=દ્રવ્ય, વ્યંજન=શબ્દ અને યોગના ભેદથી સવિચાર એવું જે ચિંતન તે પૃથક્ત્વવિતર્ક સવિચાર નામનું પ્રથમ શુક્લધ્યાન છે. વિચાર એટલે અર્થનો, શબ્દનો અને મનોયોગાદિનો એકબીજામાં થતો સંક્રમ. આવા વિચાર=સંક્રમ સાથેનું જે ધ્યાન તે સવિચાર ધ્યાન કહેવાય. આમાં અર્થ=દ્રવ્યમાંથી શબ્દમાં ચિંતન સંક્રમે, શબ્દમાંથી દ્રવ્યમાં ચિંતન સંક્રમે, એક યોગમાંથી બીજા યોગમાં ચિંતન સંક્રમે. અહીં પૃથક્ત્વ=ભેદ. (આ ધ્યાન એક દ્રવ્યમાં રહેલા ઉત્પાદ વગેરે પર્યાયોના ભેદને=જુદાજુદા પર્યાયોને આશ્રયીને થાય છે.) કેટલાકો પૃથક્ત્વનો અર્થ 'વિસ્તીર્ણ-ભાવ' કરે છે. (અર્થાત્ આ ધ્યાન સંક્રમવાળું હોવાથી વિષયનો વિસ્તાર=ઘણા બધા વિષયો આ ધ્યાનમાં છે) વિતર્ક= શ્રુત (અર્થાત્ આ ધ્યાન પૂર્વગતશ્રુતાનુસારે થાય છે.) ભેદ સાથે શ્રુત જેમાં છે એવું ધ્યાન (એટલે કે શ્રુતના આધારે જુદાજુદા પર્યાયોમાં સંક્રમવાળું ધ્યાન) તે પૃથક્ત્વવિતર્ક સવિચાર શુક્લધ્યાન. (ધ્યાનશતક ગાથા - ૭૮)

**૨. એકત્વવિતર્કઅવિચાર** - ઉત્પાદ, સ્થિતિ, નાશ વગેરેમાંથી કોઈ એક પર્યાયમાં પવન વિનાના સ્થાને રહેલા પ્રદીપની જેમ કંપન વિનાનું સ્થિર ચિત્ત તે એકત્વવિતર્કઅવિચાર નામનો શુક્લધ્યાનનો બીજો ભેદ છે. (ધ્યાનશતક ગાથા - ૭૯)

અવિચાર=તે ચિત્ત અર્થમાંથી શબ્દમાં, શબ્દમાંથી અર્થમાં કે એક યોગમાંથી બીજા યોગમાં સંક્રમ વિનાનું હોય છે. એકત્વ=અભેદ. વિતર્ક=શબ્દ અથવા અર્થ. અભેદ વડે વિતર્ક છે જેનો તે એકત્વવિતર્ક ધ્યાન (અર્થાત્ વ્યંજન વગેરેના ભેદ વિનાનું ધ્યાન) આ ધ્યાન પણ પૂર્વગત શ્રુતના અનુસારે જ થાય છે. (ધ્યાનશતક ગાથા - ૮૦)

**૩. સૂક્ષ્મક્રિયા-અનિવર્તિ** - મોક્ષે જવાના અત્યંત નજીકના સમયે મન અને વચનયોગનો સંપૂર્ણ નિરોધ થયા બાદ અડધા કાયયોગનો=બાદર કાયયોગનો નિરોધ જેમણે કર્યો છે એવા કેવલી ભગવંતને સૂક્ષ્મક્રિયા-અનિવર્તિ નામનું ત્રીજું ધ્યાન આવે છે. સૂક્ષ્મ ક્રિયા છે જે ધ્યાનમાં તે 'સૂક્ષ્મક્રિયા' ધ્યાન. તથા જે જતા રહેવાના=પડી જવાના સ્વભાવવાળું હોય તે નિવર્તિ કહેવાય. અહીં પ્રવર્ધમાનતર

૧. પૂર્વધર સિવાયના જીવોને ધર્મધ્યાનની ઉત્કૃષ્ટતાના પ્રભાવે અને ભાવથી ઉપર-ઉપરના ગુણઠાણે ચઢી જવાના કારણે જ્ઞાનાવરણીયકર્મનો તીવ્ર ક્ષયોપશમ થવાથી 'પૂર્વ' શાસ્ત્રોમાં કહેલ પદાર્થોનો બોધ પ્રગટ થઈ જાય. માટે 'પૂર્વગત'શ્રુત સૂત્રથી એમની પાસે ન હોવા છતાં અર્થથી પ્રગટ થાય અને એના આધારે શુક્લધ્યાન પ્રાપ્ત થાય.

પરિણામ હોવાથી આ ધ્યાન તેવું હોતું નથી. તેથી આ ધ્યાનને અનિવર્તિ ધ્યાન કહેવાય છે. સૂક્ષ્મક્રિયાવાળું એવું અનિવર્તિ ધ્યાન તે સૂક્ષ્મક્રિયા-અનિવર્તિ ધ્યાન. ઉચ્છ્વાસ-નિઃશ્વાસ વગેરેરૂપ અલ્પ કાયયોગ છે જેમને એવા કેવલીના આ ધ્યાન હોય છે. (ધ્યાનશતક ગાથા - ૮૧)

૪. **વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિપાતિ** - શૈલેશી અવસ્થાને પામેલા, સંપૂર્ણ યોગનો નિરોધ કરેલો હોવાથી મેરુની જેમ સ્થિર થયેલા એવા કેવલીને વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિપાતિ નામનું છેલ્લું= ચોથું=પરમશ્રેષ્ઠ શુક્લધ્યાન હોય છે. અહીં યોગોનો અભાવ થવાથી આ ધ્યાન વ્યુચ્છિન્ન=નાશ પામેલી ક્રિયાવાળું કહેવાય છે. વળી, આ ધ્યાન અનુપરતસ્વભાવવાળું=અપ્રતિપાતિ છે એટલે કે ફરી પડવાના સ્વભાવવાળું નથી. (ધ્યાનશતક ગાથા - ૮૨)

**શુક્લધ્યાનના ચાર લિંગો** - આનાથી મુનિ શુક્લધ્યાનથી યુક્ત ચિત્તવાળો છે એવું જણાય છે -

૧. **અવધ** - ધીર એટલે કે બુદ્ધિમાન અથવા સ્થિર એવો મુનિ પરિષહો અને ઉપસર્ગો વડે ધ્યાનથી ચલિત થતો નથી કે તે પરિષહ-ઉપસર્ગોથી ડરતો નથી.

૨. **અસંમોહ** - પૂર્વગત શ્રુતમાં રહેલા અત્યંત ગહન પદાર્થોમાં તે મોહ પામતો નથી. (અર્થાત્ તે પદાર્થો ન સમજાય તો પણ મૂંઝાતો નથી) અને દેવ આગમવચન કરતાં વિરુદ્ધ બતાવે તો પણ શ્રદ્ધા ચલિત થતી નથી.

૩. **વિવેક** - શરીર અને સર્વ સંયોગોને આત્માથી ભિન્ન તરીકે જુએ છે.

૪. **વ્યુત્સર્ગ** - કોઈપણ જાતના સંગ=આસક્તિ વિનાનો તે શરીર અને ઉપધિનો સર્વથા ત્યાગ કરે છે. (એટલે કે શરીર અને ઉપધિ સંબંધી વિભૂષા વગેરેનો ત્યાગ કરે છે.) (ધ્યાનશતક ગાથા ૯૦-૯૨)

આ ધ્યાન મોક્ષ વગેરે ફળનું સાધક છે.

ગાથાના ઉત્તરાર્ધનો અર્થ પહેલાની જેમ જાણવો. ॥૪॥

**ગાથા :-**

**किण्हा नीला काऊ, तिन्नि य लेसाओ अप्पसत्थाओ ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥५॥**

**ગાથાર્થ :-**

કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણેય અપ્રશસ્ત લેશ્યાઓનો ત્યાગ કરવા પૂર્વક અને ગુપ્તિઓથી ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૫॥

**ટીકા :-**

किण्हा **त्ति विभक्तिव्यत्ययात्कृष्णां, एवं** नील **त्ति नीलां,** काऊ **त्ति कापोतीं;** च **इति**

**एता:** तिस्रः **त्रिसङ्ख्याः, चशब्दो योजित एव, लिश्यन्ते श्लिष्यन्ते प्राणिनः कर्मणा यकाभिस्ता** लेश्याः **कृष्णादिद्रव्योपाधिका जीवपरिणामविशेषाः, आह च - ''श्लेष इव वर्णबन्धस्य कर्मबन्ध-स्थितिविधात्र्यः ।'' [ प्रशमरति : गा. ३८ उत्तरार्धः ] तथा —**

**''कृष्णादिद्रव्यसाचिव्यात्परिणामो य आत्मनः ।**

**स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दः प्रयुज्यते ॥१॥'' [ लोकप्रकाश गा. ३/२६७ ] इति,**

**ताः किंविशिष्टा ? इत्याह**-अप्रशस्ता **अप्रशस्तस्वरूपत्वात् क्लिष्टकर्मबन्धहेतुत्वा-च्चारित्रादिगुणलाभविघातनिमित्तत्वाच्चासुन्दराः, किम् ? इत्याह** — परिवर्जयन् **इत्यादि पूर्व-वदिति ॥**

**तथा —**

**ટીકાર્થ :-**

कृष्णां नीलां कापोतीं - મૂળ ગાથામાં આ ત્રણે પદો પ્રથમા વિભક્તિમાં છે. પણ વિભક્તિનો વ્યત્યય થયો હોવાથી બીજી વિભક્તિમાં જાણવા. એટલે કે કૃષ્ણલેશ્યાને, નીલલેશ્યાને, કાપોતલેશ્યાને.

तिस्रश्च लेश्या=આ ત્રણેય લેશ્યાઓને. જેના વડે જીવને કર્મો ચોંટે છે તે લેશ્યા=કૃષ્ણ - નીલ વગેરે દ્રવ્યોની ઉપાધિથી થતા જીવના પરિણામવિશેષો.

કહ્યું છે - "જેવી રીતે ચિત્રમાં હરતાલ વગેરેના રંગની (શ્લેષ =) વજ્રલેપ વગેરેના જેવી દઢતાનો સંબંધ થાય, અર્થાત્ રંગ દઢ બને, તેમ આ છ લેશ્યા કર્મબંધની (દઢ) સ્થિતિને કરનારી છે." (પ્રશમરતિ ગાથા-૩૮)

તથા "જેમ સ્ફટિકનો તેવા તેવા વર્ણવાળા દ્રવ્યના સહયોગથી તેવો તેવો વર્ણ દેખાય છે તેમ કૃષ્ણ વગેરે દ્રવ્યોના સંબંધથી આત્માનો જે પરિણામ થાય છે ત્યાં આ 'લેશ્યા' શબ્દ પ્રયોજાય છે." (લોકપ્રકાશ સર્ગ-૩, ગા. ૨૬૭)

આ લેશ્યાઓ કેવી છે, તે કહે છે -

अप्रशस्ताः=અપ્રશસ્ત=અસુંદર છે, કારણ કે તે

- અપ્રશસ્ત સ્વરૂપવાળી છે. (અર્થાત્ એ દ્રવ્યોના વર્ણાદિ અશુભ છે.)
- ક્લિષ્ટ કર્મબંધનું કારણ છે. અને
- ચારિત્ર વગેરે ગુણોના લાભના વિઘાતનું કારણ છે.

આ લેશ્યાઓનું શું કરું છું, તે કહે છે -

परिवर्जयन्.... વગેરે ગાથાનો ઉત્તરાર્ધ પહેલાંની જેમ જાણવો. ॥૫॥

તથા -

ગાથા :-

**तेऊ पम्हा सुक्का, तिन्नि य लेसाओ सुप्पसत्थाओ ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥६॥**

ગાથાર્થ :-

તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણે સુપ્રશસ્ત લેશ્યાઓને પામેલો અને (શ્રમણગુણો વડે) યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું ॥૬॥

ટીકા :-

तेउ **त्ति तैजसीं**, पम्ह **त्ति पद्मां**, सुक्क **त्ति शुक्लां** च **इत्येताः** तिस्रः **त्रिसंख्याश्चशब्दः प्राग्योजित एव**, लेश्याः **परिणामविशेषाः** सुप्रशस्ताः **शुभस्वरूपत्वात् शुभकर्मबन्धहेतुत्वाच्चारित्रादिगुणलाभकारणत्वात् शुभगतिनिबन्धनत्वाच्च सुन्दराः, किम् ? इत्याह** — उपसंपन्न **इत्यादि पूर्ववदिति ।**

**तत्र कृष्णा वर्णतः स्निग्धजीमूतगवल[1]व्यालभ्रमराञ्जनादिसमानवर्णैः, रसतो रोहिणीपिचु[2]मन्दकटुकतुम्बकादिसमधिकतमरसैः, गन्धतः कुथितगोकडेवरादिसमधिकतमगन्धैः, स्पर्शतः क्रकचादिसमधिकतमस्पर्शैः, सकलकर्मप्रकृतिनिष्यन्दभूतैः, कृष्णद्रव्यैर्जनितत्वात्कृष्णाभिधाना । नीला तु वर्णतो नीलाशोकगुलिकावैडूर्येन्द्रनीलचाषपिच्छादिसमवर्णैः, रसतो मरिचपिप्पलीनागरादिसमधिकतररसैः, गन्धतो मृततुरगशरीरादिसमधिकतरगन्धैः, स्पर्शतो गोजिह्वादिसमधिकतरकर्कशस्पर्शैः, सकलप्रकृतिनिष्यन्दभूतैर्नीलद्रव्यैर्जनितत्वान्नीलाभिधाना । कापोती तु वर्णतोऽतसीकुसुमपारापतशिरोधराफ[3]लिनीकन्दलादिधूम्रद्रव्यतुल्यवर्णैः, रसतस्तरुणाम्रबालकपित्थादिसमधिकरसैः, गन्धतः कुथितसरीसृपादिसमधिकगन्धैः, स्पर्शतः कठोरपलाशतरुपत्रादिसमधिकस्पर्शैः, सकलप्रकृतिनिष्यन्दभूतैः कपोताभद्रव्यैर्निष्पन्नत्वात्कापोतीसंज्ञा । तैजसी तु वर्णतो वह्निज्वालाशुकमुखकिंशुकतरूणार्कहिङ्गुलादिलोहितद्रव्यसमानवर्णैः, रसतः परिणताम्रसुपक्वकपित्थादिसमधिकरसैः, गन्धतो विचिकिलपाटलादिसमधिकगन्धैः, स्पर्शतः शाल्मलीफलतूलादिसमधिकस्पर्शैः, तेजोवर्णद्रव्यैर्निष्पन्नत्वात्तैजसीसंज्ञा । पद्मा तु वर्णतो हरिद्राहरितालादिपीतद्रव्यसमवर्णैः, रसतो वरवारूणीमध्वादिसमधिकतररसैः, गन्धतः शतपत्रिकापुटपाकगन्धादिसमधिकतरगन्धैः, स्पर्शतो नवनीतरुतादिसमधिकतरसुकुमारस्पर्शैः, पद्मगर्भाभद्रव्यैर्निष्पन्नत्वात्पद्माऽभिधाना । शुक्ला तु वर्णतः शङ्खकुन्देन्दुहारक्षीररजतादिसदृशवर्णैः, रसतो मृ[4]द्वीकाखण्डक्षीरखर्जूरशर्करादिसमधिकतम-**

१. महिषशृङ्ग । २. निम्बः । ३. प्रियङ्गु । ४. द्राक्षा ।

शुभरसैः, गन्धतः कर्पूरमालतीमाल्यादिसमधिकतमसुरभिगन्धैः, स्पर्शतः शिरीषपुष्पादिसमधिकतमसुकुमारस्पर्शैः, शुक्लद्रव्यैर्जनितत्वाच्छुक्लाऽभिधाना ।

आसां च स्वरूपतारतम्यं जम्बूफलखादकपुरुषट्कदृष्टान्तेन ग्रामघातकचौरपुरुषषट्कदृष्टान्तेन च प्रतिपाद्यते –

"जह जंबुपायवेगो, सुपक्कफलभरियनमियसाहग्गो ।
दिट्ठो छहिं पुरिसेहिं, ते बिंती जंबु भक्खेमो ॥१॥ [ संबोधप्रकरणं गा. १२८३ ]
किह पुण ते बिंतेगो, आरुहमाणाण जीयसंदेहो ।
तो छिंदिऊण मूले, पाडेउं ताहे भक्खेमो ॥२॥
बिइयाह एद्दहेणं किं छिन्नेणं, दूमेण अम्हं ति ।
साहा महल्ल छिंदह, तईओ बेइ पसाहाओ ॥३॥
गोच्छे चउत्थओ उण, पंचमओ बेइ गिण्हह फलाइं ।
छट्ठो बेई पडिया, एए च्चिय खायहा घेत्तुं ॥४॥
दिट्ठंतस्सोवणओ – जो, बेई तरुं तु छिंदिमो मूला ।
सो वट्टइ किण्हाए, सालमहल्लासु नीलाए ॥५॥
हवइ पसाहा काऊ, गुच्छा तेऊ फला य पम्हाए ।
पडिया य सुक्कलेसा, अहवा अन्नं इमाहरणं ॥६॥
चोरा गामवहत्थं, विणिग्गया एगो बेइ घाएह ।
जं पेच्छह तं सव्वं, दुपयं च चउप्पयं वावि ॥७॥
बिईओ माणुस, पुरिसे य तइयओ, साउहे[1] चउत्थो उ ।
पंचमओ जुज्जंते[2], छट्ठो पुण तत्थिमं भणइ ॥८॥
एक्कं ता हरह धणं, बीयं मारेह मा कुणह एवं ।
केवल हरह धणं तो, उवसंहारो इमो तेसिं ॥९॥
सव्वे मारेहत्ती वट्टइ, सो किण्हलेसपरिणामे ।
एवं कमेणं सेसा जा, चरिमो सुक्कलेसाए ॥१०॥"

इति सूत्रद्वयभावार्थ इति ॥५-६॥

तथा –

१. सायुधान् । २. युध्यमानान् ।

**ટીકાર્થ :-**

तैजसीं पद्मां शुक्लां=તેજોલેશ્યાને, પદ્મલેશ્યાને, શુક્લલેશ્યાને.

तिस्त्रश्च लेश्याः=આ ત્રણે લેશ્યાઓને=પરિણામ વિશેષોને (કેવી છે, તે કહે છે -)

सुप्रशस्ताः=સુપ્રશસ્ત=સુંદર છે, કારણ કે -

- શુભ સ્વરૂપવાળી (શુભ વર્ણાદિવાળી) છે,
- શુભ કર્મબંધનું કારણ છે,
- ચારિત્ર વગેરે ગુણોના લાભનું કારણ છે અને
- શુભ ગતિનું કારણ છે.

उपसम्पन्नः=પ્રાપ્ત થયેલો... વગેરે પહેલાંની જેમ જાણવું. ॥૬॥

તેમાં

**કૃષ્ણલેશ્યા :-**

- વર્ણથી સ્નિગ્ધ (પાણીથી યુક્ત) મેઘ-ભેંસ કે પાડાનું શિંગડું - સર્પ - ભમરો - અંજન - વગેરે દ્રવ્યો જેવા (કાળા) વર્ણવાળા,
- રસથી રોહિણી (એક પ્રકારની છાલ), (पिचुमन्द=) લીમડો અને કડવા તુંબડા વગેરેથી અધિકતમ (કડવા) રસવાળા,
- ગંધથી કોહવાયેલા ગાયના કલેવર વગેરેથી અધિકતમ (ખરાબ) ગંધવાળા,
- સ્પર્શથી કરવત વગેરેથી અધિકતમ (કર્કશ) સ્પર્શવાળા અને
- બધી જ કર્મપ્રકૃતિઓના રસભૂત (ઝરણાસ્વરૂપ) એવા

કૃષ્ણદ્રવ્યો (પુદ્ગલો) વડે બનેલી હોવાથી 'કૃષ્ણ' નામવાળી છે.

**નીલલેશ્યા :-**

- વર્ણથી નીલ અશોકવૃક્ષની ગુલિકા, વૈડૂર્યમણિ, ઇન્દ્રનીલ (=નીલમણિ), ચાષપક્ષીના પીંછા વગેરે દ્રવ્યો જેવા (નીલા) વર્ણવાળા,
- રસથી મરી - પીપર (પીપરામૂળ) - સૂંઠ વગેરેથી અધિકતર (તીખાં) રસવાળા,
- ગંધથી મરેલા ઘોડાના શરીર વગેરેથી અધિકતર (ખરાબ) ગંધવાળા
- સ્પર્શથી ગાયની જીભ વગેરેથી અધિકતર કર્કશ સ્પર્શવાળા અને
- બધી જ કર્મપ્રકૃતિઓના રસ (ઝરણાં) ભૂત એવા

નીલ દ્રવ્યો વડે બનેલી હોવાથી 'નીલ' નામવાળી છે.

**કાપોતલેશ્યા :-**

- વર્ણથી અતસી(ધાન્યવિશેષ)ના ફૂલ-કબૂતરની ડોક-પ્રિયંગુવેલના અંકુરા વગેરે ધૂમાડિયા રંગના દ્રવ્યો જેવા વર્ણવાળા,

- રસથી તરુણ=કાચી કેરી, કાચું કોઠું વગેરેથી અધિક (ખાટાં) રસવાળા,
- ગંધથી કોહવાયેલા સર્પ વગેરેથી અધિક (ખરાબ) ગંધવાળા,
- સ્પર્શથી કઠોર પલાશના વૃક્ષના પાંદડા વગેરેથી અધિક (કર્કશ) સ્પર્શવાળા અને
- બધી જ કર્મપ્રકૃતિઓના રસ(ઝરણાં)ભૂત એવા

કબૂતર જેવા દ્રવ્યોથી બનેલી હોવાથી 'કાપોત' કહેવાય છે.

**તેજોલેશ્યા :-**

- વર્ણથી અગ્નિની જવાળા - પોપટનું મુખ - કેસૂડો - તરુણ (સવારના પહોરના) સૂર્ય - હિંગળોક વગેરે લાલ દ્રવ્યોની જેવા વર્ણવાળા
- રસથી પાકેલી કેરી - સારી રીતે પાકેલું કોઠું વગેરેથી અધિક (મીઠાં) રસવાળા,
- ગંધથી મોગરો, ગુલાબ વગેરેથી અધિક (સુ)ગંધવાળા,
- સ્પર્શથી શાલ્મલીફળ - રૂ વગેરેથી અધિક (કોમળ) સ્પર્શવાળા એવા

તેજો(લાલ)વર્ણવાળા દ્રવ્યોથી બનેલી હોવાથી તેજોલેશ્યા કહેવાય છે.

**પદ્મલેશ્યા :-**

- વર્ણથી હળદર - હડતાલ વગેરે પીળા દ્રવ્ય જેવા વર્ણવાળા,
- રસથી શ્રેષ્ઠ દારૂ - મધ વગેરે દ્રવ્યોથી અધિકતર (મીઠા) રસવાળા,
- ગંધથી શતપત્રિકા (સો પાંખડીવાળું કમળ અથવા કમળવિશેષ) - પુટપાક (વિશેષ સુગંધી દ્રવ્ય) વગેરેની ગંધથી અધિકતર (સુ)ગંધવાળા
- સ્પર્શથી માખણ - રૂ વગેરેથી અધિકતર સુકુમાર સ્પર્શવાળા એવા

કમળના ગર્ભ જેવા રંગવાળા દ્રવ્યો વડે બનેલી હોવાથી પદ્મલેશ્યા કહેવાય છે.

**શુક્લલેશ્યા :-**

- વર્ણથી શંખ - મોગરો - ચંદ્ર - બરફ - દૂધ - રજત(ચાંદી) વગેરેની જેવા (શ્વેત) વર્ણવાળા,
- રસથી દ્રાક્ષ - ખાંડ - દૂધ - ખજૂર - સાકર વગેરેથી અધિકતમ મીઠા રસવાળા,
- ગંધથી કપૂર - માલતી ફૂલની માળા વગેરેથી અધિકતમ સુગંધી અને
- સ્પર્શથી શિરીષપુષ્પ વગેરેથી અધિકતમ સુકુમાર સ્પર્શવાળા એવા

શુક્લ=શ્વેત દ્રવ્યો વડે બનેલી હોવાથી શુક્લલેશ્યા કહેવાય છે.

આ લેશ્યાઓના સ્વરૂપનું તારતમ્ય જાંબૂફળ ખાનાર છ પુરુષો અને ગામ ભાંગનારા છ ચોર પુરુષોના દૃષ્ટાંતથી જાણવું. તે આ પ્રમાણે -

**જાંબૂ ખાનાર પુરુષોનું દૃષ્ટાંત** - છ પુરુષોએ અત્યંત પાકેલા ફળોથી ભરેલી અને નમેલી ડાળીઓવાળું એક જાંબૂવૃક્ષ જોયું. તેઓ બોલ્યા - જાંબૂ ખાઈએ. ॥૧॥ (સંબોધપ્રકરણ ગા. ૧૨૮૩)

વળી તેમાંથી એક પુરુષ બોલ્યો કે ઝાડ પર ચડતા જીવનનો પણ ભય રહે છે. માટે આ વૃક્ષને

મૂળમાંથી કાપી નીચે પાડી પછી જાંબૂ ખાઈએ. ॥૨॥

બીજાએ કહ્યું - આવડું મોટું વૃક્ષ કાપવાથી શું ? (કાપવાની શી જરૂર ?) એક મોટી ડાળીને કાપો.

ત્રીજાએ કહ્યું - આવડી મોટી ડાળી કાપવાની શી જરૂર ? તે ડાળીની શાખારૂપ એક પ્રશાખાને જ કાપીએ. ॥૩॥

ચોથાએ કહ્યું - પ્રશાખા પણ કાપવાની શી જરૂર ? ગુચ્છાઓ=ઝુમખાઓ જ કાપીએ.

પાંચમાએ કહ્યું - ઝુમખાઓ પણ કાપવાની શી જરૂર ? ફળો જ ગ્રહણ કરો.

છઠ્ઠાએ કહ્યું - વૃક્ષ પરથી ફળો કાપવાની શી જરૂર ? આ નીચે પડેલા ફળો જ લઈને ખાઈએ. ॥૪॥

દૃષ્ટાંતનો ઉપનય - જે કહે છે કે વૃક્ષને જ મૂળમાંથી કાપી નાખીએ એ કૃષ્ણલેશ્યામાં વર્તે છે. મોટી ડાળી કાપવાનું કહેનાર નીલલેશ્યામાં, પ્રશાખા કાપવાનું કહેનાર કાપોતલેશ્યામાં, ગુચ્છા કાપવાનું કહેનાર તેજોલેશ્યામાં, ફળો જ કાપવાનું કહેનાર પદ્મલેશ્યામાં અને પડેલા ફળો જ લેવાનું કહેનાર શુક્લલેશ્યામાં વર્તે છે. ॥૫-૬॥

અથવા આ અન્ય ઉદાહરણ છે - છ ચોરો ગામ લૂંટવા નીકળ્યા.

એકે કહ્યું - દ્વિપદ કે ચતુષ્પદ (માણસ કે પશુ) જેને જુઓ તે બધાને મારો. ॥૭॥

બીજાએ કહ્યું - માત્ર માણસોને જ મારો.

ત્રીજાએ કહ્યું - માણસોમાં પણ માત્ર પુરુષોને જ મારો.

ચોથાએ કહ્યું - પુરુષોમાં પણ જે હથિયારવાળા હોય એને જ મારો.

પાંચમાએ કહ્યું - હથિયારવાળાઓમાં પણ જેઓ સામે યુદ્ધ કરે તેને જ મારો. ॥૮॥

છઠ્ઠાએ કહ્યું - એક તો તમે ધન લૂંટો છો અને ઉપરથી લોકોને મારો છો. આવું ન કરો. માત્ર ધનને જ લૂંટો. ॥૯॥

દૃષ્ટાંતનો ઉપસંહાર - બધાને મારો એમ કહેનાર કૃષ્ણલેશ્યાના પરિણામમાં વર્તે છે. એ પ્રમાણે બીજાથી છઠ્ઠો અનુક્રમે નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યામાં વર્તે છે. ॥૧૦॥

આ રીતે બંને સૂત્રો (ગાથા નંબર ૫ અને ૬) નો ભાવાંર્થ પૂરો થયો.

તથા -

**ગાથા :-**

**मणसा मणसच्चविऊ वायासच्चेण करणसच्चेण ।**
**तिविहेण वि सच्चविऊ, रक्खामि महव्वए पंच ॥७॥**

ગાથાર્થ :-

હું શુભચિત્તથી મનસંયમ, વાક્સંયમ, કાયસંયમ અને ત્રણે સંયમ વડે પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૭॥

ટીકા :-

**अस्य प्राकृतचूर्ण्यनुसारिणी व्याख्येयं** — मनसा **शुभस्वभावरूपेण चेतसा करणभूतेन** रक्षामि महाव्रतानि पञ्चेति **सर्वत्र योगः, किंविशिष्टः सन् ? इत्याह** — मणसच्चविउत्ति, **मनसः सत्यं मनःसत्यं मनःसंयम इत्यर्थः । स चाकुशलमनोनिरोधकुशलमनःप्रवर्त्तनलक्षणः, तं** वेद्मि **सम्यगासेवातो जानामीति** मनःसत्यविद्वान्, **तथा** वाक्सत्येन **कुशलाकुशलवचनोदीरणनिरोधलक्षणेन वाक्संयमेन करणभूतेन, तथा** करणसत्येन **क्रियातथ्येन कायसंयमेनेत्यर्थः, स च सति कार्ये उपयोगतो गमनागमनादिविधानं, तदभावे तु संलीनकरचरणाद्यवयवस्यावस्थानं यदिति । अनेन च भङ्गत्रयाभिधानेनान्यदपि द्विकसंयोगभङ्गत्रयं सूचितं, तद्यथा-मनोवाक्सत्येन मनःकायसत्येन वाक्कायसत्येन चेति । तथा**-तिविहेण वि सच्चविउ **त्ति, त्रिविधेनापि मनोवाक्कायलक्षणेन करणेन सत्यविद्वान् संयमज्ञः शुद्धसंयमपालक इत्यर्थः, अनेन च त्रिकसंयोगभङ्गः प्रदर्शित, इत्येवं सप्तविकल्पेन संयमेन** रक्षामि **परिपालयामि** महाव्रतानि पञ्च **इति ॥७॥**

**तथा** —

ટીકાર્થ :-

આ ગાથાની પ્રાકૃત ચૂર્ણિ અનુસાર વ્યાખ્યા આ પ્રમાણે છે -

मनसा=શુભસ્વભાવરૂપ મન=ચિત્ત વડે. કેવા મન વડે ? करणभूतेन=કરણભૂત એવા મન વડે [અર્થાત્ અહીં તૃતીયા વિભક્તિ કરણ અર્થમાં લેવાની છે, હેતુ અર્થમાં નહીં.]

मनःसत्यविद्वान् - મનનું સત્ય તે મનઃસત્ય એટલે કે મનઃસંયમ. અકુશલ મનનો નિરોધ અને કુશલ મનનું પ્રવર્તન એ મનઃસંયમનું સ્વરૂપ છે. એ મનઃસંયમને સમ્યક્ પ્રકારે આસેવનથી જાણું છું એવો હું તે મનઃસત્યવિદ્વાન.

वाक्सत्येन - વાક્સત્ય=વાક્સંયમ વડે. કુશલ વચનનું ઉદીરણ=ઉચ્ચારણ અને અકુશલ વચનનો નિરોધ એ વાક્સંયમનું સ્વરૂપ છે. તે વાક્સંયમ વડે.

करणसत्येन - કાર્ય હોય ત્યારે ઉપયોગપૂર્વક ગમનાગમન વગેરે કરવું અને કાર્ય ન હોય ત્યારે હાથ-પગ વગેરે અવયવો સંલીન કરીને=ગોપવીને=સ્થિર રાખીને રહેવું તે કરણસત્ય=ક્રિયાતથ્ય=કાયસંયમ, તેના વડે.

ઉપર મનઃસત્ય, વાક્સત્ય અને કાયસત્ય એ ત્રણ ભાંગા કહ્યા. આના વડે અન્ય પણ દ્વિકસંયોગી ત્રણ ભાંગા સૂચિત કર્યા છે. તે આ પ્રમાણે-મનોવાક્સત્ય વડે, મનઃકાયસત્ય વડે અને વાક્કાયસત્ય વડે.

તથા -

त्रिविधेनापि सत्यविद्वान् - મન,વચન અને કાયા એ ત્રણે કરણો વડે સત્યવિદ્વાન=સંયમજ્ઞ=શુદ્ધ સંયમનું પાલન કરનાર. આના વડે ત્રિકસંયોગી ભાંગો કહ્યો.

આ રીતે સાત વિકલ્પવાળા સંયમ વડે -

रक्षामि महाव्रतानि पञ्च=પાંચ મહાવ્રતોનું રક્ષણ=પરિપાલન કરું છું. ॥૭॥

તથા -

ગાથા :-

**चत्तारि य दुहसिज्जा, चउरो सन्ना तहा कसाया य ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥८॥**

ગાથાર્થ :-

ચાર દુઃખશય્યાઓ, ચાર સંજ્ઞાઓ અને કષાયોનો ત્યાગ કરતો અને ગુપ્તિઓ વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું ॥૮॥

ટીકા :-

चतस्रः **चतुःसङ्ख्याश्चशब्दोऽभ्युच्चये, शेरते आस्विति** शय्याः, **दुःखदाः शय्या** दुःख-शय्याः, **ताश्च द्रव्यतो तथाविधखट्वारूपाः, भावतस्तु दुःस्थचित्ततया दुःश्रमणतास्वभावाः, प्रवचनाश्रद्धान १, परलाभप्रार्थन २, कामाशंसन ३, स्नानादिप्रार्थन ४ विशेषिता मन्तव्याः । यदुक्तं स्थानाङ्गसूत्रे - "चत्तारि दुहसेज्जाओ पन्नत्ताओ, तत्थ खलु इमा पढमा दुहसेज्जा — से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, निग्गंथे पावयणे संकिए कंखिए वितिगिच्छए भेयसमावन्ने कलुससमावन्ने निग्गंथं पावयणं नो सद्दहइ, नो पत्तियइ, नो रोएइ निग्गथं पावयणं असद्दहमाणे अपत्तियमाणे अरोएमाणे मणं उच्चावयं नियच्छइ विणिग्घायमावज्जइ । पढमा दुहसेज्जा ।"**

से **इति** स **कश्चिद्गुरुकर्म्मा,** प्रवचने **शासने, दीर्घत्वं च प्राकृतत्वादिति,** शङ्कित **एक-भावविषयसंशययुक्तः,** काङ्क्षितो **मतान्तरमपि साध्वितिबुद्धिः,** विचिकित्सितः **फलं प्रति शङ्कावान्,** भेदसमापन्नो **बुद्धेर्द्वैधीभावापन्न एवमिदं सर्वं जिनशासनोक्तमन्यथा वेति,** कलुष-समापन्नो **नैतदेवमिति विपर्यस्त इति,** न श्रद्धत्ते **सामान्येनैवमिदमिति,** नो प्रत्येति **प्रतिपद्यते प्रीति-द्वारेण,** नो रोचयति **अभिलाषाऽतिरेकेणाऽऽसेवनाभिमुखतयेति,** मनः **चित्तं** उच्चावचं **असमञ्जसं निर्गच्छति याति करोतीत्यर्थः, ततो** विनिर्घातं **धर्मभ्रंशं संसारं वा** आपद्यते । **एवमसौ श्रामण्य-शय्यायां दुःखमास्ते इत्येका ।**

**"अहावरा दोच्चा दुहसेज्जा — से णं मुंडे भवित्ता अगाराओ जाव पव्वइए, सएणं लाभेणं नो तुस्सइ, परस्स लाभं आसाएइ, पीहेइ, पत्थेइ, अभिलसइ, परस्स लाभं आसाए-माणे जाव अभिलसमाणे मणं उच्चावयं नियच्छइ विणिग्घायमावज्जइ । दोच्चा दुहसेज्जा ।"**

स्वकेन **स्वकीयेन, लभ्यते लम्भनं वेति** लाभो**ऽन्नादे रत्नादेर्वा, आशां करोतीति** आश-यति **स नूनं मे दास्यतीत्येवमिति,** आस्वादयति **वा लभते चेद् भुङ्क्त एव,** स्पृहयति **वाञ्छ-यति,** प्रार्थयते **याचते,** अभिलषति **लब्धेऽप्यधिकतरं वाञ्छतीत्यर्थः । शेषमुक्तार्थं । एवमप्यसौ दुःखमास्ते इति द्वितीया ।**

**"अहावरा तच्चा दुहसेज्जा — से णं मुंडे भवित्ता जाव पव्वइए दिव्वमाणुस्सए काम-भोगे आसाएइ जाव अभिलसइ दिव्वमाणुस्सए कामभोगे आसाएमाणे जाव अभिलस-माणे मणं उच्चावयं नियच्छइ विणिग्घायमावज्जइ । तच्चा दुहसेज्जा" कण्ठ्यैवेयं ।**

**"अहावरा चउत्था दुहसेज्जा — से णं मुंडे जाव पव्वइए तस्स णं एवं भवइ जया णं अहं अगारवासं आवसामि तया णं अहं संवाहणपरिमद्दणगायब्भंगगाउच्छोलणाइं से लभामि, जप्पभिइं च णं अहं मुंडे जाव पव्वइए तप्पभिइं च णं अहं संवाहण जाव गाउ-च्छोलणाइं नो लभामि, से णं संवाहण जाव गाउच्छोलणाइं आसाएइ जाव अभिलसइ, से णं संवाहण जाव गाउच्छोलणाइं आसाएमाणे जाव मणं उच्चावयं नियच्छइ विणिग्घाय-मावज्जइ । चउत्था दुहसेज्जा ।" [ स्थानाङ्गसूत्रम् ४-३-३२५ ]**

अगारवासो **गृहवासः, तं** आवसामि **तत्र वर्त्ते,** संबाधनं **शरीरस्यास्थिसुखत्वादिना नैपुण्येन मर्दनविशेषः,** परिमर्दनं **तु पृष्ठादेर्मलनमात्रं परिशब्दस्य धात्वर्थमात्रवृत्तित्वात्,** गात्राभ्यङ्गः **तैलादिनाऽङ्गम्रक्षणं,** गात्रोत्क्षालनं **अङ्गधावनं, एतानि लभे, न कश्चिन्निषेधतीति । शेषं कण्ठ्य-मिति चतुर्थी ।**

टीकार्थ :-

चतस्रश्च दुःखशय्याः - અને ચાર દુઃખશય્યાઓને. च શબ્દ સમુચ્ચયના અર્થમાં છે. જેની ઉપર સૂવાય તે શય્યાઓ. દુઃખ આપનારી શય્યાઓ તે દુઃખશય્યાઓ. તે દુઃખશય્યાઓ બે પ્રકારે છે -

૧. દ્રવ્યથી - તેવા પ્રકારનો દુષિત [વાગે તેવો અથવા નાનો-મોટો-સાંકડો વગેરે] ખાટલો (સંથારો) વગેરે રૂપ અને

૨. ભાવથી - દુષ્ટ ચિત્ત વડે ઉત્પન્ન થયેલો કુસાધુતાનો અધ્યવસાય. તે ચાર પ્રકારે -

૧. પ્રવચન - અશ્રદ્ધાન.

૨. પરલાભપ્રાર્થના

૩. કામ - આશંસન

૪. સ્નાનાદિ પ્રાર્થના.

સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે - ચાર દુઃખશય્યાઓ કહી છે. તેમાં આ **પહેલી દુઃખશય્યા** -

'से णं मुण्डे भविता अगाराओ अणगारियं पव्वइए; निग्गंथे पावयणे संकिए कंखिए वित्तिगिच्छिए भेयसमावन्ने कलुससमावन्ने निग्गथं पावयणं नो सद्दहइ नो पत्तियइ, नो रोएइ, निग्गथं पावयणं असद्दहमाणे अपत्तियमाणे अरोएमाणे मणं उच्चावयं नियच्छइ विणिग्घायमावज्जइ पढमा दुहसिज्जा ।'

**અર્થ** - (सः =) તે કોઈક ભારેકર્મી જીવ મુંડિત થઈને ઘરેથી નીકળીને અણગારપણાને પામેલો (=સાધુ) નિર્ગ્રંથ પ્રવચન=શાસન (पावयणं=प्रवचनं - અહીં મૂળ સૂત્રમાં पावयणंમાં पने બદલે पा એમ દીર્ઘત્વ પ્રાકૃત ભાષા હોવાના કારણે થયું છે.) ઉપર

- શંકિત=એક જ પદાર્થના વિષયમાં સંશયવાળો,
- કાંક્ષિત=નિર્ગ્રંથ પ્રવચન સિવાયના અન્ય મતાંતરો પણ સારા છે એવી બુદ્ધિવાળો,
- વિચિકિત્સિત=આ બધી ધર્મક્રિયાઓનું ફળ મળશે કે નહીં એ પ્રમાણે ફળ પ્રત્યે શંકાવાળો,
- ભેદસમાપન્ન=આ બધું જિનશાસનમાં કહ્યું છે એ પ્રમાણે જ છે કે અન્યથા છે એ પ્રમાણે બુદ્ધિના દ્વિધાભાવને પામેલો અને
- કલુષસમાપન્ન=આ બધું આ પ્રમાણે=જિનશાસનમાં કહ્યું છે એ પ્રમાણે નથી એમ વિરુદ્ધ બુદ્ધિવાળો

થયો હોય, આવો થયેલો તે સાધુ નિર્ગ્રંથ પ્રવચનની

- શ્રદ્ધા કરતો નથી=સામાન્યથી આ (વસ્તુ-પદાર્થ) આ પ્રમાણે છે એ પ્રમાણે શ્રદ્ધા કરતો નથી,
- પ્રત્યય કરતો નથી=પ્રીતિ દ્વારા સ્વીકાર કરતો નથી અને
- ગમાડતો નથી=અત્યંત અભિલાષાથી તેની આસેવનાને અભિમુખ થતો નથી.

અને આવો નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા ન કરતો, પ્રત્યય ન કરતો અને ન ગમાડતો સાધુ મનને= ચિત્તને ઉચ્ચાવચ=અસમંજસ=અસ્થિર કરે છે અને પછી વિનિર્ઘાત=ધર્મભ્રંશ અથવા સંસારને પામે છે અને આ રીતે તે સાધુતારૂપી શય્યામાં દુઃખેથી સૂવે છે. આ પહેલી દુઃખશય્યા.

હવે **બીજી દુઃખશય્યા** - 'से णं मुण्डे भवित्ता अगाराओ जाव पव्वइए सएणं लाभेणं नो तुस्सइ, परस्स लाभं आसाएइ, पीहेइ, पत्थेइ अभिलसइ; परस्स लाभं आसाएमाणे जाव अभिलसमाणे मणं उच्चावयं नियच्छइ विणिग्घायमावज्जइ दोच्चा दुहसेज्जा ।'

**અર્થ** - તે કોઈક ભારેકર્મી જીવ, મુંડિત થઈને ઘરેથી નીકળીને અણગારપણાને પામેલો સાધુ પોતાને થતાં લાભ વડે સંતોષ પામતો નથી. (લાભ=જે મળે તે અથવા મળવું તે - અન્ન વગેરે અથવા રત્ન વગેરે) અને તે બીજા પાસેથી લાભને -

- आशयति=આશા કરે છે કે નક્કી તે મને આપશે, અથવા
- आस्वादयति=આસ્વાદન કરે છે એટલે કે મળે (સામેવાળો આપે) તો નક્કી ભોગવે જ છે.

(મૂળસૂત્રમાં आसाएइ પાઠ છે એના સંસ્કૃતમાં आशयति અને आस्वादयति એમ બે પર્યાયો કરી બંનેના અર્થ કર્યા.)

- स्पृहयति=ઈચ્છા કરે છે.

- प्रार्थयते=યાચના કરે છે=માંગે છે અને

- अभिलषति=અભિલાષા કરે છે એટલે કે મળવા છતાં પણ વધારેની ઈચ્છા કરે છે. અને આવો બીજા પાસેથી લાભની આશા, સ્પૃહા, પ્રાર્થના અને અભિલાષા કરતો સાધુ મનને ઉચ્ચાવચ કરે છે... વગેરે અર્થ પહેલાંની જેમ જાણવો. આ રીતે પણ તે દુઃખેથી રહે છે. આ બીજી દુઃખશય્યા.

હવે એ પછીની **ત્રીજી દુઃખશય્યા** - 'से णं मुण्डे भवित्ता जाव पव्वइए दिव्वमाणुस्सए कामभोगे आसाएइ जाव अभिलसइ, दिव्वमाणुस्सए कामभोगे आसाएमाणे जाव अभिलसमाणे मणं उच्चावयं नियच्छइ विणिग्घायमावज्जइ तच्चा दुहसेज्जा'

**અર્થ** - તે પૂર્વે કહેલાં વિશેષણોવાળો સાધુ દેવ અને મનુષ્ય સંબંધી કામભોગોની આશા કરે છે, સ્પૃહા કરે છે, પ્રાર્થના કરે છે અને અભિલાષા કરે છે. અને આવો દેવ-મનુષ્ય સંબંધી કામભોગોની આશા વગેરે કરતો સાધુ મનને ઉચ્ચાવચ કરે છે... વગેરે અર્થ પહેલાંની જેમ જાણવો. આ ત્રીજી દુઃખશય્યા.

હવે એ પછીની **ચોથી દુઃખશય્યા** - 'से णं मुण्डे जाव पव्वइए तस्स णं एवं भवइ जया णं अहं अगारवासं आवासामि तया णं अहं संवाहणपरिमद्दणगायब्भंगगाउच्छोलणाइं से लभामि, जप्पभिइं च णं अहं मुण्डे जाव पव्वइए तप्पभिइं च णं अहं संवाहणं जाव गाउच्छोलणाइं नो लभामि, से णं संवाहणं जाव गाउच्छोलणाइं आसाएमाणो जाव मणं उच्चावयं नियच्छइ विणिग्घायमावज्जइ चउत्था दुहसेज्जा ।'

અર્થ - તે પૂર્વે કહેલાં વિશેષણોવાળો સાધુ, તેને એમ થાય (એટલે કે તેને આવો વિચાર આવે) કે જ્યારે હું ગૃહવાસમાં વસતો હતો ત્યારે હું સંબાધન, પરિમર્દન, ગાત્રાભ્યંગ, ગાત્રક્ષાલન વગેરે પામતો હતો એટલે કે આ બધું કરવાનો કોઈ નિષેધ કરતું ન હતું.

સંબાધન=હાડકા-માંસ વગેરેને પણ સુખ થાય તેવી રીતે નિપુણતાથી શરીરનું વિશેષ પ્રકારનું મર્દન (શરીર દબાવવું.)

પરિમર્દન=પીઠ વગેરેનું મર્દનમાત્ર (સામાન્ય પ્રકારનું મર્દન). અહીં 'परि' ઉપસર્ગ ધાતુના જ અર્થમાં છે એટલે કે તેનાથી ધાતુના અર્થમાં ફરક પડતો નથી.

ગાત્રાભ્યંગ=તેલ વગેરે વડે શરીરનું મ્રક્ષણ=માલિશ.

ગાત્રક્ષાલન=શરીર ધોવું=સ્નાન કરવું.

જ્યારથી હું મુંડિત થઈને પ્રવ્રજિત=સાધુ થયો ત્યારથી હું સંબાધન વગેરે પામતો નથી.

અને તે સાધુ સંબાધન વગેરેની આશા વગેરે કરે. અને તે સંબાધન વગેરેની આશા વગેરે કરતો સાધુ મનને ઉચ્ચાવચ કરે છે... વગેરે અર્થ પહેલાંની જેમ જાણવો. આ ચોથી દુઃખશય્યા.

ટીકા :-

**तथा** चतस्रः **चतु:सङ्ख्याकाः, का ? इत्याह — संज्ञानानि** संज्ञा **असातवेदनीय-मोहनीयकर्मोदयजन्याश्चेतनाविशेषाः, ताश्चेमाः — आहारसंज्ञा १, भयसंज्ञा २, मैथुनसंज्ञा ३, परिग्रहसंज्ञा ४ । तत्राहारसंज्ञा आहाराभिलाषः, सा पुनश्चतुर्भिः स्थानैरुत्पद्यते, तद्यथा — "ओमकोट्ठयाए १, छुहावेयणिज्जस्स कम्मस्स उदएणं २, मईए ३, तदट्ठोवओगेणं ४ ।"** अवमकोष्ठतया **रिक्तोदरतया,** मत्या **आहारकथाश्रवणादिजनितबुद्ध्या,** तदर्थोपयोगेन **सततमाहारचिन्तया १॥ भयसंज्ञा भयमोहनीयसंपाद्यो जीवपरिणामः, इयमपि चतुर्भिः स्थानैः समुत्पद्यते, तद्यथा — "हीणसत्तयाए १, भयमोहणिज्जोदएणं २, मईए ३, तदट्ठोवओगेणं ४ ।"** हीनसत्त्वतया **सत्त्वाभावेन,** मतिः **भयवार्ताश्रवणभीषणदर्शनादिजनिता बुद्धिः तया,** तदर्थोपयोगेन **इहलोकादिभयलक्षणार्थपर्यालोचनेनेति २॥ मैथुनसंज्ञा वेदोदयजनितो मैथुनाभिलाषः, इयमपि चतुर्भिः स्थानैरुत्पद्यते, तद्यथा —"चियमंससोणियाए १, वेयमोहणिज्जोदएणं २, मईए ३, तदट्ठोवओगेणं ४ ।"** चिते **उपचिते** मांसशोणिते **यस्य स तथा तद्भावस्तत्ता तया** चितमांसशोणिततया, मत्या **सुरतकथाश्रवणादिजनितबुद्ध्या,** तदर्थोपयोगेन **मैथुनलक्षणार्थानुचिन्तनेनेति । परिग्रहसंज्ञा चारित्रमोहोदयजनितः परिग्रहाभिलाषः, इयमपि चतुर्भिः स्थानैरुत्पद्यते, तद्यथा — "अविमुत्तयाए १, चारित्तमोहणिज्जोदएणं २, मईए ३, तदट्ठोवओगेणं ४ ।"** अविमुक्ततया **सपरिग्रहतया,** मत्या **सचेतनादिपरिग्रहदर्शनादिजनितबुद्ध्या,** तदर्थोपयोगेन **परिग्रहानुचिन्तनेनेति** । तथा कषायांश्च **इति तेन चतुर्विधप्रकारेण** कषायांश्च **परिवर्ज्जयन्निति । तत्र कृषन्ति विलिखन्ति कर्मक्षेत्रं सुखदुःखफलयोग्यं कुर्वन्ति, कलुषयन्ति वा जीवमिति निरुक्तविधिना कषायाः, उक्तं च —**

**"सुहदुक्खबहुसईयं, कम्मक्खेत्तं कसंति ते जम्हा ।**
**कलुसंति जं च जीवं, तेण कसाय त्ति वुच्चंति ॥१॥"**

**अथवा कषति हिनस्ति देहिन इति कषः कर्म भवो वा, तस्याया लाभहेतुत्वात्, कषं वा आययन्ति गमयन्ति देहिन इति कषायाः । उक्तं च —**

**"कम्मं कसं भवो वा कसमाओ सिं जओ कसाया उ ।**
**कसमाययन्ति व जओ गमयन्ति कसं कसाय त्ति ॥१॥" [ पुष्पमाला गा. २८३ ]**

**ते चेमे — क्रोधो मानो माया लोभश्च, तत्र क्रोधनं क्रुध्यति वा येन स क्रोधः, क्रोधमोहनीयोदयसम्पाद्यो जीवस्य परिणितिविशेषः क्रोधमोहनीयकर्मैव वेति एवमन्यत्रापि । नवरं जात्यादिगुणवानहमेवेत्येवं मननमवगमनं मन्यते वाऽनेनेति मानः । तथा मानं हिंसनं वञ्चनमित्यर्थः, मीयते वा अनयेति माया । तथा लोभनमभिकांक्षणं लुभ्यते वाऽनेनेति लोभः । एते चैहिकामुष्मिकमहाऽनर्थशतहेतवो यदाह —**

**"क्रोधात् प्रीतिविनाशं, मानाद्विनयोपघातमाप्नोति ।**
**शाठ्यात् प्रत्ययहानिः, सर्वगुणविनाशनं लोभात् ॥१॥**
**क्रोधः परितापकरः, सर्वस्योद्वेगकारकः क्रोधः ।**
**वैरानुषङ्गजनकः क्रोधः, क्रोधः सुगतिहन्ता ॥२॥**
**श्रुतशीलविनयसन्दूषणस्य, धर्मार्थकामविघ्नस्य ।**
**मानस्य कोऽवकाशं, मुहूर्त्तमपि पण्डितो दद्यात् ॥३॥**
**मायाशीलः पुरुषो, यद्यपि न करोति किञ्चिदपराधम् ।**
**सर्प इवाविश्वास्यो भवति, तथाऽप्यात्मदोषहतः ॥४॥**
**सर्वविनाशाश्रयिणः, सर्व्वव्यसनैकराजमार्ग्गस्य ।**
**लोभस्य को मुखगतः, क्षणमपि दुःखान्तरमुपेयाद् ॥५॥" [ प्रशमरति : गा. २५-२९ ] इत्यादि ।**

परिवज्जंतो **इत्यादि पूर्ववत् ॥८॥**

**तथा —**

**ટીકાર્થ :-**

તથા - चतस्रः संज्ञाः - ચાર સંજ્ઞાઓને

સંજ્ઞાન તે સંજ્ઞા એટલે કે અશાતાવેદનીય કર્મ કે મોહનીય કર્મના ઉદયથી થતી વિશેષ પ્રકારની ચેતનાઓ. તે આ પ્રમાણે - આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા.

**આહારસંજ્ઞા** - આહાર લેવાનો અભિલાષ=ઈચ્છા. તે ચાર સ્થાનો વડે ઉત્પન્ન થાય છે.

૧. अवमकोष्ठतया=પેટ ખાલી હોવાથી

૨. ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી

૩. मत्या=આહારકથાનું શ્રવણ વગેરેથી ઉત્પન્ન થયેલી મતિ=બુદ્ધિથી

૪. तदर्थोपयोगेन=તેના અર્થના ઉપયોગથી એટલે કે સતત આહારની ચિંતાથી.

**ભયસંજ્ઞા** - ભયમોહનીય કર્મના ઉદયથી થતો જીવપરિણામ. આ સંજ્ઞા પણ ચાર સ્થાનો વડે ઉત્પન્ન થાય છે.

૧. हीनसत्त्वतया=સત્ત્વના અભાવથી

૨. ભયમોહનીય કર્મના ઉદયથી

૩. मत्या=ભયજનક વાર્તાનું શ્રવણ - ભયજનક દર્શન વગેરેથી ઉત્પન્ન થયેલી બુદ્ધિથી.

૪. तदर्थोपयोगेन=ઈહલોકભય વગેરે સાત પ્રકારના ભય સ્વરૂપ પદાર્થના સતત વિચારથી.

**મૈથુનસંજ્ઞા** - વેદમોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતો મૈથુનનો અભિલાષ. આ સંજ્ઞા પણ ચાર સ્થાનો વડે ઉત્પન્ન થાય છે.

૧. चित्तमांसशोणिततया=શરીરમાં માંસ અને લોહી ઉપચિત=પુષ્ટ થવાથી

૨. વેદમોહનીય કર્મના ઉદયથી

૩. मत्या=મૈથુનકથાનું શ્રવણ વગેરેથી ઉત્પન્ન થયેલી બુદ્ધિથી

૪. तदर्थोपयोगेन=મૈથુન સ્વરૂપ પદાર્થના સતત વિચારથી

**પરિગ્રહસંજ્ઞા** - ચારિત્રમોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો પરિગ્રહનો અભિલાષ એટલે કે સંપત્તિ વગેરે ભેગું કરવાની ઈચ્છા. આ સંજ્ઞા પણ ચાર સ્થાનો વડે ઉત્પન્ન થાય છે -

૧. अविमुक्ततया=પરિગ્રહથી યુક્ત હોવાથી

૨. ચારિત્રમોહનીય કર્મના ઉદયથી

૩. मत्या=સચિત્ત કે અચિત્ત પરિગ્રહના દર્શનથી ઉત્પન્ન થયેલી બુદ્ધિથી.

૪. तदर्थोपयोगेन=પરિગ્રહના સતત વિચારથી

તથા कषायांश्च - અને ચાર પ્રકારના કષાયોને.

- જેઓ કર્મરૂપી ખેતરને ખેડે=વિલેખન કરે (ખોદે - ખોતરે) એટલે કે સુખ-દુઃખરૂપી ફળને યોગ્ય કરે તે કષાયો [અર્થાત્ કષાયોથી કર્મરૂપી ખેતર ખેડે જેનાથી સુખ-દુઃખરૂપી ફળ મળે.] અથવા

- વ્યુત્પત્તિ પ્રમાણે 'જેઓ જીવને कलुषयन्ति=કલુષિત કરે=મલિન કરે તે કષાયો.' કહ્યું છે - "જે કારણથી તેઓ સુખ અને દુઃખરૂપ ઘણા પાકવાળા કર્મરૂપી ખેતરને ખેડે છે અને જે કારણથી તેઓ જીવને કલુષિત કરે છે તે કારણથી તેઓ કષાયો કહેવાય છે." ॥૧॥

અથવા જે જીવને (कषति=) ઘસે છે=હિંસા કરે છે તે કષ એટલે કે કર્મ અથવા સંસાર.

- તે કષ(=કર્મ અથવા સંસાર)ના (आय=)લાભનું કારણ હોવાથી કષના આય તે કષાયો, અથવા

- જીવોને કષ=સંસારમાં (आययन्ति=) લઈ જાય તે કષાયો.

કહ્યું છે - "કર્મ એ કષ અથવા ભવ=સંસાર એ કષ. જેનાથી આ બંનેનો આય=લાભ થાય તે કષાયો. અથવા જે કારણથી કષ=સંસારમાં (જીવોને) લઈ જાય છે તે કારણથી કષાયો કહેવાય છે." ॥૧॥ [પુષ્પમાલા ગા. ૨૮૩]

તે કષાયો આ ચાર પ્રકારે છે - ક્રોધ, માન, માયા અને લોભ. તેમાં -

**ક્રોધ** - ક્રોધ કરવો તે ક્રોધ અથવા જે કારણે ક્રોધ કરે તે ક્રોધ. આ ક્રોધ એ ક્રોધમોહનીય કર્મના ઉદયથી થતી જીવની વિશેષ પ્રકારની પરિણતિ છે, અથવા ક્રોધમોહનીય કર્મ પોતે જ ક્રોધ છે. આ રીતે અન્યત્ર પણ જાણવું. [એટલે કે માનમોહનીય કર્મ એ માન... એ રીતે બાકીના કષાયોમાં પણ જાણવું.]

**માન** - હું જ (ઉત્તમ) જાતિ વગેરે ગુણોવાળો છું - આ પ્રમાણે માનવું=જાણવું તે માન, અથવા જે કારણે તેવું માને તે માન.

**માયા** - (मानं=)હિંસા કરવી એટલે કે ઠગવું તે માયા, અથવા જેના વડે [બીજાઓને] (मीयते=)ઠગાય તે માયા.

**લોભ** - લોભ એટલે કે અભિકાંક્ષા (ઇચ્છા) કરવી તે લોભ, અથવા જેના વડે લોભાય તે લોભ.

આ કષાયો આ લોક અને પરલોકના સેંકડો મહાઅનર્થોનું કારણ છે. કહ્યું છે - "ક્રોધથી પ્રીતિનો વિનાશ થાય છે, માનથી વિનયનો ઉપઘાત=નાશ થાય છે, શઠતા=માયાથી પ્રત્યય=વિશ્વાસનો નાશ થાય છે અને લોભથી બધા ગુણોનો વિનાશ થાય છે. ॥૧॥" [પ્રશમરતિ ગા.૨૫]

ક્રોધ પરિતાપને કરનાર છે, ક્રોધ બધાને ઉદ્વેગ કરાવનાર છે, ક્રોધ વેરના અનુબંધ=પરંપરાનો જનક છે, ક્રોધ સુગતિને હણનાર છે. ॥૨॥ [પ્રશમરતિ ગા.૨૬]

- શ્રુત; શીલ અને વિનયને અત્યંત દૂષિત કરનાર અને

- ધર્મ, અર્થ અને કામમાં વિઘ્ન કરનાર

એવા માનને કોણ બુદ્ધિમાન્ એક મુહૂર્તમાત્ર પણ અવકાશ આપે ? [અર્થાત્ કોઈપણ બુદ્ધિમાન્ એક મુહૂર્ત માટે પણ આવું માન ન કરે.] ॥૩॥ [પ્રશમરતિ ગા.૨૭]

માયાશીલ પુરુષ કંઈપણ અપરાધ ન કરે તો પણ પોતાના દોષથી હણાયેલો એવો તે સર્પની જેમ અવિશ્વાસ્ય થાય છે. [એટલે કે વિશ્વાસને પાત્ર થતો નથી.] ॥૪॥ [પ્રશમરતિ ગા.૨૮]

બધા જ વિનાશનો આશ્રય અને બધા જ વ્યસનો(આપત્તિઓ)નો એકમાત્ર રાજમાર્ગ એવા લોભના મુખમાં ગયેલો કોણ ક્ષણમાત્ર પણ દુઃખાન્તર=સુખને પામે ? ॥૫॥ [પ્રશમરતિ ગા.૨૯]

परिवर्जयन् गुप्त... વગેરેનો અર્થ પહેલાની જેમ જાણવો. ॥૮॥

તથા -

**ગાથા :-**

**चत्तारि य सुहसेज्जा चउव्विहं संवरं समाहिं च ।**
**उवसंपन्नो जुत्तो रक्खामि महव्वए पंच ॥९॥**

**ગાથાર્થ :-**

ચાર સુખશય્યાઓ, ચાર પ્રકારના સંવર અને ચાર પ્રકારની સમાધિને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૯॥

**ટીકા :-**

चतस्रः **चतुःसङ्ख्याः**, चः **समुच्चये, का इत्याह-सुखदाः शय्याः** सुखशय्याः **एता**

दुःखशय्याविपरीताः प्रायः प्रागिवावगन्तव्याः । यदाह — "चत्तारि य सुहसेज्जाओ पन्नत्ताओ तत्थ खलु इमा पढमा सुहसेज्जा — से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए निग्गंथे पावयणे निस्संकिए निक्कंखिए निव्वितिगिच्छे नो भेयसमावन्ने नो कलुससमावन्ने निग्गंथं पावयणं सद्दहइ पत्तियइ रोएइ, निग्गंथं पावयणं सद्दहमाणे पत्तियमाणे रोएमाणे नो मणं उच्चावयं नियच्छइ नो विणिग्घायमावज्जइ पढमा सुहसेज्जा ॥१॥

अहावरा दोच्चा सुहसेज्जा — से णं मुंडे भवित्ता जाव पव्वइए सएणं लाभेणं तुस्सइ परस्स लंभं नो आसाएइ नो पीहेइ नो पत्थेइ नो अभिलसइ परस्स लाभं अणासाएमाणे जाव अणभिलसमाणे नो मणं उच्चावयं नियच्छइ नो विणिग्घायमावज्जइ दोच्चा सुहसेज्जा ॥२॥

अहावरा तच्चा सुहसेज्जा — से णं मुंडे भवित्ता जाव पव्वइए दिव्वमाणुस्सए कामभोगे नो आसाएइ जाव नो अभिलसइ, दिव्वमाणुस्सए कामभोए अणासाएमाणे जाव अणभिलसमाणे नो मणं उच्चावयं नियच्छइ नो विणिग्घायमावज्जइ तच्चा सुहसेज्जा ॥३॥

अहावरा चउत्था सुहसेज्जा — से णं मुंडे जाव पव्वइए तस्स णं एवं भवइ जइ ताव अरहंता भगवंता हट्ठा अरोगा बलिया कल्लसरीरा अन्नयराइं उरालाइं कल्लाणाइं विपुलाइं पयत्ताइं पग्गहियाइं महाणुभागाइं कम्मक्खयकारणाइं तवोकम्माइं पडिवज्जन्ति, किमंग पुण अहं अब्भोवगमिउवक्कमियं वेयणं नो सम्मं सहामि खमामि तितिक्खेमि अहियासेमि, ममं च णं अब्भोवगमिउवक्कमियं वेयणं सम्मं असहमाणस्स अखममाणस्स अतितिक्खमाणस्स अणहियासेमाणस्स किं मन्ने कज्जइ ? एगंतसो मे पावे कम्मे कज्जइ, ममं च णं अब्भोवगमिउ जाव सम्मं सहमाणस्स जाव अहियासेमाणस्स किं मन्ने कज्जइ ?, एगंतसो मे निज्जरा कज्जइ, चउत्था सुहसेज्जा ॥४॥" [ स्थानाङ्गसूत्रम् ४-३-३२५ ]

हट्ठ त्ति **शोकाभावेन हृष्टा इव हृष्टाः**, अरोगा **ज्वरादिवर्ज्जिताः**, बलिका**ः प्राणवन्तः**, कल्यशरीराः **पटुशरीराः**, अन्यतराणि **अनशनादीनां मध्ये एकतराणि**, उदाराणि **आशंसादोषरहिततयोदारचित्तयुक्तानि**, कल्याणानि **मङ्गलस्वरूपत्वात्**, विपुलानि **बहुदिनत्वात्**, प्रयतानि **प्रकृष्टसंयमयुक्तत्वात्**, प्रगृहीतानि **आदरप्रतिपन्नत्वात्**, महानुभागानि **अचिन्त्यशक्तियुक्तत्वात् ऋद्धिविशेषकारणत्वात्**, कर्मक्षयकारणानि **मोक्षसाधनत्वात्**, तपःकर्माणि **तपःक्रियाः**, प्रतिपद्यन्ते **आश्रयन्ति**, किमंग पुण त्ति किं **प्रश्ने** अङ्ग **इत्यामन्त्रणेऽलङ्कारे.वा** पुनः **इति पूर्वोक्तार्थवैलक्षण्यदर्शने, शिरोलोचब्रह्मचर्यादीनामभ्युपगमे भवा**ऽऽभ्युपगमिकी, **उपक्रम्यतेऽनेनायुः इत्युपक्रमो ज्वरातीसारादिः, तत्र भवा या** सौपक्रमिकी, **तां** वेदनां, सहामि **तदुत्पत्तावविमुखतया**, क्षमे**ऽविकोपतया**, तितिक्षामि **अदीनतया**, अध्यासयामि **सौष्ठवातिरेकेण तत्रैव वेदनायामवस्थानं करोमीत्यर्थः** । मन्ये **निपातो वितर्कार्थः**, क्रियते **भवतीत्यर्थः** ।

तथा -

**ટીકાર્થ :-**

चतस्त्रश्च सुखशय्याः=ચાર સુખશય્યાઓને.

સુખ આપનારી શય્યા તે સુખશય્યા. આ સુખશય્યાઓ દુઃખશય્યાઓથી વિપરીત છે અને પ્રાયઃ પહેલાની (દુઃખશય્યાઓની) જેમ જાણવી.

કહ્યું છે - "ચાર સુખશય્યાઓ કહી છે. એમાં આ **પહેલી સુખશય્યા** -

તે કોઈક હળુકર્મી જીવ મુંડિત થઈને ઘરેથી નીકળીને અનગારિતાને=સાધુપણાને પામેલો સાધુ નિર્ગ્રંથ પ્રવચન ઉપર નિઃશંકિત, નિષ્કાંક્ષિત અને નિર્વિચિકિત્સિત હોય, ભેદસમાપન્ન ન હોય અને કલુષસમાપન્ન ન હોય,

અને તે સાધુ નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા કરે છે, પ્રત્યય કરે છે અને રુચિ કરે છે અને આવો નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા કરતો, પ્રત્યય કરતો અને રુચિ કરતો સાધુ મનને ઉચ્ચાવચ=આકુળ વ્યાકુળ કરતો નથી અને નિર્વિઘાત(= ધર્મભ્રંશ અથવા સંસાર)ને પામતો નથી. આ પહેલી સુખશય્યા. ॥૧॥

હવે એ પછીની **બીજી સુખશય્યા** - તે મુંડિત થઈને પ્રવ્રજિત થયેલો સાધુ પોતાના લાભ વડે સંતોષ પામે છે, બીજા પાસેથી લાભની આશા અથવા આસ્વાદન કરતો નથી, સ્પૃહા કરતો નથી, પ્રાર્થના કરતો નથી અને અભિલાષા કરતો નથી, અને આવો બીજા પાસેથી લાભની આશા વગેરે ન કરતો સાધુ મનને ઉચ્ચાવચ કરતો નથી... વગેરે અર્થ પહેલાંની જેમ જાણવો. આ બીજી સુખશય્યા ॥૨॥

હવે એ પછીની **ત્રીજી સુખશય્યા** - તે (પહેલી સુખશય્યામાં કહેલા વિશેષણોવાળા) સાધુ દેવ અને મનુષ્ય સંબંધી કામભોગોની આશા અથવા આસ્વાદન કરતો નથી, સ્પૃહા કરતો નથી, પ્રાર્થના કરતો નથી અને અભિલાષા કરતો નથી અને આવો દેવ અને મનુષ્ય સંબંધી કામભોગોની આશા વગેરે ન કરતો સાધુ મનને ઉચ્ચાવચ કરતો નથી... વગેરે અર્થ પહેલાંની જેમ જાણવો. આ ત્રીજી સુખશય્યા ॥૩॥

હવે આ પછીની **ચોથી સુખશય્યા** - તે (પહેલી સુખશય્યામાં કહેલા વિશેષણવાળો) સાધુ, તેને એમ થાય (એટલે કે તેને આવો વિચાર આવે) કે - જો

- हृष्टाः = શોકના અભાવથી જાણે આનંદિત હોય તેવા,

- अरोगाः = જ્વર (તાવ) વગેરે રોગ વગરના,

- बलिकाः = પ્રાણવાળા અને

- कल्पशरीराः = પટુ(સ્વસ્થ) શરીરવાળા એવા પણ અરિહંત ભગવંતો તપકર્મોનો સ્વીકાર કરે છે. કેવા તપકર્મો ? તે કહે છે -

- अन्यतराणि = અનશન વગેરે બાહ્ય તપોમાંથી કોઈપણ,

- उदाराणि = આશંસાદોષથી રહિત હોવાથી ઉદાર ચિત્તવાળા,

- कल्याणानि = મંગલ સ્વરૂપ હોવાથી કલ્યાણકારી

- विपुलानि = ઘણા દિવસોના હોવાથી વિપુલ

- प्रयतानि = પ્રકૃષ્ટ સંયમ યુક્ત હોવાથી પ્રયત,.

- प्रगृहीतानि = આદરપૂર્વક સ્વીકારેલા હોવાથી પ્રગૃહીત,

- महानुभागानि = અચિન્ત્ય શક્તિથી યુક્ત હોવાથી અને વિશેષ પ્રકારની ઋદ્ધિનું કારણ હોવાથી મહાનુભાગ અને

- कर्मक्षयकारणानि = મોક્ષનું સાધન હોવાથી કર્મક્ષયનું કારણ, એવા

- तपः कर्माणि = તપકર્મો એટલે કે તપ ક્રિયાઓનો સ્વીકાર એટલે કે આશ્રય કરે છે,

તો પછી હું શા માટે આભ્યુપગમિકી અને ઔપક્રમિકી વેદનાને સમ્યક્ રીતે -

- न सहामि = તે વેદનાઓની ઉત્પત્તિ થાય ત્યારે તેનાથી મુખને વિકૃત ન કરવા વડે સહન ન કરું,

- न क्षमे = કોપ ન કરવા વડે સહન ન કરું,

- न तितिक्षामि = દીનતા વગર સહન ન કરું, અને

- न अध्यासयामि = અત્યંત સૌષ્ઠવથી=સારી રીતે તે વેદનામાં જ અવસ્થાન ન કરું ? [એટલે કે તે વેદનાથી દૂર ભાગું ?]

(મસ્તકનો લોચ, બ્રહ્મચર્ય વગેરેનો અભ્યુપગમ=સ્વીકાર કરવાથી જે થાય તે આભ્યુપગમિકી વેદના. જેના વડે આયુષ્યનો ઉપક્રમ થાય (એટલે કે લાંબુ ચાલનારું આયુષ્ય ટૂંકા સમયમાં પૂરું થઈ જાય) એ ઉપક્રમ, જેમ કે તાવ-ઝાડા વગેરે અને તેમાં જે થાય તે ઔપક્રમિકી વેદના.)

આભ્યુપગમિકી અને ઔપક્રમિકી વેદનાને સમ્યક્ રીતે સહન ન કરતાં, ક્ષમા ન કરતા, દીનતા વગર સહન ન કરતાં અને સારી રીતે તે વેદનામાં જ અવસ્થાન ન કરતા એવા મારું શું થશે ? એકાંતે મને પાપ કર્મ બંધાશે.

આભ્યુપગમિકી અને ઔપક્રમિકી વેદનાને સમ્યક્ રીતે સહન કરતા... યાવત્ સારી રીતે તે વેદનામાં જ અવસ્થાન કરતા એવા મારું શું થશે ? એકાંતે મને નિર્જરા થશે. - આ ચોથી સુખશય્યા ॥૪॥

તથા -

**ટીકા :-**

चतुर्विधं **चतुःप्रकारं, कम् ? इत्याह** — संवरं **संयमं, स चायं** — **"मणसंजमे, वइसंजमे, कायसंजमे, उवगरणसंजमे ।" तत्र मनोवाक्कायानामकुशलत्वेन निरोधाः कुशल-**

त्वेनोदीरणानि संयमाः ३ । उपकरणसंयमो महामूल्यवस्त्रहिरण्यादिपरिहारः, वस्त्रपुस्तकतृणचर्मपञ्चकपरिहारो वा, तत्र —

गण्डी कच्छवि मुट्ठी, संपुडफलए तहा छिवाडीए ।
एयं पुत्थयपणयं, वक्खाणमिणं भवे तस्स ॥१॥

बाहल्लपुहुत्तेहिं गण्डीपोत्थो उ तुल्लगो दीहो ।
कच्छवि अंते तणुओ, मज्झे पिहुलो मुणेयव्वो ॥२॥

चउरंगुलदीहो वा, वट्टागिई[1] मुट्ठिपोत्थगो अहवा ।
चउरंगुलदीहो च्चिय, चउरंसो होइ विन्नेओ ॥३॥

संपुडगो दुगमाई, फलगा वोच्छं छिवाडिमेत्ताहे ।
तणुपत्तूसियरूवो, होइ छिवाडी बुहा बेन्ति ॥४॥

दीहो वा हस्सो वा, जो पिहुलो होई अप्पबाहल्लो ।
तं मुणियसमयसारा, छिवाडिपोत्थं भणंतीह ॥५॥ [ प्रवचनसारोद्धार : गा. ६६४-६८ ]

अप्पडिलेहियदूसे, तूली उवहाणगं च नायव्वं ।
गंडुवहाणालिंगिणि, मसूरए चेव पोत्तमए ॥६॥

पल्हविकोयविपावारनवयए तह य दाढिगाली य ।
दुप्पडिलेहियदूसे, एयं बीयं भवे पणगं ॥७॥

पल्हवि हत्थुत्थरणं, कोयवओ रूयपूरिओ पडओ ।
दढगाली धोयपोत्ती सेस पसिद्धा भवे भेया ॥८॥ [ प्रवचनसारोद्धार : गा. ६७७-७९ ]

अत्र वृद्धसम्प्रदायः — हत्थुत्थरणं खरडं १, कोयवओ चूरङ्गिगा २, पावारो सलोम पडओ ३, नवओ जीणं ४, दढगाली धोयपोत्ती सदसवत्थंति भणियं होइ ५ ।

तणपणगं पुण भणियं, जिणेहि कम्मट्ठगंठिमहणेहिं ।
साली वीही कोद्दव रालग रन्नेतणाइं[2] च ॥९॥

अयएलगाविमहिसीमिगाणमजिणं च पंचमं होइ ।
तलिगाखल्लगवद्धे कोसगकत्ती य बीयं तु ॥१०॥ [ प्रवचनसारोद्धार : गा. ६७५-७६ ]

१. वृत्ताकृति । २. अरण्यतृणानि ।

**अपवादतस्तु पुस्तपञ्चकादिग्रहणेऽपि संयम एव । यदाह –**

**'दुप्पडिलेहियदूसं, अद्धाणाईविवित्त गिण्हंति ।**

**घिप्पइ पोत्थगपणगं, कालियनिज्जुत्तिकोसट्ठा ॥१॥ [ गाथासहस्री गा. २२२ ] इत्यादि ।**

**तथा** समाधिं च **इति समाधानं समाधिः प्रशस्तभावाविरोधलक्षणः, स च दर्शनज्ञान-तपश्चारित्रविषयभेदाच्चतुर्विधः, दर्शनादीनां समस्तानां व्यस्तानां वा अविरोध इति कृत्वा ।** तमुपसंपन्न **इत्यादि पूर्ववदिति ॥९॥**

**तथा –**

**ટીકાર્થ :-**

चतुर्विधं संवरं=ચાર પ્રકારનાં સંવર=સંયમને

ચાર પ્રકારનો સંયમ આ પ્રમાણે - મનઃસંયમ, વચનસંયમ, કાયસંયમ અને ઉપકરણસંયમ. તેમાં અકુશલ મન-વચન-કાયાનો નિરોધ અને કુશલ મન-વચન-કાયાની ઉદીરણા તે મન-વચન-કાયસંયમ.

ઉપકરણસંયમ=મહામૂલ્યવાળા વસ્ત્ર - સુવર્ણ વગેરેનો ત્યાગ અથવા વસ્ત્રપંચક, પુસ્તકપંચક, તૃણપંચક અને ચર્મપંચકનો ત્યાગ. તેમાં -

**પુસ્તકપંચક** - ગંડિકાપુસ્તક, કચ્છપીપુસ્તક, મુષ્ટિપુસ્તક, સંપુટફલકપુસ્તક અને છેદપાટી-પુસ્તક - આ પ્રમાણે પાંચ પુસ્તકો જાણવા. આ પુસ્તકપંચકની વ્યાખ્યા આ પ્રમાણે છે - ॥૧॥ [પ્રવચનસારોદ્ધાર ગા. ૬૬૪]

બાહલ્ય=પિંડ=જાડાઈ અને પૃથુત્વ=પહોળાઈ એ બંને જેની સરખી હોય એવું અને લાંબુ ગંડીપુસ્તક જાણવું.

કચ્છપી પુસ્તક બંને પડખે છેડાના ભાગે તનુક=નાનું અને વચ્ચેના ભાગે મોટું હોય અને અલ્પ જાડાઈવાળું હોય. ॥૨॥ [પ્રવચનસારોદ્ધાર ગા.૬૬૫]

મુષ્ટિપુસ્તક ચાર આંગળ લાંબુ ગોળાકારે છે. અથવા ચાર આંગળ લાંબુ અને ચાર આંગળ પહોળું એવું ચોરસ હોય છે. ॥૩॥ [પ્રવચનસારોદ્ધાર ગા.૬૬૬]

સંપુટફલક પુસ્તકમાં બંને પડખે બે અથવા વધારે ફલક એટલે કે પાટિયા અથવા પૂંઠા હોય છે.

છેદપાટી પુસ્તકમાં પાનાં થોડા હોય અને એ કંઈક ઉંચાઈવાળું હોય એમ પંડિતો કહે છે. અથવા જે લાંબુ અથવા ટૂંકુ હોય પણ પૃથુલ=વિસ્તૃત હોય અને જાડાઈ ઓછી હોય તેને સિદ્ધાંતને જાણનાર પુરુષો છેદપાટી પુસ્તક કહે છે. ॥૪-૫॥ [પ્રવચનસારોદ્ધાર ગા.૬૬૭-૬૮]

**વસ્ત્રપંચક** - દૂષ્ય=વસ્ત્ર. તે અપ્રત્યુપેક્ષ અને દુષ્પ્રત્યુપેક્ષ એમ બે પ્રકારે છે. તેમાં જે બિલકુલ

પડિલેહી ન શકાય તે અપ્રત્યુપેક્ષ અને જેને સારી રીતે પડિલેહી ન શકાય તે દુષ્પ્રત્યુપેક્ષ. તેમાં અપ્રત્યુપેક્ષિત દુષ્યપંચક આ પ્રમાણે -

૧. તૂલી=સારી રીતે સંસ્કારિત રૂથી ભરેલું કે આકડાના રૂ વગેરેથી ભરેલું સૂવા માટેનું ગાદલું તે તૂલી.

૨. ઉપધાનક=હંસની રોમરાજી વગેરેથી ભરેલું ઓશિકું.

૩. ગંડોપધાનિકા=ઓશિકાની ઉપર કપોલ (ગાલ) પ્રદેશ રાખવા માટે જે રખાય તે ગંડોપધાનિકા. તેને ગલ્લમસૂરિકા પણ કહેવાય છે.

૪. આલિંગિનિ=જાનુ (ઘૂંટણ) - કોણી વગેરે જેની ઉપર રખાય છે તે આલિંગિનિ.

૫. મસૂરક=વસ્ત્રનું કે ચામડાનું, ગોળાકાર અને બુરૂ વગેરે રૂ ભરીને બનાવેલું આસનવિશેષ તે મસૂરક.

આ બધા પ્રાયઃ કરીને વસ્ત્રના જ બનાવેલા હોય છે. ॥૬॥ [પ્રવચનસારોદ્ધાર ગા.૬૭૭]

હવે દુષ્પ્રત્યુપેક્ષિત દૂષ્યપંચક કહે છે - પલ્હવિ, કોયવિ, પ્રાવારક, નવતક અને દઢગાલિ - દુષ્પ્રત્યુપેક્ષિત વસ્ત્રોનું આ બીજું પંચક છે. ॥૭॥ [પ્રવચનસોરાદ્ધાર ગા.૬૭૮]

૧. પલ્હવિ=હાથી ઉપર પાથરવાનું પાથરણું. હાથીની પીઠે જે પથરાય છે તે ખરડ. બીજા પણ અલ્પરોમવાળા કે ઘણાં રોમવાળા જે પાથરણા હોય તે બધાનો આમાં સમાવેશ થાય છે.

૨. કોયવિક=રૂ ભરેલો પટ જે વુરૂટ્ટી કહેવાય છે. તે તથા બીજા પણ જે ઘણા રોમવાળી નેપાલની કામળી વગેરે, તેનો આમાં સમાવેશ થાય છે.

૩. દઢગાલિ=ધૌતપોતિકા=બ્રાહ્મણોનું પહેરવાનું દશીવાળું વસ્ત્ર. બીજા જે બે સરવાળી સૂતરની પટ્ટી વગેરે ભેદોનો પણ આમાં જ સમાવેશ થાય છે.

શેષ બે ભેદો - પ્રાવારક અને નવતક પ્રસિદ્ધ છે તેમાં -

૪. પ્રાવરક=દશીવાળું વસ્ત્ર જે માણિકી (પછેડી) વગેરે છે. બીજાઓ તો પ્રાવરક એટલે મોટી કામળી અથવા પછેડી કહે છે.

૫. નવતક=જીન - ઘોડા વિગેરે પર પાથરે તે. ॥૮॥ [પ્રવચનસારોદ્ધાર ગા.૬૭૯]

અહીં વૃદ્ધો=પૂર્વાચાર્યોના સંપ્રદાય પ્રમાણે આ પાંચેના પર્યાયવાચી શબ્દો એટલે કે બીજા નામો કહે છે -

૧. હાથી ઉપર પાથરવાનું પાથરણું (પલ્હવિ)=ખરડ

૨. કોથવિ=ચૂરડિગા (બૂરટ્ટિગા)

૩. પ્રાવાર=સલોમપટ

૪. નવતક=જીણ

૫. દઢગાલી=ધૌતપોતિકા=સદસવસ્ત્ર (દશીવાળું વસ્ત્ર)

**તૃણપંચક** - જેમણે આઠે કર્મોની ગાંઠોનો નાશ કર્યો છે એવા જિનેશ્વર પરમાત્માઓએ તૃણપંચક આ પ્રમાણે કહ્યું છે - શાલિ, વ્રીહિ, કોદ્રવ અને રાલક સંબંધી ઘાસ અને અરણ્યનું ઘાસ. તેમાં શાલિ=કલમશાલિ વગેરે. વ્રીહિ (ડાંગર), ષષ્ટિકા વગેરે અને કોદ્રવ (કોદરા) એ ધાન્યવિશેષ છે. રાલક એ વિશેષ પ્રકારના કંગુ (કાંગ - પીળા ચોખા) છે. અરણ્યનું ઘાસ શ્યામાક વગેરે છે. ॥૯॥ [પ્રવચનસારોદ્ધાર ગા.૬૭૫]

**ચર્મપંચક** - બકરી, ઘેટું, ગાય, ભેંસ અને હરણ - આ પાંચનું ચામડું અથવા બીજી રીતે તલિકા, ખલ્લક, વર્ધ્રા, કોશક અને કૃત્તિ - આ પાંચ એ ચર્મપંચક છે.

૧. તલિકા=ઉપાનહ (પગરખાં) તે એક તળિયાવાળા, તે ન મળે તો ચાર તળિયાવાળા સુધીના પણ ગ્રહણ કરાય છે.

- રાત્રે દેખાતું ન હોય ત્યારે - અંધારામાં વિહાર કરવાનો હોય ત્યારે, અથવા

- સાર્થની સાથે જવાનું હોવાથી દિવસે પણ માર્ગ છોડી ઉન્માર્ગે જવાનું હોય ત્યારે, અથવા

- ચોર-જંગલી પ્રાણીઓ વગેરેના ભયથી જલદીથી જવાનું હોય ત્યારે કાંટા વગેરેથી બચવા માટે તલિકા પહેરવામાં આવે છે. અથવા

- કોઈ સુકુમાર પગવાળો ખુલ્લા પગે ચાલવા અસમર્થ હોય તો તે પણ પહેરે.

૨. ખલ્લક=પાદત્રાણ. પગ ફાટી જાય, ઠંડીના કારણે પગે ચીરા પડે વગેરે કારણે પગની રક્ષા માટે પહેરવામાં આવે છે.

૩. વર્ધ્રા=વાધર=ચામડાની દોરી - તૂટેલા પગરખાં વગેરે સાંધવા વપરાય છે.

૪. કોશક=ચામડાનું ઉપકરણવિશેષ. કોઈના પગના નખ ઠેસ લાગવાથી તૂટી ગયા હોય ત્યારે તે કોશકમાં આંગળી કે અંગૂઠો નાખવામાં આવે છે. અથવા નખરદનિકા(નેઈલકટર)ને મૂકવા માટેની ચામડાની કોથળી.

૫. કૃત્તિ - રસ્તામાં દાવાનળના ભયથી ગચ્છની રક્ષા માટે જે ચામડું પાથરવામાં આવે તે કૃત્તિ. અથવા જ્યાં ઘણી સચિત્ત પૃથ્વીકાય હોય ત્યાં પૃથ્વીકાયની યતના માટે કૃત્તિ પાથરીને સ્થિરતા કરાય છે. અથવા ચોરોએ ઉપકરણો ચોરી લીધા હોય ત્યારે બીજા પહેરવાના વસ્ત્રના અભાવે કૃત્તિ પહેરે.

આ સાધુ યોગ્ય બીજું ચર્મપંચક છે. ॥૧૦॥ [પ્રવચનસારોદ્ધાર ગા.૬૭૬]

અપવાદે તો પુસ્તકપંચક વગેરેનું ગ્રહણ કરવામાં પણ સંયમ જ છે. કહ્યું છે - "અધ્વાન (જંગલમાંથી વિહાર) વિગેરે વિચિત્ર-વિશિષ્ટ કારણોએ દુષ્પ્રતિલેખિત વસ્ત્ર પણ લેવાય છે અને કાલિકશ્રુત, નિર્યુક્તિ વિગેરેનો કોશ-સંગ્રહ કરવા માટે પુસ્તકપંચક લેવાય છે. ॥૧॥" [ગાથાસહસ્રી ગા. ૨૨૨]

समाधिं च=અને ચાર પ્રકારની સમાધિને

સમાધાન તે સમાધિ એટલે કે દર્શન, જ્ઞાન, તપ અને ચારિત્ર એ ચારને વિષે આત્માનો જે પ્રશસ્ત=આરાધક ભાવ=પરિણામ, તેની સાથે અવિરોધ. સમાધિના દર્શન, જ્ઞાન, તપ અને ચારિત્ર એ ચાર વિષયો હોવાથી તે ચાર પ્રકારની છે.

[અહીં આવો ભાવાર્થ જણાય છે - સમાધિ=પ્રશસ્ત ભાવ (ક્ષાયોપશમિક ભાવ) સાથે અવિરોધ. હવે તે અવિરોધના પ્રકાર શી રીતે પડી શકે ? કારણ કે પ્રકાર તો જેનો વિરોધ છે, એ વસ્તુના હોય, અવિરોધના ન હોય... તેનો જવાબ આપે છે - दर्शनादीनां...] દર્શન - જ્ઞાન વિગેરે ચારે સાથે અવિરોધ એ સામાન્યથી સમાધિ છે, અને એક એક સાથે અવિરોધ એ સમાધિના ચાર પ્રકાર છે.

उपसम्पन्नो युक्तः... વગેરેનો અર્થ પહેલાની જેમ જાણવો.

તથા -

**ગાથા :-**

**पंचेव य कामगुणे, पंचेव य अण्हवे महादोसे ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥१०॥**

**ગાથાર્થ :-**

પાંચ કામગુણોનો અને મહાદોષરૂપ એવા પાંચ આશ્રવોનો ત્યાગ કરતો અને ગુપ્તિઓ વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૧૦॥

**ટીકા :-**

पञ्चैव **मनोज्ञशब्दरूपरसगन्धस्पर्शभेदात्पञ्चसङ्ख्या एव, चशब्दोऽर्थान्तराभिधानसमुच्चयार्थः, के ? इत्याह — काम्यन्ते रागातुरैः प्राणिभिरभिकांक्ष्यन्त इति** कामा **अभिलषणीयपदार्थाः, त एवात्मसंयमनैकहेतुत्वाद्** गुणाः **सूत्रतन्तवः, आत्मगुणोपघातकारणत्वाद्वा** गुणाः कामगुणाः, **अथवा** — कामस्य **मदनस्याभिलाषामात्रस्य वा संपादका** गुणाः **धर्माः पुद्गलानां** कामगुणाः, **ते चानर्थहेतवः । यदुक्तं** —

**"कलरिभितमधुरगान्धर्वतूर्ययोषिद्विभूषणरवाद्यैः ।**
**श्रोत्रावबद्धहृदयो हरिण इव विनाशमुपयाति ॥१॥**
**गतिविभ्रमेङ्गिताकारहास्यलीलाकटाक्षविक्षिप्तः ।**
**रूपावेशितचक्षुः शलभ इव विपद्यते विवशः ॥२॥**
**स्नानाङ्गरागवर्त्तिकवर्णकधूपाधिवासपटवासैः ।**
**गन्धभ्रमितमनस्को मधुकर इव नाशमुपयाति ॥३॥**

**मिष्टान्नपानमांसौदनादिमधुररसविषयगृद्धात्मा ।**
**गलयन्त्रपाशबद्धो मीन इव विनाशमुपयाति ॥४॥**

**शयनासनसम्बाधनसुरतस्नानानुलेपनासक्तः ।**
**स्पर्शव्याकुलितमतिर्गजेन्द्र इव बध्यते मूढः ॥५॥" [ प्रशमरति गा. ४१-४५ ]**

**इत्यतस्तान् कामगुणान् परिवर्जयन्निति योगः । तथा**-पञ्चैव **प्राणातिपातमृषावादादत्तादानमैथुनपरिग्रहभेदात् पञ्चसंख्या एव, च: समुच्चये, के ? इत्याह — आस्रौति आदत्ते कर्म यैस्ते आस्रवा** आस्रवा **इत्यर्थः, तान्, किंविधान् ? इत्याह — महान्तश्च ते दोषाश्च** महादोषा **दारुणदुःखहेतुत्वात् प्रकृष्टदूषणानि, तान्, शेषं पूर्ववदिति ॥१०॥**

**तथा —**

**ટીકાર્થ :-**

पञ्चैव च कामगुणान्=પાંચ જ સંખ્યાવાળા કામગુણોને. ગાથામાંનો પહેલો च શબ્દ બીજા પદાર્થના કથનના સમુચ્ચય માટે છે. પાંચ જ=મનોજ્ઞ (મનને ગમે એવા) શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ પાંચ સંખ્યાવાળા જ [વધારે કે ઓછા નહીં].

રાગાતુર જીવો વડે ઇચ્છાય તે કામો એટલે કે ઇચ્છનીય પદાર્થો. તે પદાર્થો જ આત્માને સંયમિત કરવાનું એટલે કે બાંધવાનું એક જ કારણ હોવાથી તેને ગુણો (=દોરા) એટલે કે સૂતરના તાંતણાઓની ઉપમા આપી છે. કામોરૂપી ગુણો તે કામગુણો.

અથવા તે પૂર્વે કહેલા કામો એ જ આત્મગુણોના ઉપઘાતનું કારણ હોવાથી ગુણો, તે કામગુણો.

અથવા કામ=મદન (મૈથુનની ઇચ્છા) અથવા કોઈપણ પ્રકારની ઇચ્છા. તે કામનું સંપાદન કરનાર એટલે કે પૂરી કરનાર ગુણો એટલે કે પુદ્ગલોના ધર્મો તે કામગુણો. તે કામગુણો અનર્થના હેતુ છે. કહ્યું છે -

કલ (=મધુર-સાંભળવું ગમે તેવું), રિભિત (=ઘોલના સ્વરથી શ્રેષ્ઠ(ઘોલના સ્વરનો એક પ્રકાર છે)) અને મધુર (=કર્ણને સુખ આપે તેવું) એવા ગીત, વાજિંત્ર અને સ્ત્રીઓના ઝાંઝર વગેરે આભૂષણોના ધ્વનિ વગેરેથી શ્રોત્રેન્દ્રિયમાં આસક્ત ચિત્તવાળો જીવ હરણની જેમ વિનાશ પામે છે. ॥૧॥

ગતિ=ચાલ, વિભ્રમ=મુખવિકાર, ઇંગિત=શરીરની ચેષ્ટા, આકાર=શરીરસૌંદર્ય, હાસ્ય, લીલા=વિવિધ ચેષ્ટા અને કટાક્ષ=નયન ચેષ્ટા (આ બધી સ્ત્રીની વિચિત્ર ચેષ્ટાઓ છે) - આ બધાથી વિક્ષિપ્ત=વિહ્વળ કરાયેલો, સ્ત્રીનું રૂપ આદિમાં જેણે દૃષ્ટિ સ્થાપી છે તેવો અને (એથી જ) વિવશ=શરણરહિત જીવ પતંગિયાની જેમ વિનાશ પામે છે. ॥૨॥

સ્નાન, અંગરાગ (કેસર વગેરેનું વિલોપન), વર્તિકા (સુગંધી દ્રવ્યોથી બનેલો શરીર ઉપર કરાતો લેપ), (वर्णक=) ચંદન, ધૂપ, અધિવાસ (=કસ્તૂરી વગેરે સુગંધી પદાર્થો) અને પટવાસ (વસ્ત્રમાં

સુગંધ કરનાર ગંધ વિશેષ)ની ગંધના કારણે વિહ્વળ ચિત્તવાળો જીવ ભમરાની જેમ નાશ પામે છે. ॥૩॥

મિષ્ટાન્ન, પાણી, માંસ, ભાત વગેરેના મધુર રસરૂપ વિષયમાં જેનો આત્મા આસક્ત બન્યો છે તે જીવ ગલયંત્ર (માછલાને પકડવાનું સાધન) ના પાશ(પક્કડ)થી બંધાયેલા માછલાની જેમ વિનાશ પામે છે. ॥૪॥

શય્યા (પથારી), આસન (મસૂરક વગેરે), સંબાધન (અંગમર્દન કરવું, ચંપી કરવી વગેરે વિશ્રામણા), મૈથુનસેવન, સ્નાન અને અનુલેપન(કેસર વગેરેનું વિલેપન કરવું)માં આસક્ત, સ્પર્શથી વ્યાકુળ મતિવાળો અને મૂઢ જીવ હાથીની જેમ બંધાય છે. ॥૫॥ [પ્રશમરતિ પ્રકરણ ગાથા ૪૧ થી ૪૫]

તેથી તે પાંચ કામગુણોને ત્યાગતો - એમ સંબંધ જોડવો.

पञ्चैव च आस्रवान् महादोषान्=અને પાંચની જ સંખ્યાવાળા મહાદોષ એવા આશ્રવોને. પાંચ=પ્રાણાતિપાત - મૃષાવાદ - અદત્તાદાન - મૈથુન - પરિગ્રહ એ પાંચ ભેદથી પાંચની જ સંખ્યાવાળા. च શબ્દ પૂર્વે કહેલા કામગુણો અને આ આશ્રવોના સમુચ્ચય માટે છે.

સંપૂર્ણ અર્થ આ પ્રમાણે - જેઓ પ્રાણાતિપાત વગેરે પાંચ સંખ્યાવાળા છે,

(જીવ) જેઓ વડે કર્મો आस्रौति=ગ્રહણ કરે છે અને

જેઓ ભયંકર દુઃખના કારણ હોવાથી મોટા દૂષણ છે એવા પાંચ આશ્રવોનો.

परिवर्जयन् गुप्तः=ત્યાગ કરતો... વગેરે પૂર્વવત્...

તથા -

**ગાથા :-**

**पंचिंदियसंवरणं तहेव पंचविहमेव सज्झायं ।**
**उवसंपन्नो जुत्तो रक्खामि महव्वए पंच ॥११ ॥**

**ગાથાર્થ :-**

પાંચ ઇન્દ્રિયોના સંવરણને અને પાંચ પ્રકારના સ્વાધ્યાયને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૧૧॥

**ટીકા :-**

**तत्रेन्दनादिन्द्रो जीवः सर्वविषयोपलब्धिभोगलक्षणपरमैश्वर्ययोगात्, तस्य लिङ्गमिति इन्द्रियं श्रोत्रादि । तच्च द्विविधं — द्रव्येन्द्रियं भावेन्द्रियं च । तत्र "निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियं", "लब्ध्युपयोगौ भावेन्द्रियं" ( तत्त्वार्थसूत्रम् २/१७-१८ ) । तत्र निर्वृत्तिराकारः, सा च बाह्याऽभ्यन्तरा च, तत्र बाह्याऽनेकप्रकारा, अभ्यन्तरा पुनः क्रमेण श्रोत्रादीनां कदम्बपुष्प १,**

**धान्यमसूरा २, ऽतिमुक्तपुष्पचन्द्रिका ३, क्षुरप्र ४, नानाकार ५ संस्थाना । उपकरणेन्द्रियं विषयग्रहणे सामर्थ्यं छेद्यच्छेदने खड्गस्येव धारा, यस्मिन्नुपहते निर्वृत्तिसद्भावेऽपि विषयं न गृह्णातीति । लब्धीन्द्रियं तदावरणक्षयोपशमः, उपयोगेन्द्रियं यः स्वविषये व्यापार इति । ततश्च** पञ्च **च तानि** इन्द्रियाणि **च** पञ्चेन्द्रियाणि **तेषां** संवरणं **इष्टानिष्टविषयेषु रागद्वेषाभ्यां प्रवर्त्तमानानां निग्रहणं** पञ्चेन्द्रियसंवरणं, **तदुपसंपन्नः,** तहेव **त्ति-तथैव तेनैव प्रकारेण** पञ्चविधमेव **वाचना-प्रच्छनापरिवर्तनाऽनुप्रेक्षाधर्मकथाभेदात् पञ्चप्रकारमपि । तत्र वक्ति शिष्यः तं प्रति गुरोः प्रयोजकभावो** वाचना **पाठनमित्यर्थः, गृहीतवाचनेनापि संशयाद्युत्पत्तौ पुनः प्रष्टव्यमिति पूर्वाधीतस्य सूत्रादेः शङ्कितादौ प्रश्नः** प्रच्छना **इति, प्रच्छनाविशोधितस्य सूत्रस्य मा भूद्विस्मरणमिति** परिवर्त्तना **सूत्रस्य गुणनमित्यर्थः, सूत्रवदर्थेऽपि सम्भवति विस्मरणमतः सोऽपि परिभावनीय इत्यनुप्रेक्षणं** अनुप्रेक्षा **चिन्तनिकेत्यर्थः, एवमभ्यस्तश्रुतेन धर्मकथा विधेयेति धर्मस्य श्रुतरूपस्य कथा व्याख्या** धर्मकथा **इति । एवं पञ्चविधं, किम् ? इत्याह** — सज्झायं **ति** सु **शोभनम्** आ **मर्यादया** अध्ययनं **श्रुतस्याधिकमनुसरणं स्वाध्यायः, तं** उपसंपन्न **इत्यादि पूर्ववदिति ॥११॥**

**तथा —**

**ટીકાર્થ :-**

पञ्चेन्द्रियसंवरणं - પાંચ ઈન્દ્રિયોના સંવરણને. તેમાં इन्दनाद् इन्द्रः जीवः એટલે કે ઐશ્વર્યયુક્ત હોય તે ઈન્દ્ર કહેવાય છે, અને તે જીવ છે, કારણ કે જીવ બધા જ વિષયોની પ્રાપ્તિ અને ભોગવટો કરવા સ્વરૂપ શ્રેષ્ઠ ઐશ્વર્ય ધરાવે છે. તે જીવનું લિંગ=ચિહ્ન તે ઈન્દ્રિય - શ્રોત્રેન્દ્રિય વગેરે. તે ઈન્દ્રિય બે પ્રકારે છે - દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય.

**૧. દ્રવ્યેન્દ્રિય** - "निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम्" (तत्त्वार्थसूत्र २-१७) દ્રવ્યેન્દ્રિય બે પ્રકારની છે - નિર્વૃત્તિ અને ઉપકરણ.

નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય - નિર્વૃત્તિ એટલે આકાર. તે નિર્વૃત્તિ બે પ્રકારની છે - બાહ્ય અને અભ્યંતર. તેમાં બાહ્ય નિર્વૃત્તિ અનેક પ્રકારની છે. અભ્યંતર નિર્વૃત્તિ આ પ્રમાણે આકારવાળી છે - શ્રોત્રેન્દ્રિય કદંબ પુષ્પના આકારે, ચક્ષુરિન્દ્રિય મસૂર ધાન્યના આકારે, ઘ્રાણેન્દ્રિય અતિમુક્તક એટલે કે શિરીષના ફૂલના અથવા ચંદ્રના આકારે, રસનેન્દ્રિય ક્ષુરપ્ર=અસ્ત્રના આકારે અને સ્પર્શનેન્દ્રિય વિવિધ આકારે છે.

ઉપકરણ દ્રવ્યેન્દ્રિય - અભ્યંતરનિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયનું વિષયને ગ્રહણ કરવાનું જે સામર્થ્ય તે ઉપકરણ દ્રવ્યેન્દ્રિય છે, જેમ તલવારની ધારનું કાપવા યોગ્ય વસ્તુને કાપવાનું સામર્થ્ય. [બાહ્યનિર્વૃત્તિ ઈન્દ્રિય તલવારના સ્થાને છે. અભ્યંતર નિર્વૃત્તિ તલવારની ધારના સ્થાને છે અને તેની કાપવાની જે શક્તિ તે ઉપકરણ દ્રવ્યેન્દ્રિય.]

ઉપકરણ દ્રવ્યેન્દ્રિયનો ઉપઘાત થાય તો નિર્વૃત્તિદ્રવ્યેન્દ્રિય વિદ્યમાન હોવા છતાં પણ તે વિષયને ગ્રહણ કરી શકતી નથી.

**૨. ભાવેન્દ્રિય** - लब्ध्युपयोगौ भावेन्द्रियम् (તત્ત્વાર્થસૂત્ર ૨-૧૮) ભાવેન્દ્રિય બે પ્રકારે - લબ્ધિ ભાવેન્દ્રિય અને ઉપયોગ ભાવેન્દ્રિય.

લબ્ધિ ભાવેન્દ્રિય - ઇન્દ્રિયોની વિષયને ગ્રહણ કરવાની શક્તિનું આવરણ કરનાર કર્મનો જે ક્ષયોપશમ તે લબ્ધિ ભાવેન્દ્રિય.

ઉપયોગ ભાવેન્દ્રિય - ઇન્દ્રિયોનો પોતપોતાના વિષયમાં લબ્ધિને અનુસાર જે વ્યાપાર તે ઉપયોગ ભાવેન્દ્રિય.

પાંચ એવી ઇન્દ્રિયો તે પંચેન્દ્રિયો. તેઓનું સંવરણ અર્થાત્ ઇષ્ટ વિષયોમાં રાગ વડે પ્રવર્તમાન થતી અને અનિષ્ટ વિષયોમાં દ્વેષ વડે નિવર્તમાન થતી=પાછી ફરતી ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો તે પંચેન્દ્રિય સંવરણ.

तथैव पञ्चविधमेव स्वाध्यायं - તે જ રીતે વાચના - પ્રચ્છના - પરિવર્તના - અનુપ્રેક્ષા - ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાયને.

૧. વાચના - શિષ્ય બોલે તેના પ્રતિ ગુરુનો પ્રયોજકભાવ તે વાચના. એટલે કે પાઠન= અધ્યાપન=ભણાવવું તે. [ગુરુ શિષ્યને ભણાવે તેથી શિષ્ય સૂત્ર બોલી શકે છે. એટલે શિષ્યના બોલવામાં ગુરુનું અધ્યાપન પ્રયોજક છે.]

૨. પ્રચ્છના - વાચના લીધા પછી સંશય વગેરે થાય તો ફરી પૂછવું જોઈએ. માટે અગાઉ ભણેલા સૂત્ર વગેરેમાં શંકા વગેરે થતા પૂછવું તે પ્રચ્છના.

૩. પરિવર્તના - પ્રચ્છના વડે વિશુદ્ધ કરેલા સૂત્રનું વિસ્મરણ ન થાય=ભૂલાઈ ન જાય માટે સૂત્રનું ગુણન=પુનરાવર્તન કરવું તે પરિવર્તના.

૪. અનુપ્રેક્ષા - સૂત્રની જેમ અર્થનું પણ વિસ્મરણ સંભવે છે, માટે અર્થની પણ પરિભાવના કરવી જોઈએ અને તે અર્થની પરિભાવના=ચિંતનિકા=અનુપ્રેક્ષણ તે અનુપ્રેક્ષા=ચિંતન.

૫. ધર્મકથા - આ રીતે (=ઉપરોક્ત વાચનાદિ ચારે વડે) શ્રુતને ભણી લીધા પછી ધર્મકથા કરવી જોઈએ. માટે શ્રુતરૂપ ધર્મની કથા=વ્યાખ્યા તે ધર્મકથા.

सु + आ + अध्याय=स्वाध्याय. सु=સારી રીતે, आ=શાસ્ત્રોમાં કહેલી મર્યાદા વડે, अध्याय= અધ્યયન એટલે કે શ્રુતનું અધિક અનુસરણ કરવું તે સ્વાધ્યાય.

उपसम्पन्नो युक्तः વગેરેનો અર્થ પહેલાંની જેમ જાણવો.

તથા -

**ગાથા :-**

**छज्जीवनिकायवहं, छप्पि य भासाउ अप्पसत्थाउ ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥१२ ॥**

ગાથાર્થ :-

છ જીવનિકાયના વધનો અને છ પ્રકારની અપ્રશસ્ત ભાષાઓનો ત્યાગ કરતો અને ગુપ્તિઓ વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોની રક્ષા કરું છું. ॥૧૨॥

ટીકા :-

षड्जीवनिकायानां **पृथ्वीकायाप्कायतेजःकायवायुकायवनस्पतिकायत्रसकायलक्षण-षड्विधप्राणिगणानां** वधो **विनाशः** षड्जीवनिकायवधः तं, **तथा** षडपि च **अलीकादिभेदात् षट्सङ्ख्याः अपि च, का ? इत्याह — भाष्यन्ते प्रोच्यन्ते इति** भाषा **वचनानीत्यर्थः, ताः, किंविशिष्टा ? इत्याह** —अप्रशस्ता **गुरुकर्मबन्धहेतुत्वादसुन्दराः । उक्तं च —**

**"नो कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा इमाइं छ अवयणाइं भासित्तए, तं जहा — अलियवयणे, हीलियवयणे, खिंसियवयणे, फरुसवयणे, गारत्थियवयणे, विओसविया-हिगरणउदीरणवयणे त्ति ।"** न कल्पते **न युज्यते** निर्ग्रन्थानां वा निर्ग्रन्थीनां वा इमानि षट् अवयणाइं **ति नञः कुत्साऽर्थत्वात् कुत्सितानि वचनानि** भासित्तए **त्ति भाषितुं**, अलीकवचनं **प्रचलायसे किं दिवा ? इत्यादिप्रश्ने न प्रचलायामीत्यादि भाषणं**, हीलितवचनं **सासूयं गणिन् ! वाचक ! ज्येष्ठार्य ! इत्यादिजल्पनं**, खिंसितवचनं **जन्मकर्माद्युद्घट्टनं**, परुषवचनं **दुष्टशैक्ष ! इत्यादिप्रलपनं**, अगारं **ति** अगारं **गेहं तद्वृत्तयः अगारस्थिता गृहिणः, तेषां यत्** तदगारस्थितवचनं **पुत्र ! मामक ! भागिनेय ! इत्यादि, तथा** व्यवशमितस्य **उपशमं नीतस्य** अधिकरणस्य **कलहस्य** उदीरणवचनं **प्रवर्त्तनवाक्यं** व्यवशमिताधिकरणोदीरणवचनं **षष्ठमिति [ तुलना - स्थानाङ्गसूत्रम् ६/५२७ ] अत्र गाथा —**

**"खामियवोसमियाइं, अहिगरणाइं तु जे उदीरिंति ।**
**ते पावा नायव्वा, तेसिं चारोवणा इणमो त्ति॥१॥" शेषं प्राग्वदिति ॥१२॥**

**तथा —**

ટીકાર્થ :-

षड्जीवनिकायवहं=પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ પ્રકારના જીવોના નિકાય (=સમૂહ)ના વધ (=વિનાશ)ને.

षडपि च भाषा अप्रशस्ताः - અને વળી અલીક વગેરે ભેદથી છની સંખ્યાવાળી અપ્રશસ્ત ભાષાઓને. જે બોલાય તે ભાષાઓ એટલે કે વચનો. અપ્રશસ્ત એટલે ભારે કર્મબંધનું કારણ હોવાથી અસુંદર. કહ્યું છે -

"નિર્ગ્રંથોને અને નિર્ગ્રંથીઓને આ છ અવચનો બોલવા કલ્પતા નથી. તે આ પ્રમાણે - અલીક-વચન, હીલિતવચન, ખિંસિતવચન, પરુષવચન, અગારસ્થિતવચન અને વ્યવશમિતાધિકરણોદીરણ-વચન."

'અવચન' શબ્દમાં 'અ' કુત્સા એટલે કે નિંદાના અર્થમાં હોવાથી કુત્સિત એટલે કે નિંદનીય વચનો તે અવચનો. તે છ પ્રકારે છે -

૧. અલીકવચન - 'દિવસે કેમ ઊંઘો છો ?' વગેરે પ્રશ્ન ગુરુ વગેરે પૂછે ત્યારે 'નથી ઊંઘતો' વગેરે ખોટો જવાબ આપવો.

૨. હીલિતવચન - અદેખાઈથી 'હે ગણિ ! હે વાચન ! હે જયેષ્ઠાચાર્ય !' વગેરે કહેવું તે. [બહુમાનપૂર્વક ન બોલે પણ કટાક્ષમાં 'તમે તો મોટા આચાર્ય થઈ ગયા !' વગેરે કહે.]

૩. ખિંસિતવચન - સામેવાળાના જન્મ (જાતિ) - કર્મ (ધંધો વિ.) વગેરે પ્રગટ કરવા.

૪. પરુષવચન - 'હે દુષ્ટ શૈક્ષ !' વગેરે કઠોર વચન બોલવા.

૫. અગારસ્થિતવચન - અગાર એટલે ઘર. તેમાં રહેલા તે અગારસ્થિતો એટલે કે ગૃહસ્થો. તેઓનું વચન=ભાષા બોલવી. જેમ કે 'પુત્ર ! મામા ! ભાણેજ !' વગેરે.

૬. વ્યવશમિતાધિકરણોદીરણવચન - ઉપશાંત થયેલો કલહ (=ઝઘડો) ફરી શરૂ થાય એવું વચન બોલવું. અહીં ગાથા -

"ખમાવી દીધેલા અથવા ઉપશાંત થયેલા ઝઘડાઓને જેઓ ઉદીરે છે (=ફરી શરૂ કરે છે) તેઓ પાપી જાણવા. તેઓને પ્રાયશ્ચિત્ત આ પ્રમાણે આવે છે." ॥૧॥

परिवर्जयन् गुप्तः વગેરેનો અર્થ પહેલાની જેમ જાણવો. ॥૧૨॥

તથા -

**ગાથા :-**

**छव्विहमब्भिंतरयं, बज्झं पि य छव्विहं तवोकम्मं ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥१३ ॥**

**ગાથાર્થ :-**

છ પ્રકારના અભ્યંતર અને છ પ્રકારના બાહ્ય તપકર્મને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૧૩॥

**ટીકા :-**

षड्विधं **प्रायश्चित्तविनयवैयावृत्यस्वाध्यायध्यानोत्सर्गभेदात् षट्प्रकारं** अब्भिंतरयं **ति लौकिकैरनभिलक्ष्यत्वात्, तन्त्रान्तरीयैश्च परमार्थतोऽनासेव्यमानत्वात्, मोक्षप्राप्त्यन्तरङ्गत्वाच्चाभ्यन्तरं तदेव** आभ्यन्तरकं तपःकर्मेति **योगः, तत्रेह चित्तं जीवो भण्यते, ततः प्रायो बाहुल्येन चित्तं जीवं विशोधयति अतिचारजनितकर्ममलमलिनं निर्मलं करोतीति प्रायश्चित्तं आलोचनादिदशविधमिति, विनीयतेऽष्टप्रकारं कर्म्मानेनेति विनयः, स च ज्ञानदर्शनचारित्रमनोवचनकाय-**

लोकोपचारविनयभेदात् सप्तधा; तत्र ज्ञानमाभिनिबोधिकादि पञ्चधा, तदेव विनयो ज्ञानस्य वा विनयो भक्त्यादिकरणं ज्ञानविनयः । उक्तं च —

"भत्ती १ तह बहुमाणो २, तद्दिट्ठत्थाण सम्म भावणया ३ ।
विहिगहण ४ ब्भासो ५ वि य, एसो विणओ जिणाभिहिओ" ॥

दर्शनं सम्यक्त्वं, तदेव विनयो दर्शनस्य वा तदव्यतिरेकाद्दर्शनगुणाधिकानां शुश्रूषणाऽनाशातनारूपो विनयो दर्शनविनयः । उक्तं च–

"सुस्सूसणा अणासायणा य, विणओ उ दंसणे दुविहो ।
दंसणगुणहिएसुं, कज्जइ सुस्सूसणाविणओ ॥१॥
सक्कारब्भुट्ठाणे २, सम्माणा ३ ऽऽसणपरिग्गहो ४ तह य ।
आसणमणुप्पयाणं ५, किइकम्मं ६, अंजलिगहो य ७ ॥२॥
इंतस्सणुगच्छणया ८, ठियस्स तह पज्जुवासणा भणिया ९।
गच्छंताणुव्वयणं १०, एसो सुस्सूसणाविणओ ॥३॥"

इह च सत्कारः स्तवनवन्दनादिः, अभ्युत्थानं विनयार्हस्य दर्शनादेवासनत्यजनं, सन्मानो वस्त्रपात्रादिपूजनम्, आसनाभिग्रहः पुनस्तिष्ठत आदरेणासनानयनपूर्वकमुपविशतात्रेति भणनम्, आसनानुप्रदानं तु आसनस्य स्थानात् स्थानान्तरसंचारणं, कृतिकर्म द्वादशावर्तवन्दनकं, शेषं प्रकटमिति । उचितक्रियाकरणरूपोऽयं दर्शने शुश्रुषाविनय इति । अनाशातनाविनयस्तु अनुचितक्रियाविनिवृत्तिरूपोऽयं पञ्चदशविधः, आह च —

"तित्थयर १ धम्म २ आयरिय ३, वायगे ४ थेर ५ कुल ६ गणे ७ संघे ८ ।
संभोगिय ९ किरियाए १०, मइनाणाईण य तहेव य १५ ॥१॥"

सांभोगिका एकसामाचारिकाः, क्रिया आस्तिकता । अत्र भावना — तीर्थकराणामनाशातनायां वर्त्तितव्यमित्येवं सर्वं द्रष्टव्यमिति ।

"कायव्वा पुण भत्ती, बहुमाणो तह य वन्नवाओ य ।
अरहंतमाइआणं, केवलनाणावसाणाणं ॥१॥"

उक्तो दर्शनविनयः । साम्प्रतं चारित्रविनय उच्यते — तत्र चारित्रमेव विनयः चारित्रस्य वा श्रद्धानादिरूपो विनयः चारित्रविनयः । आह च —

"सामाइयाइचरणस्स, सद्दहणया १ तहेव काएणं ।
संफासणं २ परूवणमह पुरओ भव्वसत्ताणं ३ ति ॥१॥"

मनोवचनकायविनयास्तु मनःप्रभृतीनां विनयार्हेषु कुशलप्रवृत्त्यादिरूपाः । यदुक्तं —

"मणवइकायविणओ, आयरियाईण सव्वकालं पि ।
अकुसलाण निरोहो, कुशलाण उदीरणं तह य ॥१॥"

**लोकानामुपचारो व्यवहारः, तेन स एव वा विनयो लोकोपचारविनयः । स चाभ्यास-वर्त्तित्वादिभेदात् सप्तधा । तत्र** अभ्यासवर्त्तित्वं **प्रत्यासत्तिवर्त्तित्वं, श्रुताद्यर्थिना हि आचार्यादेः समीपे आसितव्यमित्यर्थः १॥ तथा** परच्छन्दोऽनुवर्तित्वं **पराभिप्रायानुवर्तित्वं २॥ तथा** कार्य-हेतोः **कार्यं श्रुतप्रापणादिकं हेतुं कृत्वा, श्रुतं प्रापितोऽहमनेनेति हेतोरित्यर्थः, विशेषेण तस्य विनये वर्त्तितव्यं तदनुष्ठानं कर्त्तव्यमिति ३॥ तथा** कृतप्रतिकृतिता, **कृते भक्तादिनोपचारे प्रसन्ना गुरवः प्रतिकृतिं प्रत्युपकारं सूत्रादिदानतः करिष्यन्ति, न नाम निर्ज्जरैवेति भक्तादिदाने यति-तव्यमिति ४॥ तथा** आर्त्तगवेषणता, **आर्त्तस्य दुःखार्त्तस्य गवेषणमौषधादेरित्यार्त्तगवेषणं तदेवार्त्तगवेषणता पीडितस्योपकारकरणमित्यर्थः ५॥ तथा** देशकालज्ञता **अवसरज्ञता ६॥ तथा** सर्वार्थेष्वप्रतिलोमता **आनुकूल्यमिति ७॥ उक्तो विनयः ।**

ટીકાર્થ :-

षड्विधं अभ्यन्तरकं (तपःकर्म) - પ્રાયશ્ચિત્ત - વિનય - વૈયાવૃત્ય - સ્વાધ્યાય - ધ્યાન - ઉત્સર્ગ એ છ ભેદથી છ પ્રકારના અભ્યંતર તપને.

- લૌકિકો (બાહ્ય દૃષ્ટિથી જોનારા) આ તપને જાણી શકતા ન હોવાથી,
- તન્ત્રાન્તરીયો (અન્ય ધર્મવાળાઓ) વાસ્તવિક રીતે આ તપનું સેવન ન કરતા હોવાથી અને
- મોક્ષપ્રાપ્તિનું અંતરંગ કારણ હોવાથી

આ તપ અભ્યંતર તપ કહેવાય છે. સ્વાર્થિક 'क' પ્રત્યય લાગવાથી અભ્યંતર એ જ અભ્યંતરક. "તપ : કર્મ" એ પ્રમાણે સંબંધ જોડવો. [એટલે કે ગાથાના બીજા પાદને છેડે રહેલો तवोकम्मं=તપઃકર્મ શબ્દ छव्विहमब्भितरयं શબ્દ પછી પણ જોડવો.]

આ તપ છ પ્રકારનો છે.

**૧. પ્રાયશ્ચિત્ત** - અહીં ચિત્ત એટલે જીવ. પ્રાયઃ=મોટેભાગે ચિત્તને=જીવને વિશુદ્ધ કરે એટલે કે અતિચારથી ઉત્પન્ન થયેલા કર્મરૂપી મળથી મલિન થયેલા જીવને નિર્મળ કરે તે પ્રાયશ્ચિત્ત. તે આલોચના વગેરે દશ પ્રકારે છે.

**૨. વિનય** - જેના વડે આઠ પ્રકારના કર્મને विनीयते=દૂર કરાય તે વિનય. તે જ્ઞાન - દર્શન - ચારિત્ર - મન - વચન - કાયા - લોકોપચાર એ સાત ભેદથી સાત પ્રકારનો છે.

**૧. જ્ઞાનવિનય** - આભિનિબોધિક (=મતિજ્ઞાન) વગેરે પાંચ પ્રકારનું જ્ઞાન છે. તે જ્ઞાન એ જ વિનય અથવા જ્ઞાનનો વિનય એટલે કે ભક્તિ વગેરે કરવું તે જ્ઞાનવિનય. કહ્યું છે - "ભક્તિ-૧. બહુમાન-૨, જ્ઞાન વડે જોવાયેલ અર્થો=પદાર્થોની સમ્યગ ભાવના-૩, વિધિગ્રહણ-૪ અને અભ્યાસ-૫ - આ વિનય જિનેશ્વર ભગવંતોએ કહ્યો છે. ॥૧॥" (દશવૈકાલિક નિર્યુક્તિ ગા.૪૮ ટીકા)

[૧. ભક્તિ=તે - તે જ્ઞાનવાળા જ્ઞાનીઓની કે જ્ઞાનના સાધનોની બાહ્ય સેવા રૂપ ભક્તિ કરવી.

૨. બહુમાન=હૃદયથી તેઓ પ્રત્યે બહુમાન કરવું. (પ્રેમ રાખવો)

૩. જ્ઞાનમાં જણાવેલા અર્થો=પદાર્થોનો સમ્યક્ (અવિપરીત) વિચાર કરવો.

૪. વિધિગ્રહણ=વિધિપૂર્વક જ્ઞાન ભણવું.

૫. અભ્યાસ=વારંવાર અધ્યયન કરવું.]

૨. **દર્શનવિનય** - દર્શન એટલે સમ્યક્ત્વ.

- દર્શન એ જ વિનય અથવા દર્શનનો વિનય એ દર્શનવિનય. દર્શન ગુણમાં અધિક એવા જીવો દર્શનથી અવ્યતિરિક્ત=અભિન્ન હોવાથી તેઓનો વિનય એ જ દર્શનવિનય. તે શુશ્રૂષણા અને અનાશાતના રૂપ છે. કહ્યું છે -

"દર્શનને વિશે બે પ્રકારનો વિનય છે - શુશ્રૂષણા અને અનાશાતના.

**૧. શુશ્રૂષણાવિનય** - દર્શનગુણમાં અધિક (=નિર્મળ શ્રદ્ધાવાળા) એવા જીવોને વિષે શુશ્રૂષણાવિનય કરાય છે. આ શુશ્રૂષણાવિનય ૧૦ પ્રકારે છે. ૧. સત્કાર, ૨. અભ્યુત્થાન, ૩. સન્માન, ૪. આસનપરિગ્રહ, ૫. આસનાનુપ્રદાન, ૬. કૃતિકર્મ, ૭. અંજલિગ્રહ, ૮. આવતા હોય ત્યારે સામે લેવા જવું, ૯. બેઠા હોય ત્યારે પર્યુપાસના=સેવા કરવી, ૧૦. જતા હોય ત્યારે સાથે જવું." (દશવૈકાલિક નિર્યુક્તિ ગા.૪૮ ટીકા)

અહીં સત્કાર=સ્તવન - વંદન વગેરે કરવા.

અભ્યુત્થાન=જેમનો વિનય કરવાનો છે એમનું દર્શન થતાં જ ઊભા થવું.

સન્માન=વસ્ત્ર પાત્ર વગેરેથી પૂજા કરવી.

આસનાભિગ્રહ=વડીલ ઊભા હોય તો આદરપૂર્વક આસન લાવી પાથરી 'અહીં બેસો' એ પ્રમાણે કહેવું.

આસનાનુપ્રદાન=આસનને એક સ્થાનેથી બીજા સ્થાને (વડીલ જયાં જાય ત્યાં) લઈ જવું.

કૃતિકર્મ=દ્વાદશાવર્ત વંદન કરવું.

[અંજલિગ્રહ=વડીલના દર્શન થતા બે હાથ જોડી મસ્તકે અંજલિ કરવી.]

બાકીનાના અર્થ પ્રગટ છે.

આ ઉચિત ક્રિયા કરવા રૂપ દર્શનનો શુશ્રુષાવિનય છે.

**૨. અનાશાતનાવિનય** - આ વિનય [તીર્થંકર વગેરે ૧૫ને વિષે] અનુચિત ક્રિયા=અયોગ્ય ક્રિયા ન કરવારૂપ છે. તે ૧૫ પ્રકારે છે. કહ્યું છે - "તીર્થંકર - ધર્મ - આચાર્ય - વાચક (ઉપાધ્યાય) - સ્થવિર - કુલ - ગણ - સંઘ - સાંભોગિક - ક્રિયા અને મતિજ્ઞાન વગેરે પાંચ જ્ઞાન ।।૧।।"

સાંભોગિક=એક સામાચારીવાળા સાધુઓ, ક્રિયા=આસ્તિકતા (અસ્તિત્વવાદ).

અહીં ભાવના આ પ્રમાણે છે - તીર્થંકરથી માંડી કેવળજ્ઞાન સુધીના ઉપર કહેલા ૧૫ની -

- અનાશાતનામાં વર્તવું એટલે કે આશાતના ન કરવી,

- ભક્તિ કરવી, (ભક્તિ=બાહ્ય સેવા)

- બહુમાન રાખવું, (બહુમાન=હાર્દિક પ્રીતિ)

- વર્ણવાદ કરવો=ગુણોની સ્તુતિ કરવી. (દશવૈકાલિક નિર્યુક્તિ ગા.૪૮ ટીકા)

દર્શનવિનય કહેવાઈ ગયો. .

**૩. ચારિત્રવિનય** - ચારિત્ર એ જ વિનય અથવા ચારિત્રનો શ્રદ્ધા કરવી વગેરે સ્વરૂપ વિનય તે ચારિત્રવિનય. કહ્યું છે -

"સામાયિક વગેરે પાંચે પ્રકારના ચારિત્રનું -

૧. શ્રદ્ધાન=શ્રદ્ધા કરવી.

૨. કાયા વડે સંસ્પર્શન=આચરણ કરવું અને

૩. ભવ્ય જીવોની સમક્ષ તેની પ્રરૂપણા કરવી. ॥૧॥" (દશવૈકાલિક નિર્યુક્તિ ગા.૪૮ ટીકા)

**૪-૫-૬, મનોવિનય, વચનવિનય અને કાયવિનય** - આ ત્રણે વિનય વિનયને યોગ્ય વડીલ વગેરેને વિષે મન વગેરેની કુશલ પ્રવૃત્તિ વગેરેરૂપ છે. કહ્યું છે - "મન-વચન-કાય વિનય આચાર્ય વગેરેને વિષે સર્વકાલ માટે અકુશળ મન વગેરેનો નિરોધ અને કુશળની ઉદીરણા સ્વરૂપ છે. ॥૧॥"

**૭. લોકોપચારવિનય** - લોકોના ઉપચાર એટલે કે વ્યવહાર તે લોકોપચાર. તેના વડે જે વિનય થાય તે લોકોપચારવિનય. અથવા લોકોપચાર એજ વિનય તે લોકોપચારવિનય. તે અભ્યાસવર્ત્તિત્વ વગેરે સાત પ્રકારનો છે -

૧. અભ્યાસવર્ત્તિત્વ=નજીક રહેવું તે. શ્રુત વગેરે પામવાની ઇચ્છાવાળાએ આચાર્ય વગેરેની નજીક રહેવું જોઈએ.

૨. પરચ્છન્દોઽનુવર્તિત્વ=બીજા (આચાર્ય વગેરે)ના અભિપ્રાયને અનુસરવું તે.

૩. કારિતનિમિત્તકરણ=શ્રુતની પ્રાપ્તિ વગેરે કાર્યને હેતુ કરીને [એટલે કે આ આચાર્ય વગેરેએ મને શ્રુતની પ્રાપ્તિ કરાવી છે એ કારણે] વિશેષથી તેમના વિનયમાં વર્તવું અને તેમનું કાર્ય કરવું તે.

૪. કૃતપ્રતિકૃતિતા - આહાર વગેરે વડે ગુરુની સેવા કરવાથી પ્રસન્ન થયેલા ગુરુ મને સૂત્ર વગેરે આપવા વડે પ્રતિકૃતિ=પ્રત્યુપકાર કરશે, માત્ર નિર્જરા જ થશે એવું નથી [પણ જ્ઞાનલાભ પણ થશે] - આવું વિચારીને ગુરુને ભોજન વગેરેના દાનમાં યત્ન કરવો.

૫. આર્ત્તગવેષણતા - ગુરુ વગેરે ગ્લાન હોય, દુઃખ વડે પીડિત હોય ત્યારે તેમના માટે ઔષધ વગેરેની ગવેષણા કરવી એટલે કે ઔષધ વગેરે લાવી આપવા અને આ રીતે પીડિત પર ઉપકાર કરવો.

૬. દેશકાલજ્ઞતા - અવસરજ્ઞતા [=દેશ, કાળ વગેરેને ઓળખવા, તે - તે કાળે તે - તે ક્ષેત્રમાં તેઓની જરૂરિયાતોને સમજીને તે પ્રમાણે સેવા કરવી.]

૭. સર્વ અર્થોમાં અપ્રતિલોમતા (અનુકૂળપણું) - [સર્વ અર્થોમાં એટલે કે વિષયોમાં તેમની ઇચ્છાને જોઈને તે પ્રમાણે અનુકૂળ પ્રવૃત્તિ કરવી.]

વિનય કહેવાઈ ગયો.

**ટીકા :-**

**साम्प्रतं वैयावृत्यमुच्यते, तत्र-व्यावृत्तभावो वैयावृत्त्यं धर्मसाधनार्थमन्नादिदानमित्यर्थः । आह च –**

**"वेयावच्चं वावडभावो[१] इह धम्मसाहणनिमित्तं ।**
**अन्नाइयाण[२] विहिणा संपायणमेस भावत्थो ॥१॥"**

**तच्च दशधा –**

**"आयरियउवज्झाएथेरतवस्सीगिलाणसेहाणं ।**
**साहम्मियकुलगणसंघसंगयं तमिह कायव्वं ति ॥१॥"**

**तथा सुष्ठु आ मर्यादयाऽध्यायोऽध्ययनं** स्वाध्यायः, **स च पञ्चधा – वाचना, प्रच्छना, परिवर्तना, अनुप्रेक्षा, धर्मकथा चेति । तथा - ध्यातिः** ध्यानं **एकाग्रचित्तनिरोधस्तच्चतुर्द्धा प्राग्व्याख्यातं, तत्र धर्मशुक्ले एव तपसी निर्जराऽर्थत्वान्नेतरे बन्धहेतुत्वादिति । तथा**-उत्सर्गः **परित्यागः, स च द्वेधा – द्रव्यतो भावतश्च, तत्र द्रव्यतो गणशरीरोपध्याहारविषयः, भावतस्तु क्रोधादिविषय इति । उक्तमाभ्यन्तरं तपः ।**

**ટીકાર્થ :-**

હવે વૈયાવૃત્ય કહેવાય છે.

૩. **વૈયાવૃત્ય** - વ્યાપાર(પ્રવૃત્તિ) કરનારો 'વ્યાપૃત' કહેવાય છે. અને તેનું કાર્ય અથવા તેનો ભાવ એટલે 'વ્યાપૃતપણું' તે વૈયાવૃત્ય એટલે કે ધર્મની સાધના માટે અન્ન વગેરેનું દાન. કહ્યું છે -

"વૈયાવૃત્ય એટલે વ્યાપૃતનો ભાવ. અને તેનો અહીં 'ધર્મની સાધના માટે અન્ન વગેરેનું વિધિપૂર્વક સંપાદન' એ ભાવાર્થ છે. ॥૧॥"

(આ દશની વૈયાવચ્ચ કરવાની હોવાથી) વૈયાવૃત્ય દશ પ્રકારે છે -

"૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. સ્થવિર, ૪. તપસ્વી, ૫. ગ્લાન, ૬. શૈક્ષ (નવદીક્ષિત સાધુ), ૭. સાધર્મિક (સાધુ-સાધ્વી) ૮. કુલ (એક જ આચાર્યનો પરિવાર), ૯. ગણ (અનેક કુલોનો

---

१. व्यावृत्तभावः । २. अन्नादीनाम् ।

સમુદાય), ૧૦. સંઘ (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારનો સમુદાય.) આ દશની વૈયાવચ્ચ કરવી. ॥૧॥"

**૪. સ્વાધ્યાય** - सु=સારી રીતે आ=શાસ્ત્રમાં કહેલી મર્યાદાપૂર્વક, अध्याय=અધ્યયન કરવું તે સ્વાધ્યાય. તે પાંચ પ્રકારે છે - વાચના, પ્રચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા. [આનું વર્ણન ગાથા-૧૧ની ટીકામાં આવી ગયું.]

**૫. ધ્યાન** - વિચાર કરવો તે ધ્યાન એટલે કે મનનું અંતર્મુહૂર્ત સુધી એક વિષયમાં એકાગ્ર અવસ્થાન. તે ચાર પ્રકારનું પહેલાં કહેવાઈ ગયું છે. તેમાંથી ધર્મધ્યાન અને શુક્લધ્યાન નિર્જરાના કારણ હોવાથી તપ છે. બાકીના બંને ધ્યાન બંધના કારણે હોવાથી તપ નથી.

**૬. ઉત્સર્ગ** - પરિત્યાગ. તે બે પ્રકારે - દ્રવ્યથી અને ભાવથી.

દ્રવ્યથી - ગણ, શરીર, ઉપધિ, આહાર વગેરેનો ત્યાગ કરવો.

ભાવથી - ક્રોધ વગેરે(કષાયો અને અન્ય દોષો)નો ત્યાગ કરવો.

આભ્યંતરતપ કહેવાઈ ગયો.

**ટીકા :-**

बज्झंपि य छव्विहं तवोकम्मं **इति, बाह्यमित्यासेव्यमानस्य लौकिकैरपि तपस्तया ज्ञायमानत्वात् प्रायो बहिः शरीरतापकत्वाद्वेति** बाह्यम्, 'अपि च' **इति समुच्चये**, षड्विधं **अनशनावमौदरिकावृत्तिसङ्क्षेपरसपरित्यागकायक्लेशप्रतिसंलीनताभेदात् षट्प्रकारं, किं तद् ? इत्याह — तपति दुनोति शरीरकर्माणीति** तपः **तस्य** कर्म **क्रिया** तपःकर्म **तपोऽनुष्ठानमित्यर्थः, तत्र** अनशनं **अभोजनं आहारत्याग इत्यर्थः, तद्द्विधा — इत्वरं यावत्कथिकं च, तत्रेत्वरं चतुर्थादि षण्मासान्तमधिकृततीर्थमाश्रित्येति, यावत्कथिकं त्वाजन्मभावि त्रिधा — पादपोपगमनेङ्गितमरणभक्तपरिज्ञाभेदात् । तत्र पादपो वृक्षस्तस्येव च्छिन्नपतितस्योपगमनं अत्यन्तनिश्चेष्टतयाऽवस्थानं यस्मिन् तत्पादपोपगमनं । तथेङ्गिते नियमिते देश इति गम्यते मरणं मरणप्रतिज्ञा यत्र तदिङ्गितमरणं । तथा भक्तं भोजनं तस्यैव न चेष्टादेरपि प्रत्याख्यानं वर्जनं यत्र तद्भक्तप्रत्याख्यानं । भवन्ति चात्र गाथाः —**

**"सीहाइसु अभिभूओ उ, पायवगमणं करेइ थिरचित्तो ।**
**आउंमि पहुप्पंते, वियाणिउं नवरि गीयत्थो" ॥१॥ [ पञ्चवस्तुक : गा. १६२० ]**

**इदमस्य मुनेर्व्याघातवदुच्यते । निर्व्याघातं तु यत् सूत्रार्थनिष्ठित उत्सर्गतो द्वादशसमाः[१] कृतपरिकर्म्मा सन् काल एव करोतीति । तद्विधिश्चायं —**

१. वर्षाणि ।

"चत्तारि विचित्ताइं, विगईनिज्जूहियाइं चत्तारि ।
संवच्छरे य दोन्नि उ, एगंतरियं आयामं ॥१॥
नाइविगिट्ठो य तवो, छम्मासे परिमियं च आयामं ।
अन्ने वि य छम्मासे, होइ विगिट्ठं तवोकम्मं ॥२॥
वासं कोडीसहीयं, आयामं काउ आणुपुव्वीए ।
संघयणादणुरूवं, एत्तो अद्धाइ नियमेणं ॥३॥" [ पञ्चवस्तुक : गा. १५७४-७६ ]

यतः —

"देहंमि असंलिहिए, सहसा धाऊहिं खिज्जमाणाहिं ।
जायइ अट्टं झाणं, सरीरिणो चरिमकालंमि ॥४॥" किञ्च —
"भावमवि संलिहेई, जिणप्पणीएण झाणजोगेण ।
भूयत्थभावणाहि य, परिवड्ढइ बोहिमूलाइं ॥१॥
भावेइ भावियप्पा, विसेसओ नवरं तंमि कालंमि ।
पयईए निग्गुणत्तं, संसारमहासमुद्दस्स ॥२॥
जम्मजरामरणजलो, अणाइमं वसणसावयाइन्नो ।
जीवाण दुक्खहेऊ, कट्ठं रुद्दो भवसमुद्दो ॥३॥
धन्नोऽहं जेण मए, अणोरपारंमि नवरमेयंमि ।
भवसयसहस्सदुलहं, लद्धं सद्धम्मजाणं ति ॥४॥
एयस्स पभावेणं, पालिज्जंतस्स सइ पयत्तेणं ।
जम्मंतरे वि जीवा, पावंति न दुक्खदोगच्चं ॥५॥
चिंतामणि अउव्वो, एयमपुव्वो व कप्परुक्खो त्ति ।
एयं परमो मंतो, एयं परमामयं एत्थ ॥६॥
इच्छं वेयावडियं, गुरूमाईणं महाणुभावाणं ।
जेसिं पभावेणेयं, पत्तं तह पालियं चेव ॥७॥
तेसिं नमो तेसिं नमो, भावेण पुणो वि तेसिं चेव नमो ।
अणुवकयपरहियरया, जे एयं दिंति जीवाणं ॥८॥
संलिहिऊणप्पाणं, एवं पच्चप्पिणित्तु[1] फलगाई ।
गुरुमाइए य सम्मं, खमाविउं भावसुद्धीए ॥९॥

१. फलकादीनि प्रत्यर्पयित्वा ।

उववूहिऊण सीसे, पडिबद्धे तंमि तह विसेसेण ।
धम्मे उज्जमियव्वं, संजोगा हि वियोगंता ॥१०॥

अह वंदिऊण देवे, जहाविहिं सेसए य गुरुमाई ।
पच्चखाईत्तु तओ, तयंतिए सव्वमाहारं ॥११॥

समभावंमि ठियप्पा, सम्मं सिद्धंतभणियमग्गेण ।
गिरिकंदरंमि गंतुं, पायवगमणं अह करेइ ॥१२॥

सव्वत्थापडिबद्धो, दण्डाययमाइ ठाणमिह ठाउं ।
जावज्जीवं चिट्ठइ, निचिट्ठो पायवसमाणो ॥१३॥

पढमिल्लुयसंघयणे, महाणुभावा करेंति एवमिणं ।
पायं सुहभावच्चिय, निच्चलपयकारणं परमं ॥१४॥'' तथा –

''इंगियदेसंमि सयं, चउव्विहाहारचायनिप्पन्नं ।
उव्वत्तणाइजुत्तं, नन्नेण उ इंगिणीमरणं ॥१॥''

तथा- ''भत्तपरिण्णाणसणं, तिचउव्विहाहारचायनिप्फन्नं ।
सपडिकम्मं[१] नियमा, जहासमाही विणिद्दिट्ठं ॥१॥'' ति ।

तथा – अवमं ऊनं उदरं जठरं अवमोदरं, तस्य करणं - करोत्यर्थे- ''णिज् बहुलं नाम्नः कृगादिषु'' ( ३-४-४२ ) इति णिजि चावमोदरिका । सा च द्रव्यत उपकरणभक्तपान-विषया प्रतीता, भावतस्तु क्रोधादित्याग इति । तथा वृत्तेः भिक्षाचर्यारूपायाः सङ्क्षेपो अभि-ग्रहविशेषात् सङ्कोचनं वृत्तिसङ्क्षेपः । भिक्षाचर्यायां चाभिग्रहा द्रव्यादिविषयतया चतुर्विधाः, तत्र द्रव्यतोऽलेपकृताद्येव द्रव्यं ग्रहीष्ये, क्षेत्रतः परग्रामगृहपञ्चकादिलब्धं, कालतः पूर्वाह्णादौ, भावतो गानादिप्रवृत्तात् लब्धमिति । तथा – रसाः क्षीरादयः, तत्परित्यागः रसपरित्यागः । तथा – कायक्लेशः शरीरक्लेशनं, स च शिरोलोचवीरासनादिरनेकधा । तथा – प्रतिसंली-नता गुप्तता, सा चेन्द्रियकषाययोगविषया विविक्तशयनासनता चेति । उक्तं बाह्यं तपः । उवसम्पन्नो इत्यादि पूर्ववदिति ॥१३॥

तथा –

टीકાર્થ :-

बाह्यमपि च षड्विधं तपःकर्म - અને બાહ્ય પણ છ પ્રકારના તપકર્મને.

- કરાતો બાહ્યતપ લૌકિકો (બાહ્ય દૃષ્ટિવાળાઓ) વડે પણ તપ તરીકે જણાતો હોવાથી, અને

१. सप्रतिकर्म ।

- મોટે ભાગે તે બાહ્ય શરીરને તપાવતો હોવાથી તે બાહ્ય તપ કહેવાય છે.

ગાથામાંના 'अपि' અને 'च' સમુચ્ચય માટે છે.

શરીર અને કર્મોને તપાવે એટલે કે (दुनोति) બાળે તે તપ. તેનું કર્મ એટલે કે ક્રિયા તે તપકર્મ એટલે કે તપનું અનુષ્ઠાન. બાહ્યતપ છ પ્રકારે છે - અનશન, અવમૌદરિકા (ઊણોદરી), વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલીનતા.

**૧. અનશન** - ભોજન ન કરવું=આહારત્યાગ. તે બે પ્રકારે છે - ઈત્વર અને યાવત્કથિક. તેમાં ઈત્વર અનશન વર્તમાન શ્રી મહાવીરસ્વામીના તીર્થમાં ચતુર્થ=એક ઉપવાસથી માંડીને ૬ મહિના સુધીનું હોય છે. [પ્રથમ તીર્થંકરના તીર્થમાં ઉત્કૃષ્ટથી ૧ વર્ષ અને મધ્યમ ૨૨ તીર્થંકરોના તીર્થમાં ઉત્કૃષ્ટથી ૮ મહિનાનું હોય છે.]

યાવત્કથિક અનશન આજન્મભાવી એટલે કે આજીવન હોય છે. તે ત્રણ પ્રકારે - પાદપોપગમન, ઇંગિતમરણ અને ભક્તપરિજ્ઞા.

**પાદપોપગમન** - પાદપ એટલે વૃક્ષ. કપાઈને પડેલા વૃક્ષની જેમ ઉપગમન એટલે કે અત્યંત ચેષ્ટારહિતપણે અવસ્થાન (=રહેવું તે) જે અનશનમાં છે તે પાદપોપગમન અનશન.

**ઇંગિતમરણ** - ઇંગિત એટલે કે નિયમિત - નક્કી કરેલા દેશમાં જ ચેષ્ટા કરવા પૂર્વક મરણ=મરણપ્રતિજ્ઞા જેમાં છે તે ઇંગિતમરણ અનશન.

**ભક્તપરિજ્ઞા (ભક્તપ્રત્યાખ્યાન)** - ભક્ત=ભોજન, તેનું જ પ્રત્યાખ્યાન જેમાં છે, ચેષ્ટા વગેરેનું પ્રત્યાખ્યાન=વર્જન નથી, તે ભક્તપ્રત્યાખ્યાન.

**૧. પાદપોપગમન અનશન** - [પાદપોપગમન અનશન બે પ્રકારનું છે. સવ્યાઘાત અને નિર્વ્યાઘાત. તેમાં સવ્યાઘાત=વ્યાઘાતવાળું પાદપોપગમન અનશન આયુષ્ય દીર્ઘ હોવા છતાં કોઈ તેવા પ્રકારના આકરા વ્યાધિની પીડાથી અથવા સિંહ વગેરેના આક્રમણથી ઉત્પન્ન થયેલી મહાવેદનાથી 'હવે આયુષ્યને ઉપક્રમ લાગશે (લાંબું જીવી શકાશે નહીં)' એમ જાણી શકે તેવા ગીતાર્થને હોય છે.]

અહીં=સવ્યાઘાત પાદપોપગમન અનશનમાં આ ગાથા છે -

"સિંહ વગેરેના આક્રમણથી પરાભવ પામેલો છતાં સ્થિરચિત્તવાળો કોઈ ગીતાર્થ જ જ્ઞાનથી આયુષ્યનો અંત જાણીને પાદપોપગમન અનશન કરે." (પંચવસ્તુક ગા. ૧૬૨૦)

આ (ઉપર કહ્યું તે) સાધુનું સવ્યાઘાત અનશન કહ્યું.

નિર્વ્યાઘાત પાદપોપગમન અનશન - સૂત્ર અને અર્થ વડે નિષ્ઠિત થઈને [એટલે કે સૂત્ર અને અર્થ ભણી, શિષ્યોને ભણાવી લીધા પછી], ઉત્સર્ગથી ૧૨ વર્ષ પરિકર્મ (સંલેખના) કરીને યોગ્ય કાળે જે કરાય તે નિર્વ્યાઘાત અનશન.

૧૨ વર્ષ પરિકર્મની વિધિ આ પ્રમાણે છે -

"(પારણે વિગઈઓ વાપરવાપૂર્વક) ચાર વર્ષ છટ્ઠ વગેરે વિચિત્ર તપ કરે, ચાર વર્ષ પારણું વિગઈઓ વિના કરે, તે પછી બે વર્ષ આયંબિલ - ઉપવાસ એકાંતરે કરે. ॥૧॥

(તે પછીના અગિયારમા વર્ષે) છ મહિના અતિ આકરો તપ ન કરે, ઉપવાસ-છઠ્ઠ વગેરે કરે અને પારણે પરિમિત (ઊણોદરી સહિત) આયંબિલ કરે. તે પછીના છ મહિના વિકૃષ્ટ (અઠ્ઠમ વગેરે) તપ કરે. (તેમાં પારણે આયંબિલ પરિપૂર્ણ=ઊણોદરી વગર કરે.) ।।૨।।

(તે પછીના બારમા વર્ષે) આખું વર્ષ કોટી સહિત (=પ્રતિદિન) આયંબિલ કરે. (તેમાં ક્રમશઃ આહાર ઘટાડે. રોજ એક એક કોળિયો ઓછો કરતાં છેલ્લે એક જ કોળિયો આહાર વાપરે. પછી એક કોળિયામાંથી પણ એક એક દાણો ઘટાડતાં યાવત્ છેલ્લે એક જ દાણો વાપરે. તેમાં છેલ્લા ચાર મહિના એકાંતરે તેલનો કોગળો લાંબા કાળ સુધી મુખમાં ભરી રાખે. પછી રાખમાં પરઠવી દે. આમ ન કરે તો વાયુથી સૂકાઈ જવાથી મુખ બંધ થઈ જતાં સંભવ છે કે છેલ્લા સમયે શ્રી નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ પણ ન કરી શકે.) એમ સંઘયણ, શક્તિ આદિને અનુસારે અડધું કે અડધાથી પણ ઓછું (છ-ત્રણ વર્ષ) વગેરે પણ કરે. ।।૩।।" [પંચવસ્તુક ગાથા ૧૫૭૪-૭૫-૭૬]

સંલેખના શા માટે કરે ? તે કહે છે -

"શરીરની સંલેખના ન કરી હોય તો અચાનક માંસ વગેરે ધાતુઓ એક સાથે ક્ષીણ થતાં જીવને મરણકાળે આર્ત્તધ્યાન થાય. ।।૪।।"

વળી -

"(સંલેખના કરનાર) જિનેશ્વર પરમાત્માએ કહેલા ધ્યાનયોગ વડે ભાવની પણ સંલેખના કરે. (ભૂતાર્થ=)યથાવસ્થિત પદાર્થોની ભાવનાઓ વડે બોધિ(=સમ્યગ્દર્શન)ના મૂળને મજબૂત કરે. (વૃદ્ધિ કરે.) ।।૧।।

વળી તે કાળે ભાવિત આત્માવાળો સંલેખના કરનાર વિશેષથી સંસારરૂપી મહાસમુદ્રનું સ્વભાવથી નિર્ગુણપણું વિચારે. ।।૨।।

(સંસારનું નિર્ગુણપણું આ રીતે વિચારે -)

આ સંસારરૂપી સાગર

- જન્મ, જરા (ઘડપણ) અને મરણરૂપી પાણીથી ભરેલો છે.
- અનાદિ છે.
- (વ્યસન=)આપત્તિઓરૂપી જળચર પ્રાણીઓથી ભરેલો છે.
- જીવો માટે દુઃખનું કારણ છે.
- કષ્ટદાયક છે અને
- રૌદ્ર=ભયંકર છે. ।।૩।।

હું ધન્ય છું કે જે મેં આ અપાર ભવસમુદ્રમાં લાખો ભવોમાં પણ દુર્લભ એવું સદ્ધર્મરૂપી યાન=વહાણ મેળવ્યું છે. ।।૪।।

સદા પ્રયત્નપૂર્વક પાલન કરાતા (અથવા सइ=सकृत्=એક વાર પણ પ્રયત્નપૂર્વક પાલન

કરાયેલા) એવા આ સદ્ધર્મરૂપી યાનના પ્રભાવે જન્માંતરે પણ જીવો દુઃખ અને દુર્ગતિને પામતા નથી. ।।૫।।

આ સદ્ધર્મરૂપી યાન

- અપૂર્વ ચિંતામણિ છે,
- અપૂર્વ કલ્પવૃક્ષ છે,
- પરમ મંત્ર છે,
- આ ભવસમુદ્રમાં પરમ અમૃત છે. ।।૬।।

એટલે જેમના પ્રભાવથી આ સદ્ધર્મરૂપી યાન મળ્યું અને તેનું પાલન કર્યું એ મહાનુભાવ ગુરુ વગેરેની વૈયાવચ્ચ કરવી જોઈએ. ।।૭।।

જેઓ પોતાના પર ઉપકાર ન કરાયો હોવા છતાં પરહિતમાં રત (તત્પર) છે અને આ સદ્ધર્મરૂપી યાન જીવોને આપે છે તેઓને નમસ્કાર થાઓ, તેઓને નમસ્કાર થાઓ અને ભાવપૂર્વક ફરીથી તેઓને જ નમસ્કાર થાઓ. ।।૮।।

આ રીતે આત્માની [દ્રવ્યથી શરીરની અને ભાવથી કષાયોની] સંલેખના કરીને [એટલે કે પાતળા કરીને], ગૃહસ્થને પાછા આપવા યોગ્ય પાટ-પાટલા વગેરે પાછા આપીને અને ગુરુ વગેરેને સમ્યક્ રીતે ભાવવિશુદ્ધિપૂર્વક ખમાવીને.. ।।૯।।

શિષ્યોની ઉપબૃંહણા કરીને, તેને [સંલેખના કરનારને] પ્રતિબદ્ધ [એટલે કે તેની સાથે વિશેષ સંબંધવાળા] સાધુઓની વિશેષથી ઉપબૃંહણા કરીને ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ, કેમ કે સર્વ સંયોગો અંતે વિયોગને પામે છે. ।।૧૦।।

હવે દેવવંદન કરીને, વિધિપૂર્વક ગુરુ વગેરેને પણ વંદન કરીને, ગુરુ પાસે સર્વ આહારનું પ્રત્યાખ્યાન કરી.. ।।૧૧।।

પછી સમભાવમાં સ્થિર થયેલા આત્માવાળો અનશની સિદ્ધાંતમાં કહેલી વિધિ વડે પર્વતની ગુફામાં જઈને પાદપોપગમન કરે. ।।૧૨।।

સર્વત્ર [દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવમાં] અપ્રતિબદ્ધ થઈ દંડાયત [શરીરને દંડની જેમ લાંબું રાખવું] વગેરે સ્થાન [=આસન]માં રહી જીવે ત્યાં સુધી ચેષ્ટા વગર વૃક્ષની જેમ રહે. ।।૧૩।।

પ્રથમ સંઘયણવાળા મહાનુભાવ આત્માઓ આ રીતે આ અનશનને કરે છે. મોટે ભાગે શુભ ભાવ જ નિશ્ચલપદ=મોક્ષનું પરમ કારણ છે. ।।૧૪।।"

તથા -

૨. **ઇંગિનીમરણ :-** ઇંગિત એટલે કે નક્કી કરેલા પ્રદેશમાં, ચારે પ્રકારના આહારના ત્યાગપૂર્વક અને ઉદ્વર્તના (પડખું ફેરવવું) વગેરે બીજા પાસે ન કરાવતા પોતે સ્વયં કરવાપૂર્વક જે મરણ તે ઇંગિનીમરણ.

તથા -

**૩. ભક્તપરિજ્ઞા :-** ભક્તપરિજ્ઞા અનશન ત્રણ કે ચારે પ્રકારના આહારના ત્યાગપૂર્વક અને અનશન કરનારને સમાધિ રહે એ રીતે નિયમા સપ્રતિકર્મ કહેવાયેલું છે.

[પ્રતિકર્મ એટલે ફેરફાર. પ્રતિકર્મ સહિત હોય તે સપ્રતિકર્મ. ભક્તપરિજ્ઞામાં અનશની પોતે ઉદ્વર્તનાદિ કરી શકે અને બીજા પાસે પણ કરાવી શકે. જ્યારે ઇંગિનીમરણમાં પોતે જ પરિકર્મ કરે, બીજા પાસે ન કરાવે.]

બાહ્યતપના છ પ્રકારોમાંથી પહેલો પ્રકાર 'અનશન' પૂરો થયો.

**૨. અવમોદરિકા :-** અવમ એટલે ઊણું (અપૂર્ણ). ઉદર એટલે જઠર=પેટ. અવમ ઉદર તે અવમોદર. અવમોદર કરવું તે અવમોદરિકા. અહીં વ્યાકરણના "णिंज् बहुलं नाम्नः कृगादिषु" (૩-૪-૪૨) એ સૂત્રથી 'અવમોદર' શબ્દને 'કરવું' અર્થમાં णिज् (णिच्) પ્રત્યય લાગીને 'અવમોદરિકા' શબ્દ બન્યો છે. [णिज् પ્રત્યયમાં ण् અને ज् ઇત્ છે. માટે એ બંને વર્ણો ઊડી જતાં 'इ' પ્રત્યય રહ્યો. તેથી 'અવમોદરિ' શબ્દ બન્યો. સ્વાર્થિક 'क' પ્રત્યય લાગતાં સ્ત્રીલિંગમાં 'અવમોદરિકા' શબ્દ બન્યો.]

[એટલે કે જે તપમાં ખાનારનું પેટ ઊણું=અપૂર્ણ રહે તે અવમોદરિકા.]

તે બે પ્રકારે છે - દ્રવ્યથી અને ભાવથી.

દ્રવ્યથી અવમોદરિકા ઉપકરણને આશ્રયીને અને આહાર-પાણીને આશ્રયીને એમ બે પ્રકારની છે. ભાવથી અવમોદરિકા ક્રોધ વગેરે અંતરંગ શત્રુઓનો ત્યાગ કરવારૂપ છે.

**૩. વૃત્તિસંક્ષેપ :-** જેનાથી જીવાય તે વૃત્તિ=આજીવિકા. તે સાધુને ભિક્ષાચર્યાથી થાય. તે વૃત્તિનો અભિગ્રહવિશેષથી સંક્ષેપ=સંકોચન તે વૃત્તિસંક્ષેપ. ભિક્ષાચર્યામાં અભિગ્રહો દ્રવ્ય વગેરે ૪ના વિષયમાં હોવાથી ૪ પ્રકારના છે -

દ્રવ્યથી - અલેપકૃત (વાલ-ચણા વગેરે સૂકા દ્રવ્યો) વગેરે દ્રવ્યો જ ગ્રહણ કરીશ.

ક્ષેત્રથી - બીજા ગામમાંથી અથવા પાંચ વગેરે ઘરોમાંથી મળેલું જ ગ્રહણ કરીશ.

કાળથી - પૂર્વાહ્ન (દિવસનો પૂર્વભાગ) વગેરે કાળે જ ગ્રહણ કરીશ.

ભાવથી - ગીત ગાતો હોય તેવા કે અન્ય ચોક્કસ=અભિગ્રહ લેવાના સમયે ધારી રાખેલી પ્રવૃત્તિ કરતો હોય તેવા ભિક્ષાદાતા પાસેથી જ ગ્રહણ કરીશ.

**૪. રસપરિત્યાગ :-** રસો દૂધ વગેરે [છ વિગઈઓ અને મધ વગેરે ચાર મહાવિગઈઓ]. તેનો પરિત્યાગ તે રસપરિત્યાગ.

**૫. કાયક્લેશ :-** કાયા એટલે કે શરીરને 'ક્લેશ'=બાધા-પીડા ઉપજાવવી તે કાયક્લેશ. તે મસ્તકનો લોચ, વીરાસન વગેરે આસનોમાં રહેવું વગેરે અનેક પ્રકારનો છે.

**૬. પ્રતિસંલીનતા :-** ગુપ્તતા=ગોપવવાપણું. તે ૧. ઇન્દ્રિયોને, ૨. કષાયોને અને ૩ યોગોને ગોપવવાથી તથા ૪. વિવિક્ત (નિર્જનાદિ પ્રદેશોમાં) શયન-આસન કરવાથી (સૂવા-બેસવાથી) એમ ચાર પ્રકારે થાય છે.

૧ 'નામને 'कृ' (કરવું) વગેરે ધાતુઓના અર્થમાં બહુલતાએ (મોટે ભાગે) 'णिज्' વગેરે પ્રત્યયો લાગે છે.'

બાહ્ય તપ કહેવાઈ ગયો.

उपसम्पन्नो गुप्तः ... વગેરે પહેલાંની જેમ જાણવું. ॥૧૩॥

તથા -

ગાથા :-

**सत्त य भयट्ठाणाइं, सत्तविहं चेव नाणविब्भंगं ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥१४॥**

ગાથાર્થ :-

સાત ભયસ્થાનો અને સાત જ પ્રકારના વિભંગજ્ઞાનનો ત્યાગ કરતો અને ગુપ્તિઓ વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૧૪॥

ટીકા :-

सप्त **इहलोकादिभयभेदात् सप्तसंख्यानि,** भयं **मोहनीयप्रकृतिसमुत्थ आत्मपरिणामः, तस्य** स्थानानि **आश्रया** भयस्थानानि । **तत्र — मनुष्यादिकस्य सजातीयाद् अन्यस्मात् मनुष्यादेरेव सकाशाद्यद्भयं तदिहलोकभयम्, इहाधिकृतभीतिमतो जातौ लोक इहलोकः, ततो भयमिति व्युत्पत्तेः ॥१॥ तथा — विजातीयात्-तिर्यग्देवादेः सकाशान्मनुष्यादीनां यद्भयं तत्परलोकभयम् ॥२॥ तथा — आदीयत इत्यादानं धनं, तदर्थं चौरादिभ्यो यद्भयं तदादानभयम् ॥३॥ तथा — अकस्मादेव-बाह्यनिमित्तानपेक्षं गृहादिष्वेव स्थितस्य रात्र्यादौ भयमकस्माद्भयम् ॥४॥ तथा — वेदना-पीडा, तद्भयं वेदनाभयम् ॥५॥ तथा — मरणाद्भयम् प्रतीतमेव ॥६॥ तथा — अश्लोक-भयमकीर्तिभयमिति ॥७॥ तथा —** सप्तविधमेव **सप्तप्रकारमेव** नाणविब्भंगं **ति पूर्वापरनिपातनाद्विभङ्गज्ञानं, तत्र विरुद्धो वितथो वा अयथावस्तु भङ्गो-वस्तुविकल्पो यस्मिन् तद्विभङ्गं, तच्च तत् ज्ञानं च साकारत्वादिति विभङ्गज्ञानं मिथ्यात्वसहितावधिरित्यर्थः । तच्चैवं सप्तविधं —**

**एकदिशि लोकाभिगमः, एकस्यां दिशि एकया दिशा पूर्वादिकयेत्यर्थः, लोकाभिगमो लोकावबोध इत्येकं विभङ्गज्ञानं, विभङ्गता चास्य शेषदिक्षु लोकस्यानभिगमेन तत्प्रतिषेधनादिति १॥ तथा — पञ्चसु दिक्षु लोकाभिगमो नेकस्यां कस्याञ्चिदिति, इहापि विभङ्गता एकदिशि लोकनिषेधादिति २॥ तथा — क्रियाऽऽवरणो जीवः, क्रियामात्रस्यैव प्राणातिपातादेर्जीवैः क्रियमाणस्य दर्शनात् तद्धेतुकर्मणश्चादर्शनात्, क्रियैवावरणं कर्म यस्य स क्रियाऽऽवरणः, कोऽसौ ? जीव, इत्यवष्टम्भपरं यद्विभङ्गं तत्तृतीयम् । विभङ्गता चास्य कर्मणोऽदर्शनेनानभ्युपगमाद्, एवमुत्तरत्रापि विभङ्गता समवसेयेति ३॥ मुदग्रे जीवे, शरीरावगाहक्षेत्रबाह्याभ्यन्तरपुद्गलरचितशरीरो जीव इत्यवष्टम्भवत्, भवनपत्यादिदेवानां बाह्याभ्यन्तर-**

**पुद्गलपर्यादानतो वैक्रियकरणदर्शनादिति चतुर्थम् ४।। अमुदग्गे जीवे, देवानां बाह्याभ्यन्तर-पुद्गलादानविरहेण वैक्रियवतां दर्शनाद् अबाह्याभ्यन्तरपुद्गलरचितावयवशरीरो जीव इत्यध्य-वसायवत्पञ्चमम् ५।। रूविं जीवे, देवानां वैक्रियशरीरवतां दर्शनाद् रूप्येव जीव इत्येवमव-ष्टम्भवत् षष्ठमिति ६।। सव्वमिणं जीवा, वायुना चलतः पुद्गलकायस्य दर्शनात् सर्वमेवेदं वस्तु जीवा एव चलनधर्मोपेतत्वादिति एवं निश्चयवत् सप्तममिति ७।।** परिवज्जंतो **त्ति विभङ्गज्ञानो-पलब्धार्थप्ररूपणां परिहरन्नित्यर्थः ।** गुत्तो **इत्यादि पूर्ववदिति ।।१४।।**

**तथा-**

**ટીકાર્થ :-**

सप्त=ઈહલોકભય વગેરે સાત પ્રકારના હોવાથી સાત.

भयस्थानानि=મોહનીયકર્મની પ્રકૃતિ (ભયમોહનીય) વડે ઉત્પન્ન થયેલો આત્મપરિણામ તે ભય. તેના સ્થાનો એટલે કે આશ્રયો તે ભયસ્થાનો. તેના સાત પ્રકારો આ પ્રમાણે -

**૧. ઈહલોકભય :** [મનુષ્ય માટે મનુષ્ય સજાતીય. એ રીતે બાકીની ત્રણે ગતિઓ માટે પણ જાણવું.] મનુષ્ય વગેરેને સજાતીય અન્ય મનુષ્ય વગેરેથી જે ભય તે ઈહલોકભય. અહીં અધિકૃત ભયવાળા જીવની જે જાતિ છે તે જ જાતિમાં રહેલો લોક તે ઈહલોક અને તેનાથી જે ભય તે ઈહલોકભય - એ પ્રમાણે વ્યુત્પત્તિ છે.

**૨. પરલોકભય :** મનુષ્ય વગેરેને તિર્યંચ-દેવ વગેરે વિજાતીયથી જે ભય તે પરલોકભય.

**૩. આદાનભય :** જે ગ્રહણ કરાય તે આદાન એટલે કે ધન. તેના માટે [મારું ધન કોઈ લઈ જશે એવો] ચોર વગેરેથી જે ભય તે આદાનભય.

**૪. અકસ્માદ્ભય :** કોઈપણ બાહ્ય નિમિત્ત વિના ઘરમાં જ રહેલાને રાત્રિ વગેરે સમયે જે ભય તે અકસ્માદ્ભય.

**૫. વેદનાભય :** વેદના એટલે પીડા, તેનો ભય તે વેદનાભય. [ધર્મસંગ્રહવૃત્તિમાં આની જગ્યાએ આજીવિકાભય કહ્યો છે. નિર્ધનને 'હું દુષ્કાળમાં શી રીતે આજીવિકા ચલાવીશ?' વગેરે ભય તે આજીવિકાભય.]

**૬. મરણભય :** મરણથી ભય.

**૭. અશ્લોકભય :** લોકમાં અપકીર્તિ થવાનો ભય.

सप्तविधं चैव विभङ्गज्ञानम्=અને સાત જ પ્રકારના વિભંગજ્ઞાનને.

અહીં ગાથામાં नाणविब्भंगं શબ્દ છે તેનો પૂર્વાપર નિપાત કરવાથી [એટલે કે આગળનો શબ્દ नाण પાછળ કરવાથી અને પાછળનો विब्भंग શબ્દ આગળ કરવાથી] સંસ્કૃતમાં विभङ्गज्ञानं શબ્દ મળે છે. તેમાં - વિરુદ્ધ અથવા વિતથ એટલે કે વસ્તુ જેવા પ્રકારની છે એવા પ્રકારનો નહીં એવો [ભંગ=] વિકલ્પ જેમાં છે તે વિભંગ. વિભંગ એવું જ્ઞાન તે વિભંગજ્ઞાન. [એટલે કે વસ્તુ જે સ્વરૂપે છે એનાથી ઊલટા સ્વરૂપે અથવા અન્ય સ્વરૂપે વસ્તુને જણાવનાર જ્ઞાન તે વિભંગજ્ઞાન.] સાકાર હોવાથી તેને

જ્ઞાન કહેવાય છે. અર્થાત્ મિથ્યાત્વ સહિતનું જે અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાન.

તે આ રીતે સાત પ્રકારનું છે -

૧. एकदिशि लोकाभिगमः :- પૂર્વ વગેરે કોઈ એક જ દિશામાં લોક [=સર્વ જગત] છે એવો બોધ તે પ્રથમ વિભંગજ્ઞાન. આ જ્ઞાન બાકીની દિશાઓમાં લોક ન માનવા વડે તેનો પ્રતિષેધ કરતું હોવાથી વિભંગ(મિથ્યા)જ્ઞાન છે.

૨. पञ्चसु दिक्षु लोकाभिगमः :- કોઈપણ એક દિશાને છોડીને બાકીની પાંચ દિશાઓમાં લોક છે એવો બોધ એ બીજું વિભંગજ્ઞાન. અહીં પણ આ જ્ઞાન એક દિશામાં લોકનો નિષેધ કરતું હોવાથી વિભંગજ્ઞાન છે.

૩. क्रियावरणो जीवः :- જીવો વડે કરાઈ રહેલી પ્રાણાતિપાત વગેરે ક્રિયા જ માત્ર દેખાય છે, પણ [तद्धेतुकर्म=] તે ક્રિયા જેનો હેતુ=કારણ છે તેવું કર્મ [એટલે કે પ્રાણાતિપાતાદિ ક્રિયાઓ વડે બંધાતું કર્મ] તો દેખાતું નથી. માટે જીવ કર્મથી આવૃત્ત નથી, પણ 'ક્રિયા એ જ જીવનું આવરણ છે' આવું માનવામાં તત્પર જે વિભંગજ્ઞાન તે ત્રીજું વિભંગજ્ઞાન. કર્મ હોવા છતાં દેખાતું ન હોવાથી તેને ન માનવાથી આ વિભંગજ્ઞાન છે. આ રીતે આગળ પણ [તે-તે પદાર્થને ન માનવાથી અથવા વિપરીત માનવાથી] વિભંગતા જાણવી.

૪. मुदग्रो जीवः :- ભવનપતિ વગેરે દેવોનું વૈક્રિયશરીર પોતાના શરીરના અવગાહક્ષેત્રની બહારના અને અંદરના પુદ્‌ગલોના ગ્રહણપૂર્વક કરાતું દેખાય છે, તેથી જીવ 'મુદગ્ર' એટલે કે 'પોતાના શરીરના અવગાહક્ષેત્રની બહારના અને અંદરના પુદ્‌ગલોથી રચેલા શરીરવાળો છે.' આવી માન્યતાવાળું વિભંગજ્ઞાન તે ચોથું વિભંગજ્ઞાન. [વાસ્તવમાં તેવું નથી. જીવ પોતાના અવગાહક્ષેત્રમાંથી જ પુદ્‌ગલો ગ્રહણ કરે છે. વૈક્રિય શરીર બનાવવા માટે સમુદ્‌ઘાત દ્વારા જીવ શરીરની બહાર નીકળીને પછી પુદ્‌ગલ ગ્રહણ કરે છે, પણ પોતાના અવગાહક્ષેત્રની બહારથી ગ્રહણ કરતો નથી.]

૫. अमुदग्रो जीवः :- બાહ્ય અને અભ્યંતર પુદ્‌ગલોના ગ્રહણ વિના વૈક્રિય શરીર બનાવતા દેવોને જોઈને જીવ 'અમુદગ્ર' એટલે કે બાહ્ય-અભ્યંતર ક્ષેત્રમાં રહેલા પુદ્‌ગલોના ગ્રહણ વિના રચેલા અવયવોવાળા શરીરવાળો છે - આવા અધ્યવસાયવાળું વિભંગજ્ઞાન તે પાંચમું વિભંગજ્ઞાન. [પુદ્‌ગલના ગ્રહણ વિના શરીર બનતું નથી. તેથી આ વિભંગજ્ઞાન છે.]

૬. रूपी जीवः :- વૈક્રિયશરીરવાળા દેવો દેખાતા હોવાથી [શરીરને જ જીવ માનવાથી] 'જીવ રૂપી જ છે' એમ માનનારું તે છઠ્ઠું વિભંગજ્ઞાન.

૭. सर्वं जीवः :- વાયુ વડે ચલાયમાન પુદ્‌ગલોને જોઈને 'આ બધી જ વસ્તુઓ જીવો જ છે, કારણ કે ચલનધર્મથી યુક્ત છે' આવા નિશ્ચયવાળું તે સાતમું વિભંગજ્ઞાન.

परिवर्जयन्=વિભંગજ્ઞાન વડે જાણેલા પદાર્થોની પ્રરૂપણાનો ત્યાગ કરતો.

गुप्तः... વગેરેનો અર્થ પૂર્વવત્ જાણવો. ॥૧૪॥

તથા -

ગાથા :-

**पिंडेसणपाणेसण, उग्गहसत्तिक्कया महज्झयणा ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥१५॥**

ગાથાર્થ :-

પિંડૈષણા, પાનૈષણા, અવગ્રહપ્રતિમાઓ, સપ્તક્રિયા અને મહા-અધ્યયનોને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૧૫॥

ટીકા :-

पिण्डः **समयभाषया भक्तं, तस्य** एषणा **ग्रहणप्रकाराः**-पिण्डैषणाः, **ताश्चैताः** -

**"संसट्ठ १ मसंसट्ठा २ उद्धड ३, तह अप्पलेविया चेव ४ ।**
**उग्गहिया ५ पग्गहिया ६, उज्झियधम्मा ७ य सत्तमिया ॥१॥" [ प्रव.सारो. गा. ७३९ ]**

**तत्र** असंसृष्टा **हस्तमात्राभ्यां चिन्तनीया - "असंसट्ठे हत्थे असंसट्ठे**[१] **मत्ते अखरडिए त्ति वुत्तं भवइ" एवं गृह्णतः प्रथमा भवति । गाथायां सुखमुखोच्चारणार्थोऽन्यथा पाठः ।** संसृष्टाऽपि **ताभ्यामेव चिन्त्या "संसट्ठे हत्थे संसट्ठे मत्ते खरडिए त्ति वुत्तं भवइ" एवं गृह्णतो द्वितीया ।** उद्धृता **नाम स्थाल्यादौ स्वयोगेन भोजनजातमुद्धृतं ततो "असंसट्ठे हत्थे संसट्ठे मत्ते असंसट्ठे वा मत्ते संसट्ठे हत्थे" एवं गृह्णतस्तृतीया ।** अल्पलेपा **नाम अल्पशब्दोऽभाववाचकः निर्लेपं पृथुकादि गृह्णतश्चतुर्थी ।** अवगृहीता **नाम भोजनकाले शरावादिषूपहृतमेव भोजनजातं यत्ततो गृह्णतः पञ्चमी ।** प्रगृहीता **नाम भोजनवेलायां दातुमभ्युद्यतेन करादिना प्रगृहीतं यद्भोजनजातं भोक्तुं वा स्वहस्तादिना तद् गृह्णतः षष्ठी । उज्झितधर्मा नाम यत्परित्यागार्हं भोजनजातमन्ये च द्विपदादयो नावकाङ्क्षन्ति तत् अर्द्धत्यक्तं वा गृह्णतः सप्तमीति ॥७॥** पानैषणा **अप्येता एव नवरं चतुर्थ्यां नानात्वं-तत्र ह्यायामसौवीरकादि निर्लेपं विज्ञेयमिति ।**

'उग्गह'**त्ति-सूचकत्वादवग्रहप्रतिमा । अवगृह्यत इति** अवग्रहो **वसतिः, तत्प्रतिमा अभिग्रहा** अवग्रहप्रतिमाः, **तत्र पूर्वमेव विचिन्त्यैवम्भूतः प्रतिश्रयो मया ग्राह्यो नान्यथाभूत इति तमेव याचित्वा तद्गृह्णतः प्रथमा १ । तथा यस्य भिक्षो-रेवम्भूतोऽभिग्रहो भवति, तद्यथा — अहं च खल्वेषां साधूनां कृते अवग्रहं ग्रहीष्यामि, अन्येषां चावगृहे गृहीते सति वत्स्यामीति द्वितीया २ । प्रथमा सामान्येन, इयं तु गच्छान्तर्गतानां साम्भोगिकानामसांभोगिकानां चोद्युक्तविहारिणां यतस्तेऽन्योऽन्यार्थं याचन्त इति, तृतीया त्वियं—अन्यार्थमवग्रहं याचिष्ये, अन्यावगृहीते तु न स्थास्यामीति । एषा त्वहालंदिकानां**[२] **यतस्ते सूत्रावशेषमाचार्यादभिकाङ्क्षन्त आचार्यार्थं तं याचन्त इति ३ । चतुर्थी पुनरहमन्येषां कृतेऽवग्रहं न याचिष्ये, अन्यावगृहीते तु वत्स्यामीतीयं तु गच्छ**

१. गाथायां संसृष्टा प्रथमा, वृत्तौ असंसृष्टा प्रथमा । २. यथालन्दिकानां । यथालन्दिकाः कथञ्चिज्जिनकल्पिकसमाना गच्छनिर्गताः साधवः ।

एवाभ्युद्यतविहारिणां जिनकल्पाद्यर्थं परिकर्म कुर्व्वताम् ४ । पञ्चमी तु अहमात्मकृते अवग्रहमवग्रहीष्यामि न चापरेषां द्वित्रिचतुःपञ्चानामिति । इयं तु जिनकल्पिकस्येति ५ । षष्ठी पुनर्यदीयमवग्रहं ग्रहिष्यामि तदीयमेव चेत् कटादिसंस्तारकं ग्रहीष्यामि इतरथोत्कटुको वा उपविष्टो वा रजनीं गमिष्यामीत्येषाऽपि जिनकल्पिकादेरिति ६ । सप्तमी-एषैव पूर्वोक्ता नवरं यथाऽऽस्तृतमेव शिलादिकं गृहीष्यामि नेतरदिति ७ ।

तथा — सत्तिक्कय त्ति-सप्त सप्तैककाः अनुद्देशकतयैकसरत्वेनैकका अध्ययनविशेषा आचाराङ्गस्य द्वितीयश्रुतस्कन्धे द्वितीयचूडारूपाः, ते च समुदायतः सप्तेति कृत्वा सप्तैकका अभिधीयन्ते, तेषामेकोऽपि सप्तैकक इति व्यपदिश्यते तथैव नामत्वात्, एवं च ते सप्तेति, तत्र प्रथमः-स्थानसप्तैकको, द्वितीयो-नैषेधिकीसप्तैककः नैषेधिकी-स्वाध्यायभूमिः, तृतीयः-उच्चारप्रश्रवणविधिसप्तैककः, चतुर्थः-शब्दसप्तैककः, पञ्चमो-रूपसप्तैककः, षष्ठः-परिक्रिया-सप्तैककः, सप्तमः-अन्योऽन्यक्रियासप्तैकक इति । तथा- 'महज्झयण' त्ति सूत्रकृताङ्गस्य द्वितीयश्रुतस्कन्धे महान्ति प्रथमश्रुतस्कन्धाध्ययनेभ्यः सकाशाद् ग्रन्थतो बृहन्त्यध्ययनानि तानि च - पुण्डरीकं १, क्रियास्थानं २, आहारपरिज्ञा ३, प्रत्याख्यानक्रिया ४, अनाचारश्रुतं ५, आर्द्रककुमारीयं ६, नालन्दीयञ्चेति ७ । 'उवसंपन्नो जुत्तो' इत्यादि सूत्रं तु प्राग्वदिति ॥१५॥

तथा —

ટીકાર્થ :-

पिण्डैषणाः → પિંડ એટલે આગમની પરિભાષાથી ભોજન. તેની એષણા એટલે કે ગ્રહણના પ્રકારો તે પિંડૈષણા છે. તે સાત પ્રકારે -

"સંસૃષ્ટા-૧, અસંસૃષ્ટા-૨, ઉદ્ધૃતા-૩, અલ્પલેપા-૪, અવગૃહીતા-૫, પ્રગૃહીતા-૬ અને સાતમી ઉજ્ઝિતધર્મા-૭." ॥૧॥ [પ્રવચનસારોદ્ધાર ગા. ૭૩૯]

**૧. અસંસૃષ્ટા :-** અસંસૃષ્ટ એટલે ખરડાયેલું ન હોય તે. ગૃહસ્થ જે હાથથી અને પાત્રથી (વાસણથી) વહોરાવે તેના આધારે સંસૃષ્ટા અને અસંસૃષ્ટા વિચારવાની છે. ગૃહસ્થના હાથ અને પાત્ર બંને અસંસૃષ્ટ હોય તો તેના વડે ગ્રહણ કરનાર સાધુને પહેલી અસંસૃષ્ટા પિંડૈષણા થાય છે. સુખ પૂર્વક મુખેથી ઉચ્ચારણ થાય તે માટે ગાથામાં પહેલી અસંસૃષ્ટા કહેવાને બદલે સંસૃષ્ટા કહી છે.

**૨. સંસૃષ્ટા :-** સંસૃષ્ટા પણ હાથ અને પાત્ર વડે વિચારવાની છે. હાથ અને પાત્ર બંને સંસૃષ્ટ=ખરડાયેલા હોય તો તેના વડે ગ્રહણ કરનાર સાધુને બીજી સંસૃષ્ટા પિંડૈષણા થાય છે.

**૩. ઉદ્ધૃતા :-** ગૃહસ્થે પોતાના પ્રયોજને મૂળ ભાજનમાંથી બીજા ભાજનમાં [તપેલી વગેરેમાં] કાઢેલો પિંડ ઉદ્ધૃત કહેવાય. તેમાંથી અસંસૃષ્ટ હાથ અને સંસૃષ્ટ પાત્ર વડે અથવા અસંસૃષ્ટ પાત્ર અને સંસૃષ્ટ હાથ વડે[૧] ગ્રહણ કરતા સાધુને ત્રીજી ઉદ્ધૃતા પિંડૈષણા થાય.

**૪. અલ્પલેપા :-** અહીં 'અલ્પ' શબ્દ અભાવના અર્થમાં છે. નિર્લેપ [જેનાથી પાત્ર લેપાય-

૧. ઉપલક્ષણથી 'સંસૃષ્ટ હાથ અને સંસૃષ્ટ પાત્ર વડે' અને 'અસંસૃષ્ટ હાથ અને અસંસૃષ્ટ પાત્ર વડે' આ બંને ભાંગા પણ જાણી લેવા, કારણ કે પ્રવચનસારોદ્ધારમાં સંસૃષ્ટ કે અસંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ કે અસંસૃષ્ટ પાત્ર અને સાવશેષ કે નિરવશેષ દ્રવ્યની અષ્ટભંગી કહી છે.

ખરડાય નહીં તેવા] પૌંઆ વગેરે ગ્રહણ કરતા સાધુને ચોથી અલ્પલેપા પિંડૈષણા થાય.

**૫. અવગૃહીતા :-** ભોજન વખતે થાળી-વાટકી-વાટકા વગેરેમાં કાઢીને ભોજન કરનારને આપેલું જે ભોજન હોય તેમાંથી ભિક્ષા ગ્રહણ કરતા સાધુને પાંચમી અવગૃહીતા પિંડૈષણા થાય.

**૬. પ્રગૃહીતા :-** ભોજન વખતે જમવા બેઠેલાને પીરસવા માટે પીરસનારે હાથ વગેરેમાં જે ભોજન લીધું હોય તે જમવા બેઠેલો પોતે ગ્રહણ ન કરતાં સાધુને અપાવે તે અથવા જમવા બેઠેલાએ જમવા માટે પોતાના હાથ વગેરેમાં જે ભોજન લીધું હોય તે ગ્રહણ કરતા સાધુને છઠ્ઠી પ્રગૃહીતા પિંડૈષણા થાય.

**૭. ઉજ્ઝિતધર્મા :-** જે ભોજન તજી દેવા યોગ્ય હોય, જેને અન્ય દ્વિપદ [=માણસો-ભિખારીઓ] વગેરે ઇચ્છતા ન હોય તે ઉજ્ઝિતધર્મ કહેવાય. આવું ઉજ્ઝિતધર્મ અથવા અડધું ત્યજી દીધેલું ભોજન ગ્રહણ કરતા સાધુને સાતમી ઉજ્ઝિતધર્મા પિંડૈષણા થાય.

[આ સાતે પિંડૈષણાઓ ઉત્તરોત્તર વિશુદ્ધ છે, માટે આ ક્રમે નિર્દેશ કર્યો છે.

ગચ્છવાસી સાધુઓને આ સાતે પ્રકારની પિંડૈષણાની અનુજ્ઞા છે. ગચ્છબાહ્ય (જિનકલ્પી વગેરે) સાધુઓને પાછળની પાંચની અને બીજીમાં સાવશેષ દ્રવ્ય (વહોર્યા પછી પણ પૂરતું દ્રવ્ય બાકી રહેતું) હોય તો તેની અનુજ્ઞા છે. ચોથી સિવાયની આ સાતેમાં સંસૃષ્ટ કે અસંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ કે અસંસૃષ્ટ પાત્ર અને સાવશેષ કે નિરવશેષ દ્રવ્ય - આ ત્રણ પદોની અષ્ટભંગી થાય છે. - પ્રવચનસારોદ્ધાર.]

पानैषणाः - પાન એટલે પાણી. તેની એષણા એટલે કે ગ્રહણના પ્રકારો તે પાનૈષણા. તે પણ ઉપરોક્ત સાત પ્રકારે જાણવી, સિવાય કે ચોથી પાનૈષણામાં આટલો ફરક છે કે તેમાં ઓસામણ-કાંજી વગેરે નિર્લેપ=અલેપકૃત જાણવા.

अवग्रहप्रतिमाः - ગાથામાં 'उग्गह' શબ્દ છે તે સૂચક હોવાથી 'अवग्रहप्रतिमाः' એ પ્રમાણે સમજવું. જે ગ્રહણ કરાય [જેનો કબજો લેવાય] તે અવગ્રહ એટલે કે વસતિ [=રહેઠાણ=ઉપાશ્રય], તેની પ્રતિમાઓ એટલે કે અભિગ્રહો તે અવગ્રહપ્રતિમાઓ. તે સાત પ્રકારે આ પ્રમાણે -

**૧.** 'આવો-આવો અમુક પ્રકારનો ઉપાશ્રય મારે ગ્રહણ કરવો, અન્ય પ્રકારનો નહીં.' એ પ્રમાણે અગાઉથી જ વિચારીને [=અભિગ્રહ કરીને] તેવાની જ યાચના કરીને ગ્રહણ કરનારને પહેલી પ્રતિમા.

**૨.** જે ભિક્ષુને આવો અભિગ્રહ હોય કે 'હું આ સાધુઓ માટે અવગ્રહ ગ્રહણ કરીશ અને બીજા સાધુઓએ અવગ્રહ ગ્રહણ કર્યો હોય તેમાં રહીશ' એ સાધુને બીજી પ્રતિમા.

પહેલી પ્રતિમા સર્વસામાન્ય [સર્વ સાધુઓને ઉદ્દેશીને] છે. આ બીજી પ્રતિમા ગચ્છવાસી સાંભોગિક [એક માંડલીવાળા] કે અસાંભોગિક [ભિન્ન માંડલીવાળા] ઉદ્યતવિહારી સાધુઓને ઉદ્દેશીને છે, કેમ કે તેઓ એકબીજા માટે એ રીતે યાચના કરે છે.

**૩.** 'હું બીજાને માટે અવગ્રહની યાચના કરીશ, પણ બીજાએ યાચેલી વસતિમાં નહીં રહું.' એવો અભિગ્રહ તે ત્રીજી પ્રતિમા. આ પ્રતિમા 'યથાલંદિક' [વિશિષ્ટ નિરપેક્ષ યતિધર્મની આરાધના કરનારા] સાધુઓને હોય, કારણ કે તેઓ બાકી રહેલા સૂત્ર-અર્થ વસતિમાં રહેલા આચાર્ય પાસે ભણવાની અભિલાષાવાળા હોવાથી આચાર્ય માટે આવી રીતે વસતિની યાચના કરે છે.

**૪.** 'હું બીજા માટે અવગ્રહની યાચના નહીં કરું પણ બીજાએ યાચેલ અવગ્રહમાં રહીશ.' એવો

અભિગ્રહ તે ચોથી પ્રતિમા. આ પ્રતિમા ગચ્છમાં જ રહીને જિનકલ્પ વગેરે માટે પરિકર્મ [=અભ્યાસ] કરતા અભ્યુદ્યતવિહારીઓને હોય છે.

**૫.** 'હું મારા માટે જ અવગ્રહનું ગ્રહણ કરીશ. બીજા બે-ત્રણ-ચાર-પાંચ સાધુઓ માટે નહીં.' એવો અભિગ્રહ તે પાંચમી પ્રતિમા. આ પ્રતિમા જિનકલ્પીને હોય.

**૬.** 'જેનો અવગ્રહ ગ્રહણ કરીશ તેનું જ સાદડી(ચટાઈ) વગેરે જો સંથારા માટે મળશે તો ગ્રહણ કરીશ, નહીંતર ઊભડક રહીને કે બેસીને રાત્રી પસાર કરીશ.' એવો અભિગ્રહ તે છઠ્ઠી પ્રતિમા. આ પણ જિનકલ્પી વગેરેને હોય.

**૭.** સાતમી પ્રતિમા પણ છઠ્ઠીની જેવી જ છે, માત્ર 'સંથારા માટે શિલા વગેરે જે જેવું પાથરેલું હશે તેવું જ ગ્રહણ કરીશ, બીજું નહીં.' એવો અભિગ્રહ તે સાતમી પ્રતિમા.

सप्त सप्तैकका: = સાત સપ્તકિયા. આચારાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધની બીજી ચૂલારૂપે જે સાત અધ્યયનો છે તે ઉદ્દેશા વિનાના હોવાથી 'એકસરા' કહેવાય છે. તે સંખ્યામાં સાત હોવાથી સપ્તૈકક (સપ્તકિયા) કહેવાય છે. તેમાંનું પ્રત્યેક અધ્યયન પણ 'સપ્તૈકક' કહેવાય છે, કેમ કે તેઓનું એવું જ નામ છે. તે સાતેય સપ્તકિયાઓને..

તેમાં પ્રથમ સ્થાનસપ્તૈકક, બીજો નૈષેધિકીસપ્તૈકક (નૈષેધિકી=સ્વાધ્યાયભૂમિ), ત્રીજો ઉચ્ચારપ્રશ્રવણવિધિસપ્તૈકક [ઉચ્ચાર=મળ, પ્રશ્રવણ=મૂત્ર], ચોથો શબ્દસપ્તૈકક, પાંચમો રૂપસપ્તૈકક, છઠ્ઠો પરિક્રિયાસપ્તૈકક, સાતમો અન્યોન્યક્રિયાસપ્તૈકક.

महाऽध्ययनानि - સૂત્રકૃતાંગસૂત્રના બીજા શ્રુતસ્કંધના અધ્યયનો પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનો કરતાં ગ્રંથથી મોટા છે, માટે મહાધ્યયનો કહેવાય છે. તેના નામો આ પ્રમાણે - ૧. પુંડરીક, ૨. ક્રિયાસ્થાન, ૩. આહારપરિજ્ઞા, ૪. પ્રત્યાખ્યાનક્રિયા, ૫. અનાચારશ્રુત, ૬. આર્દ્રકકુમારીય અને ૭. નાલંદીય. આ સાતેય મહાધ્યયનોને.

उपसम्पन्नः युक्तः... વગેરે સૂત્રનો અર્થ પહેલાંની જેમ જાણવો. ॥૧૫॥

તથા -

**ગાથા :-**

**अट्ठ य मयट्ठाणाइं, अट्ठ य कम्माइं तेसिं बंधं च ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥१६॥**

**ગાથાર્થ :-**

આઠ મદસ્થાનો, આઠ કર્મો અને તેઓના બંધનો ત્યાગ કરતો અને ગુપ્તિઓ વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૧૬॥

**ટીકા :-**

अष्टौ **जातिकुलबलरूपतपऐश्वर्यश्रुतलाभभेदादष्टसङ्ख्यानि** मदस्थानानि **मदभेदाः । तत्र मातृकी विप्रादिका वा** जातिः, **पैतृकमुग्रादिकं वा** कुलं, **शक्तिः** बलं, **शरीरसौन्दर्यं** रूपं, **अन-**

**शनादि** तपः, **सम्पदः प्रभुत्वं** ऐश्वर्यं, **बहुशास्त्रज्ञता** श्रुतं, **अभिलषितवस्तुप्राप्तिः** लाभः । **अत्र च दोषः** —

**''जात्यादिमदोन्मत्तः, पिशाचवद्भवति दुःखितश्चेह ।**
**जात्यादिहीनतां, परभवे च निःसंशयं लभते ॥१॥''** [ **प्रशमरति : गा. ९८** ] **इति ।**

अष्टौ च **ज्ञानावरणदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायमूलप्रकृतिभेदादष्टसङ्ख्यानि** कर्म्माणि, तेसिं बन्धं च **इति तेषामष्टविधकर्मणां बन्धोऽभिनवग्रहणं, तं च । तद्वर्जनं च तद्धेतुपरिहारतः समवसेयं;** परिवर्जयन् **इत्यादि पूर्ववदिति ॥१६॥**

**तथा** —

**ટીકાર્થ :-**

अष्टौ मदस्थानानि - જાતિ, કુલ, બળ, રૂપ, તપ, ઐશ્વર્ય, શ્રુત અને લાભ એ આઠ મદના સ્થાનો એટલે કે મદના ભેદોને.. તેમાં

માતા સંબંધી અથવા વિપ્ર વગેરે જાતિ.

પિતા સંબંધી અથવા ઉગ્ર વગેરે કુળ.

બળ=શક્તિ.

રૂપ=શરીરસૌંદર્ય.

તપ=અનશન વગેરે.

ઐશ્વર્ય=સંપત્તિ-પ્રભુત્વ.

શ્રુત=ઘણા શાસ્ત્રોને જાણવાપણું.

લાભ=ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ.

મદમાં આ દોષ છે - ''જાતિ આદિ આઠ પ્રકારના મદથી ઉન્નત્ત=પરવશ થયેલ જીવ આ જ ભવમાં શુચિપિશાચ નામના બ્રાહ્મણની જેમ દુઃખી થાય છે તથા પરલોકમાં અવશ્ય જાતિ આદિની ન્યૂનતાને પામે છે, અર્થાત્ જાતિ આદિ આઠમાંથી જેનો જેનો મદ કરે તે-તે પરલોકમાં હીન(=હલકું) મળે.'' [પ્રશમરતિ ગા. ૯૮]

अष्टौ च कर्म्माणि=અને આઠ કર્મોને. મૂળ પ્રકૃતિના ભેદથી કર્મો આઠ છે - જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય.

तेषां बन्धं च=તે આઠ પ્રકારના કર્મોના બંધને. કર્મોના અભિનવ ગ્રહણને બંધ કહેવાય છે. કર્મોના બંધનો ત્યાગ તેના કારણોનો ત્યાગ કરવા દ્વારા જાણવો.

परिवर्जयन् गुप्तः... વગેરેનો અર્થ પહેલાંની જેમ જાણવો. ॥૧૬॥

તથા -

ગાથા :-

**अट्ठ य पवयणमाया, दिट्ठा अट्ठविहनिट्ठियट्ठेहिं ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥१७॥**

ગાથાર્થ :-

અને આઠે પ્રકારના કર્મો જેમના ક્ષય પામ્યા છે એવા જિનેશ્વર પરમાત્માઓએ જોયેલી આઠ પ્રવચનમાતાઓને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૧૭॥

ટીકા :-

अष्टौ **चेर्यासमित्यादिभेदादष्टसङ्ख्या एव, का ? इत्याह**-प्रवचनस्य **द्वादशाङ्गस्य मातर इव तत्प्रसूतिहेतुत्वात्** मातरो **जनन्यः** प्रवचनमातरः **तत्र सम्यगितिः प्रवृत्तिः** समितिः, ईर्यायां **गमने** समितिः **चक्षुर्व्यापारपूर्वतया इति** ईर्यासमितिः, **यदाह-ईर्यासमितिर्नाम रथशकटयानवाहनाक्रान्तेषु सूर्यरश्मिप्रतापितेषु प्रासुकविविक्तेषु पथिषु युगमात्रदृष्टिना भूत्वा गमनागमनं कर्तव्यमिति, अत्रोदाहरणं —**

**''एगो साहू समणगुणभाविओ इरियासमिईए जुत्तो विहरइ । एत्थंतरे सक्कस्स आसणं चलियं, पउत्तावही, साहुं दट्ठुं परमभत्तीए वंदइ पसंसइ य । देवसभामज्झगओ मिच्छदिट्ठी एगो देवो असद्दहंतो समागओ । साहुस्स विहारभूमिं पइ पइट्ठियस्स पुरओ मच्छियप्पमाणाओ[1] मण्डुक्कलियाओ विउव्वइ, पच्छओ य मउम्मत्तहत्थिं, तहावि गइं न भिंदइ, तओ हत्थिणा उक्खिविऊण भूमीए पाडिओ, न य सो भयवं नियसरीरं गणेइ, किंतु सत्ता मे मारिय त्ति जीवदयापरिणओ अच्छइ, देवो वि अचलियसत्तं साहुं पेहित्ता इंदवुत्तंतं निवेइत्ता देवलोगं गओ त्ति ।''**

**तथा** — भाषायां **भाषणे** समितिः **निरवद्यभाषणतो** भाषासमितिः, **आह च- ''भाषासमितिर्नाम हितमितासन्दिग्धभाषणम् ।'' अत्राप्युदाहरणम् —**

**कोई साहू भिक्खट्ठा नगररोहए निग्गंतुं बाहिरकडए हिंडंतो केणइ पुट्ठो, जहा —**

**''केवइय आसहत्थी, तह निचओ दारुधन्नमाईणं ।**
**निविन्नाऽनिविन्ना, नागरगा बेहि मं समिओ ॥१॥**
**बेइ न जाणामो त्ती, सज्झायज्झाणजोगवक्खित्ता ।**
**हिंडंता नवि पेच्छह, नवि सुणह य किह णु तो बेइ ॥२॥**

१. मक्षिकाप्रमाणाः मण्डूकिकाः ।

बहुं सुणेइ कण्णेहिं, बहुं अच्छिहिं पेच्छइ ।

न य दिट्ठं सुयं सव्वं, भिक्खू अक्खाउमरिहई ॥३॥" [ दशवैकालिकसूत्रम् : गा. ८/२० ]

तथा — एषणायां उद्गमादिदोषवर्जनतः समितिः एषणासमितिः, उक्तं च — "एषणासमितिर्नाम गोचरगतेन मुनिना सम्यगुपयुक्तेन नवकोटीपरिशुद्धं ग्राह्यमिति" । अत्र —

वसुदेवपुव्वजम्मो आहरणं, एसणासमिईए ।
मगहागोब्बरगामे, गोयमधिज्जाई चक्कयरो[१] ॥१॥

तस्स य धारिणि भज्जा, गब्भो तीए कयाइ आहओ ।
धिज्जाइ मओ छम्मासगब्भधिज्जाइणी जाए ॥२॥

माउलसंवड्ढणकम्मकरण वेयारणा य लोगेणं ।
नत्थि तुह एत्थ किंचि वि, तो बेई माउलो तं च ॥३॥

मा सुण लोगस्स तुमं, धूयाओ तिन्नि तेसि जेट्ठयरं ।
दाहामि करे कम्मं, पकओ[२] पत्तो य वीवाहो ॥४॥

सा नेच्छती विसन्नो, माउलओ बेति बीय दाहामि ।
सा वि य तहेव णेच्छइ, तइयत्ती णेच्छइ सा वि ॥५॥

निव्विन्न नंदिवद्धणआयरियाणं सगासे निक्खंतो ।
जाओ छट्ठक्खमओ, गिण्हइ य अभिग्गहमिमं तु ॥६॥

बालगिलाणादीणं, वेयावच्चं मए उ कायव्वं ।
तं कुणइ तिव्वसद्धो, खायजसो सक्कगुणकित्ती ॥७॥

असद्दहण देवस्स आगमो कुणइ दो समणरूवे ।
अइसारगहियमेगो, अडविठिओ अइगओ बीओ ॥८॥

बेइ गिलाणो पडिओ, वेयावच्चं तु सद्दहे जो उ ।
सो उट्ठेउण खिप्पं, सुयं च तं नंदिसेणेण ॥९॥

छट्ठोववासपारणगमाणियं, कवलघेत्तुकामेणं ।
तं सुयमित्तं रंहसुट्ठिओ[३] य, भण केण कज्जंति ॥१०॥

पाणगदव्वं व तहिं, जं नत्थि तेण बेइ कज्जं तु ।
निग्गय हिंडंतो कुणयणेसणं नवि य पेल्लेइ[४] ॥११॥

१. ताम्रभाजनधारकः । २. आरब्धः । ३. शीघ्रं । ४. विराधयति ।

इय एक्कवार बिइयं च, हिंडिउं लद्ध तइयवारंमि ।
अणुकंपाए तुरंतो, तओ गओ तस्सगासं तु ॥१२॥
खरफरुसनिठ्ठुरेहि य, अक्कोसइ सो गिलाणओ रुट्ठो ।
हे मन्दभग्ग ! फुक्किय[1], तूससि तं नाममेत्तेण ॥१३॥
साहुवगारित्ति अहं, नामत्थं ( वहसीति गम्यते ) अह समुद्दिसिउमाउ(ओ) ।
एयावत्थाए अहं, तं अच्छसि भत्तलोहिल्लो ॥१४॥
अमियमिव मन्नमाणो, तं फरुसगिरं तु सो असंभंतो ।
चलणगओ खामेई, धुयइ य तं असुइमललित्तं ॥१५॥
उठ्ठेह वयामोत्ती, तह काहामी जहा उ अचिरेण ।
होहिह निरुया तुब्भे, बेई न चएमि गंतुं जे ॥१६॥
आरुह ता पट्ठीए, आरूढो ताहे तो पयारं[2] च ।
परमासुइदुग्गंधं, मुयई पट्ठीए फरुसं च ॥१७॥
बेइ गिरं धिद्धी मुंडिय, वेगविघाओ कओत्ति दुक्खविओ ।
इय बहुविहमक्कोसई, पए पए सो वि भगवं तु ॥१८ ॥
न गणेइ फरुसगिरं, न यावि तं तारिसं असुइगंधं ।
चंदणमिव मन्नंतो, मिच्छामिह दुक्कडं भणइ ॥१९ ॥
चिंतेइ कह करेमी ?, किह हु समाही भवेज्ज साहुस्स ? ।
इय बहुविहप्पयारं, नवि तिन्नो जाहे खोभेउं ॥२०॥
ताहे अभित्थुणंतो गओ तओ, आगओ य इयरो उ ।
आलोइए गुरूहिं, धन्नो त्ति तओ अणुसिट्ठो ॥२१ ॥
जह तेण एसणा नो भिन्ना, इय एसणाइ जइयव्वं ।
सव्वेण सया अहीणभावओ सुद्धजोएणं ति ॥२२ ॥

ટીકાર્થ :-

अष्टौ च प्रवचनमातरः - અને આઠ પ્રવચનમાતાઓને.

તે ઈર્યાસમિતિ વગેરે ભેદથી આઠની જ સંખ્યાવાળી છે. પ્રવચન=દ્વાદશાંગની ઉત્પત્તિની કારણ હોવાથી માતાની જેમ માતા તે પ્રવચનમાતા.

[તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળીને આઠ છે.]

१. व्यर्थं, 'फोगट' इति भाषायां । २. बृहन्नीतिः ।

તેમાં સમ્યક્ રીતે ઇતિ=પ્રવૃત્તિ તે સમિતિ. [તે પાંચ પ્રકારે છે -]

**૧. ઈર્યાસમિતિ** :- ઈર્યા=ગમનમાં સમિતિ એટલે કે આંખો વડે જોવાપૂર્વક ગમન કરવું તે ઇર્યાસમિતિ. કહ્યું છે -

- રથ, ગાડું, યાન વગેરે વાહનો વડે આક્રાંત એટલે કે એ વાહનોની અવરજવરવાળા,

- સૂર્યના કિરણો વડે પ્રતાપિત એટલે કે જેના પર સૂર્યના કિરણો પડતા હોય તેવા (અજવાળામાં) અને

- પ્રાસુક=અચિત્ત અને વિવિક્ત=ત્રસાદિ જીવોથી રહિત એવા માર્ગો ઉપર યુગ પ્રમાણ [=સાડા ત્રણ હાથ સુધી અથવા મતાંતરે ચાર હાથ સુધી] દૃષ્ટિ રાખીને ગમનાગમન કરવું તે ઇર્યાસમિતિ છે.

અહીં ઉદાહરણ - શ્રમણગુણો વડે ભાવિત અને ઇર્યાસમિતિ વડે યુક્ત એવા એક સાધુ વિચરે છે. આ દરમિયાન શક્ર=ઇન્દ્રનું આસન ચલિત થયું. ઇન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. સાધુને જોઈને પરમ ભક્તિથી વંદન-નમસ્કાર કરે છે અને પ્રશંસા કરે છે. દેવસભામાં રહેલા એક મિથ્યાદૃષ્ટિ દેવને ઇન્દ્રે કરેલી સાધુની પ્રશંસા ઉપર શ્રદ્ધા ન થઈ. તે નીચે આવ્યો. વિહારભૂમિ (સ્થંડિલભૂમિ) તરફ જઈ રહેલા તે સાધુની સામે માખીના શરીર પ્રમાણ દેડકીઓ વિકુર્વી. પાછળ મદોન્મત્ત હાથી વિકુર્વ્યો. છતાં પણ તે સાધુ ગતિને ભેદતા નથી. [હાથીથી ડરીને આડાઅવળા જતા નથી.] ત્યાં હાથીએ એમને ઉપાડીને ભૂમિ પર પાડ્યા, છતાં પણ તે સાધુ ભગવાન પોતાના શરીરને ગણતા નથી, પણ મારા શરીર વડે જીવો મર્યા એવી ચિંતાવાળા અને જીવદયા વડે પરિણત છે.

દેવ પણ તે સાધુને [વિભંગજ્ઞાન વડે] અચલિત સત્ત્વવાળા જોઈને [પોતાની લીલા સંહરી લઈ, પ્રગટ થઈ, પગે પડી] ઇન્દ્રનો વૃત્તાંત તેમને કહીને દેવલોક ગયો.

**૨. ભાષાસમિતિ** :- ભાષામાં એટલે કે ભાષણમાં નિરવદ્ય બોલવા વડે જે સમિતિ તે ભાષાસમિતિ. કહ્યું છે -

"હિત[=બોલનાર અને સાંભળનાર બંનેને હિતકારી], મિત[=પ્રમાણસર, વધુ પડતું નહીં] અને અસંદિગ્ધ[=સાંભળનારને શંકા ન રહે, સ્પષ્ટ સમજાઈ જાય તેવું] બોલવું એ ભાષાસમિતિ છે."

અહીં પણ ઉદાહરણ - [પરચક્ર=શત્રુ રાજા વડે] નગરનો રોધ થયે છતે કોઈ સાધુ ભિક્ષા માટે નગરમાંથી નીકળી બહાર [પરસૈન્યમાં] ગોચરી માટે ફરતા કોઈ વડે પૂછાયા -

"અહીંના રાજા પાસે ઘોડા-હાથી કેટલા છે ? દારૂગોળા-ધાન્ય વગેરેનો સંગ્રહ કેટલો છે ? નગરજનો નિર્વિણ્ણ[કંટાળેલા] છે કે અનિર્વિણ્ણ છે ? તેઓ [યુદ્ધવિષયમાં] શું બોલે છે ?" ॥૧॥

સાધુએ કહ્યું - "સ્વાધ્યાય અને ધ્યાનના યોગમાં વ્યાક્ષિપ્ત [=રોકાયેલા ચિત્તવાળા] હોવાથી અમે જાણતા નથી".

તેણે કહ્યું - "શું તમે હાલતા-ચાલતા કંઈ જોતા કે સાંભળતા નથી ?" ॥૨॥

સાધુએ કહ્યું - "સાધુ કાન વડે ઘણું સાંભળે છે અને આંખ વડે ઘણું જુએ છે, પણ જોયેલું અને સાંભળેલું બધુ કહેવા માટે સાધુ અધિકારી નથી." ॥૩॥ [દશવૈકાલિકસૂત્ર ૮/૨૦]

તથા -

**૩. એષણાસમિતિ** :- એષણા એટલે કે અન્ન-પાણી વગેરેના ગ્રહણમાં જે ઉદ્ગમાદિ દોષોના ત્યાગરૂપ સમિતિ તે એષણાસમિતિ. કહ્યું છે -

"ભિક્ષા માટે ગયેલા સાધુએ સમ્યક્=સારી રીતે ઉપયોગપૂર્વક નવકોટીપરિશુદ્ધ ગ્રહણ કરવું તે એષણાસમિતિ."

[સંપૂર્ણ પિંડવિશુદ્ધિ સંક્ષેપથી નવકોટિમાં આવી જાય છે. તે નવ કોટિ આ પ્રમાણે - સાધુ સ્વયં હણે (સચિત્તનું અચિત્ત કરે) નહીં, ખરીદે નહીં અને અગ્નિથી પકાવે નહીં એ ત્રણ, એમ બીજા પાસે એ ત્રણ પૈકી કોઈ આરંભ કરાવે નહિ એ ત્રણ, તથા બીજો વિના પ્રેરણાએ પણ સાધુને વહોરાવવા માટે એ ત્રણ પૈકી કોઈ આરંભ કરે તો અનુમોદે પણ નહિ એ ત્રણ - એમ કુલ નવ કોટિ થાય છે.]

અહીં એષણાસમિતિમાં વસુદેવનો પૂર્વજન્મ દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે -

મગધ દેશમાં ગોબર ગામમાં ગૌતમ નામનો બ્રાહ્મણ (ચક્કર=)તાંબાનું ભાજન ધારણ કરનાર (ભિખારી?) (અથવા ચક્રચર-કુંભારના ચક્રની જેમ જે ભિક્ષાર્થી ગામ વિગેરેમાં ચરે=ફરે તે ચક્રચર=ભિક્ષાચર કહેવાય છે.) હતો. ॥૧॥

તેને ધારિણી નામની પત્ની હતી. તેણીને એકવાર ગર્ભ રહ્યો. ગર્ભ છ માસનો થયો ત્યાં બ્રાહ્મણ મૃત્યુ પામ્યો અને પુત્રનો જન્મ થતાં બ્રાહ્મણી મૃત્યુ પામી. ॥૨॥

મામાએ મોટો કર્યો. મામાના ઘરના કામ કરે છે. લોકો તેને કહે છે - [તું મામાનું બધું કરે છે, પણ] અહીં તારું કાંઈ નથી. [વારંવાર લોકો પાસેથી આવું સાંભળતાં-સાંભળતાં તેને હવે મામાના ઘરના કામમાંથી રસ ઓછો થવા લાગ્યો. ત્યારે-] મામા તેને કહે છે - ॥૩॥

તું લોકોની વાત ન સાંભળ. મારે ત્રણ દીકરીઓ છે. એમાંથી મોટી તારા હાથમાં આપીશ. [આ પ્રમાણે મામા વડે સમજાવાતાં તે ફરી] કામ કરવા લાગ્યો. લગ્ન આવી પહોંચ્યા. ॥૪॥

તેણી [મામાની મોટી કન્યા] તેને ઇચ્છતી નથી. માટે તે ખેદ પામ્યો. મામાએ કહ્યું - બીજી દીકરી આપીશ. પણ તેણી પણ તે જ પ્રમાણે તેને ઇચ્છતી નથી. [ત્યારે મામા ત્રીજી આપવાનું કહે છે. પણ] તેણી પણ તેને ઇચ્છતી નથી. ॥૫॥

તે નિર્વેદ (વૈરાગ્ય) પામ્યો. નંદિવર્ધન આચાર્ય પાસે દીક્ષા લીધી. છટ્ઠના પારણે છટ્ઠ કરે છે અને આ પ્રમાણે અભિગ્રહ લે છે - ॥૬॥

મારે બાલ, ગ્લાન વગેરેની વૈયાવચ્ચ કરવી. તીવ્ર શ્રદ્ધાપૂર્વક વૈયાવચ્ચ કરે છે. તેનો યશ પ્રખ્યાત થયો. ઇન્દ્રે તેના ગુણની પ્રશંસા કરી. ॥૭॥

તેના પર શ્રદ્ધા ન કરતો એક દેવ આવ્યો. તેણે બે સાધુઓના રૂપ કર્યા. અતિસાર[=ઝાડા] વડે ગ્રહીત એક સાધુ જંગલમાં રહ્યો અને બીજો ત્યાં [જ્યાં નંદિષેણ મુનિ હતા તે ઉપાશ્રયમાં] પહોંચ્યો ॥૮॥

કહે છે - ગ્લાન સાધુ પડ્યો છે. જે વૈયાવચ્ચ પર શ્રદ્ધા કરતો હોય તે જલદીથી ઊઠે. નંદિષેણ મુનિએ તે સાંભળ્યું. ॥૯॥

તે છઠ્ઠના પારણે લાવેલી ગોચરીનો કોળિયો લેવાની તૈયારીમાં હતા. સાંભળતાં જ તે તરત ઊઠ્યા અને કહ્યું - બોલો, શેનું કામ છે ? [શેની જરૂર છે ?] ॥૧૦॥

તે સાધુએ કહ્યું - ત્યાં [પેલા મુનિ છે તે જંગલમાં] પાણી નથી. માટે પાણીનું કામ છે.

નંદિષેણ મુનિ પાણી વહોરવા નીકળ્યા, પણ તે દેવ અનેષણા કરે છે. [દોષિત કરી દે છે.] માટે પાણી મળતું નથી. છતાં તેઓ એષણાસમિતિનું ઉલ્લંઘન કરતા નથી. ॥૧૧॥

બીજી વાર નીકળ્યા છતાં ન મળ્યું. ત્રીજી વાર નીકળ્યા ત્યારે મળ્યું. અનુકંપા[=ભક્તિ]થી તેઓ તરત તે ગ્લાનસાધુ પાસે ગયા. ॥૧૨॥

ગુસ્સે થયેલો તે ગ્લાન સાધુ આકરા, કઠોર અને નિષ્ઠુર વચનો વડે તેના પર આક્રોશ કરે છે. કહે છે - હે મંદભાગ્યવાળા ! તું 'હું સાધુનો ઉપકારી છું' એવી તારી પ્રસિદ્ધિમાત્રથી (फुक्किय=व्यर्थं=) ફોગટ ખુશ થાય છે. આવી પ્રસિદ્ધિને તું નામપૂરતી જ વહન કરે છે. હું આવી અવસ્થામાં છું અને તું ભોજનનો લોભી ગોચરી વાપરવા બેઠો છે. [અથવા फुक्कियનો બીજો અર્થ फूत्कृत ! એ પ્રમાણે સંબોધન જાણવું. અર્થાત્ હે અત્યંત અસાર હોવાથી ફોતરાની જેમ ફૂત્કારયોગ્ય !] ॥૧૩-૧૪॥

અનાકુળ એવા તે નંદિષેણ મુનિ તે સાધુની કઠોર વાણીને અમૃતની જેમ માને છે. તે સાધુના પગે પડીને ખમાવે છે [ક્ષમા માંગે છે] અને અશુચિમળ વડે લેપાયેલા તેમના શરીરને ધોવે છે. ॥૧૫॥

પછી તેમને કહે છે - ઊઠો, જઈએ. હું એવું કરીશ કે જેથી આપ ટૂંક સમયમાં જ નિરોગી થઈ જશો.

તે સાધુ કહે છે - હું ચાલવા માટે સમર્થ નથી. ॥૧૬॥

નંદિષેણ મુનિએ કહ્યું - તો મારી પીઠ પર આરુઢ થાઓ.

તે સાધુ તેમની પીઠ પર આરુઢ થયા. પછી અત્યંત અશુચિ દુર્ગંધવાળો મળ નંદિષેણ મુનિની પીઠ પર છોડે છે અને કઠોર શબ્દોમાં કહે છે - મુંડિયા ! તને ધિક્કાર છે. તે વેગવિઘાત કર્યો [આડોઅવળો ચાલ્યો અથવા પીઠ પર બેસાડીને તેં મારા મળ-મૂત્રના વેગને અટકાવ્યો] અને મને દુઃખ પમાડ્યો.

આ રીતે પગલે-પગલે અનેક પ્રકારે આક્રોશ કરે છે. તે ભગવાન્ નંદિષેણ મુનિ પણ તેની કર્કશ વાણીને અને તે અશુચિ ગંધને ગણતા નથી. તે દુર્ગંધને ચંદનની સુગંધની જેમ માનતા મિચ્છા મિ દુક્કડં બોલે છે. ॥૧૭-૧૮-૧૯॥

તે વિચારે છે કે હું શું કરું ? કેવી રીતે સાધુને સમાધિ થાય ?

આ રીતે જ્યારે તે દેવ અનેક પ્રકારે પણ તે મુનિને ક્ષોભ પમાડવા સમર્થ ન થયો ત્યારે ॥૨૦॥

[પ્રગટ થઈ] સ્તવના કરતો ગયો.

ત્યાં (इयरो=) નંદિષેણમુનિ ત્યાં [ઉપાશ્રયમાં ગુરુ પાસે] આવ્યા. યથાવસ્થિત જે બન્યું હતું તે બધું કહ્યું. ગુરુએ 'તું ધન્ય છે' એ પ્રમાણે આશીર્વાદ આપ્યા (પ્રશંસા કરી.) ॥૨૧॥

જે રીતે તેણે એષણાસમિતિનો ભંગ ન કર્યો એ પ્રમાણે સર્વ સાધુઓએ હંમેશાં અદીનભાવથી અને શુદ્ધ યોગથી એષણાસમિતિમાં યત્ન કરવો. ॥૨૨॥

ટીકા :-

**तथा**-आदाने **ग्रहणे** भाण्डमात्राया **उपकरणमात्राया** भाण्डस्य **वा वस्त्राद्युपकरणस्य मृन्मयादिपात्रस्य वा** मात्रस्य **च साधुभाजनविशेषस्य** निक्षेपणायां **च** समितिः **सुप्रत्युपेक्षित-सुप्रमार्ज्जितक्रमेणेति** आदानभाण्डमात्रनिक्षेपणासमितिः, **अत्राप्युदाहरणम्** —

**एकस्स आयरियस्स पंच सीससयाइं, तेसिमेगो सेट्ठिसुओ पव्वईओ, सो जो जो साहू एइ तस्स तस्स दंडगं निक्खिवइ, एवं तस्स उट्ठियस्स अन्नो एइ अन्नो जाइ तहा वि सो भगवं अतुरियं अचवलं उवरिं हेट्ठा पमज्जिउं ठवेइ, एवं बहुएण वि कालेण न परितम्मइ ।**

**तथा-उच्चारप्रस्रवणखेलसिङ्घानजल्लानां** पारिष्ठापनिकायां समितिः **स्थण्डिलशुद्ध्यादि-क्रमेण सम्यक्प्रवृत्तिः** उच्चारप्रस्रवणखेलसिङ्घानजल्लपारिष्ठापनिकासमितिः, **तत्र** उच्चारः **पुरीषं**, प्रस्रवणं **मूत्रं**, खेलो **निष्ठीवनं**, सिङ्घानो **नासिकाश्लेष्मा**, जल्लो **मल इति । एत्थ इमं आहरणं** —

**एगेणं खुड्डगेण दिवसंते किहवि न पेहिय थंडिलं, काइयालोयतो राओ थंडिलं न पेहियं ति न वोसिरे, देवयाए उज्जोओ अणुकंपाए य कओ, दिट्ठा भूमि त्ति वोसिरियं ति ।**

**तथा** — मनसः **चित्तस्य कुशलस्य प्रवर्त्तनेन अकुशलस्स निरोधनेन गोपनं** गुप्तिः **मनो-गुप्तिः ।**

**"मणगुत्तीए तहियं, जिणदासो सावओ उ सिट्ठिसुओ ।**
**सो सव्वराइपडिमं, पडिवन्नो जाणसालाए ॥१॥**
**[१] भज्जुब्भामियपल्लंकं, घेत्तुं खीलजुयमागया तत्थ ।**
**तस्सेव पायमुवरि, मंचगपायं ठवेऊण ॥२॥**
**अणायारमायरंती, पाओ विद्धो य मंचखीलेणं ।**
**सो य महंतं वेयणं, अहियासेई तहिं सम्मं ॥३॥**
**न य मणदुक्कडमुप्पन्नं, तस्स झाणम्मि निच्चलमइस्स ।**
**दट्ठूण वि य [२] विलीयं, इय मणगुत्ती करेयव्वा ॥४॥"**

१. भार्या उद्भ्रामिकं परपुरुषं कीलिकायुक्तं च पल्यङ्कं गृहीत्वा आगता । २. दूषणं ।

तथा वाचोऽकुशलवचनस्य निरोधेन कुशलस्य चोदीरणेन गुप्तिः वाग्गुप्तिः ।

''वइगुत्तीए साहु सन्नायगपल्लिं गच्छए दहुं ।
चोरग्गह सेणावइविमोइओ भणइ मा साह ॥१॥
चलिया य जन्नजत्ता सन्नायग मिलिय अंतरा चेव ।
मायपियभायमाई सोवि नियत्तो समं तेहिं ॥२॥
तेणेहिं गहियमुसिया दिट्ठे तें बेंति सो इमो साहु ।
अम्हेहिं गहियमुक्को तो बेई अम्मया तस्स ॥३॥
तुम्हेहिं गहियमुक्को आमं आणेहि बेइ तो छुरियं ।
जा छिंदामि थणं ती किं ? ति सेणावई भणइ ॥४॥
दुट्ठ[1]( द्ध? )मज्जाय एसो, दिट्ठा तुब्भे तहवि नवि सिट्ठं ।
किह पुत्तोत्ति अह ममं, किह नवि सिट्ठं तु धम्मकहा ॥५॥
आउट्टो उवसंतो मोक्का, मज्झंपि तं सि माइ त्ति ।
सव्वं समप्पियं से, वइगुत्ती एव कायव्वा ॥६॥''

तथा कायस्य गोपनं कायगुप्तिः प्रयोजनाभावे करचरणाद्यवयवसंलीनता, प्रयोजनोत्पत्तौ तु स्थानादिषु सम्यक्प्रवृत्तिरित्यर्थः ।

''काइयगुत्ताहरणं, अद्धाणपवन्नगो जहा साहु ।
आवासियम्मि सत्थे, न लहइ तहि थंडिलं किंचि ॥१॥
लद्धं चणेण कहवि, एगो पाओ जहिं पइट्ठाइ ।
तहियं ठिएगपाओ, सव्वं राइं तहिं घट्ठो[2] ॥२॥
न य ठवियं किंचि, अथंडिलंमि होयव्वमेव गुत्तेणं ।
सुमहब्भए वि अहवा, साहू न भिंदे गइं एगो ॥३॥
सक्कपसंसा असद्दहाण, देवागमो विउव्वइ य ।
मंडुक्कलिया साहू, जयणा सो संकमे सणियं ॥४॥
हत्थी विउव्विओ जा, आगच्छइ मग्गओ गुलगुलेंतो ।
न य गइभेयं कुणइ करिणा हत्थेण उच्छूढो ॥५॥
बेइ पडंतो मिच्छामि दुक्कडं जिय विराहिया ... ॥६॥''

१. मम दुष्टः पुत्रः । २. निश्चलः ।

**एता अष्टाऽपि प्रवचनमातरो** दृष्टा **उपलब्धाः कैः ? इत्याह**-अष्टविधा **अष्टप्रकारा** निष्ठिताः **क्षयं गता** अर्थाः **प्रक्रमात् ज्ञानावरणादिपदार्था येषां ते तथा तैः** अष्टविधनिष्ठितार्थैः **जिनैरित्यर्थः ।** उवसंपन्नो जुत्तो **इत्यादि पूर्ववदिति ॥१७॥**

**तथा —**

**ટીકાર્થ :-**

તથા -

**૪. આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિતિ :-** ભાંડમાત્રા અથવા ભાંડ અને માત્રના આદાન એટલે કે ગ્રહણમાં અને નિક્ષેપણા એટલે કે મૂકવામાં જે સમિતિ એટલે કે સારી રીતે પ્રત્યુપેક્ષણા અને પ્રમાર્જના કરીને ગ્રહણ કરવું કે મૂકવું તે આદાનભાંડમાત્રનિક્ષેપણાસમિતિ.

તેમાં ભાંડમાત્રા=ઉપકરણમાત્રા એટલે કે ઉપકરણો.

ભાંડ=વસ્ત્ર વગેરે ઉપકરણો અથવા માટી વગેરેના પાત્ર.

માત્ર=સાધુનું ભાજનવિશેષ (માત્રક).

અહીં ઉદાહરણ - એક આચાર્યના પાંચસો શિષ્યો હતા. તેઓમાં એક શ્રેષ્ઠિપુત્ર હતો. તે જે જે સાધુ આવે તેના તેના દાંડા [તેઓ પાસેથી લઈ સારી રીતે પ્રત્યુપેક્ષણા-પ્રમાર્જના કરીને] મૂકે છે. આ રીતે તે શ્રેષ્ઠિપુત્ર સાધુ ઊભા હોય ત્યારે કોઈ સાધુ આવે છે, કોઈ સાધુ જાય છે, તો પણ તે સાધુ ભગવંત ઉતાવળ વગર અને ચપળતા વગર ઉપર-નીચે પ્રમાર્જીને દાંડો મૂકે છે. આ રીતે લાંબા કાળે પણ થાક પામતાં નથી.

તથા -

**૫. ઉચ્ચારપ્રસ્રવણખેલસિંઘાનજલ્લપારિષ્ઠાપનિકાસમિતિ :-** ઉચ્ચાર=મળ, પ્રસ્રવણ=મૂત્ર, ખેલ=થૂંક, સિંઘાન=નાકનો મેલ અને જલ્લ=[શરીરનો]મેલ - આ બધાની પારિષ્ઠાપનિકામાં જે સમિતિ એટલે કે સ્થંડિલશુદ્ધિ [શુદ્ધ સ્થંડિલ ભૂમિ જોવી, પૂંજવી, પરઠવવું] વગેરે ક્રમે સમ્યક્ પ્રવૃત્તિ તે ઉચ્ચારપ્રસ્રવણખેલસિંઘાનજલ્લપારિષ્ઠાપનિકાસમિતિ.

અહીં આ ઉદાહરણ છે - એક ક્ષુલ્લક (=બાળમુનિ) એ દિવસના અંતે કોઈપણ કારણસર સ્થંડિલ [=મળ-મૂત્રાદિ પરઠવવાની અચિત્ત ભૂમિ] ન જોયું. રાત્રે માત્રુ કરવાની શંકા થઈ પણ સ્થંડિલ જોયું નથી માટે વોસિરાવતા નથી. તેમના પ્રત્યે ભક્તિથી દેવતાએ ઉદ્યોત કર્યો. બાળમુનિએ ભૂમિ જોઈ અને માત્રુ કર્યું.

તથા -

[સમ્યક્ રીતે યોગોનો નિગ્રહ કરવો તે ગુપ્તિ. તે ત્રણ પ્રકારે છે -]

**૧. મનોગુપ્તિ :-** કુશલ મન=ચિત્તનું પ્રવર્તન કરવા વડે અને અકુશળ મનનો નિરોધ કરવા વડે મનનું ગોપન કરવું (નિયંત્રિત કરવું) તે મનોગુપ્તિ.

મનોગુપ્તિમાં શ્રેષ્ઠિપુત્ર જિનદાસ શ્રાવકનું દૃષ્ટાંત છે. તે યાનશાળામાં સર્વરાત્રિની પ્રતિમા સ્વીકારી કાઉસ્સગ્ગમાં ઊભો રહ્યો. ॥૧॥

તેની વ્યભિચારિણી પત્ની પાયામાં ખીલો જડેલો પલંગ લઈને પરપુરુષ (જિનદાસના મિત્ર) સાથે ત્યાં આવી. તેના જ પગ ઉપર પલંગનો ખીલાવાળો પાયો રાખી ॥૨॥

અનાચાર આચરવા લાગી. જિનદાસનો પગ ખીલા વડે વીંધાયો. છતાં તે મહાવેદનાને સારી રીતે સહન કરે છે. ॥૩॥

પત્નીનું દૂષણ=અનાચાર જોઈને પણ ધ્યાનમાં નિશ્ચલ મતિવાળા એવા તેના મનમાં કાંઈપણ દુર્ભાવ કે દુર્ધ્યાન ન થયું. આ રીતે મનોગુપ્તિ કરવી. ॥૪॥

[જિનદાસ શુભભાવથી કાળ કરી વૈમાનિક દેવ થયો. અવધિજ્ઞાનથી પૂર્વભવ જાણી ત્યાં આવી પત્ની-મિત્રને પ્રતિબોધી દીક્ષા અપાવી.]

**૨. વચનગુપ્તિ :-** અકુશલ વચનના નિરોધ વડે અને કુશલ વચનની ઉદીરણા વડે વચનની ગુપ્તિ તે વચનગુપ્તિ.

**દૃષ્ટાંત :-** પોતાના જ્ઞાતિજનોને પ્રતિબોધવા તેઓની પલ્લી(સ્થાન)માં જઈ રહેલા સાધુને જોઈને ચોરોએ તેમને પકડ્યા. ચોરોના સેનાપતિએ તેમને [સાધુ જાણીને] છોડ્યા અને કહ્યું કે [માર્ગમાં ચોરો છે એવું તમારે કોઈને] ન કહેવું. ॥૧॥

[આગળ જતાં તે સાધુને] યાત્રા માટે નીકળેલા જ્ઞાતિજનો રસ્તામાં જ મળ્યા - માતા, પિતા, ભાઈ વગેરે. તે સાધુ તેઓની સાથે પાછા ફર્યા. ॥૨॥

રસ્તામાં ચોરોએ પકડીને લૂંટી લીધા. સાધુને જોઈને ચોરોએ કહ્યું કે આ તે જ સાધુ છે જેને આપણે પકડીને છોડી દીધો હતો. આ સાંભળીને તે સાધુની માતાએ પૂછ્યું - ॥૩॥

આ સાધુને તમે પકડીને છોડ્યો હતો ? ચોરોએ કહ્યું - હા. માતાએ કહ્યું - તો છરી લાવો, જેથી સ્તનને છેદી નાંખું. સેનાપતિએ પૂછ્યું - કેમ ? ॥૪॥

માતાએ કહ્યું - આ મારો પુત્ર દુષ્ટ છે. તેણે તમને જોયા છતાં અમને ન કહ્યું, તો એ મારો પુત્ર કેમ કહેવાય ? [સેનાપતિએ સાધુને સ્વજનોને ચોરો હોવાનું ન જણાવવાનું કારણ પૂછ્યું.] સાધુએ "મેં શા માટે ન કહ્યું ?" તેનું કારણ કહી ધર્મકથા કહી - [સર્વજ્ઞવચનના ખંડનના ભય સિવાય બીજું કોઈ કારણ નથી. સર્વજ્ઞવચન એ છે કે સાંભળેલું કે પ્રત્યક્ષ જોયેલું જે સાવદ્ય હોય તે પ્રાણત્યાગે પણ સાધુએ બોલવું નહીં. 'આ મારી માતા છે' એ પણ ચોરોની વાત એમને કહેવાનું કારણ નથી. કેમ કે શત્રુ-મિત્ર સમાન માનતા સાધુને વળી સ્વજન કોણ ?] ॥૫॥

[સાધુના આ વચનસંયમથી પ્રસન્ન થયેલો] સેનાપતિ ઉપશાંત થયો. 'તમે મારી પણ માતા છો' એમ કહીને બધાને છોડી દીધા. લૂંટ્યું હતું એ બધું પાછું આપ્યું. આ રીતે વચનગુપ્તિનું પાલન કરવું. ॥૬॥

તથા -

**૩. કાયગુપ્તિ :-** કાયાનું ગોપન [નિયંત્રણ] તે કાયગુપ્તિ એટલે કે પ્રયોજન ન હોય ત્યારે હાથ-પગ વગેરે અવયવો સંકોચી રાખવા અને પ્રયોજન ઉત્પન્ન થતાં સ્થાન વગેરેમાં સમ્યક્ પ્રવૃત્તિ કરવી.

દૃષ્ટાંત - સાર્થ સાથે જંગલમાં જઈ રહેલા સાધુને [લીલોતરીથી આકુળ પ્રદેશમાં] સાર્થે આવાસ કરતાં પોતાને રહેવા માટે સ્થંડિલ [=અચિત્ત ભૂમિ] ન મળી. ॥૧॥

કોઈપણ રીતે એક પગ રહી શકે એટલી ભૂમિ મળી. તેની ઉપર એક પગ રાખીને એક જ પગે આખી રાત નિશ્ચલ ઊભા રહ્યા. ॥૨॥

અસ્થંડિલ [=સચિત્ત ભૂમિ] પર કંઈ ન રાખ્યું. આ રીતે કાયગુપ્ત થવું.

અથવા અન્ય દૃષ્ટાંત - એક સાધુ અત્યંત મહાભયમાં પણ ગતિને બદલતા નથી [અર્થાત્ રસ્તો બદલીને આડાઅવળા (ઘાસ વગેરે પર) જતાં નથી.] ॥૩॥

ઈન્દ્રે પ્રશંસા કરી. શ્રદ્ધા ન કરતો દેવ આવ્યો. દેડકીઓ વિકુર્વી. સાધુ જયણાપૂર્વક ધીમે ધીમે ચાલે છે. ॥૪॥

હાથી વિકુર્વ્યો જે પાછળથી ગર્જના કરતો આવે છે, છતાં સાધુ આડાઅવળા જતાં નથી. હાથીએ સૂંઢ વડે ઉછાળ્યા. ॥૫॥

પડી રહેલા સાધુ મિચ્છા મિ દુક્કડં આપે છે, કારણ કે પોતાના શરીર વડે જીવોની વિરાધના થાય છે. [પોતાની ચિંતા કરતા નથી.] ॥૬॥

આ આઠે પ્રવચનમાતાઓ दृष्टाः=જોઈ એટલે કે ઉપલબ્ધ થઈ છે. કોને ?

अष्टविधनिष्ठितार्थैः-આઠે પ્રકારના અર્થો=જ્ઞાનાવરણ વગેરે પદાર્થો [=કર્મો] જેમના નિષ્ઠિત થયા છે એટલે કે ક્ષય પામ્યા છે તેવા જિનેશ્વર પરમાત્માઓને.

उपसम्पन्नः युक्तः વગેરેનો અર્થ પહેલાંની જેમ જાણવો. ॥૧૭॥

તથા -

**ગાથા :-**

**नव पावनियाणाइं, संसारत्था य नवविहा जीवा ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥१८॥**

ગાથાર્થ :-

નવ પાપનિદાનોનો અને સંસારમાં રહેલા નવ પ્રકારના જીવોનો [એટલે કે તેની હિંસા વગેરે વિરાધનાનો] ત્યાગ કરતો અને ગુપ્તિઓ વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૧૮॥

ટીકા :-

नव **नवसङ्ख्यानि**, पापानि-**पापनिबन्धनानि निदानानि-भोगादिप्रार्थनालक्षणानि** पापनिदानानि, **तानि परिवर्ज्जयन्निति योगः । तानि चामूनि लेशतः ( दशाश्रुतस्कन्धे ) — ''निग्गंथो वा निग्गंथी वा नियाणं करेइ जहा सक्खं न मे देवा देवलोगा वा दिठ्ठा तो इमे चेव महिड्डिया रायाणो देवा, ता जइ इमस्स तवनियमबंभचेरस्स फलमत्थि ताऽहमवि आगमिस्साए राया भवित्ता ओराले माणुस्से भोगे भुंजमाणे विहरिज्जामि, तओ नियाणकडे देवलोगं गच्छेज्जा, तओ चुयस्स नियाणाणुरूवलद्धठ्ठाणस्स तस्स कोइ समणाई धम्ममाइक्खेज्जा ? हंता आइक्खेज्जा, से धम्मं पडिवज्जेज्जा ? नो इणमठ्ठे समठ्ठे दुल्लभबोहिए भवइ १॥ केइ धम्मं सोच्चा निक्खंते अणगारे परीसहपराइए चिंतेइ, राया बहुचिंते बहुवावारे भवइ, तो जे इमे उग्गाइपुत्ता विभवसंपन्ना ते पासित्ता नियाणं करेइ, जइ मे इमस्स तवनियमबंभचेरवासस्स फलमत्थि, तो उग्गाइपुत्तो विभवसंपन्नो भविज्जा, तओ देवलोगपच्चायाओ उग्गाइकुले जाओ नियाणाणुरूवे भोगे भुंजमाणो विहरइ, सो धम्ममाइखिज्जमाणं पि नो पडिवज्जइ जाव दुल्लभबोहिए भवइ, एवं निग्गंथीवि २॥ निग्गंथो नियाणं करोति, पुमं बहुवावारो संगामाइसु दुक्करकारी य, ता अलं मे पुरिसभावेण, अन्नजम्मेऽहं इत्थिया भवेज्जा, एस वि नियाणाणुरूवो उप्पज्जइ, धम्मं नो पडिवज्जइ दुल्लहबोहिए भवइ ३॥ निग्गंथीवि उग्गादिपुत्तं पासित्ता नियाणं करेइ इत्थी णं असमत्था, एगागिणी गामंतराइसंचरणे सव्वपरिभूया वयणिज्जठ्ठाणं सव्वकालं पराहीणा य, अओऽहं अन्नजम्मे उग्गाइपुत्तो भवेज्जा, तहेव भवइ, नो धम्मं पडिवज्जइ दुल्लभबोहिए भवइ ४॥ निग्गंथो निग्गंथी वा चिंतेइ इमे माणुस्सगा कामभोगा मुत्तपुरीसवंतपित्तसिंभसुक्काइआसवा, जे पुण इमे देवा अन्नं देवं देविं वा अत्ताणं वा देवदेवीरूवं विउवित्ता परियारंति, एयं साहु, तोऽहमवि तहाविहदेवो भवेज्जा, तहेव भवइ, तओ चुए पुमे जाए धम्ममाइखिज्जमाणं सुणेइ, न पुण सद्दहइ ५॥ निग्गंथो निग्गंथी वा नियाणं करेइ, असुभा माणुस्साणं भोगा, जे पुण देवलोगेसु देवा नो अन्नं देवं देविं वा परियारंति, किं तु अत्ताणमेव देवदेवीरूवं विउवित्ता परियारंति, एयं साहु, तोऽहमवि तेसु भवामि, तहेव भवइ, तओ चुयस्स कोइ धम्ममाइक्खेज्जा सुणेज्जा नो सद्दहेज्जा, नवरमारन्नियाइसमणो[१] भवित्ता तहाविहविरइवज्जिओ परोवघायगसत्थोवएसपरायणो इत्थीकाम-**

१. आरण्यिकादिश्रमणः अरण्यवासीतापसादिः ।

**मुच्छिओ मओ समाणो असुरेसु किब्बिसियत्ताए उववज्जेत्ता चुओ समाणो भुज्जो भुज्जो एलमूयत्ताए उववज्जइ दुल्लभबोहिए भवइ ६॥ निग्गंथो निग्गंथी वा निव्विन्नदिव्वमणुय-कामभोगो नियाणं करेइ, जइ इम्मस्स धम्मस्स फलमत्थि तो जत्थ नो परियारणा तत्थाहं भवेज्जामि, तत्थेव भवइ, तओ चुयस्स मणुएसु उववन्नस्स समणे धम्ममाइक्खेज्जा, तं सुणेइ, सद्दहइ, नो देसविरइं पि पडिवज्जइ, दंसणसावए अहिगयजीवाजीवे सुलभबोहिए भवइ ७॥ निग्गंथो निग्गंथी वा दिव्वमाणुस्सएसु भोगेसु निविन्नो धम्मस्सड्ढिओ चिंतेइ, इमे उग्गाइपुत्ता अणुव्वयगुणव्वयाइठिया साहवो पडिलाभेमाणा विहरंति, एयं साहु, एवं नियाणं करेत्ता उववज्जिय उग्गादिपुत्तभावड्ढिओ दुवालसविहं अगारधम्मं पडिवज्जइ नो अणगारधम्मं ति ८॥ निग्गंथो निग्गंथी वा कामभोगनिविन्नो नियाणं करेइ, जइ मे तवनियमफलमत्थि ता हं दरिद्दकुले उववज्जामि, एवं मे अप्पा सुनीहरए भविस्सइ, एवं कयनियाणओ देवेसु उव-वज्जित्ता दरिद्दकुलोववन्नो धम्मं सोच्चा जाव पव्वयइ नो सिज्झइ ९॥ एवं नच्चा अनियाणेण भवियव्वं ति" ॥**

**ટીકાર્થ :-**

नव पापनिदानानि - પાપના કારણભૂત એવા ભોગ વગેરેની પ્રાર્થના સ્વરૂપ નિદાનો તે પાપનિદાનો. તેઓ નવ છે. તેઓનો ત્યાગ કરતો.. એ પ્રમાણે સંબંધ જોડવો. તે પાપનિદાનો ટૂંકમાં આ પ્રમાણે છે -

**૧. રાજા** - સાધુ કે સાધ્વી નિદાન કરે કે "મેં દેવો કે દેવલોકો સાક્ષાત્ જોયા નથી. માટે આ મોટી ઋદ્ધિવાળા રાજાઓ એ જ દેવો છે. માટે જો આ તપ-નિયમ-બ્રહ્મચર્યનું ફળ હોય તો હું પણ આવતા ભવમાં રાજા થઈને મનુષ્ય સંબંધી ઉદાર ભોગો ભોગવતો વિહરું." પછી નિદાન કરી [કાળ કરી] દેવલોકમાં જાય, ત્યાંથી ચ્યવી નિદાનને અનુરૂપ સ્થાનને પામે.

પ્રશ્ન - નિદાનને અનુરૂપ સ્થાનને પામેલા તેને શ્રમણ વગેરે કોઈ ધર્મ કહે ?

ઉત્તર - કહે.

પ્રશ્ન - શું તે ધર્મ સ્વીકારે ?

ઉત્તર - આ વસ્તુ શક્ય નથી. [અર્થાત્ ધર્મ ન સ્વીકારે..] દુર્લભબોધિ થાય. ॥૧॥

**૨. ધનપતિ શેઠ** - ધર્મ સાંભળીને દીક્ષા લેનાર કોઈ અણગાર પરિષહો વડે પરાજિત થઈને વિચારે - "રાજા ઘણી ચિંતાવાળો અને ઘણા વ્યાપારવાળો હોય છે." માટે જે આ વૈભવવાળા ઉગ્રપુત્ર વગેરે છે તેમને જોઈને તે નિદાન કરે કે "જો મારા આ તપ-નિયમ-બ્રહ્મચર્યનું ફળ હોય તો હું વૈભવવાળો ઉગ્રપુત્ર વગેરે થાઉં." પછી [આવું નિદાન કરી કાળ કરી] દેવલોકમાં જઈ ત્યાંથી ચ્યવી ઉગ્ર વગેરે કુળમાં જન્મી નિદાનને અનુરૂપ ભોગો ભોગવતો વિહરે.

તેને કોઈ ધર્મ કહે તો પણ ન સ્વીકારે.. યાવત્ દુર્લભબોધિ થાય. એ જ પ્રમાણે સાધ્વી માટે પણ જાણવું. ॥૨॥

**૩. સ્ત્રી** - કોઈ સાધુ નિદાન કરે કે "પુરુષને ઘણા વ્યાપાર હોય છે. વળી, યુદ્ધાદિમાં દુષ્કર કાર્યો કરવા પડે - વગેરે ઘણી દુઃખદાયી પ્રવૃત્તિઓ હોય છે. માટે મારે પુરુષપણાથી સર્યું. અન્ય જન્મમાં હું સ્ત્રી થાઉં." આવું નિદાન કરનાર પણ નિદાનને અનુરૂપ જન્મ પામે, ધર્મ ન સ્વીકારે, દુર્લભબોધિ થાય. ॥૩॥

**૪. પુરુષ** - સાધ્વી પણ ઉગ્ર વગેરે પુત્રને જોઈને નિદાન કરે કે "સ્ત્રી એકલી અન્ય ગામ વગેરે જવા માટે અસમર્થ છે, બધા વડે પરાભવ પામે છે, નિંદાનું સ્થાન છે, [અથવા બધા એને હુકમ કર્યા કરે,] અને સર્વ કાળે પરાધીન છે. માટે હું અન્ય જન્મમાં ઉગ્રપુત્ર વગેરે થાઉં." પછી નિદાન પ્રમાણે જન્મ પામે, ધર્મ ન સ્વીકારે, દુર્લભબોધિ થાય. ॥૪॥

**૫. પરપ્રવિચારી દેવ** - સાધુ કે સાધ્વી વિચારે કે "આ મનુષ્ય સંબંધી કામભોગો મૂત્ર-મળ-વમન-પિત્ત-શ્લેષ્મ-શુક્ર વગેરેની અશુચિથી ભરેલા છે. જ્યારે જે આ દેવ-દેવીઓ બીજા દેવ-દેવીઓ સાથે અથવા પોતાના જ બીજા દેવ-દેવીઓના રૂપો બનાવીને તેનાથી ભોગ ભોગવે છે, તે સારું છે. માટે હું પણ એવો દેવ થાઉં." [આવું નિદાન કરી કાળ કરી] એવો દેવ થાય, ત્યાંથી ચ્યવીને પુરુષ થાય, કોઈ પોતાને ધર્મ કહે તે સાંભળે, પણ શ્રદ્ધા ન કરે. ॥૫॥

**૬. સ્વપ્રવિચારી દેવ** - સાધુ કે સાધ્વી નિદાન કરે કરે "મનુષ્યના ભોગો અશુભ છે. જ્યારે જે દેવ-દેવીઓ અન્ય દેવ-દેવી સાથે નહીં, પરંતુ પોતાના જ દેવ-દેવીના રૂપો બનાવી તેનાથી ભોગો ભોગવે છે, તે સારું છે. તો હું પણ તેવો થાઉં." તેવો થાય, ત્યાંથી ચ્યવી જયાં જાય ત્યાં તેને કોઈ ધર્મ કહે તો સાંભળે, પણ શ્રદ્ધા ન કરે. માત્ર आरण्यिकादि=જંગલમાં પર્ણકુટિમાં રહેતા તાપસો વગેરે જેવો સાધુ થઈને તેવા પ્રકારની વિરતિથી વર્જિત, પરોપઘાતક શાસ્ત્રોના ઉપદેશમાં પરાયણ અને સ્ત્રીભોગમાં મૂર્ચ્છિત એવો તે મરીને અસુરોમાં કિલ્બિષિકપણે ઉત્પન્ન થાય. ત્યાંથી ચ્યવીને વારંવાર બોબડા-મૂંગાપણું પામે, દુર્લભબોધિ થાય. ॥૬॥

**૭. અલ્પવેદોદયવાળો દેવ** - દેવસંબંધી અને મનુષ્યસંબંધી એમ બંને પ્રકારના કામભોગોથી વૈરાગ્ય પામેલા સાધુ કે સાધ્વી નિદાન કરે કે "જો આ ધર્મનું ફળ હોય તો જ્યાં પ્રવિચારણા નથી તેવો [નવ ગ્રૈવેયકાદિ] અલ્પવેદોદયવાળો દેવ થાઉં." તેવો થાય, ત્યાંથી ચ્યવીને મનુષ્ય થાય. સાધુ ધર્મ કહે તો સાંભળે, શ્રદ્ધા કરે, પણ દેશવિરતિ પણ ન સ્વીકારે. માત્ર જીવ-અજીવ વગેરેને જાણનાર, સુલભબોધિ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક થાય.

**૮. ઉત્તમકુલમાં વ્રતધારી શ્રાવક** - દેવસંબંધી અને મનુષ્યસંબંધી ભોગોથી વૈરાગ્ય પામેલો ધર્મમાં શ્રદ્ધાવાળો સાધુ કે સાધ્વી વિચારે કે "આ ઉગ્રપુત્રો વગેરે અણુવ્રત-ગુણવ્રત વગેરેમાં રહેલા છે અને સાધુઓને ગોચરી વગેરે વહોરાવતા વિહરે છે. આ સારું છે. [હું પણ એવો થાઉં.]" આ પ્રમાણે નિદાન કરીને દેવલોકમાં ઉત્પન્ન થઈને ઉગ્રપુત્ર વગેરે થઈને બાર પ્રકારનો ગૃહસ્થધર્મ સ્વીકારે, પણ સાધુધર્મ ન સ્વીકારે.

૯. **દરિદ્ર** - કામભોગોથી વૈરાગ્ય પામેલ સાધુ કે સાધ્વી નિદાન કરે કે "જો મારા તપ-નિયમનું ફળ હોય તો હું દરિદ્રકુળમાં ઉત્પન્ન થાઉં, કે જેથી સુખપૂર્વક ગૃહસ્થપણાને તજીને દીક્ષા લઈ શકું." આવું નિદાન કરનાર દેવમાં ઉત્પન્ન થઈ દરિદ્રકુળમાં ઉત્પન્ન થાય. ધર્મ સાંભળીને દીક્ષા લે, પણ મોક્ષમાં ન જાય.

આ રીતે નિદાનનું ફળ જાણી નિદાન વગરના થવું.

ટીકા :-

**तथा संसरन्ति कर्मवशवर्तिनः प्राणिनः परिभ्रमन्ति यस्मिन्निति** संसारः, **तत्र तिष्ठन्तीति** संसारस्थाः, चः **समुच्चये**, नवविधाः **पृथिव्यप्तेजोवायुवनस्पतिद्वित्रिचतुःपञ्चेन्द्रियभेदान्नव-सङ्ख्याः, क ? इत्याह** — जीवाः **प्राणिनस्तान् परिवर्ज्जयन्नित्यादि पूर्ववदिति । चूर्णौ तु — "नवविहदंसणवरणं नव य नियाणा नवविहा जीवा" इत्यादिपाठव्याख्या दृश्यते, तत्र** नवविधं **नवभेदं, किं तद् ? इत्याह — सामान्यविशेषात्मके वस्तुनि सामान्यग्रहणात्मको बोधो** दर्शनं, **तस्यावरणस्वभावं कर्म दर्शनावरणं, तन्नवविधं । तत्र निद्रापञ्चकं तावत् 'द्रा कुत्सायां गतौ' नियतं द्राति कुत्सितत्वमविस्पष्टत्वं गच्छति चैतन्यमनयेति** निद्रा **सुखप्रबोधा स्वापावस्था, नख-च्छोटिकामात्रेणापि यत्र प्रबोधो भवति, तद्विपाकवेद्या कर्मप्रकृतिरपि निद्रेति कार्येण व्यप-दिश्यते । तथा निद्राऽतिशायिनी निद्रा** निद्रानिद्रा **शाकपार्थिवादित्वान्मध्यमपदलोपी समासः, सा पुनर्दुःखप्रबोधा स्वापावस्था, तस्यां ह्यस्फुटतरीभूतचैतन्यत्वाद्दुःखेन बहुभिर्घोलनादिभिः प्रबोधो भवत्यतः सुखप्रबोधनिद्राऽपेक्षयाऽस्या अतिशायिनीत्वं, तद्विपाकवेद्या कर्मप्रकृतिरपि कार्यद्वारेण निद्रानिद्रेत्युच्यते । उपविष्ट ऊर्ध्वस्थितो वा प्रचलत्यस्यां स्वापावस्थायामिति** प्रचला, **सा ह्युपविष्टस्योर्ध्वस्थितस्य वा घूर्णमानस्य स्वप्तुर्भवति, तथाविधविपाकवेद्या कर्मप्रकृतिरपि प्रचलेति । तथैव प्रचलाऽतिशायिनी प्रचला** प्रचलाप्रचला, **सा हि चङ्क्रमणादि कुर्वतः स्वप्तु-र्भवत्यतः स्थानस्थितस्वप्तृभवां प्रचलामपेक्ष्यातिशायिनी, तद्विपाका कर्मप्रकृतिरपि प्रचला-प्रचला ।** स्त्याना **बहुत्वेन संघातमापन्ना** गृद्धिः **अभिकाङ्क्षा जाग्रदवस्थाऽध्यवसितार्थसाधन-विषया यस्यां स्वापावस्थायां सा** स्त्यानगृद्धिः, **तस्यां हि सत्यां जाग्रदवस्थाऽध्यवसितमर्थमुत्थाय साध-यति,** स्त्याना **वा पिण्डीभूता ऋद्धिरात्मशक्तिरूपाऽस्यामिति** स्त्यानर्द्धिः **इत्युच्यते, तद्भावे हि प्रथमसंहननिनः स्वप्तुः केशवार्द्धबलसदृशी शक्तिर्भवति, अथवा** स्त्याना **जडीभूता चैतन्यर्द्धिः अस्यामिति** स्त्यानर्द्धिः **इति तादृशविपाकवेद्या कर्मप्रकृतिरपि स्त्यानर्द्धिः, स्त्यानगृद्धिरिति वा । तदेवं निद्रापञ्चकं दर्शनावरणक्षयोपशमाल्लब्धात्मलाभानां दर्शनलब्धीनामावारकं दर्शितम् । साम्प्रतं यद्दर्शनलब्धीनां मूलत एव लाभमावृणोति तदिदं दर्शनावरणचतुष्कमाख्यायते — चक्षुषा** दर्शनं **सामान्यग्राही बोधः** चक्षुर्दर्शनं **तस्यावरणं चक्षुर्दर्शनावरणं,** अचक्षुषा **चक्षुर्वर्जेन्द्रिय-चतुष्टयेन मनसा वा यद्दर्शनं तदचक्षुर्दर्शनं तस्यावरणं** अचक्षुर्दर्शनावरणं, अवधिना **रूपिद्रव्य-**

**मर्यादयाऽ**વधिः **एव वा करणनिरपेक्षबोधरूपो** दर्शनं **सामान्यार्थग्रहणमवधिदर्शनं तस्यावरणं** अवधिदर्शनावरणं, **केवलं च तद्दर्शनं च केवलदर्शनं तस्यावरणं** केवलदर्शनावरणं **इत्येवं नवविधं दर्शनावरणमिति, शेषं पूर्ववदिति ॥१८॥**

**तथा-**

**ટીકાર્થ :-**

संसारस्थाश्च नवविधा जीवाः - જેમાં કર્મને વશવર્તી જીવો પરિભ્રમણ કરે છે તે સંસાર. તેમાં રહેલા નવ પ્રકારના જીવો=પૃથ્વી, અપ્, તેઉ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય - એમ નવ પ્રકારના જીવો. તેમનો.

परिवर्जयन् गुप्तः... વગેરેનો અર્થ પહેલાંની જેમ જાણવો. [અહીં જીવોનો ત્યાગ કરતો એટલે કે તેઓની હિંસા વગેરે વિરાધનાનો ત્યાગ કરતો.. એમ અર્થ જાણવો.]

ચૂર્ણિમાં તો "नवविहं दंसणावरणं नव य नियाणाइ नवविहा जीवा" વગેરે પાઠ અને વ્યાખ્યા છે. તેમાં -

नवविधं दर्शनावरणं - સામાન્ય-વિશેષાત્મક વસ્તુને વિષે સામાન્ય ગ્રહણ સ્વરૂપ જે બોધ તે દર્શન. તેનું આવરણ કરવાના સ્વભાવવાળું કર્મ તે દર્શનાવરણ. તે નવ પ્રકારનું છે - પાંચ નિદ્રા અને ચાર દર્શનાવરણ. તેમાં પાંચ નિદ્રા આ પ્રમાણે -

**૧. નિદ્રા** - 'द्रा कुत्सायां गतौ'='द्रा' ધાતુ કુત્સિત ગતિના અર્થમાં છે. नियतं द्राति कुत्सितत्वमविस्पष्टत्वं गच्छति चैतन्यमनयेति निद्रा=જેના વડે ચૈતન્ય નિયત રીતે=ચોક્કસ કુત્સિતપણાને એટલે કે અવિસ્પષ્ટપણાને પામે તે નિદ્રા=સુખેથી જગાડી શકાય એવી ઊંઘની અવસ્થા - જેમાં નખના અવાજ માત્રથી જાગી શકાય. નિદ્રાના વિપાક વડે અનુભવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ "નિદ્રા" એ પ્રમાણે કાર્ય વડે વ્યપદેશ કરાય છે=કહેવાય છે.

**૨. નિદ્રાનિદ્રા** - નિદ્રાથી પણ અતિશાયિની નિદ્રા તે નિદ્રાનિદ્રા. અહીં 'શાકપાર્થિવાદિ'ગણમાં હોવાથી મધ્યમપદલોપી સમાસ થયો છે. ['નિદ્રાતિશાયિની નિદ્રા'માંથી મધ્યમપદ 'અતિશાયિની'નો લોપ થઈ 'નિદ્રાનિદ્રા' સમાસ થયો છે.] તે દુઃખેથી જગાડી શકાય એવી ઊંઘની અવસ્થા છે. તેમાં ચૈતન્ય વધારે અસ્ફુટ થયું હોવાથી દુઃખેથી ઘણીવાર ઢંઢોળવા વગેરે વડે પ્રબોધ=જાગૃતિ થાય છે. માટે સુખેથી જગાડી શકાય એવી નિદ્રાની અપેક્ષાએ આ અતિશાયિની છે. તેના વિપાક વડે અનુભવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ કાર્ય દ્વારા 'નિદ્રાનિદ્રા' એ પ્રમાણે કહેવાય છે.

**૩. પ્રચલા** - જે ઊંઘની અવસ્થામાં બેઠેલો કે ઊભેલો સૂવે તે પ્રચલા. તે બેઠા-બેઠા કે ઊભા-ઊભા ઝોકા ખાતા સૂનારને હોય છે. આવા પ્રકારના વિપાક વડે અનુભવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ પ્રચલા કહેવાય છે.

**૪. પ્રચલાપ્રચલા** - પ્રચલાથી અતિશાયિની પ્રચલા તે પ્રચલાપ્રચલા. તે હરવું-ફરવું વગેરે કરતા

સૂનારને હોય છે. માટે સ્થાને રહીને સૂનારને આવતી પ્રચલાની અપેક્ષાએ આ અતિશાયિની છે. તેના વિપાકવાળી કર્મપ્રકૃતિ પણ પ્રચલાપ્રચલા કહેવાય છે.

**૫. સ્ત્યાનગૃદ્ધિ** - स्त्याना=ઘણી હોવાથી સંઘાત પામેલી=એકઠી થયેલી, गृद्धिः=અભિકાંક્ષા= જાગૃત અવસ્થામાં વિચારેલ અર્થને સાધવો એ જેનો વિષય છે તેવી. તેવી ગૃદ્ધિ જે ઊંઘમાં હોય તે સ્ત્યાનગૃદ્ધિ. આ નિદ્રા હોય ત્યારે જાગૃત અવસ્થામાં વિચારેલા અર્થને [=કાર્યને] ચાલુ નિદ્રામાં ઊઠીને સાધે.

અથવા स्त्याना=પિંડીભૂત થયેલી=એકઠી થયેલી આત્મશક્તિરૂપ ઋદ્ધિ જેમાં છે તે સ્ત્યાનર્દ્ધિ કહેવાય છે. તે નિદ્રામાં સૂનાર પ્રથમસંઘયણીને વાસુદેવના બળથી અડધા બળ જેટલી શક્તિ હોય છે.

અથવા स्त्याना=जडीभूता. ચૈતન્યની ઋદ્ધિ જેમાં જડ થઈ ગઈ છે તે સ્ત્યાનર્દ્ધિ. તેવા પ્રકારના વિપાક વડે અનુભવવા યોગ્ય કર્મપ્રકૃતિ પણ સ્ત્યાનર્દ્ધિ અથવા સ્ત્યાનગૃદ્ધિ.

આ રીતે દર્શનાવરણના ક્ષયોપશમથી મળેલી દર્શનલબ્ધિઓનું આવારક નિદ્રાપંચક દર્શાવ્યું. હવે દર્શનલબ્ધિઓના લાભને જે મૂળથી જ આવરે છે તે દર્શનાવરણચતુષ્ક કહેવાય છે -

**૧. ચક્ષુર્દર્શનાવરણ** - આંખો વડે દર્શન એટલે કે સામાન્યનું ગ્રહણ કરનાર બોધ તે ચક્ષુર્દર્શન. તેનું આવરણ તે ચક્ષુર્દર્શનાવરણ.

**૨. અચક્ષુર્દર્શનાવરણ** - આંખો સિવાયની ચાર ઇન્દ્રિયો અથવા મન વડે જે દર્શન તે અચક્ષુર્દર્શન. તેનું આવરણ તે અચક્ષુર્દર્શનાવરણ.

**૩. અવધિદર્શનાવરણ** - અવધિ વડે એટલે કે રૂપી દ્રવ્યની મર્યાદા વડે જે દર્શન=સામાન્ય અર્થ ગ્રહણ તે અવધિદર્શન. અથવા કરણ=ઇન્દ્રિયથી નિરપેક્ષ બોધ સ્વરૂપ અવધિ એ જ દર્શન તે અવધિદર્શન. તેનું આવરણ તે અવધિદર્શનાવરણ.

**૪. કેવલદર્શનાવરણ** - કેવલ એવું દર્શન તે કેવલદર્શન. તેનું આવરણ તે કેવલદર્શનાવરણ.

આ રીતે નવ પ્રકારનું દર્શનાવરણ છે. બાકીનું પહેલાંની જેમ જાણવું. ॥૧૮॥

તથા -

ગાથા :-

**नवबंभचेरगुत्तो, दुनवविहं बंभचेरपरिसुद्धं ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥१९॥**

ગાથાર્થ :-

બ્રહ્મચર્યની નવ વાડો વડે સુરક્ષિત [=અખંડ બ્રહ્મચર્યવાળો], અઢાર પ્રકારના નિર્દોષ બ્રહ્મચર્યને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૧૯॥

ટીકા :-

नवबंभचेरत्ति **सूचकत्वात्** नवब्रह्मचर्यगुप्तिभिः **तत्र** ब्रह्मचर्यस्य **मैथुनव्रतस्य** गुप्तयो **रक्षा-प्रकारा ब्रह्मचर्यगुप्तयो, नव च ता ब्रह्मचर्यगुप्तयश्च नवब्रह्मचर्यगुप्तयः ताभिः** गुप्तः **सुसंवृतः सन्निति । ताश्चैताः –**

**"वसहिकहनिसिज्जिंदियकुड्डंतरपुव्वकीलियपणीए ।**
**अइमायाहारविभूसणा य नव बंभचेरगुत्तीओ ॥१॥" [ प्रव. सारो. गा. ५५७ ]**

**ब्रह्मचारिणा तद्गुप्त्यनुपालनपरेण न स्त्रीपशुपण्डकसंसक्ता** वसतिः **आसेवनीया, तत्सेवने तद्बाधासम्भवात्, आह च –**

**"जहा बिरालावसहस्स[१] मूले, न मूसगाणं वसही पसत्था ।**
**एमेव इत्थीनिलयस्स मज्झे, न बंभयारिस्स खमो निवासो ॥१॥ [ वैराग्यरसायनम् ८३ ]**
**बंभवयस्स अगुत्ती, लज्जानासो य पीइवुड्ढी य ।**
**साहु तवो वणवासो[२], निवारणं[३] तित्थहाणी य ॥२॥**
**चंकमियं ठियं मोट्टीयं च, विप्पेक्खियं च सविलासं ।**
**सिंगारे य बहुविहे, दट्ठुं भुत्तेयरे दोसा ॥३॥**
**गीयाणि य पढियाणि य, हसियाणि य मंजुले य उल्लावे ।**
**भूसणसद्दे राहस्सिए य, सोऊण जे दोसा ॥४॥**
**पसुपण्डगेसु वि इहं, मोहानलदीवियाणं जं होइ ।**
**पायमसुहा पवित्ती, पुव्वभवब्भासओ तह य ॥५॥**

**तथा**–कह **त्ति न स्त्रीणां केवलानामेकाकिनीनां धर्मदेशनादिलक्षणवाक्यप्रबन्धरूपा कथा कथनीया, अथवा जातिकुलरूपनेपथ्यलक्षणा स्त्रीकथा न कथनीया, तत्र ब्राह्मणी-प्रभृतीनामन्यतमायाः प्रशंसा निन्दा वा या सा जातिकथा, यथा –**

**"धिग्ब्राह्मणीर्धवाभावे[४], या जीवन्ति मृता इव ।**
**धन्या मन्ये जने शूद्रीः, पतिलक्षेऽप्यनिन्दिताः ॥१॥" इति ।**

**एवं चोग्रादिकुलोत्पन्नानामन्यतमाया यत्प्रशंसादि सा कुलकथा, यथा –**

**"अहो चौलुक्यपुत्रीणां, साहसं जगतोऽधिकम् ।**
**पत्युर्मृत्यौ विशन्त्यग्नौ, याः प्रेमरहिता अपीति ॥१॥"**

**तथाऽऽन्ध्रीप्रभृतीनामन्यतमाया रूपस्य यत् प्रशंसादि सा रूपकथा, यथा –**

---

१. गृहस्य । (वैराग्यरसायने 'बिरालवसहिस्स' इति पाठः ।) २. इति उपहासः । ३. भक्तपानादीनां ।
४. भर्तुः अभावे ।

"चन्द्रवक्त्रा सरोजाक्षी, सद्गीः पीनघनस्तनी ।
किं लाटी नो मता साऽस्य, देवानामपि दुर्ल्लभेति ॥१॥"

तासामेवान्यतमायाः कच्छबन्धादिनेपथ्यस्य यत्प्रशंसादि सा नेपथ्यकथा, यथा —

"धिग्नारीरौदीच्या, बहुवसनाच्छादिताङ्गलतिकत्वात् ।
यद्यौवनं न यूनां, चक्षुर्मोदाय भवति सदेति ॥१॥"

स्त्रीकथायां चैते दोषाः —

"आयपरमोहुदीरण उड्डाहो, सुत्तमाइपरिहाणी ।
बंभवए य अगुत्ती, पसंगदोसो य गमणाई ॥१॥"

तथा - निसिज्जत्ति निषद्या, कोऽर्थः ? स्त्रीभिः सहैकासने नोपविशेद्, उत्थितास्वपि तासु मुहूर्त्तं नोपविशेत्, तदुपभुक्तासनस्य चित्तविकारहेतुत्वात् । यदाह —

"इत्थीए मलियसयणासणम्मि तप्फासदोसओ जइणो ।
दूसेइ मणं मयणो, कुड्डं जह फासदोसेणं ॥१॥"

तथा — इन्द्रियाणि स्त्रीसत्कनयननासिकादीनि मनोहराणि नावलोकयेत्, तद्दर्शनस्य मोहोदयहेतुत्वात्, यदाह —

"चित्रेऽपि लिखिता नारी, मनो मोहयते नृणाम् ।
किं पुनस्ताः स्मितस्मेरविभ्रमभ्रमितेक्षणाः ? ॥१॥" तस्मात् —

"चित्तभित्तिं न निज्झाए, नारिं वा सुअलंकियं ।
भक्खरं पिव दट्ठूणं, दिट्ठिं पडिसमाहरे ॥१॥" [ दशवैकालिकसूत्रम् ८/५५ ] तथा —

"वज्जेज्जा मोहकरं, जुवइणं दंसणाइ सुवियारं ।
एए खु मयणबाणा, चरित्तपाणे विणासेंति ॥१॥"

तथा — कुड्डितर त्ति न स्त्रीणां कुड्यान्तरितानां मोहनसंसक्तानां क्वणितादिध्वनिराकर्णयितव्यो मोहसम्भवादेव । तथा — पुव्वकीलिय त्ति न पूर्वं गृहस्थावस्थायां क्रीडितं स्त्रीसम्भोगानुभवनलक्षणं द्युतादिरमणलक्षणं वाऽनुस्मरेद्, मोहोत्थापननिमित्तत्वादिति । तथा पणीय त्ति प्रणीतं सरसं स्निग्धमित्यर्थः, भक्तं न भुञ्जीत धातूद्रेकहेतुत्वात्, यदाह —

"विगई परिणइधम्मो, मोहो जमुदिज्जए उदिन्ने य ।
सुट्ठु वि चित्तजयपरो, कहं अकज्जे न वट्टिहिही ॥१॥ [ पञ्चवस्तुक गा. ३८३ ]
दावानलमज्झगओ, को तदुवसमट्ठयाए जलमाई ।
संते वि न गिण्हिज्जा, मोहानलदीवि एसुवमा ॥२॥" [ पञ्चवस्तुक गा. ३८४ ]

किञ्च —

रसा पगामं न निसेवियव्वा, पायं रसा दित्तिकरा नराणं ।

दित्तं च कामा समभिभवंति, दुमं जहा सादुफलं व पक्खी ॥३॥ [ उत्तराध्ययन-सूत्रम् ३२/१० ]

जहा दवग्गी पउरिंधणे वणे, समारुओ नोवसमं उवेइ ।

एविंदियग्गी वि पगामभोइणो, न बंभयारिस्स हियाय कस्सई ॥४॥" [ उत्तराध्ययन-सूत्रम् ३२/११ ]

तथा अइमायाहारत्ति अतिमात्रस्य,

"अद्धं असणस्स सवंजणस्स, कुज्जा दवस्स दो भाए ।

वाउपवियारणट्ठा, छब्भायं ऊणयं कुज्ज ॥१॥" त्ति । [ पिण्डनिर्युक्ति : गा. ६५० ]

एवंविधप्रमाणातिक्रान्तस्याहारस्य पानभोजनादेरभ्यवहर्त्ता सर्वदा न भवेत्, तद्भोजने उक्तदोषप्रसङ्गादिति । तथा विभूसणा य त्ति विभूसणा शरीरोपकरणराढा साऽपि स्वपरचित्त-विकारकारणत्वान्न कार्या । इति नव ब्रह्मचर्यगुप्तय इति ॥ तथा-

'दुनवविहं बंभचेरपरिसुद्धं' ति द्विनवविधं अष्टादशप्रकारमित्यर्थो, ब्रह्मचर्यं मैथुनविरतिं, परिशुद्धं निर्दोषं, तच्चौदारिकवैक्रियमैथुनस्य मनोवाक्कायैः करणकारणानुमतिवर्ज्जनात् जायते । इयमत्र भावना — इह मूलभेदतो द्विधाऽब्रह्म भवति, औदारिकं तिर्यङ्मनुष्याणां दिव्यं च भवनवास्यादीनां । तत्रौदारीकं स्वयं न करोति मनसा वाचा कायेन च १, नान्येन कारयति मनःप्रभृतिभिः २, कुर्वन्तमन्यं नानुमोदते मनःप्रभृतिभिरेव ३, एवं वैक्रियमपीति । चूर्णौ तु दुगुणं अट्ठारसविहं विवज्जंतोत्ति पाठो व्याख्यातः, अयमप्युक्तानुसारतो भावनीयो, नवरं द्विगुणत्वं प्रकृतनवकस्य व्याख्येयमिति ॥१९॥

तथा —

ટીકાર્થ :-

नवब्रह्मचर्यगुप्तः - સૂત્ર સૂચક હોવાથી ब्रह्मचर्य શબ્દથી બ્રહ્મચર્યની ગુપ્તિઓ એટલે કે મૈથુનવ્રતની રક્ષાના પ્રકારો સમજવાના છે. નવ બ્રહ્મચર્યગુપ્તિઓ વડે ગુપ્ત=સુસંવૃત=સુરક્ષિત. નવ બ્રહ્મચર્યગુપ્તિઓ આ પ્રમાણે છે -

वसहिकहनिसिज्जिंदियकुड्डंतरपुव्वकीलियपणीए ।

अइमायाहारविभूसणा य नव बंभचेरगुत्तिओ ॥१॥ [પ્રવચનસારોદ્ધાર ગા. ૫૫૭]

**૧. वसति** - બ્રહ્મચર્યની ગુપ્તિઓના પાલનમાં તત્પર બ્રહ્મચારીએ સ્ત્રી-પશુ-પંડક(=નપુંસક) વડે યુક્ત વસતિનું સેવન ન કરવું. [એટલે કે એવી વસતિમાં નિવાસ ન કરવો.] કેમ કે આવી વસતિના સેવનથી બ્રહ્મચર્યને બાધા પહોંચવાનો સંભવ છે.

કહ્યું છે - જે રીતે બિલાડીઓના ઘરની પાસે ઉંદરોનું રહેઠાણ પ્રશસ્ત નથી, તેમ જ્યાં સ્ત્રીઓ રહેતી હોય ત્યાં બ્રહ્મચારીનો નિવાસ યોગ્ય નથી. ॥૧॥ [વૈરાગ્યરસાયનમ્ ગા. ૮૩]

બ્રહ્મવ્રતની અગુપ્તિ થાય, લજ્જાનો નાશ થાય, પ્રીતિની વૃદ્ધિ થાય, 'અહો ! આ લોકોનો તપ અને વનવાસ કેવો સરસ છે !' એવી મશ્કરી થાય, સાધુઓને ગોચરી-પાણી આપવાનું બંધ થાય અને તીર્થનો નાશ થાય. ॥૨॥

વિલાસયુક્ત ચંક્રમિત=ચાલ, સ્થિત=ઊભા રહેવું, मोट्टियं=મોટન=અંગમરોડ, विप्पिक्खियं= કટાક્ષયુક્ત જોવું અને ઘણા પ્રકારના શૃંગાર જોઈને સ્ત્રીને ભોગવે તો વ્રતભંગ, નિષેધ કરે તો સ્ત્રી દ્વારા કરાયેલ શાસનમાલિન્ય વગેરે દોષો થાય. ॥૩॥

ગીત, શબ્દ, હાસ્ય, મધુર વાતચીત, ઝાંઝર વગેરેના અવાજ, ખાનગી વાતચીત વગેરે સાંભળીને જે દોષો થાય, તે પશુ-પંડકમાં પણ થાય, કારણ કે મોહાગ્નિ પ્રદીપ્ત થયે છતે પૂર્વભવના અભ્યાસથી પ્રાયઃ અશુભ પ્રવૃત્તિ થાય છે. ॥૪-૫॥

તથા -

૨. **કથા** - એકલી સ્ત્રીઓને ધર્મદેશના વગેરે માટે વાક્યપ્રબંધ=વાક્યોના સમૂહસ્વરૂપ કથા ન કહેવી [વાક્યપ્રબંધ ન કરવો - એમ કહેવા દ્વારા એ જણાવ્યું કે કારણે એકાદ-બે વાક્ય કહી શકાય.] અથવા જાતિ-કુલ-રૂપ-નેપથ્ય(વેષ) એ ચારે પ્રકારની સ્ત્રીકથા ન કહેવી. તેમાં બ્રાહ્મણી વગેરેમાંથી કોઈપણની જે નિંદા કે પ્રશંસા તે જાતિકથા. જેમ કે -

"બ્રાહ્મણીઓને ધિક્કાર છે કે જેઓ પતિ મરે છતે મરેલાની જેમ જીવે છે [બીજો પતિ કરી શકતી નથી]. લોકોમાં હું શૂદ્રીઓને ધન્ય માનું છું કે જેઓ લાખ પતિ કરે તોય તેને કોઈ નિંદતું નથી." ॥૧॥

એ રીતે ઉગ્ર વગેરે કુળમાં ઉત્પન્ન થયેલીઓમાંથી કોઈપણની જે પ્રશંસા વગેરે તે કુલકથા. જેમ કે -

"અહો ! ચૌલુક્યપુત્રીઓનું જગતથી અધિક સાહસ, કે જેઓ પ્રેમરહિત હોવા છતાં પણ પતિ મૃત્યુ પામતાં અગ્નિમાં પ્રવેશ કરે છે." ॥૧॥

તથા આંધ્રપ્રદેશની સ્ત્રી વગેરે કોઈકના રૂપની જે પ્રશંસા વગેરે તે રૂપકથા. જેમ કે -

"ચંદ્ર જેવા મુખવાળી, કમળ જેવી આંખવાળી, સુંદર વાણીવાળી, ભરાવદાર સ્તનવાળી, દેવોને પણ દુર્લભ એવી આ લાટ દેશની સ્ત્રી શું તેને ગમતી નથી ?" ॥૧॥

તે જ સ્ત્રીઓમાંથી કોઈકના કચ્છબંધ વગેરે વેષની જે પ્રશંસા વગેરે તે નેપથ્યકથા. જેમ કે -

"ઉત્તરની નારીઓને ધિક્કાર છે કે જેઓ ઘણા વસ્ત્રો વડે આચ્છાદિત શરીરરૂપી લતાવાળી હોવાથી જેઓનું યૌવન હંમેશાં યુવાનોની આંખના આનંદ માટે થતું નથી." ॥૧॥

સ્ત્રીકથામાં આ દોષો છે -

- સ્વ-પરને મોહની ઉદીરણા.

- ઉડ્ડાહ (શાસનહીલના).

- સૂત્ર વગેરેની પરિહાણિ-નાશ.

- બ્રહ્મચર્યની અગુપ્તિ.

- [पसंगदोसो=] સ્ત્રી અનુકૂળ ઉપસર્ગ કરે.

- [गमणाई=] સ્ત્રીને સેવે.

તથા -

**૩. નિષદ્યા** - સ્ત્રી સાથે એક આસને ન બેસવું. [उत्थितासु अपि तासु=] સ્ત્રી ઊભી થાય પછી પણ એ જ્યાં બેઠી હતી ત્યાં એક મુહૂર્ત સુધી ન બેસવું, કારણ કે તેણે વાપરેલું આસન પણ ચિત્તવિકારનું કારણ છે. કહ્યું છે -

"જેમ કુષ્ઠરોગ સ્પર્શથી ફેલાય છે, તેમ સ્ત્રીથી મલિન થયેલા શયન/આસન પર તેના સ્પર્શના દોષથી યતિનું મન કામદેવ દૂષિત કરે છે." ॥૧॥

તથા -

**૪. ઈન્દ્રિય** - સ્ત્રીઓના આંખ-નાક વગેરે મનોહર ઈન્દ્રિયો ન જોવી, કેમ કે તેનું દર્શન મોહના ઉદયનું કારણ છે. કહ્યું છે -

"ચિત્રમાં દોરેલી નારી પણ પુરુષોના મનને મોહ પમાડે છે, તો સ્મિત વડે વિકસિત અને વિભ્રમ વડે ભમતી આંખોવાળી નારીઓનું તો પૂછવું જ શું ?" ॥૧॥

માટે જ કહ્યું છે -

"માત્ર ચિત્ર સ્વરૂપે અથવા સારી રીતે અલંકાર યુક્ત [ઉપલક્ષણથી અલંકાર રહિત પણ] નારીને જોવી નહીં. કદાચ દૃષ્ટિ પડી જાય તો જેમ સૂર્યને જોઈને દૃષ્ટિ તરત પાછી ફરે તેમ પાછી ખેંચી લેવી." ॥૧॥ [દશવૈકાલિકસૂત્ર ૮/૫૫]

તથા -

"મોહને ઉત્પન્ન કરનારા સ્ત્રીઓના અત્યંત વિકારી દર્શન વગેરેનો ત્યાગ કરવો. આ [સ્ત્રીદર્શનાદિ] કામદેવના બાણો છે, જે ચારિત્રરૂપી પ્રાણોનો વિનાશ કરે છે." ॥૧॥

તથા -

**૫. કુડ્યંતર** - ભીંતના આંતરે રહેલી મોહચેષ્ટામાં પ્રવૃત્ત સ્ત્રીઓના વિષયવિકારી શબ્દો (વાતો) સાંભળવા નહીં, કેમ કે એનાથી મોહનો સંભવ છે. [એવા શબ્દો સંભળાતા હોય એવા સ્થાનમાં જ ન રહેવું.]

તથા -

૬. **પૂર્વક્રીડિત** - પૂર્વે ગૃહસ્થાવસ્થામાં કરેલા સ્ત્રીસેવન કે સ્ત્રી સાથે જુગાર વગેરે રમવું વગેરે ક્રીડિતોને યાદ ન કરવા, કેમ કે આ બધાનું સ્મરણ મોહ ઊભો થવાનું કારણ છે.

તથા -

૭. **પ્રણીતઆહાર** - પ્રણીત એટલે કે સરસ-સ્નિગ્ધ આહાર ન વાપરવો, કેમ કે તે ધાતુના ઉદ્રેકનું કારણ છે. કહ્યું છે -

"વિકૃતિ પરિણતિના ધર્મવાળી [અશુભ આત્મપરિણામ ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી] છે, કેમ કે વિગઈથી મોહ ઉદય પામે છે, અને મોહની ઉદીરણા થતાં સારી રીતે ચિત્તના જયમાં તત્પર એવો જીવ પણ અકાર્યમાં કેમ નહીં વર્તે ?" ॥૧॥ [પંચવસ્તુક ગા. ૩૮૩]

દાવાનળની મધ્યમાં રહેલો કોણ તેને ઉપશાંત કરવા માટે પાણી વગેરે હોવા છતાં ગ્રહણ ન કરે ? [मोहानलदीवि एसुवमा=] મોહનો અગ્નિ પ્રદીપ્ત થયે છતે પણ આ ઉપમા છે. [અર્થાત્ વિગઈ વાપરવાથી મોહ પ્રજ્વલિત થયે છતે તેને શમાવવા સાધુ અકાર્ય કરી બેસે.]" ॥૨॥ [પંચવસ્તુક ગા. ૩૮૪]

વળી -

"રસો[=દૂધ વગેરે વિગઈઓ] પ્રકામ[=અત્યંત] ન વાપરવા. ['પ્રકામ' ન વાપરવા એટલે કે વાયુ વગેરેના ક્ષોભને દૂર કરવા વગેરે કારણે વાપરી પણ શકાય.] કારણ કે મોટે ભાગે રસો નરોને [ઉપલક્ષણથી સ્ત્રીઓને પણ] दृप्तिकराः=ધાતુઓનો ઉદ્રેક કરનાર છે. અથવા दृप्तकराः=દર્પ કરાવનાર છે. અથવા दीप्तकराः=મોહરૂપી અગ્નિ પ્રગટાવનાર છે. દૃપ્ત અથવા દીપ્ત નરને [એવા પ્રકારનો નર સ્ત્રીઓ વડે અભિલષણીય હોવાથી અને સુખેથી અભિભવનીય હોવાથી] વિષયો અભિભૂત કરે છે, જેવી રીતે મધુર ફળયુક્ત વૃક્ષને પક્ષીઓ અભિભૂત કરે છે." ॥૩॥ [ઉત્તરાધ્યયનસૂત્ર ૩૨/૧૦]

જે રીતે પ્રચુર ઇંધણવાળા વનમાં વાયુ સાથેનો દાવાનળ બુઝાતો નથી એ રીતે અતિમાત્રાએ આહાર કરનારનો ઇન્દ્રિયજનિત રાગરૂપી અગ્નિ પણ કોઈપણ [અતિ સુસ્થિત એવા પણ] બ્રહ્મચારીને હિત માટે થતો નથી. ॥૪॥ [ઉત્તરાધ્યયનસૂત્ર ૩૨/૧૧]

તથા -

૮. **અતિમાત્રાએ આહાર** - આહારનું પ્રમાણ પિંડનિર્યુક્તિ ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે -

"[આખા ઉદરના છ ભાગ કરવા. તેમાં] વ્યંજન(=છાશ, શાક વગેરે) સહિત અશન (આહાર)ના ત્રણ ભાગ કરવા, પાણીના બે ભાગ કરવા અને વાયુના સંચાર માટે છઠ્ઠો ભાગ ખાલી રાખવો." [પિંડનિર્યુક્તિ ગા. ૬૫૦]

આ પ્રમાણથી વધુ આહાર તે અતિમાત્રાએ આહાર કહેવાય. અતિમાત્રાએ આહાર (પાણી-ભોજન વગેરે) ક્યારેય પણ ન વાપરવો, કેમ કે અતિમાત્રાએ વાપરવાથી પૂર્વે કહેલા દોષોનો સંભવ છે.

૯. **વિભૂષણા** - શરીર અને ઉપકરણોની વિભૂષણા પોતાના અને બીજાના ચિત્તને વિકારનું કારણ છે. માટે તે ન કરવી.

આ પ્રમાણે નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ કહી.

द्विनवविधं ब्रह्मचर्यं परिशुद्धं - અઢાર પ્રકારના પરિશુદ્ધ=નિર્દોષ બ્રહ્મચર્યને [પામેલો... વગેરે સંબંધ જોડવો.]

બ્રહ્મચર્ય=મૈથુનવિરતિ. તે ઔદારિક અને વૈક્રિય મૈથુનનો મન, વચન અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવાનો ત્યાગ કરવાથી પરિશુદ્ધ થાય છે. અહીં ભાવના આ પ્રમાણે છે - મૂળ ભેદથી અબ્રહ્મ બે પ્રકારે છે - તિર્યંચ અને મનુષ્યોનું ઔદારિક અને ભવનવાસી વગેરે દેવોનું દિવ્ય= વૈક્રિય. તેમાં -

ઔદારિક મૈથુન સ્વયં ન કરે - મનથી, વચનથી અને કાયાથી - આ ત્રણ પ્રકાર.

ઔદારિક મૈથુન બીજા વડે ન કરાવે - મનથી, વચનથી અને કાયાથી - આ ત્રણ પ્રકાર.

ઔદારિક મૈથુન કરી રહેલા અન્યની અનુમોદના ન કરે - મનથી, વચનથી અને કાયાથી - આ ત્રણ પ્રકાર.

આ રીતે ઔદારિકના નવ પ્રકાર થયા. એ રીતે વૈક્રિયના પણ નવ, કુલ ૧૮ પ્રકાર થયા.

ચૂર્ણિમાં "दुगुणं अट्ठारसविहं विवज्जंतो" એ પ્રમાણે પાઠની વ્યાખ્યા કરી છે. આ પાઠ પણ ઉપર કહ્યા પ્રમાણે ભાવવો, પણ તેમાં દ્વિગુણત્વ ઉપર કહેલા નવ પ્રકારના મૈથુનનું સમજવું. [અઢારનું બમણું નહીં.]

તથા -

**ગાથા :-**

**उवघायं च दसविहं, असंवरं तह य संकिलेसं च ।**
**परिवज्जंतो गुत्तो, रक्खामि महव्वए पंच ॥२०॥**

**ગાથાર્થ :-**

દસ પ્રકારના ઉપઘાતનો તેમજ અસંવર અને સંક્લેશનો ત્યાગ કરતો અને ગુપ્તિઓ વડે ગુપ્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૨૦॥

**ટીકા :-**

**उपहननं** उपघातः **तं च** दशविधं **उद्गमोपघातादिभेदाद्दशप्रकारं वर्ज्जयन्** । **तत्र — यदुद्गमेन- आधाकर्म्मादिना षोडशविधेनोपहननं विराधनं चारित्रस्य तत्साधकभक्तादेर्वाऽकल्पता स उद्गमो- पघातः १॥ एवं** उत्पादनया **धात्र्यादिदोषलक्षणया उपघातः स उत्पादनोपघातः २॥** एषणया

शङ्कितादिभेदया य उपघातः स एषणोपघातः ३॥ परिकर्म वस्त्रपात्रादेः समारचनं तेनोपघातः स्वाध्यायस्य श्रमादिना शरीरस्य संयमस्य वा परिकर्मोपघातः ४॥ परिहरणा अलाक्षणिकस्याकल्प्यस्य चोपकरणस्य परिभोगः, तया य उपघातः स परिहरणोपघातः ५॥ तथा — ज्ञानोपघातः श्रुतज्ञानापेक्षया प्रमादतोऽकालस्वाध्यायादिभिः ६॥ दर्शनोपघातः शङ्कादिभिः ७॥ चारित्रोपघातः समितिभङ्गादिभिः ८॥ अचियत्तं अप्रीतिकं तेनोपघातो विनयादेरचियत्तोपघातः ९॥ संरक्षणेन शरीरादिविषयमूर्च्छयोपघातः परिग्रहविरतेरिति संरक्षणोपघातः १०॥

तथा-असंवरं तह य त्ति संवरणं संवरः, न संवरो असंवरः, तं तथैव दशविधं, स चायं — श्रोत्रेन्द्रियस्येष्टानिष्टविषयेषु रागद्वेषाभ्यां प्रवर्त्तमानस्यासंवरणं श्रोत्रेन्द्रियासंवरः एवं चक्षुर्घ्राणरसनस्पर्शनेन्द्रियासंवरा अपि वाच्याः, मनसोऽकुशलस्यासंवरोऽनिग्रहो मनोऽसंवर एवं वागसंवरः कायासंवरश्च ८॥ तथा — उपकरणस्याप्रतिनियताकल्पनीयवस्त्रादेरसंवरो ग्रहणमुपकरणासंवरः, अथवा विप्रकीर्णस्य वस्त्राद्युपकरणस्यासंवरणमुपकरणासंवरः, अयं चौघिकोपकरणापेक्षः ९ । तथा — सूच्याः कुशाग्राणां च शरीरोपघातकारिणां यदसंवरणमसङ्गोपनं स सूचीकुशाग्रासंवरः, एष तूपलक्षणत्वात् समस्तौपग्रहिकोपकरणापेक्षो द्रष्टव्य इति १०॥ 'संकिलेसं च त्ति' सङ्क्लेशः असमाधिः, तं च दशविधं परिवर्ज्जयन् इत्यादि पूर्ववत् । स चायं — उपधीयते उपष्टभ्यते संयमः संयमप्रधानं शरीरं वा येन स उपधिर्वस्त्रादिस्तद्विषयः सङ्क्लेश उपधिसङ्क्लेशः १॥ तथा — उपाश्रयो वसतिस्तद्विषयः सङ्क्लेशो मनोज्ञामनोज्ञादिद्वारेणासमाधानमुपाश्रयसङ्क्लेशः २॥ तथा — कषाया एव कषायैर्वा सङ्क्लेशः कषायसङ्क्लेशः ३॥ तथा — भक्तपानाश्रितः सङ्क्लेशः भक्तपानसङ्क्लेशः ४॥ तथा — मनसो मनसि वा सङ्क्लेशो मनःसङ्क्लेशः ५॥ तथा — वाचा सङ्क्लेशो वाक्सङ्क्लेशः ६॥ तथा — कायमाश्रित्य सङ्क्लेशः कायसङ्क्लेशः ७॥ तथा — ज्ञानस्य सङ्क्लेशोऽविशुद्ध्यमानता ज्ञानसङ्क्लेशः ८॥ एवं दर्शनसङ्क्लेशः ९॥ चारित्रसङ्क्लेशश्चेति १० ॥२०॥

तथा —

ટીકાર્થ :-

उपघातं च दशविधं - સમીપપણાથી હણવું તે ઉપઘાત. તે ઉદ્ગમઉપઘાત વગેરે દશ પ્રકારે છે. તેનો ત્યાગ કરતો... વગેરે સંબંધ જોડવો.

દશ પ્રકારે ઉપઘાત આ પ્રમાણે -

**૧. ઉદ્ગમોપઘાત** - આધાકર્મ વગેરે સોળ પ્રકારે ઉદ્ગમદોષો પૈકી કોઈ દોષ લગાડવાથી ચારિત્રનો ઉપઘાત=વિરાધના અથવા ચારિત્રના સાધક આહાર વગેરેની અકલ્પતા [આહાર અકલ્પ્ય=ન ખપે એવો બની જવો તે] તે ઉદ્ગમોપઘાત.

**૨. ઉત્પાદનોપઘાત** - એ રીતે ધાત્રીદોષ વગેરે સોળ પ્રકારે ઉત્પાદનાદોષો પૈકી કોઈ દોષ લગાડવાથી થતો ઉપઘાત તે ઉત્પાદનોપઘાત.

**૩. એષણોપઘાત** - એ રીતે શંકિતદોષ વગેરે દશ પ્રકારે એષણાદોષો પૈકી કોઈ દોષ લગાડવાથી થતો ઉપઘાત તે એષણોપઘાત.

**૪. પરિકર્મોપઘાત** - વસ્ત્ર-પાત્ર વગેરેનું સમારચન [રંગવા-ધોવા વગેરે] તે પરિકર્મ. તેના વડે સ્વાધ્યાયનો અને શ્રમ વગેરે વડે શરીરનો કે સંયમનો જે ઉપઘાત થાય તે પરિકર્મોપઘાત.

**૫. પરિહરણોપઘાત** - સંયમમાં લક્ષણરહિત કે અકલ્પ્ય ઉપકરણ વાપરવા તે પરિહરણા. તેના વડે જે ઉપઘાત તે પરિહરણોપઘાત.

**૬. જ્ઞાનોપઘાત** - પ્રમાદથી અકાળે સ્વાધ્યાય કરવો વગેરે વડે શ્રુતજ્ઞાનનો જે ઉપઘાત તે જ્ઞાનોપઘાત.

**૭. દર્શનોપઘાત** - શ્રીજિનવચનમાં શંકા વગેરે કરવારૂપ દર્શનાચારના અતિચારો સેવવાથી.

**૮. ચારિત્રોપઘાત** - પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો ભંગ વગેરે કરવાથી.

**૯. અચિયત્તોપઘાત** - ગુરુ વગેરે સાધુગણ પ્રત્યે અચિયત્ત=અપ્રીતિ વગેરે કરવાથી વિનય વગેરેનો જે ઉપઘાત થાય તે અચિયત્તોપઘાત/અપ્રીતિઉપઘાત.

**૧૦. સંરક્ષણોપઘાત** - શરીર વગેરેનું મૂર્ચ્છાપૂર્વક સંરક્ષણ કરવાથી પરિગ્રહવિરતિનો જે ઉપઘાત તે સંરક્ષણોપઘાત.

असंवरं तथा च - તેમજ દશ પ્રકારના અસંવરનો [ત્યાગ કરતો... વગેરે સંબંધ જોડવો.]

રોકવું તે સંવર. ન રોકવું તે અસંવર. તે દશ પ્રકારે આ પ્રમાણે છે -

**૧ થી ૫. પાંચ ઇન્દ્રિયોનો અસંવર** - ઇષ્ટ વિષયોમાં રાગથી અને અનિષ્ટ વિષયોમાં દ્વેષથી પ્રવર્તતી શ્રોત્રેન્દ્રિયને રાગ-દ્વેષ કરતાં ન રોકવી તે શ્રોત્રેન્દ્રિયઅસંવર. એ રીતે ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન અસંવર પણ કહેવા.

**૬ થી ૮. ત્રણ યોગોનો અસંવર** - અકુશલ મનને ન રોકવું=તેનો નિગ્રહ ન કરવો તે મનોઅસંવર. એ રીતે વચનઅસંવર અને કાયઅસંવર પણ કહેવા.

**૯. ઉપકરણઅસંવર** - અપ્રતિનિયત [=શાસ્ત્રોક્ત સંખ્યાથી તથા પ્રમાણથી વિપરીત] કે અકલ્પ્ય વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણોને ગ્રહણ કરવા અથવા જ્યાં ત્યાં વેરવિખેર પડેલાં વસ્ત્રાદિ ઉપકરણોને યથાસ્થાને ન મૂકવા તે ઉપકરણ-અસંવર. આ ઔઘિક ઉપકરણની અપેક્ષાએ છે. [જે ઉપધિ નિત્ય રાખવાની છે અને કારણે વાપરવાની છે તે ઔઘિકઉપકરણ, જેમ કે વસ્ત્ર-પાત્ર વગેરે.]

**૧૦. સૂચીકુશાગ્રઅસંવર** - સૂચી (સોય), કુશાગ્ર (દર્ભના ઘાસનો અગ્રભાગ) વગેરે શરીરને ઉપઘાત કરે એવી અણીવાળી વસ્તુઓને સુરક્ષિત ન રાખવી તે સૂચીકુશાગ્રઅસંવર. આના ઉપલક્ષણથી બધા જ ઔપગ્રહિક ઉપકરણોનો પણ અસંવર જાણવો. [જે ઉપકરણ કારણે જ રાખવાના છે અને કારણે જ વાપરવાના છે તે ઔપગ્રહિકઉપકરણ, જેમ કે પાટ-પાટલા વગેરે.]

संक्लेशं च= અને દશ પ્રકારના સંક્લેશનો [ત્યાગ કરતો.. વગેરે સંબંધ જોડવો.]

સંક્લેશ=અસમાધિ. તે દશ પ્રકારે આ પ્રમાણે -

**૧. ઉપધિસંક્લેશ** - સંયમને અથવા સંયમસાધક શરીરને ઉપધાન એટલે આલંબનભૂત થાય તે ઉપધિ અર્થાત્ વસ્ત્ર વગેરે. તેના વિષયમાં જે સંક્લેશ [રાગ-દ્વેષાદિ] થાય તે ઉપધિસંક્લેશ.

**૨. ઉપાશ્રયસંક્લેશ** - ઉપાશ્રય=વસતિ. મનોજ્ઞ(=ઇષ્ટ) કે અમનોજ્ઞ(=અનિષ્ટ) વગેરે વસતિના કારણે તેના વિષયમાં જે સંક્લેશ થાય તે ઉપાશ્રયસંક્લેશ.

**૩. કષાયસંક્લેશ** - કષાયો એ જ સંક્લેશ અથવા કષાયો વડે જે સંક્લેશ થાય તે કષાયસંક્લેશ.

**૪. ભક્તપાનસંક્લેશ** - ભોજન-પાણીને આશ્રયીને જે સંક્લેશ થાય તે.

**૫. મનઃસંક્લેશ** - મન વડે અથવા મનમાં જે સંક્લેશ થાય તે.

**૬. વચનસંક્લેશ** - વચન વડે જે સંક્લેશ થાય તે.

**૭. કાયસંક્લેશ** - કાયાને આશ્રીયને જે સંક્લેશ થાય તે.

**૮. જ્ઞાનસંક્લેશ** - જ્ઞાનનું અવિશુદ્ધ્યમાનપણું.

**૯. દર્શનસંક્લેશ** - દર્શનનું અવિશુદ્ધ્યમાનપણું.

**૧૦. ચારિત્રસંક્લેશ** - ચારિત્રનું અવિશુદ્ધ્યમાનપણું. ॥૨૦॥

તથા -

ગાથા :-

**सच्चसमाहिट्ठाणा, दस चेव दसाओ समणधम्मं च ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥२१ ॥**

ગાથાર્થ :-

દશ પ્રકારનું સત્ય, દશ સમાધિસ્થાનો, દશ દશાઓ અને દશવિધ શ્રમણધર્મ - એ દરેકને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૨૧॥

**ટીકા :-**

**सन्तः प्राणिनः पदार्था मुनयो वा तेभ्यो हितं** सत्यं.। **तद्दशविधं, तद्यथा** —

**"जणवय १ संमय २ ठवणा ३, नामे ४ रूवे ५ पडुच्चसच्चे य ६ ।**
**ववहार ७ भाव ८ जोगे ९, दसमे ओवम्मसच्चे १० य ॥१॥" [ स्थानाङ्गसूत्रम् स्थानं-१०, सूत्रं-९३९ ]**

'जणवय' **त्ति-सत्यशब्दः प्रत्येकमभिसंबन्धनीयः, ततश्च** जनपदेषु **देशेषु यद्यदर्थ-वाचकतया रूढं देशान्तरेऽपि तत्तदर्थवाचकतया प्रयुज्यमानं सत्यमवितथमिति** जनपदसत्यं,

यथा कौङ्कणादिषु पयः पिच्चं नीरमुदकमित्यादि, सत्यत्वं चास्यादुष्टविवक्षाहेतुत्वान्नानाजनपदेष्विष्टार्थप्रतिपत्तिजनकत्वेन व्यवहारप्रवृत्यङ्गत्वाच्च, इत्येवं शेषेष्वपि भावना कार्येति । 'संमय' त्ति - संमतं च तत्सत्यं चेति संमतसत्यं, तथाहि — कुमुदकुवलयकमलारविन्दादीनां समाने पङ्कसंभवे गोपालादीनामपि संमतमरविन्दमेव पङ्कजमिति, तत्र कुमुदं चन्द्रविकाशि, कुवलयं नीलोत्पलं, कमलं रविकरविकासि, अरविन्दं स्थलपद्ममिति, अतस्तत्र संमततया पङ्कजशब्दः सत्यः कुवलयादावसत्योऽसंमतत्वादिति । 'ठवण' त्ति-स्थाप्यत इति स्थापना, यल्लेप्यादिकमर्हदादिविकल्पेन स्थाप्यते तद्विषये सत्यं स्थापनासत्यं, यथाऽजिनोऽपि जिनोऽयं अनाचार्योऽप्याचार्योऽयमिति । 'नाम' इति-नाम अभिधानं तत्सत्यं नामसत्यं, यथा — कुलमवर्द्धयन्नपि कुलवर्द्धन उच्यते, एवं धनवर्द्धन इति । 'रूवे' त्ति-रूपापेक्षया सत्यं रूपसत्यं यथा — प्रपञ्चयतिः प्रव्रजितरूपं धारयन् प्रव्रजित उच्यते न चासत्यताऽस्येति । 'पडुच्चसच्चे य' त्ति-प्रतीत्याश्रित्य वस्त्वन्तरं सत्यं प्रतीत्यसत्यं यथाऽनामिकाया दीर्घत्वं ह्रस्वत्वं चेति, तथाहि तस्यानन्तपरिणामस्य द्रव्यस्य तत्तत्सहकारिकारणसन्निधाने तत्तद्रूपमभिव्यज्यत इति सत्यता । 'ववहारे' त्ति-व्यवहारेण सत्यं व्यवहारसत्यं, यथा - दह्यते गिरिर्गलति भाजनं, अयं च गिरिगततृणादिदाहे व्यवहारः प्रवर्तते, उदके च गलति सतीति । 'भाव' त्ति-भावं भूयिष्ठशुक्लादिपर्यायमाश्रित्य सत्यं भावसत्यं, यथा - शुक्ला बलाकेति सत्यपि हि पञ्चवर्णसम्भवे शुक्लवर्णोत्कटत्वात् शुक्लेति । 'योग' त्ति-योगतः सम्बन्धतः सत्यं, यथा - दण्डयोगाद्दण्डः, छत्रयोगाच्छत्र एवोच्यते । 'दशममौपम्यसत्यं' इति उपमेवौपम्यं तेन सत्यं औपम्यसत्यं यथा - समुद्रवत्तडागः, देवोऽयं, सिंहस्त्वमिति । सर्वत्रैकारः प्रथमैकवचनार्थो द्रष्टव्य इहेति ।

'समाहिठाण' त्ति-समाधे रागादिरहितचित्तस्य स्थानान्याश्रयाः समाधिस्थानानि, तान्यपि दश, तद्यथा- 'नो इत्थीपसुपण्डगसंसत्ताइं सयणासणाइं सेवित्ता भवइ' नो नैव स्त्रियो देवीनारीतिरश्च्यः, अत्रासमाधिदोषः प्रतीत एव । पशवो गवादयः, तत्संसक्तौ हि तत्कृतविकारदर्शनाच्चित्तविकारः संभाव्यत इति । पण्डकाश्च नपुंसकानि तत्संसक्तौ स्त्रीसमानो दोषः प्रतीत एव । एतैः संसक्तानि समाकीर्णानि स्त्रीपशुपण्डकसंसक्तानि शयनासनानि संस्तारकपीठकादीनि उपलक्षणतया स्थानादीनि च सेविता तेषां सेवको भवति साधुरित्येकं १॥ तथा- 'नो इत्थीणं कहं कहेत्ता भवति' नो स्त्रीणां केवलानामिति गम्यते, कथां धर्मदेशनादिलक्षणवाक्यप्रबन्धरूपां तन्नेपथ्यादिवर्णनरूपां वा कथयिता तत्कथको भवति साधुरिति द्वितीयं २॥ 'नो पणीयरसभोई भवइ' नो गलत्स्नेहबिन्दुभोक्ता भवति मुनिरिति तृतीयं ३ ॥ 'नो पाणभोयणस्स अइमायं आहारित्ता भवइ' नो पानभोजनस्य रूक्षस्यापि अतिमात्रं 'अद्धमसणस्से'-त्यादिप्रमाणातिक्रान्तं आहारकोऽभ्यवहर्त्ता भवति, खाद्यस्वाद्ययोरुत्सर्गतो यतीनामयोग्यत्वात्पानभोजनयोर्ग्रहणमिति चतुर्थं ४॥ 'नो पुव्वरयपुव्वकीलियाइ सरित्ता भवति' नो पूर्वरतं

**गृहस्थावस्थायां स्त्रीसम्भोगानुभवनं तथा** पूर्वक्रीडितं **तथैव द्यूतादिरमणलक्षणं** स्मर्त्ता **चिन्तयिता** भवति **इति पञ्चममिति ५॥ 'नो इत्थीठाणाइ सेवित्ता भवइ'** नो स्त्रीणां **तिष्ठन्ति येषु तानि** स्थानानि **निषद्याः स्त्रीस्थानानि तानि** सेविता **भवति, कोऽर्थः ?, स्त्रीभिः सहैकासने नोपविशेद्, उत्थितास्वपि हि तासु मुहूर्त्तं नोपविशेदिति षष्ठम् ६॥ 'नो इत्थीणं इन्दियाइं मणुन्नाइं मणोरमाइं आलोइय आलोइय निज्झाइत्ता भवइ'** नो स्त्रीणामिन्द्रियाणि **नयननासिकादीनि, मनो हरन्ति दृष्टमात्राण्याक्षिपन्तीति** मनोहराणि **तथा — मनो रमयन्ति दर्शनानन्तरमनुचिन्त्यमानान्याह्लादयन्तीति** मनोरमाणि, आलोक्यालोक्य निर्ध्याता **दर्शनानन्तरमतिशयेन चिन्तयिता यथा — 'अहो ! लवणत्वं लोचनयोः, ऋजुत्वं नासावंशस्य' इत्यादि** भवति **साधुरिति सप्तममिति ७॥ 'नो सद्दाणुवाई, नो रूवाणुवाइ नो गन्धाणुवाई भवइ'** नो शब्दं **मन्मथभाषितादिकमभिष्वङ्गहेतुम्** अनुपतति **अनुसरतीत्येवंशीलः शब्दानुपाती, एवं** नो रूपानुपाती, नो गन्धानुपाति **इति पदत्रयेणाप्येकमेव स्थानमित्यष्टममिति ८॥ 'नो सिलोगाणुवाई भवइ'** नो श्लोकं **ख्यातिम्** अनुपतति, **अनुसरतीत्येवंशीलः श्लोकानुपातीति नवममिति ९॥ 'नो सायसोक्खपडिबद्धे भवइ'** नो सातात् **पुण्यप्रकृतेः सकाशाद्यत्** सौख्यं **सुखं रसस्पर्शलक्षणविषयसम्पाद्यं तत्र** प्रतिबद्धः **तत्परो मुनिः, सातग्रहणादुपशमसौख्यप्रतिबद्धतायां न निषेधः,** भवति **जायते इति दशममिति १० । क्वचित्तु 'चित्तसमाहिट्ठाण' त्ति इति पाठः, तत्राप्ययमेवार्थो, नवरं सत्यदशकं न व्याख्येयमिति ।**

**ટીકાર્થ :-**

सत्यम् → सन्तः એટલે કે પ્રાણીઓ, પદાર્થો કે મુનિઓ. તેઓને હિતકારી હોય તે સત્ય. તે દશ પ્રકારે છે -

जणवय १ संमय २ ठवणा ३, नामे ४ रूवे ५ पडुच्चसच्चे य ६ ।
ववहार ७ भाव ८ जोगे ९, दसमे ओवम्मसच्चे य १० ॥१॥

[સ્થાનાંગસૂત્ર સ્થાન-૧૦, સૂત્ર-૭૪૧]

**૧. જનપદસત્ય** - જનપદોમાં એટલે કે દેશોમાં જે શબ્દ જે અર્થના વાચક તરીકે રૂઢ હોય તે શબ્દ અન્ય દેશમાં પણ તે અર્થના વાચક તરીકે વાપરવામાં આવે તો તે જનપદસત્ય છે. જેમ કે કોંકણ વગેરે દેશોમાં પાણીને પયઃ-પેય-નીર-ઉદક વગેરે જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે. આ સત્ય -

- અદુષ્ટ વિવક્ષાનું કારણ હોવાથી [વક્તા જે કહેવા માંગે છે એ આ સત્ય વડે સહેલાઈથી કહી શકાતું હોવાથી] અને

- જુદા જુદા દેશોમાં ઈષ્ટ(ઇચ્છિત) અર્થની પ્રતિપત્તિનું જનક હોવા વડે [વક્તા જે કહેવા માંગે છે એ શ્રોતાને સહેલાઈથી સમજાવવા વડે] વ્યવહારપ્રવૃત્તિનું અંગ હોવાથી

સત્ય છે. આ રીતે બાકીના સત્યોમાં પણ ભાવના કરવી.

**૨. સંમતસત્ય** - સંમત એવું સત્ય તે સંમતસત્ય. જેમ કે - કુમુદ-કુવલય-કમલ-અરવિંદ વગેરે દરેક સમાન રીતે પંક=કાદવમાં ઉત્પન્ન થતા હોવા છતાં આબાલ-ગોપાલ સર્વે અરવિંદને જ પંકજ માને છે. તેમાં કુમુદ=ચંદ્રવિકાસી કમળ, કુવલય=નીલકમળ, કમલ=સૂર્યકિરણવિકાસી અને અરવિંદ= સ્થલપદ્મ[=જમીન પર થતું કમળ]. માટે તેના=અરવિંદના વિષે 'પંકજ' શબ્દ સંમત હોવાથી સત્ય છે, જ્યારે કુવલય વગેરેના વિષે 'પંકજ' શબ્દ અસંમત હોવાથી અસત્ય છે.

**૩. સ્થાપનાસત્ય** - જે સ્થપાય તે સ્થાપના. પાષાણ વગેરેની મૂર્તિ બનાવી તેને અરિહંત વગેરે તરીકે સ્થાપવામાં આવે તેને અરિહંત વગેરે કહેવા તે સ્થાપનાસત્ય. જેમ કે જિન ન હોય છતાં જિન તરીકે સ્થાપના કરી હોય તો 'આ જિન છે' એમ કહેવું, આચાર્ય ન હોય છતાં આચાર્ય તરીકે સ્થાપના કરી હોય તો 'આ આચાર્ય છે' એમ કહેવું વગેરે.

**૪. નામસત્ય** - કોઈનું નામ પાડ્યું હોય તે નામથી તેને સંબોધવો તે નામસત્ય. જેમ કે કોઈ કુળને વધારનાર ન હોય છતાં 'કુલવર્ધન' નામ પાડ્યું હોય તો તેને એ નામથી સંબોધવો એ નામસત્ય. એ રીતે ધન વધારનાર ન હોય છતાં 'ધનવર્ધન' નામ પાડ્યું હોય એને એ નામથી સંબોધવો એ નામસત્ય.

**૫. રૂપસત્ય** - કોઈના બાહ્ય રૂપની અપેક્ષાએ તેને તેવો કહેવો તે રૂપસત્ય. જેમ કે કોઈ કપટીએ બહારથી સાધુનું રૂપ ધારણ કર્યું હોય તો તેને સાધુ કહેવો એ અસત્ય નથી.

**૬. પ્રતીત્યસત્ય** - અન્ય વસ્તુને પ્રતીત્ય=આશ્રયીને જે સત્ય હોય તે પ્રતીત્યસત્ય. જેમ કે અનામિકા[પૂજાની આંગળી]ને મોટી અને નાની કહેવી એ સત્ય છે. [કેમકે તે કનિષ્ઠા(ટચલી આંગળી)થી મોટી છે અને મધ્યમા(વચલી આંગળી)થી નાની પણ છે.] તે આ પ્રમાણે - તે અનંત પરિણામવાળા દ્રવ્યનું તે-તે સહકારી કારણના સંનિધાને=યોગે તે-તે રૂપ પ્રગટ થાય છે. માટે તે દ્રવ્યને તે-તે સહકારીકારણના સંનિધાને તે-તે રૂપે કહેવું તે સત્ય છે.

**૭. વ્યવહારસત્ય** - વ્યવહાર વડે જે સત્ય હોય તે વ્યવહારસત્ય. જેમ કે - પર્વત પર રહેલા ઘાસ વગેરે બળતા હોય તો 'પર્વત બળે છે' એમ કહેવું, વાસણમાં રહેલું પાણી ગળતું હોય તો 'વાસણ ગળે છે' એમ કહેવું વગેરે સત્ય છે, કેમ કે વ્યવહારમાં એમ કહેવાય છે.

**૮. ભાવસત્ય** - ઘણા પ્રમાણમાં રહેલા શુક્લ વગેરે પર્યાયને આશ્રયીને જે બોલાય તે ભાવસત્ય. જેમ કે બગલામાં પાંચે વર્ણોનો સંભવ હોવા છતાં શુક્લ વર્ણ વિશેષ પ્રમાણમાં હોવાથી તેને શુક્લ=સફેદ કહેવો તે ભાવસત્ય છે.

**૯. યોગસત્ય** - યોગથી એટલે કે સંબંધથી સત્ય તે યોગસત્ય. જેમ કે દંડના યોગથી દંડી, છત્રના યોગથી છત્રી કહેવાય છે. [રાજાને ક્વચિત્ જ છત્ર ધારણ કરાતું હોવા છતાં હંમેશાં છત્રી કહેવાય (દા.ત. છત્રપતિ શિવાજી...) તે યોગસત્ય છે.]

**૧૦. ઔપમ્યસત્ય** - ઉપમા એ જ ઔપમ્ય. તેના વડે સત્ય તે ઔપમ્યસત્ય. [એક વસ્તુને

બીજી વસ્તુની ઉપમા અપાય તે.] જેમ કે મોટા સરોવરને સમુદ્ર, પુણ્યવાન મનુષ્યને દેવ કે શૂરવીરને સિંહ વગેરે કહેવું.

ઉપર કહેલી 'जणवय संमय ...' ગાથામાં સર્વત્ર 'ए'કાર પ્રથમા વિભક્તિ એકવચનના અર્થમાં જાણવો. [नामे रूवे... વગેરેમાં]

समाधिस्थानानि - સમાધિ= રાગ વગેરેથી રહિત ચિત્ત. તેના સ્થાનો=આશ્રયો તે સમાધિસ્થાનો. તે પણ દશ છે. તે આ પ્રમાણે -

**૧. સ્ત્રી-પશુ-પંડકસંસક્ત શયનાસનને સેવનાર ન થાય** - સ્ત્રીઓ=દેવીઓ, નારીઓ અને તિર્યંચીઓ. તેઓ વડે સંસક્ત શયનાસન સેવવામાં અસમાધિદોષ પ્રતીત જ છે. પશુઓ=ગાય વગેરે. તેઓ વડે સંસક્ત વસતિમાં તેઓ વડે કરાયેલા વિકારોને જોવાથી ચિત્તવિકાર થવાની સંભાવના છે. પંડકો=નપુંસકો. તેઓ વડે સંસક્ત વસતિમાં સ્ત્રીસંસક્ત વસતિને સમાન દોષ પ્રતીત જ છે. આ ત્રણે વડે સંસક્ત=સમાકીર્ણ=વ્યાપ્ત તે સ્ત્રી-પશુ-પંડકસંસક્ત. શયનાસન=સંથારો-પાટ-પાટલા વગેરે, ઉપલક્ષણથી સ્થાન વગેરે પણ. સાધુ આવા શયનાસન વગેરે સેવનાર ન થાય એ પહેલું સમાધિસ્થાન.

**૨. સ્ત્રીઓને કથા કહેનાર ન થાય** - અહીં સ્ત્રીઓને 'એકલીઓને' એમ કહ્યું ન હોવા છતાં જણાય છે. કથા ધર્મદેશના વગેરે સ્વરૂપ વાક્યોના સમૂહરૂપ અથવા સ્ત્રીઓના નેપથ્ય=વેષ વગેરેના વર્ણનરૂપ જાણવી. સાધુ એકલી સ્ત્રીઓને અથવા સ્ત્રી સંબંધી કથા કહેનાર ન થાય એ બીજું સમાધિસ્થાન.

**૩. પ્રણીતરસભોજી ન થાય** - સાધુ અત્યંત સ્નિગ્ધ=જેમાંથી ઘી-તેલના ટીપાં ગળતા હોય એવો આહાર વાપરનાર ન થાય.

**૪. પાન-ભોજનનો અતિમાત્રાએ વાપરનાર ન થાય** - અતિમાત્રાએ='अद्धमसणस्स...' વગેરે પાન-ભોજનનું જે પ્રમાણ પૂર્વે [ગાથા-૧૯ની ટીકામાં આઠમી બ્રહ્મચર્યગુપ્તિમાં] કહ્યું હતું તેનાથી અધિક. સાધુ રૂક્ષ એવા પણ પાનભોજનનો અતિમાત્રાએ વાપરનાર ન થાય. ખાદિમ-સ્વાદિમ તો ઉત્સર્ગથી સાધુઓને અકલ્પ્ય હોવાથી માત્ર પાન-ભોજનનું જ ગ્રહણ કર્યું છે. [અર્થાત્ ખાદિમ-સ્વાદિમ તો વાપરવાના જ નથી.] આ ચોથું સમાધિસ્થાન.

**૫. પૂર્વરત-પૂર્વક્રીડિતનું સ્મરણ કરનાર ન થાય** - પૂર્વરત=ગૃહસ્થઅવસ્થામાં સ્ત્રીસેવનનો અનુભવ. પૂર્વક્રીડિત=એ જ રીતે [=ગૃહસ્થઅવસ્થામાં] સ્ત્રીઓ સાથે રમેલા જુગાર વગેરે. સાધુ આ બંનેનું સ્મરણ કરનાર=વિચાર કરનાર ન થાય. આ પાંચમું સમાધિસ્થાન.

**૬. સ્ત્રીઓના સ્થાનોનું સેવન કરનાર ન થાય** - જ્યાં રહે તે સ્થાનો=આસનો. સ્ત્રીઓ સાથે એક આસને ન બેસે અને સ્ત્રીઓ ઊઠી જાય પછી પણ એ જ્યાં બેઠી હતી એ આસન ઉપર એક મુહુર્ત સુધી ન બેસે. આ છટ્ઠું સમાધિસ્થાન.

**૭. સ્ત્રીઓની મનોજ્ઞ અને મનોરમ ઈન્દ્રિયોને જોઈ-જોઈને નિધ્યાતા ન થાય** - ઈન્દ્રિયો=આંખ, નાક વગેરે. મનોહર=જોવા માત્રથી મનને હરી લે=આકર્ષી લે તેવી. મનોરમ=મનને રમાડે - દર્શન

પછી તેનો વિચાર કરતાં આનંદ પમાડે તેવી. નિર્ધ્યાતા=દર્શન પછી અત્યંત વિચારનાર, જેમ કે - અહો ! આંખોનું લાવણ્ય, અહો ! નાસાવંશ[નાક]નું ઋજુત્વ વગેરે. સાધુ આવું વિચારનાર ન થાય. આ સાતમું સમાધિસ્થાન.

**૮. શબ્દાનુપાતી, રૂપાનુપાતી અને ગંધાનુપાતી ન થાય** - મન્મથભાષિત [વિકાર સહિત બોલાયેલા] વગેરે રાગના હેતુ એવા શબ્દને [अनुपतति=अनुसरति इत्येवंशीलः=] અનુસરવાના સ્વભાવવાળો તે શબ્દાનુપાતી. એ રીતે રાગના હેતુ એવા રૂપને અનુસરવાના સ્વભાવવાળો તે રૂપાનુપાતી અને એવી ગંધને અનુસરંવાના સ્વભાવવાળો તે ગંધાનુપાતી. સાધુ એવો ન થાય. [એટલે કે આ બધા ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિ ન કરે.] આ ત્રણે પદ વડે એક જ સ્થાન છે. આ આઠમું સમાધિસ્થાન.

**૯. શ્લોકાનુપાતી ન થાય** - શ્લોક=ખ્યાતિને અનુસરવાના સ્વભાવવાળો તે શ્લોકાનુપાતી. સાધુ એવો ન થાય. [એટલે કે પોતાની પ્રશંસા-ખ્યાતિને ન ઇચ્છે.]

**૧૦. શાતાસૌખ્યપ્રતિબદ્ધ ન થાય** - શાતાવેદનીય પુણ્યપ્રકૃતિ વડે જન્ય એવું રસ અને સ્પર્શરૂપ વિષયો વડે થતું જે સુખ તે શાતાસૌખ્ય. સાધુ તેમાં પ્રતિબદ્ધ=તત્પર=આસક્ત ન થાય. "શાતા-સૌખ્ય"માં પ્રતિબદ્ધ ન થાય એમ કહ્યું હોવાથી ઉપશમસૌખ્યમાં પ્રતિબદ્ધ થવાનો નિષેધ નથી.

કોઈક જગ્યાએ "सच्चसमाहि"ના સ્થાને "चित्तसमाहिड्डाणा..." એ પ્રમાણે પાઠ છે. ત્યાં પણ આ જ અર્થ જાણવો, સિવાય કે સત્યદશકની વ્યાખ્યા ન કરવી.

**ટીકા :-**

'दस चेव दसाओ' **त्ति** दशैव **दशसङ्ख्या एव दशाधिकाराभिधायकत्वाद्दशा इति बहुवचनान्तं, स्त्रीलिङ्गं शास्त्रस्याभिधानमिति । ताश्चैताः** —कर्मणोऽशुभस्य विपाकः **फलं कर्मविपाकस्तत्प्रतिपादिका दशाध्ययनात्मकत्वाद्दशाः** कर्मविपाकदशाः, **विपाकश्रुताख्यस्यैकादशाङ्गस्य प्रथमश्रुतस्कन्धः । द्वितीयश्रुतस्कन्धोऽप्यस्य दशाध्ययनात्मकः कर्मविपाकप्रतिपादकश्च, न चासाविहाभिमतः स्थानाङ्गेऽस्याविवृतत्वादिति १॥ तथा —साधूनुपासते सेवन्त** इत्युपासकाः **श्रावकाः, तद्गतक्रियाकलापप्रतिबद्धा** दशा **दशाध्ययनोपलक्षिताः** उपासकदशाः **सप्तममङ्गमिति २॥ तथा —** अन्तो **विनाशः स च कर्मणस्तत्फलभूतस्य वा संसारस्य कृतो यैस्ते** अन्तकृतास्ते **च तीर्थकरादयः तेषां** दशा अन्तकृतदशाः **। इह चाष्टमाङ्गस्य प्रथमवर्गे दशाध्ययनानीति, तत्सङ्ख्ययोपलक्षितत्वादन्तकृतदशेत्यभिधानेनाष्टममङ्गमभिहितमीति ३॥ तथा —** उत्तरः **प्रधानो, नास्योत्तरो विद्यत** इत्यनुत्तरः, उपपतनमु**पपातो जन्मेत्यर्थः, अनुत्तरश्चासावुपपातश्चे**त्यनुत्तरोपपातः **सोऽस्ति येषां तेऽनुत्तरोपपातिकाः सर्वार्थसिद्धादिविमानपञ्चकोपपातिन इत्यर्थः, तद्वक्तव्यताप्रतिबद्धा** दशा **दशाध्ययनोपलक्षिता** अनुत्तरौपपातिकदशा **नवममङ्गमिति ४॥ तथा — आचरणमाचारो ज्ञानादिविषयः पञ्चधा, आचारप्रतिपादनपरा** दशा **दशा-**

**ध्ययनात्मिका** आचारदशाः **दशाश्रुतस्कन्ध इति रूढाः ५।। तथा** प्रश्नाश्च **पृच्छा** व्याकरणानि **च निर्वचनानि प्रश्नव्याकरणानि, तत्प्रतिपादिका** दशा **दशाध्ययनात्मिकाः** प्रश्नव्याकरणदशाः **दशममङ्गमिति ६।। तथा** बन्धदशाः ७।। द्विगृद्धिदशाः ८।। दीर्घदशाः ९।। संक्षेपिकदशा**श्चाप्रतीता**[१] **एता इति । तथा** —

'समणधम्मं चेत्ति' **श्राम्यन्तीति** श्रमणाः **साधवस्तेषां** धर्मः **क्षान्त्यादिलक्षणः** श्रमणधर्म**स्तं च दशविधमुपसंपन्न इत्यादिपूर्ववत्, स चायं** —

**"खंती य मद्दवज्जव, मुत्ती तवसंजमे य बोधव्वे ।**
**सच्चं सोयं आकिंचणं च, बंभं च जइधम्मो ।।१।।"**

**तत्र** क्षान्तिः-**क्रोधविवेकः**, मार्दवं-**मानपरित्यागेन वर्तनं**, आर्जवं-**मायापरित्यागः**, मोचनं-**मुक्तिर्लोभपरित्यागः**, तपो-**द्वादशविधमनशनादि**, संयमश्च-**आश्रवविरतिलक्षणः**, सत्यं-**मृषावादविरतिः**, शौचं-**संयमं प्रति निरुपलेपता निरतिचारतेत्यर्थः**, आकिञ्चन्यं-**कनकादिरहितता**, ब्रह्म **च-ब्रह्मचर्यमिति । अन्ये त्वेवं श्रमणधर्मं पठन्ति** —

**"खंती मुत्ती अज्जव, मद्दव तह लाघवे तवे चेव ।**
**संजमचियागकिंचण, बोधव्वे बंभचेरे य ।।१।।"**

**तत्र** लाघवम**प्रतिबद्धता**, त्यागः **संयतेभ्यो वस्त्रादिदानं, शेषं प्राग्वदिति ।।२१।।**

**ટીકાર્થ :-**

दश चैव दशाः - અહીં दशाः એ બહુવચનાંત સ્ત્રીલિંગ પદ છે. દશ અધિકારોને જણાવનારા દશ શાસ્ત્રો તે 'દશ દશાઓ' નામથી ઓળખાય છે. તે દશ દશાઓ આ પ્રમાણે છે -

**૧. કર્મવિપાકદશા** - અશુભ કર્મના વિપાક એટલે કે ફળને દર્શાવનારી એવી, અને દશ અધ્યયનવાળી હોવાથી દશા, તે કર્મવિપાકદશા એટલે કે વિપાકશ્રુત નામના અગિયારમા અંગનો પહેલો શ્રુતસ્કંધ. જોકે તેનો બીજો શ્રુતસ્કંધ પણ દશ અધ્યયનવાળો અને કર્મવિપાક પ્રતિપાદક છે, પણ તે અહીં અભિમત નથી, કેમ કે સ્થાનાંગસૂત્રમાં તેનું વિવરણ કરવામાં આવ્યું નથી. [તે પ્રથમ દશા તરીકે ગણાયો નથી.]

**૨. ઉપાસકદશા** - સાધુઓની ઉપાસના કરે એટલે કે સેવે.તે ઉપાસકો એટલે કે શ્રાવકો. તેઓ સંબંધી ક્રિયાઓના સમૂહને પ્રતિબદ્ધ દશ અધ્યયનવાળી દશા તે ઉપાસકદશા એટલે કે સાતમું અંગસૂત્ર.

**૩. અંતકૃતદશા** - अन्त=વિનાશ. તે અહીં કર્મોને કે તત્ફલભૂત સંસારનો લેવો. તે અંત कृत=કર્યો છે જેઓએ તેઓ અંતકૃત એટલે કે તીર્થંકર વગેરે. તેઓની દશા [દશ અધ્યયનોવાળું શાસ્ત્ર] તે અંતકૃતદશા એટલે કે આઠમું અંગસૂત્ર. આઠમા અંગસૂત્રના પહેલા વર્ગમાં દશ અધ્યયનો છે.

१. अप्रसिद्धाः ।

તેની સંખ્યા વડે ઉપલક્ષિત [=ઓળખાયેલું] હોવાથી આઠમું અંગસૂત્ર 'અંતકૃતદશા' એ નામે કહેવાયેલું છે.

**૪. अनुत्तरौपपातिकदशा** - उत्तर=પ્રધાન. જેનાથી ઉત્તર=પ્રધાન વિદ્યમાન નથી તે अनुत्तर. उपपात=જન્મ. અનુત્તર એવો ઉપપાત એ અનુત્તરોપપાત. તે છે જેઓનો તે અનુત્તરોપપાતિક એટલે કે સર્વાર્થસિદ્ધ વગેરે પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલા દેવો. તેઓની વક્તવ્યતાને પ્રતિબદ્ધ દશ અધ્યયનો વડે ઉપલક્ષિત દશા તે અનુત્તરૌપપાતિકશા એટલે કે નવમું અંગસૂત્ર.

**૫. આચારદશા** - આચરણ તે આચાર. તે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય એ પાંચ વિષયવાળો હોવાથી પાંચ પ્રકારે છે. આચારના પ્રતિપાદનમાં તત્પર દશ અધ્યયનોવાળી દશા તે આચારદશા, જે દશાશ્રુતસ્કંધ તરીકે રૂઢ=પ્રખ્યાત છે.

**૬. પ્રશ્નવ્યાકરણદશા** - પ્રશ્ન=પૃચ્છા, વ્યાકરણ=નિર્વચન=ઉત્તર, પ્રશ્નો અને વ્યાકરણો તે પ્રશ્નવ્યાકરણ, તેની પ્રતિપાદક દશ અધ્યયનોવાળી દશા તે પ્રશ્નવ્યાકરણદશા એટલે કે દશમું અંગસૂત્ર.

**૭. બંધદશા.**

**૮. દ્વિગૃદ્ધિદશા.**

**૯. દીર્ઘદશા.**

**૧૦. સંક્ષેપિકદશા.** આ ચારે દશાઓ વર્તમાનમાં અપ્રતીત=અપ્રસિદ્ધ છે.

તથા -

श्रमणधर्मं च - श्राम्यन्तीति श्रमणाः=જેઓ શ્રમ કરે એટલે કે તપ કરે તે શ્રમણો. તેઓનો ધર્મ - ક્ષાંતિ વગેરે સ્વરૂપ તે શ્રમણધર્મ. દશ પ્રકારના તે શ્રમણધર્મને. 'પામેલો...' વગેરે પહેલાંની જેમ જાણવું.

દશ પ્રકારનો શ્રમણધર્મ આ પ્રમાણે - "ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય - આ યતિધર્મ જાણવો." ॥૧॥

ક્ષાંતિ=ક્રોધનો ત્યાગ.

માર્દવ=માનનો ત્યાગ કરી વર્તન કરવું તે.

આર્જવ=માયાનો ત્યાગ.

મુક્તિ=મોચન=લોભનો ત્યાગ.

તપ=અનશન વગેરે બાર પ્રકારે.

સંયમ=આશ્રવોથી અટકવા સ્વરૂપ.

સત્ય=મૃષાવાદથી અટકવું.

શૌચ=સંયમ પ્રતિ નિરૂપલેપતા એટલે કે અતિચારરહિતપણું.

આકિંચન્ય=સુવર્ણ વગેરેથી રહિતપણું.

બ્રહ્મ=બ્રહ્મચર્ય.

અન્ય આચાર્યો શ્રમણધર્મ આ પ્રમાણે કહે છે -

"ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ, લાઘવ, તપ, સંયમ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય - આ શ્રમણધર્મ જાણવો."

તેમાં લાઘવ=અપ્રતિબદ્ધતા અને ત્યાગ=સંયત(સાધુ-સાધ્વી)ને વસ્ત્ર વગેરેનું દાન. બાકીનું આગળ કહ્યા પ્રમાણે જાણવું.

उपसम्पन्नः युक्तः વગેરેનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો. ॥૨૧॥

**अथाशातनावर्ज्जनतो महाव्रतरक्षणमाह** —

હવે આશાતનાના ત્યાગ દ્વારા મહાવ્રતોનું રક્ષણ કહે છે -

ગાથા :-

**आसायणं च सव्वं, तिगुणं एक्कारसं विवज्जंतो ।**
**उवसंपन्नो जुत्तो, रक्खामि महव्वए पंच ॥२२॥**

ગાથાર્થ :-

બધી જ=ત્રિગુણ અગિયાર એટલે કે તેત્રીસ આશાતનાઓનો ત્યાગ કરતો, અનાશાતનાને પામેલો અને શ્રમણગુણો વડે યુક્ત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૨૨॥

ટીકા :-

**आयं-ज्ञानादिलाभं शातयतीति** आशातना **अर्हदादेरवज्ञेत्यर्थः, तां** विवर्ज्जयन् **इति योगः, किंविशिष्टां ?** सर्वां **समस्तां सामान्येन, अथवा** — 'तिगुणं एक्कारसंति' **चशब्दस्येह सम्बन्धात् त्रयो गुणो गुणाकारको यस्य स** त्रिगुणः **तं,** एकादशं **चैकादशाङ्कं त्रयस्त्रिंशतमाशातना इत्यर्थः । एकादशानां त्रिगुणितानां त्रयस्त्रिंशत्संख्योपपत्तेरिति भावना । अथवा — वचनव्यत्ययात् प्रक्रान्ताशातनाशब्दसम्बन्धाच्च** त्रिगुणा एकादश चाशातनाः **कर्मताऽऽपन्ना** विवर्ज्जयन् **परिहरन्, तथा** उपसम्पन्नः **प्रतिपन्नोऽनाशातनामिति सामर्थ्याद्गम्यते, तथा** युक्तः **श्रमणगुणैः,** रक्षामि **परि-पालयामि** महाव्रतानि पञ्च **इति । आशातनाश्च त्रयस्त्रिंशदेताः-अर्हत्सिद्धाचार्योपाध्यायसाधु-साध्वीश्रावकश्राविकादेवदेवी १०, इह ११, परलोक १२, केवलिप्रणीतधर्म १३, सदेव-मनुजासुरलोक १४, सर्व्वसत्त्व १५, काल १६, श्रुत १७, श्रुतदेवता १८, वाचनाचार्यविषया १९ आशातना एकोनविंशतिः, सूत्रविषयास्तु चतुर्दश, तद्यथा** —

व्याविद्धाक्षर १, व्यत्याम्रेडित २, हीनाक्षरा ३, ऽत्यक्षर ४, पद ५, विनय ६, घोष ७, योगहीनाध्ययन ८, सुष्ठुदत्त ९, दुष्टप्रतीच्छिता १०, ऽकालस्वाध्यायकरण ११, कालास्वाध्यायकरणा १२, ऽस्वाध्यायिकस्वाध्यायित १३, स्वाध्यायिकास्वाध्यायित १४ लक्षणाः एतास्त्रयस्त्रिंशदाशातनाः । आसां च स्वरूपम् — अर्हतामाशातना - 'न सन्ति तीर्थकरा, जानन्तो वा किमिति भोगान् भुञ्जते ?, देवादिविहितां समवसरणादिसपर्यां वा किमिति संयमिनोऽप्युपजीवन्ति ?' इत्यादिरूपा । यदुक्तं —

"नत्थि अरहंतत्ती, जाणंतो कीस भुंजए भोए ।
पाहुडियं[१] उवजीवइ, एव वयंत्तुत्तरं इणमो ॥१॥
भोगप्फलनिव्वत्तियपुन्नप्पगडीणमुदयपावल्ला ।
भुंजइ भोगे एवं, पाहुडियाए इमं सुणसु ॥२॥
तित्थयरनामगोयस्स, खयट्ठा तह य चेव साभव्वा ।
धम्मं कहेइ अरहा, पूयं चासेवए तं तु ॥३॥
खीणकसाओ अरहा, कयकिच्चो अवि य जीयमणुयत्ती[२] ।
पडिसेवंतो वि तहा, अदोसवं होइ तं पूयं ॥४॥" १॥

सिद्धानां चाशातना — 'न सन्ति सिद्धाः, सद्भिरपि वा किं तैर्निश्चेष्टैः ?' इत्यादिका, अत्र च समाधिः —

"अत्थि त्ति नियमसिद्धा, सद्दाओ चेव गम्मइ एवं ।
निच्चेट्ठावि भवंती, वीरियखयओ न दोसो हु ॥१॥" सकरणवीर्यक्षयादित्यर्थः २॥

आचार्याणां चाशातना यथा —

"डहरो[३] अकुलीणोत्ति य, दुम्मेहो दमग मंदवयणोत्ति ।
अवि य प्पलाभलद्धी, सीसो परिभवइ आयरियं ॥१॥
अहवा वि वए एवं, दिंतुवएसं परस्स जत्तेणं ।
दसविहवेयावच्चे, कायव्वे सयं न कुव्वंति ॥२॥" अत्रोत्तरं —

"डहरो वि नाणवुड्ढो, अकुलीणो त्ति य गुणालओ किह णु ।
दुम्मेहाई णेवं, भणंति ( त ) संताइ दुम्मेहा ॥३॥
जाणंति नवि य एयं, निद्धम्मा मोक्खकारणं नाणं ।
निच्चं पगासंयता, वेयावच्चाइ कुव्वंति ॥४॥" ३॥

१. समवसरणादि । २. जीतमर्यादा इति हस्तप्रतटिप्पण्याम् । ३. लघुः ।

सूत्रप्रदोपाध्यायानां चाशातना आचार्यवद् द्रष्टव्या इति ४॥ साधूनां चाशातना यथा —

"अमुणियसमयसहावो, साहु समुद्दिस्स भासए एवं ।
अविसहणा[1] तुरियगई, भंडणकाउं च तह चेव ॥१॥
पाणसुणगा[2] व भुंजन्ति, एगओ तह विरूवनेवत्था ।
एमाइ भणयवन्नं, मूढो न मुणेइ एवं तु ॥२॥
अविसहणाइसमेया, संसारसहावजाणणा[3] नेव ।
साहू थेवकसाया, जओवभुंजंति तो तहवि ॥३॥" ५॥

साध्वीनां चाशातना यथा —

"कलहणिया बहुउवही, अहवावि समणुवद्दवो समणी ।
गणियाण पुत्तभण्डा, दुमवल्लि जलस्स सेवालो ॥१॥" अत्रोत्तरं —
कलहंति नेव नाऊण, कसाए कम्मबंधबीए त्ति ।
संजलणाणमुदयओ, ईसिं कलहे वि को दोसो ? ॥१॥
उवही य बहुविगप्पो, बंभव्वयरक्खणत्थमेयासिं ।
भणिओ जिणेहिं जम्हा, तम्हा उवहिम्मि नो दोसो ॥२॥
समणाण नेय एया, उवद्दवो सम्मसारवित्ताणं ।
सम्मं जियमोहाणं, जिणवयणसमाहिअप्पाणं ॥३॥" ६॥

तथा जिनशासनभक्ताः गृहस्थाः श्रावका उच्यन्ते, तेषां चाशातना —

"लद्धूण य माणुस्सं, नाऊण य जिणमयं न जे विरइं ।
पडिवज्जंति कहं ते, धन्ना वुच्चंति लोगंमि ॥१॥
सावगसत्तासायणमित्थुत्तर कम्मपरिणइवसाओ ।
जइ वि पवज्जंति न तं, तहा वि धन्न त्ति मग्गठिया ॥२॥" ७॥

एवं श्राविकाऽऽशातनाऽपि द्रष्टव्या ८॥

देवानां चाशातनेयं —

"कामपसत्ता विरईए, वज्जिया अणिमिसा य निच्चेट्ठा ।
देवा सामत्थंमि वि, न य तित्थस्सुन्नइकरा य ॥१॥
एत्थ पसिद्धी[4] मोहणियसायवेयणियकम्मउदयाओ ।
कामपसत्ता विरई कम्मोदयओ च्चिय न तेसिं ॥२॥

१. परस्य न सहति । २. चाण्डालः । ३. 'वि तहवि संसारवड्ढणा नेव' इति 'ब' प्रतौ पाठः । ४. उत्तरं ।

अणिमिस देवसहावा, निच्चेट्ठाणुत्तरा उ कयकिच्चा ।
कालणुभावा तित्थुन्नइं पि, अन्नत्थ कुव्वंति ॥३॥" ९ ॥

एवं देव्याशातनाऽपि वाच्या १०॥ तथेहलोको मनुष्यस्य मनुष्यलोकः तस्य त्वाशातना वितथप्ररूपणादिनेति ११॥ तथा परलोको मनुष्यस्य नारकतिर्यगमराः, तस्याप्याशातना वितथ-प्ररूपणादिनैव १२॥ केवलिप्रज्ञप्तो धर्मो द्विविधः श्रुतधर्मश्चारित्रधर्मश्च, तस्य त्वाशातना –

"पागयभासनिबद्धं, को जाणइ पणीय केणेयं ?।
किं वा चरणेणं तु, दाणेण विणा उ हवइ त्ति ॥१॥"

अत्रोत्तरं – "बालस्त्रीमूढमूर्खाणां, नृणां चारित्रकाङ्क्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धान्तः प्राकृतः स्मृतः ॥१॥

निपुणधर्मप्रतिपादकत्वाच्च सर्वज्ञप्रणीतत्वमिति । तथा –

"दानमौरभ्रिकेणापि[१], चाण्डालेनापि दीयते ।
येन वा तेन वा, शीलं न शक्यमभिरक्षितुम् ॥१॥

दानेन भोगानाप्नोति, यत्र यत्रोपपद्यते ।
शीलेन भोगान् स्वर्गं च, निर्वाणं चाधिगच्छति ॥२॥"

किञ्चाभयदानदाता चारित्रवान्नियमत एवेति १३॥ सदेवमनुष्यासुरस्य च लोकस्या-शातना वितथप्ररूपणादिना, आह च –

"देवाईयं लोयं विवरीयं, भणइ सत्तदीवुदही ।
कयमहव पयावइणा[२] पगईपुरिसाण[३] जोगा वा ॥१॥"

अत्रोत्तरं –

"सत्तसु परिमियसत्ता, मोक्खा[४] सुन्नत्तणं हवइ एवं ।
केण पयावइ विहिओ, अन्नेणं एवमणवत्था ॥१॥

चेयन्नसुन्नपगई, पुरिसो किरियाइवज्जिओ इट्ठो ।
ता कह तेसि पवित्ती, जीए होज्जा जगुप्पत्ती ॥२॥" १४॥

सर्वसत्त्वानां त्वाशातना विपरीतप्ररूपणादिनैव मन्तव्या १५॥ कालस्य त्वाशातना नास्त्येव कालः, कालपरिणतिर्वा विश्वमिति । तथा च दुर्नयः –

"कालः पचति भूतानि, कालः संहरते प्रजाः ।
कालः सुप्तेषु जागर्ति, कालो हि दुरतिक्रमः ॥१॥"

१. छागादिवधकेनापि । २. प्रजापतिना । ३. साङ्ख्यमते । ४. मोक्षगमनात् ।

**अत्रोत्तरं — कालोऽस्ति तमन्तरेण बकुलचम्पकादीनां नियतपुष्पादिप्रदानाभावप्रसङ्गात्, न च तत्परिणतिर्विश्वं एकान्तनित्यस्य परिणामानुपपत्तेरिति १६॥ श्रुतस्य त्वाशातना —**

**"को आउरस्स कालो, मइलंबरधोवणे व को कालो ।**
**जइ मोक्खहेउ नाणं, को कालो तस्सऽकालो वा ॥१॥" इत्यादिका । इह चोत्तरं —**

**"जोगो जोगो जिणसासणम्मि, दुक्खक्खया पउंजंतो ।**
**अन्नोन्नमबाहाए[१], असवत्तो होइ कायव्वो ॥१॥" [ ओघनिर्युक्ति गा. २७७ ]**

**पूर्वं धर्मद्वारेण श्रुतस्य आशातनोक्ता, इह तु स्वतन्त्रश्रुतविषयेति न पौनरूक्त्यं १७॥ श्रुतदेवतायास्त्वाशातना — न विद्यते श्रुतदेवता अकिञ्चित्करी वा, अत्रोत्तरं — अस्त्येव श्रुतदेवता यतो नानधिष्ठितो मौनीन्द्रः खल्वागमो, न चाकिञ्चित्करी तामालम्ब्य प्रशस्तमनसः सत्त्वस्य कर्मक्षयदर्शनात् १८॥ तथा वाचनाचार्यो य उपाध्यायसन्दिष्ट उद्देशादि करोति, तस्य चाशातनेयं — निर्दुःखसुखः प्रभूतान् वारान् वन्दनं दापयति, उत्तरं तु — श्रुतोपचार एष, क इव तस्यात्र दोष ? इति १९॥ इतो व्याविद्धाक्षरादिपदानि चतुर्दशापि श्रुतक्रियाकालगोचरत्वान्न पौनरुक्त्यभाञ्जीति । तत्र** व्याविद्धाक्षरं **विपर्यस्ताक्षरम् २०,** व्यत्याम्रेडितं **अन्योन्यासंबद्धवर्णव्यामिश्रं २१,** हीनाक्षरं **अक्षरन्यूनम् २२,** अत्यक्षरम् **अधिकाक्षरं २३,** पदहीनं **पदैर्वोनं २४,** विनयहीनं **अकृतोचितविनयं २५,** घोषहीनं **उदात्तादिघोषरहितं २६,** योगहीनं **सम्यगकृतयोगोपचारम् २७,** सुष्ठु[२] दत्तं **समधिकं प्रदत्तं गुरुणा २८,** दुष्टं प्रतीच्छितं **कलुषितान्तरात्मना शिष्येण गृहीतम् २९,** अकाले कृतः स्वाध्यायः **यो यस्य श्रुतस्य कालिकादेः अकालः, तत्राधीतमिति ३०,** काले न कृतः स्वाध्यायो **यस्यात्मीयोऽध्ययनकाल उक्तस्तत्र स्वाध्यायो न विहित इति ३१,** अस्वाध्यायिके स्वाध्यायितं **अस्वाध्यायिकं रुधिरमहिकापांसुपातगन्धर्वनगरसंग्रामादिकं तत्र स्वाध्यायितमधीतमिति ३२;** स्वाध्यायिके**ऽस्वाध्यायिकविपर्ययलक्षणे** न स्वाध्यायितं **नाधीतमिति ३३ ।**

**ટીકાર્થ :-**

आशातनां च=જ્ઞાન વગેરેના લાભનો નાશ કરે તે આશાતના એટલે કે અરિહંત વગેરેની અવજ્ઞા. 'તેનો ત્યાગ કરતો' એમ આગળ સંબંધ જોડવો. કેવી આશાતના ? તે કહે છે -

सर्वां=સામાન્યથી સમસ્ત એટલે કે બધી જ આશાતનાઓનો. અથવા -

त्रिगुणं एकादशं - પૂર્વે કહેલા च શબ્દનો અહીં સંબંધ હોવાથી 'અને ત્રિગુણ એવી અગિયાર એટલે કે તેત્રીસ આશાતનાઓનો'. 'ત્રણ' એ જેનો ગુણ=ગુણાકારક=ગુણક છે એને 'ત્રિગુણ' કહેવાય છે. અગિયારને ત્રણ વડે ગુણતાં તેત્રીસની સંખ્યા થાય છે માટે 'ત્રણગુણા અગિયાર' કહ્યું છે.

१. अन्योऽन्याबाधितः असपत्नः । २. सुष्ठुशब्दोऽत्र न शोभनवाची, तथा सति आशातनात्वानुपपत्तेः, किन्त्वतिरेकवाची, तेनायमर्थः - अल्पश्रुतयोग्यस्य अधिकं यत् श्रुतं दत्तं ।

અથવા વચનનો વ્યત્યય કરતાં [અહીં ગાથામાં એકવચન 'त्रिगुणं' કહ્યું છે. તેનો વ્યત્યય= અદલાબદલી કરીને બહુવચન - 'त्रिगुणाः' કરતાં] અને પ્રક્રાંત 'आशातना' શબ્દનો સંબંધ હોવાથી 'त्रिगुणा एकादश आशातनाः'=કર્મપણાને પામેલી ત્રણગણી અગિયાર આશાતનાઓનો. [અહીં આગળ કહેવાઈ રહેલા 'विवर्जयन्=ત્યાગ કરતો' ક્રિયાપદનું કર્મ આશાતનાઓ છે. શેનો ત્યાગ કરતો ? તો કે આશાતનાઓનો. માટે આશાતનાઓ કર્મપણાને પામેલી છે.]

विवर्जयन्=પરિહાર કરી રહેલો એટલે કે ત્યાગ કરી રહેલો

उपसम्पन्नः=પામેલો. 'અનાશાતનાને' એમ સામર્થ્યથી એટલે કે ગાથામાં ન કહ્યું હોવા છતાં પૂર્વના સંબંધથી જણાય છે.

युक्तः=શ્રમણગુણો વડે યુક્ત

रक्षामि महाव्रतानि पञ्च=[એવો હું] પાંચ મહાવ્રતોનું પરિપાલન કરું છું.

તેત્રીસ આશાતના આ પ્રમાણે -

૧-૧૯. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, દેવ, દેવી, ઇહલોક, પરલોક, કેવલિપ્રણીત ધર્મ, સદેવમનુષ્યાસુરલોક, સર્વ જીવો, કાલ, શ્રુત, શ્રુતદેવતા અને વાચનાચાર્ય એ ઓગણીસના વિષયમાં આશાતના.

૨૦-૩૩. સૂત્રના વિષયમાં ૧૪ આશાતના આ પ્રમાણે -

૧. વ્યાવિદ્ધાક્ષર, ૨. વ્યત્યામ્રેડિત, ૩. હીનાક્ષર, ૪. અત્યક્ષર, ૫. પદહીન અધ્યયન, ૬. વિનયહીન અધ્યયન, ૭. ઘોષહીન અધ્યયન, ૮. યોગહીન અધ્યયન, ૯. સુષ્ઠુદત્તતા, ૧૦. દુષ્ઠુ-પ્રતીચ્છિતતા, ૧૧. અકાલસ્વાધ્યાયકરણ, ૧૨. કાલઅસ્વાધ્યાયકરણ, ૧૩. અસ્વાધ્યાયિકસ્વાધ્યાયિત, ૧૪. સ્વાધ્યાયિકઅસ્વાધ્યાયિત.

આ તેત્રીસ આશાતનાઓ છે. તેઓનું સ્વરૂપ આ પ્રમાણે -

**૧. અરિહંતની આશાતના** - [પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી જણાતા ન હોવાથી] તીર્થંકરો નથી, અથવા ભોગોને ત્યાજ્ય જાણતા હોવા છતાં શા માટે ભોગવે ? અથવા દેવાદિ વડે કરાયેલી સમવસરણ વગેરે પૂજાને શા માટે સંયમી હોવા છતાં પણ ભોગવે ? વગેરે રૂપ. કહ્યું છે -

"અરિહંતો નથી અથવા જાણતા હોવા છતાં શા માટે ભોગો ભોગવે છે ? અથવા સંયમી હોવા છતાં દેવોએ પોતાના માટે જ કરેલી સમવસરણાદિ ઋદ્ધિને ભોગવે છે ? તેમ કહેનારને આ ઉત્તર કહેવો - ॥૧॥

પૂર્વજન્મમાં બાંધેલી ભોગરૂપ ફળ આપનાર પુણ્યપ્રકૃતિઓના ઉદયની પ્રબળતાથી ભોગો ભોગવે છે, એ રીતે પ્રાભૃતિકા(સમવસરણાદિ ઋદ્ધિ)ના વિષયમાં આ હું કહું છું, તે સાંભળ. ॥૨॥

તીર્થંકરનામગોત્રના ક્ષય માટે તેમજ સ્વભાવથી અરિહંત ધર્મ કહે છે અને પૂજાનું આસેવન કરે છે. (સ્વીકારે છે.) ॥૩॥

અરિહંત ક્ષીણકષાય અને કૃતકૃત્ય છે. વળી, જીતમર્યાદાને અનુસરતા હોવાથી પૂજા સ્વીકારે છે. [અથવા મનને જીતેલા છે.] એટલે તે પૂજાને સ્વીકારવા છતાં દોષ વિનાના છે. ॥૪॥"

**૨. સિદ્ધોની આશાતના** - [પ્રત્યક્ષ વગેરે પ્રમાણોથી અગ્રાહ્ય હોવાથી] સિદ્ધો નથી અથવા હોય તો પણ ચેષ્ટા રહિત એવા તેઓનું શું કામ છે ? વગેરે રૂપ. આ આશાતનાઓનો પ્રતિકાર આ પ્રમાણે છે -

"સિદ્ધો નિયમા છે. 'સિદ્ધ' એ પ્રમાણેના શબ્દથી જ આ પ્રમાણે જણાય છે. સકરણવીર્યના ક્ષયથી ચેષ્ટારહિત પણ છે એમાં કોઈ દોષ નથી. ॥૧॥"

[જે પદાર્થ વ્યુત્પત્તિવાળા એવા શુદ્ધપદથી વાચ્ય હોય તેની સત્તા નિયમથી હોય જ. જેમ કે જીવ-ઘટ-પટ વગેરે. 'સિદ્ધ' પદ વ્યુત્પત્તિવાળું શુદ્ધ પદ છે, માટે સિદ્ધોની સત્તા નિયમથી છે.

વીર્યાંતરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી આત્મામાં પેદા થતી લબ્ધિ તે વીર્ય=યોગ=ચેષ્ટા વગેરે. જે વીર્ય વ્યાપારમાં હોય તે સકરણવીર્ય. સિદ્ધ ભગવંતોને તે હોતું નથી.]

**૩. આચાર્ય ભગવંતોની આશાતના** - "બાલ છે, હલકા કુળવાળા છે, મંદબુદ્ધિ છે, દ્રમક [બિચારા] છે, મંદવચનવાળા છે, અલ્પ લાભલબ્ધિવાળા છે" વગેરે વચનોથી શિષ્ય આચાર્યનો પરાભવ કરે. ॥૧॥

અથવા એમ કહે કે - "બીજાઓને યત્નપૂર્વક ઉપદેશ આપે છે કે 'દશ પ્રકારની વૈયાવચ્ચ કરવી જોઈએ' પણ પોતે તો કરતા નથી." ॥૨॥

આ આશાતનાઓનો ઉત્તર -

બાલ હોવા છતાં જ્ઞાનવૃદ્ધ [બહુશ્રુત] છે, [અકુલીન છે તેનો જવાબ] - તો પછી ગુણોના સ્થાનભૂત કેવી રીતે બન્યા ? [અર્થાત્ ઘણા ગુણો દેખાય છે, માટે અકુલીન નથી.] દુર્મેધ - મંદબુદ્ધિ ન કહેવા. કારણ કે દુઃખે જાણી શકાય એવા પદાર્થોને કહે છે. ॥૩॥

વળી તે નિર્ધર્મ શિષ્યો આ પ્રમાણે જાણતા નથી કે મોક્ષનું કારણભૂત જ્ઞાન રોજ આપતા હોવાથી વૈયાવચ્ચ વગેરે પણ કરે જ છે. ॥૪॥

અથવા (ત્રીજી ગાથાનો ઉત્તરાર્ધ અને ચોથી ગાથા -) દુર્મેધ વગેરે ન કહેવું, કારણ કે દુર્મેધ (દુઃખે જાણી શકાય તેવા) પદાર્થોને જાણે છે અને વળી નિર્ધર્મ ન કહેવા, કારણ કે મોક્ષનું કારણભૂત જ્ઞાન રોજ આપતા હોવાથી વૈયાવચ્ચ વગેરે પણ કરે જ છે. ॥૩-૪॥

**૪. ઉપાધ્યાય ભગવંતોની આશાતના** - સૂત્રને આપનારા ઉપાધ્યાયની આશાતના આચાર્યની આશાતનાની જેમ જાણવી.

**૫. સાધુ ભગવંતોની આશાતના** - સિદ્ધાંતના સ્વભાવ(રહસ્ય)ને નહીં જાણનાર જીવ સાધુને ઉદ્દેશીને આ પ્રમાણે બોલે છે -

સાધુઓ અવિષહન છે - બીજા કોઈનું સહન કરી શકતા નથી. [અસાંભોગિકો (=ભિન્ન માંડલીવાળા - એકબીજા સાથે ગોચરી-પાણી વગેરે વ્યવહાર વિનાના) સાથે ન રહેતા હોવાથી],

ધીમી ગતિવાળા છે, [भंडणकाउं च=] એકબીજાને ભાંડવાના=એકબીજાનો અવર્ણવાદ કરવાના / એકબીજાને ઠપકો આપવાના / ઉતારી પાડવાના / ઝઘડો કરવાના સ્વભાવવાળા છે. ॥૧॥

ચાંડાલો અને કૂતરાઓની જેમ એકલા / એકાંતમાં વાપરે છે.

[અથવા भंडण काउं च ... भुंजंति एगओ પાઠ લઈએ તો -

પરસ્પર ઝઘડો કર્યા પછી પણ ચાંડાળ અને કૂતરાની જેમ એક સાથે ભેગા મળીને ગોચરી વાપરે છે.] વિરૂપ=વિચિત્ર વેષવાળા છે.

આવા પ્રકારના અવર્ણવાદને બોલતો તે મૂઢ જાણતો નથી કે - ॥૨॥

સાધુ ભગવંતો પરસ્પર મત્સરભાવવાળા (એકબીજાને સહન નહીં કરનારા) નથી, કારણ કે તેઓ સંસારના સ્વભાવને જાણે છે [અર્થાત્ સંસારની અંદર પુણ્યની તરતમતા એ સંસારનો સ્વભાવ છે. માટે કોઈક મોટું અને કોઈક નાનું હોય. એમાં પરસ્પર મત્સર કરવો એ અનુચિત છે.]

[અથવા પાઠાંતરે अविसहणाइसमेया वि तहवि संसारवड्ढणा नेव=સાધુઓ ભલે અવિષહના વગેરે દોષોથી યુક્ત હોય, તો પણ સંસારને વધારતા નથી જ.]

સાધુઓ અલ્પ કષાયવાળા છે, અને તેથી જ તેઓ એ રીતે [પરસ્પર કલહ થવા છતાં ભેગા] વાપરે છે. ॥૩॥

**૬. સાધ્વીજી ભગવંતોની આશાતના** - કલહને કરનારા છે, બહુ ઉપધિવાળા છે, અથવા [સાધ્વીજીઓની ઉપધિ વગેરે બધી જવાબદારી ગણાવચ્છેદક સાધુની હોવાથી] સાધુઓને ઉપદ્રવભૂત છે, જેમ કે વેશ્યા માટે પુત્રોનો સમૂહ ઉપદ્રવભૂત છે [અર્થાત્ વેશ્યાઓને દીકરી જન્મે તો મહોત્સવ, પુત્ર જન્મે તો ઉપદ્રવ], વૃક્ષ માટે વેલડી ઉપદ્રવભૂત છે અને પાણી માટે શેવાળ (લીલ) ઉપદ્રવભૂત છે. ॥૧॥

આ આશાતનાઓનો ઉત્તર - કષાયોને કર્મબંધના બીજ જાણીને સાધ્વીજી ભગવંતો કલહ કરતા નથી. વળી, સંજ્વલન કષાયોના ઉદયે કાંઈક કલહ કરે તો પણ શો દોષ છે ? [અર્થાત્ તે ક્ષંતવ્ય છે.] ॥૧॥

બ્રહ્મચર્યવ્રતના રક્ષણ માટે જિનેશ્વર ભગવંતોએ સાધ્વીજી ભગવંતોની ઉપધિ ઘણા વિકલ્પો (પ્રકારો) વાળી કહી છે. માટે ઉપધિમાં દોષ નથી. ॥૨॥

સાધ્વીની સારી રીતે સંભાળ રાખનારા, સમ્યક્ રીતે મોહને જેમણે જીત્યો છે એવા અને જિનવચનો વડે સમાધિત (અથવા જિનવચનમાં જ સ્થાપિત) કર્યો છે આત્મા જેઓએ એવા સાધુઓને આ સાધ્વીઓ ઉપદ્રવરૂપ નથી. ॥૩॥

**૭. શ્રાવકોની આશાતના** - જિનશાસનના ભક્ત ગૃહસ્થો શ્રાવકો કહેવાય છે. તેમની આશાતના આ પ્રમાણે -

મનુષ્યપણું પામીને અને જિનમતને જાણીને પણ જે આ શ્રાવકો વિરતિ સ્વીકારતા નથી તેઓ લોકમાં ધન્ય કેવી રીતે કહેવાય ? ॥૧॥

આ રીતે શ્રાવકોના સત્ત્વની આશાતના કરનારને ઉત્તર આપવો કે -

કર્મપરિણતિને પરવશ હોવાથી જો તેઓ વિરતિ ન સ્વીકારે તો પણ તેઓ માર્ગસ્થિત હોવાથી ધન્ય છે. [અર્થાત્ સમ્યગ્દર્શનરૂપ માર્ગમાં રહેલા હોવાથી તેઓ ગુણયુક્ત જ છે, અને માટે જ તેઓ ધન્ય છે.] ॥૨॥

**૮. શ્રાવિકાઓની આશાતના** - શ્રાવકની આશાતનાની જેમ જાણવી.

**૯. દેવોની આશાતના** - કામપ્રસક્ત (ભોગમાં આસક્ત) છે, વિરતિથી રહિત છે, અનિમેષ (આંખના પલકારા રહિત) છે, નિશ્ચેષ્ટ (ચેષ્ટારહિત) છે, સામર્થ્ય હોવા છતાં પણ તીર્થની ઉન્નતિ કરતા નથી. ॥૧॥

અહીં ઉત્તર - મોહનીય અને શાતાવેદનીયકર્મના ઉદયથી કામપ્રસક્ત છે. વિરતિ પણ તેમને કર્મના ઉદયથી જ નથી. ॥૨॥

દેવસ્વભાવથી જ તેઓ અનિમેષનયનવાળા છે. અનુત્તરદેવો કૃતકૃત્ય છે [=તેઓને કંઈ કરવાનું બાકી નથી.] માટે નિશ્ચેષ્ટ છે. કાલાનુભાવના કારણે (કાળના પ્રભાવથી) તીર્થની ઉન્નતિ અન્યત્ર (મહાવિદેહાદિમાં) કરે છે. (અહીં કરી શકતા નથી.) ॥૩॥

**૧૦. દેવીની આશાતના** - દેવોની આશાતનાની જેમ જાણવી.

**૧૧. ઈહલોકની આશાતના** - મનુષ્ય માટે મનુષ્યલોક એ ઈહલોક. તેની આશાતના વિતથ પ્રરૂપણા=ખોટી પ્રરૂપણા કરવી વગેરે વડે જાણવી.

**૧૨. પરલોકની આશાતના** - મનુષ્ય માટે નારક, તિર્યંચ અને દેવ એ પરલોક. તેની આશાતના પણ વિતથપ્રરૂપણા વગેરે વડે જાણવી.

**૧૩. કેવલિપ્રજ્ઞપ્ત ધર્મની આશાતના** - કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ બે પ્રકારે - શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. તેની [તેમાં શ્રુતધર્મની] આશાતના આ પ્રમાણે -

શ્રુત બધું પ્રાકૃતભાષામાં નિબદ્ધ થયેલું છે [અર્થાત્ સામાન્ય ભાષામાં રચેલું છે.]

વળી કોણે પ્રણીત કર્યું છે એ કોણ જાણે છે ?

[ચારિત્રધર્મની આશાતના -] વળી દાન વિનાના માત્ર ચારિત્રથી શું થાય ? ॥૧॥

અહીં ઉત્તર - ચારિત્રની ઈચ્છાવાળા એવા બાલ, સ્ત્રી, મૂઢ અને મૂર્ખ મનુષ્યો ઉપર ઉપકાર કરવા માટે તત્ત્વને જાણનારાઓએ સિદ્ધાંત પ્રાકૃતમાં રચ્યો છે. ॥૧॥

વળી, સિદ્ધાંત નિપુણ ધર્મનું પ્રતિપાદન કરતો હોવાથી સર્વજ્ઞપ્રણીત છે.

[હવે ચારિત્રધર્મને આશ્રયીને કહે છે -]

તથા દાન બકરાને મારનાર કસાઈ અને ચાંડાલ વડે પણ અપાય છે, જ્યારે શીલ [=ચારિત્ર] ગમે તેના વડે રક્ષણ કરવું શક્ય નથી. ॥૧॥

દાન વડે [પરલોકમાં] જ્યાં જ્યાં ઉત્પન્ન થાય ત્યાં ભોગો પામે, જ્યારે શીલ (ચારિત્ર) વડે ભોગો, સ્વર્ગ અને નિર્વાણને પામે.

વળી, ચારિત્રવાન્ જીવ નિયમા અભયદાનદાતા હોય જ [એટલે તે દાન નથી કરતો, એવું નથી.]

**૧૪. સદેવમનુષ્યાસુરલોકની એટલે કે દેવ, મનુષ્ય અને અસુરોથી યુક્ત લોકની આશાતના** - વિતથપ્રરૂપણા વગેરે વડે જાણવી. કહ્યું છે -

"દેવાદિ લોક વિષે વિપરીત બોલે, જેમ કે - સાત દ્વીપ અને સમુદ્ર પ્રમાણ લોક છે, અથવા પ્રજાપતિ(બ્રહ્મા)એ લોક કર્યો (=બનાવ્યો) છે અથવા પ્રકૃતિ અને પુરુષના સંયોગથી ઉત્પન્ન થયો છે. ||૧||"

અહીં ઉત્તર - સાત જ દ્વીપ-સમુદ્ર હોય તો જીવો પરિમિત (મર્યાદિત) થશે. બધા જીવો ધીરે ધીરે મોક્ષમાં ચાલ્યા જવાથી શૂન્યત્વની [લોક શૂન્ય=ખાલી થઈ જવાની] આપત્તિ આવશે.

વળી લોક પ્રજાપતિએ બનાવ્યો એમ માનશો તો પ્રજાપતિને કોણે બનાવ્યો એ પ્રશ્ન આવશે. જો અન્ય પ્રજાપતિએ આ પ્રજાપતિને બનાવ્યો એમ કહેશો તો તે અન્ય પ્રજાપતિને બનાવનાર વળી કોઈ અન્યને માનવો પડશે. આમ, અનવસ્થા થશે. ||૧||

વળી, સાંખ્યદર્શનમાં પ્રકૃતિ ચૈતન્યરહિત અને પુરુષ ક્રિયા વગેરે રહિત મનાયેલો છે. તો પછી તેઓની પ્રવૃત્તિ કેવી રીતે થાય કે જેથી જગતની ઉત્પત્તિ થાય ? ||૨||

**૧૫. સર્વસત્ત્વોની આશાતના** - વિપરીત પ્રરૂપણા વગેરે વડે જ જાણવી.

**૧૬. કાળની આશાતના** - કાળ નથી જ, અથવા વિશ્વ એ કાળની પરિણતિ (વિકાર) છે - વગેરે માનવા વડે. જેમ કે કોઈક દુર્નય કહે છે - "કાળ જીવોને પકાવે છે [અર્થાત્ જન્મ, બાળપણ, યુવા વગેરે જુદી જુદી અવસ્થાઓ પમાડે છે], કાળ પ્રજાનો સંહાર કરે છે, લોકો સૂતા હોય તો પણ કાળ જાગે છે [અર્થાત્ કાળ પોતાનું કામ યથાવસર બજાવી લે છે, તે કોઈની શરમ રાખતો નથી]. કાળ દુરતિક્રમ છે [તેને કોઈ ઓળંગી શકતું નથી - અન્યથા કરી શકતું નથી.]" ||૧||

અહીં ઉત્તર - કાળ છે, કારણ કે તેના વિના બકુલ-ચંપો વગેરે વૃક્ષો નિયત સમયે પુષ્પ વગેરે આપી ન શકે. વળી, વિશ્વ એ કાળની પરિણતિ નથી, કારણ કે [તમે કાળને એકાંતે નિત્ય માનો છો અને] જે એકાંતે નિત્ય હોય તેમાં જુદા જુદા પરિણામો ઘટતા નથી.

**૧૭. શ્રુતની આશાતના** - "રોગીને [ઔષધ લેવામાં] વળી કાળ-અકાળ શું ? અથવા મેલા વસ્ત્રોને ધોવામાં વળી કાળ-અકાળ શું ? જો જ્ઞાન મોક્ષનું કારણ છે તો તેના માટે કાળ-અકાળ શું ? [અર્થાત્ ગમે ત્યારે ભણો તો શું વાંધો છે ? શ્રુતમાં ફોગટ તે અંગે સ્વાધ્યાય-અસ્વાધ્યાયની વાત કરી છે.] વગેરે."

અહીં ઉત્તર -

"જિનશાસનમાં દુઃખક્ષય માટે કરાતો દરેકે દરેક યોગ એકબીજાને બાધા ન પહોંચાડે એ રીતે અને અસપત્ન [જે કરતાં હોય તેમાં જ ચિત્તને રાખીને અન્યત્ર ચિત્ત ન જવા દઈને] કરવો જોઈએ." ॥૧॥ [ઓઘનિર્યુક્તિ ગા. ૨૭૭]

અગાઉ [તેરમી કેવલિપ્રજ્ઞપ્ત ધર્મની આશાતનામાં] ધર્મ દ્વારા શ્રુતની [=શ્રુતધર્મની] આશાતના કહી હતી, જ્યારે અહીં સ્વતંત્ર શ્રુતની આશાતના કહી છે માટે પુનરુક્તિ નથી.

**૧૮. શ્રુતદેવતાની આશાતના** - શ્રુતદેવતા છે જ નહીં, અથવા કાંઈ કરતા નથી. [કારણ કે જ્ઞાન તો આપણા પોતાના ક્ષયોપશમથી થાય છે.]

અહીં ઉત્તર - શ્રુતદેવતા છે જ, કારણ કે મુનીન્દ્ર [=જિનેશ્વર પરમાત્મા]ના આગમના અધિષ્ઠાતા હોય છે [અને તે શ્રુતદેવતા=સરસ્વતીદેવી છે.] વળી શ્રુતદેવતા કાંઈ કરતા નથી એવું નથી, કેમ કે તેમના આલંબનથી પ્રશસ્તમનવાળા જીવને [જ્ઞાનાવરણીય] કર્મનો ક્ષય થતો દેખાય છે. [અર્થાત્ શ્રુતદેવતાને આશ્રયીને પ્રશસ્ત મનથી મંત્રજાપ કરનારને કાવ્ય વગેરે રચવાની શક્તિ અને વિશિષ્ટ શ્રુતની પ્રાપ્તિ થઈ દેખાય છે, જે કર્મના ક્ષય વિના સંભવિત નથી.]

**૧૯. વાચનાચાર્યની આશાતના** - ઉપાધ્યાય વડે આદેશ કરાયેલો જે સાધુ ઉદ્દેશ વગેરે કરે તે વાચનાચાર્ય. તેમની આશાતના આ પ્રમાણે - [સામેવાળી વ્યક્તિના=શિષ્યના] સુખ-દુઃખને જાણી ન શકતો આ વાચનાચાર્ય વારંવાર વંદન દેવરાવે છે.

અહીં ઉત્તર - આ શ્રુતનો ઉપચાર (બહુમાન) છે. એમાં વાચનાચાર્યનો શો દોષ ? [અર્થાત્ કશો દોષ નથી.]

**શંકા** - કેવલિપ્રજ્ઞપ્ત ધર્મની આશાતનાના સૂત્રમાં શ્રુતધર્મની આશાતના દ્વારા શ્રુતની આશાતના કહી. ત્યારપછી 'सुयस्स आसायणाए' સૂત્ર દ્વારા પણ શ્રુતની આશાતના કહી. અને હવે 'વ્યાવિદ્ધાક્ષર' વગેરે ૧૪ સૂત્રો વડે પણ શ્રુતની જ આશાતના કહેવાય છે. માટે પુનરુક્તિ છે.

**સમાધાન** - પુનરુક્તિદોષ નથી, કારણ કે પૂર્વના બંને સૂત્રોમાં કહેવાયેલી આશાતના સામાન્યથી શ્રુતની આશાતના હતી, જ્યારે અહીં શ્રુતક્રિયાકાળવિષયક એટલે કે શ્રુત ભણવામાં પ્રવૃત્ત થયેલાને લગતી આશાતના જણાવી છે.

**૨૦. વ્યાવિદ્ધાક્ષર** - વિપર્યસ્તાક્ષર [અક્ષરો આડાઅવળા કરીને ભણવું તે.]

**૨૧. વ્યત્યામ્રેડિત** - પરસ્પર અસંબદ્ધ વર્ણો વડે મિશ્ર કરીને ભણવું તે. [એક શાસ્ત્રમાં અન્ય અન્ય શાસ્ત્રમાં રહેલા એક અર્થવાળા સૂત્રોને ભેગા કરીને ભણવું.તે. અથવા આચારાંગ વગેરે શાસ્ત્રોમાં તેના જેવા પોતે રચેલા સૂત્રો નાંખે તે વ્યત્યામ્રેડિત.]

**૨૨. હીનાક્ષર** - એક કે વધારે અક્ષરો ઓછા કરવા.

**૨૩. અત્યક્ષર** - એક કે વધારે અક્ષરો વધારવા.

**૨૪. પદહીન** - એકાદિ પદ ઘટાડવા.

**૨૫. વિનયહીન** - ઉચિત વિનય કર્યા વગર ભણવું.

૨૬. **ઘોષહીન** - ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત વગેરે તે-તે વર્ણનો ઘોષ (અવાજ-ઉચ્ચાર) યથાર્થ ન કરવો.

૨૭. **યોગહીન** - સમ્યગ્ રીતે યોગોદ્વહન કર્યા વિના ભણવું.

૨૮. **સુષ્ઠુદત્ત** - ગુરુએ શિષ્યને યોગ્યતાથી વધારે શ્રુત આપવું.

[અહીં 'सुष्ठु' શબ્દ 'શોભન=સુંદર' એ અર્થમાં નથી, કેમ કે એ અર્થ કરવાથી આશાતના નહીં થાય, કારણ કે સુંદર રીતે આપવું એ આશાતના નથી, પણ અહીં 'सुष्ठु' શબ્દ 'અતિરેક=વધારે પડતું' અર્થમાં છે. એટલે કે અલ્પ શ્રુતને યોગ્ય સાધુને વધારે શ્રુત આપવાથી થયેલી આશાતના.]

૨૯. **દુષ્ઠુપ્રતીચ્છિત** - શિષ્યે કલુષિત ચિત્તે ગ્રહણ કરવા (ભણવા) રૂપ આશાતના.

૩૦. **અકાલે સ્વાધ્યાય કર્યો** - કાલિક વગેરે જે શ્રુતનો જે અકાળ છે [એટલે કે જે કાળ સ્વાધ્યાય માટે નિષિદ્ધ છે] તે કાળે સ્વાધ્યાય કર્યો.

૩૧. **કાલે સ્વાધ્યાય ન કર્યો** - જે શ્રુતનો જે અધ્યયનકાળ કહ્યો છે તે કાળે સ્વાધ્યાય ન કર્યો.

૩૨. **અસ્વાધ્યાયિકમાં સ્વાધ્યાય કર્યો** - [સ્વાધ્યાય એ જ સ્વાધ્યાયિક, સ્વાધ્યાયિક નહીં તે અસ્વાધ્યાયિક જાણવું. તેમાં કારણભૂત રુધિર-હાડકું વગેરેને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી અસ્વાધ્યાયિક કહેવાય.] રુધિર-મહિકા(=ધુમ્મસ) - પાંશુપાત[રજની વૃષ્ટિ]-ગંધર્વનગર[સંધ્યાસમયે તે-તે નગર ઉપર કિલ્લા, અટારી વગેરે આકાર સહિત બીજું નગર દેખાય તે.]-સંગ્રામ[યુદ્ધ] વગેરે અસ્વાધ્યાયિક છે. એ હોતે છતે સ્વાધ્યાય કરવાથી આશાતના થાય.

૩૩. **સ્વાધ્યાયિકમાં સ્વાધ્યાય ન કર્યો** - ઉપર કહેલા અસ્વાધ્યાયિકથી વિપરીત તે સ્વાધ્યાયિક. તેમાં સ્વાધ્યાય ન કરવાથી આશાતના.

**ટીકા :-**

**अथवा — रत्नाधिकविषयास्त्रयस्त्रिंशदाशातना भवन्ति, तद्यथा —**

**ટીકાર્થ :-**

અથવા રત્નાધિકના વિષમયાં તેત્રીશ આશાતના થાય છે. તે આ પ્રમાણે -

**ટીકા :-**

**"पुरओ पक्खासन्ने, गंता चिट्ठणनिसीयणायमणे १० ।**
**आलोयण ११ पडिसुणणे १२, पुव्वालवणे य १३ आलोए १४ ॥१॥**
**तह उवदंस १५ निमंतण, १६ खद्धा १७ ऽऽइयणे य १८ अप्पडिसुणणे य १९ ।**
**खद्धत्ति य २० तत्थगए २१, किं २२ तुम २३ तज्जाय २४ नो सुमणे २५ ॥२॥**
**नो सरसि २६ कहं छित्ता २७, परिसं भेत्ता २८ अणुट्ठियाए कहे २९ ।**
**संथारपायघट्टण ३०, चिट्ठ ३१ च्च ३२, समासणे यावि ३३ ॥३॥"**

ટીકાર્થ :-

આ ત્રણે ગાથાઓની આગળ કહેવાઈ રહેલી વ્યાખ્યા પ્રમાણે તેનો અર્થ જાણવો.

ટીકા :-

**एतस्य गाथात्रयस्य व्याख्या** — पुरओ **त्ति सेहे रायणिस्स पुरओ गंता भवइ, आसायणा सेहस्स । यतो मार्ग्गोपदर्शनादिकं तथाविधकारणं विना रात्निकस्य पुरतो गन्तुं न वर्त्तते, अविनयदोषप्रसङ्गादिति १,** पक्ख **त्ति, सेहे रायणियस्स(स) पक्खं गंता भवइ, आसायणा सेहस्स, अविनयदोषप्रसङ्गादेव २,** आसन्ने **त्ति, सेहे रायणियस्स आसन्नं गंता भवइ, आसायणा सेहस्स । कासितक्षुतादिषु श्लेष्माद्यवयवलगनादिना अविनयसम्भवादिति, एवमन्यत्रापि दोषा वाच्याः ३ । एवं स्थानेनापि तिस्त्र आशातनाः - सेहे रायणियस्स पुरओ चिठ्ठित्ता भवइ, आसायणआ सेहस्स ४, सेहे रायणियस्स सपक्खं चिठ्ठित्ता भवइ, आसायणा सेहस्स ५, सेहे रायणियस्स आसन्नं चिठ्ठित्ता भवइ, आसायणा सेहस्स ६ । एवं निषीदनेनापि तिस्त्रः - सेहे रायणियस्स पुरओ निसीइत्ता भवइ, आसायणा सेहस्स ७, सेहे रायणियस्स सपक्खं निसीइत्ता भवइ, आसायणा सेहस्स ८, सेहे रायणियस्स आसन्नं निसीइत्ता भवइ, आसायणा सेहस्स ९,** आयमण **त्ति सेहे रायणिएण सद्धिं बहिया वियारभूमिं निक्खंते समाणे तत्थ सेहे पुव्वतरागं आयमइ पच्छा रायणिए, आसायणा सेहस्स १०,** आलोयण **त्ति सेहे रायणिएण सद्धिं बहिया वियारभूमिं निक्खंते समाणे तत्थ सेहे पुव्वतरागं गमणागमणमालोएइ पच्छा रायणिए, आसायणा सेहस्स ११,** अपडिसुणणे **त्ति सेहे रायणियस्स राओ वा वियाले वा वाहरमाणस्स 'अज्जो के सुत्ते के जागरे ?', तत्थ सेहे जागरमाणे रायणियस्स अप्पडिसुणेत्ता भवइ, आसायणा सेहस्स १२,** पुव्वालवणे **त्ति केइ रायणियस्स पुव्वसंलत्तए सिया तं सेहे पुव्वामेव आलवइ पच्छा रायणिए, आसायणा सेहस्स १३,** आलोए य **त्ति सेहे असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा पडिगाहित्ता तं पुव्वामेव सेहतरागस्स आलोएइ पच्छा रायणियस्स, आसायणा सेहस्स १४,** उवदंस **त्ति सेहे असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा पडिगाहित्ता तं पुव्वामेव सेहतरागस्स उवदंसेइ पच्छा रायणियस्स, आसायणा सेहस्स १५,** निमंतण **त्ति सेहे असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा पडिगाहित्ता तं पुव्वामेव सेहतरागं उवनिमंतेई पच्छा रायणियं, आसायणा सेहस्स १६,** खद्ध **त्ति सेहे रायणिएण सद्धिं असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा पडिगाहित्ता तं रायणियं अणापुच्छित्ता जस्स जस्स इच्छइ तस्स तस्स प्रचुरं प्रचुरं दलयइ, आसायणा सेहस्स १७,** आइयणे **त्ति सेहे असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा पडिगाहित्ता रायणिएण सद्धिं भुंजमाणे तत्थ सेहे खद्धं खद्धं डायं डायं ऊसढं ऊसढं रसियं रसियं मणुन्नं मणुन्नं मणामं मणामं निद्धं निद्धं लुक्खं लुक्खं आहारेत्ता भवइ, आसायणा सेहस्स । इह च खद्धं खद्धं ति वड्डवड्डे लंबणे, डागं डागं**

ति पत्रशाकः वृन्ताकचिर्भटिकादि कारणापेक्षमिदं, ऊसढं ऊसढं ति वर्णगन्धरसस्पर्शोपपेतं, रसियं रसियं ति रसालं रसियं दाडिमाम्रादि, इदमपि कारणापेक्षमेव, मणुन्नं मणुन्नं ति मनस इष्टं मनोज्ञं स्वभावतो मनोऽनुकूलमित्यर्थः, मणामं मणामं ति मनसा अम्यते सुन्दरमिति ज्ञायते इति मनोमं कुतोऽपि कारणवशान्मनसः प्रियमित्यर्थः, निद्धं निद्धं ति स्नेहावगाढं, लुक्खं लुक्खं इति स्नेहवर्जितम् स्निग्धभग्नस्यैतदपि प्रियं भवंतीति १८, अप्पडिसुणणे त्ति सेहे रायणियस्स वाहरमाणस्स अपडिसुणेत्ता भवइ, आसायणा सेहस्स, सामान्येन दिवसतोऽप्रतिश्रोता भवति १९, खद्धत्तिय ति सेहे रायणियं खद्धं खद्धं वत्ता भवइ, आसायणा सेहस्स, इह च खद्धं खद्धं ति वड्डवड्डसद्देणं खरकक्कस निट्ठुरं भणइ २०, तत्थगए त्ति सेहे रायणियस्स वाहरमाणस्स जत्थगए सुणेइ तत्थगए चेव उल्लावं देइ, आसायणा सेहस्स २१, किं ति सेहे रायणिएण आहुए 'किं' ? ति वत्ता भवइ, आसायणा सेहस्स । किं ति-किं भणसि ? इत्यर्थः । भणियव्वं च एयं-मत्थएण वंदामि २२, तुमं ति सेहे रायणियं तुमं ति वत्ता भवइ, आसायणा सेहस्स, 'को तुमं चोइत्तए ?' २३, तज्जाय त्ति सेहे रायणियं तज्जाएणं पडिहणित्ता भवइ, आसायणा सेहस्स, तज्जाएणं ति 'कीस अज्जो गिलाणस्स न करेसि ?', भणइ 'कीस तुमं न करेसि ?', आयरिओ भणइ 'तुमं आलसियो', सो भणइ 'तुमं चेव आलसियो' इत्यादि २४, नो सुमणेत्ति सेहे रायणियस्स कहं कहेमाणस्स नो सुमणसे भवइ, आसायणा सेहस्स, इह च नो सुमणसे इति ओहयमणसंकप्पे अच्छइ, नाणुवूहइ कहं, 'अहो सोहणं कहियं' ति २५, नो सरसित्ति सेहे रायणियस्स कहं कहेमाणस्स नो सुमरसि त्ति वत्ता भवइ, आसायणा सेहस्स, इह च नो सुमरसि त्ति 'न सरसि तुमं एयं अत्थं, न एस अत्थो एवं भवइ' २६, कहं छेत्तत्ति सेहे रायणियस्स कहं कहेमाणस्स तं कहं अच्छिंदित्ता[1] भवइ, आसायणा सेहस्स, अच्छिंदित्त त्ति भणइ 'अहं कहेमि' २७, परिसं भेत्त त्ति सेहे रायणियस्स परिसं भेत्ता भवइ, आसायणा सेहस्स, इह च परिसं भेत्त त्ति एवं भणइ - 'भिक्खावेलासमुद्दिसणवेलासुत्तत्थवेलाउ भिंदइ' २८, अणुट्ठियाए कहे त्ति सेहे रायणियस्स कहं कहेमाणस्स तीसे परिसाए अणुट्ठियाए अव्वोच्छिन्नाए अव्वोगडाए दोच्चं पि तच्चं पि तमेव कहं कहेत्ता भवइ, आसायणा सेहस्स, इह च तीसे परिसाए अणुट्ठियाए त्ति निविट्ठाए चेव, अव्वोच्छिन्नाएत्ति जाहे कोवि अच्छइ, अव्वोगडाएत्ति अविसंसरियाए[2] त्ति वुत्तं हवइ, दोच्चं पि तच्चं पि त्ति बिहिं तिहिं चउहिं वि, तमेव त्ति जो आयरिएण कहिओ अत्थो तमेवाधिकारं विकप्पेइ अयमपि प्रकारस्तस्यैवैकस्य सूत्रस्येति २९, संथारपायघट्टण त्ति सेहे रायणियस्स सेज्जासंथारयं पाएणं संघट्टेत्ता हत्थेण अणणुन्नावेत्ता[3] गच्छइ, आसायणा सेहस्स, इह शय्या सर्वाङ्गिकी संस्तारकोऽर्द्धतृतीयहस्तप्रमाणः, अथवा शय्यैव संस्तारकः शय्यासंस्तारकः, पादेन संघट्टयति नानुज्ञापयति

१. छेत्ता इत्यर्थः । २. अविसृष्टायाम् । ३. अनमस्कृत्य ।

**न क्षमयतीत्युक्तं भवति । भणितं च — "संघट्टइत्ता काएणं, तहा उवहिणामवि । खमेह अवराहं मे, वएज्ज न पुणो त्ति य ॥१॥"** [ **दशवैकालिकसूत्रम् : ९/२/१८** ] **३०,** चिट्ठ **त्ति सेहे रायणियस्स सेज्जासंथारयंसि चिट्ठित्ता वा निसीइत्ता वा तुयट्टित्ता वा भवइ, आसायणा सेहस्स ३१,** उच्च **त्ति सेहे रायणियस्स उच्चासणे चिट्ठित्ता वा निसीइत्ता वा तुयट्टित्ता वा भवइ, आसायणा सेहस्स ३२,** समासणे यावि **त्ति सेहे रायणियस्स समाणे आसणे चिट्ठित्ता वा निसीइत्ता वा तुयट्टित्ता वा भवति, आसायणा सेहस्स ३३ । इति दशाश्रुतस्कन्धसूत्रानुसारिगाथात्रयभावार्थः । एताः पुनस्त्रयस्त्रिंशदप्याशातनाश्चतसृषु समवतरन्त्येतासु तद्यथा — द्रव्याशातनायां क्षेत्राशातनायां कालाशातनायां भावाशातनायां च । तत्र द्रव्याशातना रत्नाधिकेन समं भुञ्जानो मनोज्ञमात्मना भुङ्क्ते एवमुपधिसंस्तारकादिष्वपि वाच्यम् १, क्षेत्राशातना - रत्नाधिकस्यासन्नगमनादिभ्यः २, कालाशातना - रात्रौ वा विकाले वा व्याहरतः तूष्णीकस्तिष्ठति ३, भावाशातना त्वाचार्यं 'त्वं' इति वक्ति ४; एवं त्रयस्त्रिंशदपि चतुर्षु द्रव्यादिषु समवतरन्तीति ॥२२॥**

**ટીકાર્થ :-**

આ ત્રણે ગાથાની વ્યાખ્યા -

**૧. પુરતઃગમન (આગળ ચાલવું)** - શૈક્ષ [પર્યાયથી નાનો મુનિ] રત્નાધિક [પર્યાયથી મોટા મુનિ]ની આગળ ચાલે તો આશાતના થાય, કારણ કે રસ્તો બતાવવો વગેરે તેવા પ્રકારના કારણ વિના રત્નાધિકની આગળ ચાલવાથી અવિનયનો દોષ લાગે.

**૨. પક્ષતઃગમન (બાજુમાં ચાલવું)** - શૈક્ષ રત્નાધિકની બાજુમાં [નજીકમાં] ચાલે તો આશાતના થાય, કારણ કે અહીં પણ અવિનયનો દોષ લાગે. [પોતે રત્નાધિકની સમાન દેખાય.]

**૩. આસન્નગમન (પાછળ નજીકમાં ચાલવું)** - શૈક્ષ રત્નાધિકની પાછળ નજીકમાં ચાલે તો આશાતના થાય, કારણ કે ખાંસી-છીંક વગેરે આવતાં શ્લેષ્મ વગેરેના અવયવો રત્નાધિકને લાગવાથી અવિનયનો દોષ લાગે. આ રીતે આગળ કહેવાતી આશાતનાઓમાં પણ દોષો જાણી લેવા.

ઉપર કહેલી રીતે સ્થાન=ઊભા રહેવા વડે પણ ત્રણ આશાતના આ પ્રમાણે -

**૪. પુરતઃ સ્થાન** - શૈક્ષ રત્નાધિકની આગળ ઊભો રહે તો આશાતના થાય.

**૫. પક્ષતઃ સ્થાન** - શૈક્ષ રત્નાધિકની બાજુમાં ઊભો રહે તો આશાતના થાય.

**૬. આસન્ન સ્થાન** - શૈક્ષ રત્નાધિકની પાછળ નજીકમાં ઊભો રહે તો આશાતના થાય.

એ રીતે નિષીદન=બેસવા વડે પણ ત્રણ આશાતના આ પ્રમાણે -

**૭. પુરતઃ નિષીદન** - શૈક્ષ રત્નાધિકની આગળ બેસે તો આશાતના થાય.

**૮. પક્ષતઃ નિષીદન** - શૈક્ષ રત્નાધિકની બાજુમાં બેસે તો આશાતના થાય.

**૯. આસન્ન નિષીદન** - શૈક્ષ રત્નાધિકની પાછળ નજીકમાં બેસે તો આશાતના થાય.

**૧૦. આચમન** - શૈક્ષ રત્નાધિક સાથે બહાર વિચારભૂમિ [સ્થંડિલ] ગયો હોય ત્યાં [શંકા ટાળ્યા પછી અન્ય જગ્યાએ આચમન કરવાનું હોય છે ત્યાં] શૈક્ષ પહેલાં આચમન કરે અને પછી રત્નાધિક આચમન કરે તો આશાતના થાય.

**૧૧. આલોચન** - શૈક્ષ રત્નાધિક સાથે બહાર વિચારભૂમિ ગયો હોય અને આવીને શૈક્ષ પહેલાં ગમનાગમન આલોવે (ઈરિયાવહી કરે) અને પછી રત્નાધિક આલોવે તો આશાતના થાય.

**૧૨. અપ્રતિશ્રવણ** - રાત્રે કે વિકાલે રત્નાધિક પૂછે - 'હે આર્ય ! કોણ સૂવે છે કે જાગે છે ?' અને ત્યારે શૈક્ષ જાગતો હોવા છતાં જવાબ ન આપે તો આશાતના થાય.

**૧૩. પૂર્વાલપન** - જેની સાથે રત્નાધિકે પહેલાં વાત કરવી યોગ્ય હોય તેની સાથે શૈક્ષ પહેલાં વાત કરે અને પછી રત્નાધિક કરે તો આશાતના થાય.

**૧૪. પૂર્વાલોચન** - શૈક્ષ અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ વહોરીને પહેલાં બીજા નાના સાધુ પાસે આલોવીને પછી રત્નાધિક પાસે આલોવે તો આશાતના થાય.

**૧૫. ઉપદર્શન** - શૈક્ષ અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ વહોરીને પહેલાં બીજા નાના સાધુને દેખાડે અને પછી રત્નાધિકને દેખાડે તો આશાતના થાય.

**૧૬. નિમંત્રણ** - શૈક્ષ અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ વહોરીને પહેલાં બીજા નાના સાધુને વાપરવા નિમંત્રણ આપે અને પછી રત્નાધિકને આપે તો આશાતના થાય.

**૧૭. ખદ્ધદાન** - શૈક્ષ રત્નાધિક સાથે અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ વહોરી રત્નાધિકની અનુજ્ઞા લીધા વિના પોતાની ઇચ્છા પ્રમાણે બીજાને પ્રચુર પ્રમાણમાં આપે તો આશાતના થાય.

**૧૮. ખદ્ધઅશન** - શૈક્ષ અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ વહોરીને રત્નાધિક સાથે વાપરતો હોય ત્યારે શૈક્ષ ખદ્ધ, ડાય, ઊસઢ, રસિય, મનોજ્ઞ, મનોમ, સ્નિગ્ધ અને રુક્ષ વાપરે તો આશાતના થાય. અહીં

ખદ્ધ=મોટા મોટા કોળિયા.

ડાય=પાંદડાઓમાંથી બનાવેલું શાક તથા વૃન્તાક (એક ભાજીનું નામ), ચીભડા વગેરે.

આ બધું કારણસર જ વાપરવાનું છે. નિષ્કારણ નથી વાપરવાનું. માટે કારણસર વપરાતું હોય ત્યારે આ દોષ જાણવો. [સાધુને ઉત્સર્ગથી શાક રહિત ભાત વાપરવાના છે. કારણે જ શાક વાપરવાનું છે.]

ઊસઢ=સારા વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું.

રસિય=રસાળ=રસદાર દાડમ, કેરી વગેરે. આ પણ ખાદિમ હોવાથી કારણે જ વાપરવાનું છે, બાકી તો વાપરવાનું જ નથી.

મનોજ્ઞ=મનને ઈષ્ટ=સ્વભાવથી મનને અનુકૂલ (જે બધાને ગમે.)

મનોમ=મન વડે જે સુંદર તરીકે જણાય તે. એટલે કે કોઈપણ કારણસર મનને પ્રિય હોય તે. (જે પોતાને ગમે.)

સ્નિગ્ધ=સ્નેહ(ઘી-તેલ વગેરે)થી યુક્ત.

રૂક્ષ=સ્નેહથી રહિત.

[**પ્રશ્ન** - રૂક્ષ પહેલાં કોણ લે ?

**ઉત્તર** -] સ્નિગ્ધ ભોજનથી મોઢું ભાંગી ગયું હોય તેને રૂક્ષ પણ પ્રિય હોય.

**૧૯. અપ્રતિશ્રવણ** - રત્નાધિક બોલાવે છતાં શૈક્ષ જવાબ ન આપે, તો આશાતના થાય. સામાન્યથી દિવસ સંબંધી આ આશાતના જાણવી.

[આગળ અપ્રતિશ્રવણ આશાતના કહી હતી તે રાત્રિ સંબંધી હતી. આ સામાન્યથી દિવસ સંબંધી છે.]

**૨૦. ખદ્ધ** - ખદ્ધ=ઘણું. શૈક્ષ રત્નાધિકને ખદ્ધ ખદ્ધ એટલે કે મોટા મોટા શબ્દો વડે કઠોર-કર્કશ-નિષ્ઠુર બોલે તો આશાતના થાય.

**૨૧. તત્થગત** - રત્નાધિક બોલાવે અને શૈક્ષ જ્યાં રહીને સાંભળે ત્યાં જ રહીને જવાબ આપે તો આશાતના થાય. [પાસે આવી હાથ જોડી જવાબ આપવો જોઈએ.]

**૨૨. કિં** - રત્નાધિક બોલાવે અને શૈક્ષ "શું છે ?" એટલે કે "શું કહો છો ?" એમ બોલે, પણ "મત્થએણ વંદામિ" ન બોલે તો આશાતના થાય. અહીં "મત્થએણ વંદામિ" બોલવું જોઈએ.

**૨૩. તુમં** - શૈક્ષ રત્નાધિકને "તું" એ પ્રમાણે તુકારાથી બોલાવે તો શૈક્ષને આશાતના થાય. [અર્થાત્ ગુરુ કાંઈક પ્રેરણા આપે તો] "મને પ્રેરણા કરનાર તું કોણ ?" એ પ્રમાણે બોલે.

**૨૪. તજ્જાત** - શૈક્ષ રત્નાધિકને તેમના જ વચન વડે સામો જવાબ આપી અપમાન કરે. [સામું બોલે.] એટલે કે ગુરુ કહે - 'હે આર્ય ! ગ્લાનની ભક્તિ કેમ નથી કરતો ?' તો શિષ્ય કહે - 'તમે કેમ નથી કરતા ?' ગુરુ કહે - 'તું આળસુ છે.' તો શિષ્ય કહે - 'તમે જ આળસુ છો...' વગેરે બોલે તો આશાતના થાય.

**૨૫. નો સુમણે** - રત્નાધિક કથા કહેતાં હોય ત્યારે શૈક્ષ સારા મનવાળો ન થાય, તો આશાતના થાય. "સારા મનવાળો ન થાય" એટલે કે મનમાં ખરાબ સંકલ્પો કરે [પ્રસન્ન-આનંદિત ન થાય.] ઉપબૃંહણા-અનુમોદના ન કરે કે "વાહ ! આપે સરસ કહ્યું" વગેરે.

**૨૬. નો સરસિ** - રત્નાધિક કથા કહેતા હોય ત્યારે શૈક્ષ કહે - "તમને યાદ નથી" તો આશાતના થાય. અહીં નો સુમરસિ=આ અર્થ તમને બરાબર યાદ નથી. આ અર્થ આ પ્રમાણે [તમે કહો છો એ પ્રમાણે] નથી.

**૨૭. કહં છેત્તા** - રત્નાધિક કથા કહેતાં હોય ત્યારે શૈક્ષ તે કથાનો છેદ કરે=ભંગ કરે, તો આશાતના થાય. છેદ કરે એટલે કે કહે કે "[તમે રહેવા દો], હું આ કથા કહું છું."

**૨૮. પરિસં ભિત્તા** - શૈક્ષ રત્નાધિકની પર્ષદાને ભેદે તો આશાતના થાય. અહીં પર્ષદા ભેદે એટલે કે "ભિક્ષાવેળા થઈ ગઈ છે, વાપરવાની વેળા થઈ ગઈ છે, સૂત્રપોરિસી કે અર્થપોરિસીની વેળા થઈ ગઈ છે.." વગેરે બોલી પર્ષદાનો ભંગ કરે.

**૨૯. અણુટ્ઠિયાઈ કહે** - રત્નાધિક કથા કહેતાં હોય [એટલે કે વ્યાખ્યાન કરતાં હોય અને વ્યાખ્યાન પૂરું કર્યું હોય] અને अणुट्ठियाए=સભા હજુ ઊઠી ન હોય એટલે કે બેઠી હોય, અથવા अव्वोच्छिन्नाए=સભા વ્યુચ્છિન્ન ન થઈ હોય એટલે કે જ્યારે હજુ કોઈક બેઠું હોય [=બધા ઊઠી ગયા ન હોય] અથવા अव्वोगडाए[अव्याकृतायां]=હજુ સભાનું વિસર્જન ન કર્યું હોય, ત્યારે

બીજી વાર, ત્રીજી વાર કે ચોથી વાર તે જ કથા કહે તો આશાતના થાય. 'તે જ કથા' એટલે કે આચાર્યે જે અર્થ કહ્યો હોય તે જ અધિકારનો વિકલ્પ બતાવે કે "તે જ એક સૂત્રનો આ પણ અર્થ છે."

**૩૦. સંથારપાયઘટ્ટણ** - શૈક્ષ રત્નાધિકના શય્યાસંસ્તારકને પગ લગાડે અને હાથ જોડી નમસ્કાર કરી ક્ષમા માંગ્યા વગર ચાલ્યો જાય તો આશાતના થાય. અહીં શય્યા=સર્વાંગિકી[=આખું શરીર આવી જાય તેવા પાટ વગેરે] અને સંસ્તારક અઢી હાથ પ્રમાણ જાણવો. અથવા શય્યા એ જ સંસ્તારક તે શય્યાસંસ્તારક. કહ્યું છે -

"કોઈ કારણે આચાર્યના શરીર સાથે તથા ઉપધિ સાથે સંઘટ્ટીને અર્થાત્ સ્પર્શ થઈ જાય તો [મિથ્યાદુષ્કૃત દેવા પૂર્વક નમીને] 'મારો અપરાધ ક્ષમા કરો, પુનઃ એવું નહીં કરું' એમ કહે." ॥૧॥ [દશવૈકાલિકસૂત્ર ૯/૨/૧૮]

**૩૧. ચિટ્ઠ** - શૈક્ષ રત્નાધિકના શય્યાસંસ્તારકમાં ઊભો રહે, બેસે અથવા સૂવે તો આશાતના થાય.

**૩૨. ઉચ્ચ** - શૈક્ષ રત્નાધિકથી ઊંચા આસને ઊભો રહે, બેસે કે સૂવે તો આશાતના થાય.

**૩૩. સમાસણે** - શૈક્ષ રત્નાધિકની સમાન આસને ઊભો રહે, બેસે કે સૂવે તો આશાતના થાય.

આ રીતે દશાશ્રુતસ્કંધ સૂત્રને અનુસાર ત્રણ ગાથાનો ભાવાર્થ કહ્યો. આ તેત્રીસ આશાતનાઓનો આ ચાર આશાતનાઓમાં સમાવેશ થાય છે - દ્રવ્યઆશાતના, ક્ષેત્રઆશાતના, કાળઆશાતના અને ભાવઆશાતના. તે આ પ્રમાણે -

**૧. દ્રવ્યઆશાતના** - રત્નાધિક સાથે વાપરતો શૈક્ષ પોતે મનોજ્ઞ (સારું-સારું) વાપરે તો આશાતના થાય. એ રીતે ઉપધિ-સંસ્તારકાદિ વિષે પણ જાણવું.

**૨. ક્ષેત્રઆશાતના** - રત્નાધિકની પાછળ નજીક ચાલવું વગેરે વડે.

**૩. કાળઆશાતના** - રાત્રે કે વિકાળે (સાંજના સમયે) બોલાવે ત્યારે મૌન રહે.

**૪. ભાવઆશાતના** - આચાર્યને 'તું'કારે બોલાવે.

આ રીતે તેત્રીશ આશાતનાઓ દ્રવ્યાદિ ચારમાં સમાવિષ્ટ થાય છે. ॥૨૨॥

ટીકા :-

एवमेकद्व्यादिशुभाशुभस्थानाङ्गीकारवर्ज्जनद्वारेण कृता महाव्रतोच्चारणा, साम्प्रतमनुक्तस्थानातिदेशतस्तां कर्तुमाह —

ટીકાર્થ :-

આ રીતે એક-બે વગેરે શુભ સ્થાનોના અંગીકાર અને અશુભ સ્થાનોના ત્યાગ દ્વારા મહાવ્રતોની ઉચ્ચારણા કરી. હવે નહીં કહેલા સ્થાનોનો અતિદેશ કરવા દ્વારા તે મહાવ્રતોની ઉચ્ચારણા કરવા માટે કહે છે -

ગાથા :-

एवं तिदण्डविरओ, तिगरणसुद्धो तिसल्लनिस्सल्लो ।
तिविहेण पडिक्कंतो, रक्खामि महव्वए पंच ॥२३॥

ગાથાર્થ :-

એ રીતે ત્રણ દંડોથી નિવૃત્ત થયેલો, ત્રણ કરણો વડે શુદ્ધ, ત્રણ શલ્યોના વિષયમાં નિઃશલ્ય અને ત્રણે કરણો વડે પ્રતિક્રાંત એવો હું પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૨૩॥

ટીકા :-

एवं प्रागुक्तलेश्यादिस्थानवत् त्रिदण्डविरतो दण्ड्यते चारित्रैश्वर्यापहारतो निःसारीक्रियते एभिरात्मेति दण्डाः, त्रयश्च ते दुष्प्रयुक्तमनोवाक्कायभेदाः त्रिसङ्ख्या दण्डाः, तेभ्यो विरतो निवृत्तस्त्रिदण्डविरतः, उदाहरणानि चात्र मनोदण्डे कोङ्कणार्यः — सो किर एगया महावाए वायंते उड्डजाणू अहोसिरि चिंतेतो चिट्ठई, साहूणो य 'अहो खंतो सुहज्झाणोवगओ त्ति' वंदंति, न य किंचि पडिवयणं देइ, चिरेण संल्लावं देउमारद्धो साहूहिं पुच्छिओ – 'किमेयच्चिरं झाइयं ?' ति, सो भणइ – 'संपयं खरतरो मारुओ वायइ, जइ ते मम पुत्ता इयाणिं वल्लराणि क्षेत्राणीत्यर्थः पलीवेज्जा तओ तेसिं वासारत्ते सरसाए भूमीए सुबहू सालिसम्पया होज्जा' एयं मए चिंतियं, तओ आयरिएहिं वारिओ ठिओ, एवमाइ जमसुहं मणेणं चिंतेइ सो मणदंडो १ । वाग्दण्डोदाहरणमिदं — एगो साहू सन्नाभूमीओ आगओ अविहीए आलोएइ जहा अमुगत्थ सूयरविंदं दिट्ठं ति, तं सोऊण लुद्धयपुरिसेहिं तत्थ गंतूणं तं मारियं ति, एवमाइ सावज्जभासा वइदंडो त्ति । कायदण्डोदाहरणं — चंडरुद्दो आयरिओ, उज्जेणिं बाहिरगामाओ अणुजाणपेक्खओ यात्रादर्शनार्थमित्यर्थः आगओ, सो अईवरोसणो, तत्थ य समोसरणे गणियाघरपरिभूओ जाइकुलाइसंपन्नो इब्भदारओ समागओ त्ति, सो भणइ – पव्वयामित्ति, तत्थ अण्णेहिं साहुहिं असद्दहंतेहिं चंडरुद्दस्स सगासे पेसिओ "कलिणा कली घस्सउ" त्ति ।

**तओ सो तस्स उवट्ठियो, तेण सो ताहे चेव लोयं काउं पव्वाविओ; पच्चूसे सयणभया गामं वच्चंताणं पुरओ सेहो, पिट्ठिओ चंडरुद्दो, आवडिओ रुट्ठो, सेहं दंडएण मत्थए आहणेइ, 'कहं ते पत्थरो न दिट्ठो त्ति,' सेहो सम्मं सहइ, आवस्सयवेलाए रुहिरावलित्तो दिट्ठो, चंडरुद्दस्स तं पासिऊण मिच्छामि दुक्कडं ति भणमाणस्स वेरग्गमग्गगयस्स केवलनाणं समुप्पन्नं, सेहस्स वि कालेणं ति, एवमाइ दुप्पउत्तकायजोगो दंडो त्ति । तथा** 'तिगरणसुद्धो' **त्ति** त्रीणि **च तानि** करणानि **च मनःप्रभृतीनि त्रिकरणानि, तैः** शुद्धो **निर्दोषः** त्रिकरणानि **वा** शुद्धानि **सर्वदोषरहितानि यस्य स** त्रिकरणशुद्धः **। आह — त्रिदण्डविरतस्त्रिकरणशुद्ध एव भवति, अतः किं तद्ग्रहणेन ? सत्यं, सावद्ययोगनिवृत्तस्त्रिदण्डविरत उच्यते, निरवद्ययोगप्रवृत्तस्तु त्रिकरणशुद्धः । अथवा — करणरूपसावद्ययोगविरतो दण्डत्रयविरत उच्यते, करणकारणानुमतिरूपसावद्ययोगविरतस्तु त्रिकरणशुद्ध इति न दोषः, अन्यथा वाऽनयोर्बहुश्रुतैर्विशेषो भावनीयो यतोऽतिगम्भीर-मिदमार्षमिति । तथा** 'तिसल्लनिस्सल्लो' **त्ति शल्यते बाध्यते प्राणी एभिरिति** शल्यानि **द्रव्यतस्तोमरादीनि भावतस्तु मायादीनि, निर्गतानि शल्यानि यस्य स** निःशल्यः, **स चैकशल्या-पेक्षयाऽपि स्यादित्याह —** त्रीणि **च तानि** शल्यानि **च त्रिशल्यानि, तेषु विषये निःशल्यः** त्रिशल्यनिःशल्यः **सन्, तत्र मायाशल्यं**-माया **निकृतिः सैव** शल्यं **मायाशल्यं,** नियाण **नितरां दायते लूयते मोक्षफलमनिन्द्यब्रह्मचर्यादिसाध्यकुशलकर्मकल्पतरुवनमनेन देवदर्ध्यादिप्रार्थन-परिणामनिसितासिनेति** निदानं **तदेव** शल्यं **निदानशल्यं, मिथ्यादर्शनशल्यं**-मिथ्या **विपरीतं दर्शनं तत्त्वावबोधलक्षणं मिथ्यादर्शनं, तदेव** शल्यं **मिथ्यादर्शनशल्यमिति ।** तिविहेण पडिक्कंतो **त्ति त्रिविधेन त्रिप्रकारेण करणेनेति गम्यते, प्रतिक्रान्तः सर्वातिचारप्रतिनिवृत्तो,** रक्षामि महाव्रतानि पञ्च **इति ॥२३॥**

**ટીકાર્થ :-**

एवं=એ રીતે=પૂર્વે કહેલા લેશ્યા વગેરે સ્થાનોની જેમ.

त्रिदण्डविरतः=ત્રણ દંડોથી નિવૃત્ત થયેલો.

જેના વડે આત્મા દંડાય છે એટલે કે ચારિત્રરૂપી ઐશ્વર્યનું અપહરણ કરીને નિઃસાર કરાય છે તે દંડ. તે દંડ દુષ્પ્રયુક્ત એટલે કે ખરાબ રીતે યોજેલા મન, વચન અને કાયા એમ ત્રણ પ્રકારે છે. તેના ઉદાહરણો આ પ્રમાણે છે -

**૧. મનોદંડ** - એક કોંકણ દેશનો સાધુ હતો. તે એકવાર મહાવાયુ વાતો હતો ત્યારે ઢીંચણ ઊંચા અને મસ્તક નીચે રાખી (ઉભડક બેસી બે ઘૂંટણ વચ્ચે મસ્તક રાખી) વિચારતો હતો. 'અરે વાહ ! આ સાધુ શુભ ધ્યાનથી યુક્ત છે.' એમ કરીને સાધુઓ તેને વંદન કરે છે, પણ તે કાંઈ જવાબ આપતો નથી. લાંબા કાળ પછી તેણે બોલવાનું શરૂ કર્યું. સાધુઓએ પૂછ્યું - 'આટલી વાર સુધી શેનું ધ્યાન કર્યું ?' તેણે કહ્યું - 'અત્યારે અત્યંત કઠોર વાયુ વાય છે. જો તે મારા પુત્રો અત્યારે ખેતરો

ખેડશે, તો તેઓને ચોમાસામાં સરસ ભૂમિમાં ઘણો ચોખાનો પાક થશે - આ પ્રમાણે મેં વિચાર્યું.' ત્યારે આચાર્યે તેને રોક્યો [કે સાધુથી આવું ન વિચારાય.] તે સ્થિર થયો. [આવું વિચારવાનું બંધ કર્યું.] મન વડે જે આવું અશુભ વિચારે તે મનોદંડ.

**૨. વચનદંડ** - એક સાધુ સંજ્ઞાભૂમિ[સ્થંડિલ]થી આવીને અવિધિથી આલોવે છે કે અમુક જગ્યાએ મેં ભૂંડોનો સમૂહ જોયો. એ સાંભળીને શિકારી પુરુષોએ ત્યાં જઈને તે ભૂંડોને માર્યા. આવા પ્રકારની સાવદ્યભાષા તે વચનદંડ છે.

**૩. કાયદંડ** - ચંડરુદ્ર આચાર્ય - બહારના ગામમાંથી ઉજ્જૈનીમાં યાત્રા-દર્શન માટે આવ્યા. તેઓ અત્યંત ગુસ્સે થવાના સ્વભાવવાળા હતા. ત્યાં આગળ સમવસરણમાં [મહોત્સવમાં] ગણિકાએ ઘરની બહાર કાઢી મૂકેલો ઉત્તમ જાતિ-કુલાદિથી યુક્ત શ્રેષ્ઠિપુત્ર આવ્યો. તેણે કહ્યું - 'મારે દીક્ષા લેવી છે.' તેની વાત પર વિશ્વાસ ન કરતાં સાધુઓએ તેને ચંડરુદ્ર આચાર્ય પાસે મોકલ્યો - 'કલિ(દુષ્ટ) સાથે કલિને અથડાવા દો.' એમ વિચારીને. પછી તે તેમની પાસે ગયો. તેઓએ [ચંડરુદ્ર આચાર્યે] ત્યારે જ લોચ કરીને તેને દીક્ષા આપી. સવારે સ્વજનોના ભયથી [શહેર છોડી] ગામ જવા નીકળ્યા. આગળ શૈક્ષ [નૂતન મુનિ] છે, પાછળ ચંડરુદ્ર આચાર્ય છે. આચાર્ય [પથ્થર વગેરે સાથે] અથડાયા અને ગુસ્સે થયા. શૈક્ષને મસ્તકે દાંડા વડે મારીને કહે છે - 'તેં પથ્થર કેમ ન જોયો ?' શૈક્ષ સમ્યગ્ રીતે સહન કરે છે. આવશ્યકવેળાએ [પ્રતિક્રમણ વખતે] આચાર્યે તેને મસ્તકે લોહીથી ખરડાયેલો જોયો. તેને જોઈને 'મિચ્છા મિ દુક્કડં' બોલતાં અને વૈરાગ્યમાર્ગને પામેલા આચાર્યને કેવળજ્ઞાન થયું. શૈક્ષને પણ કેટલાક કાળે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આવા પ્રકારનો દુષ્પ્રયુક્ત કાયયોગ એ કાયદંડ છે.

[નોંધ - આ કથા અન્ય ગ્રંથોમાં અન્ય રીતે પણ છે. અહીં ટીકા પ્રમાણે ભાષાંતર કર્યું છે.]

त्रिकरणशुद्धः - મન, વચન અને કાયા એ ત્રણે કરણો વડે શુદ્ધ એટલે કે નિર્દોષ તે ત્રિકરણશુદ્ધ. અથવા જેના ત્રણે કરણો શુદ્ધ એટલે કે સર્વ દોષરહિત છે તે ત્રિકરણશુદ્ધ.

**શંકા** - ત્રિદંડવિરત હોય તે ત્રિકરણશુદ્ધ જ હોય, તો પછી 'ત્રિકરણશુદ્ધ' કહેવાનું શું કારણ ?

**સમાધાન** - તમારી વાત સાચી છે. પણ સાવદ્ય યોગથી નિવૃત્ત હોય તે ત્રિદંડવિરત કહેવાય છે અને નિરવદ્યયોગમાં પ્રવૃત્ત હોય તે ત્રિકરણશુદ્ધ કહેવાય છે. અથવા માત્ર કરવારૂપ સાવદ્યયોગથી વિરત હોય તે ત્રિદંડવિરત કહેવાય છે અને કરવું-કરાવવું-અનુમોદવું એ ત્રણે પ્રકારના સાવદ્યયોગથી વિરત હોય તે ત્રિકરણશુદ્ધ કહેવાય છે. [આમ બંને વચ્ચે ભેદ છે.] અથવા અન્ય રીતે બહુશ્રુતોએ આ બંને વચ્ચેના ભેદની ભાવના કરવી, કારણ કે આ સૂત્ર આર્ષ [પૂર્વના ઋષિઓએ કહેલું] અને અતિગંભીર છે.

त्रिशल्यनिःशल्यः - ત્રણ શલ્યોના વિષયમાં નિઃશલ્ય [એવો હું]. જેના વડે જીવ शल्यते=પીડાય છે =બાધા પામે છે તે શલ્યો. દ્રવ્યથી તોમર (ભાલો) વગેરે હથિયારો શલ્ય છે અને ભાવથી માયા વગેરે શલ્ય છે. નીકળી ગયા છે શલ્યો જેના તે નિઃશલ્ય. તે એક શલ્યની અપેક્ષાએ પણ હોય [જેનું એક જ શલ્ય નીકળી ગયું છે તે પણ નિઃશલ્ય કહેવાય], માટે કહે છે - ત્રણ એવા શલ્ય તે ત્રિશલ્ય, તે ત્રણેના વિષયમાં નિઃશલ્ય તે ત્રિશલ્યનિઃશલ્ય એવો હું.

ત્રણ શલ્યો આ પ્રમાણે -

**૧. માયાશલ્ય** - માયા=કપટ, તે જ શલ્ય તે માયાશલ્ય.

**૨. નિદાનશલ્ય** - दा=કાપવું. દેવની ઋદ્ધિ વગેરેની પ્રાર્થના=યાચનાના પરિણામરૂપ ધારદાર તલવાર, કે જેના વડે -

- જેનું ફળ મોક્ષ છે અને

- જે અનિંદ્ય [પ્રશંસનીય] બ્રહ્મચર્ય વગેરે વડે સાધ્ય કુશળ કર્મો=ક્રિયાઓ રૂપી કલ્પવૃક્ષોનું બનેલું છે,

એવું વન नितरां दायते=અત્યંત કપાય છે, તે નિદાન.

નિદાન તે જ શલ્ય તે નિદાનશલ્ય.

**૩. મિથ્યાદર્શનશલ્ય** - દર્શન=તત્ત્વનો બોધ. મિથ્યા=વિપરીત એવું દર્શન તે મિથ્યાદર્શન, તે જ શલ્ય તે મિથ્યાદર્શનશલ્ય.

त्रिविधेन प्रतिक्रान्तः-ત્રણે પ્રકારના કરણો વડે પ્રતિક્રાંત=સર્વ અતિચારોથી પ્રતિનિવૃત્ત એવો હું.

रक्षामि महाव्रतानि पञ्च=પાંચ મહાવ્રતોનું રક્ષણ કરું છું. ॥૨૩॥

**ટીકા :-**

**अथ महाव्रतोच्चारणं निगमयन्नाह —**

**ટીકાર્થ :-**

હવે મહાવ્રતોના ઉચ્ચારણનું નિગમન કરતાં કહે છે -

**સૂત્ર :-**

**इच्चेयं महव्वयउच्चारणं, थिरत्तं सल्लुद्धरणं धिइबलं ववसाओ साहणट्ठो पावनिवारणं निकायणा भावविसोही पडागाहरणं निज्जूहणाराहणा गुणाणं संवरजोगो पसत्थज्झाणोवउत्तया जुत्तया य नाणे परमट्ठो उत्तमट्ठो, एस तित्थंकरेहिं रइरागदोसमहणेहिं देसिओ पवयणस्स सारो छज्जीव-निकायसंजमं उवएसियं तेल्लोक्कसक्कयं ठाणं अब्भुवगया ।**

**સૂત્રાર્થ :-**

આ પ્રમાણે આ મહાવ્રતોનું ઉચ્ચારણ સ્થિરત્વ, શલ્યોદ્ધારણ, ધૃતિબલક, વ્યવસાય, સાધનાર્થ, પાપનિવારણ, નિકાચના, ભાવવિશુદ્ધિ, પતાકાહરણ, નિર્યૂહના, ગુણોની આરાધના, સંવરયોગ, પ્રશસ્તધ્યાનમાં ઉપયુક્તતા, જ્ઞાન સાથે યુક્તતા, પરમાર્થ અને ઉત્તમાર્થ છે. રતિ, રાગ અને દ્વેષનું

મથન (નાશ) કરનાર તીર્થંકરોએ આ મહાવ્રતોના ઉચ્ચારણને પ્રવચનનો સાર કહ્યો છે. એ તીર્થંકર ભગવંતો છ જીવનિકાયના સંયમનો ઉપદેશ કરીને ત્રણલોકમાં સત્કાર પામેલ મોક્ષરૂપી સ્થાનને પામ્યા છે.

ટીકા :-

इत्येतद् **अनन्तरोक्तं** महाव्रतोच्चारणं **व्रतोत्कीर्तनं कृतमिति शेषः । अत्र च को गुण ? इत्याह – 'थिरत्तं' इत्यादि अथवा – तत् कथम्भूतम् ? इत्याह – 'थिरत्तं' ति महाव्रतेष्वेव धर्मे वा स्थैर्यहेतुत्वात्** स्थिरत्वं-**निश्चलत्वं, भवति चासन्नसमाधेः सत्त्वविशेषस्य तत्करण-श्रवणादिभ्यः संवेगातिशयान्महाव्रतेषु धर्मे वा निष्प्रकम्पतेति ।** शल्यानां-**मायाशल्यादीना-मुद्धरणकारणत्वात्** शल्योद्धरणं **इदमिति । तथा** धृतेः **चित्तसमाधेः** बलं **अवष्टम्भो धृतिबलं तत्कारणत्वान्महाव्रतोच्चारणमपि धृतिबलं स्वार्थिककप्रत्ययोपादानात्** धृतिबलकं **वा, धृतिबलं धीबलं वा ददातीति धृतिबलदं धीबलदं वेत्युच्यते, जायते चासकृत्तद्वासितमतेर्धृतिबलमिति । एवमन्यत्रापि भावना कार्या । तथा** व्यवसायो **दुष्करकरणाध्यवसायः । तथा** 'साहणट्ठो' **ति साध्यतेऽनेन साध्यमिति** साधनं **साधकतमकरणं तल्लक्षणोऽर्थः पदार्थः** साधनार्थः **मोक्षा-ख्यपरमपुरषार्थनिष्पत्त्युपाय इत्यर्थः । तथा**-पावनिवारणं ति पापस्य **अशुभकर्मणो** निवारणं-**निषेधकं पापनिवारणं । तथा** निकायण **त्ति** निकाचना **इव निकाचना स्वव्रतप्रतिपत्तिदृढतरनिबन्ध इत्यर्थः, शुभकर्मणां वा निकाचनाहेतुत्वात्** निकाचना **इदमुच्यते, न च सरागसंयमिनामयमर्थो न घटत इति । तथा**-भावविसोहि **त्ति, भावस्यात्मपरिणामस्य जलमिव वस्त्रस्य विशोधि-कारणत्वाद्** भावविशोधिः **भावनिर्मलत्वहेतुरित्यर्थः । तथा**-'पडागाहरणं' **ति** पताकायाः **चारित्रा-राधनावैजयन्त्या** हरणं **ग्रहणं पताकाहरणमिदं, लोके हि मल्लयुद्धादिषु वस्त्रमाभरणं द्रव्यं वा ध्वजाग्रे बध्यते, तत्र यो येन युद्धादिना गुणेन प्रकर्षवान् स रङ्गमध्ये पुरतो भूत्वा गृह्णातीति पताकां हरतीत्युच्यते, एवमत्रापि पाक्षिकादिषु महाव्रतोच्चारणतः समुपजातचारित्र-विशुद्धिप्रकर्षः साधुः प्रवचनोक्तायाश्चारित्राराधनापताकाया हरणं करोतीति । तथा**-निज्जू-हण **त्ति** निर्यूढना-**निष्काशना कर्मशत्रूणामात्मनगरान्निर्वासनेत्यर्थः ।** तथाऽऽराधना **अखण्ड-निष्पादना, केषाम् ? इत्याह**-गुणानां **मुक्तिप्रसाधकजीवव्यापाराणां । तथा** संवरयोग **इति नूतन-कर्म्मागमनिरोधहेतुः** संवरः, **तद्रूपो** योगो **व्यापारः** संवरयोगः, **अथवा**-संवरेण **पञ्चाश्रवनिरोध-लक्षणेन** योगः **संबन्धः संवरयोग इति । तथा**- 'पसत्थझाणोवजुत्तय' **त्ति** प्रशस्तध्यानेन **धर्मशुक्ल-लक्षणशुभाध्यवसानेन** उपयुक्तता **संपन्नता** प्रशस्तध्याने **वा** उपयुक्तता **प्रशस्तध्यानोपयुक्तता, महा-व्रतोच्चारणं कुर्व्वतः शृण्वतो वा नियमादन्यतरशुभध्यानसंभवादिति । तथा**- 'जुत्तया य नाणे' **त्ति** युक्तता च **समन्वितता च विभक्तिव्यत्ययात्** ज्ञानेन **तत्त्वावगमेन सद्बोधसंपन्नतेत्यर्थः, महा-व्रतप्रतिपत्तेः सम्यग्ज्ञानफलत्वादिति भावः, चूर्णौ तु जुत्तया य त्ति पाठो व्याख्यातः, तत्र युक्तता**

**चाष्टदशशीलाङ्गसहस्रैरिति द्रष्टव्यं । तथा** — परमट्ठो **त्ति** परमार्थः **सद्भूतार्थः अकृत्रिमपदार्थ इत्यर्थ इति । कश्चित्पदार्थः परमार्थोऽपि परमाण्वादिवदुत्तमो न भवत्यत आह** — **उत्तमश्चासावर्थः च** उत्तमार्थः-**प्रकृष्टपदार्थः मोक्षफलप्रसाधकत्वेन महाव्रतानां सर्ववस्तुप्रधानत्वादिति भावः । तथा** — एस **त्ति लिङ्गव्यत्ययाद्** एतद् **महाव्रतोच्चारणं प्रवचनस्य सारो देशित इति सम्बन्ध, अथवा**-एष **इत्यनेन सार इत्येतस्य लिङ्गं गृहीतमिति, कैः ? इत्याह**-तीर्थंकरैः **प्रवचनगुरुभिः, किंविधैः ? इत्याह** — रतिः **चारित्रमोहनीयकर्मोदयजन्यस्तथाविधानन्दरूपश्चित्तविकारः** रागश्च **ममकारो** द्वेषश्च **अहङ्कारो रतिरागद्वेषाः, तान्** मथ्नन्ति-**व्यपनयन्तीति** रतिरागद्वेषमथनाः **तैः, किम् ? इत्याह** — देशितः **केवलालोकेनोपलभ्य भव्येभ्यः प्रवेदितः,** प्रवचनस्य **द्वादशाङ्गार्थस्य** सारो **निष्यन्दः, महाव्रतानि तीर्थकरैः प्रवचनार्थस्य सारभूतानि कथितानीत्यतो मुमुक्षुणा तेषु महानादरो विधेय इति भावः । ते च भगवन्तस्तीर्थकराः** षड्जीवनिकायसंयमं **षट्सङ्ख्यपृथिव्यादिसत्त्वसमूहरक्षामुपलक्षणत्वान्मृषावादादिपरिहारं** चोपदिश्य **भव्येभ्यः कथयित्वा उपलक्षणत्वात् स्वयं कृत्वा च** त्रैलोक्यसत्कृतं **लोकत्रयपूजितं** स्थानं **प्रदेशं सिद्धिक्षेत्रमित्यर्थः,** अभ्युपगताः **सम्प्राप्ता । इत्यनेनापि महाव्रतानामत्यन्तोपादेयतां सूचयतीति ।**

टीકાર્થ :-

इति एतद् - આ પ્રમાણે આ હમણાં જ કહેલું.

महाव्रतोच्चारणं - મહાવ્રતોનું ઉચ્ચારણ એટલે કે વ્રતોનું ઉત્કીર્તન.

कृतं - કર્યું - એ પ્રમાણે અહીં અધ્યાહાર સમજવું.

હવે આ મહાવ્રતોના ઉચ્ચારણમાં શું ગુણ છે ? તે કહે છે - સ્થિરત્વ વગેરે. અથવા તે મહાવ્રતોનું ઉચ્ચારણ કેવું છે ? તે કહે છે -

स्थिरत्वं - મહાવ્રતોમાં જ અથવા ધર્મમાં સ્થિરતાનું કારણ હોવાથી સ્થિરત્વ=નિશ્ચલત્વ છે. आसन्नसमाधेः=સિદ્ધિગતિની નજીક રહેલા / નિકટ મોક્ષગામી / હળુકર્મી જીવવિશેષને મહાવ્રતોનું ઉચ્ચારણ કરવું, સાંભળવું વગેરેથી અતિશય સંવેગ ઉત્પન્ન થવાથી મહાવ્રતોમાં કે ધર્મમાં નિષ્પ્રકંપતા થાય છે.

शल्योद्धरणं - માયાશલ્ય વગેરે શલ્યોના ઉદ્ધરણનું કારણ હોવાથી શલ્યોદ્ધરણ છે.

धृतिबलं - ધૃતિ એટલે ચિત્તસમાધિ, તેનું બળ એટલે અવષ્ટંભ (ટેકો-આલંબન) તે ધૃતિબળ. તેનું કારણ હોવાથી મહાવ્રતોનું ઉચ્ચારણ પણ ધૃતિબલ અથવા સ્વાર્થિક क પ્રત્યય લાગવાથી ધૃતિબલક છે, અથવા धृतिबलदं/धीबलदं - ધૃતિબળ કે ધીબળ (બુદ્ધિનું બળ) આપે તે ધૃતિબલદ કે ધીબલદ કહેવાય છે. અનેક વાર મહાવ્રતોના ઉચ્ચારણ વડે વાસિત મતિવાળાને ધૃતિબળ થાય છે. આ રીતે અન્યત્ર [આગળ કહેવાતા વિશેષણોમાં] પણ ભાવના કરવી.

व्यवसायः - દુષ્કર આરાધના કરવાનો અધ્યવસાય આત્મામાં પ્રગટાવે છે માટે વ્યવસાય છે.

साधनार्थः - જેના વડે સાધ્ય સધાય તે સાધન એટલે કે સાધકતમ કરણ. તે સ્વરૂપ જે અર્થ એટલે કે પદાર્થ તે સાધનાર્થ એટલે કે મોક્ષ નામના પરમ પુરુષાર્થની નિષ્પત્તિનો ઉપાય છે.

पापनिवारणं - પાપ એટલે કે અશુભ કર્મ, તેનું નિવારણ એટલે કે નિષેધક તે પાપનિવારણ.

निकाचना - પોતાની મહાવ્રતની પ્રતિજ્ઞાને વધુ સુદૃઢ કરનાર છે. અથવા શુભ કર્મોની નિકાચનાનું કારણ છે. માટે આ [મહાવ્રતોનું ઉચ્ચારણ] નિકાચના કહેવાય છે.

[**શંકા** - મહાવ્રતોનું ઉચ્ચારણ તો નિર્જરાનું કારણ છે, તેને શુભકર્મોની નિકાચનાનું કારણ કેમ કહો છો ?

**સમાધાન** -] સરાગસંયમીઓને આ અર્થ સંગત થાય જ છે. [અર્થાત્ સરાગસંયમીઓનું મહાવ્રત-ઉચ્ચારણ શુભકર્મોની નિકાચનાનું કારણ પણ છે જ.]

भावविशोधिः - જેમ પાણી વસ્ત્રની વિશુદ્ધિનું કારણ છે તેમ આ મહાવ્રતોનું ઉચ્ચારણ ભાવ એટલે કે આત્મપરિણામની વિશુદ્ધિનું કારણ છે, માટે ભાવવિશોધિ એટલે કે ભાવનિર્મલતાહેતુ છે.

पताकाहरणं - પતાકા એટલે ચારિત્રની આરાધનારૂપ વિજયધ્વજ, તેનું હરણ=ગ્રહણ કરવારૂપ હોવાથી 'પતાકાહરણ' છે. [અર્થાત્ આ વ્રતોના પાલનરૂપ ચારિત્ર આત્માને કર્મોની સામે વિજય અપાવનાર છે.] લોકમાં મલ્લયુદ્ધ વગેરેમાં વસ્ત્ર, આભરણ કે દ્રવ્ય ધજાના અગ્રભાગે બંધાય છે, ત્યાં જે માણસ જે યુદ્ધ વગેરે ગુણમાં પ્રકર્ષવાળો [આગળપડતો] હોય તે રંગભૂમિની મધ્યમાં સામો થઈને તે ધજાને ગ્રહણ કરે છે, માટે 'પતાકાનું હરણ કરે છે' એમ કહેવાય છે. એ રીતે અહીં પણ પક્ખી વગેરે પ્રતિક્રમણમાં મહાવ્રતોના ઉચ્ચારણથી જેને ચારિત્રની વિશુદ્ધિનો પ્રકર્ષ ઉત્પન્ન થયો છે એવો સાધુ પ્રવચનમાં કહેલી ચારિત્રની આરાધનારૂપ પતાકાનું હરણ કરે છે.

निर्य्यूहना - નિર્યૂહણા એટલે દૂર કરી દેવું. મહાવ્રતોનું ઉચ્ચારણ કર્મરૂપી શત્રુઓની આત્મારૂપી નગરમાંથી હંમેશને માટે નિર્વાસિના કરનારું (બહાર કાઢનારું) છે.

आराधना गुणानाम् - મુક્તિના સાધક જીવના વ્યાપારો [ઉદ્યમો]રૂપી ગુણોની આરાધના એટલે કે અક્ષયતા કરનારું છે. [એટલે કે મુક્તિપ્રાપક વ્યાપારોમાં અખંડ પ્રવૃત્તિ કરાવનારું છે.]

संवरयोगः - નવા કર્મોના આગમનને રોકવાનું કારણ તે સંવર. મહાવ્રતોચ્ચારણા એ સંવરસ્વરૂપ યોગ એટલે કે વ્યાપાર છે. અથવા પાંચ આશ્રવોના નિરોધ સ્વરૂપ સંવર સાથે આત્માનો યોગ=સંબંધ કરાવનાર છે.

प्रशस्तध्यानोपयुक्तता - પ્રશસ્ત ધ્યાન એટલે કે ધર્મધ્યાન કે શુક્લધ્યાન સ્વરૂપ શુભ અધ્યવસાય સાથે જોડાણ-યુક્તતા કરાવનાર છે અથવા પ્રશસ્ત ધ્યાનમાં ઉપયુક્તતા=ઉપયોગ કરાવનાર છે, કેમ કે મહાવ્રતોનું ઉચ્ચારણ કરનાર કે સાંભળનારને નિયમા ધર્મ કે શુક્લ બેમાંથી એક શુભ ધ્યાન થાય છે.

युक्तता च ज्ञाने - અહીં વિભક્તિનો વ્યત્યય હોવાથી 'ज्ञाने' એમ સપ્તમી વિભક્તિની જગ્યાએ ज्ञानेन એમ તૃતીયા વિભક્તિનો પ્રયોગ સમજવો. આ મહાવ્રતોનું ઉચ્ચારણ એ જ્ઞાન એટલે કે તત્ત્વની

જાણકારી સાથેની યુક્તતા છે. એટલે કે સદ્બોધસંપન્નતા છે, કારણ કે મહાવ્રતોનો સ્વીકાર એ સમ્યગ્જ્ઞાનનું ફળ છે.

ચૂર્ણિમાં 'जुत्तया य' [युक्तता च] પાઠની વ્યાખ્યા કરી છે. ત્યાં અઢાર હજાર શીલાંગ સાથે યુક્તતા - એ પ્રમાણે અર્થ જાણવો. (ચૂર્ણિમાં नाणे પદની અલગથી વ્યાખ્યા કરી છે.)

परमार्थः - આ મહાવ્રતોનું ઉચ્ચારણ એ સત્ય પદાર્થ છે - અકૃત્રિમ પદાર્થ છે. [માત્ર ઉચ્ચારણ નથી, વાસ્તવિક છે.]

કોઈ પરમાણુ વગેરે પદાર્થ પરમાર્થ હોવા છતાં ઉત્તમ ન પણ હોય, માટે કહે છે -

उत्तमार्थः - ઉત્તમ એવો અર્થ તે ઉત્તમાર્થ એટલે કે પ્રકૃષ્ટ=સર્વશ્રેષ્ઠ પદાર્થ છે. મહાવ્રતો મોક્ષરૂપ ફળના સાધક હોવાથી સર્વ વસ્તુઓમાં પ્રધાન છે.

एष - અહીં લિંગનો વ્યત્યય હોવાથી एष પુલ્લિંગને બદલે एतद् એમ નપુંસકલિંગ જાણવું. એટલે કે આ મહાવ્રતોનું ઉચ્ચારણ "प्रवचनस्य सारो देशितः=પ્રવચનનો સાર કહ્યો છે" એ પ્રમાણે સંબંધ જોડવો. અથવા

एष શબ્દ सारः શબ્દના લિંગ પ્રમાણે પુલ્લિંગમાં ગ્રહણ કર્યો છે.

કોણે પ્રવચનનો સાર કહ્યો છે ? તે કહે છે -

तीर्थंकरैः - તીર્થંકરોએ એટલે કે પ્રવચનગુરુઓએ.

કેવા તીર્થંકરોએ ? તે કહે છે -

रतिरागद्वेषमथनैः - ચારિત્રમોહનીયકર્મના ઉદયથી થતો તેવા પ્રકારના આનંદરૂપ ચિત્તનો વિકાર તે રતિ. રાગ=મમત્વ. દ્વેષ=અહંકાર. રતિ, રાગ અને દ્વેષનું મથન કરનાર=દૂર કરનાર તે રતિરાગ-દ્વેષમથન.

देशितः - કેવલજ્ઞાન વડે જોઈને-જાણીને ભવ્યજીવોને કહ્યો છે.

प्रवचनस्य सारः - બાર અંગોના અર્થનો સાર.

મહાવ્રતોને તીર્થંકરોએ પ્રવચનના અર્થના સારભૂત કહ્યા છે, માટે મુમુક્ષુઓએ તેઓમાં મહાન્ આદર રાખવો - એ કહેવાનો ભાવ છે.

તે તીર્થંકરભગવંતો

षड्जीवनिकायसंयमं - છ પ્રકારના પૃથ્વીકાય વગેરે જીવોના સમૂહની રક્ષા અને ઉપલક્ષણથી મૃષાવાદ વગેરેનો ત્યાગ પણ

उपदिश्य - ઉપદેશીને=ભવ્યજીવોને કહીને, ઉપલક્ષણથી સ્વયં કરીને

त्रैलोक्यसत्कृतं स्थानं - ત્રણે લોક વડે સત્કાર કરાયેલા=પૂજાયેલા સ્થાનને=પ્રદેશને એટલે કે સિદ્ધિક્ષેત્રને.

अभ्युपगताः - પામ્યા. આના વડે પણ મહાવ્રતોની અત્યંત ઉપાદેયતા સૂચવી છે.

ટીકા :-

**अथ महाव्रतोत्कीर्त्तनापरिसमाप्तौ मङ्गलार्थं प्रत्यासन्नोपकारित्वाद्विशेषतो भगवतो महावीरस्य स्तुतिमाह —**

ટીકાર્થ :-

હવે મહાવ્રતોની ઉત્કીર્તનાની પરિસમાપ્તિમાં મંગલ માટે નજીકના ઉપકારી હોવાથી વિશેષથી ભગવાન મહાવીરસ્વામીની સ્તુતિ કહે છે -

સૂત્ર :-

**नमोत्थु ते सिद्ध बुद्ध मुत्त नीरय निस्संग माणमूरण गुणरयणसायर मणन्त मप्पमेय, नमोत्थु ते महइमहावीरवद्धमाणसामिस्स, नमोऽत्थु ते अरहओ नमोत्थु ते भगवओ त्ति कट्टु ।**

સૂત્રાર્થ :-

સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નીરજ [અથવા નીરય], નિઃસંગ, માનમૂરણ [ગર્વનો નાશ કરનાર], ગુણોરૂપી રત્નોના સાગર, અનંત અને અપ્રમેય એવા હે વર્ધમાનસ્વામિન્ ! આપને નમસ્કાર થાઓ. મોટા મોક્ષમાં જેમણે બુદ્ધિ કરી છે એવા, મહાવીર અને વર્ધમાન એવા આપ સ્વામી હોવાથી આપને નમસ્કાર થાઓ. આપ અરિહંત હોવાથી આપને નમસ્કાર થાઓ. આપ ભગવાન હોવાથી આપને નમસ્કાર થાઓ.

ટીકા :-

नमो **नमस्कारः** अस्तु **भवतु, कस्मै ?** ते **तुभ्यं हे वर्द्धमानस्वामिन् ! इति प्रक्रमः, किंविशिष्ट !?** सिद्ध ! **कृतार्थ !** बुद्ध ! **केवलज्ञानेनावगतसमस्तवस्तुतत्त्व !**, मुक्त ! **पूर्वबद्धकर्मबन्धनैस्त्यक्त !**, नीरजः ! **बध्यमानकर्मरहित !, अथवा** नीरय ! **निर्गतौत्सुक्य !**, निःसङ्ग ! **पुत्रकलत्रमित्रधनधान्यहिरण्यसुवर्णादिसकलसम्बन्धविकल !**, मानमूरण ! **सर्वगर्वोद्दलन !** गुणरत्नसागर ! **इति व्यक्तम् । तथा-अनन्तज्ञानात्मकत्वादनन्तः, तस्यामन्त्रणं** अनन्त !, **मकारः प्राकृतशैलीप्रभवः**, अप्रमेय ! **प्राकृतज्ञानापरिच्छेद्य !, अशरीरजीवस्वरूपस्य छद्मस्थैः परिच्छेत्तुमशक्यत्वादिति । तथा** नमो **नमस्कारः** अस्तु **भवतु, कस्मै ?** ते **तुभ्यं, किंविशिष्ट ? इत्याह —** महति **गरियसि, प्रक्रमात् मोक्षे कृतमते इति गम्यते । पुनरपि किंविशिष्ट ? इत्याह — विशेषेणेरयति मोक्षं प्रति गच्छति गमयति वा प्राणिनः, प्रेरयति वा कर्माणि निराकरोति, वीरयति वा रागादिशत्रून् प्रति पराक्रमत इति वीरः, निरुक्तितो वा वीरः यदाह —**

**"विदारयति यत्कर्म, तपसा च विराजते ।**
**तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ॥१॥"**

**इतरवीरापेक्षया महांश्चासौ वीरश्चेति महावीरः, तस्यामन्त्रणं हे** महावीर ! **पुनरपि किंविशिष्ट !?** वर्द्धमान ! **स्वकुलसमृद्धिहेतुतया पितृभ्यां कृतवर्द्धमानाभिधान ! कुतस्ते नमस्कारोऽस्तु ? इत्याह** — 'सामिस्स' **त्ति विभक्तिव्यत्ययाद् 'इति कृत्वा' इति प्रत्येकमभिसम्बन्धाच्च** स्वामीति कृत्वा **प्रभुरिति हेतोः । तथा** नमो **नमस्कारः** अस्तु ते **इति । कुत ? इत्याह-** 'अरहओ' **त्ति उक्तहेतुभ्यां अशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हतीति** अर्हन् **स इतिकृत्वा,** नमोऽस्तु ते **कुत ? इत्याह-** 'भगवओ' **त्ति** भगवानितिकृत्वा **भगवानितिहेतोः तत्र** भगः **समग्रैश्वर्यादिलक्षणः । उक्तं च** —

**"ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः ।**
**धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ॥१॥"**

**स विद्यते यस्येति भगवानिति । अथवा** - 'महइमह' **त्ति रूढिवशाद्** अतिमहान् **स चासौ वीरश्च** अतिमहावीरः **स चासौ** वर्द्धमानश्च **अतिमहावीरवर्द्धमानः स चासौ** स्वामी **चातिमहावीरवर्द्धमानस्वामी तस्मै, तथा** नमोऽस्तु ते अर्हते, **तथा**-नमोऽस्तु ते भगवते इति कृत्वा **इति हेतोः यतस्त्वमुक्तविशेषणोऽतस्ते नमोऽस्त्विति भावः । अथवा कथं नमोऽस्तु ? इत्याह** — तिकट्टु **त्ति** त्रिकृत्वः **त्रीन् वारानिति, प्रतिवाक्यं च नमस्क्रियाऽभिधानं स्तुतिप्रस्तावाददुष्टमिति ॥**

**ટીકાર્થ :-**

नमोऽस्तु=નમસ્કાર થાઓ. કોને ?

ते=तुभ्यं= આપને. 'हे वर्धमानस्वामिन् !' એ પ્રમાણે પ્રક્રમથી જાણવું. [એટલે કે આ જ સૂત્રમાં "महइमहावीरवद्धमाणसामिस्स"પદમાં જે આગળ કહ્યું છે તે અહીં જોડવું.]

વર્ધમાનસ્વામી કેવા છે ? તે કહે છે [બધા પદ સંબોધનવિભક્તિમાં છે.]

सिद्ध - કૃતાર્થ.

बुद्ध - કેવલજ્ઞાન વડે સમસ્ત વસ્તુતત્ત્વને જેણે જાણ્યું છે એવા.

मुक्त - પૂર્વે બાંધેલા કર્મરૂપી બંધનોથી છૂટેલા.

नीरजः - બધ્યમાન (બંધાઈ રહેલા) કર્મોથી રહિત. અથવા

नीरय - ઔત્સુક્ય વગરના.

निःसङ्ग - પુત્ર-સ્ત્રી-મિત્ર-ધન-ધાન્ય-હિરણ્ય-સુવર્ણ વગેરે બધા સાથેના સંબંધોથી રહિત.

मानमूरण - બધા જ ગર્વનો નાશ કરનાર.

गुणरत्नसागर - ગુણોરૂપી રત્નોના સાગર.

अनन्त - અનંત એવા કેવલજ્ઞાન સ્વરૂપ હોવાથી અનંત. અહીં ગાથામાં मणंत શબ્દ છે તેમાં મકાર પ્રાકૃતભાષાની શૈલીથી આવેલો છે. શબ્દ 'અનંત' સમજવો. એમ આગળ मप्पमेय શબ્દમાં પણ જાણવું .

अप्रमेय - સામાન્ય જ્ઞાનથી જાણી ન શકાય તેવા, કેમ કે શરીર વગરના જીવનું સ્વરૂપ છદ્મસ્થો વડે જાણવું અશક્ય છે.

नमोऽस्तु - નમસ્કાર થાઓ. કોને ?

ते=तुभ्यं=આપને. આપ કેવા છો ? તે કહે છે -

महति=મોટા 'એવા મોક્ષમાં જેમણે બુદ્ધિ કરી છે એવા' એ પ્રમાણે પ્રક્રમથી જણાય છે.

[નોંધ - ટીકા પ્રમાણે આ અર્થ કર્યો છે, પણ પાઠ વિચારણીય જણાય છે. કારણ કે महतिનો આવો લક્ષણાર્થ કરવાની જરૂર નથી. વળી, કેવલીને બુદ્ધિ જ હોતી નથી. વળી કહ્યું છે -

"सुखे दुःखे भवे मोक्षे, निःस्पृहो मुनिसत्तमः ।"

(શ્રેષ્ઠ મુનિ સુખમાં કે દુઃખમાં, ભવમાં કે મોક્ષમાં નિઃસ્પૃહ હોય છે.)

આ વચનથી તેમને મોક્ષમાં બુદ્ધિ ઘટતી નથી.

સંભાવના - मोक्षे कृतस्थिते !=મોક્ષમાં રહેલા એવા આપને.]

વળી આપ કેવા છો ? તે કહે છે -

महावीर -['મહાવીર' શબ્દમાં પહેલા 'વીર'નો અર્થ કહે છે -]

विशेषेण ईरयति-मोक्षं प्रति गच्छति=વિશેષથી મોક્ષ તરફ જાય તે વીર અથવા -

विशेषेण ईरयति-मोक्षं प्रति गमयति प्राणिनः=વિશેષથી મોક્ષ તરફ જીવોને લઈ જાય તે વીર. અથવા -

विशेषेण प्रेरयति कर्म्माणि - વિશેષથી કર્મોને દૂર કરે તે વીર. અથવા -

वीरयति=रागादिशत्रून् प्रति पराक्रमते=રાગ વગેરે શત્રુઓ પ્રતિ પરાક્રમ કરે તે વીર. અથવા નિરુક્તિથી 'વીર'ની વ્યાખ્યા કરે છે -

"જે કારણથી કર્મનો (विदारयति=) નાશ કરે છે, તપ વડે (विराजते=) શોભે છે અને તપવીર્ય વડે યુક્ત છે તે કારણથી વીર કહેવાય છે." ॥૧॥

બીજા વીરોની અપેક્ષાએ મહાન્ એવા વીર તે મહાવીર.. તેમને આમંત્રણ (સંબોધન) - હે મહાવીર !

વળી કેવા છો ? તે કહે છે -

वर्द्धमान - પોતાના કુળની સમૃદ્ધિનું કારણ હોવાથી માતા-પિતાએ જેમનું 'વર્ધમાન' નામ પાડ્યું છે એવા આપને.

આપને નમસ્કાર શા માટે થાઓ ? તે કહે છે -

सामिस्स=स्वामिनः - અહીં વિભક્તિનો વ્યત્યય કરીને ષષ્ઠીને બદલે 'स्वामी' એમ પ્રથમા વિભક્તિ કરવી અને આગળ કહેવામાં આવનાર "त्ति कट्टु"="इति कृत्वा"નો સંબંધ આ અને આગળ કહેવાનારા બધા પદો સાથે જોડવો. "स्वामी इति कृत्वा"=આપ સ્વામી=પ્રભુ છો એ કારણથી.

તથા -

नमोऽस्तु ते=આપને નમસ્કાર થાઓ. શા માટે ? તે કહે છે -

अरहओ - અહીં પણ ઉપર કહેલા [વિભક્તિનો વ્યત્યય અને 'इति कृत्वा'નો સંબંધ એ] બે કારણોથી अर्हन् इति कृत्वा=આપ અરિહંત=અશોકવૃક્ષ વગેરે આઠ મહાપ્રાતિહાર્ય વગેરે સ્વરૂપ પૂજાને યોગ્ય છો એ કારણથી.

नमोऽस्तु ते=આપને નમસ્કાર થાઓ. શા માટે ? તે કહે છે -

भगवओ=भगवान् इति कृत्वा=આપ ભગવાન છો એ કારણથી. ત્યાં સમગ્ર ઐશ્વર્ય વગેરે સ્વરૂપ "ભગ" જેમની પાસે છે, તે ભગવાન. કહ્યું છે -

"સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન - આ છનું 'ભગ' એ પ્રમાણે [इङ्गना=] સંકેત/પરિભાષા/ નામ છે." ॥૧॥

અથવા 'महइमहावीर'નો બીજો અર્થ રૂઢિવશાત્ 'अतिमहान् वीर !' એવો કરીને તેને 'વર્ધમાન'પદનું વિશેષણ બનાવવું. એટલે કે અતિમહાવીર વર્ધમાન. અતિમહાવીર વર્ધમાન એવા સ્વામી તે અતિમહાવીર વર્ધમાનસ્વામી, તેમને નમસ્કાર થાઓ.

नमोऽस्तु ते अर्हते, नमोऽस्तु ते भगवते इति कृत्वा=આપ અરિહંત છો, આપ ભગવાન છો, એ કારણથી આપને નમસ્કાર થાઓ.

અથવા - કેવી રીતે નમસ્કાર થાઓ ? તે કહે છે -

तिकट्टु=त्रिकृत्त्वः=ત્રણ વાર - એમ અર્થ કરી 'હે અતિમહાવીર વર્ધમાન ! મારા સ્વામી એવા આપને ત્રણ વાર નમસ્કાર થાઓ, અરિહંત એવા આપને મારો ત્રણ વાર નમસ્કાર થાઓ, ભગવાન્ એવા આપને મારો ત્રણ વાર નમસ્કાર થાઓ.' એમ અર્થ કરવો.

અહીં પ્રભુસ્તુતિનો પ્રસંગ હોવાથી દરેક વાક્યે (નમોઽત્થુ એમ ચાર વાર) 'नमोऽस्तु ते' કહેવા છતાં પુનરુક્તિદોષ માનવો નહીં.

**ટીકા :-**

**यथा महाव्रतोच्चारणं कर्मक्षयाय तथा श्रुतोत्कीर्त्तनमपि कर्मविलयायेति महाव्रतोत्कीर्त्तनं निगमयन् श्रुतोत्कीर्त्तनं कर्तुकाम इदमाह —**

**ટીકાર્થ :-**

જેમ મહાવ્રતોનું ઉચ્ચારણ કર્મક્ષય માટે થાય છે તેમ શ્રુતનું ઉત્કીર્તન પણ કર્મક્ષય માટે થાય છે. માટે મહાવ્રતોના ઉત્કીર્તનનું નિગમન કરી શ્રુતનું ઉત્કીર્તન કરવા માટે કહે છે -

સૂત્ર :-

## एसा खलु महव्वयउच्चारणा कया इच्छामो सुत्तकित्तणं काउं ।

સૂત્રાર્થ :-

આ=હમણાં જ કહી તે મહાવ્રતોની ઉચ્ચારણા કરી. હવે શ્રુતકીર્તના કરવા ઈચ્છીએ છીએ.

ટીકા :-

एषाऽनन्तरोक्ता, खलुः **वाक्यालङ्कारमात्रे**, महाव्रतोच्चारणा **महाव्रतसंशब्दना**, कृता **उक्त-न्यायेन विहिता । साम्प्रतं** इच्छामः **अभिलषामः**, श्रुतकीर्त्तनां **आगमग्रन्थाभिधानसंशब्दनां**, कर्तुं **विधातुमिति । तत्पुनः श्रुतं समासतो द्विविधं प्रज्ञप्तं, तद्यथा — अङ्गप्रविष्टं अङ्गबाह्यं च, तत्र —**

**"पायदुगं २ जंघो ४ रू ६, गायदुगद्धं तु ८ दो य बाहू य १० ।**
**गीवा ११ सिरं च १२ पुरिसो, बारस अंगो सुयविसिट्ठो ॥१॥"**

**गात्रद्विकार्द्धं पृष्ठोदरलक्षणं, एवंविधश्रुतपुरुषस्याङ्गेषु प्रविष्टं व्यवस्थितं अङ्गप्रविष्टं । तथाहि — प्रवचनपुरुषस्य पादयुगमाचारसूत्रकृते, जङ्घाद्विकं स्थानसमवायावित्यादि । अथवा —**

**"गणधरकयमंगगयं, जं कय थेरेहिं बाहिरं तं तु ।**
**निययं वंगपविट्ठं, अणिययसुय बाहिरं भणियं ॥१॥"**

**श्रुतपुरुषाङ्गव्यतिरिक्तमङ्गबाह्यं । तदपि द्विविधं प्रज्ञप्तं — आवश्यकं च आवश्यक-व्यतिरिक्तं च, तत्र तावदल्पवक्तव्यत्वादावश्यकश्रुतसमुत्कीर्त्तनाय तदुपदेशकनमस्कारपूर्वकं सूत्रमाह —**

ટીકાર્થ :-

एषा=આ હમણાં જ કહેલી

खलु - વાક્યના અલંકાર માટે છે.

महाव्रतोच्चारणा=મહાવ્રતોની ઉચ્ચારણા

कृता=ઉપર કહેલા ન્યાયથી કરી.

इच्छामः श्रुतकीर्तनां कर्तुम्=હવે શ્રુતકીર્તના=આગમગ્રંથોના નામોનું ઉચ્ચારણ કરવા ઈચ્છીએ છીએ.

તે શ્રુત ટૂંકમાં બે પ્રકારનું કહ્યું છે - અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય. તેમાં -

"બે પગ, બે જંઘા, બે ઉરૂ (સાથળ), પીઠ અને પેટરૂપ ગાત્રદ્વિકાર્ધ, બે હાથ, ડોક અને મસ્તક - આ બાર અંગવાળો પુરુષ શ્રુતવિશિષ્ટ છે [=એને શ્રુતપુરુષ કહેવાય છે.] ॥૧॥" આવા પ્રકારના

શ્રુતપુરુષના અંગોમાં પ્રવેશેલું=રહેલું જે શ્રુત તે અંગપ્રવિષ્ટ શ્રુત. તે આ પ્રમાણે - પ્રવચનપુરુષના બે પગ એ આચારાંગ અને સૂત્રકૃતાંગ છે, બે જંઘા તે સ્થાનાંગ અને સમવાયાંગ છે. [એ રીતે છેલ્લે દૃષ્ટિવાદ એ મસ્તક છે.] વગેરે. અથવા "ગણધરોએ રચેલું તે અંગપ્રવિષ્ટ અને સ્થવિરોએ રચેલું તે અંગબાહ્ય. અથવા જે શ્રુત નિયત છે તે અંગપ્રવિષ્ટ અને અનિયત છે તે અંગબાહ્ય કહેવાયેલું છે. ॥૧॥"

શ્રુતપુરુષના અંગ સિવાયનું જે શ્રુત તે અંગબાહ્ય. તે પણ બે પ્રકારનું કહ્યું છે - આવશ્યક અને આવશ્યક સિવાયનું. તેમાં અલ્પ વર્ણન કરવાનું હોવાથી આવશ્યકસૂત્રનું સમુત્કીર્તન કરવા માટે તેના ઉપદેશકને નમસ્કાર કરવાપૂર્વક સૂત્ર કહે છે -

**સૂત્ર :-**

**नमो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं छव्विहमावस्सयं भगवंतं ।**

**સૂત્રાર્થ :-**

તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ કે જેઓએ આ અતિશયયુક્ત એવા પદાર્થોના વર્ણનરૂપ [ભગ=] સમૃદ્ધિ વગેરે ગુણોવાળું છ પ્રકારનું આવશ્યક અમને આપ્યું છે અથવા સૂત્ર અને અર્થરૂપે રચ્યું છે.

**ટીકા :-**

नमो **नमस्कारोऽस्त्विति गम्यते, केभ्यः ? इत्याह** — तेभ्यः क्षमाश्रमणेभ्यः-**क्षमादिगुणप्रधानमहातपस्विभ्यः स्वगुरुभ्यस्तीर्थकरगणधरादिभ्यो वेति भावः**, यैरिदं **वक्ष्यमाणं** वाचितं **अस्मभ्यं प्रदत्तं, अथवा**-वाचितं **परिभाषितं सूत्रार्थतया विरचितमित्यर्थः** । षड्विधं **षट्प्रकारं अवश्यकरणाद्** आवश्यकं, **गुणानां वाऽभिविधिना वश्यमात्मानं करोतीति** आवश्यकं, **किंविशिष्टं ?** भगवन्तम् **सातिशयाभिधेयसमृद्ध्यादिगुणयुक्तं** ।

**ટીકાર્થ :-**

नमो=નમસ્કાર થાઓ. કોને ?

तेभ्यः क्षमाश्रमणेभ्यः=ક્ષમા વગેરે ગુણોમાં પ્રધાન મહાતપસ્વી એવા પોતાના ગુરુને અથવા તીર્થંકર-ગણધર વગેરેને.

यैः इदं वाचितं= જેઓએ આ હમણાં જ કહેવાઈ રહેલું [શ્રુત] અમને આપ્યું છે, અથવા પરિભાષિત કર્યું છે એટલે કે સૂત્ર અને અર્થરૂપે રચ્યું છે.

षड्विधं=છ પ્રકારનું

आवश्यकं=અવશ્ય કરાતું હોવાથી આવશ્યક, અથવા અભિવિધિથી [=વ્યાપકપણે] આત્માને ગુણોને વશ કરે તે આવશ્યક.

भगवन्तं=અતિશયયુક્ત એવા પદાર્થોના વર્ણનરૂપ સમૃદ્ધિ વગેરે ગુણોવાળું ['ઐશ્વર્ય-રૂપ-યશ-લક્ષ્મી-ધર્મ અને પ્રયત્ન' એ છને 'ભગ' કહેવાય છે. એ છએ 'ભગ'(ગુણો)થી યુક્ત છે માટે 'भगवन्तं' એ આવશ્યકશ્રુતનું વિશેષણ સમજવું.]

**षड्विधत्वमेवोपदर्शयन्नाह** —

છ પ્રકારને જ બતાવતાં કહે છે -

सूत्र :-

**तं जहा-सामाइयं चउवीसत्थओ वंदणयं पडिक्कमणं काउस्सग्गो पच्चक्खाणं । सव्वेहिं पि एयंमि छव्विहे आवस्सए भगवंते ससुत्ते सअत्थे सगंथे सनिज्जुत्तिए ससंगहणिए जे गुणा वा भावा वा अरहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा परूविया वा, ते भावे सद्दहामो पत्तियामो रोएमो फासेमो पालेमो अणुपालेमो ।**

सूत्रार्थ :-

તે આ પ્રમાણે - સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. છ પ્રકારના, ભગવાન્ (સમગ્ર ઐશ્વર્યાદિવાળા), સસૂત્ર, સાર્થ, સગ્રંથ, સનિર્યુક્તિક અને સસંગ્રહણીક, એવા આ બધા જ આવશ્યકમાં જે ગુણો કે ભાવો અરિહંત ભગવંતોએ સામાન્યરૂપે કે વિશેષરૂપે કહ્યા છે તે ભાવોની સામાન્યથી શ્રદ્ધા કરીએ છીએ, વિશેષથી અંગીકાર કરીએ છીએ, રુચિ કરીએ છીએ, સ્પર્શ કરીએ છીએ, રક્ષણ કરીએ છીએ અને વારંવાર રક્ષણ કરીએ છીએ.

ટીકા :-

तद्यथा **इत्युदाहरणोपदर्शनार्थः**, सामायिकं-**सावद्ययोगविरतिप्रधानोऽध्ययनविशेषः १**, चतुर्विंशतिस्तवः-**ऋषभादिजिनगुणोत्कीर्त्तनाधिकारवानध्ययनविशेषः २**, वन्दनकं-**गुणवत्प्रतिपत्तिप्रधानोऽध्ययनविशेष एव ३**, प्रतिक्रमणं-**स्खलितनिन्दाप्रतिपादकोऽध्ययनविशेष एव ४**, कायोत्सर्गो-**धर्मकायातिचारव्रणशोधकोऽध्ययनविशेष एव ५**, प्रत्याख्यानं **विरतिगुणकारकोऽध्ययनविशेष एव ६**, सर्वस्मिन्नपि **समस्तेऽपि** एतस्मिन् **अनन्तरोक्ते**, षड्विधे **षड्भेदे**, आवश्यके **भणितस्वरूपे**, भगवति **समग्रैश्वर्यादिमति; सह सूत्रेण मूलतन्त्ररूपेण वर्त्तत इति** ससूत्रं **तस्मिन्, सहार्थेन तद्व्याख्यानरूपेण वर्त्तत इति** सार्थं **तस्मिन्, सह ग्रन्थेन सूत्रार्थोभयरूपेण वर्त्तत इति** सग्रन्थं **तस्मिन्, सह निर्युक्त्या प्रतीतरूपया वर्त्तत इति** सनिर्युक्तिकं **तस्मिन्, सह सङ्ग्रहण्या**

**निर्युक्त्यैव बह्वर्थसंग्रहणारूपया वर्त्तत इति** ससङ्ग्रहणिकं **तस्मिन्**, ये **केचन** गुणा **विरतिजिन-गुणोत्कीर्त्तनादयो धर्माः**, वाशब्द **उत्तरपदापेक्षया समुच्चये**, भावाः **क्षायोपशमिकादिपदार्था जीवादिपदार्था वा**, वाशब्दः **पूर्वपदापेक्षया समुच्चय एव**, अर्हद्भिः **देवादिकृतसपर्यार्हैः** भग-वद्भिः **समग्रैश्वर्यादिमद्भिः, किम् ? इत्याह** — प्रज्ञप्ताः **सामान्येनोद्दिष्टाः**, प्ररूपिता **विशेषेण निर्दिष्टाः**, वाशब्दौ **पूर्ववत्**, तान् भावान् **उपलक्षणत्वाद् गुणांश्च**, 'सद्दहामो' **त्ति** श्रद्दध्महे **सामा-न्येन 'एवमेवैतत्' इति श्रद्धाविषयीकुर्मः**, पत्तियामो **त्ति** प्रतिपद्यामहे **प्रीतिकरणद्वारेण**, रोएमो **त्ति अभिलाषातिरेकेण** रोचयामः **आसेवनाऽभिमुखतया रुचिविषयीकुर्मः इत्यर्थः, न च प्रीति-रुची न भिन्ने, यतः क्वचिद्दध्यादौ प्रीतिसद्भावेऽपि न सर्वदा रुचिरतो विभिन्नताऽनयोरिति**, फासेमो **त्ति** स्पृशामः **आसेवनाद्वारेण छुपामः**, पालेमो **त्ति पाठोऽशुद्ध इव लक्ष्यते**, अणुपालेमो **त्ति अनुपालयामः पौनःपुन्यकरणेन, यदि पुनः प्रसिद्धत्वात्** पालेमो **त्ति पदमवश्यं व्याख्येयं तदा** पालयामः **पौनःपुन्यकरणेन रक्षामः, एतच्च कतिपयदिनपालनेऽपि स्यादतः** अनुपालयामः **पालनाद्** अनु **पश्चादाजन्मापीत्यर्थः**, पालयामोऽ**नुपालयामः** ॥

**तथा** —

**ટીકાર્થ :-**

तद्यथा - તે છ આવશ્યક આ પ્રમાણે - આ શબ્દો ઉદાહરણનો પ્રારંભ કરવા માટે છે.

૧. सामायिकं=સાવદ્ય યોગોની વિરતિ જેમાં પ્રધાન છે એવું અધ્યયનવિશેષ.

૨. चतुर्विंशतिस्तवः=ઋષભદેવ વગેરે ૨૪ જિનોના ગુણના ઉત્કીર્તનનો અધિકાર જેમાં છે એવું અધ્યયનવિશેષ.

૩. वन्दनकं=ગુણવાન્‌ની પ્રતિપત્તિ=વિનય જેમાં મુખ્ય છે એવું અધ્યયનવિશેષ.

૪. प्रतिक्रमणं=સ્ખલિત[=ભૂલ]ની નિંદાનું પ્રતિપાદક અધ્યયનવિશેષ. [જેમાં પ્રતિક્રમણના સૂત્રો છે.]

૫. कायोत्सर्गः=ધર્મરૂપી કાયામાં લાગેલા અતિચારોરૂપી વ્રણ=ઘાની શુદ્ધિ કરનાર અધ્યયનવિશેષ.

૬. प्रत्याख्यानं=વિરતિરૂપી ગુણને કરનાર અધ્યયનવિશેષ.

सर्वस्मिन्नपि एतस्मिन्=આ હમણાં કહેલાં સમસ્ત=બધા જ.

षड्विधे आवश्यके=જેનું સ્વરૂપ પૂર્વે કહેલું છે એવા છ પ્રકારના આવશ્યકમાં.

[આવશ્યક કેવું છે ? તે કહે છે -]

भगवति=સમગ્ર ઐશ્વર્ય વગેરેવાળું.

ससूत्रे=મૂળ તંત્રરૂપ સૂત્ર સાથે રહેલું છે તેવું.

सार्थे=તેના (સૂત્રના) વ્યાખ્યાનરૂપ અર્થ સાથે રહેલું છે તેવું.

सग्रन्थे=સૂત્ર અને અર્થ બંને રૂપ ગ્રંથ સાથે રહેલું છે તેવું.

सनिर्युक्तिके=નિર્યુક્તિ સાથે રહેલું છે તેવું. [સૂત્રને અર્થની સાથે જોડે તે નિર્યુક્તિ.]

ससंग्रहणीके=ઘણા અર્થનો જેમાં [ગાથાબદ્ધ] સંગ્રહ કરેલો હોય એવી નિર્યુક્તિ તે સંગ્રહણી. સંગ્રહણી સાથે રહેલું છે તે સસંગ્રહણીક.

[આ સૂત્ર, અર્થ, ગ્રંથ, નિર્યુક્તિ અને સંગ્રહણીથી યુક્ત એવા સઘળાય આવશ્યકમાં -]

ये गुणा वा भावा वा - જે કોઈ ગુણો કે ભાવો. (સાવદ્ય યોગથી) વિરતિ અને જિનેશ્વરોના ગુણોનું ઉત્કીર્તન એટલે સ્તુતિ વગેરે ધર્મો તે ગુણો. ક્ષાયોપશમિક, ક્ષાયિક વગેરે આત્માના ભાવો અથવા જીવ વગેરે પદાર્થો તે ભાવો. અહીં પહેલો वा શબ્દ ઉત્તરપદ(भावा)ની અપેક્ષાએ સમુચ્ચય માટે અને બીજો वा શબ્દ પૂર્વપદ(गुणा)ની અપેક્ષાએ સમુચ્ચય માટે છે.

अर्हद्भिः भगवद्भिः - દેવ વગેરેએ કરેલી પૂજાને યોગ્ય તે અરિહંત અને સમગ્ર ઐશ્વર્ય વગેરેથી યુક્ત તે ભગવંત. અરિહંત એવા ભગવંતોએ.

प्रज्ञप्ता वा=સામાન્યરૂપે કહ્યા છે.

प्ररूपिता वा=વિશેષરૂપે કહ્યા છે. वा શબ્દો સમુચ્ચય (જોડાણ) માટે છે.

तान् भावान्=તે ભાવોને અને ઉપલક્ષણથી ગુણોને પણ.

श्रद्दध्महे="આ એમ જ છે" એ રીતે સામાન્યથી શ્રદ્ધાગત કરીએ છીએ.

प्रतिपद्यामहे=પ્રીતિ કરવા દ્વારા વિશેષથી અંગીકાર કરીએ છીએ.

रोचयामः=આચરવાની અત્યંત અભિલાષા કરવા દ્વારા તે ભાવોમાં રુચિ કરીએ છીએ. પ્રીતિ અને રુચિ ભિન્ન નથી એવું નથી, કારણ કે દહીં વગેરે કોઈક વસ્તુમાં પ્રીતિ હોવા છતાં હંમેશાં રુચિ હોતી નથી. માટે પ્રીતિ અને રુચિ ભિન્ન છે.

स्पृशामः=તે-તે કહેલી ક્રિયાઓ આચરવા દ્વારા તે ભાવોને સ્પર્શ કરીએ છીએ.

पालेमो[=पालयामः] આ પાઠ અશુદ્ધ જેવો લાગે છે.

अनुपालयामः=વારંવાર કરવા દ્વારા તે ભાવોનું રક્ષણ કરીએ છીએ.

હવે જો 'पालेमो' પદ પ્રસિદ્ધ હોવાથી એની વ્યાખ્યા અવશ્ય કરવી જરૂરી હોય તો 'पालयामः= વારંવાર કરવા દ્વારા તે ભાવોનું રક્ષણ કરીએ છીએ' એ પ્રમાણે કરવી. અને માત્ર કેટલાક દિવસ [આજીવન નહીં] પાલન કરવાથી પણ આ રક્ષા કરી એમ કહી શકાય. માટે કહે છે -

अनुपालयामः=પાલના કર્યા પછી પણ પાલન કરીએ છીએ. એટલે કે આજન્મ પાલન કરીએ છીએ.

તથા -

સૂત્ર :-

**ते भावे सद्दहंतेहिं पत्तियंतेहिं रोयंतेहिं फासंतेहिं पालंतेहिं अणुपालंतेहिं अंतोपक्खस्स जं वाइयं पढियं परियट्टियं पुच्छियं अणुपेहियं अणुपालियं तं दुक्खक्खयाए कम्मक्खयाए मोक्खाए बोहिलाभाए संसारुत्तारणाए तिकट्टु उवसंपज्जित्ताणं विहरामि ॥**

સૂત્રાર્થ :-

તે ભાવોની સામાન્યથી શ્રદ્ધા કરતા, વિશેષથી અંગીકાર કરતા, રુચિ કરતા, આચરવા દ્વારા સ્પર્શ કરતા, રક્ષણ કરતા અને વારંવાર રક્ષણ કરતા એવા અમે પખવાડિયાની મધ્યમાં જે કાંઈ પણ શ્રુત બીજાઓને આપ્યું, સ્વયં ભણ્યા, પુનરાવર્તન કર્યું, પૂછ્યું, ચિંતન કર્યું અને નિરતિચાર આરાધ્યું તે શ્રુત અમને દુઃખક્ષય માટે, કર્મક્ષય માટે, મોક્ષ માટે, બોધિલાભ માટે અને સંસારથી પાર ઊતરવા માટે થશે, એ કારણથી તેને અંગીકાર કરીને વિહરીએ છીએ.

ટીકા :-

तान् भावान् श्रद्दधानैः **'एवमेवैतद्' इति सामान्येन प्रतीतिं कुर्वाणैः**, प्रतिपद्यमानैः **विशेष-प्रीतिकरणद्वारेण मन्यमानैः**, रोचयद्भिः **अभिलाषातिरेकेण आसेवनाऽभिमुखतया रुचिविषयीकुर्वद्भिरित्यर्थः**, स्पृशद्भिः **आसेवनाद्वारेण च्छुपद्भिः** पालयद्भिः **इति पदमत्रापि न विद्मः, तदङ्गीकारे च पूर्ववदर्थविशेषो वाच्यः**, अनुपालयद्भिः **पौनःपुन्यकरणेन रक्षयद्भिः**, अन्तः **मध्ये** पक्षस्य **चन्द्राभिधानार्द्धमासस्य** यत् **किमपि**, वाचितं **अन्येभ्यः प्रदत्तं**, पठितं **स्वयमधीतं**, परि-वर्त्तितं **सूत्रतो गुणितं**, पृष्टं **पूर्वाधीतस्य सूत्रादेः शङ्कितादौ प्रच्छनं विहितमित्यर्थः**, अनुप्रेक्षितम् **अर्थविस्मरणभयादिना चिन्तितं**, अनुपालितं **एभिरेव प्रकारैरनघमनुष्ठितं** तद् दुःखक्षयाय **शरीरमा[१]नसासातोच्छेदाय**, कर्मक्षयाय **ज्ञानवरणाद्यदृष्टविनाशाय**, मोक्षाय **परमनिःश्रेयसाय**, बोधिलाभाय **प्रेत्य सद्धर्मावाप्तये**, संसारोत्तारणाय **भवभ्रमणपारगमनाय, अस्माकं भविष्यतीति गम्यते**, इतिकृत्वा **इतिहेतोः** उपसम्पद्य **अङ्गीकृत्य**, विहरामीति **वचनव्यत्ययाद्विहरामो मासकल्पादिना साधुविहारेण वर्त्तामहे इति ॥**

**तथा —**

ટીકાર્થ :-

तान् भावान्=તે ભાવોને.

श्रद्दधानैः='આ એમ જ છે' એ રીતે સામાન્યથી શ્રદ્ધા કરતા [એવા અમારા વડે - એ પ્રમાણે अनुपालयद्भिः સુધીના બધા પદોને અંતે જોડવું.]

१. अत्र शारीरमानसा इत्येवं पाठः शोभनतरः प्रतिभाति ।

प्रतिपद्यमानैः=વિશેષથી પ્રીતિ કરવા દ્વારા અંગીકાર કરતા.

रोचयद्भिः=આચરવાની અત્યંત અભિલાષા કરવા દ્વારા તે ભાવોમાં રુચિ કરતા.

स्पृशद्भिः=આચરવા દ્વારા તે ભાવોને સ્પર્શ કરતા.

पालयद्भिः=આ પદ અહીં પણ અમે જાણતા નથી [અશુદ્ધ લાગે છે.] છતાં પણ આ પદ સ્વીકારવાનું હોય તો પહેલાંની જેમ અર્થવિશેષ જાણવો.

[પાલન કરતાં એટલે કે વારંવાર કરવા દ્વારા તે ભાવોનું રક્ષણ કરતાં અને અનુપાલન કરતાં એટલે કે આજન્મ પાલન કરતાં]

अनुपालयद्भिः=વારંવાર કરવા દ્વારા તે ભાવોની રક્ષા કરતા [એવા અમારા વડે તે ભાવોનું શું કરાયું અને તે ભાવો શેના માટે થશે ? તે કહે છે -]

अन्तःपक्षस्य - પક્ષ=પખવાડિયું એટલે કે ચંદ્ર નામના અર્ધ માસની મધ્યમાં. [માસના ચાંદ્રમાસ સૌરમાસ વગેરે પાંચ પ્રકાર છે. તેમાંથી ચાંદ્રમાસ લેવો.]

यद्=જે કંઈ પણ શ્રુત.

वाचितं=બીજાઓને આપ્યું.

पठितं=સ્વયં ભણ્યા.

परिवर्तितं=મૂળ સૂત્રથી પુનરાવર્તન કર્યું.

पृष्टं=પૂર્વે ભણેલા સૂત્ર-અર્થ વગેરેમાં શંકિત વગેરે રહેલું પૂછ્યું.

अनुप्रेक्षितं=અર્થના વિસ્મરણ વગેરે ભયથી ચિંતન કર્યું.

अनुपालितं=ઉપર જણાવ્યા પ્રમાણે ભણાવવાથી, ભણવાથી, આવર્તન કરવાથી, પૂછવાથી અને અર્થચિંતનથી નિરતિચાર આરાધ્યું.

तद्=તે [શ્રુત] [અમોને શેના માટે થશે ? તે કહે છે -]

दुःखक्षयाय=શારીરિક અને માનસિક અશાતા(દુઃખ)ના નાશ માટે. ['થશે' એ પ્રમાણે દરેક પદમાં જોડવું.]

कर्मक्षयाय=જ્ઞાનાવરણ વગેરે અદૃષ્ટ(કર્મ)ના વિનાશ માટે થશે.

मोक्षाय=પરમ કલ્યાણ (મોક્ષ) માટે થશે.

बोधिलाभाय=અન્ય જન્મમાં સદ્ધર્મની પ્રાપ્તિ માટે થશે.

संसारोत्तारणाय=ભવભ્રમણથી પાર ઊતારનાર થશે.

એમ અમોને ઉપર કહ્યા પ્રમાણે લાભ કરશે - એટલું અધ્યાહાર સમજવું.

इतिकृत्वा=એ કારણથી

उपसम्पद्य विहरामि - [અહીં વચનવ્યત્યય હોવાથી विहरामि એકવચનને બદલે विहरामः એમ

બહુવચન સમજવું.] તેને અંગીકાર કરીને માસકલ્પ વગેરે સાધુના વિહારના ક્રમે વિહરીએ છીએ= વર્તીએ છીએ=રહીએ છીએ.

તથા -

સૂત્ર :-

**अंतोपक्खस्स जं न वाइयं, न पढियं, न परियट्टियं, न पुच्छियं, नाणुपेहियं, नाणुपालियं, संतें बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो, पडिक्कमामो, निंदामो, गरिहामो, विउट्टेमो, विसोहेमो, अकरणयाए अब्भुट्ठेमो, अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छामि दुक्कडं ।**

સૂત્રાર્થ :-

પખવાડિયાની મધ્યમાં શારીરિક બળ, આત્મિક વીર્ય અને પુરુષકારપરાક્રમ હોવા છતાં જે શ્રુત બીજાને ન આપ્યું, સ્વયં ન ભણ્યું, પુનરાવર્તન ન કર્યું, શંકિત ન પૂછ્યું, ચિંતન ન કર્યું અને નિરતિચાર ન આરાધ્યું તે અપરાધની આલોચના કરીએ છીએ, પ્રતિક્રમણ કરીએ છીએ, સ્વસાક્ષીએ નિંદા કરીએ છીએ, ગુરુસાક્ષીએ ગર્હા કરીએ છીએ, તેના અનુબંધને વિશેષથી તોડીએ છીએ, અવાચિત વગેરે દોષથી મલિન આત્માને નિર્મળ કરીએ છીએ, એ ફરીથી નહીં કરીએ એમ પ્રતિજ્ઞા કરીએ છીએ અને અપરાધને ઉચિત તપરૂપ પ્રાયશ્ચિત્તને સ્વીકારીએ છીએ અને વાચના વગેરે ન કરવારૂપ અપરાધનું મિચ્છા મિ દુક્કડં દઈએ છીએ.

ટીકા :-

**अत्र नञ्विशेषितसूत्राणि पूर्ववद्व्याख्येयानि । कस्मिन् विद्यमानेऽपि वाचनादि न कृतम् ? इत्याह**—सति **विद्यमाने** बले **शारीरे प्राणे, तथा** सति **विद्यमाने** वीर्ये **जीवप्रभवे प्राणे एव, तथा** सति पुरुषकारपराक्रमे **तत्र पुरुषकारः पुरुषाभिमानः, स एव निष्पादितफलः पराक्रम इति,** तस्स आलोएमो **त्ति विभक्तिव्यत्ययात् तद् अवाचितादिकं** आलोचयामो **गुरवे निवेदयामः, तथा**–पडिक्कमामो **त्ति**–प्रतिक्रामामः **प्रतिक्रमणं कुर्मः, तथा**–निंदामो **त्ति** निन्दामः **स्वसमक्षं जुगुप्सामहे, आह च—"सचरित्तपच्छयावो निन्द त्ति", तथा**–गरहामो **त्ति** गर्हामो **गुरुसमक्षं जुगुप्सामहे, आह च—"गरहा वि तहाजाइयमेव नवरं परप्पयासणय त्ति" तथा**– विउट्टेमो **त्ति** व्यतिवर्त्तयामो वित्रोटयामो विकुट्टयामो **वा अवाचनाद्यनुबन्धं व्यवच्छेदयाम इत्यर्थः,** विसोहेमो **त्ति** विशोधयामः **प्रकृतदोषपङ्कमलिनमात्मानं विमलीकुर्मः, तथा**–अकरणतया **पुनर्न करिष्याम इत्येवं** अभ्युत्तिष्ठामः **अभ्युपगच्छाम इति,** यथार्हं **अपराधाद्यपेक्षया यथोचितं,** तपः-कर्म **निर्विकृतिकादिकं, पापच्छेदकत्वात्** पापच्छित् **प्रायश्चित्तविशोधकत्वाद्वा** प्रायश्चित्तं, प्रति-

पद्यामहे **अभ्युपगच्छामः, तथा** तस्य **यन्न वाचितमित्यादेरपराधस्य** मिथ्यादुष्कृतं **स्वदोष-प्रतिपत्तिगर्भं पश्चात्तापानुसूचकं मिथ्यादुष्कृतमिति वाक्यं प्रयच्छाम इति ।**

**समुत्कीर्त्तितमावश्यकम् ।**

**ટીકાર્થ :-**

અહીં नञ्‌વિશેષિત=નકારવાળા સૂત્રો [न वाइयं થી नाणुपालियं સુધીના]ની પહેલાંની જેમ વ્યાખ્યા કરવી.

[એટલે કે પખવાડિયાની મધ્યમાં જે શ્રુત બીજાને ન આપ્યું, સ્વયં ન ભણ્યું, પુનરાવર્તન ન કર્યું, શંકિત ન પૂછ્યું, ચિંતન ન કર્યું અને નિરતિચાર ન આરાધ્યું..]

શું હોવા છતાં પણ ઉપરોક્ત વાચનાદિ ન કર્યું ? તે કહે છે -

सति बले=બળ એટલે કે શારીરિક પ્રાણો [ઇન્દ્રિય વગેરે] હોવા છતાં,

सति वीर्ये=વીર્ય એટલે કે આત્મિક પ્રાણ [ઉત્સાહજન્ય બળ] હોવા છતાં,

सति पुरुषकारपराक्रमे= પુરુષકાર એટલે હું પુરુષ (બળવાન્) છું એવું અભિમાન. અને એ અભિમાનને સફળ બનાવવું (બળનો ઉપયોગ કરવો) તે પરાક્રમ. પુરુષકારપરાક્રમ હોવા છતાં [જે વાચનાદિથી આરાધ્યું નહીં...]

तस्स - અહીં વિભક્તિવ્યત્યય કરીને तस्य એમ છટ્ઠી વિભક્તિને બદલે तद् એમ બીજી વિભક્તિ સમજવી. तद्=તે અવાચિત વગેરે જે પ્રમાદ કર્યો તેને -

आलोचयामो=આલોચના=ગુરુને નિવેદન કરીએ છીએ - જણાવીએ છીએ.

प्रतिक्रमामः=પ્રતિક્રમણ [મિથ્યાદુષ્કૃત] કરીએ છીએ

निन्दामः=સ્વ-સાક્ષીએ નિંદા=જુગુપ્સા કરીએ છીએ. કહ્યું છે "सचरित्तपच्छयावो निन्दत्ति"= અપુનઃકરણરૂપ ચારિત્ર સાથેનો પશ્ચાત્તાપ તે નિંદા.

गर्हामः=ગુરુસાક્ષીએ જુગુપ્સા કરીએ છીએ. કહ્યું છે - "गरहा वि तहाजाइयमेव नवरं परप्पया-सणयत्ति"=ગર્હા પણ એવી જ છે, પણ તે પરપ્રકાશનક છે. [એટલે કે તે બીજા પાસે થાય છે.]

व्यतिवर्त्तयामः=અવાચના વગેરેના અનુબંધને વિશેષથી તોડીએ છીએ, અર્થાત્ તેની પરંપરાનો વ્યવચ્છેદ કરીએ છીએ. (ફરી તેવું નહીં કરીએ, એ પ્રમાણે ભાવ છે.)

विशोधयामः=પ્રકૃત [વાચના વગેરે નહીં કરવારૂપ] દોષરૂપ કાદવથી મલિન થયેલા આત્માને નિર્મળ કરીએ છીએ.

अकरणतया अभ्युत्तिष्ठामः='ફરીથી નહીં કરીએ' એમ પ્રતિજ્ઞા કરીએ છીએ.

यथार्हं तपःकर्म पापच्छित् (प्रायश्चित्तं) प्रतिपद्यामहे=યથાર્હ (અપરાધ વગેરેની અપેક્ષાએ યથોચિત) નીવિ વગેરે તપને, આ તપ એ જ પાપનો છેદ કરનાર હોવાથી પાપચ્છિત્ અથવા મોટે ભાગે ચિત્તની વિશુદ્ધિ કરનાર હોવાથી પ્રાયશ્ચિત્ત છે, એ તપરૂપ પ્રાયશ્ચિત્તને અંગીકાર (સ્વીકારી) કરીએ છીએ.

तस्य=તેનું એટલે કે બલ, વીર્ય વગેરે હોવા છતાં જે વાચના-પઠન વગેરે ન કર્યું તે અપરાધનું.

मिथ्या मे दुष्कृतं=પોતાના દોષના સ્વીકારપૂર્વક પશ્ચાત્તાપનું સૂચક એવું 'મિચ્છા મિ દુક્કડં' એ પ્રમાણે વાક્ય આપીએ છીએ એટલે કે મિચ્છા મિ દુક્કડં દઈએ છીએ.

આ પ્રમાણે આવશ્યકશ્રુતનું કીર્તન કર્યું.

**इदानीं तद्व्यतिरिक्तस्यावसरः, तदपि द्विविधं प्रज्ञप्तं, तद्यथा—कालिकं चोत्कालिकं च, यदिह दिवसनिशाप्रथमपश्चिमपौरुषीद्वय एवास्वाध्यायिकाभावे पठ्यते तत्कालेन निर्वृत्तं कालिकं, यत्पुनः कालवेलापञ्चविधास्वाध्यायिकवर्ज्यं पठ्यते तदुत्कालिकम् । तत्र तावदुत्कालिकसमुत्कीर्त्तनायाह —**

હવે તેના સિવાયના શ્રુતનું કીર્તન કરવાનો અવસર છે. તે પણ બે પ્રકારનું કહ્યું છે - કાલિક અને ઉત્કાલિક. તેમાં જે દિવસ અને રાત્રિની પહેલી અને છેલ્લી પૌરુષી(પ્રહર)માં જ અસ્વાધ્યાયિક ન હોય ત્યારે જ ભણાય તે ભણવાના કાળ વડે બદ્ધ હોવાથી કાલિક કહેવાય છે અને જે [ચાર સંધ્યાઓ રૂપ] કાળવેળા અને પાંચ પ્રકારના અસ્વાધ્યાયિક સિવાય કોઈપણ સમયે ભણી શકાય તે ઉત્કાલિક કહેવાય છે.

તેમાં ઉત્કાલિક શ્રુતના કીર્તન માટે કહે છે -

सूत्र :-

**नमो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं अंगबाहिरं उक्कालियं भगवंतं, तं जहा-दसवेयालियं, कप्पियाकप्पियं, चुल्लकप्पसुयं, महाकप्प-सुयं, ओवाइयं, रायप्पसेणियं, जीवाभिगमो, पन्नवणा, महापन्नवणा, नंदी, अणुओगदाराइं, देविंदत्थओ, तंदुलवेयालियं, चंदाविज्झयं, पमायप्पमायं, पोरिसिमंडलं, मंडलप्पवेसो, गणिविज्जा, विज्जाचरणविणिच्छिओ, झाण-विभत्ती, मरणविभत्ती, आयविसोहि, संलेहणासुयं, वीयरायसुयं, विहार-कप्पो, चरणविही, आउरपच्चक्खाणं, महापच्चक्खाणं ॥**

सूत्रार्थ :-

તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ કે જેઓએ આ ભગવાન્ એવું અંગબાહ્ય ઉત્કાલિક શ્રુત અમને આપ્યું. તે આ પ્રમાણે - દશવૈકાલિક, કલ્પ્યાકલ્પ્ય, ક્ષુલ્લકલ્પશ્રુત, મહાકલ્પશ્રુત, ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, મહાપ્રજ્ઞાપના, નંદી, અનુયોગદ્વાર, દેવેન્દ્રસ્તવ, તંદુલવૈચારિક, ચંદ્રાવેધ્યક, પ્રમાદાપ્રમાદ, પૌરુષીમંડલ, મંડલપ્રવેશ, ગણિવિદ્યા, વિદ્યાચરણવિનિશ્ચય, ધ્યાનવિભક્તિ, મરણવિભક્તિ, આત્મવિશુદ્ધિ, સંલેખનાશ્રુત, વીતરાગશ્રુત, વિહારકલ્પ, ચરણવિધિ, આતુરપ્રત્યાખ્યાન અને મહાપ્રત્યાખ્યાન.

ટીકા :-

नमो **नमस्कारोऽस्त्विति गम्यते** तेभ्यः क्षमाश्रमणेभ्यः **सूत्रार्थदातृभ्य इत्यर्थः**, यैरिदं **वक्ष्यमाणं**, वाचितं **अस्मभ्यं प्रदत्तं** अङ्गबाह्यं **प्रवचनपुरुषाङ्गेभ्यो बहिर्भवं, उत्कालेन निर्वृत्तं** उत्कालिकं, भगवत् **महार्थत्वसमृद्ध्यादिगुणवत्**, तद्यथा- "दसवेयालियं" **ति विकालेनापराह्णलक्षणेन निर्वृत्तं वैकालिकं, दशाध्ययननिर्माणं च तद्वैकालिकं च मध्यपदलोपात् दशवैकालिकं, वृद्धसम्प्रदायश्चात्र-**

**"वद्धमाणसामिणो चरमतित्थयरस्स सीसो तित्थसामी सुधम्मो नाम अणगारो आसि । तस्स वि य जंबुनामो । तस्स वि य पभवो । तस्सऽन्नया कयाइं पुव्वरत्तावरत्तसमयंमि चिंता समुप्पन्ना — को मे गणहरो होज्ज ? त्ति । ताहे अप्पणो गणे समणसंघे य सव्वओ उवओगो कओ । न दीसइ कोइ अव्वोच्छित्तिकरो । ताहे गारत्थेसु उवउत्तो । उवओगे कए रायगिहे नगरे सेज्जंभवं बंभणं जन्नं जयमाणं पासइ । ताहे रायगिहं नगरमागंतूण संघाडयं वावारेइ — "जन्नवाडं गंतुं भिक्खट्ठा धम्मलाभेह । तत्थ तुब्भे पडिसेहिज्जिहिह । ताहे तुब्भे भणिज्जह — 'अहो कष्टं ! तत्त्वं न ज्ञायते'" इति । ते य साहुणो तत्थ गया जाव पडिसेहिया । तओ तेहिं भणियं — "अहो कष्टं ! तत्वं न ज्ञायते" इति । तेण य सेज्जंभवेणं दारमूले ठिएण तं वयणं सुयं । ताहे सो विचिंतेइ — एए उवसंता तवस्सिणो असंतं न वयंति त्ति काउं अज्झावगसगासं गंतुं भणइ 'किं तत्तं ?' ति । सो भणइ — 'वेदास्तत्त्वं ।' ताहे सो असिं कड्ढिऊण भणइ — 'सीसं ते छिंदामि जइ मे तुमं तत्तं न कहेसि ।' तओ अज्झावओ भणइ — 'पुन्नो मे समओ' । भणियमेयं वेयत्थे 'शिरच्छेदे तत्त्वं कथनीयमिति', तो संपयं कहयामि जं एत्थ तत्तं । 'एयस्स जूयस्स[1] हिट्ठा सव्वरयणामई अरहओ पडिमा, सा वुच्चइ[2], तो अरहओ धम्मो तत्तं ति ।' तओ सिज्जंभवो जिणपडिमादंसणेण पडिबुद्धो । उवयारि त्ति अज्झावगस्स पाएसु पडिऊण जन्नवाडोवक्खरं च दाउणं निग्गओ । साहुणो गवेसमाणो गओ य आयरियसगासं । आयरियं साहुणो य वंदित्ता भणइ - 'मम धम्मं कहेह' । ताहे आयरिया उवउत्ता जहा इमो सो त्ति । ताहे आयरिएहिं साहुधम्मो कहिओ । तं सोउं सो पव्वइओ । चोद्दसपुव्वी जाओ । जया य सो पव्वइओ तदा तस्स गुव्विणी महिला होत्था । तम्मि पव्वइए लोगो नियल्लओ[3] तं ववस्सइ जहा 'तरूणाए भत्ता पव्वइओ अपुत्ता य एस'त्ति । तहा 'अवि यऽत्थि तव किंचि पोट्टे ?' त्ति पुच्छइ । सा भणइ — 'उवलक्खेमि मणागं' । तओ समएण दारओ जाओ । तओ निव्वत्तबारसाहस्स नियल्लगा जम्हा पुच्छिज्जंतीए मायाए से भणियं मणागं ति, तम्हा मणगो से नामं कारंति । जया य सो अट्ठवरिसो जाओ तया मायरं पुच्छइ — 'को मम पिया ?'**

१. यूपस्य । २. 'धुव्वत्ति' - इति दशवैकालिकनिर्युक्तिगाथा-१४वृत्तौ पाठः । तत्र 'ध्रुवेति' इति संस्कृतछाया कृता ।
३. स्वकीयस्वजनवर्गः ।

सा भणइ — 'तव पिया पव्वइओ ।' ताहे सो नस्सिउं पिउसगासे पट्ठिओ । आयरिया य तक्कालं चंपाए विहरंति । सो वि दारओ उवलद्धवुत्तंतो चंपाए आगओ । आयरिएण सन्नाभूमिं गएण सो दारओ दिट्ठो । दारएणं वंदिओ आयरिओ । आयरियस्स तं दारयं पेच्छंतस्स नेहो जाओ । तस्स वि दारगस्स तहेव । तओ आयरिएण पुच्छिओ — 'भो दारगा ! कुओ आगमणं ?' ति । तेण भणियं — 'रायगिहाओ ।' आयरिएण भणियं — 'तत्थ तुमं कस्स पुत्तो नत्तुओ वा ?' सो भणइ — 'सेज्जंभवो नाम बंभणो, तस्साहं पुत्तो । सो किर पव्वइओ ।' सूरीहिं भणियं — 'केण कज्जेण तुमं आगओसि ?' सो भणइ — 'अहं पि पव्वइस्सं, तो भगवं जाणेह तुब्भे तं ?' तो आयरिया भणंति — 'जाणामो ।' तेण भणियं — 'सो कहिं ति ?' सूरिणा भणियं — 'सो मम मित्तो एगसरीरभूओ, पव्वयाहि तुमं मम सगासे ।' तेण भणियं — 'एवं करेमि ।' तओ तत्थेव तं पव्वावेत्ता आयरिया आगंतुं पडिस्सए आलोएंति — सच्चित्तो पडुप्पन्नो सो पव्वइओ । पच्छा आयरिया उवउत्ता — केवइयं कालं एस जीवइ त्ति, नायं जाव छम्मासा । ताहे आयरियाण बुद्धी समुप्पन्ना — इमस्स थोवगं आउं । किं कायव्वं ति ? चोद्दस-पुव्वी कम्हि कारणे समुप्पन्ने निज्जूहइ । अपच्छिमो पुण चोद्दसपुव्वी[१] अवस्समेव निज्जूहइ । मम वि इमं कारणं समुप्पन्नं । ता अहमवि निज्जूहामि । ताहे आढत्तो निज्जूहिउं जाव थोवावसेसे दिवसे दस अज्झयणा निज्जूढा । तेणेदं दसवेयालियं भणिज्जइ । इमं च मणगेण छहिं मासेहिं पढियं । तओ समाहीए कालं गओ त्ति ।

यथा चानेनैतावता श्रुतेनाराधितं, एवमन्येऽप्येतदध्ययनानुष्ठानतः आराधका भवन्तीति । तस्मिंश्च कालगते 'अहो आराधितमनेन' इत्यानन्दाश्रुपातं शय्यम्भवस्थविरा अकार्षुः । ततो यशोभद्रेण शय्यम्भवप्रधानशिष्येण गुर्व्वश्रुपातदर्शनात् किमेतदाश्चर्यम् ? इति विस्मितेन 'भगवन् ! किमेतदकृतपूर्वं क्रियते ?' इति पृच्छा कृता । ततः शय्यम्भवेन भगवता 'संसार-स्नेह ईदृशः, सुतोऽयं मम, बलवानपत्यस्नेहोऽत्रापराध्यति' इति कथितं । ततो यशोभद्रादयो "गुराविव गुरुपुत्रके वर्त्तितव्यमिति विद्वत्प्रवादो" न चायमस्माभिः कृत इत्यनुतापं चक्रुः । ततो गुरुणा 'प्रतिबन्धदोषपरिहारार्थं न मया कथितं, नात्र भवतां दोष' इति परिसंस्थापितास्ते । ततः शय्यम्भवेन 'अल्पायुषमेनमवेत्य मयेदं शास्त्रं निर्व्यूढं, किमत्र युक्तम् ?' इति सञ्ज्ञाय निवेदिते विचारणा कृता यदुत — कालह्रासदोषात् प्रभूतसत्त्वानामिदमेवोपकारकमत-स्तिष्ठत्वेतदिति नोपसंहृतं प्रवचनगुरुणेति" ।

टीકાર્થ :-

नमो=નમસ્કાર થાઓ.

तेभ्यः क्षमाश्रमणेभ्यः=તે ક્ષમાશ્રમણોને એટલે કે સૂત્ર અને અર્થના દાતાઓને.

१. दसपुव्वी - इति दशवैकालिकनिर्युक्तिवृत्तौ पाठः, किन्तु 'चोद्दसपुव्वी' इति पाठः समीचीनो भाति, यतोऽन्तिमचतु-र्दशपूर्विश्रीभद्रबाहुस्वामिभिरुद्धृता ओघनिर्युक्ति-बृहत्कल्पादिशास्त्राः प्रसिद्धाः सन्ति ।

यैः इदं वाचितं=જેઓએ આ હમણાં કહેવાઈ રહેલું [અંગબાહ્ય ઉત્કાલિક શ્રુત] અમને આપ્યું.

अंगबाह्यं उत्कालिकं भगवत् - પ્રવચનપુરુષના અંગોથી બહાર રહેલું [અંગો સિવાયનું] તે અંગબાહ્ય. ઉત્કાલ વડે (કાળના નિયમ વિના) સિદ્ધ થયેલું તે ઉત્કાલિક. મહાન અર્થ રૂપ સમૃદ્ધિ વગેરે ગુણવાળું હોવાથી ભગવાન્ [એવું શ્રુત.]

तद्यथा - તે આ પ્રમાણે -

૧. दशवैकालिकं - દશવૈકાલિકસૂત્ર. અપરાહ્ન [મધ્યાહ્ન પછીનો કાળ] રૂપ વિકાળે રચાયેલું હોવાથી વૈકાલિક અને દશ અધ્યયન વડે નિર્માણ પામેલું હોવાથી દશાધ્યયનનિર્માણ. "દશાધ્યયન-નિર્માણ એવું વૈકાલિક" એમ મધ્યમપદલોપી સમાસ થવાથી "દશવૈકાલિક" કહેવાય છે. અહીં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છે -

ચરમ તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામીના શિષ્ય તીર્થસ્વામી [ચતુર્વિધ સંઘના નાયક] શ્રી સુધર્માસ્વામી નામના અણગાર હતા. તેમના શિષ્ય જંબૂસ્વામી હતા. તેમના શિષ્ય પ્રભવસ્વામી હતા. તેમને એકવાર મધ્યરાત્રિના સમયે ચિંતા થઈ કે મારો ગણધર [પટ્ટધર] કોણ થશે ? ત્યારે પોતાના ગણમાં અને શ્રમણસંઘમાં સર્વત્ર ઉપયોગ મૂક્યો. પણ શાસનની અવ્યુચ્છિત્તિ કરનાર [=શાસનનો નાશ થવા ન દેનાર-ચાલુ રાખનાર] કોઈ દેખાતો નથી. પછી ગૃહસ્થોમાં ઉપયોગ મૂક્યો. ઉપયોગ મૂકતાં રાજગૃહ નગરમાં શય્યંભવ બ્રાહ્મણને યજ્ઞ કરતો જુએ છે. પછી રાજગૃહ નગરમાં આવીને બે સાધુઓના સંઘાટકને મોકલે છે -

"તમે ભિક્ષા માટે યજ્ઞવાડે જઈને ધર્મલાભ આપો. ત્યાં તેઓ તમને પ્રતિષેધ કરશે. [ભિક્ષા આપવાની ના પાડશે.] ત્યારે તમે કહેજો - "अहो ! कष्टं तत्त्वं न ज्ञायते=અહો ! કષ્ટ છે [ખેદની વાત છે] કે તત્ત્વ જણાતું નથી."

તે સાધુઓ ત્યાં ગયા. ધર્મલાભ આપ્યો. તેઓએ પ્રતિષેધ કર્યો. ત્યારે તે સાધુઓએ કહ્યું - "अहो ! कष्टं तत्त्वं न ज्ञायते". દરવાજા પાસે રહેલા શય્યંભવ બ્રાહ્મણે તે વચન સાંભળ્યું. તેણે વિચાર્યું - આ ઉપશાંત તપસ્વીઓ અસત્ય બોલતાં નથી. માટે અધ્યાપક પાસે જઈને પૂછે છે - "તત્ત્વ શું છે ?" તેણે કહ્યું - "વેદો તત્ત્વ છે." ત્યારે તે તલવાર ખેંચીને કહે છે - "જો તું મને તત્ત્વ નહીં કહે તો તારું મસ્તક કાપી નાંખીશ." ત્યારે અધ્યાપક કહે છે - "મારો સમય પૂરો થયો. વેદાર્થમાં આમ કહ્યું છે - 'જો મસ્તકનો છેદ થતો હોય તો તત્ત્વ કહી દેવું.' માટે અત્યારે અહીં જે તત્ત્વ છે તે કહું છું. આ સ્તૂપ=યજ્ઞસ્તંભની નીચે સર્વરત્નમયી અરિહંત પરમાત્માની પ્રતિમા છે. તે તત્ત્વ કહેવાય છે. માટે આર્હત્ ધર્મ=અરિહંત પરમાત્માનો ધર્મ તત્ત્વ છે."

પછી શય્યંભવ બ્રાહ્મણ જિનપ્રતિમાના દર્શનથી પ્રતિબુદ્ધ થયો. અધ્યાપક ઉપકારી હોવાથી તેને પગે પડી યજ્ઞવાડની સામગ્રી તેને આપી ત્યાંથી નીકળ્યો. સાધુઓને શોધતો આચાર્ય પાસે ગયો. આચાર્ય અને સાધુઓને વંદીને કહે છે - 'મને ધર્મ કહો.' ત્યારે આચાર્યે ઉપયોગ મૂક્યો કે આ તે [મારો પટ્ટધર થનાર] જ છે. પછી આચાર્યે તેને સાધુધર્મ કહ્યો. તે સાંભળી તેણે દીક્ષા લીધી. ચૌદપૂર્વી થયો.

જ્યારે તેણે દીક્ષા લીધી ત્યારે તેની પત્ની ગર્ભવતી હતી. તેની દીક્ષા પછી તેના સ્વજનો તેની પત્ની માટે વિચારે છે કે 'આ તરુણ પત્નીને મૂકીને તેના પતિએ દીક્ષા લીધી અને વળી આ પુત્ર વિનાની છે'. વળી તેણીને પૂછે છે કે 'તારા પેટમાં કંઈ [ગર્ભ] છે ?' તેણી કહે છે - 'उवलक्खेमि मणागं=કંઈક લાગે છે'. પછી યોગ્ય સમયે પુત્રનો જન્મ થયો. બાર દિવસ થતાં સ્વજનોએ 'જે કારણથી આ પુત્રની માતાને પૂછતાં તેણીએ मणागं (કંઈક) એ પ્રમાણે કહ્યું હતું તે કારણથી' તેનું 'મનક' નામ પાડ્યું.

જ્યારે તે આઠ વર્ષનો થયો ત્યારે માતાને પૂછે છે - મારા પિતા કોણ છે ? તેણીએ કહ્યું - તારા પિતાએ દીક્ષા લીધી છે. ત્યારે તે નાસીને પિતા પાસે જવા નીકળ્યો. આચાર્ય તે કાળે ચંપા નગરીમાં વિચરે છે. તે પુત્ર મનક પણ આચાર્યનો વૃત્તાંત જાણીને ચંપા આવ્યો. સંજ્ઞાભૂમિ [સ્થંડિલ] ગયેલા આચાર્યે તે બાળકને જોયો. બાળકે આચાર્યને વંદન કર્યા. આચાર્યને તે બાળકને જોઈ તેના પર સ્નેહ થયો. તે બાળકને પણ આચાર્ય પર સ્નેહ થયો. પછી આચાર્યે પૂછ્યું 'હે બાળક ! તું ક્યાંથી આવે છે ?' તેણે કહ્યું - 'રાજગૃહથી.' આચાર્યે પૂછ્યું - 'ત્યાં તું કોનો પુત્ર કે પૌત્ર છે ?' બાળકે કહ્યું - 'શય્યંભવ નામના બ્રાહ્મણનો હું પુત્ર છું. તેમણે દીક્ષા લીધી છે.' આચાર્યે પૂછ્યું - 'તું અહીં શા માટે આવ્યો છે ?' તેણે કહ્યું - 'હું પણ દીક્ષા લઈશ. હે ભગવંત ! આપ એમને જાણો છો ?' આચાર્યે કહ્યું - 'જાણું છું.' બાળકે પૂછ્યું - 'તે ક્યાં છે ?' આચાર્યે કહ્યું - 'તે જાણે કે અમારા બંનેના શરીર એક જ હોય તેવો મારો મિત્ર છે. તું મારી પાસે દીક્ષા લે.' તેણે કહ્યું - 'એમ કરીશ.'

પછી તેને ત્યાં જ દીક્ષા આપી ઉપાશ્રયે આવી આલોવે છે - 'સચિત્તનો લાભ થયો અને તેને દીક્ષા આપી.' પછી આચાર્યે ઉપયોગ મૂક્યો કે આ બાળક કેટલો કાળ જીવશે ? અને જાણ્યું કે છ માસ જીવશે. ત્યારે આચાર્યને બુદ્ધિ ઉત્પન્ન થઈ - આનુ આયુષ્ય થોડું છે. શું કરવું ? ચૌદપૂર્વી કોઈ કારણ ઉત્પન્ન થતા [निज्जूहइ=] ચૌદ પૂર્વોમાંથી ઉદ્ધાર કરીને સૂત્રની રચના કરે છે (સૂત્ર જુદું કાઢે છે). વળી, અંતિમ ચૌદપૂર્વી અવશ્ય ઉદ્ધૃત કરે છે. મને પણ આ કારણ ઉત્પન્ન થયું છે. માટે હું પણ ઉદ્ધાર કરું. ત્યારે ઉદ્ધાર કરવાનું શરૂ કર્યું. દિવસ થોડો બાકી રહ્યો ત્યારે દસ અધ્યયનો ઉદ્ધૃત કર્યા. માટે આ દશવૈકાલિક કહેવાય છે. આ સૂત્ર મનકે છ માસમાં ભણ્યું. પછી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યો.

જે રીતે આ મનકે માત્ર આટલા શ્રુત વડે આરાધના કરી એ રીતે બીજાઓ પણ આ અધ્યયનના અનુષ્ઠાનથી આરાધકો થાય છે એમ વૃદ્ધો [પૂર્વાચાર્યો] કહે છે. તે કાળધર્મ પામ્યે છતે 'અહો ! આણે [સંયમજીવન/મનુષ્યજન્મ] આરાધી લીધું.' એવા આનંદથી શય્યંભવસ્થવિરની આંખોમાં આંસુ આવ્યા. ત્યારે તેઓના મુખ્ય શિષ્ય યશોભદ્રસૂરિજીએ ગુરુદેવની આંખોમાં આંસુ જોઈને 'આ શું આશ્ચર્ય થયું ?' એમ વિસ્મય પામીને 'હે ભગવન્ ! પૂર્વે ક્યારેય નથી કર્યું એવું આ આપ શું કરો છો ?' [અમે પૂર્વે ક્યારેય આપની આંખમાં આંસુ નથી જોયા, તો અત્યારે કેમ આંખમાં આંસુ આવ્યા ?] એમ પૂછ્યું. ત્યારે ભગવાન્ શય્યંભવસૂરિજીએ કહ્યું - 'સંસારસ્નેહ આવો છે. આ મનક મારો પુત્ર છે. સંતાન ઉપરના બળવાન્ સ્નેહનો આ અપરાધ છે કે મારી આંખોમાં આંસુ આવ્યા.'

પછી યશોભદ્ર વગેરે શિષ્યોએ "'ગુરુની જેમ જ ગુરુપુત્ર સાથે પણ વર્તવું' એવો વિદ્વાનોનો પ્રવાદ છે અને અમે તેનું પાલન ન કર્યું" એમ પશ્ચાત્તાપ કર્યો. પછી ગુરુએ "મનક ગુરુપુત્ર છે એમ જાણી તમે લોકો એના પર પ્રતિબંધ=રાગ=સ્નેહ ન કરો એટલા માટે મેં તમોને એ મારો પુત્ર છે, એમ જણાવ્યું ન હતું. માટે એમાં તમારો કોઈ દોષ નથી." એમ કહીને તે શિષ્યોને સ્થિર કર્યા. [=તેઓનો પશ્ચાત્તાપ દૂર કર્યો.]

પછી શય્યંભવસૂરિએ "મારા પુત્ર મનકને અલ્પ આયુષ્યવાળો જાણી મેં આ શાસ્ત્ર-દશવૈકાલિકસૂત્રની રચના કરી છે. [પૂર્વોમાંથી ઉદ્ધૃત કર્યું છે.] હવે આનું શું કરવું યોગ્ય છે ?" એ પ્રમાણે સંઘને નિવેદન કર્યું. સંઘે વિચારણા કરી કે "કાળની હાનિના દોષથી ઘણા જીવોને આ સૂત્ર જ ઉપકારક થશે. માટે આ સૂત્રને રહેવા દો [=એનો ઉપસંહાર ન કરો.]" માટે પ્રવચનગુરુએ આ સૂત્રનો ઉપસંહાર ન કરતાં વિદ્યમાન રાખ્યું.

**ટીકા :- ૨૫૫**

**तथा**-'कप्पियाकप्पियं' **ति कल्प्याकल्प्यप्रतिपादकं** कल्प्याकल्प्यं, **तथा**-'चुल्लकप्पसुयं महाकप्पसुयं' **ति कल्पनं कल्पः स्थविरकल्पादिः, तत्प्रतिपादकं श्रुतं** कल्पश्रुतं **तत्पुनर्द्विभेदं-एकमल्पग्रन्थमल्पार्थं च, द्वितीयं महाग्रन्थं महार्थं च ॥ तथा**-'ओवाइयं' **ति प्राकृतत्वात् वर्ण-लोपे** औपपातिकं **उपपतनमुपपातो देवनारकजन्म सिद्धिगमनं च, तमधिकृत्य कृतमध्ययन-मौपपातिकम्, इदं चोपाङ्गं वर्त्तते । आचाराङ्गस्य हि प्रथममध्ययनं शस्त्रपरिज्ञा, तस्याद्यो-द्देशके सूत्रमिदं — ''एवमेगेसिं नो नायं भवइ, अत्थि वा मे आया उववाइए, नत्थि वा मे आया उववाइए; के वा अहं आसी, के वा इहच्चुए पिच्चा भविस्सामीत्यादि ।'' इह च सूत्रे यदौपपातिकत्वमात्मनो निर्दिष्टं तदिह प्रपञ्च्यत इत्यर्थतोऽङ्गस्य समीपभावेनेदमुपाङ्गमिति ।** 'रायप्पसेणइयं' **ति राज्ञः प्रदेशिनाम्नः प्रश्नानि राजप्रश्नानि, तान्युपलक्षणभूतान्यधिकृत्य प्रणीतमध्ययनं राजप्रश्नीयम्; इदमप्युपाङ्गं सूत्रकृताङ्गस्येति । तथा**-'जीवाभिगमो' **त्ति जीवा-नामुपलक्षणत्वादजीवानां चाभिगमो ज्ञानं यत्र स जीवाभिगमो ग्रन्थः, सोऽपि स्थानाङ्गस्यो-पाङ्गमिति । तथा**-'पण्णवण' **त्ति जीवादीनां प्रज्ञापनं प्रज्ञापना, बृहत्तरा** महाप्रज्ञापना, **एते च समवायाङ्गस्योपाङ्गे इति ।**

**तथा**- 'नंदि' **त्ति नन्दनं** नन्दी, **नन्दन्त्यनयेति वा भव्यप्राणिन इति नन्दी, पञ्चप्रकार-ज्ञानस्वरूपप्रतिपादकोऽध्ययनविशेष इति । तथा**-'अणुओगदाराइं' ति अनुयोगो **व्याख्यानं तस्य** द्वाराणि **उपक्रमादीनि चत्वारि मुखानि अनुयोगद्वाराणि तत्स्वरूपप्रतिपादकोऽध्ययनविशेषो-ऽभेदोपचारादनुयोगद्वाराणीत्युच्यते ।**

**तथा**-'देविंदत्थओ' **त्ति** देवेन्द्राणां **चमरवैरोचनादीनां**[१] स्तवनं **भवनस्थित्यादिस्वरूपादि-**

१. चमरवैरोचनौ दक्षिणोत्तरदिगसुरेन्द्रौ ।

वर्णनं यत्रासौ देवेन्द्रस्तव इति । तथा-'तंदुलवेयालियं' ति तन्दुलानां वर्षशतायुष्कपुरुषप्रतिदिनभोग्यानां सङ्ख्याविचारेणोपलक्षितो ग्रन्थविशेषः तन्दुलवैचारिकं इति । तथा- ''चंदाविज्झयं' ति इह चन्द्रो यन्त्रपुत्रिकाऽक्षिगोलको गृह्यते, तथा मर्यादया विध्यत इति आवेध्यं, तदेवावेध्यकं, चन्द्रलक्षणमावेध्यकं चन्द्रावेध्यकं राधावेध इत्यर्थः, तदुपमानमरणाराधनाप्रतिपादको ग्रन्थविशेषश्चन्द्रावेध्यकमिति । तथा-

'सूरपण्णत्ति' त्ति क्वचित् पाठस्तदर्थमुपरि वक्ष्यामः । तथा 'पमायप्पमायं' ति प्रमादाप्रमादस्वरूपभेदफलविपाकप्रतिपादकमध्ययनं प्रमादाप्रमादं, तत्र प्रमादस्वरूपं-महाकर्मेन्धनप्रभवाविध्यातदुःखानलज्वालाकलापपरीतमशेषमेव संसारवासगृहं पश्यन्, तन्मध्यवर्त्त्यपि सति तन्निर्गमनोपाये वीतरागप्रणीतधर्मचिन्तामणौ, यतो विचित्रकर्मोदयसाचिव्यजनितात्परिणामविशेषादपश्यन्निव तद्भयमविगणय्य विशिष्टपरलोकक्रियाविमुख एवास्ते सत्त्वः स खलु प्रमाद इति । भेदा मद्यादयस्तत्कारणत्वाद् उक्तं च —

''मज्जं विसय कसाया, निद्दा विगहा य पंचमी भणिया ।
एए पंच पमाया, जीवं पाडंति संसारे ॥१॥'' [ संबोधसित्तरी गा. ५५, उत्तरा. नि. गा. १८० ]

फलविपाको दारुणः, उक्तं च —

''श्रेयो विषमुपभोक्तुं, क्षमं भवेत्क्रीडितुं हुताशेन ।
संसारबन्धनगतैर्न तु प्रमादः क्षमः कर्तुम् ॥१॥
अस्यामेव हि जातौ, नरमुपहन्याद्विषं हुताशो वा ।
आसेवितः प्रमादो, हन्याज्जन्मान्तरशतानि ॥२॥
यन्न प्रयान्ति पुरुषाः, स्वर्गं यच्च प्रयान्ति विनिपातम् ।
अत्र निमित्तमनार्यः, प्रमाद इति निश्चितमिदं मे ॥३॥
संसारबन्धनगतो, जातिजराव्याधिमरणदुःखार्त्तः ।
यन्नोद्विजते सत्त्वः, सोऽप्यपराधः प्रमादस्य ॥४॥
आज्ञाप्यते यदवशस्तुल्योदरपाणिपादवदनेन ।
कर्म च करोति बहुविधमेतदपि फलं प्रमादस्य ॥५॥
इह हि प्रमत्तमनसः, सोन्मादवदनिभृतेन्द्रियाश्चपलाः ।
यत्कृत्यं तदकृत्वा, सततमकार्येष्वभिपतन्ति ॥६॥
तेषामभिपतितानामुद्भ्रान्तानां प्रमत्तचित्तानाम् ।
वर्द्धन्त एव दोषा, वनतरव इवाम्बुसेकेन ॥७॥'' [ नन्दिसूत्रम् गा. ४४वृत्तिः ] इत्यादि ॥

एवं प्रतिपक्षद्वारेणाप्रमादस्वरूपादयो वाच्या इति ।

**ટીકાર્થ :-**

તથા - ૨. कल्प्याकल्प्यं - કલ્પ્ય અને અકલ્પ્યનું પ્રતિપાદક સૂત્ર.

૩. क्षुल्लकल्पश्रुतं, ૪. महाकल्पश्रुतं - કલ્પ એટલે આચાર - સ્થવિરકલ્પ, જિનકલ્પ વગેરે સાધુઓના આચારો. તેનું પ્રતિપાદક શ્રુત તે કલ્પશ્રુત. તે બે પ્રકારનું - અલ્પ ગ્રંથ (=સૂત્ર) અને અર્થવાળું તે ક્ષુલ્લકલ્પશ્રુત અને તેની અપેક્ષાએ મહાન ગ્રંથ અને અર્થવાળું તે મહાકલ્પશ્રુત.

૫. औपपातिकं - પ્રાકૃતમાં એક 'व' વર્ણનો લોપ થયો હોવાથી પ્રાકૃત 'ओवाइयं' નું સંસ્કૃત 'औपपातिकं' કરવું. ઉપપાત એટલે દેવ કે નરકપણે ઉત્પન્ન થવું કે મોક્ષમાં જવું. તે ઉપપાતને ઉદ્દેશીને રચાયેલું હોવાથી "ઔપપાતિક" નામવાળું આ અધ્યયન શ્રીઆચારાંગસૂત્રનું ઉપાંગ છે. શ્રી આચારાંગસૂત્રનું પ્રથમ અધ્યયન "શસ્ત્રપરિજ્ઞા" છે. તેના પહેલા ઉદ્દેશામાં "एवमेगेसिं नो नायं भवइ, अत्थि वा मे आया उववाइए, नत्थि वा मे आया उववाइए । के वा अहं आसी, के वा इहच्चुए पिच्चा भविस्सामि..." વગેરે સૂત્ર છે.

અર્થ : "એ રીતે કેટલાકને આ જાણકારી નથી હોતી કે મારો આત્મા ઔપપાતિક છે કે મારો આત્મા ઔપપાતિક નથી ? (ઉપપાત=પ્રાદુર્ભાવ=એક જન્મમાંથી બીજા જન્મમાં જવું તે. ઉપપાતમાં થનાર તે ઔપપાતિક.)

હું (પૂર્વભવમાં નારક-તિર્યંચ-મનુષ્યાદિ) કોણ હતો ? અહીંથી ચ્યવીને આગલા જન્મમાં કોણ થઈશ ? (- આ સંજ્ઞા કેટલાકોને નથી હોતી.)"

આ સૂત્રમાં જે આત્માનું ઔપપાતિકપણું નિર્દિષ્ટ કર્યું છે તે આ સૂત્રમાં વિસ્તારથી કહેવાય છે. માટે અર્થથી અંગસૂત્રની નજીક હોવાથી ઉપાંગસૂત્ર કહેવાય છે.

૬. राजप्रश्नीयं - પ્રદેશી નામના રાજાના પ્રશ્નો તે રાજપ્રશ્નો. તે પ્રશ્નોને અને ઉપલક્ષણથી બીજા પ્રશ્નોને અધિકૃત કરીને રચાયેલું અધ્યયન તે રાજપ્રશ્નીય. આ સૂત્ર સૂત્રકૃતાંગસૂત્રનું ઉપાંગ છે.

૭. जीवाभिगमः - જીવોનો અને ઉપલક્ષણથી અજીવોનો પણ 'અભિગમ'=જ્ઞાન જેમાં છે તે જીવાભિગમસૂત્ર - સ્થાનાંગસૂત્રનું ઉપાંગ છે.

૮. प्रज्ञापना, ૯. महाप्रज्ञापना - આ બંને સૂત્રોમાં જીવાદિ પદાર્થોનું પ્રજ્ઞાપન એટલે કે નિરૂપણ છે. તેમાં પહેલું સામાન્ય હોવાથી પ્રજ્ઞાપના અને બીજું વિસ્તૃત હોવાથી મહાપ્રજ્ઞાપના કહેવાય છે. આ બંને ચોથા શ્રીસમવાયાંગસૂત્રના ઉપાંગો છે.

૧૦. नन्दी - આનંદ પામવો તે નંદી, અથવા જેના વડે ભવ્ય જીવો આનંદ પામે તે નંદી - મતિજ્ઞાન વગેરે પાંચ પ્રકારના જ્ઞાનના સ્વરૂપનું પ્રતિપાદક અધ્યયનવિશેષ.

૧૧. अनुयोगद्वाराणि - અનુયોગ એટલે વ્યાખ્યાન. તેનાં ઉપક્રમ વગેરે ચાર દ્વારો એટલે કે મુખો તે અનુયોગદ્વારો. તેના સ્વરૂપનું પ્રતિપાદક અધ્યયનવિશેષ પણ અભેદઉપચારથી 'અનુયોગદ્વાર' કહેવાય છે.

૧૨. देवेन्द्रस्तवः - દેવોના ઇન્દ્રો ચમર-વૈરોચન વગેરે, તેઓનું સ્તવન=તેઓના ભવન, સ્થિતિ,

સ્વરૂપ વગેરેનું વર્ણન જેમાં છે તે દેવેન્દ્રસ્તવ છે.

૧૩. तन्दुलवैचारिकं - ૧૦૦ વર્ષના આયુષ્યવાળા પુરુષના પ્રતિદિન ભોગ્ય તંદુલ[ના દાણા]ની સંખ્યાનો વિચાર અને ઉપલક્ષણથી બીજા વિષયો જે ગ્રંથવિશેષમાં છે તે તંદુલવૈચારિક.

૧૪. चन्द्रावेध्यकं - અહીં 'ચન્દ્ર' એટલે રાધા નામની યાંત્રિક પૂતળીની આંખની કીકી. 'આવેધ્યક' એટલે મર્યાદાપૂર્વક વેધ. 'ચન્દ્ર'નો મર્યાદાપૂર્વક વેધ તે ચન્દ્રાવેધ્યક અર્થાત્ રાધાવેધ. તેની ઉપમા દ્વારા મરણ સમયની આરાધનાને જણાવનારો ગ્રંથવિશેષ તે ચન્દ્રાવેધ્યક.

सूरप्रज्ञप्तिः - આવો પાઠ ક્યાંક [કોઈક પ્રતમાં] છે. તેનો અર્થ આગળ કહીશું.

૧૫. प्रमादाऽप्रमादम् - પ્રમાદ અને અપ્રમાદના સ્વરૂપ, ભેદ, ફળ અને વિપાકનું પ્રતિપાદક અધ્યયન તે પ્રમાદાપ્રમાદ.

તેમાં પ્રમાદનું સ્વરૂપ આ પ્રમાણે -

મહાકર્મરૂપી ઇંધણથી ઉત્પન્ન થયેલા અને ન બૂઝવી શકાય તેવા દુઃખરૂપી અગ્નિની જ્વાળાના સમૂહથી વીંટળાયેલા સંપૂર્ણ સંસારરૂપ વાસગૃહને જોતો તેની મધ્યમાં રહેલો જીવ તેમાંથી નીકળવાનો ઉપાય એવું વીતરાગ પરમાત્માએ કહેલા ધર્મરૂપ ચિંતામણિરત્ન વિદ્યમાન હોવા છતાં વિચિત્ર કર્મોદયના સહકારથી ઉત્પન્ન થયેલા જે પરિણામવિશેષથી જાણે કે તે [અગ્નિ]ને જોતો જ ન હોય તેમ તેના ભયને અવગણીને વિશિષ્ટ પરલોકહિતકર ક્રિયાથી વિમુખ જ રહે છે તે પરિણામવિશેષને પ્રમાદ કહેવાય છે.

તેના ભેદો મદ્ય વગેરે છે, કારણ કે તે પ્રમાદના કારણ છે. કહ્યું છે -

"મદ્ય (દારૂ), વિષયો, કષાયો, નિદ્રા અને પાંચમી વિકથા કહી છે. આ પાંચ પ્રમાદો જીવને સંસારમાં પાડે છે." ॥૧॥ [સંબોધસિત્તરી ગા. ૫૫]

તેનો ફળવિપાક દારૂણ છે. કહ્યું છે -

"વિષનું ભક્ષણ કરવું કલ્યાણકારી થાય, અગ્નિ સાથે રમવું શક્ય બને, પણ સંસારના બંધનમાં રહેલા જીવોને પ્રમાદ કરવો યોગ્ય નથી. ॥૧॥

ઝેર કે અગ્નિ આ જ જન્મમાં માણસને હણે છે, પણ સેવન કરેલો પ્રમાદ સેંકડો જન્મોને હણે છે. ॥૨॥

પુરુષો જે સ્વર્ગમાં નથી જતા અને જે વિનિપાત(પતન)ને પામે છે, તેમાં અનાર્ય એવો પ્રમાદ જ નિમિત્ત છે - આ મેં નિશ્ચિત કર્યું છે. ॥૩॥

સંસારના બંધનમાં રહેલો અને જન્મ, જરા, વ્યાધિ અને મરણના દુઃખથી પીડિત થયેલો એવો પણ જીવ જે ઉદ્વેગ પામતો નથી તે પણ પ્રમાદનો જ અપરાધ છે. ॥૪॥

અવશ [અસ્વતંત્ર] જીવ જે પોતાની જેવા જ પેટ-હાથ-પગ-મુખવાળા અન્ય જીવ વડે આજ્ઞા કરાય છે અને તે આજ્ઞા મુજબ જે અનેક પ્રકારના કર્મ [કામ] કરે છે તે પણ પ્રમાદનું જ ફળ છે. ॥૫॥

૧. ભવનપતિના અસુરકુમારનિકાયના અનુક્રમે દક્ષિણ અને ઉત્તર દિશાના ઈન્દ્રો.

અહીં પ્રમત્ત મનવાળા, ઉન્માદવાળા[ગાંડા]ની જેમ અનિયંત્રિત ઇન્દ્રિયોવાળા અને ચપળ એવા જીવો જે કૃત્ય (કરવા યોગ્ય) છે તે ન કરીને [सततमकार्येषु अभिपतन्ति=] સતત અકાર્યમાં જ પડ્યા રહે છે. ॥૬॥

અકાર્યમાં પડેલા, ઉદ્‌ભ્રાંત [આચારભ્રષ્ટ] અને પ્રમત્ત ચિત્તવાળા એવા તેઓના દોષો જેમ પાણી સિંચવાથી જંગલના વૃક્ષો વધે છે તેમ વધે જ છે." ॥૭॥

આ રીતે પ્રમાદનું સ્વરૂપ વગેરે કહ્યું એ રીતે પ્રમાદના પ્રતિપક્ષ(=વિરોધી) અપ્રમાદનું સ્વરૂપ વગેરે [ઉપર પ્રમાદનું સ્વરૂપ કહ્યું એનાથી ઊલટું] સમજી લેવું.

ટીકા :-

**तथा** 'पोरिसिमंडलं' **ति** पुरुष: **शङ्कु: शरीरं वा, तस्मान्निष्पन्ना** पौरुषी **। इयमत्र भावना — यदा सर्व्वस्य वस्तुन: स्वप्रमाणा छाया जायते तदा पौरुषी, इत्येतच्च पौरुषीमानं उत्तरायणान्ते दक्षिणायनादौ वैकं दिनं भवति, तत ऊर्द्ध्वमङ्गुलस्याष्टावेकषष्टिभागा दक्षिणायने वर्द्धन्ते उत्तरायणे च ह्रसन्तीति । एवं पौरुषी मण्डले मण्डले अन्या अन्या प्रतिपाद्यते तदध्ययनं पौरुषीमण्डलमिति । तथा–** 'मण्डलप्रवेश' **इति यत्रेह चन्द्रसूर्ययो: दक्षिणोत्तरेषु मण्डलान्मण्डलप्रवेशो वर्ण्यते तदध्ययनं मण्डलप्रवेश इति । तथा** 'गणिविज्ज' **त्ति गुणगणोऽस्यास्तीति गणी, स चाचार्य:, तस्य विद्या ज्ञानं गणिविद्या, तत्राविशेषेऽप्ययं विशेष: —**

**"जोइसनिमित्तनाणं, गणिणो पव्वावणाइकज्जेसु ।**
**उवउज्जइ तिहिकरणादिजाणणट्ठंऽण्णहा दोसो ॥१॥"**

**तथा–**'विज्जाचरणविणिच्छओ' **त्ति** विद्या **इति ज्ञानं, तच्च दर्शनसहचरितमन्यथा ज्ञानाभावात्,** चरणं **चारित्रं, एतेषां फलविनिश्चयप्रतिपादको ग्रन्थ: विद्याचरणविनिश्चय इति । तथा–** 'झाणविभत्ति' **त्ति** ध्यानानि **आर्तध्यानादीनि, तेषां विभजनं यस्यां ग्रन्थपद्धतौ सा ध्यानविभक्ति: । तथा–**'मरणविभत्ति' **त्ति** मरणानि **प्राणत्यागलक्षणानि अनुसमयादीनि वर्तन्ते । यथोक्तं —**

**"आवीइ १ ओहि २ अंतिय ३, बलायमरणं ४ वसट्टमरणं च ५ ।**
**अंतोसल्लं ६ तब्भव ७, बालं ८ तह पंडियं ९ मीसं १० ॥१॥ [ प्रव. सारो. गा. १००६ ]**

**छउमत्थमरण ११ केवलि १२, वेहाणस १३ गिद्धपट्ठमरणं च १४ ।**
**मरणं भत्तपरिण्णा १५, इंगिणि १६ पाओवगमणं च १७ ॥२॥ [ प्रव. सारो. गा. १००७ ]**

**तत्र** आवीचिमरणं – आ **समन्ताद् वीचय इव** वीचय: **प्रतिसमयमनुभूयमानायुषोऽपरापरायुर्दलिकोदयात् पूर्वपूर्वायुर्दलिकविच्युतिलक्षणाऽवस्था यस्मिन् तदावीचिमरणं । अथवा—**

वीचिः विच्छेदः तदभावाद् अवीचिः, तल्लक्षणं मरणं अवीचिमरणं १।। 'ओहि' त्ति अवधिमरणं - अवधिर्मर्यादा, ततश्च यानि नारकादिभवनिबन्धनतयाऽऽयुःकर्मदलिकान्यनुभूय म्रियते, यदि पुनः तान्येवानुभूय मरिष्यति तदा तदवधिमरणं, संभवति हि गृहीतोज्झितानामपि कर्मदलिकानां पुनर्ग्रहणं परिणामवैचित्र्यादिति २।। 'अंतिय' त्ति आत्यन्तिकमरणं - यानि नारकाद्यायुष्कतया कर्मदलिकान्यनुभूय म्रियते मृतो वा, न पुनस्तान्यनुभूय मरिष्यतीति ३।। बलवन्मरणवशार्त्तमरणस्वरूपं यथा —

"संजमजोगविसन्ना मरंति, जे तं बलायमरणं तु ।
इंदियविसयवसगया मरंति जे तं वसट्टं तु ।।१।।" [ उत्तराध्ययननिर्युक्ति : गा. २१७ ] ४-५।।

अन्तःशल्यमरणस्वरूपं यथा —

"लज्जाए गारवेण य, बहुसुयमएण[1] वावि दुच्चरियं ।
जे न कहंति गुरूणं, न हु ते आराहगा होंति ।।१।। [ उत्तराध्ययननिर्युक्ति : गा. २१८ ]

गारवपंकनिबुड्डा अइयारं, जे परस्स न कहिंति ।
दंसणनाणचरित्ते, ससल्लमरणं हवइ तेसिं ।।२।। [ उत्तराध्ययननिर्युक्ति : गा. २१९ ]

एयं ससल्लमरणं, मरिऊण महाभए दुरंतंमि ।
सुचिरं भमंति जीवा, दीहे संसारकांतारे ।।३।। [ उत्तराध्ययननिर्युक्ति : गा. २२० ] ६।।

तद्भवमरणस्वरूपमिदं —

"मोत्तुं अकम्मभूमगनरतिरिए सुरगणे य णेरइए ।
सेसाणं जीवाणं, तब्भवमरणं तु केसिंचि ।।१।।" [ उत्तराध्ययननिर्युक्ति : गा. २२१ ]

तस्मिन्नेव भवे उत्पद्यमानानामिति भावना ७।। अथ बालादिमरणसप्तकस्वरूपं यथा—

"अविरयमरणं बालं ८।।, मरणं विरयाण पंडियं बेंति ९।।
जाणाहि बालपंडियमरणं पुण देसविरयाणं १०।। ।।१।। [ उत्तराध्ययननिर्युक्ति : गा. २२२ ]

मणपज्जवोहिनाणी, सुयमइणाणी मरंति जे समणा ।
छउमत्थमरणमेयं ११।।, केवलिमरणं तु केवलिणो १२।। ।।२।। [ उत्तराध्ययननिर्युक्ति : गा. २२३ ]

गिद्धादिभक्खणं गिद्धपट्ठ १३।।, उब्बंधणाइ वेहासं १४।।
एए दुन्नि वि मरणा, कारणजाए अणुन्नाया ।।३।।" [ उत्तराध्ययननिर्युक्ति : गा. २२४ ]

१. बहुश्रुतमदेन ।

**तथा**–'भत्तपरिण्ण' **त्ति चतुर्विधाहारस्य त्रिविधाहारस्य वा यावज्जीवमपि परित्यागात्मकं प्रत्याख्यानं** भक्तपरिज्ञा **उच्यते १५॥ तथा इङ्ग्यते प्रतिनियतप्रदेश एव चेष्ट्यतेऽस्यामनशनक्रियायामिति** इङ्गिनी **१६॥ तथा**–पादैः **अधःप्रसर्प्पिमूलात्मकैः पिबतीति** पादपो **वृक्ष, उपशब्दश्चोपमेतिवत् सादृश्येऽपि दृश्यते, ततश्च पादपमुपगच्छति सादृश्येन प्राप्नोतीति पादपोपगमनम् । किमुक्तं भवति ? — यथैव पादपः क्वचित्कथञ्चिन्निपतितो निश्चलमेवास्ते तथाऽयमपि भगवान् यद्यथा समविषमदेशेष्वङ्गमुपाङ्गं वा प्रथमतः पतितं न तत्ततश्चलयतीति १७॥**

**एतेषां मरणानां विभक्तिर्विभजनं विचारणं यस्यां ग्रन्थपद्धतौ क्रियते सा** मरणविभक्तिः **इति ।**

**ટીકાર્થ :-**

૧૬. पौरुषीमण्डलम् - પુરુષ એટલે શંકુ (સમય માપવાનું સાધન) અથવા માણસનું શરીર. તેના વડે બનેલી તે પૌરુષી [પુરુષ પ્રમાણ છાયાવાળો સમય.] અહીં ભાવના આ પ્રમાણે છે -

જ્યારે સર્વ વસ્તુની સ્વ-સ્વ પ્રમાણ છાયા થાય ત્યારે પૌરુષી થાય. અને આ પૌરુષીનું પ્રમાણ ઉત્તરાયણના અંતે કે દક્ષિણાયનની આદિમાં એક જ દિવસ આવે, તે પછી અંગુલના એકસઠિયા આઠ ભાગ [=$\frac{૮}{૬૧}$ અંગુલ] પ્રતિદિન દક્ષિણાયનમાં વધે અને ઉત્તરાયણમાં ઘટે. આ રીતે સૂર્યના માંડલે માંડલે પૌરુષીનો જુદો જુદો સમય જે અધ્યયનમાં જણાવાય છે તે અધ્યયન તે પૌરુષીમંડલ.

૧૭. मण्डलप्रवेशः - જેમાં ચંદ્ર અને સૂર્યનો દક્ષિણ અને ઉત્તર દિશાના એક માંડલામાંથી બીજા માંડલામાં પ્રવેશ વર્ણવેલો છે તે અધ્યયન તે મંડલપ્રવેશ.

૧૮. गणिविद्या - ગણ એટલે [સાધુઓનો અથવા] ગુણોનો સમુદાય, તે જેની પાસે હોય તે ગણિ એટલે કે આચાર્ય, તેને ઉપયોગી વિદ્યા એટલે કે જ્ઞાન જેમાં વર્ણવેલું છે તે ગ્રંથનું નામ પણ ગણિવિદ્યા. તે જ્ઞાન અવિશેષ (સામાન્ય) હોવા છતાં અહીં એ જ્ઞાનમાં આ વિશેષપણું જાણવું -

"દીક્ષા આપવી વગેરે કાર્યોમાં તિથિ-કરણ-નક્ષત્ર વગેરે જાણવા માટે જ્યોતિષ અને [લક્ષણ વગેરે] નિમિત્તોનું જ્ઞાન આચાર્યને ઉપયોગી છે. અન્યથા [=તિથિ વગેરે જાણ્યા વિના દીક્ષા આપવી વગેરે કાર્યો કરે અથવા ન જાણે તો] દોષ છે." ॥૧॥

---

૧. ઉત્તરાયણના અંતે કે દક્ષિણાયનની શરૂઆતમાં સર્વ વસ્તુની સ્વ-સ્વપ્રમાણ છાયા થાય ત્યારે પૌરુષી થાય=દિવસનો પહેલો પ્રહર પૂરો થાય=પોરિસી પચ્ચક્ખાણ આવે. ધારો કે કોઈ વસ્તુ ૨ પાદ=૨૪ અંગુલ ઊંચી છે, તો તેની ૨૪ અંગુલ પ્રમાણ છાયા થશે ત્યારે પૌરુષી થશે. એ પછી દક્ષિણાયનના ૧૮૩ દિવસ સુધી પૌરુષી પ્રતિદિન $\frac{૮}{૬૧}$ અંગુલ વધશે એટલે કે એટલી વધુ મોટી છાયા થશે ત્યારે પૌરુષી આવશે અર્થાત્ દક્ષિણાયનના બીજા દિવસે ૨૪+$\frac{૮}{૬૧}$ અંગુલ છાયા થશે ત્યારે પૌરુષી આવશે.. એમ છેલ્લા દિવસે ૨૪+$\frac{૮}{૬૧}$ x ૧૮૩ = ૨૪+૨૪=૪૮ અંગુલ = ૪ પાદ છાયા થશે ત્યારે પૌરુષી આવશે.. એ પછી ઉત્તરાયણમાં પૌરુષી પ્રતિદિન $\frac{૮}{૬૧}$ અંગુલ ઘટશે.. યાવત્ ઉત્તરાયણના છેલ્લા દિવસે ૪૮-$\frac{૮}{૬૧}$x૧૮૩=૪૮-૨૪=૨૪ અંગુલ= ૨ પાદ છાયા થશે ત્યારે પૌરુષી આવશે.

પાદોન પૌરુષી=પાત્રાપૌરુષી એક પ્રહરમાં $\frac{૧}{૪}$પ્રહર ઓછો હોય ત્યારે=છાયા . વધુ હોય ત્યારે એટલે કે દક્ષિણાયનની શરૂઆતમાં ૨૪+$\frac{૨૪}{૪}$=૨૪+૬=૩૦ અંગુલ છાયા થશે ત્યારે આવશે. વિશેષ માટે ઓઘનિર્યુક્તિ ગાથા ૨૮૨થી ૨૮૭ જુઓ.

૧૯. विद्याचरणविनिश्चयः - વિદ્યા એટલે સમ્યગ્દર્શન પૂર્વકનું સમ્યગ્જ્ઞાન. સમ્યગ્દર્શન પૂર્વકનું ન હોય તો જ્ઞાન જ ન કહેવાય. ચરણ એટલે ચારિત્ર. આ ત્રણેયના ફળના વિશેષ નિશ્ચયને જણાવનારો ગ્રંથ તે વિદ્યાચરણવિનિશ્ચય.

૨૦. ध्यानविभक्तिः - આર્ત્તધ્યાન વગેરે ચારે ધ્યાનોનો વિભાગ જેમાં વર્ણવેલો છે તે ગ્રંથનું નામ પણ ધ્યાનવિભક્તિ.

૨૧. मरणविभक्तिः -પ્રાણનો ત્યાગ તે મરણ. તે મરણો પ્રતિસમય વગેરે કાળે થાય છે. કહ્યું છે -

"મરણ સત્તર પ્રકારે છે - આવીચિમરણ, અવધિમરણ, આત્યંતિકમરણ, વલન્મરણ, વશાર્તમરણ, અંતઃશલ્યમરણ, તદ્ભવમરણ, બાલમરણ, પંડિતમરણ, બાલપંડિતમરણ, છદ્મસ્થમરણ, કેવલિમરણ, વૈહાયસમરણ, ગૃદ્ધપૃષ્ઠમરણ, ભક્તપરિજ્ઞામરણ, ઇંગિનીમરણ અને પાદપોપગમન-મરણ." ॥૧-૨॥ [પ્રવચનસારોદ્ધાર ગા. ૧૦૦૬-૧૦૦૭]

**૧. આવીચિમરણ** - आ-समन्तात्=ચારે બાજુથી, वीचय इव वीचयः=મોજાઓની જેમ મોજાઓ એટલે કે પ્રતિસમય અનુભવાતા આયુષ્યના નવા-નવાના દલિકોના ઉદય અને પૂર્વ-પૂર્વના દલિકોની વિચ્યુતિ [ભોગવાઈને નાશ] સ્વરૂપ અવસ્થા જે મરણમાં છે તે આવીચિમરણ.

અથવા વીચિ=વિચ્છેદ, તેનો અભાવ તે અવીચિ, તેવું મરણ તે અવીચિમરણ. [એટલે કે જે મરણ પ્રતિસમય સતત ચાલુ જ છે, વિચ્છેદ થતો નથી.]

**૨. અવધિમરણ** - અવધિ એટલે મર્યાદા. જે નારકાદિ ભવના કારણ એવા આયુષ્યકર્મના દલિકોને અનુભવીને મરે, તે જ દલિકોને જો ફરીથી અનુભવીને મરશે તો તે મરણને [જે મરણ પછી ભવિષ્યમાં ફરી તે જ દલિકોને અનુભવીને મરવાનો છે તે મરણને] અવધિમરણ કહેવાય છે. ગ્રહણ કરીને છોડી દીધેલા કર્મદલિકોનું પણ ફરીથી ગ્રહણ પરિણામની વિચિત્રતા હોવાથી સંભવે છે.

**૩. આત્યંતિકમરણ** - જો નારક વગેરે આયુષ્ય તરીકે જે કર્મદલિકોને અનુભવીને મરે છે કે મર્યો તે જ દલિકોને ફરીથી અનુભવીને નહીં મરે, તો તે મરણને આત્યંતિકમરણ કહેવાય.

**૪. વલન્મરણ** - સંયમવ્યાપારોમાં વિષાદ પામેલા [અતિદુશ્ચર તપ-ચરણને આચરવા અસમર્થ, વ્રત છોડી ન શકતા અને કોઈપણ રીતે અમારી આ સંયમયોગોથી મુક્તિ થાઓ એમ વિચારતા સંયમીઓ] જે મરે તે વલન્મરણ [=વળતા એટલે કે સંયમથી પાછા ફરી રહેલાઓનું મરણ.] [ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિગાથા ૨૧૭ પૂર્વાર્ધ]

**૫. વશાર્તમરણ** - ચક્ષુ વગેરે ઇન્દ્રિયોના મનોજ્ઞ રૂપ વગેરે વિષયોને વશ થયેલા જીવો દીપકની જ્યોતને જોવામાં આકુળ થયેલા પતંગિયાની જેમ જે મરે તે વશાર્તમરણ. ॥૧॥ [ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિગાથા ૨૧૭ ઉત્તરાર્ધ]

**૬. અંતઃશલ્યમરણ** - લજ્જાથી, ગૌરવથી કે બહુશ્રુતપણાના મદથી જે ગુરુકર્મી જીવો પોતાનું દુશ્ચરિત ગુરુઓને એટલે કે આલોચનાને યોગ્ય આચાર્ય વગેરેને કહેતાં નથી, તેઓ આરાધક થતાં નથી. ॥૧॥ [ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિગાથા ૨૧૮]

ગારવરૂપી કાદવમાં ડૂબેલા એવા જેઓ દર્શન, જ્ઞાન અને ચારિત્રના વિષયમાં લાગેલા અતિચારો અન્ય આચાર્ય વગેરેને કહેતા નથી તેઓનું સશલ્યમરણ એટલે કે અંતઃશલ્યમરણ થાય છે. તેમાં

દર્શનવિષય અતિચારો શંકા વગેરે, જ્ઞાનવિષય અતિચારો કાલાતિક્રમ વગેરે અને ચારિત્રવિષય અતિચારો સમિતિ વગેરેનું પાલન ન કર્યું વગેરે. આ અતિચારો કાલાંતરે પણ અનિષ્ટ ફળ આપવામાં અવંધ્ય હોવાથી [એટલે કે અનિષ્ટ ફળ ચોક્કસ આપતા હોવાથી] શલ્ય કહેવાય છે. શલ્ય સાથે હોય તે સશલ્ય અને તેવું મરણ તે સશલ્યમરણ એટલે કે અંતઃશલ્યમરણ. ॥૨॥ [ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિગાથા ૨૧૯]

આ સશલ્યમરણ વડે મરીને જીવો મહાભયંકર, દુરંત [દુઃખેથી જેનો અંત છે એવું] અને દીર્ઘ એવા સંસારરૂપી જંગલમાં લાંબા કાળ સુધી ભમે છે. ॥૩॥ [ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિગાથા ૨૨૦]

**૭. તદ્ભવમરણ** - અકર્મભૂમિજ મનુષ્ય-તિર્યંચો, દેવો, નારકો અને અસંખ્યાતવર્ષાયુષ્ક મનુષ્ય-તિર્યંચોને છોડીને શેષ જીવો [=કર્મભૂમિજ સંખ્યાતવર્ષાયુષ્ક મનુષ્યો-તિર્યંચો]માંથી કેટલાકને તદ્ભવમરણ હોય છે. જે ભવમાં જીવ રહેલો હોય તે જ ભવનું આયુષ્ય બાંધી મરનાર જીવને તદ્ભવમરણ હોય છે. ॥૧॥ [ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિગાથા ૨૨૧]

**૮. બાલમરણ** - મિથ્યાદષ્ટિ કે સમ્યગ્દૃષ્ટિ અવિરતોનું મરણ તે બાલમરણ.

**૯. પંડિતમરણ** - સર્વસાવદ્યની નિવૃત્તિને સ્વીકારનાર વિરત જીવોનું મરણ તે પંડિતમરણ.

**૧૦. બાલપંડિતમરણ** - દેશવિરતોનું મરણ તે બાલપંડિતમરણ કે મિશ્રમરણ. [ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિગાથા ૨૨૨]

**૧૧. છદ્મસ્થમરણ** - મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, શ્રુતજ્ઞાની અને મતિજ્ઞાની એવા જે શ્રમણો=તપસ્વીઓ[=સાધુઓ] મરે તેમનું મરણ તે છદ્મસ્થમરણ. જેઓ छादयन्ति=ઢાંકે તે છદ્મો= જ્ઞાનાવરણ વગેરે કર્મો, તેમાં રહેલા તે છદ્મસ્થો, તેમનું મરણ તે છદ્મસ્થમરણ.

**૧૨. કેવલિમરણ** - કેવલજ્ઞાનીઓનું મરણ તે કેવલિમરણ. ॥૨॥ [ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિ ગાથા ૨૨૩]

**૧૩. વૈહાયસમરણ, ૧૪. ગૃધ્રપૃષ્ઠમરણ** - ગીધ, સમડી, શિયાળ વગેરે વડે પોતાનું ભક્ષણ [તેઓને નહીં રોકવા વડે અથવા તેઓના ભક્ષ્ય હાથી-ઊંટ વગેરેના શરીરમાં પ્રવેશવા વડે] તે ગૃધ્રસ્પૃષ્ટ [ગીધો વડે સ્પર્શન જેમાં છે તે] અથવા ગૃધ્રપૃષ્ઠ [મરનારની પૃષ્ઠ=પીઠ અને ઉપલક્ષણથી પેટ વગેરે જેમાં ગીધોનું ભક્ષ્ય બને છે તે] મરણ. આ મરણ અત્યંત મહાસત્ત્વશાળીનો વિષય હોવાથી કર્મનિર્જરામાં પ્રધાન છે માટે તેનો નિર્દેશ પછી કર્યો હોવા છતાં પહેલાં કહ્યું.

उत्=ઉપર=વૃક્ષની શાખા વગેરેમાં બંધન [વૃક્ષ ઉપર ગળે ફાંસો ખાવો], વૃક્ષ-પર્વત-શિખર ઉપરથી પડતું મૂકવું વગેરે વડે પોતાનું મરણ કરવું તે વૈહાયસમરણ. ઊંચે બંધાયેલો विहायसि= આકાશમાં જ રહેલો હોવાથી તેના પ્રધાનપણાની વિવક્ષાથી આ મરણ 'વૈહાયસ' કહેવાય છે.

આ બંને મરણો શાસનમાલિન્યના પરિહાર વગેરે કારણસર તીર્થંકર-ગણધરાદિ વડે અનુજ્ઞાત છે. ॥૩॥ [ઉત્તરાધ્યયનસૂત્ર નિર્યુક્તિગાથા ૨૨૪]

**૧૫. ભક્તપરિજ્ઞા** - ચારે પ્રકારના કે ત્રણ પ્રકારના આહારના યાવજ્જીવ પરિત્યાગ સ્વરૂપ પ્રત્યાખ્યાન તે ભક્તપરિજ્ઞા કહેવાય છે.

**૧૬. ઇંગિનીમરણ** - જે અનશનક્રિયામાં અમુક ચોક્કસ પ્રદેશમાં જ ચેષ્ટા કરાય છે તે ઇંગિનીમરણ.

**૧૭. પાદપોપગમન** - નીચે જમીનમાં પ્રસરતા મૂળ સ્વરૂપ પાદો=પગો (મૂળો) વડે જે પીવે તે પાદપ=વૃક્ષ. 'ઉપમા' શબ્દની જેમ 'ઉપ' શબ્દ 'સાદશ્ય' (=સરખાપણું) અર્થમાં પણ દેખાય છે. માટે पादपं उपगच्छति= જે વૃક્ષને સરખાપણા વડે પ્રાપ્ત કરે તે પાદપોપગમન. કહેવાનો આશય એ છે કે જેમ વૃક્ષ ક્યાંક કોઈપણ રીતે પડેલું હોય તે નિશ્ચલ જ રહે તેમ આ અનશન કરનાર ભગવાન પણ જે અંગ કે ઉપાંગ સમ કે વિષમ દેશમાં જે રીતે પહેલેથી પડેલું હોય તેને ત્યાંથી હલાવે નહીં.

આ મરણોની વિભક્તિ=વિભાગ=વિચારણા જે ગ્રંથમાં કરાય છે તે ગ્રંથનું નામ મરણવિભક્તિ.

**ટીકા :-**

**तथा-** 'आयविसोहि' **त्ति** आत्मनो **जीवस्यालोचनाऽऽदिप्रायश्चित्तप्रतिपत्त्यादिप्रकारेण** विशुद्धिः **कर्मविगमलक्षणा प्रतिपाद्यते यत्र तदध्ययनमात्मविशुद्धिः । तथा-**'संलेहणासुयं' **ति द्रव्यभावसंलेखना प्रतिपाद्यते यत्र तदध्ययनं** संलेखानाश्रुतम् **। तत्र द्रव्यसंलेखनोत्सर्गतः "चत्तारि विचित्ताइं विगईनिज्जूहियाइ चत्तारि[1]" इत्यादिका । भावसंलेखना तु क्रोधादिकषायप्रतिपक्षा-भ्यास इति ।** 'वीयरायसुयं' **ति सरागव्यपोहेन वीतरागस्वरूपं प्रतिपाद्यते यत्राध्ययने तद्वीतराग-श्रुतम् । तथा-** 'विहारकप्पो' **त्ति विहरणं** विहारो **वर्त्तनं तस्य** कल्पो **व्यवस्था स्थविरकल्पादी-नामुच्यते यत्र ग्रन्थेऽसौ विहारकल्पः । तथा-** 'चरणविहि' **त्ति चरणं व्रतादि यथोक्तं —**

**"वय[५]समणधम्म[१०]संजम[१७] वेयावच्चं[१०] च बंभगुत्तीओ[९] ।**
**नाणाइतियं[३] तव[१२] कोहनिग्गहाइ[४] य चरणमेयं ॥१॥" [ प्रव. सारो. ५५१ ]**

**एतत्प्रतिपादकमध्ययनं** चरणविधिः **। तथा-**'आउरपच्चक्खाणं' **ति** आतुरः **क्रियाऽतीतो ग्लानः, तस्य** प्रत्याख्यानं **आतुरप्रत्याख्यानं । एत्थ विही — गिलाणं किरियाऽतीतं नाउं गीयत्था पच्चक्खावेंति । दिणे दिणे दव्वहासं करेत्ता अंते य सव्वदव्वदायणयाए भत्ते वेरग्गं जणेत्ता भत्ते वितिण्हस्स भवचरिमं पच्चक्खाणं करेंति, एयं जत्थऽज्झयणे सवित्थरं वन्निज्जइ तम(द)ज्झयणं** आतुरप्रत्याख्यानं **इति । तथा-**'महापच्चक्खाणं' **ति महच्च तत्प्रत्याख्यानं चेति समासः । एसऽत्थ भावत्थो — थेरकप्पेण जिणकप्पेण वा विहरित्ता अंते थेरकप्पिया बारस वासे संलेहणं करेत्ता, जिणकप्पिया पुण विहारेणेव संलीढा, तहावि जहाजुत्तं संलेहणं करेत्ता, निव्वाघायं सचेट्ठा चेव भवचरिमं पच्चक्खंति, एयं सवित्थरं जत्थऽज्झयणे वन्निज्जइ तम(द)-**

---

१. संवच्छरे य दोन्निओ, एगंतरियं तु आयामं ॥१॥ नाइविगिट्ठो य तवो, छम्मासे परिमियं तु आयामं । अन्नेवि य छम्मासे होइ विगट्ठ तवोकम्मं ॥२॥ वासं कोडीसहियं आयामं काउं आणु-पुव्वीए । गिरिकंदरं तु गंतुं, पायवगमणं अह करेइ ॥३॥ **( पञ्चवस्तुक गा. १५७४-७५-७६ )**

**ज्झयणं** महाप्रत्याख्यानं **इति । एवमेतान्यष्टाविंशत्यध्ययनानि यथार्थान्यभिहितानि उपलक्षणं चैतानि यतो नैतावन्त्येवोत्कालिकमासीदिति ॥**

**ટીકાર્થ :-**

તથા -

૨૨. आत्मविशुद्धिः - આલોચના-પ્રતિક્રમણ વગેરે પ્રાયશ્ચિત્તનો સ્વીકાર વગેરે પ્રકારે આત્મા=જીવની કર્મમલ દૂર થવા સ્વરૂપ વિશુદ્ધિ જેમાં કહેવાય છે તે અધ્યયનનું નામ આત્મવિશુદ્ધિ.

૨૩. संलेखनाश्रुतम् - જેમાં દ્રવ્ય અને ભાવ સંલેખના કહેવામાં આવે છે તે અધ્યયનનું નામ સંલેખનાશ્રુત. તેમાં દ્રવ્યસંલેખના ઉત્સર્ગથી "चत्तारि विचित्ताइं विगईनिज्जूहियाइ चत्तारि" વગેરે [પંચવસ્તુ ગાથા ૧૫૭૪-૭૫-૭૬] ગાથામાં કહેલી જાણવી. [આ ગાથાઓ પૂર્વે "बज्झं पि य चउव्विहं तवोकम्मं" ૫૬ની ટીકામાં અણસણ તપના વર્ણનમાં આવી ગઈ છે.]

ભાવસંલેખના એટલે ક્રોધાદિ કષાયોને જીતવા માટે તેના પ્રતિપક્ષ ક્ષમાદિનો અભ્યાસ સમજવો.

૨૪. वीतरागश्रुतम् - સરાગ(રાગ સહિતના) જીવને બાદ કરવાપૂર્વક વીતરાગના સ્વરૂપને જણાવનાર અધ્યયન તે વીતરાગશ્રુત.

૨૫. विहारकल्पः - વિહાર એટલે વર્તન, તેનો કલ્પ એટલે વ્યવસ્થા, અર્થાત્ જેમાં સ્થવિરકલ્પ વગેરે સાધુના વિવિધ આચારો કહેવાય છે તે ગ્રંથનું નામ વિહારકલ્પ.

૨૬. चरणविधिः - ચરણ એટલે વ્રત વગેરે ૭૦ બાબતો. કહ્યું છે -

"૫ મહાવ્રતો, ૧૦ પ્રકારે શ્રમણધર્મ, ૧૭ પ્રકારે સંયમ, ૧૦ પ્રકારે વૈયાવચ્ચ, ૯ બ્રહ્મચર્યગુપ્તિ, ૩ જ્ઞાન વગેરે, ૧૨ પ્રકારે તપ અને ક્રોધ વગેરે ૪નો નિગ્રહ - આ ૭૦ પ્રકારે ચરણ છે." ॥૧॥ [પ્રવચનસારોદ્ધાર ગા. ૫૫૧]

આ ચરણનું પ્રતિપાદક અધ્યયન તે ચરણવિધિ.

૨૭. आतुरप्रत्याख्यानम् - આતુર એટલે અસાધ્ય રોગી. (જેની ક્રિયા=ચિકિત્સા અશક્ય છે.) તેનું પ્રત્યાખ્યાન તે આતુરપ્રત્યાખ્યાન. અહીં આ વિધિ છે -

ગીતાર્થો ગ્લાનનો રોગ અસાધ્ય જાણી તેને પ્રત્યાખ્યાન કરાવે. દિવસે દિવસે આહારાદિ દ્રવ્યોને ઓછા કરાવતાં છેલ્લે સર્વ દ્રવ્યો આપવા/દિખાડવા વડે ભોજન ઉપર વૈરાગ્ય ઉત્પન્ન કરી એવા ભોજન ઉપર તૃષ્ણા વગરના મહાત્માને અંતે ભવચરિમ પ્રત્યાખ્યાન કરાવે=ચારે આહારનો સર્વથા ત્યાગ કરાવે - આ વિધિ જે અધ્યયનમાં વિસ્તારપૂર્વક વર્ણવાય છે તે અધ્યયનનું નામ આતુરપ્રત્યાખ્યાન.

૨૮. महाप्रत्याख्यानम् - 'મોટું એવું પ્રત્યાખ્યાન તે મહાપ્રત્યાખ્યાન' એ પ્રમાણે સમાસ છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે - સ્થવિરકલ્પ કે જિનકલ્પ વડે વિહરીને [એટલે કે તેનું પૂર્ણ પાલન કરીને] અંતે સ્થવિરકલ્પી સાધુઓ બાર વર્ષ સુધી સંલેખના કરીને અને જિનકલ્પી સાધુઓ પોતાના વિહાર એટલે કે આચાર વડે જ સંલેખિત હોવા છતાં યથાયોગ્ય સંલેખના કરીને [निव्वाघायं सचेट्ठा

चेव=] કોઈપણ વ્યાઘાત (ઉપસર્ગ વગેરે) આવ્યા વિના અને સચેષ્ટ (ક્રિયામાં શક્તિમાન્) હોય ત્યારે જ ભવચરિમ નામનું મહાપ્રત્યાખ્યાન કરે - વગેરે વિસ્તારપૂર્વક જે અધ્યયનમાં વર્ણવાય છે તે અધ્યયનનું નામ મહાપ્રત્યાખ્યાન.

આ રીતે યથાર્થ એવા આ અઠ્ઠાવીશ અધ્યયનો કહ્યા. આ અઠ્ઠાવીશ અધ્યયનો ઉપલક્ષણ છે એટલે કે આટલું જ ઉત્કાલિકશ્રુત છે એમ નથી. [અન્ય પણ ઉત્કાલિકશ્રુત છે.]

सूत्र :-

**सव्वेहिंपि एयम्मि अंगबाहिरे उक्कालिए भगवंते ससुत्ते, सअत्थे, सगंथे, सनिज्जुत्तिए, संसगहणिए जे गुणा वा भावा वा, अरहंतेहिं भगवंतेहिं पन्नत्ता वा परूविया वा ते भावे सद्दहामो, पत्तियामो, रोएमो, फासेमो, पालेमो, अणुपालेमो, ते भावे सद्दहंतेहिं, पत्तियंतेहिं, रोयंतेहिं, फासंतेहिं, पालंतेहिं, अणुपालंतेहिं, अंतोपक्खस्स जं वाइयं, पढियं, परियट्टियं, पुच्छियं, अणुपेहियं, अणुपालियं ते दुक्खक्खयाए, कम्मक्खयाए, मोक्खाए, बोहिलाभाए, संसारुत्तारणाए त्तिकट्टु उपसंपज्जित्ता णं विहरामि । अंतोपक्खस्स जं न वाइयं, न पढियं, न परियट्टियं, न पुच्छियं, नाणुपेहियं, नाणुपालियं संते बले, संते विरिए, संते पुरिसकारपरक्कमे तस्स आलोएमो, पडिक्कमामो, निंदामो, गरिहामो, विउट्टेमो, विसोहेमो, अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छामि दुक्कडं ।**

सूत्रार्थ :-

આ ઉપર્યુક્ત સર્વ પ્રકારના ભગવાન્ અંગબાહ્ય ઉત્કાલિકશ્રુતમાં કે જે સૂત્ર-અર્થ-ગ્રંથ-નિર્યુક્તિ અને સંગ્રહણીથી સહિત છે તેમાં જે ગુણો અથવા ભાવોથી અરિહંત ભગવંતોએ સામાન્ય અને વિશેષ રૂપમાં કહ્યા છે તે ભાવોને અમે શ્રદ્ધાગત કરીએ છીએ, તેમાં પ્રીતિ-રુચિ, તેનો સ્પર્શ-પાલન અને અનુપાલન કરીએ છીએ, તે ભાવોમાં શ્રદ્ધા-પ્રીતિ-રુચિ તથા તેનો સ્પર્શ-પાલન અને વારંવાર પાલન કરતાં અમે આ પખવાડિયામાં બીજાને જે કાંઈ ભણાવ્યું, સ્વયં ભણ્યા, સૂત્રનું પરાવર્તન કર્યું, શંકિત પૂછ્યું, અર્થથી ચિંતવ્યું અને એ રીતે સર્વ પ્રકારે આરાધ્યું, તે સઘળું અમારા દુઃખોનો-કર્મનો ક્ષય કરશે, અમારી મુક્તિ કરશે, અન્ય જન્મમાં સમ્યગ્ ધર્મની પ્રાપ્તિ કરાવશે અને ભવભ્રમણથી પાર ઊતારશે, એ કારણે તેને અંગીકાર (વારંવાર અનુમોદનાદિ) કરતાં અમે વર્તીએ છીએ. આ પખવાડિયામાં (અધિકારીને) જે ન ભણાવ્યું, સ્વયં ન ભણ્યા, સૂત્ર પરાવર્તન ન કર્યું, પૂછ્યું નહીં, અર્થ ચિંતવ્યા નહીં, એમ શરીરબળ, ઉત્સાહ અને પરાક્રમ હોવા છતાં જે જે આરાધ્યું નહીં તે-તે

પ્રમાદરૂપ અતિચારની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, વ્યાવર્તન અને વિશુદ્ધિ કરીએ છીએ, પુનઃ એ પ્રમાદ નહિ કરવાનો નિશ્ચય કરીએ છીએ અને એ પ્રમાદરૂપ અનારાધનાને ઘટતું (=યોગ્ય) તપ નામનું પ્રાયશ્ચિત્ત અંગીકાર કરીને તે પાપનું 'મિથ્યા દુષ્કૃત' કરીએ છીએ.

ટીકા :-

**इदमपि सूत्रं प्राग्वत्समवसेयमिति । समुत्कीर्तितमुत्कालिकं, अथ कालिकोत्कीर्त्तनायाह —**

ટીકાર્થ :-

આ સૂત્રની વ્યાખ્યા પણ પહેલાંની જેમ જાણવી.

ઉત્કાલિકશ્રુતનું સમુત્કીર્તન કર્યું. હવે કાલિકશ્રુતનું ઉત્કીર્તન કરવા માટે કહે છે -

સૂત્ર :-

**णमो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं अंगबाहिरं कालियं भगवंतं तंजहा — उत्तरज्झयणाइं, दसाओ, कप्पो, ववहारो, इसिभासियाइं, निसीहं, महानिसीहं, जंबुदीवपन्नत्ती, सूरपन्नत्ती, चंदपन्नत्ती, दीवसागरपन्नत्ती, खुड्डियाविमाणपविभत्ति, महल्लियाविमाणपविभत्ति, अंगचूलियाए, वग्गचूलियाए, विवाहचूलियाए, अरुणोववाए, वरुणोववाए, गरुलोववाए, धरणोववाए, वेसमणोववाए, वेलंधरोववाए, देविंदोववाए, उट्ठाणसुए समुट्ठाणसुए, नागपरियावलियाणं, निरयावलियाणं, कप्पियाणं, कप्पवडिंसयाणं, पुप्फियाणं, पुप्फचूलियाणं, वण्हिआणं, वण्हिदसाणं, आसीविसभावणाणं, दिट्ठीविसभावणाणं, चारणभावणाणं, महासुमिणभावणाणं, तेयग्गि( ग )निसग्गाणं सव्वेहिंपि एयंमि अंगबाहिरे कालिए भगवंते ससुत्ते, सअत्थे, सगंथे, सनिज्जुत्तिए, ससंगहणिए जे गुणा वा भावा वा अरहंतेहिं, भगवंतेहिं पन्नत्ता वा, परूविया वा ते भावे सद्दहामो, पत्तियामो, रोएमो, फासेमो, पालेमो, अणुपालेमो ते भावे सद्दहंतेहिं, पत्तियंतेहिं, रोयंतेहिं, फासंतेहिं, पालंतेहिं, अणुपालंतेहिं अंतोपक्खस्स जं वाइयं, पढियं, परियट्टियं, पुच्छियं, अणुपेहियं, अणुपालियं तं दुक्खक्खयाए, कम्मक्खयाए, मोक्खाए, बोहिलाभाए, संसारुत्तारणाए त्तिकट्टु उवसंपज्जित्ता णं विहरामि । अंतो-**

**पक्खस्स जं न वाइयं, न पढियं, न परियट्टियं, न पुच्छियं, नाणुपेहियं, नाणु-पालियं संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे, तस्स आलोएमो, पडिक्कमामो, निंदामो, गरिहामो, विउट्टेमो, विसोहेमो, अकरणयाए अब्भुट्ठेमो अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छामि दुक्कडं ॥**

**સૂત્રાર્થ :-**

તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ કે જેઓએ આ ભગવાન્ એવું અંગબાહ્ય કાલિકશ્રુત અમને આપ્યું છે. તે શ્રુતના નામો આ પ્રમાણે - ઉત્તરાધ્યયનો, દશાઓ, કલ્પ, વ્યવહાર, ઋષિભાષિતો, નિશીથ, મહાનિશીથ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ, ક્ષુલ્લિકાવિમાન-પ્રવિભક્તિ, મહતીવિમાનપ્રવિભક્તિ, અંગચૂલિકા, વર્ગચૂલિકા, વિવાહચૂલિકા, અરુણોપપાત, વરુણોપપાત, ગરુડોપપાત, ધરણોપપાત, વૈશ્રમણોપપાત, વેલંધરોપપાત, દેવેન્દ્રોપપાત, ઉત્થાનશ્રુત, સમુત્થાનશ્રુત, નાગપર્યાવલિકા, નિરયાવલિકા, કલ્પિકા, કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા, વૃષ્ણિકા, વૃષ્ણિદશા, આશીવિષભાવના, દૃષ્ટિવિષભાવના, ચારણભાવના, મહાસ્વપ્નભાવના અને તૈજસાગ્નિનિસર્ગ.

આ ઉપર્યુક્ત સર્વ પ્રકારના ભગવાન્ અંગબાહ્ય કાલિકશ્રુતમાં કે જે સૂત્ર-અર્થ-ગ્રંથ-નિર્યુક્તિ અને સંગ્રહણીથી સહિત છે તેમાં જે ગુણો અથવા ભાવો શ્રી અરિહંત ભગવંતોએ સામાન્ય અને વિશેષ રૂપમાં કહ્યા છે તે ભાવોને અમે શ્રદ્ધાગત કરીએ છીએ, તેમાં પ્રીતિ-રુચિ તથા તેનો સ્પર્શ-પાલન અને અનુપાલન કરીએ છીએ, તે ભાવોમાં શ્રદ્ધા-પ્રીતિ-રુચિ તથા તેનો સ્પર્શ-પાલન અને વારંવાર પાલન કરતાં અમે આ પખવાડિયામાં બીજાને જે કાંઈ ભણાવ્યું, સ્વયં ભણ્યા, સૂત્રનું પરાવર્તન કર્યું, શંકિત પૂછ્યું, અર્થથી ચિંતવ્યું અને એ રીતે સર્વ પ્રકારે આરાધ્યું, તે સઘળું અમારા દુઃખોનો-કર્મનો ક્ષય કરશે, અમારી મુક્તિ કરશે, અન્ય જન્મમાં સમ્યગ્ ધર્મની પ્રાપ્તિ કરાવશે અને ભવભ્રમણથી પાર ઊતારશે, એ કારણે તેને અંગીકાર (વારંવાર અનુમોદનાદિ) કરતાં અમે વર્તીએ છીએ. આ પખવાડિયામાં (અધિકારીને) જે ન ભણાવ્યું, સ્વયં ન ભણ્યા, સૂત્રનું પરાવર્તન ન કર્યું, પૂછ્યું નહીં, અર્થ ચિંતવ્યા નહીં, એમ શરીરબળ, ઉત્સાહ અને પરાક્રમ હોવા છતાં જે જે આરાધ્યું નહીં તે-તે પ્રમાદરૂપ અતિચારની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, વ્યાવર્તન અને વિશુદ્ધિ કરીએ છીએ, પુનઃ એ પ્રમાદ નહિ કરવાનો નિશ્ચય કરીએ છીએ અને એ પ્રમાદરૂપ અનારાધનાને ઘટતું તપ નામનું પ્રાયશ્ચિત્ત અંગીકાર કરીને તે પાપનું 'મિથ્યા દુષ્કૃત' કરીએ છીએ.

**ટીકા :-**

**एतदपि पूर्ववद् व्याख्येयं, नवरं** 'उत्तरज्झयणाइं' **ति** उत्तराणि **प्रधानानि** अध्ययनानि **रूढि-वशाद्विनयश्रुतादीन्येव षट्त्रिंशत्, प्रथमाङ्गोपरि पाठाद्वा** उत्तराध्ययनानीति । 'दसाओ' **त्ति दशा-**

ध्ययनात्मको ग्रन्थविशेषो दशाः दशाश्रुतस्कन्ध इति यः प्रतीत इति । 'कप्पो' त्ति- कल्पः साध्वाचारः स्थविरकल्पादिर्वा तत्प्रतिपादकमध्ययनं कल्प इति । 'ववहारो' त्ति प्रायश्चित्त-गोचरव्यवहारप्रतिपादकमध्ययनं व्यवहार इति । 'इसिभासियाइं' ति इह ऋषयः प्रत्येकबुद्ध-साधवः, ते चात्र नेमिनाथतीर्थवर्त्तिनो नारदादयो विंशतिः, पार्श्वनाथतीर्थवर्त्तिनः पञ्चदश, वर्द्ध-मानस्वामितीर्थवर्त्तिनो दश ग्राह्याः, तैः भाषितानि पञ्चचत्वारिंशत्सङ्ख्यान्यध्ययनानि श्रवणाद्य-धिकारवन्ति ऋषिभाषितानि । अत्र वृद्धसम्प्रदायः —

"सोरियपुरे नयरे सुरंबरो नाम जक्खो । धणंजओ सेट्ठी, सुभद्दा भज्जा । तेहिं अन्नया सुरंबरो विन्नत्तो जहा- 'जइ अम्हाणं पुत्तो होहि तो तुज्झ महिससयं देमो त्ति' । एवं ताणं संजाओ पुत्तो । एत्थंतरे भगवं वद्धमाणसामी ताणि संबुज्झिहिंति त्ति सोरियपुरमागओ । सेट्ठी सभज्जो निग्गओ, संबुद्धो, अणुव्वयाणि गहियाणि । सो जक्खो सुवि(मि?)णए महिसे मग्गइ । तेणवि सेट्ठीणा पिट्ठमया दिण्ण त्ति । सामिणो य दोन्नि सीसा धम्मधोसो धम्मजसो य एगस्स असोगवरपायवस्स हेट्ठा परियट्टंति । ते पुव्वण्हठिया अवरण्हे वि छाया न परियत्तइ । तओ इक्को भणइ - तुज्झेसा लद्धी । बिइओ भणइ - तुज्झ त्ति । तओ एक्को काइयभूमिं गओ जाव च्छाया तहेव अच्छइ । तओ बीओ वि गओ तत्थेव तहेव अच्छइ । तेहिं नायं जहा एक्कस्स वि न लद्धी । तओ सामी पुच्छिओ । भगवया भणियं - जहा इहेव सोरियपुरे समुद्दविजओ राया आसि, जन्नदत्तो तावसो, सोमजसा तावसी, ताण पुत्तो नारओ, ताणि उंछवित्तीणि एक्कदिवसंमि जेमिंति, एक्कदिवसं उववासं करेंति । अन्नया ताणि तं नारयं पुव्वण्हे असोगपायवस्स हेट्ठा ठवेऊणं उंछंति । इओ य वेयड्ढाओ वेसमणनिकाइया तिरियजंभगा देवा तेणंतेणं वीइवयंता पेच्छंति तं दारयं । ओहिणा आभोएंति । सो ताओ चेव देवनिकायाओ चुओ । तओ ते तस्साणुकंपाए तं छायं थंभंति त्ति । एवं सो उम्मुक्कबालभाओ अन्नया तेहिं जंभगदेवेहिं पन्नत्तिमाइयाओ विज्जाओ पाढिओ । तओ कंचणकुंडियाए मणिपाउयाहिं आगासे हिण्डइ । अन्नया बारवइं गओ । वासुदेवेण पुच्छिओ — किं सोयं ति ? सो न तरति परि-कहिउं । तओ अन्नकहाए वक्खेवं काऊण उट्ठिओ गओ पुव्वविदेहं । तत्थ य सीमंधरं तित्थ-यरं जुगबाहू वासुदेवो पुच्छइ, किं सोयं ? तित्थगरेणं भणियं, सच्चं सोयं ति । जुगबाहुणा एक्कवयणेण वि सव्वं उवलद्धं । नारओ वि ते निसुणित्ता उप्पइऊणं अवरविदेहं गओ । तत्थ वि जुगन्धरं तित्थयरं महाबाहू वासुदेवो ते चेव पुच्छइ, भगवया वि तं चेव वागरियं, महाबाहुस्स वि सव्वं उवगयं । नारओ वि तं सुणित्ता बारवइं गओ वासुदेवं भणइ — किं ते तदा पुच्छियं ? वासुदेवो भणइ — किं सोयं ? ति । नारओ भणइ — सच्चं सोयं ति । वासुदेवो भणइ — किं सच्चं ति ? तओ नारओ खुभिओ न किंचि उत्तरं देइ । तओ कण्हवासुदेवेण भणियं — जत्थेव तं पुच्छियं तत्थ एयं पि पुच्छियव्वं हुंतं ति खिंसिओ ।

**ताहे नारओ भणइ — सच्चं भट्टारओ न पुच्छिओ त्ति, चिंतेउमारद्धो, जाईं सरिया, संबुद्धो, पढममज्झयणं सोयव्वमेव इच्चाइयं वदति । एवं सेसाणि वि दट्ठव्वाणि त्ति ।''**

**ટીકાર્થ :-**

આ સૂત્રની વ્યાખ્યા પણ પહેલાંની જેમ જાણવી, સિવાય કે 'ઉત્કાલિક'ની જગ્યાએ 'કાલિક' જાણવું અને કાલિકશ્રુતના નામો આ પ્રમાણે જાણવા -

૧. उत्तराध्ययनानि - ઉત્તર એટલે કે પ્રધાન એવા અધ્યયનો તે ઉત્તરાધ્યયનો. તે રૂઢિવશથી 'વિનયશ્રુત' વગેરે ૩૬ અધ્યયનો જ છે. આમ તો પ્રધાન અધ્યયનો ઘણાં છે, પણ રૂઢિથી ૩૬ને જ ઉત્તરાધ્યયનો કહેવાય છે. અથવા પહેલા અંગ 'આચારાંગ' પછી ભણવામાં આવતા હોવાથી ઉત્તરાધ્યયનો કહેવાય છે.

૨. दशाः - દશ અધ્યયનવાળો ગ્રંથવિશેષ, જે 'દશાશ્રુતસ્કંધ' તરીકે પ્રસિદ્ધ છે.

૩. कल्पः - કલ્પ એટલે સાધુઓનો આચાર અથવા કલ્પ એટલે સ્થવિરકલ્પ, જિનકલ્પ વગેરે. તેનું પ્રતિપાદક અધ્યયન તે કલ્પ. [બૃહત્કલ્પસૂત્ર તરીકે પ્રસિદ્ધ છે.]

૪. व्यवहारः - પ્રાયશ્ચિત્ત સંબંધી વ્યવહારનું પ્રતિપાદક અધ્યયન તે વ્યવહાર.

૫. ऋषिभाषितानि - અહીં ઋષિઓ એટલે પ્રત્યેકબુદ્ધ સાધુઓ. તે શ્રી નેમિનાથ પ્રભુના તીર્થવર્તી નારદ વગેરે વીસ, શ્રી પાર્શ્વનાથ પ્રભુના તીર્થવર્તી પંદર અને શ્રી વર્ધમાનસ્વામીના તીર્થવર્તી દશ લેવા. તેઓએ કહેલા 'શ્રવણ' વગેરેના અધિકારવાળા [એટલે કે શ્રવણ વગેરે તે-તે વિષયના] પીસ્તાલીશ અધ્યયનો તે ઋષિભાષિતો. અહીં વૃદ્ધોનો [પૂર્વાચાર્યોનો] સંપ્રદાય આ પ્રમાણે છે -

શૌર્યપુર નગરમાં સુરવર નામનો યક્ષ, ધનંજય નામનો શ્રેષ્ઠી અને તેની સુભદ્રા નામની પત્ની હતી. તેઓએ એકવાર સુરવર યક્ષને વિનંતી કરી કે 'જો અમને પુત્ર થશે તો તમને ૧૦૦ પાડા આપીશું.' આ રીતે તેમને પુત્ર થયો. આ દરમિયાન ભગવાન વર્ધમાનસ્વામી 'તેઓ બોધ પામશે' એમ જાણી શૌર્યપુર નગરમાં આવ્યા. શ્રેષ્ઠી પત્ની સાથે વંદન કરવા - દેશના સાંભળવા ગયો, સંબુદ્ધ થયો અને અણુવ્રતો ગ્રહણ કર્યા. તે યક્ષ સ્વપ્નમાં પાડા માંગે છે. તે શ્રેષ્ઠીએ પણ લોટના પાડા આપ્યા.

શ્રી મહાવીરસ્વામીના બે શિષ્યો ધર્મઘોષ અને ધર્મયશ મુનિવરો એક અશોકવરવૃક્ષની નીચે સૂત્રોનું પરાવર્તન કરે છે. તેઓ પૂર્વાહ્ને બેઠા હતા અને ઉત્તરાહ્ને પણ છાયા ફરતી નથી ત્યારે એક સાધુ કહે છે - 'આ તારી લબ્ધિ છે.' બીજો કહે છે - 'આ તારી લબ્ધિ છે.' પછી એક સાધુ કાયિકાભૂમિ [લઘુનીતિ કરવા] ગયા, છતાં છાયા એમ જ રહે છે, પછી બીજો પણ ગયો, છતાં છાયા તેમ જ રહે છે. તેઓએ જાણ્યું કે અમારા બેમાંથી કોઈની લબ્ધિ નથી. પછી તેઓએ શ્રીમહાવીરસ્વામીને પૂછ્યું. સ્વામીએ કહ્યું - 'આ જ શૌર્યપુર નગરમાં સમુદ્રદત્ત રાજા હતો. તેમના શાસનમાં યજ્ઞદત્ત નામનો તાપસ અને તેની સોમયશા નામની તાપસી હતી. તેઓનો પુત્ર નારદ હતો. તેઓ બંને ઉંછવૃત્તિથી નિર્વાહ કરતા હતા. [ખેતરમાં પડેલા ધાન્યના કણોને વીણી-વીણીને ખાવા એને ઉંછવૃત્તિ કહે છે.] એક દિવસ જમે છે અને એક દિવસ ઉપવાસ કરે છે.

એક દિવસ તે બંને જણા નારદને સવારે અશોકવૃક્ષની નીચે મૂકીને ખેતરમાં દાણા વીણતા હતા. આ બાજુ વૈતાઢ્ય પર્વતથી વૈશ્રમણ નિકાયના તિર્યગ્જૃંભક દેવો તે માર્ગથી જઈ રહ્યા હતા. તેઓ તે બાળકને જુએ છે. અવધિજ્ઞાન વડે જુએ છે કે તે બાળક તેઓની જ દેવનિકાયથી ચ્યવેલો છે. પછી તેઓ તે બાળક પ્રત્યેની ભક્તિથી તે વૃક્ષની છાયાને સ્થિર કરી દે છે. આ રીતે બાળપણને છોડી મોટા થયેલા તેને એકવાર તે જૃંભકદેવોએ પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાઓ શીખવાડી. પછી [कंचणकुण्डियाए] સોનાની કુંડિકા અને મણિની પાદુકાઓથી આકાશમાં ઊડે છે. એકવાર દ્વારિકા ગયો. ત્યાં વાસુદેવે પૂછ્યું શૌચ શું છે ? તે કહી શકતો નથી. પછી [अन्नकहाए वक्खेवं काऊणं=] બીજી વાતો વડે વાતને બીજે પાટે ચડાવીને સમય પસાર કરીને ઊઠીને પૂર્વમહાવિદેહક્ષેત્રમાં ગયો. ત્યાં શ્રી સીમંધરસ્વામી તીર્થંકરને યુગબાહુ વાસુદેવ પૂછે છે - શૌચ શું છે ? તીર્થંકરે કહ્યું - સત્ય એ શૌચ છે. યુગબાહુ વાસુદેવ એક જ વચનથી બધું સમજી ગયા. નારદ પણ તે સાંભળીને ઊડીને પશ્ચિમમહાવિદેહક્ષેત્રે ગયો. ત્યાં પણ યુગમંધરસ્વામી તીર્થંકરને મહાબાહુ વાસુદેવ તે જ પૂછે છે. ભગવાને પણ તે જ જવાબ આપ્યો. મહાબાહુ વાસુદેવ પણ સમજી ગયા.

નારદ પણ તે સાંભળી બારમતી (દ્વારિકા) ગયો અને વાસુદેવને કહે છે - 'તમે ત્યારે શું પૂછ્યું હતું ?' વાસુદેવ કહે છે - 'શૌચ શું છે ?' નારદ કહે છે - 'સત્ય એ શૌચ છે.' વાસુદેવે પૂછ્યું - 'સત્ય શું છે ?' ત્યારે નારદ ક્ષોભ પામ્યો. કંઈ ઉત્તર આપી શકતો નથી. ત્યારે કૃષ્ણવાસુદેવે કહ્યું - 'જ્યાં તે [=શૌચ શું છે ? એ પ્રશ્ન] પૂછ્યું ત્યાં આ [સત્ય શું છે ? એ] પણ પૂછવું જોઈતું હતું ને ?' એમ કહી તેની મશ્કરી કરી. ત્યારે નારદ કહે છે - 'સાચી વાત છે, ભટ્ટારક=પ્રભુને ન પૂછ્યું. [અથવા સત્ય શું ? એ ભગવાનને નહોતું પૂછ્યું.]' પછી વિચારવા લાગ્યો. જાતિસ્મરણ જ્ઞાન થયું. પ્રતિબોધ પામ્યો. 'सोयव्वमेव' વગેરે પ્રથમ અધ્યયન કહે છે.

આ રીતે બાકીના અધ્યયનો પણ જાણવા.

**ટીકા :-**

'निसीहं' **ति** निशीथो **मध्यरात्रिः, तद्वद्रहोभूतं यदध्ययनं तन्निशीथं आचाराङ्गपञ्चमचूडेत्यर्थः । अस्मादेव ग्रन्थार्थाभ्यां महत्तरं** महानिशीथं । 'जंबुद्दीवपन्नत्ति' **त्ति जम्बूद्वीपादिस्वरूपप्रज्ञापनं यस्यां ग्रन्थपद्धतौ सा जम्बूद्वीपप्रज्ञप्तिः** । 'सूरपन्नत्ति' **त्ति सूरचरितप्रज्ञापनं यस्यां सा सूरप्रज्ञप्तिः, केचिदेनामुत्कालिकमध्येऽधीयन्ते । तदपि युक्तं, नन्द्यध्ययनेऽप्यस्या उत्कालिकमध्येऽधीतत्वादिति** । 'चंदपण्णत्ति' **त्ति चन्द्रचारविचारप्रतिपादको ग्रन्थश्चन्द्रप्रज्ञप्तिः** । 'दीवसागरपन्नत्ति' **त्ति द्वीपसागराणां प्रज्ञापनं यस्यां ग्रन्थपद्धतौ सा द्वीपसागरप्रज्ञप्तिः । इह चावलिकाप्रविष्टेतरविमानप्रविभजनं यस्यां ग्रन्थपद्धतौ सा** विमानप्रविभक्तिः, **सा चैका अल्पग्रन्थार्था, तथाऽन्या महाग्रन्थार्था, अतः** क्षुल्लिकाविमानप्रविभक्तिः महतीविमानप्रविभक्तिः **इति** । 'अंगचूलिय' **त्ति** अङ्गस्य **आचारादेः** चूलिका **अङ्गचूलिका यथाऽऽचारस्यानेकविधा, इहोक्तानुक्तार्थसङ्ग्रहात्मिका चूलिका** । 'वग्गचूलिय' **त्ति इह** वर्गो[१]**ऽध्ययनादिसमूहः यथाऽन्तकृद्दशा-**

१. अध्ययनानां समूहः - इति नन्दिसूत्रे सू. ४४वृत्तौ पाठः ।

**स्वष्टौ वर्गा इत्यादि, तस्य** चूलिका **वर्ग्गचूलिका** । 'विवाहचूलिय' **त्ति** व्याख्या **भगवती तस्याः** चूलिका **व्याख्याचूलिका** । 'अरुणोववाए' **त्ति इह** अरुणो **नाम देवः, तत्समयनिबद्धो ग्रन्थः, तद् उपपातहेतुः** अरुणोपपातो, **यदा तदध्ययनमुपयुक्तः सन् श्रमणः परिवर्त्तयति तदाऽसावरुणो देवः स्वसमयनिबद्धत्वाच्चलितासनः सम्भ्रमोद्भ्रान्तलोचनः प्रयुक्तावधिस्तद्विज्ञाय हृष्टप्रहृष्टश्चलचपलकुण्डलधरो दिव्यया द्युत्या, दिव्यया विभूत्या, दिव्यया गत्या यत्रैवासौ भगवान् श्रमणः, तत्रैवोपागच्छति । उपागत्य भक्तिभरावनतवदनो विमुक्तवरकुसुमवृष्टिरवपतति । अवपत्य च तदा तस्य श्रमणस्य पुरतः स्थित्वा अन्तर्हितः कृताञ्जलिकः उपयुक्तः संवेगविशुद्ध्यमानाध्यवसायः शृण्वंस्तिष्ठति । समाप्ते च भणति — 'सुस्वाध्यायितं सुस्वाध्यायितमिति वरं वृणु' इति । ततोऽसाविहलोकनिष्पिपासः समतृणमणिमुक्तालेष्टुकाञ्चनः सिद्धिवधूनिर्भरानुगतचित्तः श्रमणः प्रतिभणति — 'न मे वरेणार्थ' इति, ततोऽसावरुणो देवोऽधिकतरजातसंवेगः प्रदक्षिणां कृत्वा वन्दित्वा नमस्कृत्वा च प्रतिगच्छति । एवं वरुणोपपातगरुडोपपातधरणोपपातवैश्रमणोपपातवेलन्धरोपपातदेवेन्द्रोपपातेष्वपि वाच्यम् ।**

'उट्ठाणसुए' **त्ति** उत्थानश्रुतं **अध्ययनं "तं पुण संघमाइयकज्जेसु[१] जस्सेगस्स कुलस्स वा गामस्स वा जाव रायहाणीए वा समणे कयसंकप्पे आसुरत्ते अप्पसन्ने अप्पसन्नलेसे विसमासुहासणत्थे उवउत्ते समाणे उट्ठाणसुयमज्झयणं परियट्टेइ एक्कं दोन्नि तिन्नि वा वारे, ताहे से कुले वा गामे वा जाव रायहाणी वा ओहयमणसंकप्पे विलवंते दुयं दुयं पहाविंते उट्टेइ, उव्वसइ त्ति वुत्तं भवइ"** । 'समुट्ठाणसुए' **त्ति** समुत्थानश्रुतं **अध्ययनं "तं पुण समत्तकज्जे तस्सेव कुलस्स वा गामस्स वा जाव रायहाणीए वा से चेव समणे कयसंकप्पे तुट्ठे पसन्ने पसन्नलेसे समसुहासणत्थे उवउत्ते समुट्ठाणसुयमज्झयणं परियट्टेइ एक्कं दोन्नि तिन्नि वा वारे, ताहे से कुले वा गामे वा जाव रायहाणी वा पहट्ठचित्ते सुपसत्थमंगलकलयलं कुणमाणे मंदाए गईए सललियं आगच्छंते समुट्ठाइ, आवसइ त्ति वुत्तं भवइ । एवं कयसंकप्पस्स परियट्टंतस्स पुव्वुट्ठियं पि समुट्ठेइ ।" इतः षष्ठ्यन्तानि श्रुताभिधानानि दृश्यन्ते, विभक्तिविपरिणामात् प्रथमान्तानि व्याख्येयानि । अथवा — णकारस्यालङ्कारार्थत्वात् प्रथमान्तान्येवामूनि द्रष्टव्यानि । अथवा — प्रथमान्तान्येवामूनि पठनीयानि क्वापि तथैव दर्शनात्** । 'नागपरियावलियाओ' **त्ति** नागपरिज्ञा **नाग त्ति नागकुमारः, तत्समयनिबद्धमध्ययनं "तं जया समणे उवउत्ते परियट्टेइ तया अकयसंकप्पस्स वि ते नागकुमारा तत्थत्था चेव परियाणंति वंदंति नमंसंति बहुमाणं च करेंति, संघमाइयकज्जेसु य वरदा भवंतीति"** । 'निरयावलिआओ' **त्ति** निरयावलिका: **यासु आवलियापविट्ठा इयरे य निरया तग्गामिणो य नरतिरिया पसंगओ वन्निज्जन्ति** । 'कप्पियाओ' **त्ति**

१. अयं पाठः पूर्वमुद्रितप्रत्यनुसारेण गृहीतोऽस्ति । 'अ'प्रतौ 'सिंगनाइयकज्जेसु' इति पाठः । 'ब'प्रतौ 'संघनाइयकज्जेसु' इति पाठः । 'नाइय=स्वजनवर्गः' इति द्वयोरपि प्रत्योः टिप्पणम् ।

**सौधर्मादिकल्पगतवक्तव्यतागोचरा ग्रन्थपद्धतयः कल्पिका उच्यन्ते ।** 'कप्पवडिंसियाओ' **त्ति ''सोहम्मीसाणकप्पेसु जाणि कप्पप्पहाणाणि विमाणाणि ताणि कप्पवडिंसयाणि, तेसु य देवीओ जा जेण तवोविसेसेण उववन्नाओ इड्ढिं च पत्ताओ, एयं जासु सवित्थरं वन्निज्जइ ताओ** कल्पावतंसिकाः **प्रोच्यन्त इति ।''** 'पुप्फियाओ' **त्ति इह यासु ग्रन्थपद्धतिषु गृहवास-मुकुलपरित्यागेन प्राणिनः संयमभावपुष्पिताः सुखिताः, पुनः संयमभावपरित्यागतो दुःखा-वाप्तिमुकुलेन मुकुलिताः, पुनस्तत्परित्यागादेव पुष्पिताः प्रतिपाद्यन्ते ताः** पुष्पिता **उच्यन्ते ।** 'पुप्फचूलियाओ' **त्ति पूर्वोक्तार्थविशेषप्रतिपादिकाः** पुष्पचूडा **इति ।** 'वण्हिदसाओ' **त्ति** वृष्णिः **अन्धकवृष्णिनराधिपः तद्वक्तव्यताविषया दशा वृष्णिदशा उच्यन्त इति ।**

**ટીકાર્થ :-**

૬. निशीथः - નિશીથ એટલે મધ્યરાત્રિ. તેમાં જેમ વસ્તુ ગુપ્ત રહે તેમ ગુપ્ત રાખવા યોગ્ય રહસ્યભૂત [ગીતાર્થો સિવાય સામાન્ય સાધુને નહીં ભણાવવા યોગ્ય] જે અધ્યયન તે 'નિશીથ' અર્થાત્ શ્રી આચારાંગસૂત્રની પાંચમી ચૂલિકા.

૭. महानिशीथः - ઉપરોક્ત નિશીથથી મૂળ ગ્રંથ અને અર્થથી જે મોટું છે તે મહાનિશીથ.

૮. जम्बूद्वीपप्रज्ञप्तिः - જંબૂદ્વીપ વગેરેનું સ્વરૂપ જે ગ્રંથમાં જણાવેલું છે તે ગ્રંથનું નામ જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ.

૯. सूरप्रज्ञप्तिः - સૂર્યના માંડલા અને તેનું પરિભ્રમણ વગેરે જેમાં જણાવવામાં આવ્યું છે તે સૂરપ્રજ્ઞપ્તિ. કેટલાકો આને ઉત્કાલિક શ્રુતમાં ગણે છે તે પણ યોગ્ય છે, કેમ કે નંદીઅધ્યયનમાં આને ઉત્કાલિકશ્રુતમાં કહી છે.

૧૦. चन्द्रप्रज्ञप्तिः - ચંદ્રનું પોતાના માંડલામાં પરિભ્રમણ જણાવનારો ગ્રંથ તે ચંદ્રપ્રજ્ઞપ્તિ.

૧૧. द्वीपसागरप्रज्ञप्तिः - અસંખ્યાતા દ્વીપો અને સમુદ્રોનું જેમાં વર્ણન છે તે ગ્રંથનું નામ દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ.

૧૨. क्षुल्लिकाविमानप्रविभक्तिः ૧૩. महतीविमानप्रविभक्तिः - વૈમાનિક દેવોના આવલિકા-પ્રવિષ્ટ=શ્રેણિગત અને ઇતર=પ્રકીર્ણક વિમાનોનો વિભાગ જે ગ્રંથમાં બતાવ્યો છે તે ગ્રંથનું નામ વિમાન-પ્રવિભક્તિ. તેમાં એક અલ્પ ગ્રંથ અને અર્થવાળી છે તે ક્ષુલ્લિકાવિમાનપ્રવિભક્તિ અને બીજી મોટા ગ્રંથ અને અર્થવાળી છે તે મહતીવિમાનપ્રવિભક્તિ.

૧૪. अङ्गचूलिका - શ્રી આચારાંગ વગેરે અંગસૂત્રોની ચૂલિકાઓ તે અંગચૂલિકાઓ, જેમ કે શ્રી આચારાંગસૂત્રની અનેક ચૂલિકાઓ છે. અહીં મૂળ ગ્રંથમાં કહેલા અને નહીં કહેલા વિશેષ અર્થનો સંગ્રહ જેમાં હોય તે ચૂલિકા જાણવી.

૧૫. वर्गचूलिकाः - અહીં વર્ગ એટલે અધ્યયન વગેરેનો સમૂહ. જેમ કે શ્રી અંતકૃદ્દશાસૂત્રમાં આઠ વર્ગો છે વગેરે. આવા વર્ગ ઉપરની ચૂલિકા તે વર્ગચૂલિકા.

૧૬. व्याख्याचूलिका: - વ્યાખ્યા એટલે ભગવતીસૂત્ર. તેની ચૂલિકાઓ તે વ્યાખ્યાચૂલિકા.

૧૭. अरुणोपपात: - અહીં અરુણ એટલે એ નામનો દેવ. તેના સમય=સિદ્ધાંત=કલ્પ=આચારને જણાવનારો તથા તેના ઉપપાતમાં હેતુભૂત ગ્રંથ તે અરુણોપપાત. જ્યારે સાધુ ઉપયોગપૂર્વક તે અધ્યયનનું પરિવર્તન=પાઠ કરે ત્યારે તે અધ્યયન પોતાના સમય=આચારને નિબદ્ધ હોવાથી તે અરુણદેવનું આસન ચલાયમાન થાય છે. આસન ચલાયમાન થવાથી સંભ્રમ [=ઉતાવળ, ભ્રાંતિ]થી ભમી રહેલી આંખોવાળો એવો તે દેવ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને તે સાધુને જાણે છે અને જાણીને અતિ આનંદિત થઈ ચલાયમાન થઈ રહેલા ચપળ કુંડલોવાળો એવો તે દેવ દિવ્ય તેજથી, દિવ્ય વિભૂતિથી અને દિવ્ય ગતિથી જ્યાં તે સાધુ ભગવાન્ છે ત્યાં આવે છે. આવીને અત્યંત ભક્તિથી મુખ નમાવી શ્રેષ્ઠ પુષ્પોની વૃષ્ટિ કરી નીચે આવે છે.

નીચે આવીને તે સાધુની સામે રહીને अन्तर्हित:=અદૃશ્ય રહીને હાથ જોડીને ઉપયોગપૂર્વક સંવેગ વડે વિશુદ્ધ થઈ રહેલા અધ્યવસાયવાળો થઈને સાંભળતો રહે છે. એ અધ્યયનનો પાઠ પૂરો થતાં 'ખૂબ સરસ સ્વાધ્યાય કર્યો. વરદાન માંગો.' એ પ્રમાણે કહે છે - ત્યારે

- આ લોક સંબંધી પિપાસા[=ઈચ્છા]થી રહિત,
- ઘાસ, મણિ, મોતી, માટીના ઢેફા અને સુવર્ણને સમાન ગણતો અને
- સિદ્ધિરૂપી વધૂ ઉપર અત્યંત અનુરાગયુક્ત ચિત્તવાળો

એવો તે સાધુ કહે છે - મારે વરદાનનું કોઈ પ્રયોજન નથી. પછી તે અરુણદેવ અત્યંત અધિક સંવેગવાળો બની સાધુને પ્રદક્ષિણા કરી, વંદન કરી, નમસ્કાર કરીને પાછો જાય છે.

૧૮. वरुणोपपात:, ૧૯. गरुडोपपात:, ૨૦. धरणोपपात:, ૨૧. वैश्रमणोपपात:, ૨૨. वेलन्धरो-पपात:, ૨૩. देवेन्द्रोपपात: - આ બધા પણ 'અરુણોપપાત'ની જેમ તે-તે નામવાળા દેવોના ઉપપાતમાં હેતુ એવા અધ્યયનો જાણવા.

૨૪. उत्थानश्रुतम् - (संघमाइयकज्जेसु=)[૧] સંઘ વગેરે સંબંધી કોઈ વિશિષ્ટ કાર્ય આવી પડે ત્યારે સાધુ કોઈ એક કુલ, ગામ યાવત્ રાજધાનીનો સંકલ્પ કરી [आसुरत्ते=] લાલ આંખો-બિહામણાં મુખવાળો, ક્રોધિત, અપ્રસન્ન, અપ્રસન્ન લેશ્યાવાળો, વિષમ અશુભ આસને સ્થિત અને ઉપયુક્ત થઈ ઉત્થાનશ્રુત અધ્યયનનું એક, બે કે ત્રણ વાર પરાવર્તન કરે. ત્યારે તે કુલ, ગામ કે રાજધાની વગેરે ભયભીત થઈને વિલાપ કરતા જલદીથી નાસવા માંડે. તે કુલ વગેરે આખું ખાલી થઈ જાય. [આવું કાર્ય સંઘ વગેરેની રક્ષા માટે કોઈ તથાવિધ યોગ્ય સાધુને કરવાનું હોય છે.]

૧. અથવા પાઠાંતરે सिंगनाइयकज्जेसु = શૃંગનાદિતકાર્યોમાં. જે શૃંગભૂત=પ્રમુખ=મુખ્ય હોય તે શૃંગનાદિતકાર્ય. ચૈત્ય=જિનમંદિર અથવા જિનપ્રતિમાનો વિનાશ, ચૈત્યદ્રવ્યવિનાશ, સાધુને કોઈ મારી નાખે કે દીક્ષા છોડાવી દે, 'આ સાધુઓને કોઈએ ભોજન કે ઉપધિ આપવા નહીં' એ પ્રમાણે ભોજન કે ઉપધિનો વ્યવચ્છેદ કરે, કોઈ બ્રાહ્મણ સાધુઓને કહે કે 'બ્રાહ્મણોને વંદન કરો', સાધુઓને કોઈક બંધાવે કે માર મરાવે, સાધુઓ પર દ્વેષી થયેલો રાજા વગેરે સાધુઓનો દેશનિકાલ કરે કે આક્રોશ કરે - આ બધા શૃંગનાદિત કાર્યો છે.
અથવા પાઠાંતરે संघनाइयकज्जेसु=સંઘના નાયક (આચાર્ય વગેરે)ના કાર્યોમાં.

૨૫. समुत्थानश्रुतम् - સંઘ વગેરેનું તે કાર્ય પૂરું થતાં તે જ કુલ, ગામ કે રાજધાનીનો સંકલ્પ કરી તે જ સાધુ તુષ્ટ, પ્રસન્ન, પ્રસન્ન લેશ્યાવાળો, સમ-શુભ આસને સ્થિત અને ઉપયુક્ત થઈ સમુત્થાનશ્રુત અધ્યયનનું એક, બે કે ત્રણ વાર પરાવર્તન કરે. ત્યારે તે કુલ, ગામ કે રાજધાની આનંદિત ચિત્તવાળી થઈ સુપ્રશસ્ત મંગલ નાદ કરતી મંદગતિથી આનંદપૂર્વક પાછી આવી સમુત્થિત થાય=પોતપોતાના સ્થાને વસે.

આ રીતે સંકલ્પ કરેલ સાધુ પરાવર્તન કરે તો પૂર્વે ઉત્થિત થયેલું (ઉજ્જડ થયેલું) પણ પુનઃ વસી જાય. [પોતે પૂર્વે ઉત્થાનશ્રુત વડે ઉત્થિત કર્યું હોય તે પણ પુનઃ વસે.]

હવે પછીથી ષષ્ઠી બહુવચન અંતવાળા શ્રુતોના નામો [नागपरियावलियाणं વગેરે] દેખાય છે, પણ તેમાં વિભક્તિવ્યત્યય કરીને પ્રથમા વિભક્તિવાળા તરીકે વ્યાખ્યા કરવી. અથવા णंકાર શબ્દના અલંકાર માટે હોવાથી આ બધા નામો પ્રથમા વિભક્તિવાળા જ જાણવા. અથવા ક્યાંક [કોઈક પ્રતમાં] આ બધા નામો પ્રથમા વિભક્તિમાં દેખાતા હોવાથી પ્રથમા વિભક્તિવાળા જ જાણવા.

૨૬. नागपर्यावलिका: - નાગ એટલે નાગકુમાર દેવો. તેમના સિદ્ધાંત એટલે કે કલ્પ-આચારને જણાવનારું અધ્યયન તે નાગપર્યાવલિકા. જ્યારે સાધુ ઉપયોગપૂર્વક તેનું પરાવર્તન કરે ત્યારે તે દેવનો સંકલ્પ ન કરવા છતાં તે નાગકુમાર દેવો સ્વસ્થાને રહ્યા રહ્યા તેને જાણે, વંદન કરે, નમસ્કાર કરે, બહુમાન કરે અને સંઘ વગેરેના કાર્ય માટેનું વરદાન આપે.

૨૭. निरयावलिका: - શ્રેણિબદ્ધ અને પ્રકીર્ણક નરકાવાસોનું, તથા ત્યાં ભવિષ્યમાં ઉત્પન્ન થનારા તિર્યંચો અને મનુષ્યોનું જેમાં વર્ણન છે તે નિરયાવલિકાઓ.

૨૮. कल्पिका: - સૌધર્મ વગેરે કલ્પોનું (દેવલોકનું) જેમાં વર્ણન છે તે ગ્રંથપદ્ધતિઓ= સૂત્રશ્રેણિઓ કલ્પિકાઓ કહેવાય છે.

૨૯. कल्पावतंसिका: - સૌધર્મ અને ઈશાન દેવલોકમાં કલ્પપ્રધાન જે વિમાનો છે તે 'કલ્પાવતંસક' કહેવાય છે. તેમાં ઉત્પન્ન થયેલી જે દેવીઓ [સ્વ-સ્વ કર્તવ્યથી બંધાયેલી] જે વિશિષ્ટ તપથી ઉત્પન્ન થઈ છે અને ઋદ્ધિને પામી છે તે ભાવોનું વર્ણન વિસ્તારથી જેમાં છે તે ગ્રંથશ્રેણિઓ કલ્પાવતંસિકાઓ કહેવાય છે.

૩૦. पुष्पिका: - જીવ ગૃહવાસમાં બંધનોના ત્યાગથી અને સંયમભાવથી પુષ્પિત (સુખી) બને છે, પુનઃ સંયમભાવના ત્યાગથી અશુભ કર્મો બાંધી દુઃખની પ્રાપ્તિ વડે કરમાય છે, પુનઃ તેના [=અસંયમભાવના] ત્યાગથી [એટલે કે શુભ ભાવથી] પુષ્પની જેમ ખીલે છે [એટલે કે આત્મવિકાસ સાધે છે] વગેરે વિષયોનું પ્રતિપાદન કરનારી સૂત્રશ્રેણિને પુષ્પિકાઓ કહેવાય છે.

૩૧. पुष्पचूलिका: - ઉપર કહી તે પુષ્પિકાઓના વિષયને સવિશેષ જણાવનારી ચૂલિકાઓ પુષ્પચૂલિકાઓ કહેવાય છે.

૩૨. वृष्णिका: અને ૩૩. वृष्णिदशा: - વૃષ્ણિ એટલે અંધકવૃષ્ણિ રાજા. તેનું વર્ણન જેમાં કરેલું છે તે 'વૃષ્ણિકાઓ' કહેવાય છે અને તે સંખ્યાથી દશ હોવાથી તેને વૃષ્ણિદશાઓ કહેવાય છે. [અથવા અંધકવૃષ્ણિરાજાના કુળમાં જન્મેલાઓની દશા=અવસ્થા(તેઓનું ચરિત, કઈ ગતિમાં ગયા, મોક્ષમાં ક્યારે ગયા/જશે વગેરે)નું વર્ણન જે ગ્રંથમાં છે તે વૃષ્ણિદશા.]

ટીકા :-

'आसीविसभावणाओ'[1] त्ति आश्यो द्रंष्ट्राः, तासु विषं येषां ते आशीविषाः, ते च द्विविधा- जातितः कर्मतश्च, तत्र जातितो वृश्चिकमण्डूकसर्प्पमनुष्यजातयः क्रमेण बहुबहुतरबहुतमा- तिबहुतमविषाः, वृश्चिकविषं ह्युत्कृष्टतोऽर्द्धभरतक्षेत्रप्रमाणं शरीरं व्याप्नोति, मण्डूकविषं तु भरतक्षेत्रप्रमाणं, भुजङ्गविषं तु जम्बूद्वीपप्रमाणं, मनुष्यविषं तु समयक्षेत्रप्रमाणं वपुर्व्याप्नोति । कर्मतस्तु पञ्चेन्द्रियतिर्यञ्चो मनुष्या देवाश्च आसहस्रारादिति । एते हि तपश्चरणानुष्ठानतोऽन्यतो वा गुणत आशीविषवृश्चिकभुजङ्गादिसाध्यं कर्म क्रियां कुर्वन्ति, शापप्रदानादिना परं व्यापा- दयन्तीत्यर्थः । देवाश्चापर्याप्तावस्थायां तच्छक्तिमन्तो द्रष्टव्याः । ते हि पूर्वमनुष्यभवे समुपार्जिता- सीविषलब्धयः सहस्रारान्तदेवेष्वभिनवोत्पन्ना अपर्याप्तावस्थायां प्राग्भविकासीविषलब्धिमन्तो मन्तव्याः, ततः परं तल्लब्धिनिवृत्तेः । पर्याप्ता अपि देवाः शापादिना परं विनाशयन्ति, किन्तु लब्धिव्यपदेशस्तदा न प्रवर्तत्त, इत्येवंविधमाशीविषस्वरूपं भाव्यते प्रतिपाद्यते यासु ग्रन्थ- पद्धतिषु ता आशीविषभावना इति । 'दिट्ठीविसभावणाओ' त्ति दृष्टौ विषं येषां ते दृष्टिविषाः, तत्स्वरूपप्रतिपादिका दृष्टिविषभावना इति । 'चारणभावणाओ' त्ति अतिशयबहुगमनस्वरूपात् चरणात् चारणाः सातिशयगमनागमनलब्धिसंपन्नाः साधुविशेषाः, ते च द्विविधा — विद्या- चारणा जङ्घाचारणाश्च, तत्र विद्या विवक्षितः कोऽप्यागमः, तत्प्रधानः चारणो विद्याचारणः, अस्य च यथाविधि सातिशयषष्ठलक्षणेन तपसा सर्वदैव तपस्यतो विद्याचारणलब्धिरुत्पद्यते, तया चासौ इत एकेनोत्पातेन मानुषोत्तरपर्वतं गच्छति, चैत्यानि च तत्र वन्दते, ततो द्वितीयेनोत्पातेन नन्दीश्वरनामानमष्टमद्वीपं गत्वा चैत्यानि वन्दते, तत एकेनोत्पातेन प्रतिनिवृत्य यतः स्थानाद्गतः पुनस्तत्रागच्छतीत्येष तावत्तस्य तिर्यग्गतिविषयः । ऊद्र्ध्वं त्वित एकेनोत्पातेन नन्दनवनं गत्वा तत्र चैत्यानि वन्दते, ततो द्वितीयोत्पातेन मेरुशिखरस्थं पण्डकवनं गत्वा चैत्यानि वन्दते, ततश्चैकेनोत्पातेन प्रतिनिवृत्य यतः स्थानाद्गतः पुनस्तत्रागच्छतीति । लूतातन्तुनिर्वर्तित- पुटकतन्तून् सूरकरान् वा निश्रां कृत्वा जङ्घाभ्यामाकाशेन चरतीति जङ्घाचारणः, अस्य च यथाविधि सातिशयाष्टमलक्षणेन विकृष्टतपसा सर्वदैव तपस्यतो जङ्घाचारणलब्धिरुत्पद्यते, तया चासौ इत एकेनोत्पातेन त्रयोदशं रुचकवरद्वीपं गत्वा तत्र चैत्यानि वन्दते, ततो निवर्त्तमानो द्वितीयेनोत्पातेन नन्दीश्वरमागत्य तत्र चैत्यानि वन्दते, ततस्तृतीयेनोत्पातेन यतः स्थानाद्गत- स्तत्रागच्छतीत्येषोऽस्य तिर्यग्गतिविषयः । ऊद्र्ध्वं त्वित एकेनोत्पातेन पण्डकवनं गत्वा चैत्यानि वन्दते, ततो निवर्त्तमानो द्वितीयेनोत्पातेन नन्दनवने चैत्यानि वन्दित्वा तृतीयेनोत्पातेन यतः स्थानाद्गतस्तत्रागच्छतीत्यादि चारणस्वरूपं भाव्यते सविस्तरं प्रतिपाद्यते यासु ताश्चारणभावना इति । 'महासुविणभावणाओ' त्ति - महास्वप्नानि गजवृषभसिंहादीनि भाव्यन्ते यासु ता महा- स्वप्नभावना इति । 'तेयगनिसग्गाणं' ति तैजसनिसर्गो वर्ण्यते यासु ताः तैजसनिसर्गा इति । अत्र

१. दृश्यतां स्थानाङ्गसूत्रे अ. ४, उ. ४, सू. ३४१ ।

**चाशीविषभावनादिग्रन्थपञ्चकस्वरूपं नामानुसारतो दर्शितं, विशेषसम्प्रदायश्च न दृष्ट इति । एतान्यपि षट्त्रिंशदध्ययनान्युपलक्षणभूतानि द्रष्टव्यानि, यतो भगवतो वृषभस्वामिन आदि-तीर्थकरस्य चतुरशीतिप्रकीर्णसहस्राणि, तथा मध्यमानामजितादीनां पार्श्वपर्यन्तानां जिनवराणां सङ्ख्येयानि प्रकीर्णकसहस्राणि, यस्य यावन्तः शिष्यास्तस्य तावन्तीत्यर्थः । तथा चतुर्दश-प्रकीर्णकसहस्राणि भगवतो वर्द्धमानस्वामिन आसन्निति । उक्तं कालिकं, तदभिधाना-च्चावश्यकव्यतिरिक्तं, तद्ग्रहणाच्चाङ्गबाह्यं श्रुतमुक्तम् ॥**

**ટીકાર્થ :-**

૩૪. आशीविषभावना: - આશી એટલે દાઢા. તેમાં જેને વિષ હોય તે આશીવિષ કહેવાય. તેઓ બે પ્રકારે છે - જાતિથી અને કર્મથી. તેમાં જાતિથી આશીવિષ વીંછી, દેડકા, સર્પ અને મનુષ્યની જાતિઓ છે. તેઓ અનુક્રમે બહુ, બહુતર, બહુતમ અને અતિબહુતમ વિષવાળા છે. તેમાં વીંછીનું ઝેર ઉત્કૃષ્ટથી અડધા ભરતક્ષેત્ર જેવડા શરીરમાં, દેડકાનું ઝેર ભરતક્ષેત્ર જેવડા શરીરમાં, સર્પનું ઝેર જંબૂદ્વીપ જેવડા શરીરમાં અને મનુષ્યનું ઝેર સમયક્ષેત્ર [અઢી દ્વીપ] જેવડા શરીરમાં વ્યાપી શકે છે. [આ માત્ર તેમના વિષનો વિષય=સામર્થ્ય છે, વાસ્તવમાં આવું બન્યું નથી, બનતું નથી, બનશે પણ નહીં.]

કર્મથી આશીવિષ પંચેન્દ્રિય તિર્યંચો, મનુષ્યો અને સહસ્રાર [આઠમા દેવલોક] સુધીના દેવો હોય છે. આ જીવો તપશ્ચર્યાથી કે બીજા કોઈ ગુણથી આશીવિષ વીંછી, સર્પ વગેરે જેવું કર્મ એટલે કે ક્રિયા કરી શકે છે. એટલે કે શાપ આપવો વગેરે વડે બીજાને મારી શકે છે. દેવો અપર્યાપ્ત અવસ્થામાં જ આશીવિષલબ્ધિવાળા જાણવા.

પૂર્વના મનુષ્ય ભવમાં આશીવિષલબ્ધિ ઉપાર્જિત કરી સહસ્રાર સુધીના દેવોમાં અભિનવ [નૂતન] ઉત્પન્ન થયેલા દેવો અપર્યાપ્ત અવસ્થામાં પૂર્વના ભવ સંબંધી આશીવિષલબ્ધિવાળા જાણવા. તે પછી પર્યાપ્ત અવસ્થામાં તે પૂર્વના ભવ સંબંધી લબ્ધિ નિવૃત્ત થાય છે. પર્યાપ્ત દેવો પણ શાપ આપવો વગેરે વડે બીજાનો વિનાશ કરી શકે છે, પણ ત્યારે તે આશીવિષલબ્ધિ કહેવાતી નથી. [કેમ કે પર્યાપ્ત થતાની સાથે જ તે લબ્ધિ નાશ પામે છે.] આવા પ્રકારનું આશીવિષનું સ્વરૂપ જે ગ્રંથશ્રેણિમાં भाव्यते=ભાવના કરાય છે-પ્રતિપાદન કરાય છે તેને આશીવિષભાવના કહેવાય છે.

૩૫. दृष्टिविषभावना: - જેઓની દૃષ્ટિમાં વિષ છે તે દૃષ્ટિવિષો કહેવાય છે. તેઓના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર ગ્રંથશ્રેણિ તે દૃષ્ટિવિષભાવના.

૩૬. चारणभावना: - અતિશય બહુ=ઘણું ગમન સ્વરૂપ ચરણ (ચાલવું) વડે યુક્ત હોય તે ચારણો, એટલે કે અતિશયયુક્ત ગમનાગમન કરવાની લબ્ધિથી યુક્ત સાધુવિશેષો. તેઓ બે પ્રકારે છે - વિદ્યાચારણો અને જંઘાચારણો.

તેમાં વિદ્યા એટલે વિવક્ષિત કોઈક આગમ. વિદ્યા પ્રધાન છે જેને એવો ચારણ તે વિદ્યાચારણ. તેને વિધિપૂર્વક અતિશયસહિત છઠ્ઠતપ વડે સર્વદા તપ કરતા વિદ્યાચારણલબ્ધિ ઉત્પન્ન થાય છે. તેના વડે તે અહીંથી [=જંબૂદ્વીપ-ભરતક્ષેત્રથી] એક ઉત્પાત=કૂદકા વડે માનુષોત્તરપર્વત જાય, ત્યાં ચૈત્યો

વંદે અને ત્યાંથી બીજા કૂદકા વડે નંદીશ્વર નામના આઠમા દ્વીપે જઈને ચૈત્યો વંદે. પછી ત્યાંથી એક જ કૂદકાથી પાછો ફરી જે સ્થાનેથી ગયો હતો તે સ્થાને ફરી આવે. આ તેમનો તિર્યગ્ ગતિનો વિષય છે. ઉર્ધ્વ ગતિના વિષયમાં અહીંથી એક કૂદકા વડે નંદનવન જઈને ત્યાં ચૈત્યો વંદે, પછી ત્યાંથી બીજા કૂદકા વડે મેરુપર્વતના શિખર પર રહેલા પંડકવન જઈને ત્યાં ચૈત્યો વંદે. પછી ત્યાંથી એક જ કૂદકા વડે જે સ્થાનેથી ગયો હતો તે સ્થાને ફરીથી પાછો ફરે.

કરોળિયાએ બનાવેલી જાળના તંતુઓની કે સૂર્યના કિરણોની નિશ્રા કરીને બંને જંઘા વડે જે આકાશમાં ચરે તે જંઘાચારણ. તેને વિધિપૂર્વક અતિશયયુક્ત અટ્ઠમરૂપ વિકૃષ્ટ તપ વડે હંમેશાં તપ કરતા જંઘાચારણલબ્ધિ ઉત્પન્ન થાય છે. તેના વડે તે અહીંથી એક કૂદકા વડે તેરમા રૂચકવરદ્વીપ જઈને ત્યાં ચૈત્યો વંદે, પછી ત્યાંથી પાછા ફરતા બીજા કૂદકા વડે નંદીશ્વર દ્વીપ આવીને ત્યાં ચૈત્યો વંદે, પછી ત્યાંથી ત્રીજા કૂદકા વડે જે સ્થાનેથી ગયો હતો તે સ્થાને પાછો આવે. આ તેમનો તિર્યગ્ ગતિનો વિષય છે. ઉર્ધ્વ ગતિના વિષયમાં અહીંથી એક કૂદકા વડે પંડકવન જઈને ચૈત્યો વંદે. પછી ત્યાંથી પાછા ફરતા બીજા કૂદકા વડે નંદનવને ચૈત્યો વંદી ત્રીજા કૂદકા વડે જે સ્થાનેથી ગયો હતો તે સ્થાને પાછો આવે.

આ ઉપર કહ્યું તે વગેરે ચારણનું સ્વરૂપ જે ગ્રંથશ્રેણિમાં भाव्यते=ભાવના કરાય=વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરાય છે તે ચારણભાવના.

૩૭. महास्वप्नभावना: - હાથી-બળદ-સિંહ વગેરે મહાસ્વપ્નો જે ગ્રંથશ્રેણિમાં ભાવના કરાય છે=વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરાય છે તે મહાસ્વપ્નભાવના.

૩૮. तैजसनिसर्ग: -તૈજસ પુદ્ગલોને શરીરમાંથી કાઢવા-ફેંકવારૂપ નિસર્ગ જે ગ્રંથશ્રેણિમાં વર્ણવાય છે તે તૈજસનિસર્ગ. [અર્થાત્ તેજોલેશ્યા મૂકવી તે.]

અહીં આશીવિષભાવના વગેરે પાંચ ગ્રંથોનું સ્વરૂપ નામને અનુસારે દર્શાવ્યું છે, એથી વિશેષ વર્ણન શાસ્ત્રોથી કે સંપ્રદાય(પરંપરા)થી મળતું નથી.

આ છત્રીશ અધ્યયનો ઉપલક્ષણભૂત જાણવાં[૧]. [અર્થાત્ બીજા પણ અધ્યયનો છે.] કારણ કે [જે તીર્થંકરને જેટલી સાધુસંપદા હોય તેમના શાસનમાં તેટલી સંખ્યામાં પ્રકીર્ણક(પયન્ના)સૂત્રો હોય છે. એ ન્યાયે -] આદિતીર્થંકર ભગવાન શ્રીવૃષભસ્વામીને ચોરાશી હજાર[૨] પ્રકીર્ણકસૂત્રો હતાં તથા શ્રી અજિતનાથથી માંડીને શ્રીપાર્શ્વનાથ સુધીના મધ્યમ જિનવરોને સંખ્યાત હજાર એટલે કે જેમને જેટલા શિષ્ય હતા તેમને તેટલા પ્રકીર્ણકસૂત્રો હતાં. તથા ભગવાન શ્રી વર્ધમાનસ્વામીને ચૌદ હજાર પ્રકીર્ણકસૂત્રો હતાં.

કાલિકશ્રુત કહેવાઈ ગયું. તે કહેવાથી આવશ્યકવ્યતિરિક્ત કહેવાઈ ગયું અને તે કહેવાથી અંગબાહ્ય શ્રુત કહેવાઈ ગયું.

---

૧. મૂળસૂત્રમાં ૩૮ અધ્યયનોના નામ છે, માટે અમે ટીકાના ભાષાંતરમાં ૩૮ નામ દર્શાવ્યા છે, જ્યારે અહીં સૂર્યપ્રજ્ઞપ્તિને ઉત્કાલિકમાં ગણી અને વૃષ્ણિકા-વૃષ્ણિદશા બંનેને એક ગણી ૩૬ અધ્યયનો કહ્યા છે. ૨. કાલિક-ઉત્કાલિકભેદભિન્ન પ્રકીર્ણકરૂપ અધ્યયનો (- નંદીસૂત્ર સૂ. ૪૪ ટીકા)

साम्प्रतमङ्गप्रविष्टश्रुतसमुत्कीर्त्तनायाह —

હવે અંગપ્રવિષ્ટ શ્રુતના સમુત્કીર્તન માટે કહે છે -

સૂત્ર :-

**नमो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं दुवालसंगं गणिपिडगं भगवंतं तंजहा-आयारो, सूयगडो, ठाणं, समवाओ, विवाहपन्नत्ती, नायाधम्मकहाओ, उवासगदसाओ, अंतगडदसाओ, अणुत्तरोववाइयदसाओ, पण्हावागरणं, विवागसुयं, दिट्ठीवाओ १२ । सव्वेहिंपि एयंमि दुवालसंगे गणिपिडगे भगवंते ससुत्ते, सअत्थे, सगंथे, सन्निज्जुत्तिए, ससंगहणिए जे गुणा वा, भावा वा अरहंतेहिं, भगवंतेहिं पन्नत्ता वा, परूविया वा ते भावे सद्दहामो, पत्तियामो, रोएमो, फासेमो, पालेमो, अणुपालेमो, ते भावे सद्दहंतेहिं, पत्तियंतेहिं, रोयंतेहिं, फासंतेहिं, पालंतेहिं, अणुपालंतेहिं, अंतोपक्खस्स जं वाइयं, पढियं, परियट्टियं, पुच्छियं, अणुपेहियं, अणुपालियं, तं दुक्खक्खयाए, कम्मक्खयाए, मोक्खाए, बोहिलाभाए, संसारुत्तारणाए त्तिकट्टु उवसंपज्जित्ता णं विहरामि । अंतो-पक्खस्स जं न वाइयं, न पढियं, न परियट्टियं, न पुच्छियं, नाणुपेहियं, नाणुपालियं संते बले, संते वीरिए, संते पुरिसकारपरक्कमे तस्स आलोएमो, पडिक्कमामो, निंदामो, गरिहामो, विउट्टेमो, विसोहेमो, अकरणयाए अब्भुट्ठेमो, अहारिहं तवोकम्मं पायच्छित्तं पडिवज्जामो तस्स मिच्छामि दुक्कडं ॥**

સૂત્રાર્થ :-

તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ કે જેઓએ આ ભગવાન્ એવું બાર અંગોના સમૂહરૂપ ગણિપિટક શ્રુત અમોને આપ્યું છે. તે બાર અંગેના નામ આ પ્રમાણે - આચાર, સૂત્રકૃત, સ્થાન, સમવાય, વિવાહપ્રજ્ઞપ્તિ, જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશા, અંતકૃદ્દશા, અનુત્તરૌપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ, વિપાકશ્રુત, દૃષ્ટિવાદ.

આ ઉપર્યુક્ત સર્વ પ્રકારના ભગવાન્ એવા બાર અંગોના સમૂહરૂપ ગણિપિટક શ્રુતમાં કે જે સૂત્ર-અર્થ-ગ્રંથ-નિર્યુક્તિ અને સંગ્રહણીથી સહિત છે તેમાં જે ગુણો અથવા ભાવો શ્રી અરિહંત ભગવંતોએ સામાન્ય અને વિશેષ રૂપમાં કહ્યા છે તે ભાવોને અમે શ્રદ્ધાગત કરીએ છીએ, તેમાં પ્રીતિ-રુચિ, તેનો સ્પર્શ-પાલન અને અનુપાલન કરીએ છીએ, તે ભાવોમાં શ્રદ્ધા-પ્રીતિ-રુચિ તથા તેનો સ્પર્શ-

પાલન અને વારંવાર પાલન કરતાં અમે આ પખવાડિયામાં બીજાને જે કાંઈ ભણાવ્યું, સ્વયં ભણ્યા, સૂત્રનું પરાવર્તન કર્યું, શંકિત પૂછ્યું, અર્થથી ચિંતવ્યું અને એ રીતે સર્વ પ્રકારે આરાધ્યું, તે સઘળું અમારા દુઃખોનો-કર્મનો ક્ષય કરશે, અમારી મુક્તિ કરશે, અન્ય જન્મમાં સમ્યગ્ ધર્મની પ્રાપ્તિ કરાવશે અને ભવભ્રમણથી પાર ઊતારશે, એ કારણે તેને અંગીકાર (વારંવાર અનુમોદનાદિ) કરતાં અમે વર્તીએ છીએ. આ પખવાડિયામાં (અધિકારીને) જે ન ભણાવ્યું, સ્વયં ન ભણ્યા, સૂત્રનું પરાવર્તન ન કર્યું, પૂછ્યું નહીં, અર્થ ચિંતવ્યા નહીં, એમ શરીરબળ, ઉત્સાહ અને પરાક્રમ હોવા છતાં જે જે આરાધ્યું નહીં તે-તે પ્રમાદરૂપ અતિચારની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, વ્યાવર્તન અને વિશુદ્ધિ કરીએ છીએ, પુનઃ એ પ્રમાદ નહિ કરવાનો નિશ્ચય કરીએ છીએ અને એ પ્રમાદરૂપ અનારાધનાને ઘટતું તપ નામનું પ્રાયશ્ચિત્ત અંગીકાર કરીને તે પાપનું 'મિથ્યા દુષ્કૃત' કરીએ છીએ.

**ટીકા :-**

**एतच्च प्राग्वद्व्याख्येयं, नवरं** गणिपिटकम्-**आचार्यस्यार्थसारप्रधानभाजनमित्यर्थः ।** 'आयारो' **त्ति आचरणं** आचारः **आचर्यत इति वा** आचारः, **शिष्टाचरितो ज्ञानाद्यासेवनविधिरित्यर्थः, तत्प्रतिपादको ग्रन्थोऽपि** आचार **एवोच्यते ।** 'सूयगडो' **त्ति 'सूच सूचायां' सूचनात्सूत्रं, सूत्रेण कृतं सूत्रकृतं स्वपरसमयादिसकलपदार्थसूचकं यदित्यर्थः ।** 'ठाणं' **ति** तिष्ठन्ति **आसते-वसन्ति यथावदभिधेयतयैकत्वादिविशेषिता आत्मादयः पदार्था यस्मिंस्तत्** स्थानम्, **अथवा-**स्थान**शब्देनेहैकादिकः सङ्ख्याभेदोऽभिधीयते, ततश्चात्माद्यर्थगतानामेकादिदशान्तानां स्थानानामभिधायकत्वेन** स्थानम्, **आचाराभिधायकत्वादाचारवदिति ।** 'समवाओ' **त्ति** सम् **इति सम्यक्,** अव **इत्यधिकः,** अयः **जीवादिपरिच्छेदः समवायः, तद्धेतुश्च ग्रन्थोऽपि** समवाय **इति ।** 'विवाहपण्णत्ति' **त्ति** विशिष्टा वाहा **अर्थप्रवाहाः तत्त्वार्थविचारपद्धतय इत्यर्थः, तेषां** प्रज्ञप्तिः **प्रज्ञापनं व्याख्यानं यस्यां सा** विवाहप्रज्ञप्तिः, **पूज्यत्वेन नामान्तरतो भगवतीत्यपीयमुच्यते ।** 'नायाधम्मकहाओ' **त्ति** ज्ञातानि **उदाहरणानि तत्प्रधाना** धर्मकथा ज्ञाताधर्मकथा । 'उवासगदसाओ' **त्ति** उपासकाः **श्रावकाः तद्गतक्रियाकलापप्रतिबद्धा** दशा **दशाध्ययनोपलक्षिता** उपासकदशाः, 'अंतगडदसाओ' **त्ति** अन्तो **विनाशः, स च कर्मणस्तत्फलभूतस्य वा संसारस्य** कृतो **यैस्ते अन्तकृताः ते च तीर्थकरादयः, तेषां दशाः प्रथमवर्गे दशाध्ययनानीति तत्सङ्ख्ययोपलक्षिता** अन्तकृत(द्)दशा **इति ।** 'अणुत्तरोववाइयदसाओ' **त्ति** उत्तरः **प्रधानो, नास्योत्तरो विद्यत इति** अनुत्तरः, **उपपतनं** उपपातो **जन्मेत्यर्थः, अनुत्तरश्चासावुपपातश्चेत्यनुत्तरोपपातः, सोऽस्ति येषां ते** अनुत्तरोपपातिकाः **सर्वार्थसिद्धादिविमानपञ्चकोपपातिन इत्यर्थः, तद्वक्तव्यताप्रतिबद्धा** दशा **दशाध्ययनोपलक्षिता** अनुत्तरोपपातिकदशा **इति ।** 'पण्हावागरणं' **ति** प्रश्ना**श्च पृच्छा** व्याकरणानि **च निर्वचनानि, समाहारत्वात् प्रश्नव्याकरणं, तत्प्रतिपादको ग्रन्थोऽपि** प्रश्नव्याकरणं **इति ।** 'विवागसुयं' **ति विपचनं** विपाकः **शुभाशुभकर्मपरिणाम इत्यर्थः, तत्प्रतिपादकं** श्रुतं विपाकश्रुतं ।

'दिट्ठिवाओ' **त्ति** दृष्टयो **दर्शनानि, वदनं** वादः, **दृष्टीनां वादो** दृष्टिवादः, **दृष्टीनां वा पातो यत्रा-ऽसौ** दृष्टिपातः **सर्वनयदृष्टयो यत्राख्यायन्ते समवतरन्ति चेति भावः । इत्युत्कीर्त्तितं सामान्यतो-ऽङ्गप्रविष्टश्रुतं ॥**

**ટીકાર્થ :-**

આની વ્યાખ્યા પહેલાંની જેમ જાણવી. સિવાય કે -

गणिपिटकम् - ગણિ એટલે આચાર્ય, તેમની પિટક એટલે પેટી, એટલે કે સારભૂત એવા અર્થ માટેનું પ્રધાન ભાજન એટલે કે આગમવચનરૂપ રત્નોનો કરંડીયો-ખજાનો. દ્વાદશાંગ એટલે કે બાર અંગોનો સમૂહ એ આચાર્યનો ખજાનો છે.

તે બાર અંગોના નામો આ પ્રમાણે -

૧. आचारः - આચરણ કરવું તે આચાર, અથવા જે આચરાય તે આચાર, અર્થાત્ શિષ્ટ પુરુષોએ આચરેલો જ્ઞાન વગેરે(પાંચ)નું આસેવન કરવાનો વિધિ. તેનું પ્રતિપાદન કરનાર ગ્રંથ પણ 'આચાર' કહેવાય છે.

૨. सूत्रकृतम् - 'सूच्' ધાતુ સૂચના કરવાના અર્થમાં છે. જે માત્ર સૂચન કરે તે સૂત્ર. તેવા સૂત્રો વડે કૃત=કરાયેલો=ગૂંથાયેલો જે ગ્રંથ તે સૂત્રકૃત. તે ગ્રંથ સ્વ-પર દર્શનનું સ્વરૂપ વગેરે સકલ પદાર્થને જણાવનારો છે.

૩. स्थानम् - એક, બે, ત્રણ વગેરે સંખ્યાની વિવક્ષાપૂર્વક 'આત્મા' વગેરે પદાર્થો જેમાં યથાવત્ અભિધેય [કહેવા યોગ્ય] તરીકે રહેલા છે - વસે છે - સ્થાપેલા છે તે સ્થાન. અથવા 'સ્થાન' શબ્દ વડે અહીં એક-બે-ત્રણ વગેરે સંખ્યાભેદ કહેવાય છે. માટે 'આત્મા' વગેરે પદાર્થોમાં રહેલા એકથી દશ સુધીના સ્થાનોનો અભિધાયક (કહેનાર) હોવાથી 'સ્થાન' કહેવાય છે, જેમ આચારને જણાવનાર ગ્રંથ 'આચાર' કહેવાય છે તેમ.

૪. समवायः - सम्=સમ્યક્ રીતે, अव=અધિક રૂપમાં, अयः=જીવાદિ પદાર્થોનું જ્ઞાન તે સમવાય. અને તે સમવાયનું કારણ એવો ગ્રંથ પણ 'સમવાય' કહેવાય છે.

૫. विवाहप्रज्ञप्तिः - વિશિષ્ટ વાહો=અર્થપ્રવાહો એટલે કે તત્ત્વાર્થના વિચારની પદ્ધતિઓ. તેઓની પ્રજ્ઞપ્તિ=પ્રજ્ઞાપન=વ્યાખ્યાન જે ગ્રંથમાં છે તે વિવાહપ્રજ્ઞપ્તિ. [જેમાં ભગવાન્ શ્રી મહાવીરદેવને શ્રી ગૌતમસ્વામી ગણધરે પૂછેલા પ્રશ્નો અને ઉત્તરોરૂપે અનેકવિધ વિષયોનું ગંભીર વર્ણન કરેલું છે.] અધિક પૂજ્ય હોવાથી તે 'ભગવતી' એવા અન્ય નામથી પણ કહેવાય છે.

૬. ज्ञाताधर्मकथाः - 'જ્ઞાત' એટલે ઉદાહરણ, તે પ્રધાન છે જેમાં એવી ધર્મકથાઓને જણાવનારો ગ્રંથ તે 'જ્ઞાતાધર્મકથાઓ' જાણવો.

૭. उपासकदशाः - ઉપાસકો એટલે શ્રાવકો. તેઓ સંબંધી ક્રિયાઓના સમૂહને જણાવનાર દશ અધ્યયનો વડે ઉપલક્ષિત ગ્રંથ તે ઉપાસકદશા.

૮. अन्तकृतदशाः - અંત એટલે વિનાશ. કર્મોનો કે તત્ફલભૂત સંસારનો અંત જેઓએ કર્યો છે તે તીર્થંકરો વગેરે અન્તકૃતો કહેવાય છે. આ ગ્રંથના પહેલા વર્ગના દશ અધ્યયનોમાં આ અંતકૃતોનું વર્ણન હોવાથી આ ગ્રંથ અંતકૃતદશા કહેવાય છે.

૯. अनुत्तरोपपातिकदशाः - ઉત્તર એટલે પ્રધાન. જેનાથી ઉત્તર=પ્રધાન કોઈ વિદ્યમાન નથી તે અનુત્તર. ઉપપાત એટલે જન્મ. અનુત્તર એવો ઉપપાત તે અનુત્તરોપપાત. અનુત્તરોપપાત જેઓનો છે તે અનુત્તરોપપાતિકો એટલે કે સર્વાર્થસિદ્ધ વગેરે પાંચ અનુત્તરવિમાનોમાં ઉત્પન્ન થયેલા જીવો. તેઓનું વક્તવ્ય=વર્ણન જેમાં છે એવો દશ અધ્યયનોવાળો ગ્રંથ તે અનુત્તરોપપાતિકદશા.

૧૦. प्रश्नव्याकरणम् - પ્રશ્નો એટલે પૃચ્છાઓ. વ્યાકરણ એટલે નિર્વચન (ઉત્તરો-સમાધાન વચનો). એ બંનેનો સમાહાર દ્વંદ્વસમાસ થઈને 'પ્રશ્નવ્યાકરણ' નામ બન્યું છે. એ બંનેનો પ્રતિપાદક ગ્રંથ તે પ્રશ્નવ્યાકરણ.

૧૧. विपाकश्रुतम् - વિશેષથી પકાવવું તે વિપાક એટલે કે શુભ અને અશુભ કર્મોનું પરિણામ (ફળ). તેનું પ્રતિપાદન કરનાર શ્રુત તે વિપાકશ્રુત.

૧૨. दृष्टिवादः - દૃષ્ટિ એટલે દર્શન. બોલવું તે વાદ. દૃષ્ટિઓ એટલે કે સર્વ દર્શનોનો વાદ તે દૃષ્ટિવાદ. અથવા [પ્રાકૃત 'दिट्ठिवाओ'નું સંસ્કૃત 'दृष्टिपातः' કરીને અર્થ કરે છે -] દૃષ્ટિઓનો પાત જેમાં છે તે દૃષ્ટિપાત. એટલે કે સર્વ નયો રૂપ ભિન્ન ભિન્ન દૃષ્ટિઓ (અપેક્ષાઓ) જેમાં કહેવાય છે અને જેમાં સમવતાર (સમાવેશ) પામે છે તે દૃષ્ટિપાત.

આ રીતે સામાન્યથી અંગપ્રવિષ્ટ શ્રુતનું ઉત્કીર્તન કર્યું.

**साम्प्रतं श्रुतदातृपालकेभ्यो नमस्कारमात्मीयप्रमादविषये मिथ्यादुष्कृतं चाह —**

હવે આ શ્રુતને આપનારા તથા પાલન કરનારાઓને નમસ્કાર કરવા માટે તથા પોતાના પ્રમાદના વિષયમાં 'મિચ્છા મિ દુક્કડં' આપવા માટે કહે છે -

**सूत्र :-**

**नमो तेसिं खमासमणाणं जेहिं इमं वाइयं दुवालसंगं गणिपिडगं भगवंतं, सम्मं काएण फासंति, पालंति, पूरंति, तीरंति, किट्टंति, सम्मं आणाए आराहंति, अहं च नाराहेमि तस्स मिच्छामि दुक्कडं ।**

**सूत्रार्थ :-**

તે ક્ષમાશ્રમણોને નમસ્કાર થાઓ કે જેઓએ ભગવાન્ એવું આ શ્રી આચાર્યના રત્નોના ખજાના તુલ્ય બાર અંગોરૂપ શ્રુત અમોને આપ્યું છે અને જેઓ સારી રીતે [આ શ્રુતનો] કાયાથી સ્પર્શ કરે છે, પાલન કરે છે, પૂર્ણ કરે છે, તરે છે, કીર્તન કરે છે અને આજ્ઞાના યથાર્થ પાલન દ્વારા આરાધે છે. વળી, હું જે જે આરાધના નથી કરતો તે-તે દોષનું 'મિચ્છા મિ દુક્કડં' આપું છું.

ટીકા :-

नमो **नमस्कारोऽस्तु**, तेभ्यः क्षमाश्रमणेभ्यः **क्षमादिगुणगणप्रधानमहामुनिभ्यः स्वगुरुभ्यः तीर्थंकरगणधरादिभ्यो वेति भावः**, यैरिदं **प्रागुक्तं** वाचितं **प्रदत्तं परिभाषितं वा सूत्रार्थतः प्रणीतमित्यर्थः** द्वादशाङ्गं **द्वादशानामङ्गानां समाहारो द्वादशाङ्गं, किंविशिष्टम् ? इत्याह** — 'गणिपिडगं' **ति गुणगणः साधुगणो वाऽस्यास्तीति** गणी **आचार्यः, तस्य** पिटकं **इव रत्नादि-करण्डक इव पिटकं** गणिपिटकं **सर्वार्थसारकोशभूतमित्यर्थः, पुनरपि किंविशिष्टं ?** – 'भगवंतं' **ति भगः समग्रैश्वर्यादिलक्षणः, यदुक्तं** —

**'ऐश्वर्यस्य समग्रस्य रूपस्य यशसः श्रियः ।**
**धर्मस्याथ प्रयत्नस्य षण्णां भग इतीङ्गना ॥१॥''**

इङ्गना **नाम, सा विद्यते यस्य तद्भगवत्, तत्रेह समग्रैश्वर्यं सातिशयाभिधेयविभूतिः । यदवाचि** —

**''सव्वनईणं जा होज्ज, वालुया सव्वउदहिं जं वा सलिलं ।**
**एत्तो वि अणंतगुणो, अत्थो एगस्स सुत्तस्स ॥१॥''**

रूपं **च निर्दोषत्वसारवत्त्वहेतुयुक्तत्वालङ्कृतत्वादिगुणगणसम्पाद्यं,** यशश्च **विश्वव्यापिनी कीर्त्तिः,** श्रीश्च **कमनीयता श्रुतिहृदयानन्ददायितेत्यर्थः,** धर्मश्च **अभिधेयत्वेन सर्वोपाधिविशुद्धो-ऽहिंसादिकः,** प्रयत्नश्च **अभिधेयतया सर्वप्रमादवर्जनरूप उद्यमः, अथवा** प्रयत्नो **माहात्म्यं प्रभावः सामर्थ्यमितियावत्, सुप्रसिद्धश्चैतदागमस्वरूपवेदिनामिति ।**

**ये चेदं** सम्यग् **अवैपरीत्येन** कायेन **कायप्रवृत्त्या न मनोमात्रेणेत्यर्थः,** स्पृशन्ति **ग्रहणकाले विधिना गृह्णन्ति,** पालयन्ति **पुनः पुनरभ्यासकरणेन रक्षन्ति,** पूरयन्ति **मात्राबिन्द्वक्षरादिभिरध्येतृ-दोषादपरिपूर्णं परिपूर्णं कुर्व्वन्ति,** तीरयन्ति **अविस्मृतं जन्मपारं नयन्ति,** कीर्त्तयन्ति **स्वनामभिः स्वाध्यायकरणतो वा संशब्दयन्ति,** सम्यगाज्ञया आराधयन्ति सम्यग् **यथावत्** आज्ञया **तदुक्तार्थ-रूपया गुरुनियोगात्मिकया वा** आराधयन्ति **तदुक्तक्रियाकरणतः फलदं कुर्व्वन्तीत्यर्थः, तेभ्योऽपि नम इति प्रक्रमः ।** ''अहं च नाराहेमि'' **यच्च** अहं नाराधयामि **प्रमादतो नानुपालयामि,** तस्स **त्ति षष्ठिसप्तम्योरभेदात्** तस्मिन् **आराधनाविषये** 'मिच्छा मि दुक्कडं' **ति मिथ्या मे दुष्कृतं इति स्वदुश्चरितानुतापसूचकं स्वदोषप्रतिपत्तिसूचकं वा प्रतिक्रमणमिति परिभाषितं वाक्यं प्रयच्छा-मीत्यर्थः ॥**

ટીકાર્થ :-

नमः - નમસ્કાર થાઓ. [કોને ?-]

तेभ्यः क्षमाश्रमणेभ्यः - તે ક્ષમાશ્રમણોને એટલે કે ક્ષમા વગેરે ગુણોનો સમૂહ જેઓમાં પ્રધાન

છે એવા મહામુનિઓને. [તે ક્ષમાશ્રમણો કોણ છે ? તે કહે છે -] પોતાના ગુરુ અથવા તીર્થંકર-ગણધર વગેરે.

यैः इदं वाचितं - જેઓએ પૂર્વે કહેલું આ શ્રુત અમોને આપ્યું છે અથવા સૂત્ર અને અર્થરૂપે રચ્યું છે. [ગુરુએ અમને આ શ્રુત આપ્યું છે. શ્રી તીર્થંકરોએ અર્થથી રચ્યું છે. શ્રી ગણધરોએ સૂત્રથી રચ્યું છે.]

द्वादशाङ्गं - બાર અંગોનો સમૂહ તે દ્વાદશાંગ. તે દ્વાદશાંગ કેવું છે ? તે કહે છે -

गणिपिटकम् - ગુણોનો સમૂહ કે સાધુઓનો સમૂહ જેની પાસે છે તે ગણિ એટલે કે આચાર્ય. તેમનું પિટક=પેટી એટલે કે રત્ન વગેરેના કરંડીયા (ખજાના) તુલ્ય (એવું દ્વાદશાંગ). અર્થાત્ સર્વ ધનના સાર એવા કોશ (તિજોરી) જેવું.

વળી કેવું છે ? તે કહે છે -

भगवत् - સમગ્ર ઐશ્વર્ય વગેરે સ્વરૂપ 'ભગ' જેની પાસે છે તે ભગવાન્. કહ્યું છે -

'સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, શોભા, ધર્મ અને પ્રયત્ન - આ છનું 'ભગ' એ પ્રમાણે નામ છે.' ॥૧॥

દ્વાદશાંગમાં આ ૬ ભગ ઘટાવે છે -

૧. અહીં અતિશયવાળા અભિધેયરૂપ વિભૂતિ તે **ઐશ્વર્ય** છે. [આ દ્વાદશાંગમાં કહેવાતા પદાર્થો અત્યંત અતિશયવાળા છે.] કહ્યું છે -

'સર્વે નદીઓની જેટલી રેતી થાય કે સર્વ સમુદ્રોનું જેટલું પાણી થાય તેનાથી પણ અનંતગુણ અર્થ એક સૂત્રનો છે.' ॥૧॥

૨. નિર્દોષત્વ, સારવત્ત્વ, હેતુયુક્તત્વ, અલંકૃતત્વ વગેરે ગુણોનો સમૂહ તે **રૂપ** છે.

૩. વિશ્વવ્યાપિની કીર્તિ તે **યશ** છે.

૪. કમનીયતા એટલે કે કાન અને હૃદયને આનંદ પમાડવાપણું તે **શ્રી=શોભા** છે.

૫. દરેક પ્રકારના (ઉપાધિ=) ધર્મના વિચાર વડે વિશુદ્ધ એવો અહિંસા વગેરે **ધર્મ** આ દ્વાદશાંગના અભિધેય (=વિષય) રૂપે છે.

૬. **પ્રયત્ન** એટલે કે સર્વ પ્રમાદના ત્યાગરૂપ ઉદ્યમ આ દ્વાદશાંગના અભિધેય રૂપે છે. અથવા પ્રયત્ન એટલે માહાત્મ્ય=પ્રભાવ=સામર્થ્ય. અને આ દ્વાદશાંગમાં માહાત્મ્ય છે એ આગમસ્વરૂપના જાણકારોને સુપ્રસિદ્ધ જ છે.

[ये चेदम्] - અને વળી જેઓ આ દ્વાદશાંગને.

सम्यक् - સમ્યક્ રીતે, અવિપરીતપણાથી.

कायेन - કાયાની પ્રવૃત્તિ વડે, માત્ર મન વડે નહીં.

स्पृशन्ति - સ્પર્શ કરે છે એટલે કે ગ્રહણકાળે (ભણવાના સમયે) વિધિપૂર્વક ગ્રહણ કરે છે.

पालयन्ति - પાલન કરે છે એટલે કે વારંવાર અભ્યાસ (પુનરાવર્તન) કરવા વડે રક્ષા કરે છે.

पूरयन्ति - પૂર્ણ કરે છે એટલે કે ભણનારના દોષથી માત્રા - બિંદુ - અક્ષર વગેરે વડે અપરિપૂર્ણ હોય તો તેને પરિપૂર્ણ કરે છે [એટલે કે દ્વાદશાંગને ભણનાર માત્રા-બિંદુ-અક્ષર વગેરેને ભૂલે તો તેને સુધારે છે - પૂરે છે.]

तीरयन्ति - તરાવે છે એટલે કે જીવે ત્યાં સુધી વિસ્મરણ નહિ થવા દેતા જીવનના છેડા સુધી પહોંચાડે છે - યાદ રાખે છે.

कीर्तयन्ति - કીર્તન કરે છે એટલે કે તે તે ગ્રંથને પોતપોતાના નામથી બોલે છે અથવા તેનો સ્વાધ્યાય કરવા દ્વારા બોલે છે.

सम्यगाज्ञया आराधयन्ति - તે દ્વાદશાંગમાં કહેલી આજ્ઞા અથવા સ્વગુરુની આજ્ઞાના સમ્યક્= યથાવત્ પાલનપૂર્વક તેમાં કહેલી ક્રિયાઓને - અનુષ્ઠાનોને કરીને તે દ્વાદશાંગની આરાધના કરે છે એટલે કે સફળ કરે છે.

[तेभ्योऽपि नमः] - 'તેઓને પણ નમસ્કાર થાઓ' એ અર્થ અહીં પણ જોડવો.

अहं च नाराधयामि - અને જે હું આરાધતો નથી એટલે કે પ્રમાદથી પાલન કરતો નથી.

तस्य - ષષ્ઠી અને સપ્તમી વિભક્તિનો અભેદ હોવાથી અહીં 'तस्मिन्' એમ સપ્તમી વિભક્તિ સમજવી એટલે કે તે આરાધનાના વિષયમાં.

मिथ्या मे दुष्कृतम् - મારું તે દુષ્કૃત મિથ્યા થાઓ. આ પોતાના દુશ્ચરિતના પશ્ચાત્તાપનું સૂચક અથવા પોતાના દોષના સ્વીકારનું સૂચક એવું પ્રતિક્રમણ=પરિભાષિત વાક્ય છે. મારા તે [આરાધના ન કરવારૂપ] દુષ્કૃતનું 'મિચ્છા મિ દુક્કડં' આપું છું.

**साम्प्रतं प्रस्तुतसूत्रपरिसमाप्तौ श्रुतदेवतां विज्ञपयितुमाह —**

હવે પ્રસ્તુત સૂત્રની સમાપ્તિમાં શ્રુતદેવતાને વિજ્ઞપ્તિ=વિનંતી કરવા માટે કહે છે -

**ગાથા :-**

**सुयदेवया भगवई, नाणावरणीयकम्मसंघायं ।**
**तेसिं खवेउ सययं, जेसिं सुयसायरे भत्ती ॥१॥**

**ગાથાર્થ :-**

ભગવતી શ્રુતદેવતા તેઓના જ્ઞાનાવરણીયકર્મના સમૂહને સતત (હંમેશાં) ક્ષય કરો કે જેઓને આ શ્રુતજ્ઞાનરૂપ સમુદ્ર ઉપર ભક્તિ છે. ॥૧॥

**ટીકા :-**

श्रुतं **अर्हत्प्रवचनं, श्रुताधिष्ठात्री** देवता श्रुतदेवता, **सम्भवति च श्रुताधिष्ठातृदेवता, यदुक्तं कल्पभाष्ये** -

**"सव्वं च लक्खणोवेयं समहिट्ठंति देवता ।**
**सुत्तं च लक्खणोवेयं, जेण सव्वण्णुभासियं ति ॥१॥"**

भगवती **पूज्या,** ज्ञानावरणीयकर्मसङ्घातं **ज्ञानाशातनया उद्भूतं ज्ञानघ्नकर्मनिवहं** तेषां **प्राणिनां** क्षपयतु **क्षयं नयतु** सततं **अनवरतं,** येषां **किम् ? इत्याह-**श्रुतं **एवातिगम्भीरतया अतिशयरत्नप्रचुरतया च** सागरः-**समुद्रः**-श्रुतसागरः **तस्मिन्** भक्तिः **बहुमानो विनयश्च समस्तीति गम्यते । ननु श्रुतरूपदेवताया उक्तरूपविज्ञापना युक्ता, श्रुतभक्तेः कर्मक्षयकारणत्वेन सुप्रतीतत्वात्, श्रुताधिष्ठातृदेवतायास्तु व्यन्तरादिप्रकाराया न युक्ता, तस्याः परकर्मक्षयेऽसमर्थत्वादिति । तन्न, श्रुताधिष्ठातृदेवतागोचरशुभप्रणिधानस्यापि स्मर्तुः कर्मक्षयहेतुत्वेनाभिहितत्वात्, यदुक्तं -**

**"सुयदेवयाए जीए संभरणं, कम्मक्खयकरं भणियं ।**
**नत्थि त्ति अकज्जकरी व, एवमासायणा तीए त्ति ॥१॥"**

**किञ्च - इहेदमेव व्याख्यानं कर्तुमुचितं, येषां सततं श्रुतसागरे भक्तिः, तेषां श्रुताधिष्ठातृदेवता ज्ञानावरणीयकर्मसङ्घातं क्षपयत्वितिवाक्यार्थोपपत्तेः, व्याख्यानान्तरे श्रुतरूपदेवता श्रुते भक्तिमतां कर्म क्षपयत्विति सम्यग् नोपपद्यते, श्रुतस्तुतेः प्राग्बहुशोऽभिहितत्वाच्चेति । ततः स्थितमिदं-अर्हत्पाक्षिकी श्रुतदेवतेह गृह्यते इति ।**

**॥ इति पाक्षिकवृत्तिः समाप्ता ॥**

**ટીકાર્થ :-**

श्रुतदेवता - શ્રુત એટલે અર્હત્પ્રવચન. શ્રુતની અધિષ્ઠાત્રી દેવતા (=દેવી) તે શ્રુતદેવતા. શ્રુતની અધિષ્ઠાત્રી દેવતા સંભવે છે. કારણ કે કલ્પભાષ્યમાં કહ્યું છે -

"લક્ષણથી યુક્ત બધી જ વસ્તુઓને દેવતાઓ અધિષ્ઠિત કરે છે અને શ્રુત લક્ષણથી યુક્ત છે, કેમ કે સર્વજ્ઞ વડે કહેવાયેલું છે." ॥૧॥

भगवती - પૂજ્ય.

ज्ञानावरणीयकर्मसङ्घातम् - જ્ઞાનની આશાતનાથી ઊભા થયેલા જ્ઞાનને હણનારા કર્મનો સમૂહ.

तेषां - તે પ્રાણીઓના=જીવોના.

क्षपयतु - ક્ષય પમાડો.

सततं - અનવરત=હંમેશાં.

येषां - જેઓને

श्रुतसागरे - શ્રુત એ જ અતિગંભીર હોવાથી અને રત્નો વડે અત્યંત પ્રચુર=ભરેલું હોવાથી સાગર તે શ્રુતસાગર, તે શ્રુતસાગરને વિષે.

भक्तिः - ભક્તિ એટલે કે બહુમાન અને વિનય છે.

**શંકા** - શ્રુત રૂપ દેવતાને ઉપર કહેલી વિનંતી કરો તે યોગ્ય છે. કેમ કે શ્રુતભક્તિ કર્મક્ષયનું કારણ છે, એ સુપ્રસિદ્ધ છે. પણ શ્રુતની અધિષ્ઠાત્રી દેવતા તો વ્યંતર - ભવનપતિ વગેરે નિકાયની દેવી હોવાથી તેને આવી વિનંતી કરવી યોગ્ય નથી. કેમ કે તે બીજાઓના કર્મનો ક્ષય કરવા સમર્થ નથી.

**સમાધાન** - તમારી શંકા બરાબર નથી, કેમ કે શ્રુતની અધિષ્ઠાત્રી દેવતાના વિષયમાં શુભ પ્રણિધાન પણ સ્મરણ કરનારના કર્મક્ષયના હેતુ તરીકે કહેલો છે. કહ્યું છે કે -

"જે શ્રુતદેવતાનું સ્મરણ કર્મક્ષય કરનાર કહ્યું છે. તે શ્રુતદેવતા નથી કે કંઈ કરતી નથી [એમ માનવું કે બોલવું] એ તેણીની આશાતના છે." ॥૧॥

વળી અહીં આ પ્રમાણે જ વ્યાખ્યાન કરવું ઉચિત છે, કેમ કે એથી જ "જેઓની સતત શ્રુતસાગરે ભક્તિ છે, તેઓનો જ્ઞાનાવરણીયકર્મસમૂહ શ્રુતની અધિષ્ઠાત્રી દેવતા ક્ષય કરો" એ પ્રમાણે વાક્યાર્થ ઉપપન્ન થાય છે. અન્ય રીતે વ્યાખ્યામાં [શ્રુતદેવતા એટલે 'શ્રુતની અધિષ્ઠાત્રી દેવતા'ને બદલે 'શ્રુતરૂપ દેવતા' એ પ્રમાણે વ્યાખ્યા કરતાં] 'શ્રુતરૂપ દેવતા શ્રુત ઉપર ભક્તિવાળા પ્રાણીઓના કર્મનો ક્ષય કરો' આ વાક્ય સમ્યગ્ રીતે ઉપપન્ન થતું=બેસતું=ઘટતું નથી. વળી, શ્રુતની સ્તુતિ તો અગાઉ ઘણી વાર કહી દીધી છે. માટે આ નક્કી થાય છે કે અર્હત્પાક્ષિકી (અરિહંત પરમાત્માના પક્ષવાળી=જૈન=લોકોત્તર, લૌકિક નહીં) શ્રુતદેવતા (સરસ્વતી દેવી) અહીં ગ્રહણ કરવી.

॥પાક્ષિકસૂત્રવૃત્તિનું ભાષાંતર પૂરું થયું.॥

ટીકા :-

**साम्प्रतं शेषप्रतिक्रमणविधिरुच्यते — तओ उद्धट्ठिय पक्खपडिक्कमणसुत्तकित्तणावसाणे विहिणा निसिइत्ता 'करेमि भंते ! सामाइयं' इत्यादि सव्वं निविट्ठपडिक्कमणं कड्डित्ता उद्धट्ठिया 'तस्स धम्मस्स.... अब्भुट्ठिओमि' त्ति एयमाइयं 'वंदामि जिणे चउव्वीसं' ति आलावगपज्जवसाणं सुत्तं कड्ढंति, कड्डिए य करेमि भंते सामाइयमिच्चाइ काउस्सग्गदंडगुच्चारणपुरस्सरं उद्धट्ठिया चेव मूलुत्तरगुणेसु जं खंडियं तस्स पायच्छित्तनिमित्तं उस्सासस्सयतिगपरिमाणं काउस्सग्गं करेंति, तत्थ बारस उज्जोयगरे चिंतंति, चउमासिए पंचसयुस्सासमाणं उज्जोयगरे वीसं, संवच्छरिए अट्ठुत्तरसहस्सुस्सासमाणं उज्जोयगरे चालीसं नमोक्कारं च चिंतंति, तओ विहिणा पारित्ता चउवीसत्थयं पढंति, पच्छा उवविट्ठा मुहणंतगं कायं च पडिलेहित्ता किइकम्मं करेंति, तओ धरणीयलनिहियजाणुकरयलुत्तमंगा समगं भणन्ति —**

ટીકાર્થ :-

હવે બાકીના પ્રતિક્રમણની વિધિ કહેવાય છે -

પછી=ઊભા ઊભા પાક્ષિકપ્રતિક્રમણસૂત્ર બોલ્યા પછી વિધિપૂર્વક બેસીને [નવકાર,] "કરેમિ ભંતે ! સામાઇયં..." વગેરે પ્રતિક્રમણસૂત્ર બેઠા બેઠા બોલી ઊભા થઈ "તસ્સ ધમ્મસ્સ [કેવલિપન્નત્તસ્સ] અબ્ભુટ્ઠિઓમિ..."થી માંડી "વંદામિ જિણે ચઉવ્વીસં" એ આલાવા સુધી પ્રતિક્રમણસૂત્ર કહે. પછી "કરેમિ ભંતે ! સામાઇયં..." વગેરે બોલી કાઉસ્સગ્ગદંડક(અન્નત્થ)ના ઉચ્ચારણપૂર્વક ઊભા ઊભા જ મૂલ-ઉત્તરગુણોમાં જે ખંડન થયું હોય તેના પ્રાયશ્ચિત્ત માટે ૩૦૦ ઉચ્છ્‌વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરે. તેમાં બાર ઉદ્યોતકર (લોગસ્સ) ચિંતવે. ચોમાસી પ્રતિક્રમણમાં ૫૦૦ ઉચ્છ્‌વાસ પ્રમાણ કાઉસ્સગ્ગમાં ૨૦ ઉદ્યોતકર અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ૧૦૦૮ ઉચ્છ્‌વાસ પ્રમાણ કાઉસ્સગ્ગમાં ૪૦ ઉદ્યોતકર અને એક નવકાર ચિંતવે. પછી વિધિપૂર્વક કાઉસ્સગ્ગ પારી ચતુર્વિંશતિસ્તવ કહે. પછી બેસીને મુહપત્તિ અને શરીર પડિલેહી કૃતિકર્મ (=વાંદણા) કરે.

પછી બંને ઘૂંટણ, બંને હાથ અને મસ્તક ધરતી પર સ્થાપી એક સાથે બોલે -

**सूत्र :-**

**इच्छामि खमासमणो ! अब्भुट्ठिओमि अब्भिंतरपक्खियं खामेउं पन्नरसण्हं दिवसाणं पन्नरसण्हं राईणं जं किंचि अपत्तियं परपत्तियं भत्ते पाणे विणए वेयावच्चे आलावे संलावे उच्चासणे समासणे अंतरभासाए उवरि-भासाए जं किंचि मज्झ विणयपरिहीणं सुहुमं वा बायरं वा तुब्भे जाणह अहं न याणामि तस्स मिच्छामि दुक्कडं । ( अहमवि खामेमि तुब्भे )**

**सूत्रार्थ :-**

હે ક્ષમાશ્રમણ ! હું પક્ષની અંદરમાં સંભવતા અતિચારોને ખમાવવા ઇચ્છું છું અને ઉદ્યત થયો છું. પંદર દિવસો અને પંદર રાત્રિઓની અંદર ભોજનના વિષયમાં, પાણીના વિષયમાં, વિનયના વિષયમાં, વૈયાવચ્ચના વિષયમાં, આલાપના વિષયમાં, સંલાપના વિષયમાં, ઊંચા આસને બેસવામાં, સમાન આસને બેસવામાં, બોલી રહેલા આપની વચ્ચે બોલવામાં અને આપ બોલી રહ્યા પછી આપનાથી અધિક બોલવામાં જે કાંઈ સામાન્યથી કે વિશેષથી [આપના વિષે મને] અલ્પ અપ્રીતિ કે અત્યંત અપ્રીતિ (અથવા બીજાના કારણે અને ઉપલક્ષણથી મારા કારણે પણ અપ્રીતિ) [થઈ હોય કે મેં આપને ઉત્પન્ન કરાવી હોય] તેનું મિચ્છા મિ દુક્કડં. વળી જે કાંઈ સામાન્યથી કે વિશેષથી મારું સૂક્ષ્મ કે બાદર વિનયરહિતપણું થયું હોય, જે આપ જાણો છો અને હું જાણતો નથી, તેનું મિચ્છા મિ દુક્કડં આપું છું. (અથવા તે અપ્રીતિ અને વિનયરહિતપણું મારા માટે મોક્ષના સાધનથી વિરુદ્ધ છે તથા દુષ્કૃત છે.)

**ગુરુવાક્ય** - હું પણ તને ખમાવું છું.

ટીકા :-

**अस्यार्थः**- इच्छामि **अभिलषामि क्षमयितुमिति योगः ।** 'खमासमणो' **त्ति हे क्षमाश्रमण ! ओकारान्तत्वं प्राकृतत्वात् । न केवलमिच्छाम्येव किन्तु** 'अब्भुट्ठिओमि' **त्ति अभ्युत्थितोऽस्मि प्रारब्धोऽस्म्यहं, अनेनाभिलाषमात्रव्यपोहेन क्षमणक्रियायाः प्रारंभमाह ।** अब्भितरपक्खियं **ति पक्षाभ्यन्तरसम्भवं अतिचारमिति गम्यते,** क्षमयितुं **मर्षयितुं इति प्रस्तावना ।**

**क्षमणमेवाह —**

'पन्नरसण्हं' **ति** पञ्चदशानां दिवसानां, पन्नरसण्हं पञ्चदशानां राईणं **ति रात्रीणां अभ्यन्तरमिति शेषः ।** 'जं किंचि' **त्ति** यत्किञ्चित् **सामान्यतो निरवशेषं वा,** अपत्तियं **प्राकृतशैल्या**ऽप्रीतिकं **अप्रीतिमात्रं,** 'परपत्तियं' **ति** प्रकृष्टमप्रीतिकं **परप्रत्ययं वा परहेतुकं, उपलक्षणत्वादस्य आत्मप्रत्ययं चेति द्रष्टव्यं, भवद्विषये मम जातं भवतां वा मया जनितमिति शेषः, तस्स मिच्छामि दुक्कड-मिति सम्बन्धः । तत्र** भक्ते-**भोजनविषये,** पाने-**पानविषये,** विनये-**अभ्युत्थानादिरूपे,** वैयावृत्ये-**औषधपथ्यदानादिनोपष्टम्भकरणरूपे,** आलापे **सकृज्जल्पे,** संलापे **मिथः कथायां,** उच्चासणे समासणे **चेति व्यक्तं,** 'अंतरभासाए' **त्ति अन्तरभाषायामाराध्यस्य भाष्यमाणस्यान्तरालभाषण-रूपायां,** उपरिभाषायां **आराध्यभाषणानन्तरमेव तदधिकभाषणरूपायां, इह समुच्चयार्थश्चशब्दो लुप्तो द्रष्टव्यः,** यत्किञ्चित् **समस्तं सामान्यतो वा,** 'मज्झ' **त्ति** मम, विनयपरिहीणं **शिक्षावियुत-त्वमनौचित्यमित्यर्थः, संजातमिति शेषः, सामस्त्यं सामान्यरूपतां वा विनयपरिहीणस्यैव दर्शयन्नाह** — सूक्ष्मं वा बादरं वा, **वाशब्दौ द्वयोरपि मिथ्यादुष्कृतविषयतातुल्यतोद्भावनार्थौ,** 'तुब्भे जाणह' **त्ति** यूयं जानीथ **यत्किञ्चिदिति वर्त्तते,** 'अहं न याणामि' **त्ति** अहं पुनर्न जानामि **मूढत्वाद् यत्किञ्चिदिति वर्त्तत एव ।** तस्सत्ति **षष्ठी-सप्तम्योरभेदात्** तस्मिन् **अप्रीतिकविषये विनयपरिहीण-विषये च,** 'मिच्छा मि दुक्कडं' **ति** मिथ्या मे दुष्कृतं **इति स्वदुश्चरितानुतापसूचकं स्वदोषप्रति-पत्तिसूचकं वा प्रतिक्रमणमिति परिभाषितं वाक्यं प्रयच्छामीति वाक्यशेषः । अथवा** — 'तस्स' **त्ति विभक्तिपरिणामात्** तद् **अप्रीतिकं विनयपरिहीणं च** मिथ्या **मोक्षसाधनविपर्ययभूतं वर्त्तते,** मे **मम, तथा** — दुष्कृतं **पापमिति स्वदोषप्रतिपत्तिरूपमपराधक्षमणमिति । अत्राचार्यो ब्रूते — 'अहमवि खामेमि तुब्भे' त्ति प्रतीतार्थमेवेदमिति ।**

**अत्राह कश्चित् — नणु पुव्वमेव सामन्नओ विसेसओ वि पक्खियावराहखामणं कयं, ता किं पुणो इयाणिं पक्खियं खामेह ? उच्यते — काउस्सग्गट्ठियाणं सुभेगग्गभावमुवगयाणं किंचि अवराहपयं सुमरियं होज्जा, तस्स खामणानिमित्तं पुणो खामणगं करेमो त्ति । अहवा — सव्वहेह पक्खपडिक्कमणपरिसमत्ती, तओ पुव्विल्लखामणगाणंतरं जं किंचि अपत्तियं वितहकिरियावइयराइणा समुप्पन्नं तमिह खामिज्जइ त्ति । अहवा — विही चेव सो कम्म-क्खयहेऊ भयवया तइयवेज्जोसहपओगसरिसो दरिसिओ, ता कायव्वमित्थ वि खामणगं, न कोइ पज्जणुजोगो कायव्वो, आणा चेवेह भागवई पमाणं ति ।**

**ટીકાર્થ :-**

इच्छामि=હું ઇચ્છું છું=અભિલાષા કરું છું. 'ખમાવવા માટે' એ પ્રમાણે સંબંધ જોડવો.

हे क्षमाश्रमण !=હે ક્ષમાશ્રમણ !=પૂજ્ય ગુરુદેવ ! અહીં પ્રાકૃતમાં खमासमणो ! માં અંતે 'ओ'કાર છે તે પ્રાકૃતના કારણે આવેલો જાણવો.

હું માત્ર ઇચ્છા જ નથી કરતો, પરંતુ

अभ्युत्थितोऽस्मि=અભ્યુત્થિત એટલે કે ઉદ્યત થયો છું એટલે કે પ્રારંભ કર્યો છે. આના વડે "માત્ર અભિલાષા જ કરી છે" એમ નહીં, પણ "મેં ક્ષમણક્રિયાનો પ્રારંભ પણ કર્યો છે" એમ જણાવે છે.

अभ्यन्तरपाक्षिकं=પક્ષની અંદરમાં સંભવતા અતિચારને

क्षमयितुम्=ખમાવવા માટે.

આ પ્રમાણે પ્રસ્તાવના કરી. હવે ક્ષમણ [ક્ષમા માંગવા માટેનું સૂત્ર] કહે છે -

पञ्चदशानां दिवसानाम्=પંદર દિવસોની અને

पञ्चदशानां रात्रीणाम्=પંદર રાત્રિઓની. 'અંદર' આટલું અધ્યાહાર જાણવું.

यत्किञ्चित्=જે કાંઈ સામાન્યથી કે બધું જ.

अप्रीतिकं=અપ્રીતિમાત્ર=અલ્પ અપ્રીતિ.

परपत्तियं=प्राप्रीतिकं=અત્યંત અપ્રીતિ.

અથવા 'परपत्तियं'નું સંસ્કૃત 'परप्रत्ययं' કરીને અર્થ કરે છે - બીજાના કારણે, ઉપલક્ષણથી મારા કારણે પણ થયેલી (અપ્રીતિમાત્ર).

"આપના વિષે મને (ઉપર કહેલ અપ્રીતિક વગેરે) થયા હોય કે મેં આપને (અપ્રીતિક વગેરે) ઉત્પન્ન કરાવ્યાં હોય" આટલું અધ્યાહારથી જાણવું. "તેનું મિચ્છા મિ દુક્કડં" એ પ્રમાણે સંબંધ જોડવો.

[અપ્રીતિક વગેરે કયા વિષયમાં થયા હોય તે કહે છે -]

भक्ते=ભોજનના વિષયમાં.

पाने=પાણીના વિષયમાં.

विनये=અભ્યુત્થાન વગેરે રૂપ વિનયના વિષયમાં.

वैयावृत्ये=ઔષધ-પથ્ય વગેરેનું દાન વગેરે વડે [બાલ-વૃદ્ધ-ગ્લાન-તપસ્વી વગેરેને] ઉપષ્ટંભ કરવા રૂપ એટલે કે ટેકો આપવા - સહાય કરવા રૂપ વૈયાવચ્ચના વિષયમાં.

आलापे=એક વાર બોલવું તે આલાપ, તેના વિષયમાં.

संलापे=પરસ્પર કથા=વાતચીત કરવી તે સંલાપ, તેના વિષયમાં.

उच्चासने=ગુરુથી ઊંચા આસને બેસવામાં.

समासने=ગુરુને સમાન આસને બેસવામાં.

अंतरभाषायाम्=આરાધ્ય વ્યક્તિ બોલી રહ્યા હોય ત્યારે વચ્ચે બોલવું તે અંતરભાષા, તેમાં.

उपरिभाषायाम्=આરાધ્ય વ્યક્તિ બોલી રહે પછી તરત જ તેમનાથી અધિક બોલવું [તેમણે કહેલી વાત વિસ્તારથી કહેવી] તે ઉપરિભાષા, તેમાં. અહીં સમુચ્ચય માટેનો 'च'='અને' શબ્દ લુપ્ત થયેલો જાણવો.

यत्किञ्चित्=જે કાંઈ બધું જ કે સામાન્યથી.

मम=મારું

विनयपरिहीणं=વિનયરહિતપણું એટલે કે શિક્ષારહિતપણું કે અનૌચિત્ય.

[सञ्जातं=] થયું હોય - આટલું અધ્યાહારથી જાણવું.

વિનયપરિહીનનું જ સમસ્તપણું કે સામાન્યરૂપતા દર્શાવતાં કહે છે -

सूक्ष्मं वा बादरं वा=સૂક્ષ્મ કે બાદર. અહીં બે वा શબ્દો છે એ સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના અતિચારો સમાનપણે મિથ્યાદુષ્કૃતના વિષય છે એ બતાવે છે. [એટલે કે સૂક્ષ્મ અતિચાર માટે મિચ્છા મિ દુક્કડંની જરૂર નથી, એવું નથી.]

यूयं जानीथ=[પૂર્વે કહેલા यत्किञ्चित्નો અહીં સંબંધ હોવાથી] જે કંઈ આપ જાણો છો.

अहं न जानामि=અને વળી હું મૂઢપણાના કારણે જે કાંઈ જાણતો નથી.

तस्स=तस्य - ષષ્ઠી અને સપ્તમી વિભક્તિનો અભેદ હોવાથી અહીં तस्य એમ ષષ્ઠી વિભક્તિનો तस्मिन् એમ સપ્તમી વિભક્તિમાં અર્થ કરવો. तस्मिन्=તે અપ્રીતિકના અને વિનયપરિહીનના વિષયમાં.

मिथ्या मे दुष्कृतम् - આ પોતાના દુશ્ચરિતના પશ્ચાત્તાપનું સૂચક અથવા પોતાના દોષના સ્વીકારનું સૂચક પ્રતિક્રમણ=પરિભાષિત વાક્ય છે. 'મિચ્છા મિ દુક્કડં' આપું છું.

અથવા -

तद् - સૂત્રમાં 'तस्स' એમ છટ્ઠી વિભક્તિ છે ત્યાં વિભક્તિનો વ્યત્યય કરીને દ્વિતીયા વિભક્તિ જાણવી. એટલે કે તે અપ્રીતિક અને વિનયપરિહીણ.

मिथ्या=મિથ્યા એટલે કે મોક્ષના સાધનની વિપરીત છે.

मे=मम=મારું=મારા માટે.

એટલે કે તે અપ્રીતિક અને વિનયપરિહીન મારા માટે મોક્ષના સાધનથી વિરુદ્ધ છે. તથા -

दुष्कृतम्=પાપ - આ પોતાના દોષના સ્વીકાર રૂપ અપરાધની ક્ષમાયાચના છે.

અહીં આચાર્ય કહે - 'अहमवि खामेमि तुब्भे'=હું પણ તને ખમાવું છું.

**શંકા :** પહેલાં જ સામાન્યથી અને વિશેષથી પણ પાક્ષિક અપરાધનું ક્ષમણ=ક્ષમાયાચના કરી. તો હવે ફરીથી કેમ પાક્ષિક ક્ષમણ કરો છો ?

**સમાધાન :** કાઉસ્સગ્ગમાં રહેલા અને શુભ એકાગ્ર ભાવને પામેલા સાધુઓને કોઈક અપરાધપદ યાદ આવ્યું હોય, તેની ક્ષમાયાચના માટે ફરીથી ક્ષમણ કરીએ છીએ.

અથવા - અહીં પાક્ષિક પ્રતિક્રમણની સર્વથા પરિસમાપ્તિ છે. માટે અગાઉના ખામણા પછી [वितहकिरियावइयराइणा=] વિપરીત ક્રિયાના વ્યતિકર=પ્રસંગ વગેરે વડે જે કાંઈ અપ્રીતિક ઉત્પન્ન થયું હોય તે અહીં ખમાવાય છે.

અથવા - કર્મના ક્ષય માટે આ વિધિ જ છે અને તે ભગવાને ત્રીજા વૈદ્યના ઔષધના પ્રયોગ સમાન બતાવી છે. માટે અહીં પણ ક્ષામણક કરવું, કોઈ પ્રશ્ન-શંકા ન કરવા. અહીં ભાગવતી આજ્ઞા જ પ્રમાણ છે.

**ततो यथा राजानं पुष्पमाणवा[1] अतिक्रान्ते माङ्गल्यकार्ये बहुमन्यन्ते यदुत अखण्डितबलस्य ते सुष्ठु कालो गतोऽन्योऽप्येवमेवोपस्थितः, एवं पाक्षिकं विनयोपचारं द्वितीयक्षामणकसूत्रेण तथास्थिता एव साधव आचार्यस्य कुर्व्वन्ति, तच्चेदं —**

પછી જેમ મંગલપાઠકો (માંગલિક સંભળાવનારાઓ) મંગળકાર્ય પૂર્ણ થતાં રાજાનું બહુમાન કરતાં 'અખંડ બલી (અપરાજિત) એવા હે રાજન્ ! આપનો ગયેલો કાળ સુંદર ગયો અને બીજો પણ એવો હિતકર-સુંદર આવ્યો' વગેરે કહે છે તેમ સાધુઓ પણ તેમજ રહીને [=બંને ઘૂંટણ, બંને હાથ અને મસ્તક ધરતી પર સ્થાપેલા રાખી] બીજા [અબ્ભુટ્ઠિઓ સૂત્રની અપેક્ષાએ બીજા] ક્ષામણકસૂત્ર વડે આચાર્યનો=ગુરુનો પાક્ષિક વિનયરૂપ ઉપચાર (સ્તુતિ) કરે છે. તે ખામણાસૂત્ર આ પ્રમાણે છે -

**सूत्र :-**

**इच्छामि खमासमणो ! पियं च मे जं भे हट्ठाणं तुट्ठाणं अप्पायंकाणं अभग्गजोगाणं सुसीलाणं सुव्वयाणं सायरियउवज्झायाणं नाणेणं दंसणेणं चरित्तेणं तवसा अप्पाणं भावेमाणाणं बहुसुभेण भे दिवसो पोसहो पक्खो वइक्कंतो अन्नो य भे कल्लाणेणं पज्जुवट्ठिओ सिरसा मणसा मत्थएण वंदामि । ( तुब्भेहिं समं ) ॥**

**सूत्रार्थ :-**

હે ક્ષમાશ્રમણ ! હું ઇચ્છું છું અને મને પ્રિય-માન્ય પણ છે કે રોગરહિત, સંતોષવાળા, તત્કાલ ઘાતક રોગથી રહિત અથવા અલ્પ રોગવાળા, અખંડ સંયમયોગોવાળા, સુંદર શીલવાળા, સુંદર વ્રતવાળા, આચાર્ય-ઉપાધ્યાય વગેરે સહિત અને જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ વડે આત્માને ભાવિત કરતાં એવા હે ભગવંત ! આપનો આજનો પર્વરૂપ દિવસ તથા પક્ષ (પખવાડિયું) અત્યંત કલ્યાણપૂર્વક

१. मङ्गलपाठकाः ।

પસાર થયો અને બીજો પક્ષ આપને કલ્યાણપૂર્વક શરૂ થયો. મસ્તક વડે, મન વડે અને વચન વડે વંદન કરું છું.

**ગુરુવાક્ય :** તમો સર્વોની સાથે.

**ટીકા :-**

**तत्र** इच्छामि-**अभिलषामि वक्ष्यमाणं वस्तु, हे** क्षमाश्रमण ! **कुतोऽपि कारणादप्रियमपि किञ्चिदिष्यत इत्याह** — प्रियं **अभिमतं, चशब्दः समुच्चये,** मे **मम, किं तद् ? इत्याह** — यद् भे **भवतां** हृष्टानां **रोगरहितानां,** तुष्टानां **तोषवतां, अथवेदं हर्षातिरेकप्रतिपादनार्थमेकार्थिक-पदद्वयोपादनं,** अल्पातङ्कानां **अल्पशब्दस्याभाववचनत्वात् सद्योघातिरोगवर्ज्जितानां, सामान्येन वा नीरोगाणां स्तोकरोगाणां वा सर्व्वथा निरुजत्वस्यासंभवात्,** 'अभग्गजोगाणं' **ति अभग्न-संयमयोगानां** 'सुसीलाणं सुव्वयाणं' **ति व्यक्तं,** साचार्योपाध्यायानां **अनुयोगाद्याचार्यो-पाध्यायोपेतानां,** ज्ञानादिना आत्मानं भावयतां, बहुशुभेन **अत्यर्थश्रेयसा ईषदूनशुभेन वा सर्व्वथा शुभस्यासम्भवात्,** भे **इति भो भगवन्तः,** दिवसो **दिनं, किंविधः ?** पौषधः **पर्व्वरूपः, तथा** पक्षो**ऽर्धमासरूपो** व्यतिक्रान्तो**ऽतिलङ्घितः,** अन्यश्च **पक्ष इति वर्तते** भे **भवतां,** कल्याणेन **शुभेन, युक्त इति गम्यते,** पर्युपस्थितः **प्रक्रान्त इति । एवं पुष्पमाणव इव मङ्गलवचनमभिधाय प्रणाम-माह** — शिरसा मनसा **इति व्यक्तं, चशब्दश्चेह समुच्चयार्थो द्रष्टव्यः ।** मत्थएण वन्दामि **नमस्कार-वचनमव्युत्पन्नं समयप्रसिद्धमतः शिरसेत्यभिधायापि यन्मस्तकेनेत्युक्तं तददुष्टं, यथैषां बली-वर्दानां एष गोस्वामीति, गोस्वामिन् शब्दस्य स्वामिपर्यायतया लोके रूढत्वादिति । अत्राचार्य आह** — तुब्भेहिं समं **ति । युष्माभिः सार्धमेतत्संपन्नमित्यर्थः ॥**

**ટીકાર્થ :-**

इच्छामि=હું આગળ કહીશ તે વસ્તુની ઇચ્છા=અભિલાષા કરું છું.

हे क्षमाश्रमणाः=હે ક્ષમાશ્રમણ !=હે પૂજ્ય ગુરુદેવ !

प्रियं च मे=અને મને (તે અભિલષિત વસ્તુ) પ્રિય છે.

[**શંકા :** જે પ્રિય હોય તેની જ ઇચ્છા કરાય. એટલે 'ઇચ્છું છું' એમ કહેવાથી જ 'પ્રિય છે' એ નક્કી થઈ ગયું, તો પછી પુનઃ કેમ કહ્યું ?]

**સમાધાન :** કોઈક કારણસર ક્યારેક અપ્રિય એવું પણ કાંઈક ઇચ્છાય. માટે કહ્યું છે કે મને પ્રિય પણ છે.

શું પ્રિય છે ? તે કહે છે -

जं भे !=यद् भवतां=જે આપનો [પર્વરૂપ દિવસ અને પક્ષ બહુશુભ વડે પૂર્ણ થયો અને બીજો પણ કલ્યાણયુક્ત શરૂ થયો - તે મને પ્રિય છે એમ વાક્યનો સંબંધ જોડવો.]

હવે ગુરુના વિશેષણો કહે છે - કેવા આપનો ? -

हृष्टानाम् - રોગ રહિત એવા આપનો.

तुष्टानाम् - સંતોષવાળા એવા આપનો. અથવા અત્યંત હર્ષ જણાવવા માટે એક જ અર્થવાળા આ બંને પદો કહ્યા છે.

अल्पातङ्कानाम् - અહીં 'અલ્પ' શબ્દ અભાવવાચક હોવાથી સર્વથા આતંક (તત્કાલ ઘાતક રોગ) રહિત એવા આપનો. અથવા સર્વથા આરોગ્યનો અસંભવ હોવાથી સામાન્યથી નિરોગી અથવા અલ્પરોગવાળા એવા આપનો.

अभग्नयोगानाम् - સંયમના યોગો (વ્યાપારો) જેના અખંડ છે એવા આપનો.

सुशीलानाम् - અઢાર હજાર શીલાંગ સહિત એવા આપનો.

सुव्रतानाम् - સુંદર પાંચ મહાવ્રતોના ધારક એવા આપનો.

साचार्योपाध्यायानाम् - અનુયોગાચાર્ય (વાચનાચાર્ય) વગેરે આચાર્યો અને ઉપાધ્યાયો સહિત એવા આપનો. [અર્થાત્ આપનો અને અન્ય પણ વાચનાચાર્ય વગેરે સર્વનો.]

ज्ञानेन दर्शनेन चारित्रेण तपसा आत्मानं भावयताम् - જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ વડે આત્માને ભાવિત કરતા એટલે કે આત્માને વિશુદ્ધ કરતા એવા આપનો.

भे !=भो !=હે ભગવંત !

दिवसः पौषधः पक्षः=આજનો પૌષધ=પર્વરૂપ દિવસ તથા અર્ધમાસરૂપ પક્ષ=પખવાડિયું.

बहुशुभेन व्यतिक्रान्तः=અત્યંત=ઘણાં કલ્યાણ=શુભ પૂર્વક, અથવા બીજો અર્થ - કંઈક ન્યૂન શુભ પૂર્વક પસાર થયો, કારણ કે સર્વથા શુભ સંભવિત નથી.

अन्यश्च भवतां कल्याणेन पर्युपस्थितः=અને બીજો પક્ષ આપને કલ્યાણપૂર્વક એટલે કે શુભપૂર્વક શરૂ થયો.

[હે ક્ષમાશ્રમણ ! હું તે ઇચ્છું છું, તે મને પ્રિય=માન્ય છે - એમ આગળ કહેલા વાક્ય સાથે સંબંધ જોડવો. આ રીતે ગુરુની ભૂત-ભાવિ આરાધનામાં શિષ્ય પોતાની પ્રસન્નતા જણાવે છે.]

આ રીતે મંગલપાઠકો જેમ રાજાને મંગલવચનો કહી પ્રણામ કરે તેમ શિષ્ય પણ ગુરુને ઉપરોક્ત મંગલવચનો કહી પ્રણામ કરે છે. તે પ્રણામ કહે છે

शिरसा मनसा=મસ્તક વડે, મન વડે [અને ઉપલક્ષણથી વચન વડે]

च='અને' શબ્દ અહીં [સૂત્રમાં ન કહ્યો હોવા છતાં] સમુચ્ચય અર્થમાં જાણવો એટલે કે મસ્તક વડે અને મન વડે.

मत्थएण वंदामि=વંદન કરું છું - પ્રણામ કરું છું. આ પદ જૈનશાસ્ત્ર પ્રસિદ્ધ વ્યુત્પત્તિ વિનાનું પારિભાષિક નમસ્કારવચન છે. માટે અગાઉ 'शिरसा'='મસ્તક વડે' એમ કહીને ફરી 'मत्थएण वंदामि'

કહ્યું એમાં પુનરુક્તિ દોષ નથી. [કારણ કે 'मत्थएण वंदामि' પદનો અર્થ 'હું વંદન કરું છું' એ પ્રમાણે રૂઢ છે.] જેમ કે 'एषां बलीवर्दानां एष गोस्वामी'=આ બળદોનો આ ગોસ્વામી છે - અહીં 'ગોસ્વામી' શબ્દ 'સ્વામી' શબ્દના પર્યાય તરીકે લોકમાં રૂઢ છે.

અહીં આચાર્ય કહે છે -

तुब्भेहिं समं=युष्माभिः सार्धम्=તમો સર્વની સાથે [તમારે અને અમારે સ્વ-પરના સહકારથી] આરાધના થઈ અને આગામી પક્ષમાં આરાધના થશે.

**अथ चैत्यवन्दापनं साधुवन्दापनं च निवेदयितुकामा भणन्ति —**

હવે બીજા ખામણાસૂત્રથી ગુરુને ચૈત્યોનું અને અન્ય સાધુઓનું વંદન કરાવવા માટે શિષ્ય [અન્ય સાધુ-સાધ્વી આદિએ પોતાના ગુરુને કરેલી વંદના વગેરેનું] નિવેદન કરવાની ઇચ્છાથી કહે છે -

**सूत्र :-**

**इच्छामि खमासमाणो ! पुव्विं चेइयाइं वंदित्ता नमंसित्ता तुब्भण्हं पायमूले विहरमाणेणं जे केइ बहुदेवसिया साहुणो दिट्ठा समाणा वा वसमाणा वा गामाणुगामं दूइज्जमाणा वा रायणिया संपुच्छंति ओमरायणिया वंदंति, अज्जया वंदंति, अज्जियाओ वंदंति, सावया वंदंति, सावियाओ वंदंति, अहंपि निस्सल्लो निक्कसाओ तिकट्टु सिरसा मणसा मत्थएण वंदामि । अहमवि वंदावेमि चेइयाइं ॥ ( मत्थएण वंदामि अहंपि तेसिं ) ( अहमवि वंदावेमि )**

**सूत्रार्थ :-**

હે ક્ષમાશ્રમણ ! હું [આપને ચૈત્યવંદના તથા સાધુવંદના કરાવવા માટે નિવેદન કરવાને] ઇચ્છું છું. વિહાર કર્યા પહેલાં આપની સાથે હતો ત્યારે અહીં [હું આ ચૈત્યવંદના શ્રીસંઘની વતી કરું છું, એમ પ્રણિધાન કરીને] શ્રીજિનપ્રતિમાઓને વંદન અને નમસ્કાર કરીને તે પછી વિહાર કરતાં મને જે કોઈ બહુ દિવસોના પર્યાયવાળા સ્થિરવાસ રહેલા, વિહરતા કે ગામોગામ વિચરતા સાધુઓ મળ્યા, તેમાં આપનાથી મોટા પર્યાયવાળાઓએ આપશ્રીના કુશળ સમાચારાદિ પૂછ્યું અને આપશ્રીથી નાના પર્યાયવાળા આચાર્યો, સામાન્ય સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓએ આપને વંદન કર્યા છે. તથા તે વેળા શલ્યરહિત અને કષાયરહિત એવા મેં પણ શિરથી, મનથી [અને વચનથી] તેઓને વંદન કર્યું છે તથા તેઓને ચૈત્યો વંદાવ્યા છે [જેમ કે - અમુક નગર વગેરેમાં આપના વતી મેં ચૈત્યોને વંદન કર્યું છે, તેઓને તમે પણ વંદન કરો.] તેથી [આપ પૂજ્ય પણ તે તે મને મળેલા આચાર્ય વગેરેને વંદન કરો.] ॥

**ગુરુવાક્ય :** હું પણ તેઓને વંદન કરું છું. (અથવા હું પણ તને ચૈત્ય વગેરેને વંદન કરાવું છું.)

ટીકા :-

इच्छामि अभिलषामि, चैत्यवन्दापनं साधुवन्दापनं च भवतां निवेदयितुमिति वाक्यशेषः । 'खमासमणो' त्ति व्यक्तं । पुव्विं ति पूर्वकाले विहारकालात् । 'चेइयाइं' ति जिनप्रतिमाः, 'वंदित्त' त्ति स्तुतिभिः, 'नमंसित्त' त्ति प्रणामतः सङ्घसत्कचैत्यवन्दनाद्येतदहं करोमीति प्रणिधानयोगात्, क्व वन्दित्वा ? इत्याह — 'तुब्भण्हं' ति युष्माकं 'पादमूले' त्ति चरणसंनिधौ, ततश्च 'विहरमाणेणं' ति ग्रामानुग्रामं सञ्चरता मया ''जे केइ'' त्ति ये केचन सामान्यतः, 'बहु-देवसिया' बहुदिवसपर्यायाः, 'साहुणो दिट्ठा' इति व्यक्तं, किंविधास्त ? इत्याह — 'समाणा व' त्ति जङ्घाबलपरिक्षयात् वृद्धवासितया आश्रितक्षेत्रादबहिर्वर्त्तिनो, 'वसमाणा व' त्ति विहारवन्तो, विहारश्च तेषां ऋतुबद्धे मासकल्पेन वर्षाकाले चतुर्मासकल्पेनेत्यत एवाह — 'गामाणुगामं दूइज्जमाणा व' त्ति ग्रामश्च प्रतीतोऽनुग्रामश्च तदनन्तर इति ग्रामानुग्रामं तद् द्रवन्तः गच्छन्तः, अथवा — ग्रामादावेकरात्रिकं वसन्त आहिण्डका इत्यर्थः, वाशब्दाः समुच्चयार्थाः, इह स्थाने 'तेषु[१] मध्ये' इति 'ते' इति वा वाक्यशेषो द्रष्टव्यः, 'राइणिय' त्ति रात्निका-भावरत्नव्यवहारिणः बृहत्पर्याया आचार्या इत्यर्थः । 'संपुच्छंति' त्ति संप्रश्नयन्ति, मया वन्दिताः सन्तो भवतां शरीर-कुशलादिवार्त्तामिति गम्यं, 'ओमराइणिय' त्ति अवमरात्निका-भवतः प्रतीत्य लघुतरपर्याया आचार्या एव वन्दन्ते भवतः प्रणमन्ति, कुशलादि तु प्रश्नयन्त्येव, 'अज्जया वंदंति' सामान्य-साधवो वन्दन्ते, एवं आर्यिकादयोऽपि, तथा — अहमपि तान् यथादृष्टसाधून् निःशल्यादिविशे-षेण वन्दे, शेषं प्राग्वत् । तथा - 'अहमवि वन्दावेमि चेइयाइं' ति तान् यथादृष्टसाध्वादीन् वन्दापयामि चैत्यानि; यथा — अमुत्र नगरादौ युष्मत्कृते चैत्यानि वन्दितानि तानि च यूयं वन्दध्वमित्येवमिति । एवं शिष्येणोक्तः सन्नाचार्यः प्रत्युत्तरयति यथा — मत्थएण वन्दामि अहंपि तेसिं । मस्तकेन वन्देऽहमपि तान् इति, ये मम वार्त्तासम्प्रच्छनादि कुर्वन्तीति भावः । अन्ने भणन्ति 'अहमवि वंदावेमि' त्ति॥

ટીકાર્થ :-

इच्छामि क्षमाश्रमण ! =હે ક્ષમાશ્રમણ ! હું ઇચ્છું છું. શું ? 'આપને ચૈત્યવંદના તથા સાધુવંદના કરાવવા માટે નિવેદન કરવાને' એટલો અધૂરો વાક્યાર્થ સ્વયં સમજી લેવો.

पूर्वं=વિહારકાળની પૂર્વકાળે [વિહાર કર્યા પહેલાં આપની સાથે હતો ત્યારે]

चैत्यानि=શ્રી જિનપ્રતિમાઓને,

वन्दित्वा=સ્તુતિઓ દ્વારા વંદન કરીને અને

नमस्कृत्य=પ્રણામ દ્વારા નમસ્કાર કરીને 'હું આ ચૈત્યવંદના શ્રીસંઘની વતી કરું છું' એમ પ્રણિધાન=અધ્યવસાય કરીને,

१. 'अवस्थितविहरतां मध्ये' इति 'अ'-'ब'प्रत्योः टिप्पणम् ।

ક્યાં અને ક્યારે વંદન-નમસ્કાર કરીને ? તે કહે છે -

युष्माकं पादमूले=આપશ્રીના ચરણે=આપશ્રીની સાથે હતો ત્યારે અહીં, અને તે પછી

विहरता मया=એક ગામથી બીજા ગામ વિચરતા એવા મેં

ये केचन=સામાન્યથી જે કોઈ

बहुदैवसिका=ઘણા દિવસના (વર્ષોના) પર્યાયવાળા

साधवः दृष्टा=સાધુઓને જોયા (હું મળ્યો.) કેવા સાધુઓ ?

समाणा वा=વૃદ્ધપણા વગેરેના કારણે જંઘાબળ ક્ષીણ થવાથી એક જ ક્ષેત્રમાં (સ્થાને) આશ્રિત થઈને રહેલા - તે ક્ષેત્રની બહાર ન જનારા

वसमाणा वा=અથવા વિહારવાળા. તેઓનો વિહાર ઋતુબદ્ધ કાળે માસકલ્પ વડે અને વર્ષાકાળે ચાતુર્માસકલ્પ વડે છે, માટે જ કહે છે -

ग्रामानुग्रामं द्रवन्तो वा=એક ગામથી અનુગ્રામ=તેની પછી રહેલા બીજા ગામે જતા,

અથવા ગામમાં એક રાત્રિ વસતા આહિંડકો. [વિહરતાં સાધુઓ.]

અહીં 'वा' શબ્દો સમુચ્ચય (='અને') અર્થમાં સમજવા. [અર્થાત્ વિહારમાં જે કોઈ બહુ પર્યાયવાળા, સ્થિરવાસ રહેલા અને ગામોગામ વિચરતા સાધુઓ મને મળ્યા,

तेषु मध्ये/ते=તેઓમાં અથવા તેઓ - આટલું વાક્ય અહીં અધ્યાહારથી જાણવું.]

रात्निकाः संप्रश्नयन्ति=રાત્નિકો એટલે ભાવરત્નના વેપારી=મોટા પર્યાયવાળા આચાર્યો. તેઓને મેં વંદન કર્યા અને તેઓએ મને આપશ્રીના શરીરના કુશળ સમાચાર વગેરે પૂછ્યું. (અનુવંદના વગેરે કહ્યું.)

अवमरात्निकाः वन्दन्ते=આપશ્રીથી નાના પર્યાયવાળા જે આચાર્યો મળ્યા તેઓએ આપને વંદના કરી [અમારા દ્વારા આપશ્રીને વંદના જણાવડાવી] અને કુશળ સમાચાર વગેરે પૂછ્યું હતું.

आर्यका वन्दन्ते=સામાન્ય સાધુઓએ પણ આપને વંદન કર્યું [અમારા દ્વારા જણાવડાવ્યું] છે. તથા -

आर्यिका वन्दन्ते=આર્યાઓ (સાધ્વીઓ) મળી તેઓએ પણ વંદના કહી છે. વળી

श्रावका वन्दन्ते=જે જે શ્રાવકો મળ્યા તેઓએ પણ વંદન કર્યું છે.

श्राविका वन्दन्ते=અને જે જે શ્રાવિકાઓ મળી તેઓએ પણ વંદન કર્યું છે.

[અર્થાત્ ચતુર્વિધ શ્રીસંઘ પૈકી જે જે મળ્યા તે સહુએ આપને યથાયોગ્ય વંદના-અનુવંદના કરવાપૂર્વક સુખશાતાદિ કુશળ સમાચાર પૂછ્યા છે. તથા તે વેળા -]

निःशल्यः निःकषायः अहमपि शिरसा मनसा मस्तकेन वन्दे=શલ્યરહિત અને કષાયોથી રહિત એવા મેં પણ શિરથી, મનથી [અને પ્રસંગાનુસાર વચનથી પણ] તેઓને વંદન કર્યું છે. તથા -

अहमपि वन्दापयामि चैत्यानि=સાધુઓ વગેરે જે જે મળ્યા તેઓને મેં પણ ચૈત્યો વંદાવ્યા છે, જેમ કે - અમુક નગર વગેરેમાં આપના વતી મેં ચૈત્યોને વંદન કર્યું છે, તેઓને તમે પણ વંદન કરો.

इति कृत्वा=તેથી 'આપ પૂજ્ય પણ તે-તે મને મળેલા આચાર્ય વગેરેને વંદન કરો' એમ શિષ્ય વડે કહેવાયેલા-નિવેદન કરાયેલા આચાર્ય પ્રત્યુત્તર આપે છે કે -

मत्थएण वंदामि अहंपि तेसिं=मस्तकेन वन्दे अहमपि तान्=જેઓ મારા સમાચાર પૂછવા, વંદન કરવું વગેરે કરે છે તેઓને હું પણ વંદના કરું છું.

અન્ય આચાર્યો કહે છે કે અહીં 'अहमवि वन्दावेमि चेइयाइं' પાઠ છે, એટલે કે ગુરુ શિષ્યને કહે છે કે હું પણ તને ચૈત્ય વગેરેને વંદન કરાવું છું.

[સમગ્ર આલાપકનો ભાવ એ છે કે શિષ્ય ગુરુને આ પક્ષમાં વિહાર કરતાં ગામોગામ જે ચૈત્યોને વંદના કરી તથા અન્ય આચાર્યાદિ શ્રીસંઘને મળ્યો, વંદન-નમસ્કાર કર્યા અને પોતાના ગુરુની વતી પણ વંદના-નમસ્કારાદિ યથાયોગ્ય જેની સાથે જે જે ઉચિત વ્યવહાર કર્યા, તે તે ગુરુની સમક્ષ જણાવે છે અને ગુરુ પણ તે તે ચૈત્યોને અહીં રહ્યા રહ્યા વંદન-નમસ્કારાદિ કરે છે અને અન્ય આચાર્યો આદિને તથા શ્રીસંઘને વંદના-અનુવંદના અને ગૃહસ્થાદિને ધર્મલાભ વગેરે યથાયોગ્ય કરે છે. (પૂ. આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી કૃત ધર્મસંગ્રહ ભાષાંતરમાંથી સાભાર)]

**तत आत्मानं गुरूणां निवेदयन्ति तृतीयक्षामणकसूत्रेण, तच्चेदं –**

હવે ત્રીજા ક્ષામણકસૂત્રથી શિષ્ય પોતાના તરફથી ગુરુને નિવેદન કરે છે. તે સૂત્ર આ પ્રમાણે છે -

**सूत्र :-**

**इच्छामि खमासमणो ! उवट्ठिओमि तुब्भण्हं संतियं अहाकप्पं वा वत्थं वा पडिग्गहं वा कंबलं वा पायपुंछणं वा रयहरणं वा अक्खरं वा पयं वा गाहं वा सिलोगं वा ( सिलोगद्धं वा ) अट्ठं वा हेउं वा पसिणं वा वागरणं वा तुब्भेहिं चियत्तेणं दिन्नं मए अविणएण पडिच्छियं तस्स मिच्छामि दुक्कडंति । ( आयरियसंतियं )**

**सूत्रार्थ :-**

હે ક્ષમાશ્રમણ ! હું મારું નિવેદન કરવા ઇચ્છું છું અને ઉપસ્થિત થયો છું (તૈયાર થયો છું, આવ્યો છું.) આપનું આપેલું અને સ્થવિરકલ્પને ઉચિત=કલ્પ્ય એવું વસ્ત્ર, પાત્ર, કામળી, દંડાસણ, ઓઘો, અક્ષર, પદ, ગાથા, શ્લોક, શ્લોકાર્ધ, અર્થ, હેતુ, પ્રશ્ન અને વ્યાકરણ - આ બધું આપે મને પ્રીતિપૂર્વક આપ્યું, છતાં મેં જે અવિનયથી ગ્રહણ કર્યું, તે મારું પાપ મિથ્યા થાઓ.

**ગુરુવાક્ય :** આ બધું પૂર્વાચાર્યોએ આપેલું છે.

टीका :-

'इच्छामि खमासणो' **त्ति इह स्थाने आत्मानं निवेदयितुमिति वाक्यशेषो दृश्यः**, 'उवट्ठिओमि' **त्ति उपस्थितोऽस्मि आत्मनिवेदनायेति शेषः**, 'तुब्भण्हं संतियं' **युष्माकं सत्कं युष्मदीयमिदं सर्वं यदस्मत्परिभोग्यं, किंभूतं ? किन्तद् ? इत्याह** — 'अहाकप्पं' ति यथाकल्पं **कल्पानतिक्रान्तं स्थविरकल्पोचितं कल्पनीयं चेत्यर्थः**, वस्त्रादि **प्रतीतं, नवरं** 'पडिग्गहं' ति **पात्रं**, 'पायपुंछणं' ति **पादप्रोञ्छनं रजोहरणं**, 'अट्ठं व' **त्ति** अर्थः **सूत्राभिधेयः प्राकृतत्वाच्च नपुंसकनिर्देशः**, 'पसिणं व' **त्ति** प्रश्नः **पण्डिताभिमानी परो माननिग्रहाय यत्प्रश्नयति**, 'वागरणं' **ति** व्याकरणं **तथैव परेण प्रश्निते यदुत्तरं दीयते, वाशब्दाः समुच्चयार्थाः, एवं वस्त्रादिनिवेदनाद्वारेणात्मानं गुरूणां निवेद्य युष्माभिरेवेदं वस्त्रादिकं मे दत्तं इत्यावेदने तद्ग्रहणे च सम्भविनमविनयं क्षमयन्निदमाह** — **'तुब्भेहीत्यादि'**-'तुब्भेहिं' **ति युष्माभिः** 'चियत्तेणं' **ति प्रीत्या** दत्तं मया त्वविनयेन प्रतीप्सितं **अत्र यदिति शेषो दृश्यः ।** 'तस्स' **त्ति तत्र** मिथ्यादुष्कृतं **इति प्राग्वत् । एवमुक्ते आचार्यो ब्रूते** — 'आयरियसंतियं' **ति पूर्वाचार्यसत्कमेतदिति किं ममात्र ? इति अहङ्कारवर्ज्जनार्थं, गुरुषु भक्तिख्यापनार्थं चैतदिति ॥**

टीकार्थ :-

इच्छामि क्षमाश्रमणाः !=હે ક્ષમાશ્રમણ ! હું ઇચ્છું છું. અહીં "પોતાનું નિવેદન કરવા" - આટલું અધ્યાહારથી જાણવું.

उपस्थितोऽस्मि=મારું નિવેદન કરવા હું તૈયાર થયો (આવ્યો) છું. એ નિવેદન કરે છે કે -

युष्माकं सत्कं=આપનું આપેલું આ સઘળું જે અમારે વાપરવા યોગ્ય છે તે. તે કેવું છે ? અને શું છે ? તે કહે છે -

यथाकल्पं=સ્થવિરકલ્પને ઉચિત અને કલ્પ્ય. તે નામપૂર્વક કહે છે -

वस्त्रं=વસ્ત્ર

पतद्ग्रहं=પાત્ર

कम्बलं=કામળી,

पादप्रोञ्छनम्=પાદપ્રોંછન=રજોહરણ

[रजोहरणम्=રજોહરણ=ઓઘો. આ પાઠ કોઈક સ્થળે દેખાય છે, માટે ત્યાં પાદપ્રોંછનનો અર્થ દંડાસણ અને રજોહરણનો અર્થ ઓઘો, એમ જુદો કરવો ઠીક લાગે છે.]

अक्षरं, पदं, गाथा, श्लोक (श्लोकार्धम्)=સૂત્રનો એકમાત્ર અક્ષર, પદ, ગાથા (આર્યાબદ્ધ પદ્ય), શ્લોક (અનુષ્ટુપ્ પદ્ય) અને ક્યાંક 'શ્લોકાર્ધમ્' પાઠ છે, માટે અડધો શ્લોક, વળી,

अर्थः, हेतुः, प्रश्नः व्याकरणम्=સૂત્રનું અભિધેય (વાચ્ય) તે અર્થ (મૂળ પાઠમાં નપુંસકલિંગનો પ્રયોગ છે તે પ્રાકૃત શૈલીના કારણે સમજવો.) હેતુ એટલે કારણ. પંડિતપણાના અભિમાનવાળો બીજો

સામેવાળાનું માન ઊતારવા માટે જે પૂછે તે પ્રશ્ન. એ જ રીતે બીજાએ પૂછતાં તેનો જે ઉત્તર અપાય તે વ્યાકરણ.

અહીં દરેક પદોની સાથે 'वा' પદ છે તે સમુચ્ચય (વળી) અર્થમાં જાણવા.

આ રીતે વસ્ત્ર વગેરેના નિવેદન કરવા દ્વારા ગુરુ પાસે પોતાનું નિવેદન કરીને 'આપે જ આ વસ્ત્ર વગેરે મને આપ્યું છે' એવું આવેદન કરતાં અને તે ગ્રહણ કરવામાં શક્યતઃ થયેલા અવિનયની ક્ષમા માંગતાં કહે છે -

युष्माभिः प्रीत्या दत्तं=આપે મને પ્રીતિપૂર્વક આપ્યું, છતાં

मया तु अविनयेन प्रतीप्सितम् [यद्]=મેં જે અવિનયથી ગ્રહણ કર્યું

तस्य मिथ्या मे दुष्कृतम्=તે મારું પાપ મિથ્યા થાઓ.

આ રીતે શિષ્ય પોતાના અવિનયાદિ અપરાધોની ક્ષમાપના માંગે ત્યારે આચાર્ય કહે -

आयरियसंतियं=आचार्यसत्कम्=એ બધું પૂર્વાચાર્યોએ આપેલું તમને આપ્યું છે, એમાં મારું શું છે ? એમ કહી પોતાના ગર્વનો ત્યાગ અને સ્વગુરુ પ્રત્યેની ભક્તિ પ્રગટ કરે છે.

**अथ यच्छिक्षां ग्राहितास्तमनुग्रहं बहुमन्यमाना आहुः —**

હવે ચોથા ખામણામાં ગુરુએ (જ્ઞાન-ક્રિયારૂપ) જે શિક્ષા આપી તે ગુરુના અનુગ્રહ (ઉપકાર) નું શિષ્ય બહુમાન કરતાં કહે છે -

**સૂત્ર :-**

**इच्छामि खमासमणो ! अहमपुव्वाइं कयाइं च मे किइकम्माइं आयार-मंतरे विणयमंतरे सेहिओ सेहाविओ संगहिओ उवग्गहिओ सारिओ वरिओ चोइओ पडिचोइओ चियत्ता मे पडिचोयणा उवट्ठिओऽहं तुब्भण्हं तवतेय-सिरिए इमाओ चाउरंतसंसारकंताराओ साहट्टु नित्थरिस्सामि त्तिकट्टु सिरसा मणसा मत्थएण वंदामि । ( नित्थारपारगा होह ) ।**

**સૂત્રાર્થ :-**

હે ક્ષમાશ્રમણ ! હું અપૂર્વ (=ભવિષ્યકાળે પણ) આપને કૃતિકર્મો=વંદન કરવા ઈચ્છું છું, અને પૂર્વકાળમાં પણ મેં આપને વંદન કર્યા છે, [એ વંદનોમાં] કોઈ આચારનું પાલન નહીં કરતા કે કોઈ વિનયનું પાલન નહીં કરતા મને આપે સ્વયં શિક્ષા ગ્રહણ કરાવી કે કુશળ બનાવ્યો, અન્ય સાધુઓ દ્વારા મને શિક્ષા ગ્રહણ કરાવડાવી કે કુશળ બનાવડાવ્યો, શિષ્ય તરીકે આશ્રય આપ્યો, જ્ઞાનાદિ આપી સંયમમાં આધાર આપ્યો, હિતમાં પ્રવર્તાવ્યો [અથવા કર્તવ્યનું સ્મરણ કરાવ્યું], અહિતથી અટકાવ્યો, આરાધનામાં સ્ખલના કરતા મને પ્રેરણા કરી અને વારંવાર પ્રેરણા કરી. આપે એ વારંવાર કરેલી પ્રેરણા મને પ્રીતિકર બની છે. [જે જે વિષયમાં આપે પ્રેરણા વગેરે કરી તે તે વિષયમાં ભૂલો સુધારવા]

હું ઉપસ્થિત=તૈયાર=ઉદ્યમી થયો છું. [મને શ્રદ્ધા છે કે] આપના તપના તેજ(પ્રભાવ)રૂપી લક્ષ્મી(મહિમા)થી હું આ ચાર છેડા(વિભાગ)વાળા સંસારરૂપી જંગલમાંથી મારા આત્માને ખેંચી લઈને એ જંગલને ઓળંગી જઈશ. એ હેતુથી શિર દ્વારા, મન દ્વારા [અને વચન દ્વારા] હું આપને વંદન કરું છું.

**ગુરુવાક્ય** - પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનારા અને સંસારસમુદ્રપારગામી થાઓ.

**ટીકા :-**

इच्छामि – **अभिलषामि,** अहमपूर्वाणि **अनागतकालीनानि, कृतिकर्माणीति योगः कर्तुमिति वाक्यशेषः ।** 'खमासमणो' **त्ति व्यक्तं, तथा** कृतानि **पूर्वकाले,** च**: समुच्चये,** 'मे' **त्ति मया,** कृतिकर्माणि **वैयावृत्त्यविशेषा, भवतामिति गम्यते, तेषु च** 'आयारमंतरे' **त्ति** आचारान्तरे **क्वचिज्ज्ञानाद्याचारविशेषे विषयभूते आचारव्यवधाने वा सति, ज्ञानादिक्रियाया अकरणे सति इति भावः । तथा** 'विणयमंतरे' **त्ति** विनयान्तरे **आसनदानादिविनयविशेषे विषयभूते विनयविच्छेदे वा तदकरणे इत्यर्थः ।** 'सेहिओ' **त्ति** शिक्षित**: स्वयमेव गुरुभिः शिक्षां ग्राहित इत्यर्थः ।** 'सेधितो वा' **निष्पादित आचारविशेषविनयविशेषेषु कुशलीकृत इत्यर्थः ।** 'सेहाविओ' **त्ति** शिक्षापित**:** सेधापितो वा **उपाध्यायादिप्रयोजनतः । तथा**–'संगहिओ' **त्ति** सङ्गृहीत**: शिष्यत्वेनाश्रितः । तथा** 'उवग्गहिओ' **त्ति** उपगृहीत**: ज्ञानादिभिः वस्त्रादिभिश्चोपष्टम्भितः । तथा** 'सारिओ' **त्ति** सारितो **हिते प्रवर्त्तितः, कृत्यं वा स्मारितः,** 'वारिओ' **त्ति अहितान्निवारितः,** 'चोइओ' **त्ति संयमयोगेषु स्खलितः सन्नयुक्तमेतद्भवादृशां विधातुमित्यादिवचनेन प्रेरितः ।** 'पडिचोइओ' **त्ति तथैव पुनः पुनः प्रेरित एव** 'चियत्ता मे पडिचोयण' **त्ति** चियत्ता **प्रीतिविषया न त्वहङ्कारादप्रीतेति** मे **मम** प्रतिप्रेरणा **भवद्भिः क्रियमाणेति, उपलक्षणं चैतच्छिक्षादेरिति । ततश्च** 'उवट्ठिओहं' **ति** – उपस्थितोऽहं **अस्मि प्रतिप्रेरितार्थसंपादनविषये कृतोद्यम इत्यर्थः । तथा–** ''तुब्भण्हं तवतेयसिरिए'' युष्माकं तपस्तेजःश्रिया **भवदीयया तपःप्रभावसंपदा हेतुभूतया** – 'इमाओ' **त्ति इतः प्रत्यक्षात्,** 'चाउरंतसंसारकंताराओ' **त्ति** चतुरन्तं **चतुर्विभागं नरकत्वादिभेदेन, तदेव** चातुरन्तं**, तच्च तत्** संसारकान्तारं **च भवारण्यमिति समासः, तस्मात्,** 'साहट्टु' **त्ति** संहृत्य **कषायेन्द्रिययोगादिभिर्विस्तीर्णमात्मानं संक्षिप्येत्यर्थः ।** 'नित्थरिस्सामि' **त्ति लङ्घयिष्यामि,** 'इतिकट्टु' **इतिकृत्वा इति हेतोः** ''सिरसा मणसा मत्थएण वंदामि'' **त्ति प्राग्वत्, इह भगवन्तमिति वाक्यशेषः । इहाचार्यवचनम्** – 'नित्थारगपारगा होह' । निस्तारका**: संसारसमुद्रात् प्राणिनां प्रतिज्ञाया वा** पारगा**: संसारसमुद्रतीरगामिनो भवत यूयमित्याशीर्वचनमिति ।**

**ટીકાર્થ :-**

इच्छामि क्षमाश्रमणाः ! अहमपूर्वाणि [कृतिकर्माणि कर्तुम्]=હે પૂજ્ય ક્ષમાશ્રમણ ! હું અપૂર્વ=ભવિષ્યકાળે પણ કૃતિકર્મો (વંદન) કરવાને ઇચ્છું છું, એમ વાક્યનો સંબંધ જોડવો.

कृतानि च मया कृतिकर्माणि [भवताम्]=અને મેં પૂર્વકાળે પણ આપશ્રીને કૃતિકર્મો (=વિશેષ પ્રકારની વૈયાવૃત્ય) કર્યા છે. તે વંદનોમાં -

आचारान्तरे=કોઈ જ્ઞાનાદિ આચારવિશેષના વિષયમાં અથવા આચારવ્યવધાન=આચાર વચ્ચેનું અંતર=અનાચાર એટલે કે જ્ઞાનાદિ ક્રિયા નહીં કરતા

विनयान्तरे=આસનપ્રદાન વગેરે વિનયવિશેષના વિષયમાં અથવા વિનયવિચ્છેદ=વિનય નહીં કરતા.

सेहिओ=शिक्षितः=આપે સ્વયં મને શિક્ષા ગ્રહણ કરાવી [આચાર અને વિનય વગેરે શીખવાડ્યા.] અથવા

सेहिओ=सेधितः=આચારવિશેષો અને વિનયવિશેષોમાં મને કુશળ બનાવ્યો.

सेहाविओ=शिक्षापितः सेधापितो वा=શ્રી ઉપાધ્યાય ભગવંત આદિ અન્ય સાધુઓ દ્વારા મને શિખવાડાવ્યો અથવા કુશળ બનાવડાવ્યો.

सङ्गृहीतः=આપે મને શિષ્ય તરીકે આશ્રય આપ્યો (સ્વીકાર્યો).

उपगृहीतः=મને જ્ઞાન વગેરે આપીને તથા વસ્ત્ર વગેરે આપીને સંયમમાં આધાર આપ્યો.

सारितः=મને હિતમાં પ્રવર્તાવ્યો અથવા કરવા યોગ્ય કાર્યોનું સ્મરણ કરાવ્યું.

वारितः=મને અહિત પ્રવૃત્તિ કરતો અટકાવ્યો.

चोदितः=સંયમની આરાધનામાં સ્ખલનાદિ કરતાં મને 'તમારા જેવાને આમ કરવું યોગ્ય નથી' વગેરે વચનોથી પ્રેરણા કરી. [સ્ખલનામાંથી બચાવ્યો.]

प्रतिचोदितः=એ રીતે વારંવાર મને પ્રેરણા કરી - બચાવ્યો.

चियत्ता मम प्रतिचोदना=આપે એ વારંવાર કરેલી પ્રેરણા મને પ્રીતિકર બની છે, અહંકારાદિથી અપ્રીતિકર નથી લાગી. ઉપલક્ષણથી 'ઉપર કહેલી શિક્ષા-સેધના-સારણા-વારણા-પ્રેરણા મને પ્રીતિકર બન્યા છે' એમ પણ સ્વયં સમજી લેવું. એથી જ -

उपस्थितोऽहम्=હું ઉપસ્થિત થયો છું અર્થાત્ જે જે વિષયમાં આપે પ્રેરણા-પ્રતિપ્રેરણા વગેરે કરી તે તે વિષયમાં હું મારી ભૂલો સુધારવા તૈયાર - ઉદ્યમી થયો છું. [મને પૂર્ણ શ્રદ્ધા છે કે -]

युष्माकं तपतेजःश्रिया=આપના તપના તેજ(પ્રભાવ)રૂપી લક્ષ્મીથી (મહિમાથી)

इतः चातुरन्तसंसारकान्तारात्=પ્રત્યક્ષ એવા આ નરક વગેરે ચારગતિરૂપ ચાર છેડા (વિભાગ) વાળા સંસારરૂપી જંગલમાંથી

संहृत्य निस्तरिष्यामि=કષાય, ઇન્દ્રિય અને યોગ વગેરે વડે ફેલાયેલા (ફસાયેલા-ભમતા) મારા આત્માનું સંહરણ કરીને અર્થાત્ ખેંચી લઈને એ જંગલને હું ઓળંગી જઈશ અર્થાત્ સંસારરૂપ જંગલનો પાર પામીશ.

इतिकृत्वा=એ હેતુથી

शिरसा मनसा मस्तकेन वन्दे=પૂર્વે અર્થ કર્યો છે તેમ શિર દ્વારા, મન દ્વારા અને ઉપલક્ષણથી વચન દ્વારા હું આપને વંદન કરું છું.

આમ ગુરુનો મહાઉપકાર માનતો શિષ્ય કૃતજ્ઞતા દાખવે ત્યારે ગુરુ કહે -

नित्थारगपारगा होह=निस्तारकाः पारगाः भवत=તમે સંસારસમુદ્રથી અન્ય જીવોનો અને તમે કરેલી તમારી પ્રતિજ્ઞાઓનો (વ્રતાદિ નિયમોનો) નિસ્તાર (નિર્વાહ) કરનારા અને [पारगाः=] સંસારસમુદ્રનો પાર પામનારા થાઓ [અર્થાત્ અન્ય જીવોનું અને તમારું કલ્યાણ કરો ! એમ ગુરુ આશીર્વાદ આપે.]

[પાક્ષિક ખામણા પૂરા થયા, એ સાથે પાક્ષિક પ્રતિક્રમણ પૂરું થયું. હવે બાકીના દૈવસિક પ્રતિક્રમણનો વિધિ કહે છે -]

ટીકા :-

**पच्छा देवसियं पडिक्कमंति । तत्थ खामणानिमित्तं किइकम्मं करित्ता भणंति — इच्छामि खमासमणो ! अब्भुट्ठिओमि अब्भिंतरदेवसियं खामेउं, जं किंचि अपत्तियमित्यादि, पच्छा साहुदुगं खामंति, तओ आयरियस्स य अल्लियावणनिमित्तं, ([1] पडिक्कमणवत्तं निवेयणत्थं ति भणियं होइ,) किइकम्मं करेंति, तओ दुरालोइयं वा होज्जा दुप्पडिक्कंतं वा हुज्जा अणाभोगाइणा कारणेण, अओ पुणो वि कयसामाइयाइसुत्तुच्चारणा चरित्तविसोहणत्थमेव पंचासुस्सासपरिमाणं काउस्सग्गं करंति, तओ नमोक्कारेण पारित्ता विसुद्धचरित्ता विसुद्धचरित्तदेसयाणं दंसणविसुद्धिनिमित्तं नामुक्कित्तणं करंति लोगस्सुज्जोयगरे इत्यादि, तओ दंसणविसुद्धिनिमित्तं पणुवीसूसासपरिमाणं काउस्सग्गं करेंति, तओ नमोक्कारेण पारित्ता नाणविसुद्धिनिमित्तं सुयनाणत्थयं पढंति पुक्खरवरदीवड्ढे इत्यादि; तओ सुयनाणविसुद्धिनिमित्तं पणुवीसूसासपरिमाणं काउसग्गं करंति, तओ नमोक्कारेण पारित्ता सिद्धत्थयं पढंति सिद्धाणं बुद्धाणमित्यादि, तओ सेज्जादेवयाए काउस्सग्गं करंति, तत्थ सत्तावीसूसासे पूरंति इत्यावश्यकचूर्णिः, [2] आयरणओ अट्ठत्ति । तओ विहिणा निसिइत्ता मुहपोत्तियं ससीसोवरियं कायं च पडिलेहित्ता आयरियस्स वंदणगं करेंति, तं च जहा रन्नो मणूसा आणत्तियाए पेसिया पणामं काऊण गच्छंति, तं च सुकयं काऊणं पुणो पणामपुव्वगं निवेदंति, एवं साहुणो वि गुरुसमाइट्ठा वंदणपुव्वगं चरित्ताइविसोहिं काऊण पुणो वि सुकयकिइकम्मा संता गुरुणो निवेदंति - भयवं कयं पेसणं आयविसोहिकारगं ति निवेयणत्थं ति, तं च काऊण पुणो उक्कडुया आयरियाभिमुहा विणयरइयंजलिपुडा चिट्ठंति, जावायरिया वड्ढमाणीओ सरेणं छंदसा वा तिन्नि थुइओ भणंति, इमे वि अंजलिमउलियग्गहत्था एक्केक्काए समत्तीए नमोक्कारगं करेंति, सबहुमानं सिरसा प्रणमन्तीत्यर्थः । केचिदत्र नमो खमासमणाणं ति भणंति, पच्छा सेसगा वि तिन्नि थुइओ तहेव भणंति । तं रयणिं नेव सुत्तपोरिसी नेव अत्थपोरिसी, थय-**

१. () चिह्नान्तर्वर्ती पाठः अ-ब-प्रत्योः नास्ति । २. आचरणातोऽष्टोच्छ्वासप्रमाणं ।

**थुइओ भणंति, जस्स जेत्तियाओ एति त्ति । देवसिए[1] पुण ताव चिट्ठंति जाव गुरु थुइगहणं करेंति, तओ पढमथुइसमत्तीए थुइं कड्ढंति, विणओ त्ति, सेसाओ दोन्नि सहेव भणंति । एष सूत्रोक्तः पाक्षिकप्रतिक्रमणविधिः ।**

**ટીકાર્થ :-**

પછી દૈવસિક પ્રતિક્રમણ કરે. તેમાં ખામણા નિમિત્તે [હવે પછી અબ્ભુટ્ઠિઓ ખામવાનો છે તેના માટે] કૃતિકર્મ=વાંદણા આપીને બોલે -

इच्छामि खमासमणो अब्भुट्ठिओमि अब्भिंतर देवसियं खामेउं, जं किंचि अपत्तियं... [હે ક્ષમાશ્રમણ ! હું દિવસની અંદર લાગેલા અતિચારોની ક્ષમા માંગવા ઇચ્છું છું અને તેને માટે ઉપસ્થિત થયો છું. જે કંઈ અપ્રીતિક... વગેરે અર્થ પહેલાં કહ્યા પ્રમાણે]

પછી બે સાધુ ખમાવે [બે સાધુઓ અબ્ભુટ્ઠિઓ ખામે.]

પછી આચાર્યને [अल्लियावणनिमित्तं=] પ્રતિક્રમણની વાર્તાનું નિવેદન કરવા માટે કૃતિકર્મ (વાંદણા) કરે.

પછી અનાભોગ (અનુપયોગ) વગેરે કારણથી દુરાલોચિત કે દુષ્પ્રતિક્રાંત હોય [સમ્યક્ આલોવ્યું ન હોય કે સમ્યક્ પ્રતિક્રમણ ન કર્યું હોય] તેથી ફરી સામાયિક (કરેમિ ભંતે !..) વગેરે સૂત્રો ઉચ્ચારી ચારિત્રની વિશુદ્ધિ માટે ૫૦ ઉચ્છ્વાસ પ્રમાણ [=બે લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી] કાયોત્સર્ગ કરે. પછી નમસ્કારથી પારી વિશુદ્ધ ચારિત્રવાળા થયેલા સાધુઓ દર્શનની વિશુદ્ધિ માટે વિશુદ્ધ ચારિત્રના દેશક તીર્થંકર પરમાત્માઓના નામનું ઉત્કીર્તન કરે - 'लोगस्स उज्जोअगरे...' વગેરે. પછી દર્શનની વિશુદ્ધિ માટે ૨૫ ઉચ્છ્વાસ પ્રમાણ [=૧ લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી] કાયોત્સર્ગ કરે. પછી નમસ્કારથી પારી જ્ઞાનની વિશુદ્ધિ માટે 'पुक्खरवरदीवड्ढे...' વગેરે શ્રુતજ્ઞાનસ્તોત્ર કહે. પછી શ્રુતજ્ઞાનની વિશુદ્ધિ માટે ૨૫ ઉચ્છ્વાસ પ્રમાણ [=૧ લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી] કાયોત્સર્ગ કરે. પછી નમસ્કારથી પારી 'सिद्धाणं बुद्धाणं...' વગેરે સિદ્ધસ્તવ કહે. પછી શય્યાદેવતા(ભવનદેવતા)નો કાયોત્સર્ગ કરે, તે આવશ્યકચૂર્ણિના અભિપ્રાયે ૨૭ ઉચ્છ્વાસ પ્રમાણ [=૧ લોગસ્સ સાગરવરગંભીરા સુધી] અને આચરણાથી આઠ ઉચ્છ્વાસ પ્રમાણ [=૧ નવકાર] કરે.

પછી વિધિપૂર્વક બેસીને મુહપત્તિ અને મસ્તક સહિત ઉપરનું શરીર પડિલેહી આચાર્યને વંદન કરે. જેમ રાજાના માણસોને આજ્ઞાપૂર્વક ક્યાંય મોકલવામાં આવતા તેઓ રાજાને પ્રણામ કરીને જાય અને આજ્ઞા પૂર્ણ કરીને પ્રણામપૂર્વક નિવેદન કરે તેમ સાધુઓ પણ ગુરુનો આદેશ લઈને વંદન કરવા પૂર્વક ચારિત્ર વગેરેની વિશુદ્ધિ કરીને ફરીથી સારી રીતે કૃતિકર્મ કરીને ગુરુને નિવેદન કરે છે કે હે ભગવંત ! આત્માની વિશુદ્ધિને કરનાર આપના પ્રેષણ [=આજ્ઞા-આદેશ]નું અમે પાલન કર્યું છે.

તે કરીને ફરીથી ઉભડક પગે આચાર્ય સામે અંજલિ કરીને [હાથ જોડીને] બેસે. તે દરમિયાન આચાર્ય સ્વરથી વર્ધમાન [એટલે કે પહેલી સ્તુતિથી બીજી સ્તુતિ મોટા અવાજે, એનાથી ત્રીજી સ્તુતિ

૧. दैवसिकप्रतिक्रमणे ।

મોટા અવાજે] અથવા છંદથી વર્ધમાન [એટલે કે પહેલી સ્તુતિથી બીજી સ્તુતિ વધુ અક્ષરોવાળી, એનાથી ત્રીજી વધુ અક્ષરોવાળી] એવી ત્રણ સ્તુતિઓ બોલે. સાધુઓ પણ હાથ વડે અંજલિ કરીને એક એક સ્તુતિ પૂર્ણ થતા નમસ્કાર એટલે કે બહુમાનપૂર્વક મસ્તક વડે પ્રણામ કરે. કોઈક અહીં 'नमो खमासमणाणं' એમ બોલે છે. પછી બાકીના સાધુઓ પણ ત્રણ સ્તુતિ તે પ્રમાણે જ બોલે છે. તે રાત્રિએ સૂત્રપોરિસી અને અર્થપોરિસી કરાતી નથી. જેને જેટલા આવડે એટલા સ્તવન અને સ્તુતિઓ બોલે છે. [આ પાક્ષિક પ્રતિક્રમણની વિધિ કહી.] દૈવસિક પ્રતિક્રમણમાં ગુરુ એક સ્તુતિ (શ્લોક-ગાથા) બોલે લે ત્યાં સુધી સાધુઓ બેસે. [સાંભળે.] તે પછી=પ્રથમ સ્તુતિ પૂર્ણ થયા પછી સાધુઓ પ્રથમ સ્તુતિ બોલે, કેમ કે ગુરુ બોલ્યા પછી સ્તુતિ બોલવામાં ગુરુનો વિનય થાય છે. બાકીની બે સ્તુતિઓ ગુરુ અને સાધુઓ સાથે બોલે. આ સૂત્રમાં કહેલી પાક્ષિક પ્રતિક્રમણની વિધિ છે.

ટીકા :-

**चाउम्मासियसंवच्छरिएसु वि एस चेव विही, विसेसो खामणगकाउस्सग्गेसु, सो पुण लाघवत्थं दंसिओ चेव । तहा चाउम्मासियसंवच्छरिएसु मूलगुणउत्तरगुणऽइयाराणं आलोयणं दाउणं पडिक्कमंति त्ति, खित्तदेवयाए य उस्सग्गं करेंति, केइ पुण चाउम्मासिगे सेज्जादेवयाए वि उस्सग्गं करेंति । तहा पभाए आवस्सए कए निरइयारा वि पञ्चकल्लाणगं गेण्हंति, पुव्वगहिए य अभिग्गहे निवेदिंति, ते य सम्मं जइ नाणुपालिया तओ तव्विसुद्धिनिमित्तं उस्सग्गं करेंति, पुणो वि अन्ने गेण्हंति, निरभिग्गहाण य न वट्टइ अच्छिउं ति । संवच्छरिए य आवस्सए कए पज्जोसवणकप्पो कड्ढिज्जइ, दिवसओ कड्ढिउं चेव न कप्पइ, नावि संजईगिहत्थपासत्थाईणं पुरओ, जत्थवि खेत्तं पडुच्च कड्ढिज्जइ, जहाऽऽणंदपुरे मूलचेइयघरे दिवसओ सव्वजणसमक्खं कड्ढिज्जइ, तत्थ वि साहू नो कड्ढइ, पासत्थो कड्ढइ, तं साहु सुणिज्जा ण दोसो, पासत्थाण वा कड्ढगस्स असइ डंडिगेण सड्ढेहिं वा अब्भत्थिओ ताहे दिवसओ वि कड्ढइ, तत्थ इमो विही — अणागयं चेव पंचरत्तेण अप्पणो उवस्सए पाउसिए आवस्सए कए कालं घेत्तुं काले सुद्धे असुद्धे वा पट्ठवेत्ता कड्ढिज्जइ, एवं चउसु राइंसु, पज्जोसवणराईए पुण कड्ढिए सव्वे साहवो समप्पावणियं काउस्सग्गं करेंति, पज्जोसवणकप्पस्स समप्पावणियं करेमि काउस्सग्गं, जं खंडियं जं विराहियं जं न पडिपूरियं सव्वो डंडओ कड्ढियव्वो जाव वोसिरामि त्ति, लोगस्सुज्जोयगरं चिंतेऊण उस्सारित्ता पुणो लोगस्सुज्जोयगरं कड्ढंता सव्वे साहवो निसीयंति, जेण कड्ढिओ सो ताहे कालस्स पडिक्कमइ, ताहे वरिसाकालट्ठवणा ठविज्जइ, तं जहा — ऊणोयरिया कायव्वा, विगइनवगपरिच्चाओ कायव्वो, जम्हा निद्धो कालो, बहुपाणा मेइणी, विज्जगज्जियाईहि य मयणो दिप्पइ, पीढफलगाइसंथारगाणं उच्चारपासवणखेलमत्तगाण य जयणाए परिभोगो कायव्वो, निच्चं लोओ कायव्वो, सेहो न दिक्खियव्वो, अभिनवो उवही न गहेयव्वो, दुगुणं वरिसोग्गहोवगरणं धरेयव्वं, पुव्वगहियाणं छारडगलाईणं परिच्चाओ कायव्वो, इयरेसिं धारणं कायव्वं, पुव्वावरेणं सकोसजोयणाओ परओ न गन्तव्वमित्यादि ।**

**किं च पक्खचाउम्मासंसंवच्छरियपव्वेसु जहक्कम्मं चउत्थछट्ठट्ठमतवो चेइयवंदणपरिवाडी सड्ढाणं धम्मकहा य कायव्वत्ति ।**

**ટીકાર્થ :-**

ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં પણ આ જ વિધિ છે. ક્ષામણક અને કાયોત્સર્ગમાં વિશેષ (ફરક) છે, અને તે તો લાઘવ માટે તે-તે જગ્યાએ બતાવી જ દીધો છે.

તથા ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં મૂલગુણો અને ઉત્તરગુણોના અતિચારોની આલોચના આપીને પ્રતિક્રમણ કરે, અને ક્ષેત્રદેવતાનો કાયોત્સર્ગ કરે છે. કેટલાક આચાર્યો ચાતુર્માસિક પ્રતિક્રમણમાં શય્યાદેવતાનો પણ કાયોત્સર્ગ કરે છે. તથા પ્રભાતે આવશ્યક (પ્રતિક્રમણ) કર્યે છતે અતિચાર ન હોય તો પણ 'પંચકલ્યાણક' [પ્રાયશ્ચિત્તની એ સંજ્ઞા છે] પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે. પૂર્વે ગ્રહણ કરેલા અભિગ્રહોનું નિવેદન કરે. અને તે સમ્યક્ રીતે પળાયા ન હોય તો તેની વિશુદ્ધિ માટે કાયોત્સર્ગ કરે. વળી, બીજા નવા અભિગ્રહો ગ્રહણ કરે. કેમ કે અભિગ્રહ વગર રહેવું કલ્પતું નથી.

સંવત્સરીના દિવસે આવશ્યક (પ્રતિક્રમણ) કર્યા પછી પર્યુષણાકલ્પ કહેવાય છે. તે પર્યુષણાકલ્પ દિવસે તો કહેવો જ કલ્પતો નથી, તેમજ સંયતી (સાધ્વીજી), ગૃહસ્થો અને પાર્શ્વસ્થોની સામે પણ કહેવો કલ્પતો નથી. જ્યાં ક્ષેત્રને આશ્રયીને કહેવાય છે, જેમ કે આનંદપુરે મૂલચૈત્યગૃહે દિવસે સર્વજનસમક્ષ કહેવામાં આવે છે, ત્યાં પણ સાધુ કહેતા નથી, પાર્શ્વસ્થ કહે છે. તે પર્યુષણાકલ્પને સાધુ સાંભળે તેમાં દોષ નથી. જો પર્યુષણાકલ્પ કહેનાર પાર્શ્વસ્થ ન હોય અને દંડિક [રાજા કે રાજ્યના અધિકારી] કે શ્રાવકો વિનંતી કરે તો સાધુ દિવસે પણ કહે. ત્યાં આ વિધિ છે -

પાંચ રાત્રિ પહેલા જ પોતાના ઉપાશ્રયમાં સાંજનું આવશ્યક [પ્રતિક્રમણ] કરી કાલ ગ્રહણ કરી કાળ શુદ્ધ હોય કે અશુદ્ધ હોય તો પણ સજ્ઝાય પઠાવી પર્યુષણાકલ્પ કહેવાય. એ રીતે પછીની ચાર રાત્રિઓ પણ. પર્યુષણા[સંવત્સરી]ની રાત્રિએ પર્યુષણાકલ્પ કહેવાઈ જાય પછી બધા સાધુઓ સમપ્પાવણિયં (સમાપ્તિ માટે) કાયોત્સર્ગ કરે. તે આ પ્રમાણે -

'पज्जोसवणकप्पस्स समप्पावणियं करेमि काउस्सग्गं, जं खंडियं, जं विराहियं, जं न पडिपूरियं... वोसिरामि' વગેરે આખું દંડક (સૂત્ર) કહેવું. કાયોત્સર્ગમાં લોગસ્સ ચિંતવી કાયોત્સર્ગ પારી લોગસ્સ સૂત્ર કહી બધા સાધુઓ બેસે.

જે સાધુએ 'પર્યુષણકલ્પ' કહ્યું હોય તે ત્યારે કાળનું પ્રતિક્રમણ કરે.

ત્યારે વર્ષાકાળની સ્થાપના કરાય, તે આ રીતે -

- ઊણોદરી કરવી.

- નવ વિગઈઓનો પરિત્યાગ કરવો, કેમ કે સ્નિગ્ધ કાળ છે, [વર્ષાકાળમાં ઘણી જીવોત્પત્તિ થતી હોવાથી] પૃથ્વી ઘણા જીવોવાળી છે અને વીજળી, મેઘગર્જના વગેરે વડે મદન(કામ)નું ઉદ્દીપન થાય છે.

- પાટ-પાટલા-સંસ્તારક અને ઉચ્ચાર(મળ)-પ્રશ્રવણ(મૂત્ર)-શ્લેષ્મ(થૂંક) વગેરે પરઠવવા માટેના માત્રક(પ્યાલા)નો જયણાપૂર્વક પરિભોગ કરવો.

- નિયમા લોચ કરવો.

- દીક્ષા ન આપવી.

- નવી ઉપધિનું ગ્રહણ ન કરવું.

- વર્ષાકાળમાં ઔપગ્રહિક ઉપકરણ બમણાં રાખવા.

- પૂર્વગૃહીત ક્ષાર (રાખ), ડગલક (ઠલ્લે ગયા પછી લૂછવા માટેનો પથ્થર) વગેરેનો પરિત્યાગ કરવો અને નવાનું ગ્રહણ કરવું.

- પૂર્વ-પશ્ચિમમાં એક યોજન+૧ ગાઉ [=૫ ગાઉ]થી વધુ ન જવું. વગેરે.

વળી, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પર્વમાં અનુક્રમે ચોથ (૧ ઉપવાસ), છઠ્ઠ અને અઠ્ઠમનો તપ, ચૈત્યવંદનપરિપાટી અને શ્રાવકોને ધર્મકથા કરવી.

**ટીકા :-**

**इयाणिं पसंगओ राइयविही भन्नइ — पढमं चिय सामाइयं कड्डिऊण चरित्तविसुद्धि-निमित्तं पणुवीसुस्सासपरिमाणं काउस्सग्गं करंति, तओ नमोक्कारेण पारेत्ता दंसणविसुद्धि-निमित्तं चउव्वीसत्थयं पढंति पणुवीसुस्सासपरिमाणं काउस्सग्गं करिंति, एत्थ वि नमोक्कारेण पारित्ता सुयनाणविसुद्धिनिमित्तं सुयनाणत्थयं कड्ढंति, तत्थ य पाउसियथुइमाइयं अहिगय-काउसग्गपज्जंतमइयारं चिंतेंति, आह — किंनिमित्तं पढमकाउस्सग्ग एव राइयाइयारं न चिंतेंति ? किं वा पढममेव तिन्नि काउस्सग्गे करिंति ? उच्यते — निद्दाभिभूया न संभरंति, सुट्ठु अइयारं न चिंतेति, मा य अंधयारे वंदंताणं अन्नोन्नघट्टणं, अंधयारे वा अदंसणाओ मंदसद्धा न सम्मं वंदणगं देंतित्ति काउं पच्चूसे तइए निसाइयारं चिंतंति, आइए य तिन्नि काउस्सग्गा भवंति, न पुण पाउसिए जहा एक्कोत्ति, तओ चिंतेऊणऽइयारं नमोक्कारेण पारित्ता सिद्धाणं थुइं काऊण पुव्वभणिएण विहिणा वंदित्ता आलोएंति, तओ सामाइयपुव्वगं पडिक्कमंति, तओ वंदणपुव्वयं खामेंति, तओ कयकिइकम्मा सामाइयपुव्वयं काउसग्गं करेंति, तत्थ य चिंतेंति कम्मि निओगे निउत्ता वयं गुरुहिं, तो तारिसं तवं पव्वज्जामो जारिसेण तस्स हाणी न भवइ, तओ चिंतेंति — छम्मासं खवणं करेमो न सक्केमो, एगदिवसेण ऊणं तहावि न सक्केमो, एवं जाव एक्कूणतीसाए ऊणं, एवं पंच मासे, तओ चत्तारि, तओ तिन्नि, तओ दुन्नि, तओ एक्कं, तओ एगेण दिणेण ऊणं जाव चउदसहिं ऊणं न सक्केमो, तओ बत्तीस-इमं तीसइमं जाव चउत्थं आयंबिलं एगट्ठाणयं एक्कासणयं पुरिमड्ढं निव्विगइयं पोरिसिं नमोक्कारसहियं वत्ति, एवं जे समत्था तवं काउं तमसढभावा हियए करेंति पच्छा वंदित्ता गुरुसक्खियं पवज्जंति । सव्वे य नमोक्कारइत्तगा समगं उट्ठिंति, वोसिरावेंति निसीयंति य,**

**एवं पोरिसिमाइसु विभासा, तओ तिन्नि थुइओ जहा पुव्वं, नवरमप्पसद्दगं देंति जहा घर-कोइलाई सत्ता न उट्ठेंति, तओ देवे वंदेंति, तओ बहुवेलं संदिसावेंति, तओ मुहणंतगं पडिलेहित्ता रयहरणं पडिलेहिंति, पुणो ओहियं संदिसावेंति पडिलेहिंति य, तओ वसहिं पमज्जिय कालं निवेदेंति, अण्णे भणंति थुइसमणंतरं कालं निवेएंति, एवं च पडिक्कमण-कालं तुलंति जहा पडिक्कमंताणं थुइअवसाणे चेव पडिलेहणवेला भवइ त्ति ॥**

**॥ समाप्ता चेयं शास्त्रानुसारिणी पक्षप्रतिक्रमणवृत्तिरिति ॥**

**ટીકાર્થ :-**

હવે પ્રસંગથી રાત્રિક (રાઇ) પ્રતિક્રમણની વિધિ કહેવાય છે -

પહેલાં જ સામાયિક [કરેમિ ભંતે !] સૂત્ર કહીને [ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં-તસ્સ ઉત્તરી-અન્નત્થ કહી] ચારિત્રવિશુદ્ધિ માટે ૨૫ ઉચ્છ્‌વાસ પ્રમાણ [=૧ લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી] કાયોત્સર્ગ કરે. પછી નમસ્કાર વડે પારી દર્શનવિશુદ્ધિ માટે ચતુર્વિંશતિસ્તવ ['લોગસ્સ' સૂત્ર] કહે. [પછી સવ્વલોએ અરિહંત ચેઇયાણં... અન્નત્થ કહી] ૨૫ ઉચ્છ્‌વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરે. અહીં પણ નમસ્કાર વડે પારીને શ્રુતજ્ઞાનની વિશુદ્ધિ માટે શ્રુતજ્ઞાનસ્તવ ['પુક્ખરવરદીવડ્ઢે' સૂત્ર] કહે. [પછી સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ... અન્નત્થ કહી કાયોત્સર્ગ કરે. તેમાં -] પ્રાદોષિક [સાંજના પ્રતિક્રમણની] સ્તુતિથી માંડીને અધિકૃત [=હમણાં કરાઈ રહેલા] કાયોત્સર્ગ સુધીના અતિચારો ચિંતવે.

**પ્રશ્ન :** પહેલા કાયોત્સર્ગમાં જ રાત્રિક અતિચાર કેમ ન ચિંતવે ? વળી, પહેલા જ ત્રણ કાયોત્સર્ગ કેમ **કરે ?**

**ઉત્તર :** સવારે સાધુઓ નિદ્રાભિભૂત હોય [ઊંઘ બરાબર ઊડી ન હોય] માટે અતિચારો યાદ ન આવે. માટે સારી રીતે અતિચારો વિચારી ન શકે. વળી, [જો પહેલા કાયોત્સર્ગમાં જ અતિચારો ચિંતવે તો કાયોત્સર્ગ પછી મુહપત્તિનું પડિલેહણ કરી વાંદણા આપતા-] અંધકારમાં વંદન કરતા સાધુઓનો પરસ્પર સંઘટ્ટો થાય, અથવા અંધકારમાં દેખાતું ન નહોવાથી મંદ શ્રદ્ધાવાળા સાધુઓ સારી રીતે વંદન ન કરે. આવું ન થાય તે માટે સવારે પ્રતિક્રમણમાં ત્રીજા કાયોત્સર્ગમાં રાત્રિના અતિચારો વિચારે, [જેથી ત્યારે ઊંઘ ઊડી ગઈ હોવાથી અને થોડો પ્રકાશ થઈ ગયો હોવાથી ઉપર કહેલા દોષો ન થાય.] અને શરૂઆતમાં જ ત્રણ કાયોત્સર્ગ હોય છે, સાંજના પ્રતિક્રમણમાં હોય છે તેમ એક જ કાયોત્સર્ગ નથી હોતો.

પછી અતિચારો વિચારી નમસ્કાર વડે કાયોત્સર્ગ પારી સિદ્ધોની સ્તુતિ ['સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્ર] કહી [મુહપત્તિ પડિલેહી] પૂર્વે કહેલી વિધિપૂર્વક વંદન [વાંદણા] કરી અતિચારોની આલોચના કરે [=ગુરુને કહે]. પછી સામાયિકપૂર્વક [નવકાર-કરેમિ ભંતે.. વગેરે કહીને] પ્રતિક્રમણ કરે [શ્રમણસૂત્ર-પગામસિજ્જા કહે.] પછી વંદનપૂર્વક ખમાવે, પછી કૃતિકર્મ [વંદન] કરીને સામાયિકપૂર્વક [કરેમિ ભંતે... ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં... તસ્સ ઉત્તરી... અન્નત્થ કહી] કાયોત્સર્ગ કરે. તેમાં

વિચારે કે કયા કાર્યમાં ગુરુએ અમને નિયુક્ત કર્યા છે, તો તેવો તપ કરીએ કે જેથી તેની હાનિ ન થાય. પછી વિચારે - છ માસના ઉપવાસ કરીએ ? શક્તિ નથી. એક દિવસ ઓછો ? શક્તિ નથી. એમ એક-એક દિવસ ઓછો કરતાં ઓગણત્રીસ દિવસ ઓછા ? શક્તિ નથી. પાંચ માસના ઉપવાસ કરીએ ? શક્તિ નથી. પછી ચાર માસ, ત્રણ માસ, બે માસ, એક માસ, એક માસમાં એક દિવસ ઓછો.. એમ એક-એક દિવસ ઘટાડતા ચૌદ દિવસ ઓછા ? શક્તિ નથી. પછી બત્રીસ ભક્ત, ત્રીસ ભક્ત.. યાવત્ ચોથ ભક્ત (ઉપવાસ), આયંબિલ, એકલઠાણું, એકાસણું, પુરિમઙ્ઢ, નીવિ, પોરિસી, નવકારશી - એ રીતે જે તપ કરવા સમર્થ હોય તે તપને અશઠભાવપૂર્વક હૃદયમાં કરે (ધારે), પછી વંદન કરી ગુરુની સાક્ષીએ સ્વીકારે.

બધા જ નવકારશીવાળા સાધુઓ એક સાથે ઊભા થાય, પ્રત્યાખ્યાન કરે, વોસિરાવે ['વોસિરામિ' એમ બોલે] અને બેસે. એ રીતે પોરિસી વગેરેમાં પણ જાણવું.

પછી પૂર્વે કહ્યા પ્રમાણે ત્રણ સ્તુતિઓ કહે પણ અલ્પ શબ્દમાં (ધીમા અવાજે) કહે, જેથી ગરોળી વગેરે જીવો ઊઠી ન જાય. પછી દેવવંદન કરે [નમુત્થુણં, અરિહંત ચેઈયાણં.. વગેરે ચાર થોય અને નમુત્થુણં સુધી] પછી બહુવેલ સંદિસાવે.

[પછી પ્રતિલેખન કરે. તેમાં] મુહપત્તિ પડિલેહી રજોહરણ પડિલેહે. પછી ઉપધિ સંદિસાવે અને પડિલેહે. પછી વસતિ પ્રમાર્જી [=કાજો લઈ] કાળનું નિવેદન કરે. અન્ય આચાર્યો કહે છે કે સ્તુતિ પછી તરત જ કાલનું નિવેદન કરે. પ્રતિક્રમણકાળની એવી રીતે તુલના કરે [=એ કાળે પ્રતિક્રમણ શરૂ કરે] કે જેથી પ્રતિક્રમણ કરતાં કરતાં સ્તુતિ પૂરી થાય ત્યારે જ પડિલેહણવેળા થાય.

॥શાસ્ત્રાનુસારી પક્ષપ્રતિક્રમણવૃત્તિ સમાપ્ત થઈ. ॥

**ટીકા :-**

**॥ टीकाकारप्रशस्तिः ॥**

**चन्द्रकुलाम्बरशशिनो, भव्याम्बुजबोधनैकदिनपतयः ।**
**गुणगणरत्नसमुद्रा, आसन् श्रीवीरगणिमिश्राः ॥१॥ ये च —**

**शुद्धध्यानजलापनीतकलिलाः सज्ज्ञानदीपालया;**
**निःसङ्गव्रतभारधारणरतास्तीव्रे तपस्युद्यताः ।**
**ग्रीष्मे आतपवेदनां गुरुतरां जेतुं सदोपस्थिता,**
**हेमन्तेषु च शार्वरं हिमभरं सोढुं सदा निश्चलाः ॥२॥**

**श्रीचन्द्रसूरिनामा तेषां, शिष्यो बभूव गुणराशिः ।**
**आनन्दितभव्यजनः, शंसितसंशुद्धसिद्धान्तः ॥३॥**

**कलिकालदुर्लभानां, गुणरत्नानां निधानमनवद्यम् ।**
**समयावदातबुद्धिस्तथाऽपरो देवचन्द्रगणिः ॥४॥**

श्रीचन्द्रनाम्नः सूरेः, पादपङ्कजसेविना ।
दृब्धेयं प्रस्तुता वृत्तिः, श्रीयशोदेवसूरिणा ॥५॥
गम्भीरमेतदार्षं न चोहने शक्तिरस्ति मम दक्षा ।
नापीह सम्प्रदायः सम्यग्, बहवश्च पाठगमाः ॥६॥
शास्त्रानुसारात्सुखबोधपाठैरात्मीयशक्त्या विवृतं तथाऽपि ।
यच्चेह किञ्चिद्वितथं निबद्धं, तत्रास्तु मिथ्या मम दुष्कृतं हि ॥७॥
अणहिलपाटकनगरे, सौवर्णिकनेमिचन्द्रसत्कायाम् ।
वरपौषधशालायां, राज्ये जयसिंहभूपस्य ॥८॥
विशारदैः सूरिवरैर्विहारिभिर्विशोधिता यत्परायणैरियम् ।
तथाऽपि यन्न्यूनमुताधिकं पदं, तच्छोधनीयं कुशलैः कृपापरैः ॥९॥
शुभाशयवशाच्चेह, यन्मया सुकृतं कृतम् ।
तेन भूयान्ममाभ्यासः सर्वदैव जिनागमे ॥१०॥
एकादशशतैरधिकैरशीत्या विक्रमाद्गतैः ।
द्वे सहस्त्रे शतैरधिकैः, सप्तभिर्ग्रन्थमानतः ॥११ ॥

॥ मङ्गलमस्तु ॥

॥ इति सूरिश्रीयशोदेवकृता पाक्षिकसूत्रटीका ॥

टीकार्थ :-

॥ ટીકાકારશ્રીની પ્રશસ્તિ ॥

ચંદ્રકુલરૂપી આકાશમાં ચંદ્ર સમાન, ભવ્ય જીવોરૂપી કમળને ખીલવવામાં સૂર્ય સમાન અને ગુણોના સમૂહરૂપી રત્નોના સમુદ્ર એવા શ્રી વીરગણિમિશ્ર હતા. ॥૧॥

અને વળી જેઓ

- શુદ્ધ ધ્યાનરૂપી પાણી વડે દૂર કર્યો છે કર્મરૂપી મળ જેમણે એવા,
- સમ્યગ્જ્ઞાનરૂપી દીપકનું સ્થાન,
- નિઃસંગવ્રતના ભારને ધારણ કરવામાં રત,
- તીવ્ર તપમાં ઉદ્યત,
- ગ્રીષ્મઋતુ(ઉનાળા)માં અતિ તીવ્ર તડકાની વેદનાને જીતવા [સમભાવથી સહન કરવા] સદા ઉપસ્થિત અને
- હેમંતઋતુ(શિયાળા)માં રાત્રિની અતિ તીવ્ર ઠંડીને સહન કરવા સદા નિશ્ચલ હતા. ॥૨॥

ગુણોની રાશિ, ભવ્ય જનોને જેમણે આનંદિત કર્યા છે તેવા અને સંશુદ્ધ સિદ્ધાંત લોકોને કહેનાર એવા તેમના શ્રીચંદ્રસૂરિ નામે શિષ્ય હતા. ॥૩॥

તેઓ કલિકાલમાં દુર્લભ એવા ગુણોરૂપી રત્નોના નિર્દોષ નિધાન (ભંડાર) હતા. વળી, સમય=સિદ્ધાંત વડે ઉજ્જ્વળ=નિર્મળ થયેલી બુદ્ધિવાળા હતા. તથા બીજા[1] દેવચંદ્રગણિ સમાન હતા.॥૪॥

શ્રીચન્દ્રસૂરિ નામના આચાર્યના ચરણકમલના સેવક શ્રીયશોદેવસૂરિએ આ પ્રસ્તુત વૃત્તિ(ટીકા)ની રચના કરી છે. ॥૫॥

આ સૂત્ર ગંભીર અને આર્ષ [પૂર્વના આચાર્યોએ રચેલું] છે અને (ઊહન=) યુક્તિપૂર્વક વિચારણા કરવાની મારી પાસે નિપુણ શક્તિ નથી. વળી, અહીં [=આ સૂત્રની વ્યાખ્યા કરવામાં] સમ્યક્ સંપ્રદાય [=ગુરુપરંપરાગત ઉપદેશ] નથી અને પાઠો પણ ઘણા છે. ॥૬॥

છતાં પણ શાસ્ત્રને અનુસાર સુખેથી સમજી શકાય એવા પાઠો વડે મારી શક્તિથી આ સૂત્રનું વિવરણ કર્યું છે. અહીં જે કંઈ વિતથ [=અસત્ય] વિવરણ થયું હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ॥૭॥

અણહિલપુર પાટણ નગરે (સિદ્ધરાજ) જયસિંહ રાજાના રાજ્યમાં સોની નેમિચંદ્રની શ્રેષ્ઠ પૌષધશાળામાં ॥૮॥

વિશારદ, ઉદ્યત વિહારી [શાસ્ત્રાનુસાર વિહાર કરતા સંયમયાત્રા કરતા] અને યતનાપરાયણ એવા શ્રેષ્ઠ આચાર્ય ભગવંતોએ આ વૃત્તિનું સંશોધન કર્યું છે. છતાં પણ જે કોઈ ન્યૂન કે અધિક પદ રહી ગયું હોય તેને કૃપાપર કુશળ મહાત્માઓએ શુદ્ધ કરવું. ॥૯॥

શુભ આશયના વશથી મેં જે આ સુકૃત કર્યું છે તેનાથી હંમેશાં જિનાગમને વિષે મારો ઘણો અભ્યાસ થાઓ. ॥૧૦॥

વિક્રમ રાજાથી અગિયારસોથી અધિક એંશી (૧૧૮૦) વર્ષ ગયે છતે [આ વૃત્તિની રચના કરી છે.] આ ગ્રંથનું પ્રમાણ સાતસો વડે અધિક બે હજાર (૨૭૦૦) શ્લોક પ્રમાણ છે. ॥૧૧॥

॥ મંગલ થાઓ ॥

॥ સૂરિશ્રીયશોદેવકૃત પાક્ષિકસૂત્ર ટીકા સમાપ્ત થઈ. ॥

## ॥ इति समाप्तेयं सक्षामणक-पाक्षिकसूत्रवृत्तिः ॥

## ॥ આ પ્રમાણે ખામણા સહિતની પાક્ષિકસૂત્રની વૃત્તિ સમાપ્ત થઈ ॥

---

૧. શ્રી વીરગણિમિશ્રના ગુરુદેવ ચંદ્રગચ્છના વસતિવિહારી સરવાલગચ્છના વાચનાચાર્ય પૂ. શ્રી સમુદ્રઘોષસૂરીશ્વરજી હતા, અને તેમના શિષ્યોમાં એક (એટલે કે શ્રી વીરગણિમિશ્રના ગુરુભાઈ) પૂ.દેવચંદ્રગણિ હતા. તેઓ ક્રિયાપ્રેમી અને સરળ હતા તેમજ દશવિધ યતિધર્મ પાળવામાં શૂરા હતા. (-જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૨, પૃ.૧૨)

વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**ના
કૃપાપાત્ર પ્રશિષ્યરત્ન
સરસ્વતીલબ્ધપ્રસાદ, શીલ-સદાચાર-સંસ્કૃતિરક્ષક,
વિપુલ સાહિત્યસર્જક, પ્રભાવક પ્રવચનકાર, શાસનપ્રભાવક,
શિષ્યહિતચિંતક, ભવોદધિતારક,
પૂજ્યપાદ ગુરુદેવ
શ્રીમદ્વિજય**રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના
શિષ્યાણુ મુનિ **હૃદયસુંદરવિજયે**
તેઓશ્રીની જ કૃપાથી કરેલો
શ્રી પક્ખીસૂત્રની ટીકાનો ભાવાનુવાદ પૂર્ણ થયો.

દિવસ : વિ. સં. ૨૦૭૦, પોષ સુદ ૧૫.

સ્થળ : રામદાસપેઠ ઉપાશ્રય, નાગપુર.

સંશોધકો : પૂ. મુ. શ્રી **રાજરત્નવિ. મ. સા.**ના શિષ્યરત્ન
પૂ. મુ. શ્રી **ન્યાયરત્નવિજયજી મ. સા.**
પૂ. આ. ભ. શ્રી. વિ. **રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.**ના શિષ્યરત્ન
પૂ. મુનિરાજ શ્રી **ભવ્યસુંદરવિજયજી મ. સા.**









# પાક્ષિક સૂત્રનું મહત્ત્વ

## યથા મહાવ્રતોચ્ચારણં કર્મક્ષયાય
## તથા શ્રુતોત્કીર્ત્તનમપિ કર્મવિલયાય...।

પાક્ષિક સૂત્રમાં કરાતું મહાવ્રતોનું ઉચ્ચારણ
અને શ્રુતનું ઉત્કીર્તન અનંતકર્મોનો ક્ષય કરે છે.

## एस तित्थंकरेहिं रइरागदोसमहणेहिं
## देसिओ पवयणस्स सारो...

રતિ, રાગ અને દ્વેષનું મથન કરનાર તીર્થંકરોએ
આ મહાવ્રતોના ઉચ્ચારણને પ્રવચનનો સાર કહ્યો છે.

Nehal 28736745 28736535 CELL : 9322227939